ગુજરાત યુનિવર્સિટીમાં
ઇતિહાસ વિષયમાં
પીએચ. ડી. માટેના
મહાનિબંધ

A HISTORY OF THE RULE OF MIRJA MAHARAO RAIDHANJI SECOND OF KUTCH

[From 1778 A.D. to 1813 A.D.]

મીરજા મહારાવ રાયધણજી બીજાના સમયનું કચ્છ

[ઇ. સ. ૧૭૭૮ થી ઇ. સ. ૧૮૧૩]

—: રજૂ કરનાર :—

શ્રી ઇશ્વરલાલ ગિ. ઓઝા
એમ. એ.
ઇતિહાસ વિભાગ
બહાઉદ્દીન વિનયન અને વિજ્ઞાન કોલેજ-જૂનાગઢ

—: નિર્દેશક :—

ડૉ. રમણલાલ ક. ધારૈયા
એમ. એ; પીએચ. ડી.
રીડર તથા અધ્યક્ષ ઇતિહાસ વિભાગ,
સમાજ વિદ્યાભવન,
ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ.

[૧૯૭૬]

T740

ગુજરાત યુનિવર્સિટીમાં
ઇતિહાસ વિષયમાં
પીએચ. ડી. માટેનો
મહાનિબંધ

Ph.D.

A HISTORY OF THE RULE OF MIRJA MAHARAO RAIDHANJI SECOND OF KUTCH

[From 1778 A. D. to 1813 A. D.]

મીરજા મહારાવ રાયધણજી બીજાના સમયનું કચ્છ

મહા ૭૪૦

[ઇ. સ. ૧૭૭૮ થી ઇ. સ. ૧૮૧૩]

—: રજૂ કરનાર :—

શ્રી ઇશ્વરલાલ ગિ. ઓઝા
એમ. એ.
ઇતિહાસ વિભાગ
બહાઉદ્દીન વિનયન અને વિજ્ઞાન કોલેજ-જૂનાગઢ

—: નિર્દેશક :—

ડૉ. રમણલાલ ક. ધારૈયા
એમ. એ; પીએચ. ડી.
રીડર તથા અધ્યક્ષ ઇતિહાસ વિભાગ,
સમાજ વિદ્યાભવન,
ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ.

[૧૯૭૬]

ગુજરાત યુનિવર્સિટીમાં ઇતિહાસ વિષયમાં

પી. એચ. ડી. માટેનો

મ હા નિ બં ધ

A HISTORY OF THE RULE OF MIRJA MAHARAO RAIDHANJI SECOND OF KUTCH

(From 1778 A.D. to 1813 A.D.)

મીરજા મહારાવ રાયધણજી બીજાના સમયનું કચ્છ

(ઇ. સ. ૧૭૭૮ થી ઇ. સ. ૧૮૧૩)

-: રજૂ કરનાર :-

શ્રી. ઇશ્વરલાલ ગિ. ઓઝા,
એમ. એ

ઇતિહાસ વિભાગ
બહાઉદ્દીન વિનયન અને વિજ્ઞાન કોલેજ - જૂનાગઢ.

-: નિર્દેશક :-

ડૉ. રમણલાલ ક. ધારૈયા,
એમ. એ પીએચ. ડી.
રીડર તથા અધ્યક્ષ ઇતિહાસ વિભાગ,
સમાજ વિદ્યા ભવન,
ગુજરાત યુનિવર્સિટી,
અ મ દા વા દ.

(૧૯૭૬)

GUJARAT UNIVERSITY
UNIVERSITY SCHOOL OF SOCIAL SCIENCES
DEPARTMENT OF HISTORY

AHMEDABAD, 4.3.
Date:- ~~February~~, 1976.

Ph.D

-: CERTIFICATE :-

This is to Certify that this thesis entitled " A History of the Rule of Mirja Maharao Raidhanji Second of Kutch " (From A.D. 1778 to A.D. 1813) is prepared by Shri I. G. OZA under my supervision and guidance. I am fully satisfied with the material and photographs included in the thesis. It is based on authentic sources.

Ahmedabad,
March. ~~February~~, '76.

R. K. Dharaiya
(R. K. DHARAIYA)
Reader & Head of the Deptt. of History.

Content

Ph.D.

-: અનુક્રમણિકા :-

-: પ રિ શિ ષ્ટો :-

-: ન ક શા ઓ :-

-: ચિત્રો :-

			કુલ સંખ્યા.
૧.	મીરજા મહારાવ રાયધણજી બીજા...	પૃષ્ટ – ૮૧	૧
૨.	પૃથ્વીરાજજી ઉર્ફે ભાઈજી બાવાનો દરબાર. ..	પૃષ્ટ – ૧૬૬	૧
૩.	દીવાન ફતેહમહમદ નો તિચાર. ..	પૃષ્ટ – ૧૯૧	૧
૪.	ફતેહમહમદે આશાપુરા માતાના મંદિરને ભેટ આપેલી આરતી. ..	પૃષ્ટ – ૨૩૮	૧
૫.	જૂનાગઢના નવાબ બહાદરખાન. ..	પૃષ્ટ – ૨૭૫	૧
૬.	કેસરબાઈની કબર. ..	પૃષ્ટ – ૨૭૮	૧
૭.	રાયધણજી બીજાના સિક્કાઓ. ..	પૃષ્ટ – ૩૫૦	૧
૮.	કેસરબાઈનો મકબરો. ..	પૃષ્ટ – ૪૪૮	૧

પૃષ્ટ વિગત.

મહાનિબંધ	...	૫૩૮
અન્ય.	...	૧૩
છાયા.	...	૧૪
કુલ પૃષ્ટો	...	૫૬૫

Introduction

-: આમુખ :-

વિશ્વ સાહિત્યમાં "ઇતિહાસ" નું મહત્વપૂર્ણ સ્થાન રહ્યું છે. ઇતિહાસ દ્વારાજ કોઇપણ દેશ કે જાતિએ સાધેલી ભૂતકાલીન પ્રગતિ, વર્તમાનનું નિર્માણ અને ભવિષ્ય માટેનું નિર્દેશન જ્ઞાત થાય છે. આવા ઇતિહાસ વિષય તરફ છેક કિશોરાવસ્થાથીજ મને આકર્ષણ હતું. તેથી ઇતિહાસને મારા અધ્યયન અને અધ્યાપન કાર્યમાં એકમએવ સ્થાન આપ્યું. પરિણામે ઇતિહાસ પ્રત્યે મારી અભિરૂચિ વિશેષ કેળવાય તે સ્વાભાવિક છે.

રાષ્ટ્રના ઇતિહાસનો અભ્યાસ કરતાં કરતાં પ્રાદેશિક બનાવો તરફ વિશેષ રુચિ કેળવાઇ અને તેમાં ઉંડા ઉતરવાનું મન થઇ આવ્યું. કારણ કે રાષ્ટ્રીય ઇતિહાસના ઘડતર અને ચણતરમાં પ્રાદેશિક ઇતિહાસનું પણ સારૂં એવું પ્રદાન રહેલું છે. પ્રાદેશિક ઇતિહાસોનું અધ્યયન કરતાં લાગ્યું કે રાષ્ટ્રના બીજા પ્રદેશોના મુકાબલે ગુજરાતમાં ઇતિહાસના ક્ષેત્રે પ્રમાણમાં ઓછું ખેડાણ થયું છે. દક્ષિણ એશિયામાં વ્યૂહાત્મક મહત્વ ધરાવતા, હિન્દી મહાસાગરમાં ચાવીરૂપ સ્થાને આવેલ, એક હજાર માઇલનો સમુદ્ર કિનારો અને હિન્દના બે મહત્વના દરિયાઇ અખાતો ધરાવતા ગુજરાત પ્રદેશનો ઇતિહાસ નાનકડોતો ન જ હોય. તેથી પ્રાદેશિક ઇતિહાસમાં સંશોધન કરવાની મારામાં ઉત્કંઠા જાગૃત થઇ. તે માટે મેં ગુજરાત રાજ્યનો કચ્છ પ્રદેશ પસંદ કર્યો.

કચ્છમાં જાડેજાઓએ સાત સૈકા સુધી પોતાની સત્તા ટકાવી રાખી એટલું જ નહિ આ સમગ્ર સમય દરમ્યાન એકજ વંશે શાસન કરીને અતૂટ વંશગત ઇતિહાસના ક્ષેત્રે નોંધપાત્ર બની ગયા. કદાચ આ બાબતમાં તેજ શાસકો ભારતના પ્રાદેશિક શાસકોના વંશમાં બિનહરીફ પણ હોયા!. સ્વાભાવિક છે કે આવો લાંબા ગાળાનો એકજ કુટુંબના શાસનોનો યુગ કચ્છના સાંસ્કૃતિક ઘડતરમાં સૌથી મહત્વપૂર્ણ ફાળો

આપે કચ્છના જાડેજા શાસકોની અભિરુચિ, વ્યક્તિત્વ, સંસ્કાર અને ધર્માનુરાગે તેની પ્રજાના સર્વાંગી ઉત્થાનમાં વિશેષ અસર કરી. જેમાંથી આજનું કચ્છ નિર્માણ થયું.

પૂર્વવર્તી વિધ્વાનોના પ્રયાસો :-

ભારતમાં અંગ્રેજી રાજ્યની સ્થાપના પછી ઇતિહાસ લેખન અને સંશોધન પ્રત્યેનો અનુરાગ વધતો જોવા મળે છે. ફાર્બ્સ, વોટસન અને વિલ્બર ફોર્સ જેવા વિધ્વાનોએ જુદાં જુદાં રાજ્યો ધ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતીના આધારે જે તે રાજ્યોની માહિતી આપતાં વૃત્તાંતો તૈયાર કરી, ઇતિહાસની પ્રાથમિક સેવા બજાવી. પરંતુ આ વૃત્તાંતોનો મુખ્ય આધાર પ્રચલિત અનુશ્રુતિઓ, દંતકથાઓ, વહીવંચાઓ, બારોટોના ચોપડાઓ રહેલા હોઇને ઇતિહાસની યોગ્ય સેવા બજાવી શકાઇ નહિ, કારણ કે ઉપરોક્ત આધારોને ખ્યાલમાં રાખીને અને કેટલેક અંશે સ્વીકારીને ઇતિહાસ લેખન કરવામાં આવ્યું હતું. વળી તેમાં એકજ વિષય કે પ્રસંગ પર જુદે જુદે સ્થળે વિરોધી માહિતી કે વિરોધાભાસ જોવા મળે છે.

બારોટોના ચોપડાઓની ક્ષતિઓ :-

કેટલીક વાર ચારણી સાહિત્યના ગ્રંથો અને બારોટોના ચોપડાઓમાં એક કરતાં વધારે સંવતો આપીને પણ ગુંચવાડો ઉભો કરવામાં આવ્યો છે. એજ રીતે વંશાવળીઓમાં પિતા-પુત્રોનો ક્રમ દર્શાવીને પેઢી વધારવાના પ્રયાસો જાણે અજાણ્યે થતા જોવા મળે છે. તેમાં અત્યુક્તિપૂર્ણ કિંવદંતીઓ, પ્રશંસાત્મક વર્ણનો તથા અપાયેલ શીખ-ભેટ, સોગાદોની નોંધ મળે છે. જો કે આવી નોંધનું મહત્વ છે. તેમાં રાજા, રાણી તથા રાજ્યના ઉચ્ચ અધિકારીઓએ આપેલાં દાનોની વિગતો જોવા મળે છે. આ વૃત્તાંતોમાં આવતાં ચમત્કારિક તત્વોનો ત્યાગ કરી નીરક્ષીર વિવેક દ્રષ્ટિ રાખી ઇતિહાસના સાચા અભ્યાસી તરીકે પ્રત્યેક વૃત્તાંતને તુલનાત્મક દ્રષ્ટિએ વિચારી, આંતર બાહ્ય વિવેચનની કસોટીએ ચડાવી

જાતિય પક્ષપાત સૂચક વાતોથી પર રહી પરસ્પર વિરોધી મતોનું નિર્દેશન કરતાં જે "સત્ય" લાધે તે વડે ઉચિત અને યુક્તિ સંગત પક્ષને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવાથી આવાં વૃત્તાંતો પણ ઇતિહાસ માટે ઉપયોગી પુરવાર થાય છે.

કચ્છના ઇતિહાસ લેખન માટે થયેલા પ્રયાસો :-

સમગ્ર ગુજરાતમાં ઇતિહાસ લેખનના ક્ષેત્રે અંગ્રેજોના આગમન પછી વેગ આવ્યો પરંતુ કચ્છ જેવા નાનકડા પ્રદેશમાં તો આ પછી શરૂઆત જ થઇ. કચ્છના ઇતિહાસને લગતી પ્રથમ પધ્ધતિસરની માહિતી બ્રિટિશ સરકારે "મેમ્વાર એન્ડ બ્રિફ નોટસ રીલેટીવ ટુ ધી કચ્છ સ્ટેટ" અને "હિસ્ટોરીકલ સ્કેચ ઓફ કચ્છ" નામે બહાર પાડી. જેનો ઉપયોગ પ્રસ્તુત મહાનિબંધમાં કરવામાં આવ્યો છે. આ પ્રયત્ન પછી કેટલાક કચ્છી, કચ્છેતર અને વિદેશી વિધ્વાનોએ કચ્છ પર કાંઇકને કાંઇક લખ્યું છે.

કચ્છી લેખકોએ સ્પષ્ટરીતે રાજભક્તિ બતાવી છે. કચ્છેતર હિન્દી વિધ્વાનો માટે કચ્છ કોઇ વિશાળ વિષયનો ભાગ હતો તેથી તેમની મર્યાદા નક્કી જ હતી. જ્યારે વિદેશીઓ પાસે કચ્છના દેશી પક્ષને સમજવા માટે કચ્છી બોલીનું જ્ઞાન નહોતું તેથી તેમના આધારો પણ ધ્વિતીય કક્ષાના બની ગયા. પરિણામે શુધ્ધ ઐતિહાસિક કહી શકાય તેવી રચનાઓનો કચ્છમાં સર્વથા અભાવ વર્તાય છે.

પ્રસ્તુત મહાનિબંધનો વિષય :-

તેથી જ્યારે આર.આર.લાલન કોલેજ - ભુજમાં હું ઇતિહાસના અધ્યાપક તરીકે આવ્યો ત્યારે મને સમગ્ર કચ્છ કે તેનો એકાદ ભાગ ઇતિહાસ લેખન માટે પસંદ કરવાની તીવ્ર ઇચ્છા થઇ અને પ્રથમ કક્ષાના આધારો મળી શકવાની શક્યતા હોવા છતાંય ચીલાચાલુ વૃત્તાંતોને આધારે હજુ પણ કચ્છના લોકોમાં વંચાતો અઢારમી સદીના ઉત્તરાર્ધ

પછીનો કોઇ યુગ પસંદ કરવાનું મેં નક્કી કર્યું અને ઉંડાણમાં જઇ શકાય તે માટે મીરજા મહારાવ રાયધણજી બીજાનો સમય પસંદ કર્યો.

મહાનિબંધનો ઉદ્દેશ :-

કચ્છના ઇતિહાસને સંબંધિત ઉપરોક્ત ગ્રંથોમાં કેટલીય ક્ષતિઓની પુનરોક્તિ થતી આવતી અને રૂઢ બની ગયેલી જોવા મળતી હતી. વળી દરેકમાં માનવ જીવનના ઇતિહાસને વ્યક્ત કરતાં આર્થિક, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પાસાઓની સંપૂર્ણ ઉપેક્ષા સેવવામાં આવેલી છે. તેથી મને સર્વ પ્રથમ મળેલ સમકાલીન કે અનુકાલીન અપ્રગટપત્રો દ્વારા ઉપરોક્ત ખામીઓનો ઉચ્છેદ કર્યો છે. ઉપરોક્ત આધારો અને માહિતીનું સંકલન, પૃથક્કરણ અને જ્ઞાત ઐતિહાસિક સાક્ષીઓ સાથે તુલનાત્મક દ્રષ્ટી-કોણ રાખી નિરક્ષીર વિવેક લક્ષમાં લઇ પ્રમાણિત અને આધારભૂત ઇતિહાસ આલેખવાનો પ્રસ્તુત મહાનિબંધનો ઉદ્દેશ રહ્યો છે. આ દિશામાં અત્યાર સુધી આવો પ્રયાસ કરવામાં આવ્યો નથી.

જાડેજાઓનું ઐતિહાસિક સંશોધનની દ્રષ્ટિએ મહત્વ :-

ભારતના ઇતિહાસમાં વિદેશમાંથી આવેલી કેટલીક જાતિઓ પર સંશોધનની દ્રષ્ટિએ કામગીરી થઇ છે. એજ રીતે રજપૂતોની અન્ય શાખાઓ બાબતમાં કેટલીક જાતિઓ પર ગુજરાતમાં લખાયું છે. પરંતુ જાડેજાઓ પર હજુ સુધી પૂરતો ઐતિહાસિક પ્રકાશ પડયો નથી. કચ્છમાં અને કદાચ ભારતમાં એક વિદેશી તત્વ તરીકે પ્રવેશેલી આ જાતિએ વર્ષોથી સમગ્ર કચ્છ અને સૌરાષ્ટ્રને પ્રભાવિત કર્યું છે. તેનો સૈંકડો વર્ષ જુનો ઇતિ-હાસ છે. ગુજરાતમાં તેઓ પ્રથમ કચ્છમાં આવ્યા તેથી કચ્છના ઇતિહાસનું પણ મહત્વ વધી ગયું.

કચ્છમાં તો તેમનો વંશ લગભગ અતૂટ અને એકજ કુટુંબનો રહ્યો છે. જેથી તેનો ઇતિહાસ ઘણો જ સમૃધ્ધ હોય. સ્વાભાવિક છે કે, મારો વિષય ઇ. સ. ૧૭૭૮ થી ઇ. સ. ૧૮૧૩ નો હોવાને કારણે કચ્છના સમગ્ર

શાસકોના આવા લાંબા ઇતિહાસને હું અહિંયા ન્યાય ન આપી શકું. છતાં તેમની ઉત્તપત્તિના સિધ્ધાંતો બાબત મેં નવો દ્રષ્ટિકોણ અપનાવ્યો છે. તેમની ~~જાતિ~~ જાતિ સંબંધિત સંજ્ઞાઓ – ઓળખ શબ્દો જામ, સમા અને જાડેજા પરથી ઐતિહાસિક સત્ય તરફ જવાનો પ્રથમ પ્રયત્ન કર્યો છે. વળી કચ્છના પ્રથમ જ્ઞાત ઐતિહાસિક શાસક ખેંગારજી પ્રથમના પૂર્વજોનો કાળ નિર્ણય મૂહલોત નેણસીની ખ્યાત જેવા ગુજરાત બહાર લખાયેલા ગ્રંથથી થઇ શકે છે તેવો પ્રથમ નિર્દેશ આપ્યો છે.

<u>રાયધણ યુગ પર કેટલોક નવો પ્રકાશ :–</u>

પ્રસ્તુત મહાનિબંધ ધ્વારા કચ્છના ઇતિહાસમાં બહુ વગોવાયેલા શાસક રાયધણજી બીજાને તેણે ઇસ્લામ સ્વીકાર્યો તે એક માત્ર કારણથી થયેલા કેટલાક અન્યાયોને દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે. સાથે સાથે સંબંધિત અન્ય પાત્રો અને પ્રસંગો પર અપ્રગટ દસ્તાવેજોને આધારે પ્રકાશ પાડયો છે.

રાયધણયુગની શરૂઆતમાં મરાઠાઓ સાથેના કચ્છના સંબંધને તદ્દન નવી સનંદોને આધારે વિશિષ્ટ રીતે મૂલવવામાં આવ્યો છે. દિવાન દેવચંદના ખૂનથી બારભાયાના શાસન સુધીના કાળનું નવા દ્રષ્ટિકોણથી નિરીક્ષણ કરીને કેટલીક નવી બાબતો રજુ કરી છે. ફતેહમહમદના પ્રથમ શાસનનો કડીબધ્ધ ઇતિહાસ સમકાલીન રચનાઓ તથા અપ્રગટ પત્રોથી મૌલિક રીતે રજૂ થયો છે. એજ રીતે વચગાળાના શાસનમાં અત્યાર સુધી કચ્છના ઇતિહાસમાં જેની સતત ઉપેક્ષા થઇ છે તે હંસરાજને ન્યાય આપવાનો પ્રયાસ કર્યો છે. આ વખતના કચ્છના વિદેશો સાથેના સંબંધો દસ્તાવેજી આધારો પર રજૂ કરીને પરિસ્થિતિને સાંગોપાંગ મૂલવી છે.

ફતેહમહમદના બીજા શાસનમાં લગભગ તમામ બાબતો નવી છે અને તેનો આધાર દિલ્હી તથા મુંબઇનાં અભિલેખાગારોમાં સચવાયેલા કિંમતી પત્રો અને અહેવાલો છે. તે ધ્વારા રજૂ કરાયેલ અંગ્રેજો અને કચ્છના સંબંધનો ઇ. સ. ૧૮૦૧ થી ૧૮૧૩ સુધીનો ઇતિહાસ અત્યાર સુધી

કચ્છમાં પ્રચલિત થયેલ બાબતો પરથી અસત્યનો પડદો ઉઠાવે છે. આ બાબત સર્વ પ્રથમ અહિંયાં પ્રસ્તુત કરાઇ છે.

ફતેહમહમદના મૂલ્યાંકનમાં અતિશ્યોક્તિના અંશોને બાદ કરીને તેની વાસ્તવિક શક્તિઓ સ્પષ્ટ કરી છે. તેના મૃત્યુ પછીના ફક્ત પચીસ દિવસોનો ઇતિહાસ એક અલગ પ્રકરણમાં આપીને એ વખતની ડામાડોળ રાજકીય સ્થિતિને તેના યોગ્ય મૂલ્યાંકન સાથે સ્પષ્ટ કરી છે. રાયધણજીના મરણ પછી તેની પુત્રી કેસરબાઇ વિશે અત્યાર સુધી જે વાતો પ્રચલિત હતી તેને બદલે નવી જ હકીકત મળી છે. કેસરબાઇનાં લગ્ન જૂનાગઢના નવાબ સાથે થયેલાં તેથી મારો જૂનાગઢવાસ "રાયધણના આ છેલ્લા અવશેષ" વિશે સંશોધન કરવામાં મદદરૂપ થયો છે.

આ યુગના વહીવટીતંત્ર વિશે પણ અત્યાર સુધી પ્રગટ ન થઇ હોય તેવી વિગતવાર માહિતી આપી છે. સાર્વભૌમત્વ, કેન્દ્ર, પ્રાંતો, નગર, ગામડાં, મહેસૂલ પધ્ધતિ, લશ્કરી સ્થિતિ, ન્યાય, આરોગ્ય, સામંતો અને વિદેશનીતિ બાબતમાં પણ અપ્રગટ પત્રોને આધારે નવી વિગતો અપાઇ છે. તેમાં રાયધણ યુગની લશ્કરી સ્થિતિ સંપૂર્ણરીતે પ્રથમ કક્ષાના દસ્તાવેજી આધારો પર રજૂ કરાઇ છે જે આ મહાનિબંધની ધ્યાન ખેંચે તેવી બાબત છે કારણ કે લશ્કરી શક્તિની આ સાચી બાબતો અત્યાર સુધી કચ્છના ઇતિહાસમાં વગોવાયેલા હંસરાજને માનભેર સ્થાન આપવામાં મદદરૂપ થઇ છે.

આર્થિક, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે આ યુગે મેળવેલ સિધ્ધિઓને પણ નવા જ દ્રષ્ટિકોણથી અવલોકવામાં આવી છે. અર્વાચીન ઇતિહાસનો મહત્વનો ભાગ માનવ જીવનનાં પાસાંને આ મહાનિબંધમાં યોગ્ય સ્થાન આપ્યું છે. કચ્છના સિક્કાઓ, કચ્છની જાતિઓ તથા દૂધપીતીના રિવાજપર બિલકુલ મૌલિક બાબતો ઐતિહાસિક દ્રષ્ટિકોણથી રજૂ કરાઇ છે. ટૂંકમાં ઇતિહાસ એ માત્ર રાજવીઓ, રાજવંશોની નામાવલી કે તેમનાં યુધ્ધોનું નિરૂપણ કે રાજકીય ખટપટો યા વૃત્તાંતોની શૃંખલા નહીં બનતાં, સંસ્કૃતિ અને સંસ્કારના ક્ષેત્રે પ્રજાએ

સાધેલી પ્રગતિનું આલેખન બનવાનું પણ અનિવાર્ય હોઇ તે દ્રષ્ટિકોણ આ મહાનિબંધ લખતાં નજર સમક્ષ રાખ્યો છે.

ઋણ સ્વીકાર :-

પ્રસ્તુત મહાનિબંધ તૈયાર કરવામાં મારા માર્ગદર્શક પ્રો. ડૉ. શ્રી. આર. કે. ધારૈયા સાહેબ (રીડર અને અધ્યક્ષ ઇતિહાસ વિભાગ, સમાજ વિદ્યાભવન, ગુજરાત યુનીવર્સીટી – અમદાવાદ) ના માર્ગદર્શને મને સદા પ્રોત્સાહિત કર્યો છે. આ ઉપરાંત કચ્છમાં મારી સાથે રહીને ફરનાર તથા પાળિયાઓની વાચનામાં મદદરૂપ થનાર ડૉ. એન. કે. ભટ્ટી સાહેબ – સુરેન્દ્રનગરને પણ હું કેમ ભુલી શકું ?

દસ્તાવેજી આધારો માટે જૂનાગઢ કલેક્ટરશ્રી, રાષ્ટ્રીય અભિલેખાગાર – નવી દિલ્હીના નિયામકશ્રી તથા મહારાષ્ટ્ર રાજ્ય અભિલેખાગાર – મુંબઇ ના નિયામકશ્રીનો પણ અત્રે આભાર માનું છું. કચ્છ જીલ્લા ગ્રંથાલય – ભુજના ગ્રંથપાલશ્રી વિનોદભાઇ મહેતા, સક્કરબાગ મ્યુઝિયમ ગ્રંથાલય – જૂનાગઢના ક્યુરેટર શ્રી પુષ્પકાંત ધોળકિયા, માંડવી, અંજાર, મુન્દ્રા, ભુજ, અમદાવાદ, સમી, રાધનપુર, પાટણ, જૂનાગઢ જેવાં અનેક નગરોનાં સાર્વજનિક ગ્રંથાલયોના ગ્રંથપાલશ્રીઓ નો પણ અહિયાં ઋણ સ્વીકાર કરૂં છું.

આ ઉપરાંત મારા કાર્યમાં એક યા બીજી રીતે મને મદદરૂપ થનાર પ્રો. પી. બી. ઝાલા – જૂનાગઢ, ડૉ. એન. કે. કુરેશી – અમદાવાદ, શ્રી શંભુપ્રસાદ દેશાઇ – જૂનાગઢ, શ્રી દુલેરાય કારાણી – સોનગઢ, પ્રો. આર. એમ. શુક્લ – જૂનાગઢ, શ્રી ચંદ્ર પરમાર – અમદાવાદ, પ્રો. રસિકભાઇ મહેતા – જૂનાગઢ, ડૉ. કે. આઇ. શાહ – ઉનાવા, પ્રો. – ડી. પી. પાઠક – પાલનપુર, ડૉ. આઇ. એન. આચાર્ય – રાજકોટ, પ્રો. કે. ટી. જોશી – સુરેન્દ્રનગર, ડૉ. સી. ડી. ઝા – જૂનાગઢ, ડૉ. એમ. જે. થાનકી,– જામનગર, પ્રો. કે. ડી. નિમ્બાર્ક – જૂનાગઢ અને સોરઠ વિભાગના પુસ્તરશાસ્ત્રી શ્રી એ. વી. સોની અને અન્ય મિત્રો, સજ્જનો

વડિલોનો અત્રે આભાર માનવાની તક લઉ છું. છેલ્લે છેલ્લે અંગતરસ લઇને આ મહાનિબંધ યોગ્ય સમયમાં ટાઇપ કરી આપવા બદલ નૂતન ટાઇપ-રાઇટીંગ ઇન્સ્ટીટ્યુટ – જૂનાગઢના શ્રી કીર્તિભાઇ પારેખનું પણ અત્રે ૠણ સ્વીકાર કરું છું.

મારા આ પ્રયત્નને પરિણામે ઇતિહાસ રસિકોનું ધ્યાન કચ્છ તરફ દોરવામાં જો યત્કિંચિત સફળ થયો હોઇશ તો આ મહાનિબંધ પાછળ મેં અને ઉપરોક્ત સર્વ મહાનુભાવ સજ્જનોએ લીધેલો શ્રમ સાર્થક થયો ગણાશે.

(ઇશ્વરલાલ ગિ. ઓઝા)

જૂનાગઢ,
મહાશિવરાત્રી
વિ. સં. ૨૦૩૨

o – o – o – o – o
– o – o –
o

પ્ર ક ર ણ – ૧ લું – સાધન સામગ્રી.

પ્રાસ્તાવિક:–

શ્રી રવીન્દ્રનાથ ટાગોરે ભારત વર્ષની સરખામણી એક વિશાળ અતિથિગૃહ સાથે કરી છે કારણ કે ભારતની પ્રાકૃત્તિક સમૃધ્ધિએ વિશ્વના ખૂણે ખૂણેથી વિદેશીઓને પોતાના તરફ આકર્ષ્યાં હતા. કચ્છમાં પણ આવું જ બન્યું હતું. સિંધુની કોરી શાખાનાં મીઠાં પાણી આ માટે કારણભૂત હતાં. પાછળથી આ પાણી કચ્છમાં આવતું બંધ થયું તો પણ સિંધની ખડતલ જાતિઓનું આગમન ચાલુ જ રહ્યું. છેલ્લા હજાર વર્ષથી કચ્છ પર લગભગ એકધારું શાસન કરતા જાડેજાઓ પણ કચ્છમાં એક વિદેશી તત્વ તરીકે જ પ્રવેશ્યા હતા.

આગંતુકોની પરંપરાને અંતે જુદી જુદી જાતિની છતાં એક સાંસ્કૃતિક ઐક્ય ધરાવતી કચ્છની આધુનિક સંસ્કૃતિ ઉદભવી. બહારનાં તત્વો ઉમેરાવાને કારણે તે સમૃધ્ધ બની ગઇ. સંસ્કૃતિ શાસ્ત્રીઓએ ભલે તેને "તળપદી"[1] કહી હોય પણ તે શુધ્ધ ભારતીય સંસ્કૃતિ જ છે.

આવા કચ્છ માટે આધુનિક યુગમાં "કાળાપાણી" જેવી લાગણીનો પ્રચાર થયો, જેને પરિણામે સંશોધનના ક્ષેત્રે કચ્છને ઓછું મહત્વ અપાયું અને સાધન સામગ્રી બાબતમાં કચ્છ દરિદ્ર બન્યું. આમ છતાંય વિદેશીઓએ તેનું ઉત્સુકતાપૂર્વક નિરીક્ષણ કર્યું. સ્ટ્રેબોએ એક ટાપુ – સાગરદ્વીપ તરીકે જોયું, એટલું જ નહિ પણ તેની રાજધાની "તેજ" નો નિર્દેશ કર્યો.[2] પેરીપ્લસે તેના અત્યારના રણપ્રદેશમાં રસ લીધો.[3] જ્યારે ટોલેમીએ

---

૧. કચ્છનું સંસ્કૃતિ દર્શન પૃષ્ટ – ૮.

૨. કારા ડુંગર કચ્છ જા પૃષ્ટ – ૬૩.

૩. કચ્છનું સંસ્કૃતિ દર્શન પૃષ્ટ – ૩૭.

તેના કિનારાનો ઉલ્લેખ કર્યો.[૪] અલબરૂની, અબુરીહાન અને રસીઉદ્દીન જેવા આરબ વિદ્વાનોએ કચ્છનો ઐતિહાસિક યુગ શરૂ કરવામાં ફાળો આપ્યો.[૫] આ ઉપરાંત તારીખ-ઇ-માસૂમી, તુહફા-ઇ-કીરમિ અને તારીખ -ઇ- તાહીરી એ પણ અછડતો ઉલ્લેખ કર્યો. ઇબ્ન-ઇ-હૌકલે સીંધાણના મુસ્લિમો તથા મસ્જિદો તરફ દૃષ્ટિપાત કર્યો. આ ઉપરાંત ઇબ્ની ખુર્દબહા, અલ-ઇ-કઝ્રી, ઇબ્નબતુતા, સુલેમાન અને અલ-ઇદ્રીસી જેવા આરબોએ પણ કચ્છમાં રસ લીધો. આ સિવાય દિલ્હી સલ્તનત ના સમયમાં, ગુજરાતી સલ્તનત તથા મોગલ સામ્રાજ્ય વખતે ભારતમાં આવેલા વિદેશી પ્રવાસીઓ અલગ, આમાંના બહુજ ઓછા કચ્છ આવ્યા હતા. છતાંય તેમણે કચ્છનો ઇતિહાસ જાણવાનો પ્રયત્ન કર્યો હતો.

આ બધાય કરતાં ૧૯ મી સદીની શરુઆતમાં અંગ્રેજોએ કચ્છમાં જે રસ દાખવ્યો તે ખરેખર બેનમૂન હતો. કેપ્ટન ડેવિડ સેટન, સર એલેક્ઝાન્ડર બર્ન્સ, શ્રી અને શ્રીમતી બર્ડ, શ્રી અને શ્રીમતી પોસ્ટન્સ, કર્નલ વોકર, કર્નલ ઇસ્ટ, કર્નલ ગ્રીનવુડ, કેપ્ટન મેકમુર્ડો, એલ્ફીસ્ટન્ટ, જહોન માલ્કમ, થોટલેશ અને વાલેસે જે રસ દાખવ્યો હતો તેવો રસ અત્યારે કોઇ સંશોધકે કચ્છમાં દાખવ્યો નથી. આ સાહસિકો કચ્છમાં એવા સમયમાં આવ્યા હતા કે જ્યારે કચ્છમાં પ્રવેશવું ઉત્તર ધ્રુવ કે દક્ષિણ ધ્રુવ યા સહરાની રોમાંચક સફર જેવું હતું. તમામ રીતે કચ્છ એક ટાપુ સમાન હતો. અવરજવરનાં કોઇ સાધનો નહોતાં. સમુદ્ર કિનારા સિવાય કોઇ રસ્તે કચ્છમાં આવવું સલામત નહોતું. વળી એ વખતે કચ્છમાં અંગ્રેજોનું કોઇ હિત નહોતું ત્યારે કચ્છમાં આવવું, તેની ભાષા જાણવી કે સન્યાસી સ્વરુપે પ્રજાની વચ્ચે રહેવું ઘણુંજ મુશ્કેલ હતું.[૬] તેમનો કચ્છવાસ પરીકથા જેવો હતો. ઇતિહાસના ક્ષેત્રમાં

---

૪. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી. વોલ્યૂમ પહેલું. ભાગ પહેલો. પૃષ્ટ - ૫૩૮.

૫. --- એજન --- પૃષ્ટ -- ૫૦૬, ૫૦૮ અને ૫૧૦.

૬. કાળા ડુંગર કચ્છ જા પૃષ્ટ - ૧૮૪.

મેકમુર્ડોએ દીલ દઇને પ્રયત્ન કર્યો હતો. ઝારાના યુધ્ધનો આંખે દેખ્યો અહેવાલ મેળવવા માટે તે ઉપરોક્ત યુધ્ધમાં લડેલા અને સિંધમાં રહેતા ૯૦ વર્ષના ત્રણ સૈનિકોને મળ્યો હતો.[૭] દૂધપીતીનો ક્રૂર રિવાજ બંધ કરવા માટે અંગ્રેજોએ જે સહ્રુદયતાથી પ્રયત્નો કર્યાં હતા તેવા પ્રયત્નો કચ્છના ઇતિહાસમાં હજુ સુધી કોઇએ કર્યાં હોય તેમ લાગતું નથી.

પ્રાપ્ત થતી સાધન સામગ્રીની દરિદ્રતા :-

કચ્છ ઇતિહાસની સમાનતામાં લઘુ ભારત છે. જે રીતે ભારતની ઉત્તર સરહદ દ્વારા આર્યોથી મોગલો સુધીના વિદેશીઓ આવ્યા. તેમ અંગ્રેજોને બાદ કરતાં કચ્છમાં પણ તમામ જાતિ, શાસક અને અન્ય વર્ગના માનવ સમુદાયો ઉત્તર માંથી મુખ્યત્વે સિંધ માંથી આવ્યા. તેની વિપુલતાનો આધાર મધ્ય એશિયાની રાજકીય પરિસ્થિતિ પર હતો તે, ભારત માટે જેટલું સત્ય હતું તેટલું કચ્છ માટે પણ સાચું હતું. કચ્છમાં પણ ભારતની માફક અસંખ્ય શાસકો આવ્યા અને ગયા. દિલ્હીપતિઓએ જ્યારે ગુજરાત પર શાસન કર્યું ત્યારે તેની અસર કચ્છ પર પણ થઇ. ગુજરાતની સલ્તનતના સમયમાં કચ્છ અમદાવાદને ખંડણીને બદલે લશ્કરી મદદ આપતું. મોગલાઇના સમયમાં સામ્રાજ્યની મોટી જાગીરનું સ્થાન શોભાવતું હતું. મોગલાઇના પતન બાદ જ્યારે મરાઠાઓ છેક અટક પાસે અટકી ગયા ત્યારે ગાયકવાડે કચ્છનાં દ્વારો અડધાં ખખડાવ્યાં ન ખખડાવ્યાં કે અંગ્રેજો પણ ત્યાં આવી પહોંચ્યા. ઇ.સ. ૧૪૬૪ માં ખેંગારજી પહેલાએ કચ્છની રાજકીય એકતા સિધ્ધ કરીને જે વંશની સ્થાપના કરી તે વંશ પૂરાં ૫૦૦ વર્ષ ચાલ્યો. તેના અંતિમ શાસક મદનસિંહજીએ ૧૯૪૮ ની પહેલી જૂન સુધી શાસન કર્યું. કચ્છે તેના લાંબા અસ્તિત્વના કાળમાં કેટલીય ચડતી પડતી અનુભવી. તેની પ્રાકૃતિક

---

૭. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યૂમ પહેલું ભાગ બીજો. પૃષ્ટ - ૪૨૫.

દેન કરતાંય તેનું વ્યૂહાત્મક મહત્વ સમ્રાટો માટે આકર્ષણનું કેન્દ્ર હતું. જો કચ્છ અંગ્રેજોના સમયમાં સંપૂર્ણ એક હોત તો તે પશ્ચિમનું નેપાળ બની શક્યું હોત. આમ કચ્છનો ઇતિહાસ ભારત જેટલો જ જૂનો છે. એટલો જ પ્રમાણમાં લાંબો છે. એટલું જ નહિ પણ ગુજરાત કરતાં તેનું શાબ્દિક અસ્તિત્વ ઘણુંજ જૂનું દેખાય છે. જે વખતે ગુજરાતને "ગુજરાત" તથા સૌરાષ્ટ્રને "સુરાષ્ટ્ર" નામ નહોતું મળ્યું તે વખતે શ્રી. ક. મા. મુનશી નોંધે છે તેમ કચ્છનું નામ આપણને દેખાય છે.[૮] જેનું અસ્તિત્વ આટલું પુરાણું હોય તેનો ઇતિહાસ કેટલો સમૃધ્ધ હોય તે કલ્પવાની કોઇ જરૂર રહેતી નથી. છતાં તેની સમૃધ્ધિ જાણવાનાં સાધનો તો કલ્પનામય જ છે. આધારભૂત ઇતિહાસ લખવા માટે સાધનોની જેટલી તંગી ભારત માટે છે એટલીજ તંગી કચ્છ માટે છે.

<u>વિષય ... સમય</u> ... :-

લાખિયાર ભડ અને સિંધના લાખા ધુરારાથી સચવાઇ રહેલા સમા - જાડેજા વંશના લાંબા ઇતિહાસમાંથી આ મહાનિબંધ માટે લગભગ પાછળનો એટલે કે ઇ. સ. ૧૭૭૮ થી ૧૮૧૩ નો સમય પસંદ કરવામાં આવ્યો છે. તે વખતે ભુજની ગાદી પર ખેંગારજી પ્રથમ સ્થાપિત વંશનો ૧૩ મો શાશક હતો.

અઢારમી સદીનો અંત અને ઓગણીસમી સદીની શરુઆતનો આ સમય હતો. બીજી રીતે કહીએ તો મધ્યકાલીન યુગનો અંત અને આધુનિક યુગની શરુઆત હતી. અંધાધુંધીની પરાકાષ્ટાની સાથે સાથે કચ્છની સુવ્યવસ્થાની સ્થાપનાના પ્રયત્નોનો પણ એ સમય હતો. ગુલામી ત્યાગીને કચ્છે સહેજ સ્વતંત્રતાની સર્વપ્રથમ હવા ઇતિહાસમાં આ વખતે લીધી, કે તરતજ અંગ્રેજોની ગુલામી ધ્વારપર આવીને ઉભી રહી. કચ્છે આ સમયે પોતાના ગૌરવને પ્રજ્વલિત કરવા માટે શક્ય તેટલા પ્રયત્નો કર્યાં.

---

૮. ગ્લોરી ધેટ વોઝ ગુર્જર દેશ - પૃષ્ટ - ૫

હિન્દુ મુસ્લિમ પ્રશ્નની દૃષ્ટિએ પણ આ સમય અગત્યનો હતો. મહમદ-બીન-કાસીમે કચ્છની પડોશમાં ઇ.સ. ૭૧૨ માં સ્થિર થયા પછી મુસલમાનોએ કચ્છ જીતવાના અવિરત પ્રયત્નો કર્યાં. પણ તેઓ ઇસ્લામના હજાર વર્ષના ઇતિહાસમાં સફળ થઇ શક્યા નહિ. આ વખતે એક નવાજ શસ્ત્ર સાથે તેઓ મેદાનમાં આવ્યા. કચ્છના શાસકને મુસલમાન બનાવીને મુસ્લિમ કચ્છ રચવાના તેમના મનસુબાને કચ્છે ધૂળમાં મેળવ્યા.

ધાર્મિક સહિષ્ણુતાના યુગમાં ધમાંધ મુસ્લિમો દ્વારા ઉગમાયેલા આ શસ્ત્રને ક્યાંયથી ટેકો નથી મળતો; તેમાં સિંધ અને અફઘાનીસ્તાનમાંથી તો નહિજ. જે વખતે સમગ્ર વિશ્વમાં અને ભારતના અન્ય ભાગોમાંય મુસ્લિમ શાસકો ઇસ્લામેતર વર્ગોને સંતોષી રહ્યા હતા, તેમનાં ધર્મ-સંસ્કૃતિનું રક્ષણ કરતા હતા, ત્યારે કચ્છે સત્તા વગરના અલ્લાઉદ્દીન અને ઔરંગઝેબનાં દર્શન રાયધણ સ્વરુપે કર્યાં. તેથી રાજભક્તિમાં રાચતી ભારતીય પ્રજાના સ્વભાવગત ધર્મને નાછૂટકે કચ્છની પ્રજાએ ઉવેખ્યો. ખાસ કરીને માંડવીની પ્રજાએ આ વખતે જે પ્રતિકાર કર્યો તે પૌરાણિક યુગના વેન રાજાની પ્રજા કરતાં જરાય ઓછો નહોતો.

જ્યારે ક્ષત્રિયોનું ક્ષત્રીવટ ઝાંખું પડતું હતું, રજપૂતો સ્વધર્મના રક્ષણ માટે લાચાર હતા ત્યારે ધર્મની ઢાલ બનવા એક વેપારી આવ્યો. મેઘજી શેઠના લશ્કરને ક્રોમવેલની માફક લડાઇ આપવી પડી. અંતે પ્રજાનો વિજય થયો. કચ્છીઓએ પોતાના રાજાનો ચાર્લ્સ પહેલાની માફક વધ પણ ન કર્યો કે જેમ્સ બીજાની માફક દેશનીકાલ પણ કર્યો નહિ. ફક્ત તેને કેદમાં રાખીને સંતોષ માન્યો.

આ વખતે કચ્છના ઇતિહાસમાં સર્વ પ્રથમ રાજાની હયાતીમાં ગાદીવારસ જેવો પ્રશ્ન ઉભો થયો. જેને ઉકેલવા માટે જુની પ્રણાલિકાઓ સમર્થ નહોતી અને લોકોને મન બીજી કોઇપણ વ્યવસ્થા સ્વીકાર્ય નહોતી છતાંય કચ્છનાજ નહિ પણ કદાચ ભારતના ઇતિહાસમાં સૌપ્રથમવાર કુલીનતંત્રનો નાના પાયા પર પ્રયોગ કરવામાં આવ્યો. જેને ઇતિહાસમાં "બાર ભાયાનું રાજ્ય" તરીકે ઓળખવામાં આવ્યો હતો.

કચ્છના આ પાંત્રીસ વર્ષના ગાળામાં તેનાં બે મોટાં શહેરોમાં આંતરવિગ્રહ શરૂ થયો. ભુજે માંડવીની સ્વાયત્તતા ઇનકારી અને માંડવીએ ભુજ સામે સતત બળવાઓ કર્યાં.

આ સમયે કચ્છ પર ગંભીર કહી શકાય તેવું કોઇ વિદેશી આક્રમણ નથી થયું અને એવા આક્રમણની સંભાવના પણ ઘટી ગઇ હતી જ્યારે એથી ઉલટું કચ્છે આ સમયે પોતાના ઇતિહાસમાં પહેલીવાર તેની પ્રાકૃત્તિક સીમાઓ ઓળંગીને રાધનપુર તથા હાલારપર આક્રમણ કર્યું અને વિજય મેળવ્યા. આંતરિક સલામતીની દૃષ્ટિએ આ વખતે માથાના દુઃખાવાસમું વાગડ સર્વ પ્રથમ કાબુમાં આવ્યું અને છેલ્લે છેલ્લે વાગડનો પ્રશ્ન જ અંગ્રેજો માટે દરમ્યાનગીરીનું કારણ બની ગયો.

જ્યારે ખુદ શાસક અને તેના પાશવાનો ધર્માંધતા આચરી રહ્યા હતા ત્યારે એક મુસલમાન વજીર ફતેહમહમદે ધર્મસહિષ્ણુતાનું જ્વલંત ઉદાહરણ પેશ કર્યું. એટલું જ નહિ પણ કચ્છની રાજકીય એકતાને ફળીભૂત કરવા તનતોડ પ્રયત્નો કર્યાં.

આ પાંત્રીસ વર્ષોમાં યુરોપિયનોએ કચ્છની ભૂમિપર ડોક્ટર રૂપે કે મુસાફરરૂપે પ્રથમ પગ મૂક્યો. આપણને ઇતિહાસ જ્ઞાન માટે અંગ્રેજી ભાષાની અમૂલ્ય સામગ્રી પ્રાપ્ત થઇ. વળી આ યુગમાં ભુજમાં એવા બનાવો બન્યા કે જેમણે કચ્છના હજાર વર્ષના ઇતિહાસને ઝાંખો પાડયો.

આ પાંત્રીસ વર્ષનો યુગ ભારત, ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છ માટે શક્વર્તી હતો. આ સાડાત્રણ દશકાએ ઘણા આઝાદીપ્રિય વીર પુરુષો આપણને આપ્યા. કચ્છમાં વઝીર ફતેહમહમદ, જામનગરમાં મેરુખવાસ, જુનાગઢમાં દીવાન અમરજી અને મેસૂરમાં હેદર તથા ટીપુ સમકાલીન હતા. તેઓ એટલા બધા સમર્થ હતા કે એમાંનો એકેય રાજા નહતો છતાંય પોતાના રાજાઓને પુતળાં જેવા બનાવીને તેઓ વાસ્તવિક શાસકો બની ગયા હતા. ગોંડલમાં ભાકુંભોજી અને ભાવનગરમાં વખતસિંહજી આ યુગની સાચી આનુવંશિક રાજકીય પ્રતિભાઓ હતી.

રાયધણ બીજાના ઇતિહાસની સાધન સામગ્રી :-

ઇ.સ. ૧૭૭૮ થી ૧૮૧૩ નો યુગ ભારતના ઇતિહાસમાં શકવર્તી યુગ હતો. મરાઠાઓની ઇ.સ. ૧૭૬૧ માં પાણીપતમાં થયેલ કરાર હાર પછી ફક્ત અંગ્રેજો જ ભારતના રાજકીય શૂન્યાવકાશને પૂર્ણ ~~કરી~~ કરી શકશે તેવું લાગતું હતું અને ભારતમાં સર્વોચ્ચ થવા માટે તેમણે એક પછી એક પગલાં ભરવાં શરુ કર્યાં હતાં. અંગ્રેજો જે પ્રદેશ પર પોતાનો પ્રભાવ પ્રસારવાના હોય તેના પહેલાં પાદરી, વેપારી, જાસૂસ અને રેસીડેન્ટરૂપે આવીને યુધ્ધમાં વિજય મેળવવાની સંપૂર્ણ ગણતરી કરીને પછીજ એકાદ નાનકડો નિર્ણાયક સંગ્રામ ખેલી લેતા. તેથી જ્યારે કચ્છને ઇ.સ. ૧૮૧૪ માં અંગ્રેજ લશ્કરે પાવન કર્યું, તે પહેલાં કચ્છ પર ઉપર જણાવ્યા તેવા પડછાયાઓ પડયા હતા. કહેવાય છે કે મેકમુર્ડો તો "ભૂરીયા બાવા" રૂપે વર્ષો પહેલાં કચ્છમાં રહેલો.[૯] અને તેની પાછળ બીજા અંગ્રેજોએ પ્રકટ સ્વરુપે કચ્છમાં પ્રવેશ કર્યો.

અંગ્રેજોના કચ્છ પ્રવેશે ઐતિહાસિક સાધન સામગ્રીના ક્ષેત્રે ક્રાન્તિ કરી એમ કહીએ તો ચાલે. અત્યાર સુધી દંતકથાઓ રૂપે તથા ભાટ ચારણોના ચોપડે સચવાઇ રહેલો કચ્છના પ્રણાલિકાગત ઇતિહાસને સર્વપ્રથમ તેમણે કસોટીની સરાણે ચઢાવ્યો. આ પહેલાં કોઇ પ્રજાએ કચ્છના ઇતિહાસના ક્ષેત્રે કંઇ પ્રયત્ન કર્યો હોય તેવું બન્યું નથી. તેથી લિખિત સાધન સામગ્રીની દૃષ્ટિએ કચ્છનો ઇતિહાસ ઘણોજ દરિદ્ર બન્યો. ટૂંકમાં સાધન સામગ્રી માટે ભારતના ઇતિહાસને જે મુશ્કેલીઓ પડે છે તેવીજ મુશ્કેલી અને કેટલાક યુગોમાં એથી પણ વધારે મુશ્કેલી કચ્છના વિષયમાં પડે છે.

અંગ્રેજો અને બીજા વિદેશીઓનો કચ્છ સંપર્ક ઘણોજ મોડો છેક રાયધણ બીજાના યુગમાં સધાયો. જો કે તેની એક પેઢી અગાઉ કાનો માલમ કચ્છના અધિકૃત પ્રતિનિધિ તરીકે વિદેશમાં જઇ આવ્યો હતો.

---

૯. કારા ડુંગર કચ્છજા પૃષ્ટ - ૧૮૪.

આ અવરજવરથી ઇતિહાસને તો અવશ્ય ફાયદો થયો અને તેમાંથીજ સાધન સામગ્રીની દૃષ્ટિએ મહત્વના કેટલાક અંગ્રેજી દસ્તાવેજો મળયા. આ ઉપરાંત રાયધણ બીજાનો ઇતિહાસ જાણવા-લખવા માટે બીજી પણ સાધન સામગ્રી છે.

આભિલેખિક :-

રાયધણ બીજાના સમયનો ઇતિહાસ જાણવા - લખવા માટે પ્રાપ્ત થતી સામગ્રીમાં મંદિરો, પાળિયા, સિક્કા અને અન્ય વસ્તુઓ પરનાં લેખો આવે છે.

મંદિરના લેખો :-

રાયધણ યુગને સંબંધિત આઠ મંદિરો માંથી લેખો મળયા છે. આમાં સાત મંદિરો કચ્છમાં છે જ્યારે એક જામનગરમાં છે. અંજારના અજેપાળ મંદિરનો વિ.સં. ૧૭૪૨ નો લેખ રાયધણના સમયનો નથી પરંતુ તેમાં ઉપયોગમાં લેવાયેલ "રાઅણજી" શબ્દ પરથી રાયધણજીના ઉચ્ચારનો ખ્યાલ આવે છે. આમ આ લેખ ભાષા વિજ્ઞાન માટે પણ અગત્યનો છે. આવીજ અગત્ય પ્રચલિત "રાવ" શબ્દના "રાઉ" નિર્દેશ વાળો નારાયણ સરોવરના શ્રી. ત્રિકમરાયજીના મંદિરનો દેશળજી પ્રથમ સંબંધિત વિ.સં. ૧૭૯૦ નો લેખ ધરાવે છે. રાયધણજી બીજાના વખતમાં ગુંતરી ગઢના ફૂલેશ્વર મહાદેવના મંદિરનો જીર્ણોધ્ધાર થયો છે. તે બાબતનો ઇ.સ. ૧૭૯૭ નો લેખ મળે છે. પરંતુ તેમાં રાયધણજી બીજાના ઇતિહાસ ઉપર કોઇ વિશેષ પ્રકાશ પડતો નથી. એજ રીતે જામ સતાજીનો જામનગરના એક જૈન મંદિરનો આ યુગનો લેખ કચ્છના શાસક નો વિચિત્ર અને નાટકીય ઉલ્લેખ કરે છે. [૧૦]

---

૧૦. મૂળ લેખ આ પ્રમાણે છે :-

સૌરાષ્ટ્રનાથ: પ્રણતિ વિદ્યતે કચ્છાધિપો, યસ્ય ભયાદિ ભેતિ;
અધાસન યચ્છતિ માલવેશો જીયાત, યશોજિત્સ્વ કુલાવતસ:.

જગજીવન મહેતાએ ભુજમાં ઇ. સ. ૧૮૦૭ માં હાટકેશ્વરનું મંદિર બંધાવ્યું તે પ્રકારનો લેખ મંદિરમાં છે. પરંતુ આ લેખ પોતાના સમયના ઇતિહાસ પર કોઇ પ્રકાશ પાડતો નથી. એવુંજ અંજારના માધવરાયના મંદિરના વિ. સં. ૧૮૬૯ ના લેખ વિષે છે. રાયધણ બીજાના મરણ પછીના નવમા વર્ષે એટલે કે વિક્રમ સંવત ૧૮૭૮ ના ચતુર્ભુજ રાયજીના મંદિરલેખ પરથી રાયધણજીના ભાઇ પૃથ્વીરાજજીના ખાનગી જીવનપર બિલકુલ નવો પ્રકાશ પડે છે. માંડવીના સુખનાથ મહાદેવના મંદિરનો વિ. સં. ૧૯૧૨ નો લેખ રાયધણ બીજાના મરણ પછી ઘણા વર્ષનો છે, છતાંય રાયધણજીના એક ખિતાબ "મહારાજાધિરાજ" ની નિરર્થકતા સાબિત કરવામાં ઘણોજ ઉપયોગી પૂરવાર થયો છે.

પાળિયાના લેખો :-

આભિલેખિક સામગ્રીની દૃષ્ટિએ રાયધણ બીજાના યુગના પાળિયા લેખ કે યષ્ઠિ લેખ સારા પ્રમાણમાં મળે છે. પાળિયા કચ્છની ભૂમિની વિશેષતા છે. અને હજારોની સંખ્યામાં કચ્છમાં જોવા મળે છે. એક અંદાજ મુજબ તેમની સંખ્યા દસથી બાર હજારની છે.[૧૧] કદાચ તળ ગુજરાત અને સૌરાષ્ટ્ર કરતાં પાળિયાઓની બાબતમાં કચ્છ ઘણુંજ સદભાગી ગણાય. તેમના પર અંકિત થયેલા લેખો કચ્છના રાજકીય અને સામાજિક ઇતિહાસ લેખન માટે અત્યંત ઉપયોગી એવી પ્રથમ કક્ષાની સામગ્રી પૂરવાર થયેલ છે. છેક પ્રાચીન કાળથી દેશ અને ગામના રક્ષણ માટે ફના થઇ જઇને શહીદી વહોરનાર વીરપુરુષોની યાદમાં પાળિયા ઉભા કરવાનો રિવાજ બૃહદ ગુજરાતમાં દરેક જગ્યાએ છે. કચ્છમાં તો અન્ય બનાવો અને વિષયોને લગતા કે જેમાં બલિદાન અથવા કુરબાની અને છેલ્લે મરણ અંતિમ પરિણામ હોય તેવા પ્રસંગોના પાળિયાઓ ઉભા કરાયા છે. રુદ્રાણી પાસેના એક ગામને પાદરે ઇ. સ. ૧૯૫૬ ના વર્ષનો એક વિશિષ્ઠ પાળિયો ઉભો છે. જેમાં

---

૧૧. પથિક. ડીસેંબર ૧૯૭૩. પૃષ્ટ – ૨૭

એક પુરુષ આકૃતિપર શેષનાગની ફેણછત્રી ધરાવવામાં આવી હતી. લેખના અભાવે એનું અર્થઘટન કરવામાં મુશ્કેલી ઉભી થતી હતી. પરંતુ તપાસ કરતાં જાણવા મળ્યું કે આ ગામનો સરપંચ ઇ. સ. ૧૯૫૬ માં નાગ કરડવાથી મૃત્યુ પામેલો, તેની યાદમાં તેના વારસોએ આ પાળિયો ઉભો કર્યો. ટૂંકમાં કચ્છમાં પાળિયાઓ માટે વિષયનું બંધન નહોતું.

મહમદબીન કાસીમે સિંધ જીત્યા પછી કેટલાય અનધિકૃત મુસ્લિમ ધર્માંધ આક્રમણખોરો કચ્છમાં પ્રવેશ્યા હતા. તેમણે આવા પાળિયાઓને હજારોની સંખ્યામાં નિહાળ્યા હશે ત્યારે તેમને તેનો બરાબર ખ્યાલ નહિ આવ્યો હોય અને મૂર્તિઓ માની બેઠા હશે તેથી સ્વભાવિક છે કે આવા ધર્માંધ મુસ્લિમોને તેમાં બૂતપરસ્તિનું લક્ષણ દેખાયજ. જેનું અંતિમ પરિણામ તેના નાશમાં આવ્યું. આંધૌમાંથી મળેલા ક્ષત્રપકાલીન યષ્ટિ લેખની માફક કેટલાય અમૂલ્ય લેખોનો આ રીતે નાશ થઇ ગયો હશે. આ કારણને લીધેજ આપણને પ્રાચીન કે મધ્યકાલીન યુગના પાળિયાઓ જૂજ મળે છે.

રાયધણ યુગીન પાળિયા લેખોને આપણે ત્રણ વિભાગમાં વહેંચી શકીયે :-

૧. છતરડીના લેખો :-

કોઇ મહત્વની વ્યક્તિના સ્વાભાવિક, અસ્વાભાવિક કે વીરોચિત મરણની યાદમાં પાળિયાઓ ઉભા કરીને તેના પર તેનું રક્ષણ કરવા કે તેની શોભામાં અભિવૃદ્ધિ કરવા છાપરાવાળા સ્તંભો પર ટેકવેલો મંચ કે મંડપ ઉભો કરવામાં આવે છે. તેને છત્ર, છત્રી કે છતરડી તરીકે ઓળખવામાં આવે છે. કચ્છમાં સામાન્ય રીતે છતરડી શબ્દ વધારે પ્રચલિત છે. જો મૃત વ્યક્તિની અગત્ય વધારે હોય તો છતરડીની ભવ્યતા સ્થાપત્યની દૃષ્ટિએ કલાત્મક રૂપ ધારણ કરે છે. દા. ત. લખપતજીની ચિતા સાથે સતી થયેલી તેમની રખાતો અને

રાણીઓની યાદમાં "કચ્છનો તાજમહાલ" જેવી ભવ્ય છતરડી ઉભી કરવામાં આવી છે. જ્યારે રાયધણ બીજાની સાથે ઇસ્લામની કટુ સ્મૃતિઓ સંકળાયેલી હોવાથી તેની છતરડી ભાગ્યે એકાદ મુસાફરની વેધક દૃષ્ટિમાં આવી હોય અને ક્યાંય ઉલ્લેખાઇ હોય. આવા છતરડી પ્રકારના પાળિયાઓમાં આધોઇની બાજુમાં આવેલા કુંદરોડી ગામની ઘોડેસવારની વિ. સં. ૧૮૫૬ ની છતરડી રાયધણ બીજાના યુગની છે. જેમાં રણમલજી નામના કોઇ વીરપુરુષના પરાક્રમનો ઉલ્લેખ છે. આજ છતરડીની પાસે એક બીજી ઘોડેસવારની છતરડી છે. જેનો લેખ રાયધણજીના મરણ પછી છ વર્ષનો છે. તેમાં બધા અક્ષર વાંચી શકાતા નથી. પરંતુ રાયધણજી તો સ્પષ્ટરીતે વંચાય છે.

"ઝાલા" શાખાનો ઉલ્લેખ ધરાવતો રાયધણ યુગનો એક પાળિયો મળે છે. તે વિ. સં. ૧૮૪૫ નો છે. લેખ પરનો માસ તથા તિથિ ખવાઇ ગયેલ છે. ઝાલા સતાજી સુત અજાજી રાયધણજીની વારમાં ભુજ નગર મધ્યે કામ આવ્યા તેની છતરડી ઝાલા સબળજીએ કરાવી તેવું તેના પર લખાણ છે. આજ વર્ષની [વિ. સં. ૧૮૪૫] માંડવીમાં આવેલી "મનુભાની દેરી" ના નામે ઓળખાતી છતરડીનો લેખ બારભાયાના રાજ્ય પર તથા ધાર્મિક બાબતો પર નવોજ પ્રકાશ ફેંકે છે. તદુપરાંત રાયધણજીના અધિકૃત નામની આગળ "મહારાવ" ને ચુસ્તપણે અનુસરવામાં નહોતું આવતું તેનો પણ ખ્યાલ આપે છે.

<u>૨. સતીના લેખો :-</u>

કોઇ સ્ત્રી પોતાના પતિ પાછળ સતી થતી ત્યારે તેના વારસો તેની ગૌરવભરી સ્મૃતિમાં પાળિયો ઉભો કરી દેતા. આવા સતીઓના અસંખ્યા પાળિયાઓ કચ્છભરમાં વેરાયેલા પડ્યા છે. આ બીજા પ્રકારના પાળિયા લેખો રાયધણજી બીજાના સમયના ઠીક ઠીક પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. થોટલેશ નામના એક મુસાફરે રાયધણજીના મરણ પછી થોડાક મહિનાઓમાં કચ્છની મુલાકાત લીધેલી ત્યારે તેણે લગભગ દરેક ગામના પાદરમાં અને સ્મશાનમાં સતીઓના અસંખ્ય

પાળિયાઓ જોયા હતા. જે રાયધણયુગીન સમાજ જીવન પર સારો પ્રકાશ ફેંકે છે. લગભગ સાર્વત્રિક રીતે સતીપ્રથાનું અનુસરણ થતું હશે તેમ લાગે છે. એજ રીતે થોટલેશે કચ્છના નાના રણના કિનારે આવેલા રહાત્રા નામના ગામમાં લેખો સાથેના આવા સતીના પાળિયાઓ જોયાનું નોંધ્યું છે. આવા પાળિયાઓમાં મંજલ ગામના પાદરની છતરડીની એક બાજુએ ઉભો કરેલો વિ. સં. ૧૮૩૯ નો પાળિયો અગત્યનો છે. આ પાળિયાથી ખ્યાલ આવે છે કે કચ્છના સમાજે ભારતીય સંસ્કૃતિના નૈતિક મૂલ્યોને રાયધણયુગમાં પણ અકબંધ જાળવી રાખ્યાં હતાં. મનસા, વાચા, કર્મણાના ત્રયાપરાધની ધનબાઇ નામની કચ્છી કુમારિકાએ જાતેજ વહોરી લીધેલી શિક્ષાનો તે પ્રતિનિધિ છે.

લાકડિયામાં ઉભેલા વિ. સં. ૧૮૬૧ ના પાળિયામાં બાળક સાથે રથમાં બેસેલ બે વ્યક્તિઓનું શિલ્પ છે. તેના લેખ પરથી પુત્રની પાછળ માતાઓના સતી થવાના રિવાજનો ખ્યાલ આવે છે.

૩. અન્ય પાળિયા લેખો :-

આ પ્રકારના પાળિયાના લેખોમાં સતી અને છતરડીના પાળિયાઓ સિવાયના પાળિયાઓનો સમાવેશ કરી શકાય. આમાં સામાજિક ઇતિહાસની દૃષ્ટિએ દૂધપીતીના પાળિયા મહત્વના ગણી શકાય. દૂધપીતી સિવાયના અસંખ્ય વિષયો પણ આવા પાળિયાઓમાં વણાયેલા છે.

રાયધણના રાજ્યારોહણના પ્રથમ વર્ષનો એટલે કે વિ. સં. ૧૮૩૫ નો એક પાળિયો વરણુંમાં છે. તેનો લેખ બરાબર વાંચી શકાતો નથી. વાગડના ગેડી ગામના પાદરમાં એક પુરાણા કૂવાની સામે નાનકડા ટેકરા પર આઠેક જેટલા પાળિયાઓ ઉભા છે. તેમાં બે રાયધણ યુગના એટલે કે વિ. સં. ૧૮૩૬ અને ૧૮૩૮ ના છે. આ બન્ને પાળિયાઓની વિગત પણ વાંચી શકાતી નથી. કાનમેરમાં જડેશ્વર મહાદેવની જગ્યાના ખૂણે વિ. સં. ૧૮૩૮ નો એક પાળિયો છે. જેમાં સામંતસિંહ નામના

રાઠોડ રજપૂતના કુદરતી મોતનો નિર્દેશ છે. આ ઉપરાંત આધોઇ ગામની પૂર્વ દિશામાં મેઘવાળોના સ્મશાન તરીકે ઓળખાતા સ્થળ પરના ઓટલા પર આજ વર્ષનો એક પાળિયો છે. કચ્છની ઉત્તરમાં ચોબારીમાં આવેલા વિ.સં. ૧૮૩૯ ના લગભગ છપ્પન જેટલા પાળિયાઓ અગત્યના છે. એકજ સમયે એકી સાથે આટલા પાળિયા ઉભા કરવામાં આવ્યા હોય તેવો કચ્છના ઇતિહાસમાં ફક્ત આ એકજ બનાવ છે. સિંધના શાસક મિર ફતેહઅલી તાલપુરાએ જોધપુરના મહારાજાના લશ્કરને હરાવ્યું તેની યાદમાં આ છપ્પન પાળિયાઓ ઉભા કરવામાં આવ્યા છે. મુસ્લિમ શાસક આ રીતે પથ્થર પર પ્રતિમા જેવી યાદને કંડારે તે પણ કચ્છની ભૂમિનો એક અપવાદરુપ બનાવ ગણાય.

ગેડી ગામના પાળિયા સમૂહમાં વિ.સં. ૧૮૪૪ નો એક પાળિયો અડધો વાંચી શકાય છે. જેમાં કોઇ વાઘજી નામની વ્યક્તિના માનમાં વાવમાં પાળિયો ઉભો કરવામાં આવ્યાનો નિર્દેશ મળે છે. વિ.સં. ૧૮૪૫ ના આમર સલીયા લાખાણીના પાળિયા પરથી મેઘજીના શાસન ની ખૂટતી કડી સંધાય છે. એજ રીતે મનુભાની દેરીની બાજુનો ખવાસ મેઘજીનો પાળિયો પણ તેને ટેકો આપે છે. આ ઉપરાંત વિ.સં. ૧૮૪૯ નો એક પાળિયો બારભાયાના સમયમાં જમાદાર ઓસમાણનું આધિપત્ય રાપરમાં હતું તેમ સર્વ પ્રથમ નિર્દેશ આપે છે.[૧૨] વળી આ પાળિયાઓમાં આવતો "લોઆણા" શબ્દ પણ સામાજિક રીતે લોહાણાના મહત્વનો નિર્દેશ કરે છે.

---

૧૨. આ લેખ દેવનાગરીમાં આ પ્રમાણે છે :-

॥ સંવત ૧૮૪૯ ના વ
૨ ષે માધસર સુદ ૧૧ વર
સુકરવાર – વાદ
ઓ છે લોઆણાના વારા
૮ રાપર મધે જમાદ
૨ અસમાણજીની વારમા ॥

ચિત્રોડના બસસ્ટેન્ડ પાસે બે ઘોડેસવારના શિલ્પવાળો વિ. સં. ૧૮૫૭ ના વૈશાખ સુદ ૧૪ નો પાળિયો આવેલો છે. જેમાં ચિત્રોડના સ્થાનિક શાસક અભયરાજજીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સાથે એક સુથાર જીવા સુત સામજીના મરણને અંજલી અપાઇ છે. આ લેખમાં સૂચક રીતે રાયધણજીનો ઉલ્લેખ છોડી દેવાયો છે. તેમાં બારભાયા રાજ્ય મંડળના ગાદીપતિ મહારાવ પૃથ્વીરાજજીનો વાગડ જેવા વિસ્તાર પર જરાય કાબુ નહોતો તેવો અણસાર મળે છે. આ ઉપરાંત ચિત્રોડમાં વિ. સં. ૧૮૬૬ અને તેની આસપાસના વર્ષના બીજા થોડાક પાળિયાઓ છે. જેમના અક્ષરો બોડિયા હોવાને લીધે વાંચી શકાતા નથી. એજ રીતે લાકડિયાના વૈજનાથ મહાદેવના મંદિરનો વિ. સં. ૧૮૬૬ નો ચંદરમેરાઇ ના નામનો પાળિયો ભગ્ન લખાણવાળો છે.

થોટલેશે રહાન્રા ગામના પાદરે આવેલા જે અસંખ્ય પાળિયાઓ નો ઉલ્લેખ કર્યો છે. તેમાં કેટલાક પાળિયાઓના શિલ્પમાં પુરુષના હાથમાં નાના બાળકને કંડારવામાં આવેલ છે. તેથી તે બધાય દૂધ-પીતીના રિવાજનું સૂચન કરતા હોય તેમ લાગે છે. એજ રીતે કુંદરોડી ગામમાં પાદરમાં છતરડીની બહાર લગભગ પંદર પાળિયાઓનો સમુહ આવેલો છે. જે ભગ્નાવશેષ જેવો છે, છતાંય તેમાં દૂધપીતી જેવાજ કોઇ સામાજિક રિવાજનું સૂચન સ્પષ્ટ વર્તાય છે. આવાજ પાળિયાઓ ઘણી મોટી સંખ્યામાં સીકરા પાસે આવેલા છે. તેમના પર યોધ્ધાઓ નાં ભાંગ્યાં તુટયાં અને મહાપ્રયત્ને ઓળખી શકાંતાં શિલ્પો કંડારવા માં આવ્યાં છે. આ બધાય યોધ્ધાઓ ઘોડા, ઉંટ કે હાથી ઉપર ચઢીને ભાલો ફંકતા કે તલવાર વીંઝતા બતાવાયા છે.

<u>ઇમારત પરના લેખો</u> :-

આ પ્રકારના લેખો ઘરથારો, દરગાહો અને ધાર્મિક સ્થાનકો માં આવેલા છે. તેમાંથી રાયધણયુગની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને રાજકીય સ્થિતિપર પ્રકાશ પડે છે.

૧. ધરથાર :-

ધરથારના લેખોમાં મુન્દ્રામાં આવેલ મહમદમીયાં સોટાના દરબારગઢના કડા પરનો લેખ નાનકડો હોવા છતાંય મહત્વનો છે. મહમદમીયાં સોટાએ પોતાનો આ દરબારગઢ પુષ્કળ પૈસા ખર્ચીને બનાવ્યો હતો. એ દરબારગઢની સાથે પોતાના નામને અમર કરવા માટે તેણે તેના દરવાજાનાં લોઢાનાં કડાં પર પોતાનું નામ કોતરાવ્યું હતું. અહીંયાં રાયધણયુગીન સરદારોની કાળની સામે થઇને પ્રસિધ્ધિ મેળવવાની તદ્દન ભૌતિક વૃત્તિનાં પણ દર્શન થાય છે. ઇમારત પર લખાયેલો એક બીજો લેખ કોટેશ્વરના મંદિરની ઉગમણી બાજુપર આવેલ એક ધરથાળમાં મળે છે. જેમાં સુંદરજી શિવજીનાં રાયધણ બીજાના સમયનાં દાનકાર્યોનો ઉલ્લેખ છે. આ લેખ કોટેશ્વરની જગ્યાના મંડપ, કોટ, ભંડાર, કોઠાર અને બેઠકના જીર્ણોધ્ધારને લગતો હોઇ તેની મૂળ જગ્યા ઉપરોક્ત પાંચમાંના એક બાંધકામની દિવાલમાં હશે પણ કાળક્રમે તેને કોઇએ આ ધરમાં ઉપયોગમાં લઇ લીધેલ છે.

૨. દરગાહ :-

મુસ્લિમ સંત અને વીર પુરુષોની દરગાહો કે હજીરાઓના લેખોમાં આપણને ભુજમાં આવેલ ફતેહમહમદની દરગાહનો લેખ ઘણોજ રસપ્રદ અને માહિતીપૂર્ણ લાગે છે. આ લેખ અને રોજો ફતેહમહમદના પુત્ર હુસેનમીયાં એ તૈયાર કરાવેલ હોવા છતાં લેખની શરુઆત સરસ્વતી માતાને નમન કરીને કરવામાં આવી છે. આમાં ફતેહમહમદના વારસોએ પણ પોતાના પિતાની બીનસાંપ્રદાયિકતાની નીતિને કેટલી બધી સહિષ્ણુતાથી આત્મસાત કરી હતી તેનો ખ્યાલ આવે છે. તેમાં વિ. સં. ની સાથે શકસંવતનોય ઉપયોગ કરાયો છે. જ્યારે હિજરી સંવતનો ઉપયોગ નથી કરાયો. આ લેખ ફતેહમહમદના અવસાનની ચોક્કસ તારીખ અને સમય આપે છે. તદુપરાંત તે સ્થાપત્ય લેખ વિદ્યાનો સુંદર નમુનો પેશ કરે છે.

૩. ધાર્મિક સ્થાનકો :-

આ પ્રકારના લેખોમાં ભુજમાં આવેલી વેલબાઇની દેરીનો લેખ પણ મહત્વનો છે. આ લેખ રાયધણ યુગમાં થતી ગોત્રજ પુજાનો ઉલ્લેખ કરે છે.

સિક્કાઓ :-

આભિલેખિક સાધન સામગ્રીમાં સિક્કાઓનું ઘણુંજ મહત્વ છે. સિક્કાઓમાં માહિતી ઓછી હોવા છતાંય કેટલીક વખત આશ્ચર્ય-કારક રીતે ખૂટતી કડીને જોડી આપે છે. રાયધણ બીજાના સિક્કાઓ ઓછા મળે છે. પરંતુ જે મળે છે તે ઐતિહાસિકરીતે મહત્વનાં છે. રાયધણજીના સિક્કાઓમાં દેવનાગરીમાં તેમનું નામ બતાવે છે કે પ્રાચીન પ્રણાલિકાઓને તજવામાં આવી નહોતી. વળી રાયધણે ઇસ્લામનો સ્વીકાર કર્યો હતો તેનો પુરાવો આ સિક્કાઓ આપે છે. કારણ કે સિક્કાની આગળની બાજુએ બહુજ સ્પષ્ટરીતે કુરાનની આયાત-કલમો"લાઇલાહી ઇલ્લઇલ્લાહ મોહમ્મદ અલ રસુલીલ્લા" અંકિત કરવામાં આવ્યો છે. બીજી બાજુએ જલ્લાઉદ્દીન વંચાય છે જે કદાચ રાયધણનું ઇસ્લામિ નામ પણ હોય.

અન્ય લેખો :-

આ ઉપરાંત બીજા કેટલાક લેખો માંથી પણ માહિતી મળી શકે તેમ છે. આવા લેખોમાં બે તોપો પરના લેખોનો સમાવેશ થાય છે. એક તોપ પર "હકુમતે હૈદરી" લખેલું છે. આ તોપ કચ્છ અને મેસૂર વચ્ચેના સંબંધોની દસ્તાવેજી પ્રતિનિધિ ગણી શકાય. એજ રીતે એક બીજી તોપ પર પોર્ટુગીઝ ભાષાનું લખાણ છે. એનો અર્થ એવો પણ ઘટાવી શકાય કે કચ્છ ગોવાના પોર્ટુગીઝ શાસકોના સંપર્કમાં હશે. અથવા તો આવો સંપર્ક મેસૂર મારફત પણ બંધાયો હોય.

અવશેષીય :-

રાયધણ યુગ સાથે સંબંધિત ઇમારતો, ચિત્રો અને ઇમારતેતર અવશેષો આજે જળવાઇ રહ્યા છે. રાયધણયુગના કેટલાક ઐતિહાસિક પ્રસંગોની અલિખિત છાપ આવા અવશેષો પર છે. દા. ત. ભુજનું આશાપુરા માતાનું મંદિર રાયધણયુગ પહેલાંનું છે. છતાંય તેમાં રહેલી બે મૂર્તિઓ રાયધણની એક ધર્માંધતાભરી યોજનાની નિષ્ફળતા માંથી જન્મી છે. એવુંજ માંડવીના વાધેશ્વરી મંદિર વિશે બન્યું છે. આમ આવા અવશેષો સંપૂર્ણ મૂંગા હોવા છતાં કેટલાક યુગોનો ઇતિહાસ કહી દે છે. રાયધણ યુગીન આવી અવશેષિય સામગ્રી નીચે પ્રમાણે છે.

ધાર્મિક અવશેષો :-

ધાર્મિક અવશેષોમાં મંદિર, મસ્જિદ અને દરગાહ જેવી ઇમારતોનો સમાવેશ કરી શકાય. ધ્રબ ગામમાં આવેલું મહાકાળેશ્વરનું મંદિર રાયધણ યુગીન ધર્મસહિષ્ણુતાનું પ્રતિક છે. કારણ કે તે બંધાવનાર રાયધણનો એક સરદાર મીયાં મહમંદ સોતા હતો. તેની એક રજપૂત રાણીને મહાદેવનાં દર્શન કર્યા પછીજ ભોજન લેવાનો રિવાજ હતો. તેથી તે બાંધવામાં આવેલું, એજ રીતે ગુંતરીગઢનું કાસમેશ્વર મહાદેવનું મંદિર મુસ્લિમોની વિશાળ ભાવનાને છત્તી કરે છે. એથી વિરુધ્ધ માંડવીનાં રાણેશ્વર અને વાધેશ્વરી માતાનાં મંદિરોની ખંડિત પ્રતિમાઓ રાયધણની ધર્માંધતાની પ્રતીક છે.

ભુજમાં આવેલું દ્વારકાનાથનું મંદિર ફતેહમહમદ અને રાયધણના રાજકીય સંઘર્ષનું સાક્ષી છે. અહિંયાજ ફતેહમહમદની સેનાઓએ અંજારથી ભુજનો કબજો લેવા માટે શાહબુદ્દીન અને જગજીવન મહેતાની ખુટ્લાઇને લીધે આલમપનાહમાં પ્રવેશીને મંદિરના ચોકને સમરાંગણ બનાવી દીધો હતો. આમ આ બધાં મંદિરો કચ્છીઓનાં લશ્કરી અને જુસ્સાદાર સ્વભાવનાં પ્રતીક છે, તો તેથી ઉલટાં ભુજનાં ઉંદર સેવા મંદિર અને મત્સ્ય સેવા મંદિરો કે જ્યાં રાયધણ યુગમાં ઉંદરો અને માછલાંઓને

વ્યવસ્થિત રીતે પવિત્ર માનીને ઉછેરવામાં આવતાં તે કચ્છીઓના અહિંસા પરાયણ સ્વભાવનાં પ્રતિનિધિ હતાં.

મસ્જિદો પણ રાયધણયુગની અવશેષીય સાધન સામગ્રી માટે મહત્વની છે. રાયધણે મહેલમાં એક મસ્જિદ બંધાવેલી પરંતુ તેના વારસદારો આવો કોઇ અવશેષ મહેલમાં રહેવા ન દે તે સ્વાભાવિક છે. મીયાં મહમદ પન્નાહની મસ્જિદ જે ભુજની નૈરુત્ય દિશામાં આવેલી છે. તેમાં મહમદ પન્નાહ ઉપરાંત એક રાયધણની પ્રતીક કબર છે. આ મસ્જિદથી આગળ એક બીજી મસ્જિદ આવેલી તેવો નિર્દેશ થોટલેશે ૨૫ મી નવેમ્બર ૧૮૧૪ ના અરસામાં આપ્યો છે. આ બન્ને મસ્જિદો રાયધણની અંત્યેષ્ઠિવિધિ સાથે સંકળાયેલ હોવાને કારણે ઐતિહાસિક મહત્વની છે. મુન્દ્રાની મહમદ સોટાની, માંડવીની જુમ્મા અને કાજીવાળી મસ્જિદો એ વખતની સાદી અને આડંબર રહિત કલા શૈલીનાં સ્મારકો છે.

ભુજની ભીડબજારના નાકે આવેલ ભીડના પીરની દરગાહ રાયધણ યુગના સર્વાંશે નિષ્ફળ નિવડેલા દીવાન આશકરણના આશ્રયધામની સ્મૃતિ જાળવતી ઉભી છે. એ વખતે રેડક્રોસ જેવા તટસ્થઝોન જેવી કામગીરી આ દરગાહ બજાવતી તેનો ખ્યાલ તેને જોતાં આવે છે. જ્યારે સમીમાં આવેલો ગાઝીઉદ્દીનખાનનો રોજો અને તેનું મૂરસ્થાપત્ય કચ્છ અને વઢિયારના ફતેહમહમદ દ્વારા બંધાયેલા સંબંધનો મૂકસાક્ષી બની ઉભો છે. એજ રીતે જૂનાગઢના શાહી કબ્રસ્તાનમાં અપૂર્ણ કેસરબાઇનો રોજો રાયધણના છેલ્લા અવશેષની સ્મૃતિને તાજી કરાવે છે. તેનું મૂર-સ્થાપત્ય આંખને ગમી જાય તેવું છે. તેની અધૂરી બાંધણી કચ્છીઓની અને જૂનાગઢની ફરજના ગજગ્રાહનું પ્રતીક બની ગયેલ છે. જ્યારે માંડવીની પાસેના રાવળપીરની દરગાહતો રાયધણ યુગના સોદાગર સુંદરજી શિવજીની દાનશીલતાનું સ્મારક છે. એ વખતે કંથકોટમાં રહેલી મુસા અને હારુનની દરગાહો પવિત્ર ગણાતી. ઇ. સ. ૧૮૨૩ માં બર્કહેડ નામના એક અંગ્રેજ મુસાફરે તેની મુલાકાત લીધેલી. માંડવીથી ત્રણ માઇલ દૂર એક રેતીના ઢૂવાપર દરિયા કિનારે આવેલી તમાચી પીરની દરગાહ

ખલાસીઓ માટે એક માર્ગદર્શક ચિહ્નની ગરજ સારતી હતી. માંડવીના કિનારાની એ મશાલ હતી. રાયધણયુગમાં થઇ ગયેલા એક સંત દાદાજીનો ભુજમાં આવેલો રોજો એ વખતના મૂરીશ સ્થાપત્યનું પ્રતિનિધિત્વ કરે છે.

ઇમારતો :-

અવશેષિય સામગ્રીમાં ધાર્મિક બાંધકામો ઉપરાંત અન્ય ઇમારતો પણ મહત્વની છે. ભુજથી સુખપુરને રસ્તે ઉભેલી રામજી ખવાસની ગઢડી કચ્છના પ્રસન્ન બળવાખોર અને માંડવીની સમૃધ્ધિના રક્ષકની યાદ તાજી કરાવે છે. માંડવીના હોડિયા કોઠા પર ઉભા રહીને પહેલું કયું જહાજ દેખાશે તેની શરતો લગાવાતી. આ કોઠો આજે પણ ઉભો છે. કચ્છનાં બન્ને રણોને કિનારે કચ્છની બહાર જતા અને અંદર આવતા માલ પરની જકાત વસૂલ કરતી જૂની દાણદેરીઓ તેના સમૃધ્ધ વેપારને તાજી કરાવે છે. એજ રીતે સાંતલપુરમાં ફતેહમહમદે સ્થાપેલું થાણું પણ કચ્છની ઉત્તર ગુજરાત પરની પકડની શરુઆત તથા અંગ્રેજોની કચ્છમાંની દરમ્યાનગીરીની ભૂમિકાના સર્જક બળ તરીકે ઉભું છે. રાયધણયુગની લગભગ તમામ મહત્વની પ્રવૃત્તિઓની સાક્ષીરુપ એવું ફતેહમહમદનું પોતાનું મકાન "જમાદાર – જો – ખોરડો" આજે પણ ભુજના પાટવાડી દરવાજે છે.

કિલ્લાઓ :-

કચ્છમાં પુષ્કળ કિલ્લાઓ છે. ગામડાઓને પણ ચોર લુટારાથી રક્ષવા કિલ્લાઓ હતા. પન્નીનો કિલ્લો રાયધણના દીવાન અને જાડેજા ભાયાતના સંઘર્ષની કટુ સ્મૃતિ બની ગયો હતો. એજ રીતે રોહાના કિલ્લામાંય બનેલું, સણવાના તૂટેલા કિલ્લા સાથે ફતેહમહમદનું વાગડ અભિયાન સંકળાયેલું છે. ચોવારીનો અખંડ કિલ્લો તેની સમાધાનકારી વૃત્તિ બતાવે છે. કંથકોટની મંગુધાર પરથી કરેલો તોપમારો ફતેહમહમદ માટે છેલ્લો હતો. આજેય તે કિલ્લો હયાત છે. વાગડના ફતેહગઢ અને બાદરગઢ તો ફતેહમહમદની સર્જક પ્રતિભાના પ્રતીક છે. જ્યારે લખપતનો કિલ્લો સિંધનાં આક્રમણોને ખાળીને અણુક્ષણ ઉભો છે. કચ્છીગઢમાં ફતેહ-મહમદે કરેલી નવી વ્યવસ્થાએ કચ્છના વેપારને સુરક્ષિત કર્યો હતો.

ચિત્રો :-

ભુજના આયના મહેલમાં આવેલ હીરા મહેલની બારશાખ તથા દક્ષિણ દિવાલ પર લટકાવેલાં ચિત્રો મહત્વનાં છે. રાયધણ બીજા, ફતેહમહમદ અને ભાઇજીનાં દરબારનાં ચિત્રો એ વખતના પોષાક અને આભુષણોની સુંદર માહિતી આપે છે. આ ચિત્રો મુસ્લિમોની મૂરશૈલી અને કચ્છની કમાંગર શૈલીનું મિશ્રણ રજુ કરે છે. બળદીયાના દરબારગઢ તથા મેકમૂર્ડોના બંગલાનાં ચિત્રો કલાની દૃષ્ટિએ અગત્યનાં છે.

અન્ય અવશેષો :-

બીજાં બાંધકામોમાં રાયધણના જૂલ્મ માંથી પ્રજાને છોડાવતાં દગાનો ભોગ બનેલા ૪૦૦ વીરપુરુષોની સામૂહિક સમાધિનો વાધાસર કોરાસર નામે ઓળખાતો ભુજના ભીડના નાકા બહારનો ઓટો અગત્યનો છે. તેની પાસે ભુજના કિલ્લા "આલમપનાહ" નો "ગામગઢ" નામનો બુરજ પણ રાયધણ અને ફતેહમહમદના ત્રણ દિવસના સંઘર્ષનો સાક્ષી છે. શ્રીમતી પોસ્ટન્સે રાયધણની નાનકડી છતરડીનો ઉલ્લેખ કર્યો છે. આ છત્રી રાયધણની રાણીઓએ બનાવેલી. સુંદરજી શિવજીએ બંધાવેલાં અનેક મંદિરો-મકાનો, માંડવીના મોઢ લોકોનું ગોત્રજ, સરહદ પર આવેલ રાવકાનોજીકા ડેરા, મોતીતળાવ, રહાત્રાના તળાવ વગેરે અવશેષોનું પણ આ યુગ માટે મહત્વ છે.

અન્ય અવશેષોમાં કેટલીક વસ્તુઓ પણ મહત્વની છે. ફતેહમહમદનો ભાલો અને તેના મકાનના થાંભલા પરનો ધા, ફતેહમહમદનો વિશ્વાસ-ઘાત અને ધમડકાના ગજાજીનાં ખુન્નસનાં પ્રતીક છે. એથી ઉલટું આશાપુરા માતાના મંદિરમાં પડેલી હાથીની શિરાવટીવાળી વિશાળ આરતી ફતેહમહમદની ધાર્મિક સહિષ્ણુતાની યાદ આપે છે. ભુજના આશાપુરા મંદિરમાં રહેલી બે મૂર્તિઓ પણ રાયધણની ધર્માંધતાનો લાંબો ઇતિહાસ જણાવે છે.

દસ્તાવેજ:-

રાયધણ યુગના દસ્તાવેજી આધારો સારા પ્રમાણમાં મળે છે.

કારણ કે તેનો સમય અંગ્રેજોના રાજકીય રીતે ભારત પ્રવેશનો છે. તેથી રાયધણ અને તેના દીવાનોને અંગ્રેજ પ્રતિનિધિઓના સંપર્કમાં આવવું પડયું. પરિણામે અંગ્રેજોએ લખેલા પુષ્કળ પત્રો દસ્તાવેજી આધાર તરીકે પ્રાપ્ત થાય છે. આ સામગ્રીના બે વિશાળ વિભાગ પાડી શકાય.

૧. અપ્રગટ :-

જે પત્ર વ્યવહારો હજુ સુધી પ્રકાશિત નથી થયા અને મુખ્યત્વે તેની ક્યાંય ચર્ચા નથી થઇ તેવા પત્રોનો આમાં સમાવેશ કરી શકાય. આવા પત્રો મુખ્યત્વે રાષ્ટ્રીય આભિલેખાગાર દિલ્હી અને મુંબઇ આભિલેખાગારમાં સંગ્રહાયેલા છે.

અ- રાષ્ટ્રીય આભિલેખાગાર-નવી દિલ્હી :- રાષ્ટ્રીય આભિલેખાગાર નવી દિલ્હીના પોલીટીકલ ડીપાર્ટમેન્ટની ઇ.સ. ૧૭૭૮ થી ૧૮૧૩ ની ઇન્ડેક્ષમાં કચ્છને સંબંધિત ઘણા પત્રો બતાવાયા છે. આ પત્રો રાયધણકાલીન અને કચ્છ સંબંધિત છે. પરંતુ તેમાંના બધાય રાયધણકાલીન ઇતિહાસ માટે ઉપયોગી નથી. કારણ કે નવી દિલ્હીમાં સંગ્રહાયેલા આ પત્રોમાં મોટા ભાગના ફોર્વોર્ડીંગ લેટર્સ છે. વળી દરેકમાં મુખ્યપત્રોને સામેલ કરવામાં આવેલ નથી. મુખ્ય પત્ર-વ્યવહાર મુંબઇના ગવર્નર સાથે કરવામાં આવેલો હોઇ સ્વાભાવિક છે કે તે દરેકની એક એક નકલ ફોર્ટ વિલિયમ ખાતેની અંગ્રેજોની કેન્દ્ર સરકારને મળે. રાષ્ટ્રીય આભિલેખાગારમાં મુખ્યત્વે આવા પ્રકારના પત્રો છે.

ઇ.સ. ૧૮૦૧ પછી પ્રાપ્ત થતા પત્રો કાંઇક અગત્યના બને છે. કારણ કે ૧૮૦૧ પછી કચ્છ સાથે કાંઇક અંશે અધિકૃત કહી શકાય તેવો સંબંધ સ્થાપવામાં આવે છે. આ પત્રોમાં મુખ્યત્વે એ વખતના બંગાળના ગવર્નર જનરલ લોર્ડ મીન્ટો, અંગ્રેજોની ભારત ખાતેની કેન્દ્ર સરકારના મુખ્ય સચિવો શ્રી. જોહન લુમ્સડેન, શ્રી. એડમસ્ટન, શ્રી. જ્યોર્જ ડાઉડસ્વેલ વગેરેનો રાયધણ, તેના પ્રતિનિધિ સુંદરજી શિવજી, મુંબઇ

પ્રેસીડેન્સીના ગવર્નર શ્રી. જોનાથન ડંકન, ગવર્નરના બે કાઉન્સીલરો અને મુંબઇ સરકારના મુખ્ય સચિવ શ્રી. વોરડનની સાથેના પત્રસમુચ્ચય નો સમાવેશ થાય છે. ટૂંકમાં ઇ. સ. ૧૮૦૧ થી ૧૮૧૩ સુધીના પત્રો ઘણાજ અગત્યના જણાય છે. ઉપરોક્ત પત્રોની ખામી એ છે કે તે ફક્ત રાજકીય બાબતોની જ માહિતી આપે છે.

બ- <u>મુંબઇ આભિલેખાગાર</u> :- રાયધણજીનો સમય અંગ્રેજોના કચ્છ સંપર્કનો યુગ હોવા છતાંય આ સમય માટેનું વિપુલ અપ્રગટ દસ્તાવેજી સાહિત્ય આપણને મળે છે. આ વખતે કચ્છ અને અંગ્રેજો વચ્ચે થયેલ પત્ર-વ્યવહારને મુંબઇ આભિલેખાગારના પોલિટિકલ, સિક્રેટ અને ફોરેઇન વિભાગમાં જાળવી રાખવામાં આવેલ છે. રાયધણજીનો ઇતિહાસ જાણવા અને સંશોધન કરવા માટે આ પત્રો અત્યંત મૂલ્યવાન છે.

ઇ. સ. ૧૮૦૨ માં કેપ્ટન ડેવિડ સેટન કચ્છની ધરતીપર પગ મૂકે છે તે પછી અંગ્રેજોનું કચ્છ આગમન શરૂ થઇ જાય છે. કચ્છ વિશે પુષ્કળ પ્રમાણમાં માહિતી એકત્ર કરીને મુંબઇ મોકલવામાં આવે છે. કચ્છ વિશે આવા પ્રકારના માહિતીપૂર્ણ અહેવાલો મોકલનારાઓમાં કેપ્ટન ડેવિડ સેટન, મેજર સેમ્યુઅલ વિલસન, કેપ્ટન ડબલ્યુ મેકસફીલ્ડ, ડબલ્યુ પી. મોની, કર્નલ એલેક્ઝાન્ડર વોકર, આઇ. આર. કર્નાક અને કેપ્ટન મેકમુર્ડો જેવા અંગ્રેજો મુખ્ય હતા. સાથે સાથે તેમના સિક્રેટ એજન્ટ તરીકે મુનશી મહેબુબખાન, મહેબુબરાય, મૌલવી મહમદઅલી અને રાયધણના ગુપ્ત એજન્ટ મુહમદઅલી જેવા હિન્દી મુસ્લિમો પણ અગત્યના છે. આ ઉપરાંત મુંબઇના એ વખતના ગવર્નરો જોનાથન ડંકન તથા આર. એલ. ગુડવીલ, મુંબઇ પ્રેસીડેન્સીના મુખ્ય સચિવ ફ્રાન્સીસ અને વડોદરાના રેસીડેન્ટ કેપ્ટન જેમ્સ રીવેલ કર્નાક સાથેના પત્રો પણ સમાવિષ્ટ છે.

આ પત્ર સમુચ્ચયમાં આપણને છેક ઇ. સ. ૧૮૦૧ થી રાયધણના મૃત્યુ સુધીના પુષ્કળ પત્રો મળે છે. આ ઉપરાંત કેટલીક મીનીટસ પણ પ્રાપ્ત થાય છે, જેમાં ગવર્નર આર. એલ. ગુડવીલની અગત્યની છે. એજરીતે ગવર્નર ઇન કાઉન્સીલની કેટલીક કાર્યવાહીઓ નોંધપાત્ર છે. રાયધણનું

સાચું સ્વરુપ વ્યક્ત કરતી તેના ગુપ્ત પ્રતિનિધિ મુહમદઅલીની માહિતી ગવર્નરે કાઉન્સીલ સમક્ષ કરેલ નિવેદન માંથી મળે છે.

આવુંજ અગત્યનું એ વખતના કચ્છના વિખ્યાત ચાંચિયા નકવા કાસુનું કરારનામું કે કબુલાતનામું છે. આ જવાબી કાર્યવાહીનું વાચન કરતા રાયધણયુગની સામાજિક તથા આર્થિક સ્થિતિ વિશે ઘણીજ અગત્યની માહિતી મળે છે. એજ રીતે ફતેહ મહમદના મરણની તારીખ નક્કી કરવા માટે મોરબીના ઠાકોર હેવાજી પર તેમના ભાઇ જેહાજીએ લખેલો પત્ર તથા સુંદરજીએ તા. ૧૩–૧૦–૧૮૧૩ ના રોજ કેપ્ટન મેકમુર્ડોને લખેલો પત્ર ઘણોજ અગત્યનો પૂરવાર થયો છે.

આ પત્ર વ્યવહારોમાં મુંબઇના ગવર્નરશ્રી જોનાથન ડંકને બંગાળના ગવર્નર જનરલ લોર્ડ વેલેસ્લી પર લખેલ પત્ર, માંડવીના હંસરાજના અંગ્રેજ પ્રતિનિધિઓ સાથેના પત્રો, સુંદરજી શિવજીના મુંબઇના ગવર્નર સાથેના પત્રો, કેપ્ટન ડેવિડસેટનના ગવર્નર ઇન કાઉન્સીલના બે સભ્યો શ્રી. આઇ. એચ. ચેરી અને હોમ્સલેક મેરે સાથેના પત્રો તથા રાયધણનો ગવર્નર ડંકન સાથેનો સીધો પત્રવ્યવહાર પણ મહત્વની માહિતી પૂરી પાડે છે.

તદુપરાંત સુંદરજીનો તા. ૧૪–૯–૧૮૦૨ નો કચ્છ પરનો અહેવાલ, તા. ૨૫–૧૦–૧૮૦૨ ના રોજ તૈયાર કરવામાં આવેલો કચ્છમાં મોકલવા માં આવનાર લશ્કરી મદદના ખર્ચનો અંદાજ, તા. ૨૮–૧૨–૧૮૦૨ નો મુંબઇની ગવર્નર ઇન કાઉન્સીલનો ઠરાવ, ફેબ્રુઆરી ૧૮૦૩ માં તૈયાર થયેલો કચ્છના પ્રતિનિધિ મંડળના ખર્ચનો હિસાબ, એપ્રિલ ૧૮૦૩ નો મુનશી મહેબુબખાનનો અહેવાલ, આવોજ તા. ૨–૧૨–૧૮૦૩ નો મહેબુબરાય નામના અન્ય મુસ્લિમ એજન્ટનો અહેવાલ, કેપ્ટન સેટને તા. ૧૩–૪–૧૮૦૪ ના રોજ તૈયાર કરેલો કચ્છની આવકનો અહેવાલ, એ પછી બાર દિવસે મોકલાવેલો કચ્છની પરિસ્થિતિને લગતો અહેવાલ, ઇ. સ. ૧૮૦૪ અને ૧૮૦૫ માં કચ્છ માંથી થયેલી નિકાશ અને આયાતને લગતો કેપ્ટન સેટનનો અહેવાલ, તા. ૩૦–૧૨–૧૮૦૬ ના રોજ ગવર્નર જોનાથન ડંકને ગવર્નર ઇન કાઉન્સીલ સમક્ષ પેશ કરેલો અહેવાલ, ઇ. સ. ૧૮૦૬–૧૮૦૭ માં

સુંદરજી સાથેના પત્ર વ્યવહારથી કર્નલ વોકરે સંકલિત કરેલો અહેવાલ અને તા. ૭-૭-૧૮૧૩ ના રોજ લખાયેલો તા. ૩-૭-૧૮૧૩ ના રોજની ફતેહમુહમદની અને કચ્છની લશ્કરી સ્થિતિનો અહેવાલ... વગેરે કચ્છની રાયધણકાળની સામાજિક, આર્થિક, રાજકીય અને લશ્કરી પરિસ્થિતિને સમજવા માટે ઘણાજ અગત્યના છે.

ક- અન્ય સ્થળોએથી પ્રાપ્ત થતા અપ્રગટ દસ્તાવેજો :- મુંબઇ અને દિલ્હીના આભિલેખાગારો ઉપરાંત હૈદ્રાબાદ આભિલેખાગાર-આંધ્ર પ્રદેશના દસ્તાવેજો પણ રાયધણકાલીન ઇતિહાસ જાણવા માટે ઉપયોગી છે. તેમાં ટીપુ સુલતાને મુન્દ્રા અને માંડવીમાં સ્થાપેલી વેપારી કોઠીઓની માહિતી પુષ્કળ છે. આ ઉપરાંત શ્રી. શંભુપ્રસાદ દેશાઇ પાસેનો એક પત્ર આ વખતની ધાર્મિક સ્થિતિ પર પ્રકાશ પાડે છે.

૨. પ્રગટ :-

કેટલીક પ્રકાશિત થયેલી દસ્તાવેજી સામગ્રી પણ મહત્વની છે. ગેઝેટિયર્સના ગુજરાત પ્રદેશ પરના ગ્રંથમાં મુંબઇના ગવર્નરો એલ્ફીસ્ટન્ટ અને જહોન માલ્કમની મીનીટસ આપવામાં આવી છે. તેમાં રાયધણ યુગની ટૂંકિ પણ મહત્વની માહિતી છે. એજ રીતે હૈદ્રાબાદ આભિલેખાગારના એક પ્રસિધ્ધ થયેલા અહેવાલ પરથી આપણને ટીપુ સુલતાનની માંડવી અને મુન્દ્રાની વેપારી કોઠીઓની માહિતી મળે છે. વળી હંસરાજની વાઘેરો સાથેની વિ. સં. ૧૮૬૪ ના પોષ સુદ ૪ ને શુક્રવારની સંધિ પરથી અંગ્રેજોએ કચ્છના અખાતમાં કેવી અંકુશ અને પ્રતિઅંકુશની નીતિ અખત્યાર કરી હતી તેની જાણ થાય છે.

ફતેહમહમદે વિ. સં. ૧૮૫૮ ના શ્રાવણ વદ ૮ ના ભાઇજીની વિધવાઓ પર લખેલ પત્ર પરથી તેની દેશદાઝ, ધર્મસહિષ્ણુતા અને નિખાલસતાનાં દર્શન થાય છે. કર્નલ એલેક્ઝાન્ડર વોકરના પ્રસિધ્ધ થયેલા અહેવાલોથી જાણવા મળે છે કે, મલ્હારરાવ ગાયકવાડનો ભાઇ હનુમંતરાવ પોતાના કુટુંબ સાથે કચ્છના રાયપરમાં રહેતો હતો. આ

અહેવાલો એ વખતની લુટારાઓની સ્થિતિનો આંખે દેખ્યો અહેવાલ આપે છે. જગદીશ મહેતા નામનો એક દેશી એજન્ટ કચ્છની પ્રવૃત્તિઓમાં કેવો રસ લે છે તથા તેની અને ફતેહમહમદની વચ્ચે કેવા પત્ર વ્યહવારો થાય છે તે પણ આ અહેવાલો પરથી જાણવા મળે છે. આ ઉપરાંત મોરબી જેવું ભાયાત રાજ્ય ફતેહમહમદની કેદ માંથી રાયધણને મુક્ત કરવાની ઇચ્છા રાખતું હતું તેની વિગત, એ વખતની કચ્છની લશ્કરી સ્થિતિની બાબતો, કચ્છના નકશાઓ, ફતેહમહમદની જામનગરની સવારી, વગેરે વિગતો મળે છે.

રાયધણ સંબંધિત અગત્યની સંધિઓને તથા દરખાસ્તોને પ્રસિધ્ધ કરવામાં આવી છે. ઇ.સ. ૧૮૦૨ ના પ્રસ્તાવો તથા ૧૮૦૯ ની સંધિઓને અચિન્સને પોતાના સંધિ ગ્રંથોમાં પ્રસિધ્ધ કરી છે. ફતેહમહમદે રાયમા બજારના નરસિંહ કોઠારી પર લખેલો પત્ર તેની ન્યાયપ્રિયતા અને રાજ્યની શાંતિ તથા સલામતીની નીતિનો પ્રતિનિધિ છે. દૂધપીતીના રિવાજને લગતાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલાં પુસ્તકો જેવાંકે, હિન્દુ ઇન્ફેન્ટીસાઇડ, ઇન્ફેન્ટીસાઇડ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા વગેરેમાં પ્રગટ થયેલા પત્રો નોંધપાત્ર છે.

સાહિત્યિક :-

રાયધણનો સમય કચ્છના ઇતિહાસમાં મધ્ય યુગ અને અર્વાચીન યુગના સંક્રાંતિકાળનો છે. તેથી આ યુગનો ઇતિહાસ જાણવા માટે સારા પ્રમાણમાં સાહિત્યિક સામગ્રી મળે છે. કચ્છી ભાષા બોલીના સ્વરુપની હોવાથી રાયધણ યુગમાં કોઇ પુસ્તક કચ્છીમાં લખાયું નહોતું. વ્રજભાષાની કેટલીક હસ્તલિખિત કૃતિઓમાં સાહિત્ય પ્રકારની અતિશયતા હોવાને કારણે ઇતિહાસ લેખનમાં ઉપયોગી પૂરવાર થતી નથી આમ ભાષાની દૃષ્ટિએ ફક્ત અંગ્રેજી અને ગુજરાતી કૃતિઓ રાયધણ યુગ માટે અગત્ય ધરાવે છે.

પ્રગટ :-

આ સાહિત્યિક સામગ્રીમાં મોટા ભાગની લિખિત અને પ્રસિધ્ધ

થયેલી છે. આમાની કોઇ રાયધણજીના યુગમાં પ્રસિધ્ધ થયેલી નથી. પરંતુ તેમના મૃત્યુ પછી ફક્ત સાત વર્ષમાં એટલે કે ઇ. સ. ૧૮૨૦ માં હેમીલ્ટન્સ હિન્દુસ્થાન નામની પ્રથમ કૃતિ પ્રસિધ્ધ થાય છે. એટલે આવી કૃતિઓને લગભગ સમકાલીન ગણી શકાય. રાયધણ યુગમાં કચ્છ માં કોઇપણ ભાષાનું છાપખાનું હતુંજ નહિ તેથી આવી કોઇપણ કૃતિ કચ્છ માંથી પ્રગટ થઇ નથી.

અ- ખાનગી ભારતીય કૃતિઓ :-

પ્રગટ સાહિત્યિક કૃતિઓને ખાનગી અને સરકારી એવા બે ભાગમાં વહેંચી શકાય. ખાનગી કૃતિઓમાં કચ્છના લેખકની તથા અન્ય લેખકોની કૃતિઓનો સમાવેશ થાય છે. કચ્છી કૃતિઓનું લખાણ રાજ ભક્તિને કારણે એકપક્ષીય રહ્યું છે. તેથી તેમની કૃતિઓને આપણે ધ્વિતિય કક્ષાનું સાધન ગણવી પડે. આવી કૃતિઓમાં શ્રી. આત્મારામ કા. ધ્વિવેદીનું આજથી સો વર્ષ પહેલાં એટલે કે ૧ લી એપ્રિલ ૧૮૭૬ ના રોજ પ્રગટ થયેલું "કચ્છ દેશનો ઇતિહાસ" અગત્યનું છે. તે વિગતપૂર્ણ હોવા છતાં રાજ ભક્તિથી ભરપુર છે. કારણ કે લેખકને મહારાવે આર્થિક મદદ કરેલી. અંજારના શ્રી. નયગાંધીનું "કચ્છનો બૃહદ ઇતિહાસ" શ્રી. ધ્વિવેદીના પુનરાવર્તન જેવો છે. પરંતુ "કચ્છનું અર્થ શાસ્ત્ર" આર્થિક સ્થિતિની પોતાના સમયની અને એ પહેલાંના સમયની સુંદર માહિતી આપે છે. એવુંજ શ્રી. સંપટનું "કચ્છનું વેપારતંત્ર" છે. કચ્છના ઇતિહાસને સામાન્ય જનતામાં રમતો કરનાર કચ્છના મેધાણી શ્રી. દુલેરાય કારાણીનું"કચ્છ કલાધર"અને અન્ય તમામ કૃતિઓમાં ઇતિહાસ તરફની વફાદારી ઓછી છે છતાંય તેમાં રહેલા "કાચા માલ" માંથી કોઇપણ સંશોધક મજબૂત ઇમારત ચણી શકે. તેમનું "કચ્છના સંતો અને કવિઓ" રાયધણ યુગના એક માત્ર કવિ હમીરજી જાડેજા પર સુંદર પ્રકાશ ફેંકે છે.

આ ઉપરાંત "સ્વદેશ" નો વિ. સં. ૧૯૮૦ નો દીપોત્સવી અંક પણ ઇતિહાસ ગ્રંથ જેવોજ છે. તેમાં રજૂ થયેલા કેટલાક લેખો અનુવાદ

હોવા છતાંય કચ્છની પ્રજા સુધી કચ્છના પ્રથમ કક્ષાના સાધનને પહોંચાડવાની અગત્યની કામગીરી બજાવે છે. શ્રી. રામસિંહજી રાઠોડનું "કચ્છનું સંસ્કૃતિ દર્શન" દંતકથાઓનું સાંસ્કૃતિક રીતે સુંદર સંકલન પુરું પાડે છે. શ્રી. રસિકલાલ જોશીનું "કચ્છની પ્રજા જાગૃતિના ઇતિહાસનાં પાનાં" ઇ. સ. ૧૭૮૪ થી કચ્છમાં થયેલી કેટલીક ક્રાંતિઓનો આધુનિક સંદર્ભમાં ઇતિહાસ આપે છે. કચ્છની પ્રાચીન અને અર્વાચીન ભૂગોળ જાણવા માટે શ્રી. બાંભડાઇનું "કચ્છ બૃહદ ભૂગોળ" નોંધપાત્ર ગણાય. આ ઉપરાંત બીજાં પણ અગત્યનાં ઘણાં પુસ્તકો આ મહાનિબંધના પરિશિષ્ટમાં આપેલ છે.

કચ્છેત્તર ખાનગી કૃતિઓમાં મુખ્યત્વે અંગ્રેજી અને ગુજરાતી ભાષાની જ કૃતિઓ આવે છે. તેમાં દીવાન રણછોડજીની "તવારીખે સોરઠ"જેવી એક રચના અપવાદરુપ છે. આ બધી કૃતિઓની વિશેષતા એ છે કે, તેના તમામ લેખકો બિનકચ્છી છે તેથી રાજભક્તિને કારણે ક્યાંય અતિશયોક્તિ થવાનો સંભવ નથી. વળી આ રચનાઓ સમગ્ર કચ્છના ઇતિહાસ ઉપર નથી લખાઇ તેથી કચ્છના બીજા પ્રદેશો સાથેના સંબંધોને બિનકચ્છી દૃષ્ટિકોણથી જાણી શકાય છે. "ભાવનગર ઇન્સ્ક્રીપસન્સ" માંથી સર્વ પ્રથમ રાધનપુરના એક દરવાજાના લેખમાં મહમદપન્નાહનું નામ જોવા મળે છે. અંગ્રેજી અને ગુજરાતી બન્ને ભાષામાં લખાયેલા ગોંડળના ઇતિહાસ માંથી કચ્છ અને ફતેહમહમદના ગોંડળ સાથેના સંબંધોનો ખ્યાલ આવે છે. "ભરતખંડના રાજ્યકર્તા", "હિન્દરાજસ્થાન" અને "ભારત રાજ્યમંડળ" નામના ત્રણ ગુજરાતી પુસ્તકો તથા "દેશીરાજ્ય" નામના હિન્દી ગ્રંથમાં કચ્છનો પણ ટૂંકો ઇતિહાસ ભારતનાં બીજાં રાજ્યો સાથે આપેલો છે. તેમાં રાયધણજી વિશે ચિલાચાલુ હકીકતો રજુ કરવામાં આવી છે.

ભગવાનલાલ સંપતરામનો "સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ", દીવાન રણછોડજીની "સોરઠી તવારીખ", શ્રી. શંભુપ્રસાદ દેશાઇનો "સૌરાષ્ટ્રનો ઇતિહાસ" તથા જામનગરના વૃતાંતોમાં ફતેહમહમદે હાલાર પર જે સવારીઓ કરી તેના અહેવાલો છે. તેમાં દીવાન રણછોડજી તો જામનગર

realpatidar.com

પક્ષના એક લશ્કરના સેનાપતિ હતા. આ ઉપરાંત આ પુસ્તકો કેસરબાઇનાં જુનાગઢના નવાબ સાથે થયેલાં લગ્નોનો પણ સુંદર અહેવાલ આપે છે. શ્રી. દેશાઇએ જાડેજાઓની ઇજિપ્તથી ભારત સુધીની આનુવંશિક સાંકળ જોડવાનો એક નવતર પ્રયત્ન કર્યો છે. તેમણે કેટલાક મધ્ય એશિયાઇ શાસકોના નામોમાં યાદવવંશ નિહાળ્યો છે. શ્રી. હીરાલાલ પારેખનું "અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન" માં કચ્છના ઇ. સ. ૧૮૧૩ ના દુષ્કાળ તથા સુંદરજીની દાનશીલતા પર સારો પ્રકાશ પાડવામાં આવ્યો છે.

મોહીબુલ હસનખાનના "હિસ્ટ્રી ઓફ ટીપુ સુલતાન" માં કચ્છ અને મેસૂરના સંબંધોની માહિતી છે. "ઓખા મંડળના વાધેરો" કચ્છના ચાંચિયાઓ તથા કચ્છીગઢનો અહેવાલ આપે છે. "તારીખે ઇસ્લામ" તથા "પાલનપુરનો ઇતિહાસ" માં સામાજિક જીવનનો અણસાર મળે છે. ધાર્મિક દૃષ્ટિએ ડો. ના. કે. ભટ્ટીનું "નારાયણ સરોવર" અને "ફ. મો. ઝવેરી લેખ સંગ્રહ" તથા "પૌરાણિક કથાકોષ" અનુક્રમે વૈષ્ણવ સંપ્રદાય, સ્વામી નારાયણ સંપ્રદાય અને પીરાણા પંથની માહિતી આપે છે. "પેરીપ્લસ" માં કચ્છના વહાણવટા, દરિયાઇ વેપાર, વિદ્યા, અક્ષાંશ, રેખાંશ તથા દરિયાઇ માર્ગ પર હંકારાતા જહાજોની દસ્તાવેજી માહિતી છે. આ પુસ્તક માંથી કચ્છના બે માલમોની રાયધણકાલીન ગુજરાતીમાં લખેલી નોંધપોથીઓ અગત્યની પુરવાર થઇ છે.

<u>બ- સરકારી કૃતિઓ :-</u>

સરકાર પાસે ઇતિહાસ લેખનની સામગ્રી મેળવવાની સૌથી વધારે અનુકૂળતા હોય છે. અંગ્રેજોના સંપર્ક પછી કેટલાંક દેશી રાજ્યોએ પણ ઇતિહાસ લખાવ્યા છે. તેનું આ પ્રમાણે વર્ગીકરણ કરાય :-

૧. <u>દિલ્હીની કેન્દ્ર સરકારની કૃતિઓ</u> :- બ્રિટિશ સરકારે તૈયાર કરેલ ઇમ્પિરિયલ ગેઝેટિયર્સનું મુંબઇ પ્રેસીડેન્સીને લગતું બીજું વોલ્યુમ ગુજરાતનાં રાજ્યોની માહિતી માટે અગત્યનું છે. તેમાંની

કચ્છના રાયધણયુગ દરમ્યાનની ગુલામોના વેપારને લગતી અને કચ્છમાં પડેલા દુષ્કાળોને લગતી કેટલીક માહિતી મહત્વની છે. આ ઉપરાંત કચ્છ અને વાગડના સબંધો પર પણ આ ગેઝેટિયર સુંદર પ્રકાશ પાડે છે. એચિન્સનનું સંધિઓને લગતું ચોથું વોલ્યુમ રાયધણયુગમાં કચ્છ સાથે થયેલી તમામ સંધિઓ અને દરખાસ્તોને તેના મૂળ સ્વરુપમાં રજૂ કરે છે. સ્વતંત્ર ભારતની સરકારે પણ ગેઝેટિયર્સ બહાર પાડયું છે. તેના પ્રથમ ગ્રંથમાં કચ્છના ભુપૃષ્ઠને લગતી માહિતી આપવામાં આવી છે.

૨. મુંબઇ સરકાર :- મુંબઇ પ્રેસીડેન્સીની અંગ્રેજોની સરકારે કચ્છ વિષયક ગ્રંથ સિલેકશન નાં. ૧૫ ઇ. સ. ૧૮૫૫ માં બહાર પાડયો. તેમાં લેફટનંટ એસ. એન. રેક્સ તથા કેપ્ટન ચાર્લ્સ વોલ્ટરની કલમે લખાયેલ અલગ અલગ કચ્છના ઇતિહાસો આપવામાં આવ્યા છે. આ ઉપરાંત આર્થર માલેટનો ગામડાં અને નગરો તથા કચ્છની આવકને લગતો અહેવાલ અગત્યનો છે. ઓગીલ્વીનો "કચ્છ સંબંધિત પરચુરણ માહિતી", જેમ્સ બર્ન્સનો "ભુજની વૈદકીય અને જાહેર આરોગ્યની સ્થિતિ", લેફટનંટ કર્નલ જે. હોલેન્ડનો "કચ્છના માર્ગો" અને આર. હ્યૂઝ થોમસ સંકલિત "ઇ. સ. ૧૮૦૯ થી ૧૮૫૧ દરમ્યાન ઇસ્ટઇન્ડિયા કંપનીએ કચ્છમાં કરેલ કરારો" વગેરે અહેવાલોને સામેલ કરવામાં આવ્યા છે.

ત્યારબાદ મુંબઇ સરકારે સિલેકશન નં. -૧૪ ભાગ બીજો પ્રસિધ્ધ કર્યો. જેમાં કર્નલ એલેકઝાન્ડર વોકરે કાઠિયાવાડના પ્રદેશ માંથી દૂધ-પીતીના રિવાજને નાબૂદ કરવા માટે ભરેલ પગલાંનો એક મોટા પુસ્તકરુપે જિક્ર કર્યો છે. તેમાં આવતા પત્રો રાયધણકાલીન સામાજિક અને આર્થિક સ્થિતિને જાણવા માટે અત્યંત ઉપયોગી છે. ઇ. સ. ૧૮૫૬ માં પ્રસિધ્ધ થયેલ સિલેકશન નં. -૧૭ માં કેપ્ટન ગ્રાન્ડ જેકોબનો કાઠિયાવાડ ને લગતો અહેવાલ તથા કેપ્ટન જે. ટી. બાર નું વૃત્તાંત કચ્છની જાતિ-વિષયક માહિતી માટે અગત્યનું છે. વળી ડી. એ. બ્લેનનો મચ્છુ કાંઠાને લગતો અહેવાલ પણ કચ્છ અને મોરબી વચ્ચેના સંબંધો બાબતમાં કેટલીક માહિતી આપે છે.

આ પછી મુંબઇ સરકારે કચ્છના ઇતિહાસના ક્ષેત્રે મહત્વનું પુસ્તક "ગેઝેટિયર્સ ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી વોલ્યુમ પાંચમું" ઇ. સ. ૧૮૮૦ માં પ્રસિધ્ધ કર્યું, જેમાં પાલનપુર અને મહીકાંઠા એજન્સીના ઇતિહાસ સાથે કચ્છનો ઇતિહાસ આપ્યો છે. તેનો સમગ્ર અહેવાલ જેમ્સ કેમ્પબેલે તૈયાર કર્યો છે. આધારભૂતતાની દૃષ્ટિએ આ એક અગત્યનો ગ્રંથ ગણાય. ઇ. સ. ૧૮૮૬ માં "કાઠિયાવાડ સર્વસંગ્રહ" પણ કેટલીક માહિતી આપે છે. ઇ. સ. ૧૮૯૬ ના બોમ્બે ગેઝેટિયર્સના બીજા ગ્રંથમાં પણ કચ્છનો ઇતિહાસ આપવામાં આવ્યો છે.

<u>૩. ગુજરાત સરકાર :-</u> ગુજરાત સરકારે કચ્છ જિલ્લાનું ગેઝેટિયર બહાર પાડયું છે તેમાં રાજકીય ઇતિહાસમાં કોઇ નવી બાબત ઉમેરાઇ નથી પરંતુ વહીવટી બાબતો વિશે તે પુષ્કળ નવી માહિતી પૂરી પાડે છે. રાજકોટ અને જામનગર જિલ્લાના ગ્રંથો કચ્છ અને ફતેહમહમદની સૌરાષ્ટ્ર પરની સવારીઓને સમજવા માટે અગત્યનાં પૂરવાર થયાં છે.

<u>૪. કચ્છ દરબાર :-</u> ઇ. સ. ૧૯૨૬ માં કચ્છ દરબારે પ્રસિધ્ધ કરેલ જયકૃષ્ણ ઇન્દ્રજી ઠાકરના "કચ્છ સ્વસ્થાનની વનસ્પતિઓ અને તેની ઉપયોગિતા" માં કચ્છનો ટૂંક ઇતિહાસ પણ આપવામાં આવ્યો છે. જેમાં કોઇ નવી વાત નથી. ૧૯૫૮ માં પ્રિવીપર્સ કાર્યાલયે પ્રસિધ્ધ કરેલો શ્રી. એલ. એફ. રશબ્રુક વિલિયમ્સનો "કારા ડુંગર કચ્છ જા" પણ રાજભક્તિથી ભરપૂર છતાંય વિગતપૂર્ણ ગ્રંથ છે.

<u>૫. અન્ય સરકારોની કૃતિઓ :-</u> આ વિભાગમાં શ્રી. જે. એચ. જેન્સેએ સંપાદિત કરેલ "ધી ગાયકવાડ ઓફ બરોડા ઇંગ્લીશ ડોક્યુમેન્ટ" નું ત્રીજું વોલ્યુમ કચ્છ અને વડોદરાના રાયધણ યુગના સંબંધો પર દસ્તાવેજી આધારપર પ્રકાશ ફેંકે છે. આમ આધારભૂતતાની દૃષ્ટિએ આ પુસ્તક ઘણુંજ અગત્યનું ગણી શકાય. આવુંજ બીજું પુસ્તક ઇ. સ. ૧૯૨૨ માં પ્રસિધ્ધ થયેલ "સિલેકશન ફ્રોમ ધી હિસ્ટોરીકલ રેકોર્ડઝ ઓફ ધી હેરેડિટરી મિનીસ્ટર ઓફ બરોડા" છે. સોરઠ સરકારનું ઇ. સ. ૧૮૮૪માં

પ્રસિધ્ધ થયેલું "સ્ટેટીસ્ટીકલ એકાઉન્ટ ઓફ જુનાગઢ" માં કેસરબાઇના લગ્ન વિષે આધારભૂત માહિતી છે. બીજા "ધી બાબી રૂલર્સ ઓફ સોરઠ" માં પણ કચ્છનો અણસાર છે. "સંસ્થાન રાજકોટની ડીરેક્ટરી" ના પ્રથમ ભાગમાં સરધાર અને કચ્છના સંબંધોની વિગતો મળે છે. માહિતીની દ્રષ્ટિએ આ ગ્રંથ સમૃધ્ધ છે. આ ઉપરાંત પાલનપુરના યુવરાજ લેફટનંટ તાલેમહમદખાન લિખિત "પાલનપુરનો ઇતિહાસ" કચ્છ અને ઉત્તર ગુજરાતમાં આરબોએ કેવા પ્રકારનું વર્ચસ્વ જમાવ્યું હતું તેનો ખ્યાલ આપે છે.

<u>ક- ખાનગી વિદેશી કૃતિઓ:-</u>

વિદેશી લેખકો પાસેથી સામાન્ય રીતે તટસ્થતાની અપેક્ષા વધારે રહે છે. કચ્છને સંબંધિત આવી કૃતિઓમાંની કેટલીક ભારતમાં અને કેટલીક ભારતની બહાર પ્રસિધ્ધ થઇ છે.

<u>૧. ભારતમાં પ્રસિધ્ધ થયેલી કૃતિઓ</u> :- આવી કૃતિઓમાં "વોકરના અહેવાલો" તથા "ધી ટ્રાયલ એન્ડ ડીપોઝીસન ઓફ મલ્હારરાવ ગાયકવાડ ઓફ વરોડા" રાયધણયુગના સમકાલીન બનાવને લગતી હોવાથી મહત્વની છે. ફાર્બસની "રાસમાળા" માં રણછોડજી ઉદયરામે મૂકેલી નોંધો આધારભૂત છે કારણ કે તેઓ ભુજમાં દીવાનપદે રહેલા. ઇ.સ. ૧૯૨૩ માં "ન્યુ મીસમેટીક સપ્લીમેન્ટ"માં રાયધણના સિક્કાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. જ્યારે ૧૯૬૯ ની "પશ્ચિમ ભારતકી યાત્રા" કર્નલ ટોડના મૂળ પુસ્તકના અનુવાદરુપ છે.

<u>૨. ભારત બહાર પ્રસિધ્ધ થયેલી કૃતિઓ</u> :- આ વિભાગમાં રાયધણના મરણ પછી સાત વર્ષે પ્રસિધ્ધ થયેલી "હેમીલ્ટન્સ હિન્દુસ્તાન" નામક રચના બ્રિટિશ સરકારના ગુપ્ત અહેવાલોને આધારે લખાયેલી હોઇ અત્યંત મહત્વની છે. તેમાં કચ્છની આર્થિક લશ્કરી અને વહિવટી સ્થિતિ પર નવી બાબતો રજુ કરાઇ છે. ઇ.સ. ૧૮૨૨ માં પ્રસિધ્ધ થયેલું "ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા" કચ્છની ૧૮૧૪ ની સ્થિતિનું આધારભૂત વૃતાંત છે. ૧૮૨૩ ના "લીટરરી સોસાયટી ઓફ બોમ્બે"

નાં ટ્રાન્ઝેક્સનોમાં મેકમુર્ડોના વાગડ પરના બે સંશોધનપત્રો ઘણાજ અગત્યના છે. મેકમુર્ડો કચ્છ, સિંધ અને ઉત્તર ગુજરાતનો ભોમીયો હતો, તેથી તેનાં વૃતાંત આધારભુત છે. ૧૮૨૪ માં પ્રસિધ્ધ થયેલ વાલેશના "મેમ્વાર ઓફ ઇન્ડિયા" થોટલેશનો સંક્ષેપ છે.

૧૮૩૯ માં પ્રસિધ્ધ થયેલું શ્રીમતી પોસ્ટન્સનું "કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ" કચ્છની સાંસ્કૃતિક બાબતો પર સારો પ્રકાશ પાડે છે. આજ વર્ષે કર્નલ જેમ્સ ટોડનું "ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા" પણ માંડવી તથા ભુજની અગત્યની માહિતી આપે છે. ભુજના પ્રેસીડેન્સી સર્જનનાં "નેરેટીવ ઓફ એ વીઝીટ ટુ ધી કોર્ટ ઓફ સિંડ" અને "એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ" કેટલીય નવી હકીકતો પર પ્રકાશ ફેંકે છે. ૧૮૫૫ માં પ્રસિધ્ધ થયેલ "હિસ્ટ્રી ઓફ ધી સપ્રેશન ઓફ ઇન્ફેન્ટીસાઇડ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા" રાયધણયુગના સામાજિક જિવન માટેની નોંધપાત્ર માહિતી આપે છે. ૧૮૯૩ માં પ્રસિધ્ધ થયેલ શ્રી. જેમ્સ ડગ્લાસનું "બોમ્બે એન્ડ વેસ્ટર્ન ઇન્ડિયા" રાયધણયુગમાં કચ્છીઓના મુંબઇ ગમન ની હકીકત નોંધે છે. જ્યારે જે. અબોટનું ૧૯૨૪ નું સિંધ પરનું પુસ્તક રાયધણયુગીન ગુજરાતનો નકશો આપે છે. જેમાં વિદેશીઓના કચ્છ વિશેના ખ્યાલો જાણવા મળે છે.

આ ઉપરાંત કચ્છ સાથે સંબંધ હોય તેવાં બીજાં કેટલાંક પુસ્તકો વિદેશોમાં પ્રસિધ્ધ થયાં હતાં. "ઇબ્નબતુતા", "હોબસન જોબસન", "તબકાતે નાસીરી", "અલ્બેરૂનીસ ઇન્ડિયા", "લાઇવ્ઝ ઓફ ધી લીન્ડરોસ", "એ થાઉઝંડ માઇલ્સ ઓન એન એલીફંટ" જેવાં પુસ્તકો માંથી કચ્છના ચલણને લગતી માહિતી મળે છે. કચ્છીઓના સિંધ સાથેના વેપારની માહિતી આપણને "ડાય લીવ્ઝ ઓફ યંગ ઇજિપ્ત" આપે છે. તો માંડવીના સમૃધ્ધ વેપારનો ખ્યાલ "ટેઇલર્સ સેઇલીંગ ડીરેક્ટરી" દ્વારા મેળવી શકાય છે. "મેપ ઓફ હિન્દુસ્તાન" માં માધવરાવ પેશવાના હિન્દી નકશાશાસ્ત્રી સદાનંદની માહિતી મળે છે.

ક- અખબારો - સામયિકો:-

ઇતિહાસ લેખન માટે અખબારો અને સામયિકો દ્વિતિય કક્ષાનાં સાધનો ગણી શકાય. સામાન્ય રીતે સામયિકોને સમકાલીન અને અનુકાલીન તથા સંશોધનપત્રો એવા ત્રણ વિભાગોમાં વહેંચી શકીયે.

૧. સમકાલીન :- રાયધણ યુગ પત્રકારિત્વનો પ્રારંભિક યુગ હોવા છતાંય "કલકત્તા ગેઝેટમાં "બોમ્બે કુરીયર" ના સંકલિત સમાચાર કચ્છના ૧૮૧૩ ના દુષ્કાળ તથા સુંદરજીની દાન પ્રવૃત્તિઓનો મહત્વનો ઉલ્લેખ કરે છે. આ બે અખબારો કરતાં બીજાં કોઇ સમકાલીન અખબારે આ યુગની નોંધ લીધી હોય તેમ લાગતું નથી.

૨. અનુકાલીન :- રાયધણ યુગ પછીનાં કેટલાંક અખબારો-સામયિકોમાં રાયધણયુગ સંબંધિત લેખો પ્રકાશિત થતા રહ્યા છે. તેની સંખ્યાનું પ્રમાણ બીજા ઇતિહાસના વિષયો કરતાં ઓછું છે. વળી એથી માહિતી પણ અલ્પ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. આવા અખબારોમાં "સ્વદેશ" અને "યુવક" જેવાં જૂનાં અખબારો-સામયિકો અગત્યનાં છે. તેના દીપોત્સવી અંકો કચ્છ વિષયક માહિતીથી ભરપુર રહેતા. આ ઉપરાંત "કુમાર" અને "પથિક" જેવાં માસિકો, "સમર્પણ" જેવાં પાક્ષિકો, "ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક" ના અંકો, "બાલસંદેશ", "ફૂલછાબ", "જયહિન્દ", "કચ્છમિત્ર", "ગુજરાત સમાચાર" અને "જનસત્તા" ના કેટલાક અહેવાલોમાં પણ રાયધણયુગની માહિતી મળે છે.

ઉપરાંત ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનાં અન્ય સામયિકો પણ કેટલીક વખત કચ્છની રાયધણયુગની પ્રસંગોચિત માહિતી આપે છે. એ બધાંની સૂચિ પણ લાંબી થઇ જાય. આમાંનાં મોટા ભાગનાં સામયિકો વાર્તાઓ અને કાવ્યો આપતાં હોવાથી તેમાંથી ઐતિહાસિક તત્વ ઓછું મળે છે.

૩. સંશોધનપત્રો :- રાયધણયુગ વિશે માહિતી આપતાં આવાં સામયિકોમાં રોયલ એશિયાટીક સોસાયટીની મુંબઇ, કલકત્તા અને

લંડન શાખાનાં વોલ્યૂમો ઘણાંજ અગત્યનાં પૂરવાર થયાં છે. મુંબઇ શાખાના ગ્રંથ-૧૪ ક્રમ ૮ માં સર્વ પ્રથમવાર રાયધણના ગુરુ મહમદ પન્નાહના ગ્રંથાલયની વિસ્તૃત માહિતી મળે છે. એજ રીતે ગ્રેટબ્રિટન એન્ડ આયરલેન્ડના વોલ્યૂમ નં. -૩ માં ફતેહમહંમદ વિશે કેટલીક નવી હકીકતો, કચ્છના ઘોડાઓનો વેપાર અને ડંડી જહાજોની વિગતો છે. મુંબઇ શાખાના ભાગ-૨, વોલ્યૂમ ૧ માં ઝારાના યુધ્ધનો મેકમુર્ડોનો વિસ્તૃત અહેવાલ તથા ક્લોરાઓનો ઇતિહાસ મળે છે. ગ્રંથ નં. -૧૨ માં કચ્છની જકાત, ઘોડાઓનો વેપાર, નાથ સંપ્રદાય, ગ્રંથ નં. -૧૪ માં કચ્છનાં મંદિરો અને ગ્રંથ નં. -૧૭ માં કચ્છના સિક્કાઓનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. લંડન શાખાના ગ્રંથ નં. -૧ માં મેકમુર્ડોનું જીવન, કચ્છની સિંચાઇ, માતૃકા સંપ્રદાય, ગ્રંથ નં. -૩ માં કચ્છના લોકોનો ખોરાક, દાણદેરીયો, મત્સ્ય ઉદ્યોગ અને ગ્રંથ નં. -૫ માં ધિણોધરની માહિતી મળે છે. આ ઉપરાંત કલકત્તા શાખાના વોલ્યૂમ નં. -૧૨ ભાગ પહેલામાં કચ્છના સમાજ જીવન વિશે વિસ્તૃત માહિતી મળે છે.

વળી ઇન્ડિયન એન્ટીક્વરીના ગ્રંથો પણ અગત્યના છે. તેના ગ્રંથ નં. -૨ માં ધિણોધર વિશે તથા કચ્છના સમાજ જિવન વિશે વિગતવાર માહિતી મળે છે. ગ્રંથ નં. -૩ માં કચ્છી બોલી તથા સેરા પ્રદેશનો અહેવાલ છે. ગ્રંથ નં. -૫૬ માં દ્વારકાના ચાંચિયાઓ વિશે રસપ્રદ ઇતિહાસ આપ્યો છે. ઇન્ડિયન હિસ્ટોરીકલ ક્વાટર્લી ગ્રંથ નં. -૧૭ માં રાયધણયુગના કચ્છ અને સિંધના સંબંધો વર્ણવ્યા છે. એજ રીતે મુંબઇની સાહિત્યિક સભાના ગ્રંથોના મેકમુર્ડો લિખિત વૃતાંતો પણ અગત્યનાં છે.

<u>અપ્રગટ સાહિત્ય :-</u>

વૃજ ભાષામાં લખાયેલી કેટલીય હસ્તપ્રતો ભુજની આર. આર. લાલન કોલેજના ગ્રંથાલય તથા ભુજના સરકારી ગ્રંથાલયમાં પડી છે. તેનો વિષય સાહિત્યિક પ્રકારનો વિશેષ હોવાને કારણે તેમાંથી બહુજ ઓછી ઐતિહાસિક સામગ્રી મળે છે. ૧૮૧૬ માં મેકમુર્ડોએ પ્રાપ્ત કરેલી હસ્તપ્રતો તેના મૃત્યુ પછી લુંટાઇ ગઇ. ભુજના ગ્રંથાલયમાં પડેલી બે હસ્તપ્રતો

"બુક્લેટ ઓન કચ્છ" અને "આર્કીયોલૉજીકલ સર્વે ઓફ કચ્છ" પણ કચ્છ વિશે અગત્યની માહિતી આપે છે.

આ ઉપરાંત અપ્રગટ સાહિત્યમાં અલિખિત દંતકથાઓને સમાવી શકાય. આવા સાહિત્યનું મૂલ્ય ઓછામાં ઓછું હોય છે છતાંય તેમાં આવતા પ્રસંગોને કસોટીની સરાણ પર ચઢાવી શકાય છે. મેઘજી શેઠનો ઘણા આંગ્લ વિદ્વાનોએ ઉલ્લેખ નથી કર્યો પરંતુ "પડજાત દેવલ" વાળું લોકગીત તેના ઐતિહાસિક સ્થાનને મૂલવે છે. "ફતેહસાગર" નથી મળતું પણ તેની પંક્તિઓ લોકજીભે મળે છે. જે ફતેહમહમદના જીવનની કેટલીક ખૂટતી કડીઓ સાંધે છે. આ ઉપરાંત લોકોએ "ફતીયા થારી ફોજરો ભય ડંકો ભારી" થી તેના રુદ્રરુપને તથા "પડધરીના પાધર માંથી કાંઇ ભાગ્યા ભવાનભાઇ" દ્વારા તેના હાલાર વિજયને રજુ કર્યો છે. ટૂંકમાં રાયધણયુગના ઇતિહાસના પ્રસંગો માટે આવાં લોકગીતો પણ આગવું મહત્વ ધરાવે છે.

સાધન સામગ્રીનું મૂલ્યાંકન :-

બીજા પ્રદેશોના પ્રમાણમાં કચ્છમાં સાધન સામગ્રીની ખોટ સહેજ વધારે વરતાતી હોય તેમ લાગે છે. કચ્છની ચારે બાજુ પથરાયેલું અફાટ રણ આને માટે જવાબદાર ગણી શકાય. ચોમાસામાં તો તેને ઓળંગવું દુષ્કર હતું. સિકંદરે રણની ભયંકરતા સાંભળીને કચ્છ આવવાનું માંડી વાળ્યું હતું. તે એટલું બધું ભયંકર છે કે શમ્સ-ઇ-શિરાઝ અફીફ તેને વર્ણવા શબ્દો શોધે છે.[૧૩] ફિરોઝ તુગલુક અને મહમદ બેગડાએ પણ રણની ભયંકરતાને અનુભવી હતી.[૧૪] સ્વાભાવિક છે કે આવા પ્રદેશમાં આવવાની કોઇની ઇચ્છા થાય નહિ.

---

૧૩. હિસ્ટ્રી ઓફ ઇન્ડિયા એઝ ટોલ્ડ બાય ઇટસ ઓવન હિસ્ટોરિયન્સ વોલ્યૂમ ત્રીજું. પૃષ્ટ-૩૨૪

૧૪. ફિરોઝ તુગલુક પૃષ્ટ-૮૩ અને હિસ્ટ્રી ઓફ ઇન્ડિયા એઝ ટોલ્ડ બાય ઇટસ ઓવન હિસ્ટોરિયન્સ વોલ્યૂમ પાંચમું. પૃષ્ટ-૪૪૪.

કચ્છના શાસકો બનતાં સુધી વિદેશી આક્રમણખોર સાથે સંધિ કરીને સરહદ પરથીજ તેમને પાછા વાળી દેતા જેથી કોઇ વિજેતાનો વૃત્તાંત લેખક પણ કચ્છ આવતો નહિ. એજ રીતે શાંતિના સમયમાં બહારથી કોઇ વિદ્વાનો કચ્છમાં આવ્યા હોય તેમ લાગતું નથી. લખપતજીએ વ્રજ ભાષાની પાઠશાળા સ્થાપી પણ તેમાં કોઇ ઇતિહાસ લેખન જેવું કાર્ય થયું નહિ. એજ રીતે એમ કહેવાય છે કે, અંગ્રેજો જ્યારે કચ્છના અમુક ખાસ પ્રદેશો જોવાની ઇચ્છા વ્યક્ત કરતા ત્યારે તેમને જુદે જુદે માર્ગે વાળવામાં આવતા. જેથી ગોરા જિજ્ઞાસુનો ઉત્સાહ મંદ પડી જતો. કર્નલ જેમ્સ ટોડને પણ ભુજથી આગળ નહિ જવા માટે "પવન અનુકુળ નથી" તેવું કારણ આપવામાં આવેલું.[૧૫] એજ રીતે જેમ્સ બર્ન્સની મુસાફરી હૈદ્રાબાદ સુધીની એકમાર્ગી હતી. જ્યારે એલેક્ઝાન્ડર બર્ન્સને ઇ. સ. ૧૮૧૯ ના ધરતીકંપનો અભ્યાસ કરવાની કામગીરી સોંપાયેલી.[૧૬] કર્નલ વોકર કચ્છની સરહદો પરજ આંટા મારતો હતો. એલ્ફીસ્ટન્ટ અને માલ્કમ કચ્છના શાહી મહેમાનો હતા તેથી તેમને "મીનીટ" લખવા સિવાય બીજો સમય જ નહોતો. જ્યારે શ્રી. થોટલેશ હળવદથી વાગડની લશ્કરી કૂચનો અહેવાલ આપે છે.[૧૭] પોટીન્જર સિંધુની શાખાઓમાં ફરે છે.[૧૮] રેવરંડ જોહન વિલ્સન જાડેજા જાતિ અને કચ્છી બોલીને સ્પર્શે છે.[૧૯]

કચ્છને આઠમી સદીની શરુઆતથીજ મૂર્તિપુજા વિરોધી ઇસ્લામ સાથે પડોશમાં સંપર્ક થયેલો તેથી મુસ્લિમ આક્રમણખોરોએ હિન્દુ સંસ્કૃતિ

---

૧૫. ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા. પૃષ્ટ-૪૪૯.

૧૬. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યૂમ બીજું, ક્રમ પહેલો, પૃષ્ટ-૫૫૦.

૧૭. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૪૭.

૧૮. ધી જરનલ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટબ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યૂમ પહેલું, પૃષ્ટ-૧૯૯.

૧૯. ધી ઇન્ડિયન એન્ટીક્વેરી, વોલ્યૂમ ત્રીજું, પૃષ્ટ-૨૨૭.

ની કેટલીય સામગ્રીનો નાશ કર્યો હશે. ખાસ કરીને પાળિયાઓમાં એવું વિશેષ બન્યું છે. આ ઉપરાંત કચ્છના શાસકોની ગૌરવ લેવાની કેટલીક ખોટી રીત રસમોને લીધે આવી સામગ્રી નાશ પામી હોય તેમ પણ બને. દા. ત. ભુજની સ્થાપના ખેંગારજી પ્રથમેજ કરી હતી તે બતાવવા કેટલાક પુરાવાઓનો નાશ થયાનો સંભવ નકારી શકાય નહિ. આ માટે મે ૧૮૪૯ નો ટોમ્સ ઓગ્લવીનો પત્રવ્યવહાર રસિક છે.[૨૦]

કેટલાક વિદ્વાનો એવું માને છે કે, જાડેજાઓ મુસલમાન હતા અને પછી તેઓનું ધીમે ધીમે હિન્દુકરણ થયું છે.[૨૧] આવું માનનારાઓ માં મુખ્યત્વે જેમ્સ બર્ન્સ,[૨૨] ઇમ્પિરિયલ ગેઝેટિયરકાર તથા બીજા કેટલાકને મૂકી શકાય. વળી "રાયધણ અને ઇસ્લામ" એ એટલો બધો કટુ સ્મૃતિભર્યો પ્રસંગ છે કે, રાયધણજીએ મહેલમાં ઉભી કરેલ મસ્જિદ રોજો કે કબરને તેના વારસો એક ક્ષણ માટે રહેવા ન દે. એજ રીતે પોતાની કન્યાઓને બીજાં સારાં હિન્દુ રાજપૂત કુટુંબોમાં આપવા માટેય કુળની શુધ્ધતા જરુરી હતી. તેથી જાડેજાઓની ઇસ્લામ સાથે સંબંધ ધરાવતી સામગ્રીનો સ્વાભાવિક રીતેજ નાશ થાય.

ઇ. સ. ૧૮૧૯ માં થયેલા ધરતીકંપે કચ્છમાં પારાવાર આર્થિક નુકશાન કર્યું હતું. પરંતુ પુરાતત્વની દૃષ્ટિએ કેટલીય જૂની ઇમારતોનો આ વખતે નાશ થયો. કચ્છના ઇતિહાસનો રાયધણયુગીન સિંધડીનો વિખ્યાત કિલ્લો આ ભૂકંપમાં નાશ પામ્યો. કેરા અને કોટાયનાં શિલ્પ સમૃધ્ધ પ્રાચિન મંદિરો તથા પુઅરેશ્વરની વડી મેડીની અત્યાર ની સ્થિતિ આ ભૂકંપને આભારી છે. કર્નલ ટોડ પણ નોંધે છે કે ઇ. સ. ૧૮૧૯ ના ભૂકંપે જાડેજાઓના એતિહાસિક અવશેષોને નુકશાન કર્યું છે.[૨૩]

---

૨૦. બોમ્બે ગવર્નમેન્ટ સિલેકશન નં. -૧૫, ન્યુસીરીઝ, પૃષ્ટ-૨૦૬ થી ૨૦૮.

૨૧. ઇમ્પિરિયલ ગેઝેટિયર ઓફ ઇન્ડિયા, પ્રોવિન્સિઅલ સીરીઝ બોમ્બે પ્રેસીડેન્સી, વોલ્યૂમ બીજું, પૃષ્ટ-૩૩૦.

૨૨. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ-૨૪.

૨૩. ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૪૫૮.

સતત કંપતી ધરતીને કારણે આવા કેટલાય અવશેષો જમીનમાં પેસી ગયા છે તેને પુરાતત્વ ખાતાના પ્રયત્નો બહાર લાવી શકે.

કચ્છનો દરિયાકિનારો વ્યૂહાત્મક અને તેનો વિદેશવેપાર સમૃધ્ધ હોવા છતાં તેના લિખિત વ્યવસ્થિત અહેવાલો કે દફતરો નથી મળતાં. તે માટે "ભાટિયા વહાણવટાનો ઇતિહાસ"[૨૪] અને ઇ. સ. ૧૮૩૭ માં લેફ્ટનંટ આર. લીચે બ્રિટિશ સરકારને સુપ્રત કરેલ માંડવી બંદરને લગતા અહેવાલ પર આધાર રાખવો પડેછે.[૨૫] કચ્છની ધરતી માં થતાં નવસર્જનોએપણ સાધન સામગ્રીની દૃષ્ટિએ પ્રશ્નો ઉભા કર્યા છે. રાયધણયુગમાં ડુંગર પકવતા સેરા પ્રદેશને અત્યારે સમજવો અઘરો છે. એજ રીતે સંધાર પ્રદેશનું મીઠું પાણી અને બાજુના ખારાપાટને લીધે સાંસ્કૃતિક કેન્દ્રો નક્કી કરવાં મુશ્કેલ બની જાય.

કચ્છની પડોશમાં આવેલા નગરપારકર, થોરાડ, થરાદરી, જતોડો, વઢિયાર, જતવાડ અને હાલાર જેવા પ્રદેશ તથા રણધ્વીપો વ્યૂહાત્મક મહત્વ ધરાવતા હોવા છતાં તેમનો વ્યવસ્થિત ઇતિહાસ મળતો નથી. નહિતર આંતરપ્રાદેશિક સંબંધોને આધારે કચ્છનો ઇતિહાસ સરળ રીતે લખી શકાત. સિંધ જેવા મહત્વના પડોશીના ઇતિહાસમાં પણ કચ્છનો ઓછામાં ઓછો નિર્દેશ મળે છે.

કચ્છના કેટલાક લેખકોએ છેલ્લાં સો વર્ષમાં થોડુંક લખ્યું છે. તેઓ બધા અદૃશ્ય પૂર્વગ્રહોથી પીડાતા હોવાને લીધે ઘણીવાર વાચકને અવળે માર્ગે દોરે છે. દા. ત. મહમદપન્નાહનો લગભગ બધાય લેખકો ખરાબ તરીકે ઉલ્લેખ કરે છે. જ્યારે તેની વિધ્વતા વિશે કોઇ હરફ સરખો ઉચ્ચારતું નથી. વાસ્તવમાં તેની પાસે એ યુગમાં ગુજરાતમાં શ્રેષ્ઠ ગણાય તેવું ગ્રંથાલય હતું તેની કોઇએ નોંધ સરખી પણ લેવાની

---

૨૪. પથિક, ફેબ્રુઆરી ૧૯૭૩, પૃષ્ટ-૨૭.

૨૫. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫ ન્યુસીરીઝ. પૃષ્ટ - ૨૧૧ થી ૨૨૬.

તસ્દી લીધી નથી.[૨૬] એજ રીતે અતિ મૂલ્યાંકિત થયેલાં કચ્છના ઇતિહાસનાં પાત્રો ખેંગારજી પહેલા માટે "કચ્છનો કાર્તિકેય", ફતેહ-મહમદ માટે "કચ્છનો ક્રોમવેલ" અને મેઘજી શેઠ માટે "કચ્છનો ક્રાંતિ-વીર" ... વગેરે પાને પાને દેખાય છે.

ફક્ત અદૃશ્ય પૂર્વગ્રહોથી કચ્છી લેખકો પીડાય છે એવું નથી. કેટલાકમાં એનાથી બિલકુલ ઉલટા થોડા દૃશ્ય અનુગ્રહો પણ દેખાય છે. દા. ત. "કચ્છડો બારે માસ" અત્યારે પલટાઇ ગયેલી પરિસ્થિતિના સંદર્ભમાં બંધબેસતું નથી. એજ રીતે કવિ નિરંજનને હિમાલયમાં જઇને ધિણોધર પર્વત સાંભર્યો[૨૭] તે તેમની જન્મભૂમિ પ્રત્યેની અતૂટ વાસના બતાવે છે પ્રેમ નહિ; નહિતર હિમાલય અને ધિણોધરની સરખામણી થાત નહિ. એજ રીતે રાયધણના જેલવાસ દરમ્યાન સ્વાર્થી સરદારોએ કરેલ વચગાળાની યોજના "બાર ભાયાના રાજ્ય" ને પ્રજાસત્તાકનો પ્રયોગ કહેવો તે પેલા સ્વાર્થી લશ્કરી સરદારોને બિરદાવવા સમાન છે.

આમ કચ્છ ઐતિહાસિક સાધન સામગ્રીની દૃષ્ટિએ પ્રમાણમાં દરિદ્ર છે. વળી જે સામગ્રી-શીલાલેખ-સિક્કા-તામ્રપત્ર-સાહિત્ય કે અન્ય સ્વરુપે મળે છે તે દરેકનો ઐતિહાસિક વ્યાસ સાંકડો હોવાને લીધે કચ્છના અભ્યાસીએ તો નવીજ ત્રિજ્યા શોધવાની રહે છે.

oooooooooooo
oooo
oo
o

---

૨૬. જરનલ ઓફ ધિ બોમ્બે બ્રાન્ચ ઓફ રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યૂમ ૧૪ મું, ક્રમાંક-૮, પૃષ્ઠ-૪૪૮.

૨૭. ..."હેમારે વટ પુગો 'નિરંજન' ધિણોધર સંભરન,
અસી બાલુડા બુલબુલ ઇનજા માડી અસાંજો ચમન" ...

Chapter - 2

-: પ્રકરણ બીજું :-

ભૌગોલિક સ્થિતિ

કચ્છ- અર્થ :-

કચ્છ શબ્દના ઘણા અર્થો થાય છે. કોઇએ તેનો અર્થ બેટ તરીકે કર્યો છે.[૧] આમે આજે પણ ચોમાસામાં રણમાં પાણી ફરતાં કચ્છ બેટ જેવોજ બની જાય છે. કચ્છની ઉત્તરના અફાટ ગરમ પ્રદેશ -થરપારકર કરતાં તેના ઉષ્ણતામાનનું પ્રમાણ થોડું ભેજવાળું હોવાથી કચ્છનો અર્થ "ભેજવાળો પ્રદેશ" પણ કરવામાં આવ્યો છે.[૨] કચ્છનો કાંઠા પાસેનો પ્રદેશ ભીની અને પોચી માટીનો હોવાથી સંસ્કૃતમાં તેનો એક અર્થ "કિનારો" અને "નીંચાણવાળી ભેજવાળી જમીન" એવો આપવામાં આવ્યો છે.[૩] કચ્છમાં ભૌગોલિક આકાર કેટલાકને કરચલા જેવો લાગ્યો છે તેથી તેનો અર્થ ક્યાંક "કર્ક" આપવામાં આવ્યો છે.[૪] વળી કચ્છ સમુદ્ર બેટ હશે ત્યારે તેનો કાચબા જેવો આકાર જોઇને કચ્છનો એક અર્થ "કાચબો" પણ કરવામાં આવ્યો છે.[૫] એજ રીતે એક અર્થ તુંબડું

---

૧. કચ્છનું સંસ્કૃતિ દર્શન પૃષ્ટ-૧ અને રાસમાળા ભાગ પહેલો, પૃષ્ટ-૧૦૮.

૨. આપણું કચ્છ, પૃષ્ટ-૩૪ અને ઇન્ડિયા એઝ નોન ટુ પાણિની, પૃષ્ટ-૩૭.

૩. શબ્દ અને અર્થ, પૃષ્ટ-૧૪૯ તથા ઇતિહાસની પૂર્વભૂમિકા, પૃષ્ટ-૪, મલ્લીનાથની સંજીવની ટીકામાં "જલ પ્રાયમનૂપં સ્યાત પુંસિકચ્છ-સ્તથાવિધઃ । ઇત્યમશઃ ।

૪. બુકલેટ ઓન ધી કચ્છ - ભુજ મધ્યસ્થ સરકારી ગ્રંથાલયના કાર્યાલયમાં ટાઇપ કરેલી પડેલી પ્રત પૃષ્ટ-૨ અને ભારતીય આર્ય ભાષા અને હિન્દી પૃષ્ટ પર અને પ૩.

૫. કચ્છ બૃહદ ભૂગોળ, પૃષ્ટ- ૧ અને ૨.

અર્થ પણ થયો છે.[૬] કેટલાક પ્રાચીન વિદ્વાનોએ તેની વ્યાખ્યા "નદીના જળથી વિંટળાયેલો ઝાડી વાળો પ્રદેશ" બતાવી છે.[૭] અમરકોશ કચ્છ શબ્દની વ્યાખ્યા શાસ્ત્રીય ઢબે આપે છે. કચ્છના પ્રથમ શબ્દ "ક" ની વ્યુત્પતિને "કં" માંથી જણાવે છે. જેનો અર્થ પાણી થાય છે. તેના મતે "કંછયતિ -જૂદો પાડતું- ઇતિ કચ્છ".[૮] ટૂંકમાં કચ્છનું નામાભિધાન પ્રાકૃતિક વિશિષ્ટતા અને ભૌગોલિક આકારને અનુલક્ષીને થયું છે.

ઉલ્લેખો :-

કચ્છના ઉલ્લેખો કચ્છ ઉપરાંત ભોજકટ, અનૂપ, કાઠી, કુશદ્વીપ, જર્તદેશ, પશ્ચમ, અપરાન્ત, આભીર, પ્રાણથલ, શ્રીપતિ,સાગરદ્વીપ, ઔદુમ્બર, ઉદ્દમદેશ જેવાં અસંખ્ય નામોથી થયા છે. જ્યારે કચ્છ નામથી ઉલ્લેખો પ્રાચીન ગ્રંથો, શીલાલેખો, તામ્રપત્રો અને લોકગીતો માંથી મળે છે. કચ્છને ઘણી વખત આનર્ત, સિંધ, લાટ કે પશ્ચિમ ભારતના એક ભાગ તરીકે પણ ઉલ્લેખવામાં આવેલ છે. જ્યારે તેના વાગડ, મોડાસા, અબડાસા જેવા પ્રદેશોનો પણ વારંવાર ઉલ્લેખ થયો છે.[૯]

સ્થાન :-

કચ્છ વિશ્વના નકશામાં આશરે ૨૨.° ૪૪' ૧૧" ઉત્તર અક્ષાંસથી ૨૪.° ૪૧' ૨૫" ઉત્તર અક્ષાંસ તથા ६૮.° ०૯' ૪૬." પૂર્વ રેખાંશથી ૭૧.° ૫૪' ૪૭." પૂર્વ રેખાંસ વચ્ચે આવેલું છે.[૧૦] કચ્છ જિલ્લાના વિસ્તારની દૃષ્ટિએ ભારતમાં બીજું સ્થાન ધરાવે છે.[૧૧] પહેલું સ્થાન કાશ્મીરના લડાખ જિલ્લાનું છે.

---

૬. કચ્છનો બૃહદ ઇતિહાસ, પૃષ્ટ-૧.
૭. કચ્છ કલાધર ભાગ પહેલો, પૃષ્ટ-૩.
૮. અમરકોશ, પૃષ્ટ-૧૪૫.
૯. ગુ. ઇ. પરિષદના ભુજ અધિવેશનમાં વંચાયેલો મારો "કચ્છના ઐતિહાસિક અને ભૌગોલિક ઉલ્લેખો" નામનો નિબંધ.
૧૦. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૧
૧૧. ધી સ્ટેટ, પૃષ્ટ-૨૨.

રાયધણયુગના ભૌગોલિક ખ્યાલો :-

રાયધણયુગમાં કચ્છીઓના ભૂગોળ વિશે કેવા ખ્યાલો હતા તેનો ખ્યાલ આવતો નથી. પરંતુ વિદેશીઓના કચ્છ વિશેના રસપ્રદ અને કંઇક અંશે વિચિત્ર ખ્યાલોની માહિતી મળે છે. જેમ્સ રેન્નેલ નામના એક વિદ્વાનને તા. ૨૧-૧-૧૭૯૩ ની આસપાસ ગવર્નર હોર્ન્લી અને હમ્બ્રીમ્પલ નામના તેમના એક મિત્રે ગુજરાતનો એક નકશો આપેલો. તેમાં કચ્છની રાજધાની ભુજને "બુઝ" તરીકે સિંધુની પૂર્વ શાખાના અગ્નિ ખૂણામાં ૩૫ કોશ દૂર મૂકવામાં આવેલી. આ નકશાને આધારે વિદેશીઓ માનતા હતા કે કચ્છ મુખ્યત્વે ટેકરીઓ, જંગલો અને રેતીનો પ્રદેશ છે. તેમની પાસે કચ્છના અંદરના ભાગની કોઇ માહિતી નહોતી. તેઓ માનતા કે કચ્છના દરિયામાં કેટલીક નદીઓ પડે છે. રણનો પણ તેમને ખ્યાલ હતો. વળી કચ્છના અખાતના દક્ષિણ કિનારે સંગારિયન ચાંચિયાઓ રહેતા તેમ તેઓ માનતા હતા.[૧૨]

આ વખતે પેશવા માધવરાવ પહેલા -મહાન- ના દરબારમાં એક ભૂગોળશાસ્ત્રી સદાનંદ નામનો રહેતો હતો. સદાનંદે પોતાના નકશામાં ભુજને યોગ્ય જગ્યાએ બતાવ્યું હતું. આ સદાનંદને માધવરાવે શોધી કાઢેલો. જેમસ રેન્નેલે પણ તેઓ બન્નેનાં ખૂબ વખાણ કર્યાં હતાં. આનો અર્થ એ થાય કે મરાઠાઓ પણ અંગ્રેજોની માફક નકશામાં ચોક્કસ હતા. આમ તેમના પરનો નકશાવિદ્યાના અજ્ઞાનનો આક્ષેપ ખોટો સાબિત થાય છે.

ઇ. સ. ૧૭૯૩ ના ગુજરાતના નકશામાં રેન્નેલેએ પણ ભુલો કરી હતી. કચ્છ અને સિંધને એકજ ભૂખંડમાં બતાવ્યાં છે. જ્યારે વચ્ચેના વિકરાળ રણનો તો ઉલ્લેખ પણ કર્યો નથી. વળી પચ્છર નદીને કચ્છની ઉત્તરે બતાવવાને બદલે કચ્છની દક્ષિણે બતાવી છે. કચ્છને પ્રદેશને બદલે સ્થળ માની લીધું છે. અને નગર ઠઠ્ઠાને સિંધમાં પૂર્વને બદલે પશ્ચિમમાં બતાવ્યું છે. કચ્છના અખાતને અખાત તરીકે તેણે માન્યો જ નથી પરંતુ એક દરિયા

---

૧૨. મેમ્વાર ઓફ એ મેપ ઓફ હિન્દુસ્તાન ઓર ધી મોગલ એમ્પાયર પૃષ્ટ-૧૮૫ અને ૧૮૬.

કિનારાની જમીનનો ખ્યાલ માન્યો છે. ટૂંકમાં રાયધણયુગમાં કચ્છ વિશે ગોરાઓ પાસે જે ભૌગોલિક માહિતી હતી તેના કરતાં માધવરાવના સદાનંદ પાસે સારી માહિતી હતી. વળી અંગ્રેજોએ કચ્છમાં પોતાના એક એજન્ટ મૌલવી મહમદઅલી મુનશી દ્વારા કચ્છ માંથી નકશા પ્રાપ્ત કર્યા હતા તેમ એલેક્ઝાન્ડર વોકરના અહેવાલ પરથી સ્પષ્ટ થાય છે.

ઉષ્ણતામાન અને આબોહવા :-

કચ્છમાં અત્યારનાં અને રાયધણયુગના ઉષ્ણતામાનમાં તફાવત હતો નહિં તેમ થોટલેશના ય અહેવાલ પરથી લાગે છે. તેણે સવાર સાંજને ઠંડાં કહ્યાં છે. રણની દૂરનાં ગામોનું ઉષ્ણતામાન સમશીતોષ્ણ હતું. એક બીજા સેનાપતિની દૃષ્ટિએ શિયાળાની કચ્છની આબોહવા સૈનિકોમાં સ્ફૂર્તિ લાવે તેવી હતી.[૧૩] જાન્યુઆરી ૧૮૦૩ માં સેટને પણ આવીજ ખુશનુમા આબોહવાની નોંધ લીધી છે.[૧૪] જ્યારે વર્ષોથી કચ્છમાં રહેલ કેપ્ટન મેકમુર્ડોને કચ્છની આબોહવા સારી લાગી નહોતી.[૧૫]

પવન :-

કચ્છમાં મુખ્યત્વે નૈરુત્ય દિશા માંથી પવન વાતો. છતાંય તે વર્ષમાં બધી દિશાઓ ફરી લેતો. આથી તેને કામાય, શિયાળિયો, કિસ્કાજ, શૂરિયો, કોસ, નાસી અને સમાલ જેવાં નામોથી ઓળખવામાં આવતો.[૧૬] રણમાં ફૂંકાતા કાતીલ પવનને કારણે અખાતનું પાણી નાના રણમાં આવી જતું. આવી ધોડા ભરતી વારંવાર આવતી નહિ.

ઝાંઝવાં :-

કચ્છનો ખારપાટ ઝાંઝવા માટે વિખ્યાત હતો. થોટલેશ અને

---

૧૩. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૩.
૧૪. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૪, પૃષ્ટ-૧૯૬.
૧૫. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી, વોલ્યૂમ-૫ મું, પૃષ્ટ-૧૬૦.
૧૬. કચ્છ બૃહદ ભૂગોળ, પૃષ્ટ-૧૧.

તેમના લશ્કરને તેનો સુંદર અનુભવ થયેલો. કર્નલ ઇસ્ટે પણ ઇ. સ. ૧૮૧૪ માં લશ્કર સાથે તેની મઝા માણેલી.

વરસાદ :-

રાયધણયુગની શરુઆતમાં કોરીનું પાણી કચ્છના સેરા પ્રદેશમાં આવતું, જેથી વાતાવરણ અને જમીનની ભીનાશને કારણે વરસાદ વધારે પડતો. પરંતુ પાછળથી કચ્છ સાથેના પરંપરાગત દ્વેષને કારણે સિંધના ગુલામશાહે બંધ બાંધીને કોરીનું પાણી કચ્છ આવતું અટકાવ્યું. વળી પાછળથી ભૂકંપને લીધે અલ્લાહબંધ રચાતાં સેરાનો પ્રદેશ સૂકો બની ગયો. જેથી નવેક હજાર ચોરસ માઇલના વિસ્તારમાં સૂર્યનો તાપ ખારા પાટ પર પડતાં તેમાંથી નીકળતી વરાળ ચોમાસામાં કચ્છ પર વંટાતાં વાદળાંને ઉંચે ચઢાવી પવનની ઝડપ વધારી દેતી. જો વાદળાંમાં પાણી ઓછું હોય તો પવનના જોરે બીજે ધકેલી દે અને વધારે હોય તો અતિવૃષ્ટિ પણ કરાવે. જેથી રાયધણયુગના અંતિમ વર્ષોમાં આની માઠી અસર થઇ. વરસાદ અનિયમિત-અલ્પ કે અતિ પડવા માંડયો. ઇ. સ. ૧૮૦૦ પહેલાં કચ્છમાં ગંભીર દુષ્કાળ પડયાનો ઉલ્લેખ મળતો નથી. ઇ. સ. ૧૮૧૩ માં વિખ્યાત અગણોતેરો કાળ પડયા પછી ગંભીર દુષ્કાળો પડવાની પરંપરા સર્જાઇ.

તળાવો :-

શ્રીમતી પોસ્ટન્સે "મોતી તળાવ" નો ઉલ્લેખ કર્યો છે. અત્યારે જે જૂનાં તળાવો દેખાય છે તે રાયધણયુગમાં કામમાં લેવાતાં. હમીરસરનું એ વખતે ખાસ મહત્વ હતું. ત્યાં ઉજાણીઓ ગોઠવાતી. એક આવાજ પ્રસંગે ફતેહમહમદ અને ભાઇજીના મતભેદો બહાર આવ્યા હતા. હમીરસર પુરું ભરાઇ જાય પછી રજા પડતી. આ બનાવને "હમીરસર ઉગની ગયું" તેમ કહેતા. થોટલેશે નાનાં ગામડાનાં તળાવોનો ઉલ્લેખ કર્યો છે. આ તળાવો લશ્કર માટે આશીર્વાદરુપ હતાં.

પૂર :-

રાયધણજીના વખતમાં સિંધના અમીરોએ સરહદ પર અલીબંધ જેવા

બંધો બાંધ્યા હતા તેથી સિંધુનાં પાણી કોરી શાખામાં આવતાં બંધ થયાં. આવી સ્થિતિ હોવા છતાંય ઇ. સ. ૧૮૦૨ માં સિંધમાં એક મોટું પૂર આવ્યું અને તેને લીધે કચ્છની નાળોમાં જોસબંધ પાણી ધસ્યું. આ પાણી કચ્છની ભૂમિ સુધી આવ્યું હતું.

અક્ષાંશ–રેખાંશઃ –

કચ્છી વહાણવટીઓ પાસે બંદરોના અક્ષાંશ-રેખાંશ જાણવાની આધારભૂત પધ્ધતિ હતી. વીસરામ હરદાસાણી નામના એક કચ્છી માલમની વિ. સં. ૧૮૩૬ ના આસો સુદ કોઇ મંગળવારની રોજનીશી મળી છે. તેમાં રાતા સમુદ્રના સુએઝ બંદરથી કન્યાકુમારી સુધીનાં એશિયાનાં તમામ મહત્વનાં બંદરોનાં અક્ષાંશ-રેખાંશ આપવામાં આવ્યાં છે. [૧૭]

સમય ગણતરી :–


કચ્છમાં શ્રી. વિલિયમ્સ નોંધે છે તેમ સમય ગણતરી પણ આગવીજ હતી તે માટે પ્રાચીન કાળની ચોકીપહેરાની પધ્ધતિને અનુસરવામાં આવતું હતું. [૧૮]


વાહન વ્યવહાર :–


મુસાફરી ઉંટ, ઘોડા કે પાલખી મારફત થતી. કેટલાક ભાગો માં રસ્તાઓ ખડકાળ હતા અને કેટલાક ભાગો રેતાળ હતા. તેથી વાહનો મુશ્કેલીથી પસાર થતાં. દેશી ગાડાં ચાલતાં અને શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે તેમ ચીલા માંઘીજ ગબડી પડતાં હતાં. આ ગાડાઓ નાં પૈડાં સતત ભાર વહન કરવાને લીધે વળી ગયાં હતાં. [૧૯] અવરજવર માટે માર્ગો આ પ્રમાણે હતા.


રણમાર્ગો :– કચ્છના પશ્ચિમ તરફના સમુદ્રના કિનારાને બાદ કરતાં


૧૭. પેરીપ્લસ, પૃષ્ટ–૫૭ અને ૫૮.
૧૮. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ–૧૦.
૧૯. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ–૨૪.


ઉત્તર ગુજરાત
સૌરાષ્ટ્ર
કચ્છ
સિંધ
ખડીર
બેલા
નાગરપારકર









બાકીનો તમામ પ્રદેશ રણ વડે વિંટળાયેલો છે. રણ ઓળંગવું દુષ્કર હતું. છતાંય ઇ. સ. ૧૭૭૮ થી ૧૮૧૩ માં રણમાર્ગે કચ્છ પર આક્રમણો થયેલાં અને કચ્છે રણ ઓળંગીને કેટલાંય આક્રમણો પડોશી પ્રદેશો પર કરેલાં. આ વખતે સિંધની ખોસા જાતિઓ રણ ઓળંગીને ધાડો પાડવા ટેવાઇ ગઇ હતી.

એ વખતે લગભગ સાત માર્ગે રણ ઓળંગીને કચ્છમાં પ્રવેશવામાં આવતું હતું. જેનો નિર્દેશ આ સાથેના પાંચ નકશામાં કરવામાં આવ્યોછે. માળિયા કે બેરલ માર્ગથી કચ્છના વાંઢિયા ગામે જવાતું. આ રસ્તો સૌરાષ્ટ્ર બાજુએ નવા તળાવ નામના સ્થળેથી શરુ થઇને કુરિયા નામના જમીનદોસ્ત સ્થળે પૂરો થતો. તેમાં એપ્રિલ–મે માસમાં ગાડાં અને જુલાઇ–ઓગસ્ટમાં બળદ તથા ઉંટ ચાલી શકતાં. જ્યારે છીછરાં પાણી હોય ત્યારે એક માસ હોડીઓ પણ ચાલતી. બીજો માર્ગ ચીકલીવાટ તરીકે ઓળખાતો, તે નવ માઇલ લાંબો હતો અને કુરિયા તથા માણાંબા પહોંચતો. આ રસ્તો ઘોડા અને પગપાળા માણસો માટે વધારે અનુકુળ હતો. ત્રીજો માર્ગ વેણુસરનો હતો. આ રસ્તો પંદર માઇલ પછી કાન–મેર જતો. આ ઉપરાંત વાયવ્યમાં માણાંબા પણ જવાતું. ફતેહમહમદે જામનગર પર ચઢાઇ કરવા માટે આ રસ્તો પસંદ કર્યો હતો. ચોથો માર્ગ આઠ કોશ રેતીવાળો ધાટીલાથી કાનમેરનો હતો. પાંચમો ટીકર માર્ગે ૩૮ માઇલનું રણ વટાવતો ઝરોણ, બાંગોરિયા અને મર્દુક બેટો માંથી પસાર થતો હતો. જ્યારે છઠ્ઠો દહેગામ માર્ગ ૧૪ માઇલ ઉત્તરે ઝીંઝુવાડા તથા વાયવ્યમાં કચ્છના વરણું તરફ પહોંચતો હતો. સાતમો માર્ગ હળવદથી સમીનો હતો. તેમાં રણ ૨૦ માઇલ હતું. આ માર્ગ વાછડા સોલંકી નામના ધાર્મિક મહત્વ ધરાવતા રણદ્વીપ માંથી પસાર થતો.[૨૦]

રસ્તાઓ :–

અત્યારના જેવા પાકા રસ્તાઓ રાયધણયુગમાં હતા નહિ.

---

૨૦. મારો આ પ્રદેશનો પ્રવાસ ઉપરાંત મેમ્વાર ઓન ધી પ્રોવીન્સ ઓફ કાઠિયાવાડ, પૃષ્ટ–૨૯૭ થી ૩૦૩.

સાધનોમાં ઉંટ, ઘોડા અને બળદ ગાડાંનો ઉપયોગ કરવો પડતો. શહેરમાં ફરવા માટે ઘોડાગાડી કે ટાંગાનો ઉપયોગ કરવામાં આવતો હતો. નજીકનાં અંતરોએ પહોંચવા માટે પણ ઘોડાગાડી વાપરવામાં આવતી હતી. રાજા અને તેમનો પરિવાર હાથી, રથના જેવી ગાડી કે પાલખીનો ઉપયોગ કરતા. હાથીઓની ખાસ માવજત કરવામાં આવતી. આજે પણ ભુજના સરપટ દરવાજે હાથીસ્થાન નામની ઇમારત આ સ્મૃતિ સાચવતી ઉભી છે. આ ઉપરાંત વિદેશી રાજકીય મહેમાનોને શહેરમાં ફેરવવા માટે કોઇ વિશિષ્ટ પ્રકારનું વાહન વપરાતું હતું તેમ લાગે છે. કારણ કે કર્નલ ટોડે એક નાનકડી બાબાગાડી જેવી – – (PERAMBULATING) ગાડીમાં બેસીને માંડવીની લટાર મારેલી.[૨૧]

કચ્છની બહાર જવા માટેનો વ્યવહાર મોટે ભાગે પગવાટ, ગાડાં, ઉંટ અને ઘોડા મારફત થતો. ઘણી વખત વજનવાળો સામાન ઉચકવા ગધેડાંનો પણ ઉપયોગ થતો હતો. ઓછો સામાન હોય તો ઉચકવા માટે માણસ–મજૂર કરવો પડતો. જમીન વ્યવહાર મુખ્યત્વે અમદાવાદ સાથે વધારે હતો. કારણ કે તે મોગલાઇના ગુજરાતના સુબાનું પાટનગર હતું અને રાયધણના સમયમાં પેશવાના સીધા શાસન તળે હોવાને લીધે બૃહદ ગુજરાતમાં તેનું મહત્વ વિશેષ હતું. વળી વડોદરા ગાયકવાડની રાજધાનીનું શહેર હતું તેથી તેની સાથે પણ સીધો સંપર્ક હતો. એજ રીતે સિંધના શહેરો સાથે પણ સંબંધો હતા. આ ઉપરાંત ઉત્તર ગુજરાત અને રાજસ્થાન સાથે પણ આર્થિક તથા રાજકીય સંબંધો હતા. તેથી કચ્છમાંથી બહાર જવા માટે મુખ્યત્વે સોળ માર્ગોનો ઉપયોગ કરવામાં આવતો.[૨૨] બે અમદાવાદ, બે વડોદરા, બે બાડમેર, બે ડીસા, ત્રણ હૈદ્રાબાદ, એક ઉમરકોટ, એક સક્કર, એક ઠઠ્ઠા, એક કરાંચી અને થોડાક નાના માર્ગો મારફત સિંધમાં જવાતું હતું. આ બધા રસ્તાઓ ભુજથી જતા હતા. આ રસ્તાઓમાં રણનું પાણી પસાર

---

૨૧. ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ–૪૪૯.
૨૨. બોમ્બે ગવર્નમેન્ટ સિલેકશન નં. –૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ– ૨૩૬ થી ૨૮૭.

કરવા માટે "ગોળી" -સાંકડા મો વાળું મોટું માટલું- નો ઉપયોગ કરાતો.[૨૩]

નગરમાર્ગો :-

રાયધણયુગમાં મોટાં શહેરોના રસ્તાઓ સુંદર હતા. થોટલેસે અંજાર પાસેના રસ્તાઓને સુંદર ગણાવ્યા છે. આવા સુંદર રસ્તાઓને લીધે તેણે પ્રદેશ પણ સુંદર લાગ્યો હતો. અંજારના રસ્તાઓ અને શેરીઓ પહોળાં તથા એક સરખાં હતાં. આ ઉપરાંત વળાંક બહુજ ઓછા હતા.[૨૪] જ્યારે શ્રીમતી પોસ્ટન્સે ગામડાઓના રસ્તાઓને કાદવથી ભરપુર જણાવ્યા છે.[૨૫]

દરિયાઇ નાળો :-

જહાજોને સમુદ્રમાં ગાજૂસ સામો મળે ત્યારે કચ્છી માલમ જહાજને સલામત રાખવા માટે નજીકની જે નાળ હોય તેમાં લાવતો હતો અને તોફાનથી જહાજને બચાવી લેતો. વળી નાળ વિશેનું ચોક્કસ સ્થળભાન કચ્છીઓને હતું. આ નાળોમાં કોરી, જખૌની, રૂકમાવતીની, મુન્દ્રાની, તુણાની, ખારી અને નકટી નાળ પર અનુક્રમે લખપત, -કોટેશ્વર, જખૌ, માંડવી, મુન્દ્રા, તુણા, રોહર અને કંડલા બંદર આવેલાં છે. જ્યારે મલીરડી, મોંઢાવાળી અને નવી નાળ પર કોઇ બંદર નથી. રાયધણ-યુગમાં આ તમામ નાળો ઉપયોગમાં લેવાતી હતી.

બંદરો :-

કચ્છમાં બંદરોની સંખ્યા સારી હતી. કચ્છના અખાત પર આવેલાં બંદરો સાથે આ વખતે કચ્છ રાજ્યનો ધીખતો વેપાર ચાલતો હતો. મોરબીનું વવાણિયા, નવાનગરનાં જોડિયા, હડિયાણા, બાલાછડી,

---

૨૩. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યૂમ-૧૨, પૃષ્ટ-૫૮૫ અને ૫૮૬.
૨૪. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૪ અને ૩૫૮.
૨૫. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૩૧.

ખેરી, નવાબંદર, નાગના, રોઝીવાડા, બેડી, સુરમુત, સલાયા, પીંઢારા અને ઓખા મંડળનાં રાજપરુ, પોષીત્રા, અરામડુ, બેટ, કચ્છીગઢ, રૂપુણ, દ્વારિકા, મૂડી વગેરે નાનાં મોટાં બંદરો મારફત કચ્છ જવાતું હતું. આમાં કચ્છીગઢ તો રાયધણના કબજે હતું. આ ઉપરાંત કચ્છ રાજ્યના લખપત, કોટેશ્વર, અંજાર પાસેનો ધક્કો, ખારી રૂહર, મુન્દ્રા અને તુણા ભારતના અન્ય પ્રદેશો તથા વિદેશો સાથે ધીખતો વેપાર કરતાં હતાં.

ભૌગોલિક ફેરફારો:-

સિંધુના મુખ પ્રદેશમાં થતાં પરિવર્તનોની અસર કચ્છ ઉપર પણ થતી હતી. સિંધુની કચ્છમાં પડતી એક શાખા પુરણનાં પાણી રાયધણ-યુગમાં કચ્છમાં આવતાં બંધ થયાં હતાં. ગુલામશાહે બાંધેલ બંધથી પુરણનું પાણી કચ્છમાં આવતું તદ્દન અટક્યું નહતું પણ ઇ.સ. ૧૮૦૨ માં અલીમુરાદખાને બાંધેલા બંધને લીધે આ પાણી કચ્છમાં આવતું અટકી ગયું. જેને કારણે આ બાજુ આવેલો કચ્છનો ચોખા પકવતો નંદનવન જેવો સેરા પ્રદેશ મોટા રણનો એક ભાગ બની ગયો. [૨૬] વચ્ચે ફતેહમહમદે કેરા નાળાનું પાણી મેળવવા માટે સિંધનો એક બંધ તોડી નાખેલો અને થોડું પાણી કચ્છ માટે મેળવવામાં આવ્યું હતું. વળી ઇ.સ. ૧૮૦૯ માં સિંધનું એક પ્રતિનિધિ મંડળ સિંધુ નદીની કચ્છ બાજુની શાખાઓમાં ફરેલું. આ મુસાફરી છ મોટી હોડીઓ દ્વારા કરવામાં આવેલી. આ પછી આ શાખા પણ વહાણવટા માટે નકામી બની ગઇ. [૨૭]

સમાપન :-

ઉપરોક્ત વિવેચન પરથી એ તો સ્પષ્ટપણે વરતાય છે કે, રાયધણ-યુગમાં કચ્છીઓ ભૌગોલિક પરિબળોને પોતાની જરુરીયાત મુજબ વળાંક

૨૬. ટ્રાન્ઝેક્શન ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટબ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યૂમ ત્રીજું, પૃષ્ટ-૫૬૭ અને ૫૬૮.

૨૭. ટ્રાન્ઝેક્શન ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટબ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યૂમ પહેલું, પૃષ્ટ-૨૦૦.

આપી–વિકાસ કરીને પ્રકૃતિના દાસત્વ માંથી મુક્ત થવા યથાશક્તિ પ્રયત્ન કરતા હોય તેમ લાગતું નથી. એ યુગમાં યુરોપિયનોના કચ્છ વિશેના ખોટા ખ્યાલો સામે ભારતીય નકશા શાસ્ત્રીઓની પ્રમાણભૂતતા આશ્ચર્યકારક તો ખરીજ. આબોહવા અને ઉષ્ણતામાન માટે એ વખતના તંત્ર પાસે ગણત્રી માટેની કોઇ વ્યવસ્થા નહોતી તેમ લાગે છે. કચ્છના વાહન વ્યવહારનો વિકાસ પ્રાથમિક તબક્કામાં હતો અને તેનો વ્યાપ વ્યાપાર પૂરતો જ મર્યાદિત હતો. વેપારની જરુરીઆત પ્રમાણે તેમાં ઝડપ આવતી હતી. સમુદ્રમાં કુદરતી નાળો હતી પરંતુ તેનો કામચલાઉ ઉપયોગ કરાતો. બંદરોની સંખ્યા કચ્છની જરૂરીયાત કરતાં વધારે હોવાને કારણે માંડવી સિવાય બીજું કોઇ બંદર પૂર્ણ કક્ષાએ વિકસાવવું અશક્ય હતું. નહિતર તુણા વિકસાવતાં ભારી રોહર ભાંગી પડતું, જેમ આજે કંડલા વિકસતાં માંડવીની સ્થિતિ થઇ છે તેમ.

ટૂંકમાં અત્યારના કચ્છ કરતાં રાયધણ યુગના કચ્છની સ્થિતિ પ્રાકૃતિક રીતે અકબંધ જળવાઇ રહી હતી. કચ્છી માડુ તેમાં પરિવર્તન કરવા અસમર્થ હતો.

Chapter - 3

-: પ્રકરણ - ત્રીજું :-

ભૂમિકા.

પ્રાસ્તાવિક :-

જે વખતે મુસલમાનો ઉત્તર ભારતને જીતીને બેઠા હતા ત્યારે કચ્છના જાડેજા શાસકો સૌરાષ્ટ્રના હાલારમાં આગળ વધ્યા હતા. એટલું જ નહિ તેઓ ત્યાંથી રાજકોટ, ગોંડળ, ધ્રોળ, વીરપુર અને કોટડાસાંગાણી સુધી ફેલાઇ ગયા.[1] આ રાજ્યો છેક આઝાદી સુધી અસ્તિત્વમાં હતાં. આવી મહાન જાડેજા જાતિનું પ્રથમ ઐતિહાસિક રાજ્ય કચ્છમાં સ્થપાયું હતું. તેનો ઇતિહાસ જાણવા માટે આપણી પાસે કોઇ "રાજ તરંગીણી" નથી. દરેક હિન્દુ શાસકની માફક કચ્છના શાસકો પણ પોતાનો વંશ આદિનારાયણ સાથે જોડે છે. તે માટે પુરાણોનો આધાર પણ લેવામાં આવ્યો છે.[2]

કચ્છના શાસકોની આદિનારાયણથી શરૂ થતી લાંબી વંશાવળીનું ઐતિહાસિક મૂલ્ય નહિવત છે. એનો અર્થ એ નથી કે એ આખી વંશાવળી ઉપજાવી કાઢી છે. ભારતના ઐતિહાસિક યુગથી તે કચ્છના ઐતિહાસિક યુગ સુધીના સમય માટે આ વંશાવળી ખૂટતી કડી પૂરી પાડે છે. ભારતના ઐતિહાસિક યુગની પૂર્વે ભારત અને ગુજરાતના ઇતિહાસમાં જે અંધકારયુગ પ્રવર્તે છે, તે યુગ પર પણ આ વંશાવળી તથા કચ્છનો પ્રણાલિકાગત ઇતિહાસ પ્રકાશ પાડે છે. તેમાં યાદવા સ્થળીથી સમાઓના ભારત આગમનના લગભગ બે હજાર વર્ષનો સમય સમાવિષ્ટ થયેલો છે. જો યાદવા સ્થળી વખતે બચેલ યાદવો માંથી કોઇ ઇજિપ્ત કે મેસેપોટેમિયા ગયું હોય અને ત્યાં જઇને સિધ્ધિઓ હાંસલ કરી હોય તો સ્વાભાવિક છે કે યાદવાસ્થળી પછી આપણા પુરાણ ગ્રંથો મૌન સેવે. આનો અર્થ એટલોજ

---

૧. ફ્લીંગ પ્રીન્સીસ, પૃષ્ટ -૧૫.

૨. કચ્છ દેશનો ઇતિહાસ, પૃષ્ટ-૭૭.

કરાય કે કચ્છના શાસકોના મૂળ પુરુષો બહારથી આવ્યા હોવા જોઇએ.

ખેંગારજી પ્રથમ સુધીનો સમય સાવ અંધકારમય નથી, કારણ કે કેટલીક ખૂટતી કડીઓ સિંધ, ગુજરાત કે સૌરાષ્ટ્રના સમકાલીન ઇતિહાસ પરથી મેળવાય છે. આ યુગ પણ લગભગ હજાર વર્ષ રોકે છે. જાડેજાઓની મળતી વંશાવળી અહિંયા અતૂટ છે. એટલુંજ નહિ આપણને કેટલીક શાખાઓની વિગતો મળે છે. છેલ્લે રાયધણજી સુધી તો અકબંધ ઇતિહાસ પ્રાપ્ત થાય છે. જો કે પ્રસંગોની ઝીણવટ ભરી સત્યતાને ચકાસવાનો પ્રશ્ન તો ઉભો જ છે. છતાં સાધનોની ખોટ પ્રમાણમાં ઓછી વરતાય છે. આટલા લાંબા યુગ દરમ્યાન શાસનકરતો શાસકવંશ અને પ્રજાસમૂહનો ઇતિહાસ ઘણોજ સમૃધ્ધ હોય એ વિશે બે મત હોઇ શકે નહિ.

પ્રાચીન યુગ :-

ભુસ્તરશાસ્ત્રીઓના મતે પંદર કરોડ વર્ષ પહેલાં કચ્છની અત્યાર ની ભૂમિની જગ્યાએ ટેથિસ સમુદ્રનો એક ફાંટો હતો. આજથી દસ લાખ વર્ષ પહેલાં ટર્શિયરી યુગમાં કેટલાંક ભૌગોલિક પરિવર્તનોને અંતે કચ્છની ભૂમિનો જન્મ થઇને માટીના ખડકો રચાયા અને ત્યાં માનવ દેખાયો. આ આદિ માનવ પણ બહારથી આવીને કચ્છમાં વસ્યો હતો.[૩] સૂરકોટડાના ઉત્ખનનથી સાબીત થયું છે કે, આજથી ૪૦૦૦ વર્ષ પહેલાં કચ્છી માનવ સુસંસ્કૃત હતો. હડપ્પીય યુગ પછી પુરાણો કચ્છનો સંબંધ પ્રચેતાઓ, જાળંધર, રામચંદ્ર, યાદવો અને પાંડવો સાથે જોડે છે. યાદવાસ્થળી માંથી શ્રી. કૃષ્ણના પૌત્ર અનિરુધ્ધને બચાવીને તેનો સંબંધ ઇજિપ્ત સાથે જોડવામાં આવ્યો છે. કચ્છના શાસકોને યાદવો સાથે સાંકળવા આમ કરવામાં આવ્યું હોય તેમ લાગે છે.

ત્યારબાદ અનિરુધ્ધના વંશને આગળ લંબાવીને ૮૦ મી પેઢીના દેવેન્દ્રના ત્રણ પુત્રો ગજપત, ભૂપત અને નરપતને અનુક્રમે ચુડાસમા, ભટ્ટી

---

૩. કચ્છનું સંસ્કૃતિદર્શન, પૃષ્ટ-૫.

તથા સમાવંશના મૂળ પુરુષ સ્થાપીને ભારત સાથે ફરીથી કડી જોડી દેવામાં આવી છે. ઐતિહાસિક દૃષ્ટિએ એટલું કહી શકાય કે જાડેજાઓ -સમાઓ- કચ્છમાં પરદેશી તત્વ તરીકે દાખલ થયેલા તેથી સ્વાભાવિક છે કે, રાષ્ટ્રીય પ્રવાહમાં ભળવા માટે તેમને કૃષ્ણ સુધી કે આદિનારાયણ સુધી લાંબા થવું પડયું હોય. કારણ કે જો તેઓ એમ ન કરત તો ભારત ની પ્રજા મુસલમાન શાસકોને જે રીતે અંતરથી નહોતી સ્વીકારી શકી તેમ જાડેજાઓનું પણ બનત. વળી જાડેજાઓ શુધ્ધ હિન્દુ હતા તે વિશે પણ કેટલીક શંકાઓ શરુઆતમાં હતી. તેને નિર્મૂળ કરવા માટે પણ અનંત કાળથી હિન્દુઓના સ્મૃતિપટ પર શાસન કરતા શ્રી. કૃષ્ણના વંશ સાથે તેમને સાંકળવા પડયા.

મધ્યકાલીન યુગ :-

કચ્છના શાસકોના મૂળ પુરુષો બહારથી આવ્યા તેવા મતને તેમણે મધ્યકાલીનયુગમાં ધારણ કરેલ ખિતાબો, જાતિ સંબંધિત સંજ્ઞાઓ તથા ઓળખ શબ્દો પણ ટેકો આપે છે. જાડેજાઓનો એક ખિતાબ "જામ" જો જમશેદ પરથી આવ્યો હોય તો તેઓ કચ્છમાં બહારથી આવ્યા હોવાના મતને પૃષ્ટિ મળે છે. અને શ્યામ યાદવ પરથી આવ્યો હોય તો તેમનો યદુવંશી હોવાનો દાવો સાબીત થાય છે. એજ રીતે તેમને મળેલ સમા નામ પણ શ્યામ અથવા સામપત સાથે સંબંધ ધરાવે છે.

આ સમાઓ ૭ મી અને ૮ મી સદી દરમ્યાન ભારતમાં આવેલા તેમ ગેઝેટિયરકાર નોંધે છે.[૪] તબકાતે નાસીરી નોંધે છે તેમ તેમણે સિંધમાં નગરઠઠ્ઠાની આજુબાજુનો વિસ્તાર જીતીને કચ્છમાં છેક માણેકબારી સુધી આણ વર્તાવી હતી.[૫] કચ્છમાં કયો સમાશાસક પ્રથમ આવ્યો તે કહેવું ઘણુંજ મુશ્કેલ છે. કારણ કે મૂળરાજના સમકાલીન

૪. ઇતિહાસની પૂર્વ ભૂમિકા, પૃષ્ટ-૪૫૯ અને ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી, વોલ્યૂમ-૯, ભાગ પહેલો, પૃષ્ટ-૧૨૫.

૫. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ટ-૧૯૭.

લાખાફુલાણી સિવાય કચ્છના કોઇ સમાશાસક વિષે ઐતિહાસિક રીતે કાંઇ કહી શકવાની સ્થિતિમાં નથી. એવું જ સિંધમાંના સમાઓનું છે. દિલ્હી સલ્તનત સાથેના પત્રોમાં બાંભણિયા, તમાચી અને નંદા નામના ત્રણ સમાશાસકોનાં નામ મળે છે. તેમાં જામનંદા ગુજરાતના સુલતાન મહમદ બેગડાનો નાનો થતો હતો. મધ્ય એશિયામાં મોગલોના દબાણને કારણે નંદાના પુત્ર ફીરોઝને શાહબેગે હરાવીને ગુજરાતમાં અમીર તરીકે જીવન વિતાવવાની ફરજ પાડી.[૬] એ પછી સમાઓનું વર્ચસ્વ સિંધ માંથી અદૃશ્ય થયું.

જાડેજાઓ :-

સમગ્ર કચ્છ અને ગોંડળ સુધીના ઉત્તર તથા દક્ષિણ સૌરાષ્ટ્રના અસંખ્ય સ્થળો પર છેક ૧૯૪૭ સુધી પોતાનું શાસન ટકાવી રાખનાર જાડેજાઓ રજપૂતોની એક વિલક્ષણ જાતિ છે. કોઇપણ રીતે દુશ્મનને મહાત કરીને પોતાની સ્વતંત્રતા ટકાવી રાખવાની સાચી રાજનીતિ તેઓ શીખ્યા હતા. એટલુંજ નહિ તેનો વ્યવહારમાં બહુજ સફળતાથી ઉપયોગ કર્યો હતો.

"જાડેજા" નામની ઉત્પત્તિના મતો :-

જાડેજાઓની ઉત્પત્તિ અને મૂળ જેવા કેટલાક પાયાના પ્રશ્નોના ઉત્તર નીચે મુજબ આપી શકાય :-

૧. જાડેજા નામની વ્યક્તિ પરથી :-

સામાન્ય રીતે કોઇપણ વંશ પોતાના સ્થાપકના નામ પર વધુ આધાર રાખતો હોય છે. મોટા ભાગના વંશો આવા મૂળ પુરુષ પરથી જ ઓળખાય છે. યદુ, સમા અને સુમરા વ્યક્તિઓજ હતી. તેથી એક મત એવો છે કે, જાડેજા નામનો કોઇ પુરુષ થયો હોવો જોઇએ. આજથી દોઢસો બસો વર્ષ પહેલાં એમ કહેવાતું કે કેરને જાડેજા અને જુડબન નામના બે પુત્રો હતા. તેમાં જાડેજાના નામ પરથી આ વંશને જાડેજા નામ

---

૬. કેમ્બ્રીજ હિસ્ટ્રી ઓફ ઇન્ડિયા, વોલ્યૂમ ત્રીજું, પૃષ્ટ-૩૦૬.

મળ્યું. આ માન્યતાને શ્રીમદ ભાગવતનો ટેકો છે, એમ પહેલાં કહેવામાં આવતું તેથી જ્યારે કર્નલ ટોડે ભુજની મુલાકાત લીધી ત્યારે તેણે પોતાની રૂબરૂ પંડિતોને બેસાડીને તપાસ કરાવેલી. ટોડને શ્રીમદ ભાગવતમાં ક્યાંય જાડેજા અને જુડવનનો પત્તો લાગેલો નહિ.[૭] તેથી આ મત કોઇક ચાલી આવતી માન્યતા પર બંધાયેલો લાગે છે.

૨. દરબારી મત :-

કચ્છના પોલિટિકલ એજંટે તા. ૩૧-૫-૧૮૪૯ માં કચ્છ દરબારને એક પત્ર લખેલો તેમાં પાંચ પ્રશ્નો પૂછેલા. તેમાંનો પહેલો પ્રશ્ન એ હતો કે, જાડેજા નામ શાના આધારે પડ્યું ? તેના જવાબમાં કચ્છ દરબારે જણાવેલું કે, અમારા પૂર્વજો જદુ દેવતાઓના વંશજ હતા. જાડેજાઓ પણ તેમનાજ વંશજ છે. તેથી જદુ ઉપરથી જ જાડેજા થયું તેમ નહિ પણ જાડેજા જ જદુ વંશના છે અને અમે પણ જાડેજા છીએ તેમ તાર્કિકરીતે પોતાને તથા યાદવોને એક સાબીત કરવાનો પ્રયત્ન આમાં દેખાય છે. પરમારો, ચાલુક્યો, પ્રતિહારો અને ચૌહાણો, આ ચારે વંશ પોતાને અગ્નિવંશી માને છે. તો શું એ ચારેને એક માની શકાય ખરા ? ચૌહાણોને ચાલુક્યો કે ચાલુક્યોને પરમારો ગણી શકાય નહિ. તેજ રીતે ચુડાસમા, ભટ્ટી, સમા અને ચગદાઓને અરસપરસ એકનામે ઓળખી શકાય નહિ. કારણ કે આ ચારે જાતિઓ અલગ છે. જો કે કચ્છ દરબાર એજ પત્રમાં બેલડાંનો સિધ્ધાંત અને જાડાના દત્તકના સિધ્ધાંતનો આગળ ઉલ્લેખ કરે છે.[૮] ટૂંકમાં કચ્છી દરબારની આ વિષય પર કોઇ સ્પષ્ટ વિચારસરણી નથી.

૩. યાદવપરથી :-

શ્રી. શંભુપ્રસાદ દેશાઇ જણાવે છે કે, યાદવો ભારત છોડી પશ્ચિમ એશિયામાં ગયા ત્યારે શ્રી. કૃષ્ણના અનેક નામો શ્યામ, કહાન, યદુવીર, યાદવેન્દ્ર વગેરે લઇ ગયા. યાદવો સોમવંશીય તેથી સોમ તેમને

---

૭. સ્વદેશ દીપોત્સવી, સં. ૧૯૮૦, પૃષ્ટ-૬૪ અને ૬૫.

૮. બોમ્બે ગવર્નમેન્ટ સિલેકશન નં. -૧૫, ન્યુસીરીઝ, પૃષ્ટ-૨૦૭ અને ૨૦૮.

પ્રિય તેને લીધે સોમ કે શ્યામ પરથી યાદવકુળમાં સમા પ્રચલિત થયું અને તે સાથે યાદવ માંથી જાદવ અને તેમાંથી જાદા કે જાદે થયું. શ્રી. દેશાઇ આગળ નોંધે છે કે, જાડા પુરુષના પુત્રને વાસ્તવમાં જાડેજા કહેવામાં આવ્યો નથી. જાડેજાનો અર્થ સ્પષ્ટ અને સરળ છે. જાડાએ યાદવ - જાદવનું ટૂંકું નામ છે. અને જાદવનો પુત્ર કે વંશજ તે જાડેજા.[૯]

૪. જાડા પરથી :-

લાખિયાર ભડથી સાતમી પેઢીએ નગરસમઇની ગાદી પર જામ જાડો કે જાડા નામનો શાસક થયો. તેને અકબરના સમયમાં જાડેજાઓનો મૂળ પુરુષ માનવામાં આવતો.[૧૦] યદુ, સામ, સુમરા પરથી વંશના નામ પડયાં તેમ જાડા પરથી આવું કોઇ નામ પડે તે બનવા જોગ છે.

જેમ્સ વિલસન પણ આ મતને ટેકો આપે છે. અને આગળ જણાવે છે કે, જ્યારે ફતેહમહમદે જાડેજાઓ મહાભારતના યાદવો માંથી ઉતરી આવ્યા તેવું અંગ્રેજો સાથેના કેટલાક પત્રોમાં જણાવ્યું ત્યારે જાડેજાઓએ વિરોધ કરેલો.[૧૧] મુંબઇ ગેઝેટિયરકાર પણ માને છે કે તેઓ -સમાઓ- જાડાને લીધેજ જાડેજાઓ તરીકે ઓળખાયા.[૧૨] આ મતને ગોંડળના સાધનો પણ ટેકો આપે છે.[૧૩] શ્રીમતી પોસ્ટન્સ પણ જાડાના વંશજો જાડેજા થયા એવા મત પર આવે છે.[૧૪] શ્રી. એ. જી. શેઠ પણ જાડેજા લોકો એટલે જાડાના સંતાન એવું જણાવે છે.[૧૫]

---

૯. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ટ-૧૯૫ અને ૧૯૬.
૧૦. આઇન-ઇ-અકબરી, ગ્રંથ બીજો, પૃષ્ટ-૨૪૯.
૧૧. સપ્રેશન ઓફ ઇન્ફેન્ટીસાઇડ, પૃષ્ટ-૧૬૮ ની પાદનોંધ.
૧૨. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સિ, વોલ્યૂમ-૫ મું, પૃષ્ટ-૫૮.
૧૩. હિસ્ટ્રી ઓફ ગોંડળ, પૃષ્ટ-૨.
૧૪. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૩૨.
૧૫. કચ્છ વૃતાંત, પૃષ્ટ-૧૪.

૫. ઝાડો નાખવો :-

કચ્છ અને તેને અડીને આવેલા વઢિયાર ઇત્યાદિ પ્રદેશોમાં કોઇ બાળક માંદુ પડે તો માતાજીનો ઝાડો નાખવાનો રિવાજ છે. કર્નલ ટોડના નોંધ્યા પ્રમાણે હાલાને સાત પુત્રો હતા. તેમાંથી છ મરી ગયા ત્યારે સાતમો બિમાર પડયો, ત્યારે મોરના પીંછાથી એક સાધુએ ઝાડો નાખીને બચાવ્યો ત્યારથી તે જાડેજા કહેવાયા.[૧૬]

૬. બેલડા :-

નગર સમઇના લાખિયાર ભડની સાતમી પેઢીએ વેરેંજી થયા. તેમના રાણી રૂપાંજીબા ચૌહાણને પેટે બે કુંવરો જનમ્યા, તેમાંના એકનું નામ લાખો હતું અને બીજાનું નામ લાખિયાર હતું. સિંધી ભાષામાં બેલડાને માટે "જાડા" શબ્દ છે તેથી તેના વંશજો પણ જાડેજા કહેવાયા. આ મતને એક કચ્છી લોકગીતનો ટેકો છે.[૧૭] છતાંય કોઇ બુધ્ધિશાળી કવિની કલ્પના જેવો આ મત છે.

૭. યૌધેય પરથી :-

યૌધેય ગણરાજ્ય પરથી જાડેજા થયું હોય તેમ મુંબઇ ગેઝેટિયરનો કરતા માને છે.[૧૮] તે મુજબ યૌધેય પરથી જૌડેય અને પછી જાડેજા થયું.[૧૯] આમેય ભારતમાં "ય" નો "જ" સહેલાઇથી થઇ શકે છે. દા. ત. યદુ નું જદુ અને યમુનાનું જમના. ગેઝેટિયરકારના જણાવ્યા મુજબ વલભીના મૈત્રક વંશના પતન પછી યૌધેયોએ કચ્છમાં પ્રવેશ કર્યો અને ત્યાંથી આહિરોને

---

૧૬. પશ્ચિમ ભારતકી યાત્રા, પૃષ્ટ-૬૭૨.

૧૭. આ લોકગીત આ પ્રમાણે છે :-

લાખોને લાખિયાર બ ભા જનમ્યા જાડા,
વેરેં ધર લાખો વડો જે દુ જાડેજા.

૧૮. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ-૧, ભાગ-૧, પૃષ્ટ-૧૩૭ અને ૧૩૮.

૧૯. ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ -ગો. હા. દેશાઇ-, પૃષ્ટ-૧૨૮.

સૌરાષ્ટ્ર તરફ કાઢયા. ક્ષત્રપોના લેખોમાં પણ યૌધેયોને આહીરોના પડોશી તરીકે બતાવ્યા છે. તેથી કાંઇ જાડેજાની ઉત્પત્તિનો જવાબ નથી મળતો. આ મત પણ પ્રતીતિકર લાગતો નથી.

૮. દત્તક લીધા :-

વેરૈજીના ભાઇ જાડાને કાંઇ સંતાન નહોતું તેથી તેણે વેરૈજીના મોટા પુત્ર લાખાને દત્તક લીધો. તેણે તેથી પોતાના વંશજોનું નામ "જાડાના" રાખ્યું. સિંધી ભાષામાં છઠ્ઠી વિભક્તિના નિયમ મુજબ તેનું જાડેજા થયું.[૨૦] કચ્છીમાં પણ છઠ્ઠીનો પ્રત્યય "જા" છે જે મરાઠીના "ચા" ની બહુજ નજીક છે. આ પ્રત્યેયો મૂળ સંસ્કૃતના "ત્યક" પરથી ઉતરી આવ્યા છે.

૯. જાડાણી :-

લાખાને લાખા જાડાણી તરીકે પણ ઉલ્લેખવામાં આવ્યો છે. જામ લાખા પહેલાં પણ "આણી" પ્રત્યયથી પિતાના નામે ઓળખાણો થતી.[૨૧] પછી તેના વંશજો પણ એ નામે ઓળખાતા. દા. ત. ફૂલાણી, સમાણી. તેથી લાખાને શરુઆતમાં જાડાણી તરીકે ઓળખવામાં આવ્યો હોય અને એમાંથી તેના વંશજોને જાડેજા નામ મળ્યું હોય તે સંભવિત છે. એ યુગમાં મૂળ નામને તોછડાં કરવાનો રિવાજ હતો. દા. ત. પ્રતાપને પલ્લી, લાખાજીને લાખો, નોત્તિયારને નોતો, સામપતને સમો, ફતેહમહમદને ફતો. એજ રીતે લાખાને પણ લાખો જાડાણી, લાખો જાડો કે લાખો જાડેજો કહ્યો હોય. અને અંતે તેમાંથી તેના વંશ માટે "જાડેજા" શબ્દજ બાકી રહ્યો હોય.

૧૦. હીંગળાજ માતાના જડબામાં સંતાયા :-

કર્નલ વોકરે પોતાના સમયમાં એક પ્રચલિત દંતકથા નોંધી છે. તે મુજબ યાદવાસ્થળી માંથી ચાર યાદવો નાસીને હીંગળાજ માતાના શરણે

---

૨૦. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૯૧.
૨૧. ઓઝા નિબંધ સંગ્રહ, ભાગ-૧ લો, પૃષ્ટ-૨૦૮.

ગયા. માતાએ તેમાંના એકને પોતાના જાડામાં -મોમાં- સંતાડયો તે જાડેજો કહેવાયો. બીજાને ચુડામાં તે ચુડાસમો, ત્રીજાને ચાકળામાં તે ચગદો તથા ચોથાને ભઠ્ઠીમાં સંઘર્યો, તે ભટ્ટી કહેવાયો. આ દંતકથાનું કોઇ ઐતિહાસિક મૂલ્ય નથી અને આ અહેવાલ ખોટો સાબિત થયો છે. ૨૨

વંશના નામમાં વ્યક્તિનું મહત્વ :-

આમ જાડેજાઓની ઉત્પત્તિને લગતા ઉપરોક્ત ૧૦ મતો મળે છે. તેમાં કેટલાક તો ચમત્કારપૂર્ણ હોવાને લીધે આપોઆપ અસ્વીકાર્ય બને છે. દા.ત. હીંગળાજના જડબામાં સંતાયાનો મત. આ સિધ્ધાંતમાં રહેલી દંતકથા, દંતકથાથી વિશેષ કાંઇ નથી. દંતકથામાં પ્રયોજાયેલ શબ્દો જાડા, ચુડા, ચાકળો અને ભઠ્ઠી આધુનિક શબ્દો છે. તેમનો દંતકથામાં અનુક્રમે જાડેજા, ચુડાસમા, ચગદા તથા ભટ્ટી રજપૂતો સાથે મારી મચડીને સંબંધ સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એજ રીતે દત્તક લેવાના સિધ્ધાંતને કોઇ દસ્તાવેજી પુરાવાનો આધાર નથી. સંબંધિત વ્યક્તિઓની ઐતિહાસિકતા શંકાસ્પદ છે. તેથી સ્વાભાવિક લાગતા આ મતનો સ્વીકાર થઇ શકતો નથી.

એજ રીતે મુંબઇ ગેઝેટિયરનો યૌધેય માંથી જાડેજા થયું તે મત ગુજરાતી ભાષાના "ય" નો "જ" ઉચ્ચાર થવાના સિધ્ધાંત પર જ આધારિત છે. તેથી અસ્વીકાર્ય બને છે. બેલડાનો સિધ્ધાંત પણ દસ્તાવેજી પુરાવાની અપેક્ષા રાખે છે. બેલડાં ન જનમ્યાં હોય અને પાછળ છેક અર્વાચીન યુગમાં પણ "જાડેજા" પરથી બેલડાના સિધ્ધાંત પર જઇ શકાય. તેથી આ મત પણ અસ્વીકાર્ય બને છે.

ઝાડો નાખીને માંદગી માંથી ઉગારવાની વાતમાં નર્યા અસ્વીકાર સિવાય બીજું કાંઇ નથી. યાદવ પરથી જાડેજા થયાનો શ્રી. શંભુપ્રસાદ દેશાઇનો સિધ્ધાંત જાડેજા યાદવો માંથી ઉતરી આવ્યા જ છે તેવા સ્વયંસિધ્ધ સિધ્ધાંત પર આધારરાખે છે. એટલે જ્યાં સુધી

---

૨૨. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ટ-૧૯૮.

જાડેજાઓ યાદવો હતા એની ઐતિહાસિક પ્રતીતી ન થાય ત્યાં સુધી આ મતનો વિચાર ન થઇ શકે.

દરબારી દૃષ્ટિકોણમાં પણ જાડેજાઓ યદુના વંશજ છે, એમ સ્વીકારીને પોતાને જાડેજા સિધ્ધ કર્યાં છે જેનો પણ સ્વીકાર ન થઇ શકે.

કોઇપણ વંશના નામનો દસ્તાવેજી પુરાવો મેળવવો મુશ્કેલ છે. કારણ કે વંશનું નવું નામ બહુજ સ્વાભાવિક ક્રમમાં વ્યક્તિના વારસોને મળે છે. એમાં મૂળ વ્યક્તિ મહત્વનો ભાગ ભજવે છે. સામાન્ય રીતે જાતિગત નામોમાં સ્થળ અને વ્યક્તિ બેજ અગ્રસ્થાને હોય છે.

કચ્છને લાગે વળગે છે ત્યાં સુધી તેની લગભગ તમામ ઐતિહાસિક જાતિઓનાં નામ વ્યક્તિ પરથીજ ઉતરી આવેલાં દેખાય છે. દા. ત. ગજાણી, અજાણી, ઓઠાર, જેઠાણી, નોતિયાર, અબડા, મોડ, કેર.. વગેરે. તેથી "જાડેજા" નામ આવી કોઇ વ્યક્તિ પરથી આવ્યું હોવાનો સંભવ છે. અને તેથીજ જાડેજાઓની ઉત્પત્તિને લગતા ત્રણ સિધ્ધાંતો તો વ્યક્તિ પરજ આધારિત છે. એક વ્યક્તિનું નામ તો "જાડેજા" જણાવવામાં આવે છે. આ નામ ઘણું પ્રાચીન નથી. અને જે દંતકથામાં આ મત છે તે પોતે પણ દોઢસો વર્ષથી વધારે જૂની નથી. તેથી એ વખતનો પ્રચલિત જાતિવાચક શબ્દ જ પૂર્વજના નામ માટે ઉપયોગમાં લેવાઇ ગયો. આમ વ્યક્તિ ગમે તે હોય પણ જાડેજા નામ વ્યક્તિ પરથી આવ્યું છે.

જાડા પરથી જાડેજા થયું એ સિધ્ધાંતમાં આવતી વ્યક્તિ જાડો કે જાડા અકબરના યુગ જેટલી તો ઓછામાં ઓછી પ્રાચીન છે. કદાચ તેનું મૂળ નામ જુદું હોય. એજ રીતે "જાડાણી" એ જાડેજાઓનો પર્યાય છે. અને મૂળમાંતો વ્યક્તિ પરજ આધારિત છે. તેથી "જાડેજા" શબ્દ વ્યક્તિ પરથી આવ્યો છે. એ વ્યક્તિ અકબર કરતાં પ્રાચીન હોવાથી એનાં સાચા નામનો ખ્યાલ આવતો નથી. વળી જે જાતિ સાથે તેનો સંબંધ છે તે જાતિનું મહત્વ સ્થાનિક રાજકારણ પૂરતુંજ મર્યાદિત હોવાને લીધે વિશેષ આધારો મળતા નથી.

જાડેજાઓનો વંશ :-

હવે જાડેજાઓનો વંશ કયો તે નક્કી કરવાનો પ્રયત્ન કરીએ.

૧. યાદવ વંશી :-

સામાન્ય રીતે જાડેજાઓ પોતાને શ્રી કૃષ્ણના વંશજો-યાદવો ગણે છે. અને પોતાનું ગોત્ર અત્રિ આપે છે. આના આધાર તરીકે પરા-પૂર્વથી સચવાઇ રહેલી વંશાવળી બતાવે છે. પરંતુ આજનો ઇતિહાસ એ સ્વીકારવા તૈયાર નથી. યાદવો માટે આભિલેખિક સામગ્રી ઓછી મળે છે. નજીકના ભૂતકાળના યાદવો વિશે પણ આવી માહિતી નહિવત છે. પ્રભાસ પાટણના મ્યુઝિયમમાંના એક શીલાલેખમાં યાદવવંશના ત્રણ ભીમોનો ઉલ્લેખ છે.[૨૩] એક કચ્છી લેખકના મત મુજબ બે ભીમ અણહિલવાડ પાટણમાં થયા જ્યારે ત્રીજો ભીમ જાડેજાઓની લાખિયાર વિયરાની ગાદીમાં થયો.[૨૪]

અણહિલવાડના ભીમ ચાલુક્યો હતા અને ચાલુક્યો યાદવો નહોતા. કારણ કે તેઓ પોતાને બ્રહ્માના "ચલુક" ખોબા માંથી ઉત્પન્ન થયેલા માનતા હતા. જાડેજાઓની વંશાવળીમાં ખેંગારજી પ્રથમના પિતામહ તરીકે ભીમ આવે છે. પણ આ ભીમને લાખિયાર વિઅરા સાથે કોઇ સંબંધ નથી. ટૂંકમાં આ ભીમને જાડેજા તરીકે ગણવાનો પ્રયત્ન અપ્રસ્તુત છે. ટૂંકમાં જાડેજાઓ યાદવ વંશી હતા એમ કહેવા માટે કોઇ સાધન નથી. જેમ ભારતના પ્રસિધ્ધ અન્ય શાસકોના મૂળ વિશે બન્યું છે તેમ જાડેજાઓનું પણ થયું છે.

---

૨૩. મૂળ લેખ આ પ્રમાણે છે :-
અહો પ્રસિધ્ધઃ કિલ યાદવાનાં,
વંશા વતંસો હિ વસુંધરાયા : ।
યત્રા ભવત ભીમ નૃપારિભીમ,
શ્રી ભીમચિતો જનેષુ ભીમઃ ।

૨૪. સ્વદેશ દીપોત્સવી વિ. સં. ૧૯૮૦, પૃ૭૮-૬૧.

૨. ચંદ્રવંશી :-

વળી યાદવોને ચંદ્રવંશીય ગણવામાં આવ્યા છે. અબુલફઝલે પણ જાડેજાઓના સંબંધમાં તેની નોંધ લીધી છે. ચંદ્રવંશી યાદવ ક્ષત્રિયોની શાખાના જાડેજાઓ હતા તેમ શ્રી. ગૌ. હી. ઓઝા માને છે.

૩. સમુદ્રવંશી :-

એક મારવાડી લોકગીતમાં લાખા ફૂલાણીને સમુદ્રનો પુત્ર કહ્યો છે.[૨૫] તેથી સમા-જાડેજાઓ સમુદ્રવંશી હોવાનું અનુમાન કરીએ પરંતુ રાજસ્થાનમાં દરિયો ન હોવાથી કચ્છી શાસકને સમુદ્રપુત્ર તરીકે ઓળખાવે તે સ્વાભાવિક છે.

આગળ જોયું તેમ શાસકોના વંશ નિર્ણયો ઘણાજ ગુંચવાડા ભર્યાં હોય છે. અને પોતાનું જાતિગત અભિમાન પોષવા માટેજ શ્રી. કૃષ્ણ, ચંદ્ર, અગ્નિ કે સૂર્ય સાથે તેમનો સંબંધ જોડી દેવામાં આવે છે. તેથી જાડેજાઓના વંશ માટે પણ આગળ વધવું મુશ્કેલ છે.

સિંધ માંથી કચ્છમાં :-

લાખા ફૂલાણીના ભત્રીજા પુઅરાના મૃત્યુ પછી કોઇ વારસ નહોતો. તેથી તેની વિધવા રાજેએ નગર સમઇથી મૂળ શાખાના પ્રખ્યાત લાખા જાડેજા પ્રથમને બોલાવી લીધો અને તેનું કચ્છનું રાજ્ય સોંપ્યું. આ બનાવ ને કોઇ ઐતિહાસિક આધાર નથી. તેનું સ્વરુપ દંતકથાત્મક રીતે જળવાઇ રહ્યુંછે. પણ ખરી વસ્તુ તો અબુલફઝલ નોંધે છે તેમ, જામ લાખા અને તેના જાડેજા સાગરીતોને ૧૫ મી સદીની આસપાસ સિંધમાં રહેવાનું અશક્ય બન્યું. પરિણામે તેઓને કચ્છ આવવું પડયું તે છે.

---

૨૫ લાખા પુત્ર સમુદ્રકા ફૂલ ધરે અવતાર,
પારેવાં મોતી ચુગે લાખારે દરબાર;
પલ્લાણી હીરે જડી સૂરત પંચ્ચાણી,
પશ્ચમ હિન્દો પાતશા લાખો ફૂલાણી.

જામ લાખાનો કોઇ દસ્તાવેજી કે સમકાલીન કૃતિમાં ઉલ્લેખ નથી મળતો. સિંધમાં છેલ્લો સમાશાસક સમકાલીન ફારસી ઇતિહાસકારોના જણાવ્યા પ્રમાણે ફિરોઝ હતો. તેને સિંધ માંથી શાહબેગ અરધુને ખસેડયો હતો.[26] જામ લાખો જાડેજો આ ફિરોઝનો સામંત હોય અને સાર્વભૌમની હાર પછી કદાચ લાખાને પણ સિંધ છોડવું પડયું હોય. ફિરોઝને ગુજરાતની સલ્તનતમાં અમીર તરીકેની તક મળી ગઇ ત્યારે લાખો નશીબ અજમાવવા કચ્છમાં આવ્યો હશે. આ વખતે લાખા ફૂલાણીના મરણ પછી પશ્ચિમ કચ્છમાં સત્તાનું શૂન્યાવકાશ હતું જે લાખા જાડેજા અને તેના ચુનંદા સાથીઓએ પુરી દીધું.

ઐતિહાસિક કાળનો ઉગમ :-

શ્રી. કે. કા. શાસ્ત્રી માને છે તેમ વિ. સં. ૧૨૦૩ માં સિંધના નગર સમઇથી આવીને લાખા જાડેજાએ કચ્છમાં લાખિયાર વિયરોમાં સત્તા જમાવી.[27] તેના પછી અનુક્રમે જામ રાયધણ, ઓઠો, ધાઓ, વહેણ, મૂળવો, કાંયો, આમર અને ભીમજી નામના શાસકો થયા. આ બધાયના અસ્તિત્વને કોઇ ઐતિહાસિક આધારપર સાબીત કરી શકાતું નથી. શ્રી. દુ. કે. શાસ્ત્રી તો આ શાસકોને લાખા ફૂલાણીના વંશ સાથે જોડવામાં શંકા ઉઠાવે છે. ટૂંકમાં કચ્છનો સાચો ઇતિહાસ જામ હમીરજીથી શરુ થાય છે.[28]

જામ હમીરજી :-

ઔરંગઝેબના સેનાપતિ તથા જોધપુરના મહારાજા જશવંતસિંહના મુખ્ય પ્રધાન મૂહણોત નૈણસીએ પોતાના સમય સુધીનો એટલે કે ઇ. સ. ૧૬૬૬ નો ઇતિહાસ-ખ્યાત લખી છે. તેમાં હમીરજી વિશે વિગતે માહિતી અપાઇ છે. તેને કચ્છની પ્રચલિત દંતકથાઓ પણ ટેકો આપે છે. છતાંય

૨૬. ભારતીય વિદ્યા ભવનનું દિલ્હી સલ્તનત, પૃષ્ટ-૨૨૬.
૨૭. અસાં - જો - કચ્છ, પૃષ્ટ-૪૧.
૨૮. ઐતિહાસિક સંશોધન, પૃષ્ટ-૭૦૦ અને ૭૦૧.

હમીરજીનું મહત્વ એક ગુરુતમ પુત્રના લઘુતમ પિતા તરીકે હોવાથી તેના ઉલ્લેખો સારા મળે છે. આ હમીરજીને મારીને જામ રાવળ ગાદીએ આવ્યા.

ખેંગાર પ્રથમ :-

હમીરજીના ખૂન પછી તેના યુવાન પુત્ર ખેંગારે ગુજરાતના એ વખતના સુલતાન મહમદ બેગડા પાસે સામંત અને શાળા તરીકે મદદ માગી જેને કારણે જામ રાવળને કચ્છ છોડીને હાલારમાં ખસી જવું પડયું અને કચ્છના શાસક તરીકે ખેંગારજી પ્રથમ આવ્યા.

રાવનો ખિતાબ :-

ખેંગારજી પહેલાનું કચ્છના ઇતિહાસમાં વિશેષ મહત્વ છે. ભારતના ઇતિહાસમાં ચંદ્રગુપ્ત પહેલો જેટલું મહત્વ ધરાવે છે તેટલું મહત્વ કચ્છના ઇતિહાસમાં ખેંગારજી પહેલા ધરાવે છે. કચ્છીઓએ તેમને "કચ્છના - કાર્તિકેય" કહીને યોગ્ય અંજલી આપી છે.[૨૯] કચ્છનું રાજકીય એકીકરણ પુરું કરનાર તે કચ્છી બિસ્માર્ક હતો. તેને પણ બિસ્માર્ક જેટલાંજ યુધ્ધો લડવાં પડયાં હતાં. કદાચ તેનાં યુધ્ધોની ભયંકરતા સેડાન તથા સેડોવા જેવી નહિ હોય.

તેણે ભુજની ગાદી પર એક નવા વંશની સ્થાપના કરી જેને આપણે "રાવવંશ" તરીકે ઓળખાવી શકીયે. કારણ કે અત્યાર સુધી જામનું વિદેશી બિરુદ ધારણ કરતો કચ્છનો શાસક હવે પોતાને રાવ તરીકે ઓળખાવે છે. કચ્છે દિલ્હીથી સ્વતંત્ર થયેલી અહમદશાહી સલ્તનતને પોતાના સાર્વભૌમ તરીકે સ્વીકારવાના બદલામાં "રાવ" ખિતાબ મેળવી લીધો હોય તે સંભવિત છે. એટલુંજ નહિ આ પ્રસંગથી જામ રાવળ નો કોઇ દાવો કચ્છ પર નથી રહેતો તેવું સૂચિત થતું હતું.

---

૨૯. કચ્છ સ્વસ્થાનની વનસ્પતીઓ અને તેની ઉપયોગિતા, પૃષ્ટ- ૧૫ અને ૧૬.

"રાવ" ખિતાબનું મહત્વ:-

ટૂંકમાં રાવના ખિતાબે રાવળને પણ પોતાનું શું સ્થાન છે તે બતાવી આપ્યું, કારણ કે મુંબઇ ગેઝેટિયર નોંધે છે તેમ "રાવ" કરતાં "રાવળ" નીમ્ન સ્તરનો ખિતાબ હતો.[૩૦] જ્યારે "રાવ" એ "રાજા" ની સમકક્ષ હતો. આ ખિતાબ વંશનો વડોજ ધરાવી શકતો. રાજાઓ, રાણાઓ, રાવો અને રાવલોના પુત્રો "કુંવર" કહેવાતા. આ કુંવરોના પુત્રો "ઠાકુર" ગણાતા. આમેય રાવળ શબ્દ રાવ + ઉલ = રાઓલમાંથી અપભ્રંશ થઇને આવ્યો છે. ડ, અલ, ઉલ્લ કે ઉલ જેવા પ્રત્યયો લઘુતાવાચક છે.

રાવનું મૂળ :-

જે. ક્રીસ્ટે નામના એક વિધ્વાનના મતે કેટલાક સેમીટીક સિકાઓ પર "રાવ" શબ્દના મૂળ જેવો "એરુ" શબ્દ છે. તેનું અસિરિયનોએ "રેવુ" કરેલું. ડેલીક નામનો જર્મન વિધ્વાન તેનો અર્થ "ભરવાડોનો રાજા" કરે છે.[૩૧] આ રીતે જો "રાવ" શબ્દનું મૂળ મધ્ય એશિયાઇ હોય તો કચ્છ સુધી પથરાએલી માલધારી પ્રજા આ અર્થને ટેકો આપે છે. વળી ભારોપીય ભાષા-ભુમિકામાં આવા ઘણા સમાન શબ્દો મળે છે. તેથી કચ્છના શાસક માટે "રાવ" બિરુદ બંધબેસતું ગણાય.

રાવનો ઉચ્ચાર કચ્છમાં વર્ષો સુધી "રાઉ" તરીકે થતો હતો.

---

૩૦. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી, વોલ્યૂમ પહેલું, ભાગ પહેલો, પૃષ્ટ-૨૧૫

૩૧. ધી જરનલ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યૂમ-૬૩, પૃષ્ટ-૫૩૮.

૧૭ મી સદીના લેખો[32] અને ઓગણીસમી સદીના લેખો[33] માં પણ "રાઉ" જ વંચાય છે. જ્યારે કેટલાક લેખોમાં "રાજ" શબ્દ રાવની જગ્યાએ મૂકવામાં આવતો.[34]

---

૩૨. રાવશ્રી રાયધણજી પહેલાના કુંવર પ્રાગજીના વિ.સં.૧૭૪૨ ના અંજારગઢના લેખની બીજી, ત્રીજી અને ચોથી પંક્તિ આ પ્રમાણે છેઃ-

.... અંજાર સ્થાને શ્રી. અજેપાળ રાઉશ્રી રાય
ણજી કુઅર શ્રી પ્રાગજી અંજારનો
ગઢ કરાવો ....

કંથકોટના સૂર્ય મંદિરના પૂર્વ ભાગના કોટડામાંના પથ્થરના ટૂકડાઓ માંથી એક ૭ x ૬ x ૧૬ ના ચોરસા પરના વિ.સં. ૧૭૧૬ ના લેખની ચોથી અને પાંચમી લીટી આ પ્રમાણે છેઃ-

શ્રી. હાલાજી .... રાજ મધે રાઉ શ્રી તમા
ચીજીના રા ..... ચરણે પીર.

૩૩. અંજારના અજેપાળ મંદિરના વિ.સં. ૧૮૭૭ ના લેખની ચોથી, પાંચમી અને છઠ્ઠી લીટી આ પ્રમાણે છે :-

.... અજારે કચ્છ મધ્યે રાઉ શ્રીજી દેસલ
વારમા પીરશ્રી જાત્રા કમગરે શ્રી
અજ પાલની - દેરુ કરાવ્યું છે.

૩૪. રવેચી માતાના મંદિરની ગૌશાળામાં પડેલા વિ.સં. ૧૭૨૮ ના એક પાળિયાની ત્રીજી, ચોથી અને પાંચમી લીટી આ પ્રમાણે છેઃ-

.... આષો જ ધાએ આવી રામ સરણ થઓ
છે રાજશ્રી રાયધણજીન ... નારે
પાલીઉ માંડુ છે .....

ખેંગારજી પ્રથમ પછી :-

ખેંગારજી પછી ભુજની ગાદીએ ભારમલજી, ખેંગારજી બીજા, તમાચી, રાયધણ પ્રથમ અને પ્રાગમલ્લ પ્રથમ આવ્યા. આ ચારે શાસકોમાં પ્રાગમલ્લજીનો ઇ. સ. ૧૬૯૮ થી ૧૭૧૬ નો સમય મહત્વનો હતો. કારણ કે આ વખતે કચ્છે પડોશી રાજ્યોમાં દરમ્યાનગીરી કરવાની શક્તિ પ્રાપ્ત કરી. જેમાંથી અંતે તેઓ "મહારાવ" નો વિખ્યાત ખિતાબ ધારણ કરતા થયા.

મહારાવ :-

જામનગરમાં જામરાવળની ૬ ઠ્ઠી પેઢીએ રાજ્યકરતા જામ રણમલ નું ઇ. સ. ૧૬૬૪ માં મરણ થયું. લાખા નામના એક રાઠોડી રાણીના પેટે અવતરેલ કુંવરને તેની પાછળ ગાદીએ બેસાડવાના પ્રયત્નો થયા. પણ રણમલનો ભાઇ રાયસિંગ કચ્છના રાવ તથા બીજા જાડેજાઓની મદદથી ગાદીએ બેઠો. તેથી રણમલની વિધવા તથા મલિક ઇસા નામનો નોકર લાખાના હક્ક માટે સોરઠના ફોજદાર કુતબુદ્દીનખાન પાસે આવ્યા.[૩૫] એ વખતે કુતબુદ્દીનખાન અમદાવાદમાં કામચલાઉ સૂબો હતો. છેવટે આ પ્રશ્ન સમ્રાટને સોંપાયો. સમ્રાટે નિર્ણય આપ્યો કે રાઇસિંહ પાસેથી ગાદી પડાવી લેવામાં આવે અને બાળભત્રીજા સતાજીને ગાદી આપવામાં આવે.[૩૬]

કુતબુદ્દીનખાને નવાનગર જઇ યુધ્ધ કરીને રાયસિંહને મારી નાખ્યો. નવાનગર કબજે કરીને તેનું નામ ઇસ્લામપુર રાખ્યું. રાયસિંહનો પુત્ર તમાચી નાની ઉંમરનો હતો. તે નાશી ગયો અને કચ્છમાં આશરો લઇ રહ્યો.[૩૭] રાયસિંહે જામનગરમાં બે વર્ષ રાજ્ય કર્યું. ખંભાળિયા પાસે તેનો પાળિયો છે.

---

૩૫. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી, વોલ્યુમ પહેલું, ભાગ પહેલો, પૃષ્ટ-૨૮૩.
૩૬. એ હિસ્ટ્રી ઓફ ગુજરાત, વોલ્યુમ બીજું, પૃષ્ટ-૧૬૭.
૩૭. ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ, પૃષ્ટ-૧૦૧.

નવાનગરને ઇસ્લામનગર નામ આપ્યાની ખબર જ્યારે કચ્છમાં આશ્રય લઇ રહેલા તમાચીને પડી ત્યારે તે બળવો કરીને ઓખા મંડળ ગયો. યુધ્ધ ચાલુ રાખ્યું. તેની ૩૦૦૦ ની ફોજ કુતબુદ્દીનના પુત્ર મહમદ સામે હારી છતાં તે હિંમત ન હાર્યો. કારણ કે તેને કચ્છનો ટેકો હતો. પ્રાગમલ્લજીએ પોતાના પુત્ર ગોડજીને લડવા સાથે મોકલ્યો હતો.[૩૮] ગુજરાતમાં સુબા તરીકે મહારાજા જશવંતસિંહ આવતાં તેણે પોતાનો કેસ રજૂ કર્યો. પરિણામે તેના હક્કનો સ્વીકાર થયો. મોગલ સમ્રાટે પણ તેને માફી આપી.[૩૯] આમ નવાનગર કચ્છ સમર્થિત તમાચીને મળ્યું. તેથી કચ્છના રાવે "મહારાવ" નું બિરુદ ધારણ કર્યું.[૪૦] અને કચ્છે કરેલી મદદના બદલામાં તમાચીએ બાળંભાનો કિલ્લો કચ્છને આપ્યો.[૪૧] રાયધણ યુગમાં આ કિલ્લોજ ફતેહમહમદ માટે જામનગર પર ચાર સવારીઓ લઇ જવાનું કારણ બન્યો હતો.

"મહારાવ" નું મહત્વ :-

કચ્છને મન આ પ્રસંગનું વિશેષ મહત્વ હતું. કારણ કે છેક હમીરજી થી રાવ અને રાવળનો સંઘર્ષ ચાલતો હતો. રાજકીય સ્તરની દૃષ્ટિએ રાવ ચઢિયાતાજ ગણાતા હતા. પણ વ્યવહારમાં કોઇ નિર્ણાયક વિજય કચ્છને મળયો નહોતો. જામનગરે જામ રાવળ પછી કેટલીય વખત કચ્છ મેળવવાના અભરખા સેવ્યા હશે પણ તે અશક્ય હતું. રાયસિંગના મરણ પછી કચ્છને તક મળી ગઇ અને જામનગરને દુશ્મન બનાવ્યા સિવાય પોતે આ રીતે "મહારાવ" બની શક્યા. મોગલો સાથેના યુધ્ધમાં રાવ પ્રાગમલ્લ ના પુત્ર ગોડજીનો સારો સહકાર હતો. નહિતર તમાચી ૩૦૦૦ ની ફોજ તૈયાર કરી શકે નહિ. ઉપરાંત રાજા જશવંતસિંહેપણ અંતે વાસ્તવિકતાને

---

૩૮. કચ્છનો બૃહદ ઇતિહાસ, પૃષ્ટ-૯૬.
૩૯. એ હિસ્ટ્રી ઓફ ગુજરાત, વોલ્યૂમ બીજું, પૃષ્ટ-૧૬૮.
૪૦. સ્વદેશ દીપોત્સવી, વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ-૬૫.
૪૧. રાસમાળા, ભાગ બીજો, પૃષ્ટ-૫૪૭ અને કચ્છ સ્વસ્થાનની વનસ્પતી અને તેની ઉપયોગીતા, પૃષ્ટ-૧૬.

સ્વીકારી સમ્રાટનો અભિપ્રાય ફેરવ્યો હશે.

આમેય જામનગરનો વંશ કચ્છના ભાયાતનો વંશ હતો. ભાયાત સિવાયનાને ગાદી મળે તે કચ્છથી કેમ સહન થાય?[૪૨] ટૂંકમાં કચ્છે યુધિષ્ઠિર જેવી "વયં પંચાધિકમ શતમ" ની નીતિ અપનાવી. તમાચી જો સુબા તરીકે રહે તો તેને જામનગર શહેર સોંપી દેવાની લાલચ મોગલોએ આપેલી.[૪૩] પરંતુ પ્રાગમલજીને પોતાનો ભાઇ એવી ગુલામી કરે તે પસંદ નહિ હોય પરિણામે તમાચીએ અડધા પણ સ્વતંત્ર હાલારથી સંતોષ માન્યો. આમ પશ્ચિમ ભારતના આ દ્વીપકલ્પમાં સત્તાની સમતુલાનો નાનકડો પ્રયોગ કરીને ... વિજયી થઇને કચ્છ બહાર આવ્યું.

<u>અર્વાચીન યુગ</u> :-

પ્રાગમલ્લજીના પુત્ર ગોડજીના વખતમાં કોઇ અગત્યનો બનાવ બન્યો નહિ. પણ તેના પછીના શાસક દેશળજી પ્રથમના વખતમાં કચ્છની કીર્તિ સર્વોચ્ચ કક્ષાએ પહોંચી. કચ્છે મધ્યકાલીન અંધાળો ઝડપથી ફગાવીને રાજકીય તથા સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રગતિ કરી. રાજકીય રીતે મોગલ સુબા શેર બુલંદખાનના આક્રમણને પાછું હઠાવીને યશસ્વી સિધ્ધિ પ્રાપ્ત કરાઇ. ઓખાના વાઘેરોને વશ કરીને તેમની જ ભૂમિમાં કચ્છીગઢ બંધાવીને થાણું નાખ્યું. એજ રીતે સિંધમાં રાયમા બજારમાં કિલ્લો બાંધીને થાણું નાખ્યું. ભૂજિયો કિલ્લો બાંધીને આંતરિક રીતે કચ્છને મજબૂત કર્યું. ટૂંકમાં કચ્છના જાડેજા શાસકોમાં દેશળજી પ્રથમ "મહાન" હતા અને લોકો તેમને આજે પણ "દેશરા પરમેશરા" તરીકે યાદ કરે છે.

<u>મહારાજાધિરાજ</u> :-

દેશળજીના પુત્ર લખપતજીના વખતનો યાદગાર બનાવ કચ્છના શાસકો

---

૪૨. ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ અધિવેશન ગ્રંથ, પૃષ્ટ-૫૬.
૪૩. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી, વોલ્યૂમ પહેલું, ભાગ ૧ લો, પૃષ્ટ-૨૮૩.

ને મળેલ "મહારાજાધિરાજ" અને "મીરજા" નાં બિરુદો હતાં. મહારાજાધિરાજ ખિતાબ કાબુલના એ વખતના શાસક મહમદ શાહ પાસેથી કચ્છના એલચી તુલસીદાસે મેળવ્યો હતો.[૪૪] મહારાજાધિરાજ ખિતાબનો અર્થ એ વખતે "સ્વતંત્ર અને સાર્વભૌમ" થતો હશે કે કેમ તે શંકાસ્પદ છે. સિંધના એક ભાગ તરીકે કચ્છ પર અફઘાનીસ્તાનના શાસકોનો દાવો હતો. ઘણી વખત ગરજના માર્યા કચ્છના રાવોએ તે દાવાની રુએ મદદ પણ માગી હતી. તેથી જ્યારે જેમ્સ બર્ન્સ સિંધ ગયો ત્યારે સિંધના અમીરો કચ્છ જીતવાના મનસુબા સેવતા હતા.[૪૫] અંગ્રેજોએ કચ્છ જીત્યું કે તરતજ અફઘાનીસ્તાનના શાસકે બ્રિટિશ ગવર્નર જનરલ માર્કવીસ ઓફ હેસ્ટીંગ્ઝને એક પત્ર લખ્યો હતો. આ પત્રમાં નવાબ સુબુલંદખાનને કચ્છના શાસકનો ખિતાબ આપવામાં આવ્યો હતો.[૪૬] ટૂંકમાં અફઘાનીસ્તાન કચ્છને પોતાના સામ્રાજ્યમાં ગણતું હતું તેથી આ ખિતાબ મેળવીને લખપતજીએ વિદેશનીતિના ક્ષેત્રે સારી સફળતા હાંસલ કરી.

<u>મીરજા :-</u>

આવોજ બીજો ખિતાબ લખપતજીના વખતમાં તેમના સાચા સાર્વભૌમ મોગલ સમ્રાટ પાસેથી મળયો. તેને કારણે કચ્છની સાથે લખપતજીનું પણ મહત્વ વધી ગયું. આ ખિતાબ પ્રાપ્ત કરવા માટે પ્રથમ તેમણે દિલ્હીમાં પોતાનો એલચી મૂક્યો. પછી એક પછી એક પ્રતિનિધિમંડળો મોકલ્યાં. તેમની સાથે વિશ્વ વિખ્યાત કચ્છી ઘોડા અને ગુજરાતી બળદ તથા બીજાં નજરાણા અને અરજીઓ એ વખતના મોગલ સમ્રાટ ફિરદૌસ આરામગાહ પાસે મોકલી. આવીજ ભેટો તેણે સામ્રાજ્યના કારભારીઓ પર પણ મોકલાવી. આને લીધે છેવટે લખપતજીને એક મનસબ મળી અને તેને "મીરજા રાજા લખપત" નામના ખિતાબથી

---

૪૪. કચ્છનો બૃહદ ઇતિહાસ, પૃષ્ટ-૧૦૫ અને રાસમાળા, ભાગ-૨, પૃષ્ટ-૫૪૭.
૪૫. નેરેટીવ ઓફ એ વિઝીટ ટુ ધી કોર્ટ ઓફ સિંધ, પૃષ્ટ-૯૦.
૪૬. બર્ન્સ હિસ્ટ્રી ઓફ કચ્છ, સેક્સન ત્રીજું, પૃષ્ટ-૪૫.

સન્માનીત કરવામાં આવ્યો.[૪૭]

આ ખિતાબ ઘણોજ અગત્યનો હતો અને તે શરુઆતમાં મોગલ કુટુંબના માણસોનેજ અપાતો હતો. પછી તે વિશ્વાસુ-અંગત-જમણા હાથ જેવા માણસોને આપવામાં આવતો. આવો ખિતાબ જયપુરના મહારાજા જયસિંહ ધરાવતા હતા. તે પરથી તેના મહત્વનો ખ્યાલ આવે છે. તેનો ઉપયોગ "મહારાવ" ની સાથે કચ્છના લખપત પછીના શાસકોએ કર્યો હતો. "મહારાજાધિરાજ" શબ્દ અન્ય ઉલ્લેખોમાં ઓછો વપરાયો છે. પણ મીરજા તો સર્વસામાન્ય હતો.

આ ખિતાબ કોણે આપ્યો તે વિશે જુદા જુદા મોગલ સમ્રાટોનાં નામ મળેછે. કચ્છ દરબાર અહમદશાહ નામ આપે છે.[૪૮] મીરાતે અહમદી ફીરદૌસ આરામશાહ નું નામ આપે છે. શ્રી. નયગાંધી આલમગીર જણાવે છે.[૪૯] પણ એ તો હકિકત છે કે કચ્છના શાસકને આ ખિતાબ વિ.સં. ૧૮૦૩ માં મળ્યો. એ વખતે મહમદશાહ નામનો સમ્રાટ દિલ્હીપતિ હતો. શ્રી. નયગાંધી ખિતાબ આપવાનું કારણ કચ્છની મોગલ સમ્રાટને કરવામાં આવેલી લશ્કરી મદદ ગણે છે. આ મદદ માટે તેઓ કોઇ આધાર આપતા નથી. ટૂંકમાં મહારાવની અદમ્ય ઇચ્છા માંથી જ તે પ્રાપ્ત થયો હતો.

માહી મિરાતીબ યા માહે મુશતબ :-

લખપતજીને મીરજા ખિતાબની સાથે સાથે એક સોનાની માછલી પણ મોગલ સમ્રાટ તરફથી આપવામાં આવી હતી. તેને માહી મિરાતીબ કે માહે મુશતબ કહેવામાં આવે છે. આ માછલીનું હમણાં સુધી ભુજમાં સરઘસ કાઢવામાં આવતું. આ ઉપરાંત આ વખતે એક ઢાલ અને તલવાર પણ ભેટ અપાયેલી. આજે પણ તે આયના મહેલમાં આવેલા હીરામહેલની ગાદી પર પડેલી છે.

---

૪૭. મીરાતે અહમદી, વોલ્યૂમ બીજું, ખંડ ચોથો, પૃષ્ટ-૬૭૦.
૪૮. સ્વદેશ દીપોત્સવી, વિ.સં.૧૯૮૦, પૃષ્ટ-૬૫.
૪૯. કચ્છનો બૃહદ ઇતિહાસ, પૃષ્ટ-૧૦૫

રાજકીય વર્ચસ્વની પરાકાષ્ટાઃ-

મીરજા અને મહારાજાધિરાજના બંન્ને ખિતાબો મેળવ્યા પછી પણ લખપતજીની મહત્વાકાંક્ષાનો અંત આવ્યો નહિ. કારણ કે અમદાવાદમાં - ગુજરાતમાં કર્ણ વાઘેલાના મરણ પછી ચાર સદીને અંતે ફરીથી હિન્દુ રાજ્ય સ્થાપાયું હતું.[૫૦] તેથી મીરાતે અહમદી નોંધે છે તેમ, "તેના મનમાં ઠરૂા કે જે કચ્છની પાસે આવેલું છે તેની સુબેદારી મેળવવાની હંમેશાં ખાનગી રીતે ઇચ્છા રહ્યા કરતી હતી."[૫૧] પરિણામે તેણે એક વિશ્વાસુ દૂતને દામાજી ગાયકવાડ તથા સદાશીવ રામચંન્દ્ર પાસે મોકલીને, લશ્કરના સરંજામનું ખર્ચ આપવાની શરતે તેમની મદદ માગી. આથી સદાશીવ રામચંન્દ્ર તરફથી રણછોડદાસ અને દામાજી તરફથી સેવકરામને કચ્છ કરાર કરવા મોકલ્યા. કચ્છમાં જઇને તેમણે આવો કોઇ કરાર કર્યો કે નહિ તે વિશે મીરાતે અહમદી પણ ચૂપ છે.

તેઓ કરાર નહિ કરી શક્યા હોય કારણ કે આ વખતે લખપતજી અસાધ્ય રોગોના હુમલાથી છેલ્લા શ્વાસ લઇ રહ્યા હતા. લખપતજીની માંદગીનાં પરિણામો ખતરનાક આવ્યાં. ઠરૂા લેવાની વાત તો બાજુએ રહી પણ દેશળજીએ સ્થાપેલાં પારકર અને વીરાવાવનાં કચ્છી થાણાં સોઢાઓએ ઉખાડી નાંખ્યાં.

આ પહેલાં લખપતજીએ મોગલો વિરૂધ્ધ કોઇ કાવત્રું કર્યું હતું તેમ લાગે છે. કારણ કે આ વખતે લખપતજીના એક બ્રાહ્મણ વકીલ થાવરજીને નિઝામતનો નાયબ રામોજી કેટલાક દસ્તાવેજી પુરાવાના આધારે કેદમાં પૂરે છે. તેવું મીરાતે અહમદી નોંધે છે. પરંતુ સયાજી ગાયકવાડની દરમ્યાનગીરીથી તેને મુક્ત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગનું રહસ્ય કોઇની જાણમાં નથી. આનો અર્થ એટલોજ ઘટાવી શકાય કે કચ્છની લાગવગ લખપતજીના વખતમાં પુના દરબાર સુધી પહોંચી હતી તથા કચ્છ

---

૫૦. એ હિસ્ટ્રી ઓફ ગુજરાત, પૃષ્ટ-૫૫૩.
૫૧. મીરાતે અહમદી, વોલ્યૂમ બીજું, ખંડ ચોથો, પૃષ્ટ-૬૭૩.

ગાયકવાડની સમાન મૈત્રી મેળવી શક્યું હતું. ઉપરોક્ત ખાનગી કાગળો સિંધ વિજયની યોજનાને લગતા હોવાનો સંભવ છે.

રાયધણ બીજા સુધી :-

આમ આપણને શરુઆતના જાડેજાઓનો તુટક અને ખેંગારજી પ્રથમ પછીના જાડેજાઓનો સળંગ ઇતિહાસ પ્રાપ્ત થાય છે. આર્થિક દૃષ્ટિએ દિલ્હીની કેન્દ્ર સરકારની નજરમાં ઓછો મહત્વનો કચ્છ, દિલ્હી અને ઘણીવાર અમદાવાદની કલમોથી વંચિત રહ્યો છે. છતાંય કચ્છનો મધ્યકાલીન અને અર્વાચીન ઇતિહાસ માહિતીથી સમૃધ્ધ છે.

લખપતજીના પુત્ર ગોડજીના વખતમાં એટલે કે ઇ. સ. ૧૭૬૧ થી ૧૭૭૮ સુધીમાં થયેલાં સિંધનાં બબ્બે આક્રમણોએ કચ્છની આર્થિક કેડ ભાંગી નાખી. એટલુંજ નહિ પણ લખપતમાં સિંધનું ૫૦૦૦ સૈનિકોનું થાણું નખાયું. વળી નવાનગરના સર્વોચ્ચ મેરુ ખવાસે બાળંભાનો કિલ્લો પડાવી લીધો. આટલું અધૂરું હોય તેમ ઇ. સ. ૧૭૭૫ માં સિંધના શફેરાઝે ફરી કચ્છપર આક્રમણ કર્યું. પરંતુ બુઝાતા દિપકના છેલ્લા પ્રકાશ જેમ સિંધના વજીર મીર બજરને હરાવવામાં આવ્યો. પછી જ્યારે રાયધણજી બીજો ગાદીએ આવ્યો ત્યારે ઉપરોક્ત બનાવોના સરવાળારુપે કચ્છમાં ભયંકર અવ્યવસ્થાનાં મોજાં ફરી વળયાં.

○ ○ ○ ○ ○ ○

-: પ્રકરણ - ૪ થું :-

રાયધણજી બીજાનું રાજ્યારોહણ.

રાયધણના રાજ્યારોહણ વખતે ભારતની સ્થિતિ:-

ઇ. સ. ૧૭૫૭ માં પ્લાસી માંથી પ્રયાણ કરતા કરતા અંગ્રેજો બહુજ થોડા સમયમાં મોગલોના વારસ બની ગયા. આમેય નવી દુનિયા માંનુ તેમનું એક સામ્રાજ્ય નષ્ટ થઇ રહ્યું હતું ત્યારે કાળના દેવે આપેલી આ તકને કેમ જતી કરાય ? તેમના માર્ગમાં ભારતમાં મરાઠાઓ સિવાય બીજું કોઇ નહોતું.

ઇ. સ. ૧૭૬૧ માં પાણીપતના છેલ્લા ખેલમાં મરાઠાઓ સારો દેખાવ ન કરી શક્યા તે અંગ્રેજોને મન સૂચક હતું. છતાંય મહાન માધવ-રાવના વખતમાં મરાઠાઓ ભારતમાં "સર્વોચ્ચ" બન્યા હતા. એટલું જ નહિ પણ માધવરાવ બંગાળ, બિહાર અને ઓરીસ્સાની ચોથ વસૂલ કરવાની યોજના બનાવી રહ્યો હતો. પણ વોરન હેસ્ટીંગ્ઝ દેવી રીતે બચી ગયો. માધવરાવ મરાઠાઓને અનાથ મૂકી સ્વર્ગે સિધાવ્યો. દિલ્હી અને પુનાના ભંગાર માંથી અસંખ્ય સત્તાઓ સર્જાઇ. પંજાબ-કાશ્મીરમાં શીખો, સિંધમાં તાલપુરા, રાજસ્થાનમાં સિંધિયાના સેવકો, અવધની નવાબી, ગ્વાલિયરના સિંધિયા, ગુજરાતના ગાયકવાડ, ઈંદોરના હોળકર, નાગપુરના પવાર, પુનાના પાદર સુધીજ પહોંચતી પેશવાઇ, દખ્ખણમાં મોગલાઇનું વર્ણસંકર બાળક હૈદ્રાબાદ અને છેક દક્ષિણમાં વિજય નગરનો ખંડિત અવશેષ મૈસૂર ... આ બધાં જડમૂળથી ઉખડી ગયેલા ઝાડનાં ડાળખાં જેવાં લાગતાં હતાં. જ્યારે અંગ્રેજોને મન તો તે પુના અને દિલ્હી વચ્ચે ભમતું બાજીરાવ પહેલાનું ભૂત હતું. આવી સ્થિતિના હિંદને ઓગણીસમી સદીમાં અંગ્રેજોની ભેટ મળવાની હતી.

ઇ. સ. ૧૭૭૯ માં મરાઠા, મૈસૂર અને નિઝામે અંગ્રેજોને હઠાવવા સંયુક્ત પ્રયત્ન કરી જોયો. એટલું જ નહિ એના બળતા વર્ષે હૈદરે અંગ્રેજોની

વહાલી ઉત્તર સરકાર – કર્ણાટકને રગદોળ્યું. પણ એ બધા બુઝાતા દિવાના છેલ્લા ચમકારા હતા.

ગુજરાતની સ્થિતિ :-

મરાઠાઓ અને ગુજરાતનો પ્રથમસંબંધ ઇ. સ. ૧૭૬૪ માં શરુ થયો. ઇ. સ. ૧૬૬૪ માં શિવાજીએ ગુજરાત પર પ્રથમ આક્રમણ કર્યું. પછી આ આક્રમણો ઇ. સ. ૧૬૬૬, ૧૬૭૦, ૧૬૭૧ અને ૧૬૭૨ સુધી ચાલુ રહ્યાં. ત્યારબાદ એમાં ઓટ આવી અને અઢારમી સદીની શરુઆતમાં ઇ. સ. ૧૭૦૦ થી ૧૭૦૪ વચ્ચે બે આક્રમણ ખંડેરાવ દાભાડેએ કર્યાં. તેણે ઇ. સ. ૧૭૦૫ માં નર્મદા પાર કરીને ગુજરાતનો વિજય સરળ બનાવ્યો. ઇ. સ. ૧૭૧૬ માં દિલ્હીનો પ્રતિનિધિ ઝુલ્ફીકારબેગ મરાઠાઓ સામે હાર્યો. આવી સિધ્ધિથી આકર્ષાઇને દાભાડેને ગુજરાત તથા બાગલણના સેનાપતિ તરીકે પેશ્વાએ નીમ્યો. વડોદરાનો મૂળ પુરુષ દામાજી ગાયકવાડ આ દાભાડેનો એક અધિકારી હતો. તેણે નિઝામ સાથેના બાલાપુરના યુધ્ધમાં બહાદૂરી બતાવેલી તેથી છત્રપતિ શાહુએ તેને "શમશેર બહાદૂર" નો ખિતાબ આપી દાભાડે પછીનું સ્થાન આપ્યું. પરિણામ સ્વરુપ દામાજીનો વારસ પિલાજી ઇ. સ. ૧૭૨૩ માં ગુજરાતમાં ચોથ અને સરદેશમુખી ઉઘરાવવામાં સફળ થયો.

પછીનો ઇતિહાસ ગુજરાતમાં મુસલમાનોની સતત હાર, મરાઠાઓના વિજયો અને કદમ તથા ગાયકવાડ કુટુંબો વચ્ચેના આંતર વિગ્રહનો છે. રઘુનાથરાવ અને દામાજીએ એપ્રિલ ૧૭૫૩ માં અમદાવાદ જીતીને ગુજરાતના છેલ્લા મોગલાઇ અવશેષને દૂર કર્યો. આ વિજયકૂચ આગળ વધે અને દ્દઢ બને તે પહેલાં જ પાણીપતનો કારમો ઘા મરાઠાઓને સ્પર્શી ગયો. જેને પરિણામે અંગ્રેજોને મોકળું મેદાન મળ્યું અને ઇ. સ. ૧૭૮૦ માં તો પેશ્વાએ તાપીની દક્ષિણ તરફનું ગુજરાત અંગ્રેજોને સોંપી દીધું.

આમ ગુજરાતમાં ગાયકવાડ સર્વોચ્ચ બને તે પહેલાં તેના ભાગીદાર જેવા અંગ્રેજો આવી પહોંચ્યા. આ સંક્રાંતિકાળમાં કચ્છ એક ખૂણામાં પડી રહ્યું. મરાઠાઓને મન સિંધ કરતાં પંજાબનું મહત્વ વધારે હતું. પતલ

કરતાં અટકમાં અટકી જવાની તેમને મજા આવતી હતી. તેથી સ્વાભાવિક છે કે કચ્છ વણસ્પર્શ્યું રહી જાય.

સૌરાષ્ટ્રની સ્થિતિ :-

સૌરાષ્ટ્ર તેની હંમેશની ટેવ મુજબ વિભક્ત હતું. ઇ. સ. ૧૭૫૭ ના અમદાવાદના પતનના જોઇએ તેટલા પ્રત્યાઘાતો સૌરાષ્ટ્રમાં ન પડયા. મોગલાઇથી સૌરાષ્ટ્રને મુક્ત કરવાની તક મરાઠાઓએ આપી હતી. પણ તેનો સદુપયોગ થઇ શક્યો નહિ. રાયધણના રાજ્યારોહણ વખતે જુનાગઢના નવાબે સોરઠમાં પોતાની સ્થિતિ મજબૂત કરી લીધી હતી. નવાનગરમાં જામલાખાજીના રાણી દીપાંજીઝાલી સાથે આવેલો મેરુખવાસ જોતજોતામાં હાલારનો સાચો ધણી થઇ ગયો. આ મેરુ અને ફતેહમહમદ વચ્ચે ચાર ચાર યુધ્ધો થયાં હતાં. ગોંડળને આ વખતે યોગ્ય શાસક ભાકુંભાજીરુપે મળી ગયો હતો. જેણે સૌરાષ્ટ્રના જાડેજાઓની આગેવાની લઇને ૧૭૮૨ માં જૂનાગઢના બાબી રાજ્યનું પાંચ પીંપળાના યુધ્ધમાં "પોસ્ટમોર્ટમ" કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. આવા મજબૂત ગોંડળે રાયધણજીનો જામનગરના વિરૂધ્ધ પક્ષ લીધો હતો.

રાયધણનાં માતા-પિતા:-

રાયધણના પિતા ગોડજીને કુલ દસ રાણીઓ હતી.[૧] તેનું સમગ્ર જીવન જોતાં આ દસ રાણીઓ અધિકૃત લાગે છે. જ્યારે આ સિવાય તેને કેટલીક રખાતો હતી અને કદાચ તેમાં તે તેના પિતાશ્રીને પણ વટાવી ગયો હતો. ચાર દિવાલો વચ્ચે જ જેમનું જીવન પુરું થતું તેવી આ રાણીઓ વિષે અન્ય વિગતો પ્રમાણમાં ઓછી મળે છે. શ્રી. રેઇએ રાયધણની માતા તરીકે રાણીશ્રી રાજકુંવર ઝાલીનું નામ આપ્યું છે. ગોડજીની દસ રાણીઓમાં ઝાલાઓની પાંચ કન્યાઓ હતી. ગોડજીના મૃત્યુ પછી રાજમાતા તરીકે લાડકુંવરબાનું નામ વિશેષ આવતું હોઇ[૨]

૧. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નંબર-૧૫, ન્યુ સિરીઝ, પૃષ્ઠ-૨૦૪.
૨. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૫૫

Ph.D.

રાયધણજીનાં સાચાં માતા લીંબડીનાંઆકુંવરી હોવાનો સંભવ છે. શ્રી. રેઇક્સે આપેલ "રાજકુંવર" નામ ખરેખર સંજ્ઞાવાચક નામ નથી લાગતું. કારણ કે ખુદ ગોડજીની માતા પણ રાજકુંવર ઝાલી હતી. તેથી ઝાલા કુંટુંબની એકજ નામની બે પેઢીની રાણીઓ હોવાનો સંભવ ઓછો છે. આ નામોને બીજે ક્યાંયથી ટેકો નથી મળતો. પટરાણી માટે એ વખતે વપરાયેલ શબ્દ પણ "રાજકુંવર" હોઇ શકે. આ લાડકુંવરબાને પૃથ્વીરાજજી નામે બીજા પણ એક પૂત્ર હતા જે કચ્છમાં સામાન્ય રીતે ભાઇજી બાવા તરીકે ઓળખાતા હતા.

<u>રાજ્યારોહણ</u> :-

રાયધણજીની ઉંમર સગીર હોવા છતાંય તેને રાજગાદી પ્રાપ્ત કરવામાં મુશ્કેલી નડી નહોતી. કારણ કે ગોડજીના પરિવારમાં બેજ કુંવરો હતા. તેમાં રાયધણજી યુવરાજ હતા. વળી તેમના પિતા ગોડજીનું મરણ એકાએક થયું નથી. તેમના મૃત્યુની તારીખની અટકળ તેમના શરીરનો રોગ જોતાં થઇ શકતી હતી. તેમને ભગંદરનો રોગ ઘણા સમયથી હતો. તે યુગમાં આ રોગ લગભગ અસાધ્ય જ ગણાય તેથી જ્યારે વિ. સં. ૧૮૩૫ ની નાગપંચમીના સરઘસમાં પ્રજાએ તેમને જોયા ત્યારે તેમનો ચહેરો મૃત્યુના મુખમાં જતા માનવ જેવો હતો. લોકો તેમની માંદગી કળી ગયા અને સરકારી રાહે રોગની પણ જાહેરાત થઇ ગઇ તેથી નાગ-પાંચમથી ચૌદશ સુધીના દસ દિવસમાં બધુંય નક્કી થઇ ગયું. પરિણામે પિતાશ્રીના મૃત્યુ પછી રાજ્યારોહણમાં બીજી કોઇ મુશ્કેલીઓ ઉભી થઇ નહિ.

ગોડજીના જીવન દરમ્યાન રાયધણજી કે પૃથ્વીરાજ તરફથી કોઇ બળવો થયો નહતો. સામાન્ય રીતે જાડેજાઓમાં મોટા પૂત્રને પિતાના મૃત્યુ બાદ રાજગાદી આપી દેવાનો રિવાજ હતો. પરંતુ જેમ અલ્લાઉ-દ્દીન ખલજી અને મહમદ તુગલુક ગાદી મેળવવા માટે અધીરા બન્યા હતા અને અનુક્રમે જલ્લાલુદ્દીન અને ગ્યાસુદ્દીનનાં ખૂન કરીને દિલ્હીનું પાયતખ્ત મેળવી લીધું હતું. તેવીજ ગાદીએ આવવાની અધિરાઇ કચ્છના યુવરાજો

માં છેલ્લી બે પેઢીમાં આવી ગઇ હતી.

ખુદ ગોડજીએ જ પોતાની યુવાનીમાં પિતાની હયાતીમાં રાજગાદી મેળવી લેવાના ગુપ્ત પ્રયત્ન કરવા માંડયા હતા. જો કે આ વાત જાહેર થઇ ગયેલી પરિણામે યુવરાજને અંતે નિષ્ફળતા મળેલી પણ રાજકીય કુટુંબમાં વિખવાદ વધવા માંડયો. જેનો લાભ અસંતુષ્ટ તત્વોએ લીધો અને યુવરાજ તથા તેની માતા ભુજ છોડીને રીસાઇને મુંદ્રા જતાં રહ્યાં. પાછળથી યુવરાજના સલાહકાર અમીરબેગને દૂર કરવાના પ્રશ્ન પર ગોડજીને માંડવીના લશ્કરની મદદ લઇને પિતા પર ચઢાઇ કરવાની ફરજ પાડી. અંતે મહારાવ લખપતજીને યુવરાજને ગાદી નહિ આપવાનો નિર્ણય લેવો પડયો.

આવોજ સંઘર્ષ ગોડજીના પિતા લખપતજીના યુવરાજપદ દરમ્યાન થયો. લખપતજીએ તેના પિતા દેશળજીને કેદ કરીને તેના જીવતાં રાજગાદી મેળવેલી. આમ છેલ્લી બે પેઢીથી તુર્કો અને મોગલોના શાહજાદાઓની જાણે કચ્છના યુવરાજો હરીફાઇ કરતા હોય તેમ લાગતું હતું.

છતાંયે ગોડજી એટલો સદભાગી હતો કે તેના કોઇ રાજકુંવરે "તેના ધોળામાં ધુળ નાખી નહોતી" કે તેના મોતને બગાડયું નહોતું. તેનાં સંભવિત કારણોમાં અગત્યનું એક એ કારણ હતું કે રાયધણજી અને પૃથ્વીરાજ બન્ને એ વખતે ઉંમરમાં ઘણા નાના હતા. ભલે રાજકુંવરો તરફથી ગોડજી માટે ભય ન ઉભો થયો હોય પરંતુ લોવેલના ઇ.સ.૧૮૦૦ ના અહેવાલ પરથી તો એવું લાગે છે કે, ગોડજીના અંતિમ કાળ દરમ્યાન વાણિયાઓએ –સંભવતઃ લોહાણા– કાંઇક ષડયંત્ર રચેલું અને તેમના દગાનો ગોડજી ભોગ બન્યો. ગોડજીનું મરણ કેટલાક શંકાસ્પદ સંજોગોમાં થયેલું તેવું વિધાન લોવેલે કર્યું છે. ગોડજીના આ શંકાસ્પદ મૃત્યુમાં દેવચંદ દીવાનનો હાથ હતો.[3]

વારસદારનો આ સંઘર્ષ રાયધણજીના સમયમાં બીજા સ્વરુપે ચાલુ

૩. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.–૧૨૯, પૃષ્ટ ૬૧૮૪ અને ૬૧૮૫

રહ્યો. રાયધણની હયાતીમાં પૃથ્વીરાજને રાજગાદી સંભાળવી પડી. રાયધણના મરણ પછી ભારમલજી મુશ્કેલીથી ગાદીએ આવ્યા. અને અંતે તેને નજરકેદ થઇને પોતાના નાનકડા પુત્ર દેશળજી બીજાને ગાદી આપવી પડી. દેશળજી બીજાની ઇચ્છા પણ યુવરાજને બદલે એક ફટાયા રાજકુમાર હમીરજીને ગાદીએ બેસાડવાની હતી.

આમ કચ્છના ઇતિહાસમાં ઇ. સ. ૧૭૫૨ થી ૧૮૬૨ સુધીના અગિયાર દશકાનો સમય વારસ પ્રશ્ન બાબતમાં તણખા ઝરાવતો હતો. પરિણામે ભુજનું તખ્ત કાંટાની પથારી જેવું બની ગયું. આ બાબતમાં રાયધણ જ એક એવો યુવરાજ હતો કે જેને રાજ્યારોહણ વખતે કોઇ મુશ્કેલીઓનો સામનો કરવો પડયો નથી. અને ગોડજી એવો શાસક હતો કે જે બળવાવિહિન સ્થિતિમાં મોતને ભેટયો.

આ યુગનાં તમામ રાજકીય પાસાંઓનો અભ્યાસ કરતાં જણાય છે કે, એ વખતે પિતા હયાત હોય અને યુવરાજ પુખ્ત ઉંમરનો થાય ત્યારે તેને કયું સ્થાન આપવું એ પ્રશ્નનું નિરાકરણ થયું નહોતું. કચ્છમાં પણ આવીજ સ્થિતિ રાયધણજીના પહેલાંના યુવરાજોના પ્રશ્ને ઉભી થઇ હતી. ઉપરોક્ત તમામ યુવરાજોને તેમના મોભાને છાજે તેવું માન-પાન આપવામાં આવતું અને તદ્દન જુદાજ નોકર-ચાકરોનો રસાલો તેમને માટે ગોઠવાઇ જતો પણ વહીવટીતંત્રની વ્યવસ્થામાં તેમને કેવી રીતે સ્થાન આપવું એ એક પ્રશ્ન થઇ પડયો હતો. પ્રાચીન હિન્દુ રાજવીઓની "મંત્રી પરિષદ" માં યુવજરાજને "પ્રતિનિધિ" નું સ્થાન મળતું, તેવું સ્થાન કચ્છના રાવો કેમ ઉભું કરી શક્યા નહિ તે એક આશ્ચર્ય છે. એમાં એ વખતના વાણિયા, નાગર અને લોહાણા મુત્સદીઓ આડખીલીરુપ બન્યા હોય તે પણ સંભવિત છે. એ કરતાં તો એક સત્તાધીશ રાજવી જે સ્વાભાવિક રીતેજ ભાગલા પાડી ન શકાય એવી તમામ રાજસત્તાનો સંપૂર્ણ માલિક હોય તે તેની સત્તાના વિભાગ કર્યા સિવાય યુવરાજને રાજ કારભારમાં કેવી રીતે સ્થાન આપી શકે ? ભાગ્યેજ કોઇ રાજવી રાજ સત્તાના આવી રીતે ભાગલા પાડવાનો અખતરો કરવા તૈયાર થાય ?

કારણ કે એમ કરવાથી પિતા-પુત્ર વચ્ચે ઘર્ષણ થવાનો સંભવ જરૂર ઉભો થાય. તેથીજ એક તરફ મહારાવ તેમજ તેમના કુટુંબીજનો અને સલાહકારો તથા બીજી તરફ યુવરાજ અને તેમના કુટુંબીજનો અને સલાહકારો એમ બે પક્ષો ઉભા થઇ જતા. આવી સ્થિતિ ગોડજીના ઝગડા વખતે ઉભી થઇ હતી. આજ પ્રકારની મુશ્કેલી ઘણાંખરાં રજપૂત રાજ્યોમાં જોવામાં આવતી. અને કચ્છમાં તો વખતો વખત નજરે પડતી. એ તો સ્વાભાવિક છે કે જ્યારે રાજ્યમાં ચારે બાજુ અંધાધુંધીનું સામ્રાજ્ય પ્રવર્તતું હોય ત્યારે આવો પ્રશ્ન ઘણીજ ઝડપથી એકજ વંશના બે પક્ષો વચ્ચે લડાઇનું સ્વરુપ ધારણ કરે. જો કે મુસ્લિમોની માફક કચ્છમાં આવા વિખવાદોએ કદી ગંભીર સ્વરુપ ધારણ કર્યું નહોતું.

નામાભિધાન :-

મુસ્લિમ શાસકો અને કેટલાક દાખલાઓમાં હિન્દુ શાસકો રાજ્યારોહણ વખતે નવાં નામો ધારણ કરતા. કચ્છમાં ખેંગારજી પ્રથમથી રાયધણ બીજા સુધી નવાં નામો ધારણ કરવાની પ્રણાલિકા શરૂ થઇ હોય તેમ લાગતું નથી. પરંતુ રાયધણજીની હયાતી માં જ એક પ્રણાલિકા પ્રસ્થાપિત થઇ હોય તેમ લાગે છે. વાગડના શાસક તરીકે પૃથ્વીરાજ "ભાઇજી બાવા" તરીકે ઓળખાયા હતા. રાયધણજીના પુત્ર માનસિંગે શાસક બન્યા પછી ભારમલ નામ ધારણ કર્યું હતું જ્યારે દેશળજી બીજાના યુવરાજે તો યુવરાજ પદ દરમ્યાન જ રવાજી અને બાલુભા જેવાં બે નામો ધારણ કર્યા હતાં. જ્યારે આજ રાજકુમાર ગાદીએ આવ્યો ત્યારે તેને "પ્રાગમલ્લજી" નામ મળ્યું હતું. આ સિવાય છેક ઇ.સ. ૧૯૪૮ સુધી કોઇપણ યુવરાજનું નામ ગાદીએ આવ્યા પછી બદલાયાનો કોઇ દાખલો મળતો નથી. ટુંકમાં રાયધણજીનું નામ યુવરાજ તરીકે અને મહારાવ તરીકે એકજ હતું.

વિશેષણો :-

ઘણી વખત કચ્છ અને સૌરાષ્ટ્રમાં પ્રજા શાસકને તોછડા નામે બોલાવતી. તેનો આશય પોતાની પ્રિયમાં પ્રિય વ્યક્તિ તરફ પ્રેમભાવ દર્શાવવાનો હોય છે. આથી નામ મહેરામણ હોય પણ જનતા તો "મેરુ"



મીરજા મહારાવ રાયધણજી બીજા.

તરીકે જ ઓળખે. કચ્છમાં ફતેહમહમદ "ફતિયા" તરીકે જ લોકહૃદયમાં સ્થાન પામ્યો છે. કચ્છની પ્રજાએ પોતાના મહારાવોને વ્યક્તિગત જુદા નામે ઓળખવાની માથાકુટ માંથી ખૂબજ સરળ માર્ગ કાઢી લીધો હતો અને તેમને માટે "બાવા" કે "બાવાજી" જેવો તદ્દન સામાન્ય શબ્દપ્રયોગ પ્રયોજ્યો હતો.

"મહારાવ" નું "બાવાજી" કેમ થયું? તે પણ રસિક છે. "બાવા" શબ્દ પિતાનો પર્યાય છે. સૌરાષ્ટ્રમાં આ માટે "બાપુ" શબ્દ પ્રચલિત બન્યો અને કચ્છમાં "બાવા." શાસક થી મોટાં બીજાં ક્યાં માબાપ હોઇ શકે ? તેથી બાવા શબ્દ કચ્છીઓની રાજભક્તિનો પણ દ્યોતક છે. પારસીઓ પણ પિતા માટે "બાવાજી" શબ્દ વાપરે છે. જ્યારે કચ્છમાં મુસલમાન વહોરાઓ પણ પિતાને "બાવા" કહે છે.

આ ઉપરાંત એક બીજી પણ કલ્પના કરી શકાય. સામાન્ય રીતે શાસક માટે "મહારાજ" શબ્દ પ્રયોગ કરાય છે. આજ શબ્દનો ઉપયોગ બ્રાહ્મણ કે ચપટીએ ફરવા આવતા સાધુ માટે "મા'રાજ" તરીકે કરવામાં આવે છે. આવા લોટ માગવા આવતા સાધુ કે બ્રાહ્મણ માટે સામાન્ય જન સમાજમાં બાવા કે બાવાજી વધારે પ્રચલિત છે તેથી પેલા પ્રિય ભુજ તખ્તના મહારાવ કે મહારાજા માટે "બાવાજી" કે "બાવા" શબ્દનો પ્રયોગ ગૌરવ સમાન બની ગયો. રાયધણજીને આ સિવાય બીજું કોઇ વિશેષણ મળ્યું લાગતું નથી. તેનું કારણ તે પોતાના શાસનકાળ દરમ્યાન પ્રજામાં અપ્રિય રહેલ તે છે. છતાંયે તેમને "પહેલવાન" તરીકે ઓળખવામાં આવતા હતા.[૪] તેને કારાવાસમાં પૂરતાં જે કરુણ ઘટનાઓ બની તથા મુશ્કેલીઓ ઉભી થઇ તે તેની સાબિતી માટે પૂરતી હતી.

અધિકૃત – સરકારી નામ :-

ભુજના આયના મહેલમાં રાયધણજી બીજાનું ચિત્ર છે. તેના પર દેવનાગરી લિપીમાં "મહારાજાધિરાજ મિરજાં મહારાઉ શ્રી૭ રાયધણજી"

---

૪. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી, વોલ્યુમ પાંચમું, પૃષ્ટ-૧૪૮.

લખવામાં આવ્યું છે. આ નામ રાયધણ બીજાનું સમકાલીન સરકારી અધિકૃત નામ હોવાનો સંપૂર્ણ સંભવ છે. તેનું શબ્દવાર ઐતિહાસિક પૃથ્થકરણ આ પ્રમાણે છે :-

મહારાજાધિરાજ :-

"મહારાજાધિરાજ" ખિતાબ આગળ જણાવ્યા પ્રમાણે લખપતજી માટે તુલસીદાસ નામના કચ્છી એલચીએ કાબુલ પાસેથી મેળવ્યો હતો. આ ખિતાબનો અર્થ પ્રાચીન અને મધ્યકાલીન યુગ મુજબ "સ્વતંત્ર અને સાર્વભૌમ" કરવામાં જોખમ છે. જે યુગમાં આ ખિતાબ કાબુલ તરફથી કચ્છને મળયો તે યુગ અફઘાનીસ્તાનનો સુવર્ણયુગ નહોતો. જો આ વખતે અફઘાનીસ્તાન મજબૂત હોત તો કદાચ આ શોભાનો ખિતાબ કચ્છના રાવને મળી શક્યો નહોત. કારણ કે અફઘાનીસ્તાન પોતાના સામ્રાજ્યના ભાગ તરીકે સિંધને ગણતું હતું. જ્યારે સિંધના સ્થાનિક શાસકો કચ્છને સિંધનો એક ભાગ ગણતા હતા. આમ કચ્છ પર સાર્વભૌમત્વ અફઘાનીસ્તાનનું હતું. તેમ વર્ષોથી માનવામાં આવતું હતું. જ્યારે વાસ્તવમાં કચ્છ પર દિલ્હીના મોગલ સમ્રાટોનું સાર્વભૌમત્વ હતું. મરાઠા સામ્રાજ્યવાદના ઉદય પછી મોગલોના વારસ તરીકે મરાઠાઓ નામનું સાર્વભૌમત્વ કચ્છ પર ભોગવતા હતા.

મરાઠાઓ અને કચ્છ :-

પેશવાએ હિજરી સંવત ૧૨૦૫ માં ગાયકવાડને ગુજરાત અને તેના પડોશી પ્રદેશોને લગતી દસ વર્ષની મુદતની સનદ આપી. આ સનદની બીજી કલમમાં ગાયકવાડને જે પ્રદેશો અને ગામોની ઉપજ પર અધિકાર આપવામાં આવ્યો તેના નામ છે. જેમાં જગતધ્વારકા મંદિર, જૂનાગઢ શહેર અને પછી લાંબી સૂચિને અંતે કચ્છ-ભુજનો સમાવેશ કર્યો હતો. એટલુંજ નહિ પણ જેનાપર અફઘાનીસ્તાનનો સ્પષ્ટ દાવો અને થોડો કાબુ હતો તે સિંધુસાગર અને નગરઠઠ્ઠા પણ તેમાં આવી ગયાં હતાં.[૫] ઉપરોક્ત

૫. એ કલેક્શન ઓફ ટ્રીટીઝ, એંગેજમેન્ટ એન્ડ સનદસ, પૃષ્ટ-૨૮૦.

પ્રદેશની ઉપજનો અડધો ભાગ ગાયકવાડે પેશવાને પહોંચાડવાનો હતો તેનો ઉલ્લેખ ત્રીજી કલમમાં કરાયો હતો.

આ સનદથી સ્પષ્ટ થાય છે કે, કચ્છ અને સિંધમાં ગાયકવાડને છૂટો દોર મળી ગયેલો અને પરિણામે ગાયકવાડે સિંધ જીતવા કચ્છનો સહકાર મેળવવા પ્રયત્ન કર્યો. લખપતજીના સમયમાં આ પ્રયત્ન થયો હતો. અલબત્ત પહેલ લખપતજી તરફથી કરવામાં આવી. લખપતજીએ સિંધની ચઢાઇનું આયોજન કર્યું. મરાઠી પ્રદેશો પર અફઘાન નેતા અહમદશાહ દુરાનીનાં આક્રમણો શરુ થઇ ગયેલાં અને નજીકના ભવિષ્યમાં મરાઠાઓને અફઘાનો સાથે સીધી બાથ ભીડવાની શક્યતા હતી તેથી મરાઠાઓ સિંધમાં અને પંજાબમાં બે જગ્યાએ યુધ્ધ કરવા માંગતા નહોતા. તેને લીધે આ આખી યોજનાનો દોર લખપતજીને સોંપવામાં આવ્યો હતો. આ યોજના ઇ. સ. ૧૭૫૮ માં ઘડાયેલી.[૬] તે મુજબ સિંધ આક્રમણનું તમામ ખર્ચ મહારાવ લખપતજીને ચૂકવવાનું હતું અને કચ્છને દામાજી ગાયકવાડ તથા સદાશિવ રામચંદ્ર લશ્કરી મદદ કરવાનાહતા. યોજના મુજબ ગાયકવાડે સેવકરામને તથા સદાશિવે રણછોડદાસને આ કામ માટે કચ્છ મોકલ્યા હતા તે આગળ જોયું.

આમ ગાયકવાડના ટેકાની અગાઉથી ખાત્રી મેળવીને લખપતજીએ નગરઠઠ્ઠા ઉપર હુમલો કરવાની તૈયારી જાહેર કરી હતી.[૭] આ રીતે ફક્ત સિંધમાં જ નહિ પણ સમગ્ર હિન્દી ઉપમહાદ્વિપના રાજકારણમાં કચ્છે સર્વપ્રથમ દરમ્યાનગીરી કરી હતી. કારણ કે સિંધ એ વખતે અફઘાનીસ્તાનનાં અહમદશાહ દુરાનીના સામ્રાજ્યનો એક ભાગ હતું. મરાઠાઓ સહકાર આપે તેનાં બે કારણો હતાં. એક તો આ પહેલાં ગાયકવાડ અને કચ્છ લગ્ન સંબંધથિ જોડાઇ ગયાં હતાં.[૮] એક તો આ

---

૬. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી, વોલ્યૂમ પહેલું, ભાગ પહેલો, પૃષ્ટ-૩૪૨.

૭. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૩૪.

૮. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૫૪.

પહેલાં ગાયકવાડ અને કચ્છ લગ્ન સંબંધથી જોડાઇ ગયાં હતાં. તેવું જહોન વિલસન અને કર્નલ વોકરના અહેવાલો પરથી લાગે છે. તેમાં કર્નલ વોકર નોંધે છે તેમ દામાજીએ કાઠિયાવાડને ખંડિયું કર્યા પછી કચ્છ પ્રવેશ કર્યો હતો અને ત્યાં રાવ લખપતજીની રખાતથી થયેલી પુત્રી સાથે તેમનું લગ્ન કરવામાં આવ્યું.[૯] ક બીજું કારણ શ્રી. વિલિયમ્સ નોંધે છે તેમ પેશવાને તથા ગાયકવાડને તેમના એક બળવાન પ્રતિસ્પર્ધિ ઉપર જુદી દિશાએથી હલ્લો કરવાની આ યોજના ઘણી પસંદ આવી હતી. પરંતુ લખપતજીની શારીરિક શક્તિ પાછળથી ઘણી ક્ષીણ થઇ ગઇ હતી. તેમજ સંભવ છે કે અનુભવોથી તે એટલા ડાહ્યા પણ થયા હતા કે, આ પ્રકારનું સાહસ કરવાનો વિચાર તેમણે પાછળથી માંડી વાળયો હોય. ટૂંકમાં ઉપરોક્ત યોજનાનું કાંઇ પરિણામ આવ્યું હોય તેમ લાગતું નથી.

એટલું તો ચોક્કસ કહી શકાય કે મોગલો પછી મરાઠાઓ કચ્છ પર નામનું સાર્વભૌમત્વ ધરાવતા હતા એટલું જ નહિ પણ કચ્છ પેશ્વા તથા ગાયકવાડ બન્નેનુો સંયુક્ત "ખંડિયો" પ્રદેશ હતો.[૧૦] આ ઉપરાંત કચ્છની પૂર્વમાં આવેલાં અને માળવાના ઉચ્ચ પ્રદેશની પશ્ચિમે સમગ્ર પ્રદેશ માં ફેલાયેલાં તમામ રજપૂત રાજ્યો પણ ગાયકવાડનાં ખંડિયાં હતાં.[૧૧] તેથી કચ્છ મરાઠાઓના સાર્વભૌમત્વ માંથી બચી શકે નહિ.

આમ મરાઠાઓના વાસ્તવિક "ધણીપણા" ના સંબંધો જોતાં "મહારાજાધિરાજ" એક સ્વતંત્ર સાર્વભૌમ શાસકનું સૂચક નથી. પણ અફઘાનીસ્તાને કૃષ્ણાર્પણ કરેલ બળતા ઘરના મરાઠાઓને હાથે પડેલ ભગ્નાવશેષો છે. આ "મહારાજાધિરાજ" ખિતાબ કચ્છનાં દરબારી અને ખાનગી કચ્છી સાધનોમાં દેખાય છે. જ્યારે રાયધણજીના વખતમાં અંગ્રેજો અને અન્ય સત્તાઓ સાથેના સંબંધમાં જોઇશું તો આ "મહારાજાધિરાજ" વપરાયેલ નથી. તેથી આ મહાનિબંધના શીર્ષકમાં એ શબ્દ સમૂહને ત્યજ્યો છે.

---

૯. હિસ્ટ્રી ઓફ ધી સપ્રેશન ઓફ ઇન્ફેન્ટીસાઇડ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૬૧.

૧૦. .... એજન ....

૧૧. ધી પ્રીન્સીસ ઓફ ઇન્ડિયા, પૃષ્ટ-૨૩.

બીજો પ્રશ્ન આ ઇલકાબ ક્યારે મળ્યો તે છે. આ ખિતાબ મહારાવ લખપતજીના સમયમાં મળ્યો હતો. લખપતજીનો શાસનકાળ બે ભાગમાં વહેંચાયેલ હતો. પોતાના પિતાને કેદમાં રાખીને તેમના મૃત્યુ સુધી એટલે કે ઇ. સ. ૧૭૪૨ થી ૧૭૫૨ સુધી તેમણે શાસન કર્યું. આ વખતે આ ખિતાબ મળ્યો હોય તેમ લાગતું નથી. કારણ કે જો આ વખતે તે મળ્યો હોત તો તેનો તમામ યશ દેશળજી પહેલાને ફાળે જાત. લખપતજીનો બીજો શાસનકાળ તેમના પિતાના મરણ પછી શરૂ થયો. અને તે ઇ. સ. ૧૭૬૧ સુધી લંબાયો. આમ મહારાજાધિરાજનો ખિતાબ આ નવ વર્ષમાં ગમે ત્યારે મળ્યો હોય તે નિર્વિવાદ છે. લખપતજીના મૃત્યુની તારીખ અને ગોડજીના રાજ્યારોહણની તારીખ સંવત ૧૮૧૭ ના જેઠ શુદ ૬ ની હતી.[૧૨] આ તારીખ પાણીપતના ત્રીજા યુધ્ધ પછીની છે.

પ્રશ્ન હવે એટલો જ છે કે, આ ખિતાબ પાણીપતના મહાવિનાશ પહેલાં મળ્યો કે પછી. લખપતજીની આ ખિતાબ મેળવ્યા પછીની સાંસ્કૃતિક અને રચનાત્મક પ્રવૃત્તિઓ જોતાં લાગે છે કે આ બનાવ પાણીપતના ત્રીજા યુધ્ધ પહેલાં બન્યો હતો. કારણ કે પાણીપતમાં વિજયી બનેલા પઠાણો–અફઘાનો કચ્છને મરાઠાઓ પાસે જવા ન દે.

આ ખિતાબનો માંડવીના સુખનાથ મહાદેવના મંદિરમાંના એક લેખમાં ઉપયોગ થયો છે.[૧૩] આ સિવાય અધિકૃત રીતે બીજે ક્યાંય ઉપયોગ થયો હોય તેમ લાગતું નથી. વળી આ ઉપયોગ ઇ. સ. ૧૮૫૬ માં એટલે કે અંગ્રેજોની સંપૂર્ણ છત્રછાયામાં થયો હોવાથી તેનું કોઇ મહત્વ રહેતું નથી.

---

૧૨. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ–૪૧૬.

૧૩. વિ. સં. ૧૯૧૨ ના આ લેખની પાંચમી અને છઠ્ઠી લીટી આ પ્રમાણે છે :–

.... શ્રી. સુખનાથજીના મંદિર ધર્મશાલા સીખે
સિધ્ધ થયો છે. મહારાજાધિરાજ મહારાઓ
શ્રી. ઉદેરાજજીની વારમાં ગું ....

<u>મિરજા</u> :-

આ ખિતાબનો ઉચ્ચાર "મિર્ઝા" કે "મિરઝા" જેવો પણ થતો. શરુઆતમાં મોગલ સમ્રાટના ભાઇઓને "મીરજા" તરીકે ઓળખવામાં આવતા હતા. પછી આવા અંત્ય સગાનું માન મેળવવા માટે "મીરજા" એ ખિતાબનું રુપ ધારણ કર્યું. અકબરના સમયમાં આ ખિતાબની લહાણી ખંડિયા રાજાઓને કરવામાં આવતી. વિખ્યાત મોગલ સેનાપતિ રાજા જયસિંહ જયપુરનો રાજા હતો અને તેને "મીરજા રાજા" નો ખિતાબ મોગલ દરબાર માંથી મળયો હતો.[૧૪]

આમ આ ખિતાબનું મહત્વ દિવસે દિવસે વધતું જતું હતું. "મીરજા" સંપૂર્ણ ગુલામીનો સૂચક હતો. છતાંય હિંદના એ વખતના દેશી રાજાઓ તે મેળવવાની ખેવના રાખતા. કચ્છના મહારાવ મોગલોની દૃષ્ટિએ એક "મોટા જમીનદાર" થી વિશેષ નહોતા. એટલું જ નહિ મરાઠાઓના સમયમાં મિરાતે અહમદીની નજરમાં પણ તે જમીનદાર જ હતા. તેથી સ્વાભાવિક છે કે દિલ્હીની નજર માંથી આ "જમીનદાર" નું "મીરજા" થાય તેવી ખેવના બીજા સાસકોની માફક કચ્છના રાવની પણ રહેતી.

ઔરંગઝેબ સુધી તો આ ખિતાબ ખરેખર પરાક્રમી કાર્ય કરનારાઓને મળતો અને એ કાર્ય ખુદ સમ્રાટને પ્રભાવિત કરે તેવું તથા સામ્રાજ્યના હિતને સ્પર્ષતું હોવું જરુરી હતું. પશ્ચિમ હિન્દના એક ખૂણે બેઠેલા રાવ માટે ફક્ત "દિલ્હીના હિતનું" આવું કાર્ય કરવું સ્વાભાવિક રીતે મુશ્કેલીભર્યું હતું.

લખપતજી ગાદીએ આવ્યા ત્યારે ભારતીય ઉપખંડની રાજકીય સ્થિતિએ વળાંક લીધો હતો. ઇ. સ. ૧૭૦૭ માં ઔરંગઝેબના મરણ પછી ભારતીય ઉપખંડમાં સર્જાયેલ સત્તાનું શૂન્યાવકાશ પૂરવાનો મરાઠાઓ પ્રયત્ન કરતા હતા. એ વખતે મોગલાઇનું રુદય દિલ્હી "બળવાનો" ના હાથમાં રમતું હતું. મોગલ સમ્રાટ રમકડા સમાન હતો. તેથી "મીરજા"

---

૧૪. ભરત ખંડના રાજાઓ, પૃષ્ટ-૨૮ ની પાદનોંધ.

ખિતાબ મેળવવાની શરતોએ પણ આર્થિક અને કંઇક અંશે સ્વાર્થી સ્વરુપ ધારણ કર્યું હતું.

આમેય કચ્છ વર્ષોથી મક્કાની હજ પઢવા જતા મુસ્લિમોને સુખ સગવડો આપતું હતું.[૧૫] પછી લખપતજી ધ્વારા દિલ્હી દરબારમાં પોતાના પ્રતિનિધિઓ-વકીલો મારફત આ ઉપકારને ખુબજ પ્રસિધ્ધિ આપવામાં આવી. આ વકીલોની સાથે સાથે ખિતાબ મેળવવાના વિનંતીપત્રો પણ મોકલવામાં આવ્યા. અને અન્ય ભેટો પણ મોકલાઇ. અંતે મોગલ દરબારના લાંચિયા અફસરોની સિફારસથી આ ખિતાબ લખપતજીને મળયો.

આ ખિતાબના અત્યાર સુધી ત્રણ પ્રકારના શબ્દસમૂહો પ્રાપ્ત થયા છે. "મીરજા મહારાવ", "મીરજા મહારાજા" અને "મીરજા રાજા" "મીરજા મહારાવ" દિલ્હી અને ભુજની પ્રણાલિકાઓનું મિશ્રણ સમાન હતો. કારણ કે મહારાવ ખિતાબની લહાણી દિલ્હી તરફથી નથી થયેલી પરંતુ નવાનગરના વારસ પ્રશ્નમાં કચ્છની સફળ દરમ્યાનગીરીની યાદમાં રાવ પ્રાગમલ્લે આ ખિતાબ સ્વયં ધારણ કર્યો હતો. એટલે સ્વાભાવિક છે કે પદલાલિત્યના નાતે પણ "મીરજા મહારાવ" જોડાય અને કચ્છી ગર્વને પણ પોષણ મળે.

"મીરજા મહારાજા" પણ "મીરજા મહારાવ" ની સુધારેલી આવૃત્તિ હતી. "મહારાવ" નું સહેલાઇથી મહારાજા થઇ ગયું હતું. તેમાં હિન્દના બીજા દેશી રાજાઓ કરતાં પોતે કંઇક વધુ છે એ ભાવના પ્રદર્શન સિવાય બીજું કાંઇ નથી.

મોગલ દરબાર માંથી આપવામાં આવતો સાચો ખિતાબ "મીરજા રાજા" હતો. જયપુરનો જયસિંહ પણ આજ નામથી મોગલ તવારીખોમાં ઉલ્લેખાયો છે. મિરાતે અહમદી પણ સ્પષ્ટ જણાવે છે કે, લખપતજીને અપાયેલ ખિતાબના શબ્દો "મીરજા રાજા લખપત" હતા. કેટલાક લેખોમાં મીરજા ખિતાબ નથી દેખાતો. એનો અર્થ એટલોજ થાય

---

૧૫ કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૩૪.

કે જાહેર જનતાને મન મીરજા ખિતાબ એટલો પ્રિય નહોતો જેટલો કચ્છના શાસકોને મન હતો.

મહારાવ :-

નવા નગરના વારસના પ્રશ્નપર સફળ દરમ્યાનગીરીની યાદમાં કચ્છના શાસકો પોતાને રાવને બદલે મહારાવ કહેવડાવતા હતા. પણ રાયધણજીના વખતમાં આ શબ્દસમૂહનો ઉચ્ચાર "મહારાઉ" થતો હોય તેમ લાગે છે. કારણ કે રાયધણજીના ચિન્નમાં "મહારાઉ" લખેલું છે. એ વખતની બીજી આભિલેખિક સામગ્રીમાં પણ આને ટેકો મળે છે. માંડવીમાં "મનુભાની દેરી" નામે ઓળખાતા સ્થળે ઉભેલા એક પાળિયામાં રાયધણજીની આગળ મહારાવ કે મહારાઉને બદલે ફક્ત "રાઉ" લખેલું છે. એજ રીતે નારાયણ સરોવરના શ્રી. ત્રિકમરાયજીનાં મંદિરમાંના લેખમાં દેશળજી પહેલા માટે "રાઉ" જ વપરાયેલ છે. અને આગળ "મહારાજા" નું વિશેષણ વધારી દેવાયું છે.[૧૬] "રાજ" અને "રાઉ" સમાનઅર્થી શબ્દ હોવા છતાં તેનો બમણો ઉપયોગ થયો છે. પાછળથી "રાઉ" નું કેટલાક લેખોમાં રાઓ થયું છે.[૧૭] પછી તેમાંથી રાવ થયું હશે અને તેમાંથી અત્યારે પ્રચલિત "મહારાવ" ઉચ્ચાર સ્પષ્ટ બન્યો હોય તેમ લાગે છે.

શ્રી૭ :-

રાયધણની આગળ "શ્રી૭ રાયધણજી" અધિકૃત રીતે લખવામાં આવતું

---

૧૬. આ લેખની ચોથી લીટી આ પ્રમાણે છે :-
... વો મહારાજ રાઉશ્રી૭ દેશલજી તસ્ય ભાર્યા
પટરાણી વાઘેલીબા ...

૧૭. કોટેશ્વરની એક ધરમશાળાના વિ. સં. ૧૮૭૫ ના લેખની ૬ ઠ્ઠી અને ૭ મી લીટી આ પ્રમાણે છે :-
નવે પાયે ઇશ્વરને હુકમે સંપુરણ થયાં છે
રહારાજ રાઓશ્રી
દેશલજી ભારમલજી સુતની વારનાં...

એટલું જ નહિ ઘણી વખત રાણીની આગળ પણ શ્રી૭ લખાતું. નારાયણ સરોવરના ત્રિકમરાયજીના મંદિરના લેખમાં "મહારાજ રાઉશ્રી૭ દેશળજી" ની સાથેજ તેમનાં રાણી "વાઘેલી બાઇ શ્રી૭ મહાકુંરબાઇ" લખેલું છે.

આ ખિતાબ પરંપરાગત હિન્દુ ખિતાબ હતો. આજે પણ નેપાળ નરેશ એના જેવો "શ્રીપશ્રી સરકાર" નો ખિતાબ ધરાવે છે. નેપાળના રાણા જંગ બહાદૂરે ૧૮૫૭ ના લશ્કરી વિદ્રોહ વખતે બ્રિટિશ સરકારને સાથ આપ્યો તેના બદલામાં બ્રિટિશ સરકારે રાણાઓની સ્થિતિ મજબૂત બનાવી અને એમનેજ નેપાળના ખરા રાજા માન્યા. તેઓ "૩શ્રી" અથવા "૩ સરકાર" કહેવાતા હતા.[૧૮] આ રીતે જોતાં કચ્છના મહારાવનો "શ્રી૭" નો ખિતાબ નેપાળ નરેશ કરતાં ઉચ્ચ કક્ષાનો હોય તેમ લાગે છે.

રાયધણજી બીજા :-

સાધારણ રીતે દરબારી સાધનો રાયધણજી બીજા માટે ફક્ત રાયધણજી લખેછે. તેમને બીજો ક્રમ આપતાં નથી. કચ્છની અત્યાર સુધી મળતી સુગ્રથિત વંશાવળી મુજબ જાડેજાઓના વંશમાં કુલ ચાર રાયધણજી નામના શાસકો થઇ ગયા છે. તેમાં પહેલા બે "જામ" તરીકે ઓળખાતા. જામ રાયધણ પ્રથમ આશરે ઇ. સ. ૧૧૪૭ માં અને જામ રાયધણ બીજો ઇ. સ. ૧૧૭૫ આસપાસ થઇ ગયો. ત્રીજા રાવરાયધણ પ્રથમ ઇ. સ. ૧૬૬૬ થી ૧૬૯૮ માં થઇ ગયા. વળી પ્રથમના બે જામ રાયધણોથી અલગ "રત્તો રાયધણ" નું ઉપનામ પણ તેને મળેલું. પ્રસ્તુત નિબંધના રાયધણજીને આ "રાવ રાયધણ" કે "રત્તો રાયધણ" થી અલગ તારવવા માટે બીજાનો ક્રમ આપવામાં આવ્યો છે. કારણ કે તેઓ ખેંગારજી સ્થાપિત વંશના હતા. વળી ખેંગારજી સ્થાપિત ભુજ તખ્તપર પોતાના મરણ સુધી બિરાજેલા. તેના પૂર્વજ રાયધણ કરતાં તે થોડી વધારે ઉપાધિઓ ધરાવતા હતા. તેથી તેને ક્રમ ન આપવો તે ઇતિહાસના અભ્યાસી માટે અપ્રસ્તુત ગણાય. શ્રી વિલિયમ્સે પણ આજ રીતનો ક્રમ દર્શાવ્યો છે.[૧૯]

---

૧૮. નવનીત, મે ૧૯૭૨, પૃષ્ટ-૪ ૩૩.

૧૯. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૬૨.

રાયધણજીના ઉલ્લેખો ઘણા મળયા છે. મૂળ સંસ્કૃત શબ્દ "રાજધન" પરથી અઢારમી સદીમાં તેનો ઉચ્ચાર "રાયધણજી" જ થતો હશે તેમ માંડવી લેખ પરથી લાગે છે. જો કે તેમના પહેલાના રાયધણજીઓનો ઉચ્ચાર "રાઅણજી" એવો થતો તેમ અજેપાળ મંદિર લેખ પરથી વરતાય છે. એક દસ્તાવેજ પરથી એમ લાગે છે કે લખાણમાં "ણ" નો "ન" થતો અને "ધ" ની જગ્યાએ "દ" આવતો એટલે કે "રાયદનજી" આવું લખાણ મળે છે. આ દસ્તાવેજ બેટ અને દ્વારકાના તાલુકદારોને કચ્છના દીવાન હંસરાજ શાહે કરી આપેલ જામીનખતને લગતો છે.[૨૦] અંગ્રેજો સાથેની સંધિઓમાં પણ "રાયધણ" નોજ ભ્રષ્ટ અંગ્રેજી ઉચ્ચાર ROYDHUN આપ્યો છે.[૨૧] ડેવિડ સેટને કરેલ સમજુતિઓમાં "મહારાવ રાયધણ ઓફ કચ્છ" આપ્યું છે. તેમાં સૂચક રીતે "મીરજા" છોડી દેવાયો છે. જેમ પ્રજાઓના જાહેર પાળિયાઓમાં નથી તેમ. મુંબઇ સરકારના ફોરેઇન, પોલિટિકલ અને સિક્રેટ ડીપાર્ટમેન્ટસના પત્રવ્યવહારોમાં મુખ્યત્વે રાયધણ શબ્દનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે.

આમ જ્યારે રાયધણજીએ રાજ્યારોહણ કર્યું ત્યારે પરંપરાગત નામને તેના ખિતાબો સાથે ધારણ કર્યું હતું. શ્રી૭ દરેક જગ્યાએ નથી. એજ રીતે "મીરજા" નું પણ મહત્વ ઓછું છે. છતાંય "મીરજા મહારાવ રાયધણજી બીજા" એ તેમનું સૌથી વધુ પ્રચલિત અને તમામ રીતે ન્યાય આપી શકાય તેવું નામ છે.

<u>સમય :-</u>

રાયધણજીના રાજ્યારોહણ પછી જ અંગ્રેજો કચ્છમાં મુસાફર કે જાસૂસરુપે આવ્યા હતા. સામાન્ય રીતે દક્ષિણ ભારતમાં એવું બનતું કે રાજાઓના રાજ્યાભિષેક વખતે અંગ્રેજો કે અન્ય ગોરાઓ હાજર રહેતા. શિવાજીના રાજ્યાભિષેક વખતે પણ એજ સ્થિતિ હતી. કચ્છ અંતરની દૃષ્ટિએ ઘણુંજ દૂર અને જવા માટે મુશ્કેલ તથા રસ્તાની યોગ્ય માહિતિ

---

૨૦. ઓખા મંડળના વાઘેરો, પૃષ્ટ-૧૮૦.

૨૧. સી. યુ. અચીનસન્સ ટ્રીટીઝ, પૃષ્ટ-૧. - વોલ્યૂમ - ૪ -

નો અભાવ, આ બધાં કારણો ને લીધે આ સમયે કોઇ વિદેશી ગોરો હાજર નથી. નહિતર આ પ્રસંગની સુંદર માહિતી પ્રાપ્ત થાત. હવે જે કાંઇ બાકી રહે છે તે દેશી આધારો અને તે પરથી રચાયેલા ઇતિહાસો છે.

લગભગ તમામ પુસ્તકો રાયધણજીના રાજ્યારોહણનું વર્ષ વિ. સં. કે કચ્છી સંવત ૧૮૩૫ તથા ઇ. સ. ૧૭૭૮ આપે છે.[૨૨] આ વર્ષનો એક પાળિયો વરણું ગામમાં છે. પણ તેનો લેખ બરાબર વાંચી શકાતો નથી. તે પછી મળતા દસ્તાવેજો, પાળિયાઓ અને અન્ય લેખો તથા અન્ય લિખિત સામગ્રીમાં આ વર્ષ પછી જ રાયધણજીનો ઉલ્લેખ આવે છે. તેથી રાજ્યારોહણના વર્ષ વિશે કોઇ મતભેદ નથી. રાજ્યારોહણનો દિવસ શ્રી. દ્વિવેદીએ શ્રાવણ શુદ ૧૪ આપ્યો છે.[૨૩] જ્યારે શ્રી. કારાણી તેમને જ અનુસર્યા છે.[૨૪] બીજા કોઇ અહેવાલોમાં તિથી આવતી નથી તેથી જ્યાં સુધી અન્ય પુરાવા ન મળે ત્યાં સુધી આ તિથી સાચી માનવી રહી.

ઉંમર :-

રાયધણજી ગાદીએ આવ્યા ત્યારે સગીર હતા. સાધારણ રીતે તમામ અહેવાલોએ રાજ્યારોહણ વખતની તેમની ઉંમર ૧૪ વર્ષની નોંધી છે. જ્યારે મુંબઇ ગેઝેટિયરે તેમની ઉંમર ૧૫ વર્ષની આપી છે.[૨૫] બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન પણ પંદર વર્ષ આપે છે.[૨૬] આટલી નાની ઉંમર છતાં કોઇ રીજન્સી કાઉન્સિલ નીમવામાં આવી હોય તેમ લાગતું નથી.

---

૨૨. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૩.
૨૩. કચ્છ દેશનો ઇતિહાસ, પૃષ્ટ-૫૫.
૨૪. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૫૫.
૨૫. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી, વોલ્યૂમ પાંચમું, પૃષ્ટ-૩૪૪.
૨૬. બોમ્બે ગવર્નમેન્ટ સિલેકશન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૩.

કારણ કે રાયધણજીનાં માતા લાડકુંવરબાએ શરૂઆતમાં રીજન્સીનું કાર્ય કર્યું હતું. લીંબડી દરબારમાં આવી જ પરિસ્થિતિમાં તેઓ ઉછરેલાં હોવાને લીધે તેમને માટે વહીવટી સલાહકારનું કાર્ય સહેલું અને સરળ હતું.

o o o o o o
o o o
o o
o
o

Chapter - 5

-: પ્ર ક ર ણ - ૫ મું :-

દીવાન દેવચંદનું ખૂન.

પ્રાસ્તાવિકઃ-

રાયધણની નાની ઉંમર તેને રાજ્ય કરવા માટે પરાવલંબી બનાવતી હતી. તેની સાથેજ તેના પિતાનાં કેટલાંક અપકૃત્યોએ સર્જેલ પરિસ્થિતિએ રાયધણજી માટે મુશ્કેલીઓ સર્જી. તેની અદૂરદર્શી નીતિએજ ઝારાકાંડનું નિર્માણ કરાવ્યું હતું તથા પૂર્વજોની કીર્તિસમા બાળંભાને ખોવું પડ્યું.

કચ્છના ઇતિહાસ શાસ્ત્રીઓએ ગોડજીનાં રાજભક્તિને કારણે ઘણા વખાણ કર્યાં છે. પરંતુ રાયધણજીના રાજ્યારોહણ વખતે વગડતી પરિસ્થિતિમાં તેનાં અપકૃત્યોએ ભાગ ભજવ્યો હતો તેનો ઇનકાર થઇ શકે તેમ નથી. જેમ્સ બર્ન્સે તેની કામગીરીને લક્ષમાં રાખીને તેને "લોહી તરસ્યા ક્રૂર જૂલ્મગાર" તરીકે ઓળખાવ્યો છે.[1] અને એ તો હકીકત છે કે તેણે કેટલાક દીવાનોને મરાવીને તેમની મિલકત જપ્ત કરેલી.[2] એટલું જ નહિ કદાચ તેના અન્ય અપકૃત્યો તથા હત્યાઓને ક્ષમ્ય ગણીને રાજકીય રીતે તેને યોગ્યતાની નજીક લઇ જઇએ તો પણ તેણે પોતાના હાથેજ પોતાના સગા ભાઇ માનસીંગની કરેલ હત્યા[3] તેને લોહી તરસ્યો અને ક્રૂર જૂલ્મગારનાં બિરુદ અપાવે તે હકીકત છે. આ માનસીંગ લખપતજીનો અનૌરસ પુત્ર હતો અને તેને ડુજાપરની જાગીર આપવામાં આવેલી. માન-સીંગની હત્યાનું ફક્ત એકજ કારણ હતું કે, તેણે એક એવી સ્ત્રીનો પ્રેમ સંપાદિત કરેલો કે જેણે ગોડજીનો અનાદર કરેલો. ભાઇની હત્યા માટે કેવું ક્ષુલ્લક કારણ !! જેમ્સ બર્ન્સ તો ત્યાં સુધી જણાવે છે કે તેણે પોતાના અમલ દરમ્યાન ત્રીસ કરતાં વધારે પ્રધાનો-દીવાનોની હત્યા કરેલી.

---

૧. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃ૭૮-૭.
૨. કારા ડુંગર કચ્છ જા, પૃ૭૮-૧૬૧.
૩. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃ૭૮-૭.

એટલે કે વર્ષમાં ત્રણ દીવાન બદલાતા એવો અર્થ થાય. આવી સ્થિતિમાં સમગ્ર વહીવટમાં અસ્થિરતા સિવાય બીજું શું અપેક્ષી શકાય ?

કચ્છ બહાર લખોયેલ એક ઇતિહાસમાં તેને વિશે જણાવાયું છે કે, "તે શરીરે ચીમળાઇ ગયેલો, સ્વભાવે અદેખો, ક્રુર, જુલ્મી તથા પાપ-કર્મમાં સંકોચહીન હતો"[૪] ટૂંકમાં કચ્છે આ પહેલાં આવો અયોગ્ય અને બિનજવાબદાર શાસક નહોતો જોયો. તેના પિતાને પણ પૈસા વાપરવા માટે ઓછા પડતા તેથી બળવો કરેલો. તેવુંજ ગોડજી વિશે થયું હતું. સોળ વર્ષની નાની ઉંમરે તેણે પણ બળવો કરેલો એટલુંજ નહીં મુન્દ્રા દબાવી બેઠો. ત્યાં જ્યારે પૈસાની તંગી પડી ત્યારે લોકાઇએ આવેલ બહારના શેઠીઆઓને કેદ કરીને તેણે મોટી રકમ કઢાવેલી.[૫] ટૂંકમાં તેની પાસે કિશોરાવસ્થામાં લુટારા જેવી આર્થિક વૃત્તિ હતી. તેણે કરેલી ત્રીસ ઉપરાંત દીવાનોની હત્યામાં પૈસો મેળવવાની વૃત્તિ જ જવાબદાર હતી. જેમ્સ બર્ન્સે પણ આ હત્યાઓ માટે આર્થિક કારણ આપ્યું છે.

હિન્દ રાજસ્થાન તેનું મુલ્યાંકન કરતાં નોંધે છે કે, "ઘરમાં કરકસર કરીને તેણે પોતાની શક્તિ ઉપરાંત હાથી અને ઘોડાઓ રાખ્યા અને ઘણાકનાં ધન લૂંટીઝૂંટી લીધાં તે છતાં મરતી વખતે તેની તીજોરીમાં ફૂટી બદામ પણ નહોતી." આમ રાયધણજી ગાદીએ આવ્યા ત્યારે કચ્છની આર્થિક સ્થિતિ ખખડી ગયેલી હતી. સ્વાભાવિક છે કે, આવી સ્થિતિમાં એક સગીર શાસક તથા તેની વિધવા માતાને દીવાનોની હરિફાઇના યુગમાં શાસન કરવું દુષ્કર હોય. ટૂંકમાં રાયધણજીને રાજકીય અસ્થિરતા તેના પિતા પાસેથી જ મળી હતી. તેના ગાદીએ આવ્યા પછી તેનું સર્જન થયું નહોતું.

રાયધણનો પ્રથમ દીવાન :-

ગોડજીના મરણ પછી તેમનો છેલ્લો દીવાન કોણ હતો તેનો ખ્યાલ

૪. હિન્દ રાજસ્થાન, પૃષ્ટ-૩૯.

૫. કચ્છ દેશનો ઇતિહાસ, પૃષ્ટ-૪૮ અને ૪૯.

આવતો નથી. કારણ કે ગોડજીનો સમય દીવાનોની અસ્થિરતાનો યુગ હતો. દીવાન પુંજાશેઠનો ઘાત કર્યા પછી કોણ દિવાન થયો તેની માહિતી નથી મળતી. એ પછી તરતજ ગુલામશાહની ફરીથી કચ્છ પર ચઢાઇ થઇ જેથી ફરી એકવાર કચ્છમાં કટોકટી સર્જાઇ. ખાખરના જાડેજાની કન્યા સાથે લગ્ન કરી એ પાછો ફર્યો. સિંધમાં બાન રાખેલા પુંજા શેઠના પુત્ર દેવજીને આ પછી જ છૂટો કર્યો. તે લખપતનો કર્ણધાર બન્યો અને થોડો સમય ત્યાં રહ્યો. વચ્ચે બીજા દીવાનો આવ્યા હશે અને છેલ્લે તેને દીવાનની પાઘડી લેવા ભુજ બોલાવ્યો પણ તેનું રસ્તામાં ખૂન થયું.

આ ખૂન ઘણુંજ રહસ્યભર્યું છે. દેવજીના ઘાત પછી કોણ દીવાન થયું તેની માહિતી મળતી નથી જ્યારે રાયધણજી રાજગાદીએ બેઠા ત્યારે દીવાન દેવચંદ શેઠ દીવાનપદે આરુઢ થયા. દેવજીના ખૂન અને દેવચંદ વચ્ચેના સમયમાં જે દીવાન હશે તે ગોડજીનો છેલ્લો તથા રાયધણજીનો પહેલો દીવાન હશે.

પુંજા શેઠના પુત્ર દેવજીની હત્યા પછી ભુજમાં બનેલા બનાવો આ દૃષ્ટિએ ઘણા જ અગત્યના હતા. ગોડજીના વખતમાં કચ્છ દરબારમાં મુસલમાનોનું વર્ચસ્વ વધતું જતું હતું. આ પહેલાં મુસ્લિમોની રાજદરબારમાં કોઇ ગણતરી નહોતી. જો કે તેમની વસ્તીનું પ્રમાણ કચ્છમાં સારું હતું. ગોડજીના વહેમી સ્વભાવને લીધે તેઓ કોઇના પર વિશ્વાસ મૂકી શકતા નહિ અને તેથી જ પોતાના અંગ રક્ષકો તરીકે તેમણે ખાસ સીદીઓને પસંદ કર્યા હતા. આ સીદીઓ એ સમયે ઘણા પ્રબળ થઇ ગયા હતા અને રાજ્ય કારભારમાં માથું મારતા હતા. સીદીઓની આવી દખલગીરી ફક્ત કચ્છમાં જ હતી તેવું નથી. રાયધણયુગમાં તેઓ સમી–રાધનપુરના બાબીઓનાં રાજ્યમાં પણ ડખલગીરી કરતા હતા. તેમાંનો એક ઇસ્માઇલ તો નવાબ ગાઝીઉદ્દીનખાનના સમયમાં આ રાજ્યનો સર્વોચ્ચ બની બેઠો હતો. [૬]

---

૬. કચ્છ મિત્ર દીપોત્સવી, વિ.સં. ૨૦૨૮, પૃષ્ટ–૨૩.

આ સીદીઓની કચ્છમાં મંદબુધ્ધિવાળા તરીકે છાપ હતી. રાજ્યમાં તેમને કારણે અવ્યવસ્થા વધી પડેલી. એવું બન્યું કે દરબારીઓએ ગોડજીને નજર કેદ કરીને એ વખતના લગભગ ચારસો જેટલા સીદીઓને કચ્છની બહાર કાઢી મૂક્યા. પોતાનો અંગત સ્વાર્થ તથા સ્વમાન ઘવાતું હોવાથી દરબારીઓનું આ કૃત્યુ ગોડજીને પસંદ નહોતું પડયું, પણ તેના શાંત વિરોધમાં તેઓ માંડવી ચાલ્યા ગયા હતા. આ બનાવ ભુજ દરબારમાં સીદીઓનું વર્ચસ્વ કેટલું બધું વધી ગયું હતું તેનો નિર્દેશ કરે છે. આપછી તરતજ બનેલો બીજો બનાવ પણ મુસ્લિમોના લશ્કરી વર્ચસ્વ પર પ્રકાશ પાડે છે.

સિંધમાં ગુલામશાહના મરણ પછી તેનો પુત્ર શર્ફરાઝ ગાદીએ આવ્યો. તે પછી તેનો પુત્ર અબ્દુલનબી શાસક થયો. સિંધના દીવાન મીર બીજરના પિતાના બે ખૂનીઓ અલ્લાનીહુસેન તથા લાખા બલોચને આ વખતે ગોડજીએ આશ્રય આપ્યો. તેથી સિંધે કચ્છ પર ચઢાઇ કરી. આ ચઢાઇનો સામનો કરવા માટે મિરજા કુરપાબેગને સેનાપતિ બનાવી મોકલવામાં આવ્યો અને તે સિંધને હરાવવા શક્તિમાન બન્યો. જો કે કલોરા અને તાલપુરાના આંતરવિગ્રહમાં સપડાયેલા સિંધને આ વખતે હરાવવું કઠીન નહોતું છતાંય કચ્છનો એક સેનાપતિ મુસલમાન છે તે મુસ્લિમોના ભુજ દરબાર પરના વર્ચસ્વની માત્રાનું પ્રમાણ સૂચવે છે.

આ મીરજાકુરપાબેગ છેવટે ગોડજીને પણ ગણકારતો નથી એટલો શક્તિશાળી બની ગયો. તેને મારનાર પેલા બે સિંધી આશ્રિતોને બાડા અને બાએઠમાં આપેલો ગ્રાસ તેની સત્તાને અંજલીરૂપ છે. આમ ગોડજીના અંતિમ દિવસોમાં મુસ્લિમો કચ્છમાં વર્ચસ્વશાળી બનતા હતા. તેથી ગોડજીનો છેલ્લો અને રાયધણજીનો પહેલો દીવાન આ સીદીઓ માંથી કે અન્ય મુસ્લિમો માંથી હોવાનો વધારે સંભવ છે.

દીવાન દેવચંદ શેઠ :-

રાયધણજી ગાદીએ આવ્યા ત્યારે દેવચંદ નહિ પણ કોઇ બીજું

દીવાનપદે હતું. તેને લગભગ તમામસાધનો ટેકો આપે છે. તેને દીવાન પદ કેમ મળયું તે કૂટ પ્રશ્ન છે. કારણ કે ઇ. સ. ૧૭૭૮ માં તો ભુજ દરબાર પર સીદીઓએ ઠીક ઠીક વર્ચસ્વ જમાવ્યું હતું. આ વખતની અવ્યવસ્થા અને અંધાધુંધીનો લાભ લેવા માટે તેઓ જમાલ નામના મીયાંણાની નેતાગીરી તળે એક થયા હતા. આમેય ખેંગારજી પહેલાને કક્કલભીયાંએ બચાવ્યા પછી તો મીયાંણાઓ પર ભુજના ચાર હાથ હતા. તેથી ૩૦૦ વર્ષ પછી તેઓ શક્તિશાળી બને તે સ્વાભાવિક હતું. તે ઘણોજ કુશળ વહીવટકર્તા હતો તે વિશે કોઇ બે મત નથી તેની નિમણૂંકમાં રાજમાતાએ અગત્યનો ભાગ ભજવ્યો હતો. આ પહેલાં તે મહારાણીની ખાનગી મિલ્કતનો વહીવટ કરતો હતો. તેના કારભાર હેઠળ મહારાણીની ખાનગી મિલ્કત ઘણી વધવા પામી હતી. અને દેવચંદમાં મહારાણીને એટલો વિશ્વાસ હતો કે તેમણે દેવચંદ શેઠને દીવાન પદે સ્થાપવા સગીર મહારાવને સમજાવ્યા હતા.[૭] લેફટનન્ટ એસ. એ. રેઇક્સ પણ નોંધે છે કે, દેવચંદે ગોડજીની રાણીની ભલામણથી દીવાનપદ મેળવ્યું હતું તેમ એ વખતે કચ્છમાં સામાન્ય રીતે મનાતું હતું.[૮] કેપ્ટન ચાર્લ્સ વોલ્ટર ઇ. સ. ૧૮૨૭ માં નોંધે છે કે મહારાણીનો ખાનગી ગ્રાસ મુન્દ્રામાં હતો. અને દેવચંદને આ ગ્રાસનો વહીવટ કરવા માટે નીમવામાં આવેલો. દેવચંદે આ ગ્રાસનો વહીવટ ઘણીજ કુશળતાપૂર્વક કર્યો હતો.[૯]

આ પરથી એમ જણાય છે કે દેવચંદ માટે આ કાંઇ પહેલી વખત મળતું દીવાનપદ નહોતું. ગોડજીના સમય દરમ્યાન તેણે દીવાનપદ અને તેને સમકક્ષ ઘણાંપદો થોડે થોડે વર્ષને અંતરે ભોગવ્યાં હતાં. ગોડજીના સમયમાં આ જોખમ ભરેલ સ્થાને ઘણા દીવાનો આવતા ગયા. અને મરણના ભોગ બનતા ગયા. પરંતુ દેવચંદ શેઠની બાબતમાં તેમ થવા

---

૭. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૬૨.

૮. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુસીરીઝ, પૃષ્ટ-૧૪ ની પાદનોંધ.

૯. બોમ્બે ગવર્નમેન્ટ સિલેકશન નં. -૧૫, ન્યુસીરીઝ, પૃષ્ટ-૧૧૩.

નહોતું પામ્યું. કારણ કે તે સ્વભાવથીજ ઘણો પ્રમાણિક હતો.[૧૦] તેના પ્રમાણિકપણાને લીધે તેણે પોતાના માટે ખાનગી ધન એકઠું કર્યું નહોતું. તેથી લક્ષમીતરસ્યા ગોડજીને તેને હેરાન કરવાથી કંઇ લાભ મળી શકે તેમ નહોતું. વળી તે ઘણોજ મજબૂત માનવી હતો. ગોડજીના ખોટાં કામોમાં સામેલ થવાની તે ઘસીને ચોખ્ખી ના પાડી દેતો.[૧૧] એટલુંજ નહિ આવા કટોકટી ભર્યાં સમયે અગમચેતી વાપરી, સ્વમાનભેર નોકરી છોડી દેતો. એ પછી પણ તેણે મહારાણીના મુન્દ્રા ગરાસનો કુશળતા પૂર્વક વહીવટ કર્યો હતો. અને જ્યારે તક મળી ત્યારે રાજ્ય વહીવટમાં પણ સામેલ થયો હતો. આમ દેવચંદ દીવાન થવાની તમામ લાયકાતો ધરાવતો હતો. તેથી સ્વાભાવિક છે કે સીદીઓના નવા વર્ચસ્વને તે સહેલાઇથી તોડીને પોતાનું કાર્ય સાધી શકે.

દેવચંદનું ખૂન પૂર્વ સંજોગો - પરિબળો :-

રાયધણના રાજકારભારનો સૌથી પ્રથમ અગત્યનો બનાવ દેવચંદ શેઠની દીવાન તરીકેની નિમણૂંકનો હતો તો બીજો બનાવ તેના ખૂન અંગેનો હતો. આગળ જણાવ્યું તેમ સીદીઓનું કચ્છના રાજકારણમાં વર્ચસ્વ જામ્યું હોવા છતાં દેવચંદ દીવાન થઇ શક્યો હતો. સ્વાભાવિક છે કે પોતાના બળ તથા લાયકાતથી દીવાનપદે આવેલ દેવચંદની નીતિ સ્થાપિત હિતો પર ઘા કરે. દેવચંદે કચ્છમાં ઝડપથી સ્થિરતા સ્થાપી હતી. વહીવટીતંત્રને કાર્યક્ષમ બનાવીને સ્વચ્છ કર્યું હતું. ટૂંકમાં તેણે કચ્છની સાર્વભૌમ સત્તા પુનઃ સ્થાપી હતી. છતાંય એ વખતના સંજોગો જોતાં આ સ્થિરતાનાં મૂળ ઘણાં ઉંડાં ગયાં નહોતાં. શ્રી. વિલિયમ્સ નોંધે છે તેમ, પ્રમાણિકપણે રાજવહિવટ કરનાર કે દીવાનપદ જેવા રાજ્યના ઉચ્ચ પદે કામ કરનાર માટે આ સમય અનુકૂળ નહોતો. કેટલાંક સ્થાપિત હિતો ખાસ કરીને ગોડજીનું માનીતું સીદીઓના વર્ચસ્વવાળું અંગરક્ષકદળ

---

૧૦. કચ્છ દેશનો ઇતિહાસ, પૃષ્ટ-૫૫.

૧૧. હિન્દ રાજસ્થાન, પૃષ્ટ-૪૦ અને કચ્છ વૃતાંત, પૃષ્ટ-૫૧.

દેવચંદનું વિરોધી હતું. સંજોગો જોઇને અત્યારે તેઓ દબાઇ ગયા હતા. બાકી તેમને કાયદા કાનૂનનો તથા શાંત અમલ ગમતો નહિ. આમ કચ્છની સ્થિતિ ભારેલા અગ્નિ જેવી હતી. શ્રી. કારાણી પણ આવીજ સ્થિતિને અનુમોદન આપે છે. તેઓ જણાવે છે કે, "સીદીઓનું પ્રાબલ્ય હજુ જેવું ને તેવું જામેલું હતું. જમાલમીયાં નામનો સીદીઓનો જમાદાર દેવચંદની કાર્યકુશળતાનો વિરોધી હતો." આવી પરિસ્થિતિમાં લશ્કર પણ પોતાને રાજકારણથી અલિપ્ત રાખી શક્યું નહિ. શ્રી. દ્વિવેદી જણાવે છે તેમ, "લડવૈયા લોકો કે જેઓનું ગુજરાન રાજ્યમાં થતી ઉથલ-પાથલ ઉપર હતું. તેઓને શાંતિથી બેસવામાં ફાયદો દેખાતો નહોતો."

કેપ્ટન ડેવીડ સેટન, હેમીલ્ટન, જેમ્સબર્ન્સ, કેપ્ટન ચાલ્સવોલ્ટર અને ગેઝેટિયરકાર જેવાએ કચ્છની રાજમહેલની આંતરિક સ્થિતિને અવલોકીને રાજમાતા તથા દેવચંદનો સંબંધ બતાવીને દેવચંદ વિરૂધ્ધ સીદીઓની સાથે રાયધણને પણ ભેળવી દીધો. આ બધાનું પરિણામ છેવટે એક કુશળ દીવાનના ખૂનમાં આવ્યું.

વિદેશીઓએ જે પૂર્વ સંજોગો વર્ણવ્યા છે તે શબ્દશઃ સાચા અને વિશ્વાસપાત્ર નથી. આ બધાય વિદેશીઓમાં કેપ્ટન ડેવીડ સેટન રાયધણનો સમકાલીન છે. તેના માંડવીથી તા. ૪-૧-૧૮૦૩ ના રોજ મોકલેલ અહેવાલમાં રાજમાતા અને દેવચંદના સંબંધનો તથા તેના ખૂનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૧૨] ત્યારબાદ બાકીના બધા વિદેશી લેખકો તેને અનુસર્યાં છે. અનુસરવામાં તેમણે મૂળ અહેવાલમાં કેટલાંક પરિવર્તનો પણ કરી નાંખ્યાં છે. ગેઝેટિયરકાર અને લેફટનંટ રેઇક્સ જેવા તો આ બાબતને પાદનોંધમાં મૂકીને પોતાની મર્યાદા સ્પષ્ટ કરી નાખે છે.[૧૩] તેઓનો મૂળ આધાર કેપ્ટન ડેવીડ સેટને લોકો પાસેથી જે વાતો સાંભળી હતી તેની નોંધ કરી હતી. એ યુગમાં લોકો પાસે કેવી વાતો

---

૧૨. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૪, પૃષ્ટ-૧૯૮.
૧૩. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૪ ની પાદનોંધ.

આવતી હશે તેને ઉંડાણથી તપાસતાં લાગે છે કે, જો કોઇ દીવાન કે રાજકીય પુરુષ ખુબજ પ્રખ્યાત થઇ જાય અને પ્રજામાં વહાલો થઇ જાય તે રાજ્યાધિકારી સમાજના હરીફ વગેને જરાય પસંદ પડતું નહિ. આજે પણ રાજકારણમાં આ પરિસ્થિતિ છે તેથી તેની પ્રતિષ્ઠામાં ઓટ આવે તેવું કરવું કે તેને દૂર કરવું તે યુગમાં જરુરી મનાતું.

તેને દૂર કરવા માટે આવી વિખ્યાત વ્યક્તિ પર પ્રજાની નજરમાં હલકી પાડવા માટે ગંભીરમાં ગંભીર આક્ષેપ મૂકવામાં આવતો. દેવચંદ પોતાના ઉજ્જવળ ભૂતકાળને લીધે તથા રાયધણની સગીર અવસ્થાને લીધે રાજ્યમાં સર્વોચ્ચ હતો. તેની સામે દેખીતી રીતે કોઇ ઉફ કરી શકે તેમ નહોતું. આવી વ્યક્તિ સામે સાર્વભૌમત્વનો એક અંશ એ યુગમાં જેમાં સમાયેલો હતો તેવી રાજમાતાને તેણે કરેલ કોઇ અન્યાય કે અપ-માનનો જ આક્ષેપ મૂકી શકાય. પણ દેવચંદ પર આક્ષેપ મૂકનારાઓ ઘણા જ દીર્ઘદૃષ્ટિવાળા હતા. તેમને સામાન્ય આક્ષેપ બિન અસરકર્તા દેખાતો હતો. તેથી રાજમાતા અને દીવાનના રાજ્યવ્યવહારના કાર્ય માટેના નજીકના સંબંધોને ગુન્હાહિતરુપ આપી દીધું અને પ્રજામાં તેનો પ્રચાર કરી દીધો. જેથી દેવચંદનું કાસળ કાઢયા પછી ષયંત્રકારો સામે કોઇ પણ જાતનો ઉહાપોહ મચે નહિ. આવો આક્ષેપ કર્યા સિવાય દેવચંદના ખુનને પ્રજાની નજરમાં કોઇપણ રીતે ન્યાયી ઠરાવી શકાય તેમ હતું નહિ. ટૂંકમાં માંડવીમાં રહેલા કેપ્ટન ડેવીડ સેટને આ રીતે ઇરાદા પૂર્વક પ્રચારમાં મૂકવામાં આવેલી વાતો સાંભળી હશે અને તેનો અહેવાલ મુંબઇ પ્રેસીડેન્સી પર મોકલાવ્યો હતો. જેને પાછળના લગભગ તમામ અંગ્રેજો અનુસર્યાં હતા.

એ વખતે પ્રખ્યાત દીવાનોના કાસળો કાઢવાનું બીજાં રાજ્યોમાં પણ સામાન્ય હતું. સોરઠનું રાજકીય એકીકરણ કરનાર અમરજીનું પણ છેવટે ખૂન કરવામાં આવેલું. એવુંજ પાલનપુરના દીવાન ફૂલા મહેતાનું બનેલું. એટલુંજ નહિ સોનાબુબુ નામની એક બેગમ તેમાં સંડોવાયેલી હતી.[૧૪]

---

૧૪. પાલનપુરનો ઇતિહાસ, ભાગ ૧ લો, પૃષ્ટ–૨૭૧.

આમ આવી કોઇપણ પ્રતિષ્ઠિત વ્યક્તિને ઠેકાણે કરવાની હોય ત્યારે લોકોને વૈચારિક રીતે તૈયાર કરવા માટે તેમના પર આક્ષેપો મૂકવામાં આવતા.

આનો અર્થ એ પણ નથી કે એ વખતની કચ્છની સ્ત્રીઓ અને પુરુષોનું ચારિત્ર્ય ઉત્કૃષ્ટ હશે. આ યુગનો સમકાલીન કચ્છનો ભોમીયો કેપ્ટન મેકમુર્ડો નોંધે છે કે, "કચ્છની સ્ત્રીઓ માણસ સાથે નહિ પણ તેના ગરાસ સાથે પરણે છે. સુખી ઘરની સ્ત્રીઓ નોકરો સાથે ઇંદમાં પડે છે." ફાર્બસે પણ આવી જ સામાજિક સ્થિતિ નિરુપી છે.[૧૫] આમ કચ્છી સમાજ માનવ સહજ નિર્બળતાથી પીડાતો હતો. મહેલ પણ આ સમાજનો એક ભાગ હતો. તેથી પેલા આક્ષેપોને માત્રા ગમે તેટલી નાની હોય તો પણ અસંતુષ્ટોને રજનું ગજ કરતાં વાર થઇ નહિ.

<u>ષડયંત્રનું સ્વરુપ :-</u>

દેવચંદ દીવાનને માનસંગ નામનો એક વિશ્વાસુ નોકર હતો. તેથી જમાલમીયાણો કે જે મહારાવના અંગરક્ષકદળનો વડો હતો તેણે માનસંગની ધરપકડ કરી. આ માનસંગ, દીવાન અને રાયધણ વચ્ચે કડી સમાન હતો. વધારે પડતા કાર્યભારને લીધે દીવાન મહારાવ સાથે દરરોજ મંત્રણા ન કરી શકે તે સ્વાભાવિક હતું. તેથી આ સગીર રાયધણ સાથેનો તમામ વ્યવહાર દેવચંદ પોતાના આ વિશ્વાસુ માનસંગ મારફત જ ચલાવતો. સ્વાભાવિક છે કે માનસંગ એક ગંભિર જવાબદારી સંભાળતો હતો. એ વખતના મોટા ભાગના સંદેશાઓ મૌખિક હતા. તેથી જો માનસંગ ધારે તો દીવાન અને મહારાવના સંબંધોને બગાડાવી શકે. પરંતુ દેવચંદે પસંદ કરેલો આ કાસદ સંપૂર્ણ વફાદાર હતો. તેથી કાવત્રાબાજોની યોજનાને સફળ થવા માટે તે પાયામાંજ બાધારુપ હતો. દેવચંદ પહેલાં તેને દૂર કરીને રાયધણ અને દીવાન વચ્ચે મતભેદો કે ગેરસમજણો ઉભી કરવાનો સર્વપ્રથમ પ્રયત્ન શરુ કરાયો. માનસંગની ધરપકડ આ દિશાનું પ્રથમ પગરણ હતું.

---

૧૫. રાસમાળા, ભાગ બીજો, પૃષ્ઠ-૩૩૧.

આમ થવાથી થોડો વખત સુધી દેવચંદનો રાયધણજી સાથે કાંઇ સંપર્ક રહ્યો નહિ અને રાજ મહેલમાં શું બની રહ્યું છે તે જાણવા પણ તેમની પાસે બીજું કોઇ સાધન રહ્યું નહિ. માનસંગની ધરપકડની સાથોસાથ દેવચંદને તેમજ તેના ત્રણ ભાઇઓ અનુક્રમે અંજાર, મુન્દ્રા તથા રાપરનો વહીવટ સંભાળતા હતા, તે બધાંને એક સામટા પકડીલેવામાં આવ્યા. ચારે ભાઇઓને મારી નાખવાનું નક્કી થયું અને તેમના શુભેચ્છકો માંથી કોઇ તેમને બચાવવા કાંઇ પ્રયાસ કરે તે પહેલાંજ તેમને મારી નાખવામાં આવ્યા. શ્રી. વિલિયમ્સ નોંધે છે તેમ દીવાનના નજીકનાં સગાંઓ પાસેથી પૈસાની મોટી રકમો દંડ તરીકે પડાવી લેવામાં આવી જે કાવત્રાખોરો એ પોતેજ રાખી.

આ આખા ષયયંત્રમાં માનસંગે અગત્યનો ભાગ ભજવ્યો હોય તેમ લાગે છે. કેપ્ટન ચાર્લ્સ વોલ્ટરના અહેવાલ પરથી એમ લાગે છે કે જમાલ-મીંયાએ માનસંગને કેદમાં પૂર્યા પછી ઘણીજ સિફતથી પોતાના પક્ષે કરી લીધો અને ત્યારબાદ પોતાનાજ જાસૂસ તરીકે ફરીથી દેવચંદની સેવામાં તેને મોકલવામાં આવ્યો. જેને પરિણામે જમાલ તથા ષડ્યંત્રકારોને દીવાનની હિલચાલની રજેરજ માહિતી મળી જતી. અને તેઓ દેવચંદને નક્કી કરેલ દિવસે સાંજે પકડી શક્યા તથા તેના ભાઇઓ સહિત તેના બીજા ટેકેદારોને ઝડપથી ખતમ કરી શક્યા.[૧૬]

<u>ખૂનની અસરો :-</u>

આમ આખું ષડયંત્ર અદભુત રીતે પાર પડ્યું. આવું ષડયંત્ર રાજ્યના સર્વોચ્ચની સંમત્તિ વગર કે તેનાં સહકાર યા અમીદૃષ્ટિ વિના સફળ ન જ થઇ શકે. તેથી ભલે આ હત્યાકાંડમાં રાયધણે સીધો ભાગ લીધો ન હોય પરંતુ જે થયું તે તેની ઇચ્છા મુજબ થયું હતું. આ કૃત્ય કરનારાઓમાં કોઇ હિન્દુ સામેલ થયો હોય તેવી હજુ સુધી માહિતી પ્રાપ્ત થતી નથી. તેથી આ કાવત્રું અસંતુષ્ટ સીદીઓનું જ હતું તે વિશે બે મત નથી. પોતાના

---

૧૬. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૪.

ઇસ્લામપ્રેમને લીધે, તે લઘુમતીનું ષડયંત્ર હોવા છતાંય અને પોતે તેનું રમકડું બનવાનો છે તેવી ખાત્રી છતાંય, રાયધણે તેને સંમત્તિ આપી. તેથી આ ખુનનાં દૂરગામી પરિણામો કચ્છ માટે ઘણાંજ ખતરનાક આવ્યાં.

આ ખુનનું તાત્કાલીક પરિણામ એ આવ્યું કે ગોડજીના સમયમાં બળવાન થયેલા સીદીઓ હવે કચ્છ દરબારમાં બિનહરીફ બની ગયા. વળી આ ખુન પાછળ દીવાનપદની પણ લાલસા હતી. આગળ જોઇશું તેમ દેવચંદના ખુન પછી પાંચ મુસલમાનો –જમાલમીંયાણો, કોરેજાબેગ મહમદ, સીદીમરીચ, કાદરખાન, ડોસલવેણ – દીવાન થયા હતા. એટલું જ નહિ વચગાળાની વ્યવસ્થા બાર ભાયા રાજમંડળના બારેબાર સભ્યો પણ મુસલમાન હતા. બારભાયાના પતન પછી કચ્છની સત્તા હતેહમહમદે કબજે કરી જે અંજાર અને ભુજમાં રાયધણ યુગ સુધી ચાલુ રહી. આમ દેવચંદની વિદાયે સીદીઓ તથા અન્ય મુસ્લિમ મહત્વાકાંક્ષીઓનો માર્ગ કચ્છના રાજકારણમાં સરળ કરી નાખ્યો.

રાજમાતા અને દેવચંદ બન્નેની સંયુક્ત અસર સગીર રાયધણ પર વિશેષ પડતી હતી. દેવચંદના ખુન પછી જોગાનુજોગ રાજમાતાનું પણ મરણ થયું. તેથી રાયધણ અંકુશ વગરનો થઇ ગયો. પરિણામે મહમદપન્નાહ જેવા ઇસ્લામના પ્રચારક વિદ્વાને કુમળી વયના મહારાવને ઇસ્લામ તરફ વાળી દીધા. જેનું અંતિમ પરિણામ રાયધણની ધર્માંધતાને લીધે ઉભી થયેલી અવ્યવસ્થામાં આવ્યું. જેમાંથી છેવટે કચ્છની કમનશીબીનાં મંડાણ થયાં.

દેવચંદ કચ્છની આર્થિક કરોડરજ્જુ જેવી લોહાણા કોમનો પ્રતિનિધિ હતો. તેના ખુન પછી વત્તે ઓછે અંશે તેનીકોમને પણ સોસવું પડયું. બરાબર આ વખતે અંગ્રેજો મુંબઇનો વિકાસ કરી રહ્યા હતા તેથી આ કોમની નજર હવે કચ્છ બહાર વિશેષ રહી. તેઓ રાજકારણથી અલિપ્ત થઇ ગયા અને માંડવીને બાદ કરતાં બાકીના કચ્છે પોતાની પહેલાની આર્થિક સમૃધ્ધિ ખોઇ. એટલું જ નહિ બીજી વેપારી કોમો પણ રાયધણના અમલ સાથે સહકાર કરી શકી નહિ. માંડવીનો બળવો અને તેની

રાયધણના મરણ સુધીની સ્વાયત્તતા વેપારીઓના જુસ્સાને આભારી હતી. દેવચંદના અનુગામીઓ પાસે કોઇ સ્પષ્ટ આર્થિક નીતિ હતી નહિ. તેથી કરવેરાની વસૂલાતે ઉઘાડી લુંટનું સ્વરુપ ધારણ કર્યું. જેને કારણે પ્રજા વધુ બેહાલ બની.

આમ દેવચંદના ખૂનને કારણે કચ્છની રાજકીય સ્થિરતા સંપૂર્ણપણે જોખમાઇ. જ્યાં સુધી દેવચંદ જેવો કુશળ દીવાન કચ્છને ન મળે ત્યાં સુધી અંધાધૂંધી ભરી સ્થિતિમાં કોઇ ફરક પડવાની શક્યતા નહોતી અને અંતે એ શૂન્યાવકાશ પૂરવા ફતેહમહમદ તથા હંસરાજે પ્રયત્નો શરૂ કર્યા.

Chapter - 6

-: પ્રકરણ - ૬ છઠું :-

સીદી - રાજ્ય.

ફોશબેગ ઉર્ફે ફોરેજાબેગ મહમદ :-

દીવાન દેવચંદનું ખૂન થયું પણ આ ષડયંત્રનો નેતા જમાલ મિયાણો વહીવટ કરવાની કાર્યક્ષમતા ધરાવતો નહોતો તેથી દેવચંદના અનુગામી તરીકે જમાલ આવતો નથી પણ સામાન્ય રીતે કચ્છના તમામ સાધનો માને છે તેમ સીદી મરીચ આવ્યો. ગેઝેટિયરકાર પણ આજ મતને ટેકો આપે છે. પરંતુ જમાલ મિયાણા પાસેથી એક વિદેશી મુસલમાન તરતજ સત્તા હસ્તગત કરે તે બનવાજોગ નથી.

અત્યાર સુધી ઇસ્લામને નામે તેઓ એક થયા હતા. તેમનો સામાન્ય ઉદ્દેશ- દેવચંદનું ખૂન પૂર્ણ થતાં, હવે તેમનો સ્વાર્થ ટકરાયો. જમાલ મિયાણો દીવાન થઇ શકે તેવી યોગ્યતા ધરાવતો નહોતો. એનો અર્થ એ નથી કે તેના પક્ષમાં કોઇ એવી વ્યક્તિ નહિ હોય. કચ્છી અને આફ્રિકી મુસલમાનોના આ જૂથમાં સંખ્યાની દૃષ્ટિએ કચ્છી મુસલમાનોની સંખ્યા વધારે હતી. વળી સ્થાનિક લોકોનો પણ તેમને મોટે ભાગે ટેકો હતો. તેથી સીદીઓનાં હાથમાં સહેલાઇથી સત્તા જાય તે સંભવિત નહોતું. આવી સ્થિતિમાં એમ માની શકાય કે જમાલ અને સીદી મરીચ વચ્ચે કોઇ દીવાન આવ્યો હશે અને તે પણ મુસ્લિમ હશે.

આ દીવાનનું નામ ફક્ત હેમીલ્ટન જ આપે છે. તે હતો ફોસબેગ.[૧] હેમીલ્ટન ખૂબજ ટૂંકમાં જણાવે છે કે, "રાયધણ અસાવધ હતો અને વાણિયાઓ પર તેણે ખૂબજ જુલ્મ ગુજાર્યો હતો. એક મસ્જિદ બંધાવી હતી. ફોસબેગ નામના એકમુસ્લિમને દીવાન તરીકે નિમ્યો હતો" જો કે હેમીલ્ટન, કેપ્ટન ડેવીડ સેટનને અનુસર્યો હોય તેમ લાગે છે. કારણ કે આવી જ સર્વ પ્રથમ માહિતી સેટન ઇ. સ. ૧૮૦૩ માં જાન્યુઆરી

---

૧. હેમીલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૮૬.

ની ચોથી તારીખના અહેવાલમાં આપે છે. તેના નોંધ્યા મુજબ, "આ ફોસબેગ એ કચ્છનો સર્વ પ્રથમ મુસલમાન છે કે જેને આવડું મોટું પદ પ્રાપ્ત થયું છે."[૨]

હેમીલ્ટનના અહેવાલમાં થોડો હકીકત દોષ છે. દા.ત. રાયધણે વાણિયાઓ પર નહિ પણ લોહાણાઓ પર જુલ્મ ગુજાર્યો હતો. એક વિદેશી વાણિયા અને લોહાણા વચ્ચે ભેદ રેખા ન જોઇ શકે તે બનવાજોગ છે. પરંતુ તેણે જે દીવાન નિમ્યો તે મુસલમાન હતો તેવું વિધાન કરવામાં કોઇ દોષ રહી ન જાય તે પણ એટલું જ સ્વાભાવિક છે. તેણે બતાવેલ નામ ફોસબેગ એ યુરોપિયનોની જીભની શરારત છે. મૂળ ભારતીય નામ સહેજ જુદું હશે. આ નામ સીદી મરીચનું તો સૂચન કરતું નથી. તો પછી આ દીવાન કોણ ? બેગ છે એટલે મુસલમાન હોવો જોઇએ અને પરંપરાગત લશ્કરી સરદાર પણ હોવો જોઇએ. ગોડજીના વખતમાં છેલ્લે છેલ્લે કુરપા-બેગ નામનાએક લશ્કરના સેનાપતિને સિંધ સામે વિજય મેળવતો જોઇએ છીએ. આ કુરપાબેગનું હેમીલ્ટને ફુસાબેગ કે ફોસબેગ કર્યું હોય એવો એક તર્ક કરીએ પણ મીર્ઝા કુરપાબેગ ગોડજી પહેલાં મૃત્યુ પામ્યો છે તેથી આ ફોસબેગ એ મીર્ઝા કુરપાબેગ નથી.

પાછળથી રાયધણજીને કેદ કરીને મેઘજી શેઠે જે બારભાયા મંડળની સ્થાપના કરેલી તે મંડળમાંના બારેબાર સભ્યો મુસલમાન હતા તેમ લાગે છે. તેઓ મોટે ભાગે હિન્દી મુસ્લિમો હતા. આમાં બે કોરેજા ભાઇઓના નામ આવે છે. એક હતો કોરેજા બેગ મહમદ અને બીજો હતો કોરેજા મીઠામીયાં.[૩] આમાં ક્રમાંક બે અને હેમીલ્ટનને કાંઇ સંબંધ હોય તેમ લાગતું નથી. જ્યારે કોરેજાનું સ્પષ્ટ રીતે "ફોસા" કે "ફોશ" થયેલ છે. એટલે દીવાન દેવચંદ શેઠના ખૂન પછી જો કોઇ પહેલો દીવાન બન્યો હોય તો તે આ કોરેજા બેગ મહમદ બન્યો હોય એવા સંભવને નકારી શકાય નહિ.

---

૨. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૪, પૃષ્ટ-૧૯૮.
૩. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૬૦.

આ કોરેજા બેગ મહમદ પોતે રાજપુરુષ પણ હતો અને લશ્કરી અફસર પણ. એટલે સહેલાઇથી દીવાન થઇ શક્યો હશે. તેને પોતાના ભાઇ મીઠામીયાંનો સહકાર મળયો હશે. કારણ કે તે પણ લશ્કરી અફસર હતો. પરંતુ આ કુરેજા બેગ મહમદ આવા લોહી તરસ્યા વાતાવરણમાં સફળ થઇને બહાર આવે એવા સંજોગો ઘણા ઓછા હતા. સત્તા મેળવવી એક વસ્તુ છે અને તેને ટકાવવી એ પણ અલગ બાબત છે. તેણે કરેલ વહીવટની માહિતી મળતી નથી. તેનું કારણ એ છે કે તેને વહીવટ કરવાની તક મળી જ લાગતી નથી. અને છેવટે પેલા સીદીઓએ ખુદ રાયધણ પર કાબૂ મેળવી લીધો. આને પરિણામે સમગ્ર સત્તા આ કમનશીબ દીવાન કુરેજાબેગ મહમદના હાથમાંથી સરી ગઇ. આ કુરેજાબેગ હિન્દી મુસલમાનોનો એક વગદાર સરદાર હતો તેથી પાછળથી કચ્છમાં સીદીરાજ નાબૂદ કરીને જ્યારે બાર ભાયા મંડળની સ્થાપના કરવામાં આવી ત્યારે તેમાં તેણે અને તેના એક ભાઇને સ્થાન મળયું હતું. એ તેનું કચ્છનાએ વખતના રાજકારણમાં મહત્વ સૂચવે છે.

સીદી મરીચ :-

મહારાવ ગોડજીના વખતમાં લગભગ ૪૦૦ જેટલા સીદીઓને તેમની ઇચ્છા વિરૂધ્ધ હદપાર કરવામાં આવ્યા હતા. તે બધાને રાયધણે દેવચંદ દીવાનનું અને તેના અનુયાયીઓનું કાસળ કાઢવા માટે ફરી ભુજમાં બોલાવ્યા હતા.[૪] તેમની મદદથી દેવચંદ, તેના ત્રણ ભાઇઓ તથા તેના કેટલાક ટેકેદારોનું એકજ દિવસમાં કાશળ કાઢવાનું શક્ય બન્યું હતું. રાયધણ આ સીદીઓની મદદ સિવાય આવો હત્યાકાંડ કરી શકે તેમ નહોતો. કારણ કે તેને ખાત્રી હતી કે દેવચંદ શેઠ જેવા લોકપ્રિય દીવાન તથા તેના અનુયાઇઓને કચ્છનો કોઇ નાગરિક મારવા તૈયાર ન થાય. આટલા મોટા પાયે તથા આટલી ઝડપે આ ક્રુર કાર્ય સીદીઓ જ પૂરૂં કરી શકે. આ સીદીઓના પુનરાગમનથી રાયધણ પોતાની મુરાદ પૂરી કરી શક્યો પણ તેનાથી દરબારમાં સીદી મરીચ

---

૪. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ-૮.

નો પક્ષ ઘણો જ બળવાન થઇ ગયો. તેથી તેના બદલા તરીકે તે કુરેજા-બેગ મહમદને ખસેડી શક્યો હશે અને પોતાની વધેલી તાકાતના બળે કચ્છનો કર્તાહર્તા બની ગયો. છેવટે સીદી મરીચ જમાલમીયાં જેવો સાબિત થયો. એ વખતની કચ્છની પરિસ્થિતિને તે કોઇપણ સંજોગોમાં સંભાળી શકે તેમ નહોતો.

મેઘરાજ :-

સીદી મરીચની આ નબળાઇને એક મેઘરાજ નામનો વાણિયો પારખી ગયો. પરિણામે તેણે દીવાન થવાની તક ઝડપી લીધી. આમેય રૂપશી શાહ તથા દેવકર્ણ દીવાનના વખતથી કચ્છમાં વાણિયા અને લોહાણા વચ્ચે દીવાનપદની ગળાકાપ હરીફાઇ અને વેરનાં બી પુંજા શેઠે વાવ્યાં હતાં. તેથી સ્વાભાવિક છે કે જ્યારે દેવચંદ લોહાણા અને તેના કુટુંબીજનોની હત્યા થઇ હશે ત્યારે બીજો વર્ગ ખુશતો નહિ થયો હોય પણ તેમાંના કેટલાકને "કામદારની પાઘડી" પહેરવાના કોડ પૂરા થવાની આશા બંધાઇ હશે. તેમાં આ મેઘરાજ પણ એક હતો. સીદી મરીચની અયોગ્યતાનો લાભ લઇને તેની જ કૃપા મેળવીને મેઘરાજ દીવાન થઇ બેઠો.

આશ્ચર્યની વાત એ છે કે મેઘરાજના દીવાનપદનો ઉલ્લેખ શ્રી. વિલિયમ્સ કે બાર્ટને કર્યો નથી. જેમ્સ બર્ન્સ સિવાય તેના દીવાનપદનો ઉલ્લેખ ક્યાંય જોવા મળતો નથી. મેઘરાજનો એક આશય ધીમે ધીમે કચ્છ માંથી સીદીઓનું વર્ચસ્વ તોડવાનો પણ હતો. તેથી તેણે આવો કોઇ પ્રયત્ન કર્યો હશે કે તરતજ આ સગવડીયાં લગ્ન તૂટી પડયાં. મેઘરાજ અને મરીચ બન્નેએ પોતપોતાનો પક્ષ મજબૂત કરવા માંડયો અને ફરીથી દરબારમાં આંતરવિગ્રહની પરિસ્થિતિ નિર્માણ થઇ.

આ વખતે સગીર રાયધણ શું કરતો હતો ? તેને ઇરાદાપૂર્વક મહેલની અંદર નીતિભ્રષ્ટ, વિષયી તથા દુરાચારી માણસોની સોબતમાં રાખવામાં આવ્યો હતો. મહેલની અંદર તે જે ઇચ્છા વ્યક્ત કરતો તે

પૂરી કરવામાં આવતી હતી. ટૂંકમાં એક એવી વ્યવસ્થા કરવામાં આવી કે જેથી બેમાંથી એકે પક્ષે અને તેમાં મેઘરાજના પક્ષે રાવ ન ઢળે, તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી. જેમ્સ બર્ન્સે એટલે સુધી નોંધે છે કે, રાવનો પક્ષ લેનારની પણ આ લોકો હત્યા કરી નાખતા મતલબ કે રાવનું કોઇ મહત્વ આ આંતરવિગ્રહમાં દેખાતું નથી.

કેટલાય સીદીઓને હદપાર કરવામાં આવ્યા હતા અને કેટલાકને ઝેર આપીને મારી નાખવામાં આવ્યા હતા. એમ કહેવાય છે કે ~~સીદી~~ સીદી વિરોધી પક્ષના સતત આગ્રહથી ખુદ રાવને પણ ખોરાકમાં ઝેર ભેળવવાની કામગીરી કરવાની ફરજ પાડવામાં આવી હતી. આવી ક્રૂર કાર્યવાહી છતાં થોડાક સીદીઓ બચી ગયા. તેઓ રાવ પાસેથી વાણિયાઓનો નાશ કરવાનો હુકમ મેળવી શક્યા. આમ રાજ્યના સાચા સાર્વભૌમત્વની મંજૂરી મળી જતાં આ સીદીઓએ જાહેર દરબારમાં કોઇ પણ જાતનાં વિલંબ વિના કત્લેઆમ શરૂ કરી, જેમાં સ્વાભાવિક રીતે મેઘરાજ સાફ થઇ ગયો. આ હત્યાકાંડનો પડઘો દેવચંદની હત્યા જેવો જ પડયો લાગે છે. હેમિલ્ટને રાયધણની ઓળખ માટે જે થોડાંક વિશેષણો વાપર્યાં છે તેમાં એક "વાણિયાઓ પર જૂલ્મ કરનાર" છે. તે પરથી આ હત્યાકાંડમાં રાયધણે કેવો ભાગ ભજવ્યો હશે અથવા તો તેના નામે સીદી મરીચે કેવાં અઘટીત કૃત્યો કર્યાં હશે તેનો ખ્યાલ આવે છે. આ રીતે લોહાણા અને વાણિયા જેવી બે કોમોની રાજકીય વર્ચસ્વ કચ્છ દરબાર માંથી અદૃશ્ય થતાં સીદીઓના માર્ગમાં કોઇ રહ્યું નહિ હવે વાસ્તવમાં કચ્છમાં સીદી રાજ્ય શરૂ થયું.

સીદી રાજ્યના વખતની રાજકીય સ્થિતિ :-

ઉપરોક્ત હત્યાકાંડના પડધા રાજ્યભરમાં પડ્યા. સીદી મરીચે આ બનાવથી ભુજમાંનુ પોતાનું સર્વોપરિપદ સાબિત કરી બતાવ્યું પરંતુ ભુજમાં બનતા આવા હત્યાકાંડોના સમાચારોથી રાજ્યના અન્ય એકમોના વહીવટદારો પોતાને ભુજ સાથે કાંઇ સંબંધ નથી તે રીતે વર્તવા લાગ્યા. કારણ કે સીદી મરીચની મર્યાદાને તેઓ ઓળખતા હતા. બધા

તાલુકાઓમાં વ્યવસ્થા સ્થાપીને સમગ્ર કચ્છને ટકાવી રાખવા પૂરતો વહીવટી અનુભવ અને શક્તિ સીદી મરીચ ધરાવતો નહોતો. પાટનગર માંથી આવતાં મહારાવનાં ફરમાનોની તાલુકાના તેમના પ્રતિનિધિઓ અવગણના કરવા લાગ્યા અને તેઓ સ્વતંત્ર જાગીરદારો તરીકે પોતાને સ્થાપતા ગયા.[૫]

આવી ડામાડોળ રાજકીય પરિસ્થિતિનો લાભ ભાયાતોએ લીધો. તેઓ નાના મહારાવ જેવા બની ગયા અને પોતાને જ સર્વોપરિ ગણવા લાગ્યા. રાજ્યમાં સર્વત્ર અંધાધૂંધી તથા ગેરવ્યવસ્થા ફેલાવા લાગી. માંડવી, મુન્દ્રા અને અંજાર જેવાં, કિલ્લાથી સુરક્ષિત બનેલાં શહેરોમાં ધનાઢય વ્યાપારીઓનું વર્ચસ્વ જામ્યું, તેથી ત્યાં વ્યવસ્થા જેવું કાંઇ દેખાતું હતું.

ચાંચિયાઓએ કચ્છના દરિયા કાંઠે જમાવટ કરી. આ બનાવની કચ્છની રાજકીય સ્વતંત્રતા ઉપર આગળ જતાં ઘણી ખરાબ અસર થઇ. કારણ કે મુંબઇમાં રહેતા બ્રિટિશ સત્તાધિશોનું ધ્યાન ચાંચિયાઓનાં ઉપદ્રવને લીધે કચ્છ તરફ ખેંચાયું અને વખત જતાં અંગ્રેજોની ગુલામીની જંજીર કચ્છના પગમાં પડી તે આ પ્રસંગનું દૂરગામી પરિણામ હતું.

પરિસ્થિતિએ એવો વળાંક લીધો કે રાજ્યનો પક્ષ લેવા કરતાં સ્વતંત્ર રહેવામાં સલામતી દેખાઇ. પરિણામે કચ્છના રાજકીય વિઘટનની પ્રક્રિયા ઘણી જ વેગીલી બની ગઇ. ધીમે ધીમે કચ્છની સરહદના પ્રદેશો સ્વતંત્ર થઇ ગયા.[૬]

રાજમાતાનું મરણ :-

આ અંધાધૂંધીના કાળમાં રાજમાતા લાડકુંવરબા ગંભીર માંદગીમાં સપડાયાં.[૭] રાયધણને પોતાની માતા તરફ અનહદ લાગણી હતી તેથી

---

૫. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૪.
૬. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી, વોલ્યૂમ પાંચમું, પૃષ્ટ-૧૪૭.
૭. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૫

તેને બચાવવા માટે તેણે તનતોડ પ્રયાસો કર્યા. રાજવૈદો તથા દેશી વૈદોની દવાથી કાંઇ ફાયદો ન જણાયો તેથી મુંબઇથી એક અંગ્રેજ ડોક્ટર ને ખાસ બોલાવવામાં આવ્યો. સંભવ છે કે કચ્છની ભૂમિપર પગ મૂકનાર આ પહેલો જ અંગ્રેજ હતો.[૮] પરંતુ અંગ્રેજી દવાથી પણ રાજમાતા બચી શક્યાં નહિ.

રાજમાતાના મરણના પ્રત્યાધાતો ભયંકર પડ્યા. રાયધણને પોતાની માતા પ્રત્યે ખૂબ પ્રેમ હતો અને તે તેમના કહ્યામાં હતા. તેના ચારિત્ર્ય ઘડતરમાં રાજમાતાનો સારો ફાળો હતો. રાજમાતાના મરણ પછી રાયધણ પર કોઇ અંકુશ ન રહ્યો, જેથી આ હતભાગી મહારાવ નું ભાવી તેના સતા લાલસુ, ભ્રષ્ટ અને સ્વાર્થી નોકરોના હાથમાં આવી પડ્યું.

રાયધણજી પર છાપ પાડે કે તેને અંકુશમાં રાખે તેવો કોઇ શુભચિંતક હવે કચ્છમાં હતો નહિ. મહારાવની આસપાસ હલકી કોટીના લોકો વીંટળાયા. જેમનો ઉદ્દેશ રાયધણને રાજવહીવટમાં રસ લેતો અટકાવવાનો અને દરેક પ્રકારના વ્યસનો તથા વ્યભિચારમાં ગરકાવ કરી દેવાનો હતો.

રાયધણ અને ઇસ્લામ :-

આ બધાનું પરિણામ કુમળા છોડ જેવા રાયધણ પર વિચિત્ર આવ્યું. આગળ જોયું તેમ છેક ગોડજીના સમયથી ભૂજ દરબારમાં રહેલો મુસલમાનોનો પક્ષ પોતાનું વર્ચસ્વ કાયમી કરવા માટે પ્રયત્ન કરી રહ્યો હતો. તેથી જ્યારે ગોડજી મરી ગયા અને રાયધણ સગીર વયે ગાદીએ આવ્યો ત્યારે આ પક્ષના સરદારોને પોતાની ઇચ્છા પૂર્તિની તક દેખાઇ. દેવચંદ જેવા મહારથી ને ઠેકાણે પાડ્યા પછી મેઘરાજને તેમના બીજા વિરોધીઓને સાફ કર્યા. હવે તેમની ઇચ્છાપૂર્તિમાં કોઇ આડું આવે તેમ હતું નહિ. ફક્ત એકજ શક્યતા હતી. રાયધણ સમય જતાં તેનામાં

૮. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૬૩ અને ૧૬૪ તથા બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૪.

પરિપક્વતા આવે ત્યારે રાજકારણમાં માથું મારે. તેથી આ પક્ષનું હવેનું ધ્યેય રાયધણને રાજકારણ તરફ ઉદાસીન કરવાનું હતું. કુમળા છોડને જેમ વળાંક આપીએ તેમ વળે તે રીતે સગીર રાવને મહેલની ચાર દિવાલોની વચ્ચે અમીર કેદીની માફક રાખ્યો હતો. સિધ્ધાર્થને તેના પિતાએ જે રીતે ભોગવિલાસમાં ડુબાડ્યો હતો તે રીતે રાયધણને રાખવામાં આવ્યો. બન્નેમાં તફાવત એટલો હતો કે સિધાર્થ રાજ પુરુષોની જાળને ભેદીને યથેચ્છ વિહાર કરી શક્યો હતો. જ્યારે રાયધણથી તેમ થઇ શકે તેમ નહોતું.

જેમ મધ્યકાલીન મુસ્લિમો કરતા તેમ પહેલો પ્રયત્ન આ પક્ષે રાયધણની હિન્દુ ધર્મમાંથી લાગણી ઘટે અને ઇસ્લામ તરફ વળે તેવો કર્યો. તેથી રાયધણને તેના જન્મના ધર્મના કંઇ સંસ્કાર મળી શક્યા નહિ અને ઇસ્લામે તેના પર જોરદાર અસર કરી. ઇસ્લામના આવા પ્રચાર માટે જે વ્યક્તિને રોકવામાં આવી હતી તેનું નામ હતું મીયાં મહમદ પન્નાહ. કચ્છના ઇતિહાસમાં સામાન્ય રીતે તેને "ખરાબ" ચિતરવામાં આવ્યો છે. તથા તેની સોબતને વગોવવામાં આવી છે. પરંતુ ખરેખર આ મહમદપન્નાહ તેવો નહોતો. તે એક પાક મુસ્લિમ હતો. પોતાના સમયનો વિધ્વાન હતો. તેણે પોતાનું વ્યક્તિગત ગ્રંથાલય ભુજ માં ઉભું કર્યું હતું કે જેમાં ઇસ્લામ તથા મધ્ય એશિયાનાં વિજ્ઞાનોને લગતાં પુસ્તકો હતાં.[૯] તે મૂળ દિલ્હીનો હતો. ઇ. સ. ૧૭૭૭ માં રાધનપુરમાં તેણે મહેમદાવાદી દરવાજા તથા પાદશાહપુર શહેરના નિર્માણમાં ત્યાંના શાસકને પ્રેરણા આપેલી તેવો લેખ ઉપરોક્ત દરવાજા પર છે.[૧૦]

કચ્છી ઇતિહાસકારોએ તેને મેલી વિદ્યાનો જાણકાર કહ્યો છે. કેટલાકે તો તેને જાદુગર કહ્યો છે. પણ તે આવો નહોતો. પરંતુ કેપ્ટન ચાર્લ્સ વોલ્ટર નોંધે છે તેમ તેની વાણીની અસર જાદુ જેવી હતી.

---

૯. ધી જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટીક સોસાયટી, વોલ્યુમ -૧૪, નં. -૮, પૃષ્ટ-૪૬૨.

૧૦. ભાવનગર લેખ સંગ્રહ, પૃષ્ટ-૫૧.

રાયધણને મહમદ પન્નાહ તરફ એટલું બધું માન હતું કે તેને પોતાના મહેલમાં રહેવા માટે એક અલાયદો આવાશ ફાળવી આપ્યો. એટલું જાણે અધૂરું હોય તેમ તેનાપરનો અપ્રતિમ પ્રેમ વ્યક્ત કરવા માટે તેનો નિભાવ ખર્ચ કાઢવા કચ્છ ભરમાં "નવા લાગા" નામનો એક નવો કર નાખવામાં આવ્યો. આ કર ઇ. સ. ૧૮૨૭ સુધી લેવામાં આવતો હતો.[૧૧] ટૂંકમાં મહમદ પન્નાહ રાયધણને ઇસ્લામ તરફ વાળનાર એ યુગનો યોગ્ય ઇસ્લામ પરસ્ત પ્રચારક હતો. તેથી રાયધણને તેણે ફક્ત મુસલમાન બનાવ્યો એટલું જ નહિ પણ એક ધર્મઝનૂની મુસ્લિમ બનાવી મૂક્યો.

ઇસ્લામની અહિયા આવી સહેલી સફળતાનું બીજું કારણ જાડેજાઓની ધાર્મિક નીતિ હતી. જાડેજાઓના મૂળ ધર્મ વિશે ઘણી સમસ્યાઓ છે. પરંતુ રાયધણજીના યુગની આસપાસ જાડેજા શાસકોએ ઇસ્લામ તરફ જે સહિષ્ણુતાની નીતિનું અનુસરણ કર્યું તેમાં અતિશયતા વધારે હતી. જાડેજા વંશના કચ્છના રાજવીઓ જેટલું હિન્દુ ધર્મના સંત પુરુષોનું માન રાખતા હતા તેટલું જ મુસલમાન સંપ્રદાયના ઓલિયા ફકીર તરફ પણ માન ધરાવતા હતા. મહમદ પન્નાહ જે રીતનું વર્ચસ્વ રાયધણજી પર જમાવ્યું હતું તે જોતાં સામાન્ય જનને એમજ લાગતું કે તેણે રાયધણ પર મેલી વિદ્યા અજમાવી હતી. ઇસ્લામના આવા અપ્રતિમ આકર્ષણને લીધે પાછળથી રાયધણ વિધિસર જાહેરમાં સંવત ૧૮૪૦ માં મુસલમાન થઇ ગયો.[૧૨] હેમિલ્ટનને મળેલી માહિતી મુજબ આ વિધિ ગાયને કાપીને કરવામાં આવી.[૧૩] * તેણે પોતાના દીવાન તરીકે ફોસબેગ નામના મુસલમાનને નિમ્યો અને મસ્જિદ બંધાવી.. વગેરે. કેપ્ટન ડેવીડ સેટન ઇ. સ. ૧૮૦૨ માં કચ્છમાં આવ્યો હતો ત્યારે રાયધણને ઇસ્લામ સ્વીકારે ઘણો સમય નહોતો થયો. માંડવીમાં તેને મળેલી માહિતી પ્રમાણે તે નોંધે છે કે, "વાણિયાઓની સાથેના પોતાના પૂર્વગ્રહને લીધે રાયધણે એક મસ્જિદ

---

૧૧. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૫.
૧૨. કચ્છ કલાધર ભાગ બીજો, પૃષ્ટ-૪૫૮ અને એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ-૯.
૧૩. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૮૯.

બનાવી હતી. આ ઉપરાંત એક ગાય મારવામાં આવી. તેની રજપૂત પરણેતરો તરફથી તે વિમુખ થયો અને તેણે રખાત તરીકે એક મૂર ગુલામ કન્યાને રાખી લીધી તથા કૂસાબેગ નામનો એક દીવાન નિમ્યો.[૧૪] રાયધણે વિધિસર ઇસ્લામ સ્વીકાર્યો હતો તે આ પરથી ફલિત થાય છે.

હવે સ્વાભાવિક છે કે બીજો પ્રશ્ન રાયધણની રાણીઓ વિશેનો આવે. રાયધણને કુલ અગિયાર રજપૂત રાણીઓ હતી. તેમને મુસ્લિમ બનાવી શકાય તેવી સ્થિતિ નહોતી. કારણ કે આ રાણીઓ ભાવનગર, લીંબડી અને વાંકાનેર જેવાં રાજ્યોની કુંવરીઓ હતી. તેથી સામૂહિક ધર્માન્તરનું પગલું બીજી પણ મુશ્કેલીઓનું સર્જન કરે. બીજાં રાજ્યોને દરમ્યાનગીરી કરવાને કારણ આપે. તેથી આ રાણીઓ સાથેના એક પક્ષીય સંબંધો ત્યજી દેવાયાં અને રાયધણ માટે એક મુસ્લિમ બેગમ પસંદ કરવામાં આવી.[૧૫] આ બાબતને ઉપર જોયું તેમ કેપ્ટન ડેવીડ સેટને પણ ટેકો આપ્યો છે આમ આ સીદી રાજ્યના કર્ણધારોએ કચ્છ પર પેઢીની પેઢીઓ મુસ્લિમો શાસન કરે અને "હિન્દુ કચ્છ" સહેલાઇથી "મુસ્લિમ કચ્છ" બની જાય એવી યોજના ઘડી. છેવટે રાયધણ પછી આ પક્ષ આજ મુસ્લિમ કન્યાના પુત્રને રાજગાદી મેળવી આપવામાં સફળ થયો.

વાઘો પારેખ :-

સીદી મરીચે સત્તા હસ્તગત કરી પરંતુ તેનામાં જમાલ મિયાણા ની માફક ત્રેવડ હતી નહિ. તેથી તેને પણ નાયબની જરૂર પડી. આ માટે તેણે વાઘા પારેખની પસંદગી કરી. વાઘો પારેખ આ પહેલાં દરબારમાં માલ પહોંચાડવાનું કામ કરતો હતો.[૧૬] એ પદને એ વખતે

---

૧૪. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૪, પૃષ્ઠ-૧૯૮.
૧૫. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ઠ-૨૦.
૧૬. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ઠ-૪૫૬.

"કોઠારી" તરીકે ઓળખવામાં આવતું તેમ જેમ્સ બર્ન્સ નોંધે છે.[૧૭] મેઘરાજ અને તેમના અનુયાયીઓનો નાશ કર્યા પછી રાજકારણમાં મુસલમાનોના પક્ષે રહીને જે વાણિયા મુત્સદ્દીઓ ટકી શક્યા હતા તેમાં આ પારેખ ભાઇઓ અગત્યના હતા. લેફટનન્ટ રેઇક્સ વાઘા પારેખ ને ઠંડી પ્રકૃતિનો તથા અધમ માણસ ગણે છે. તે ખૂના મરકી અને ધીખતી ધરાની નીતિને વરેલો હતો.[૧૮] તેની પત્રી પરની ચઢાઇ તેના આવા સ્વભાવની દ્યોતક હતી. એવું જ તેના અપડાસા અભિયાન પરથી પ્રતીત થાય છે. અંતે સીદી મરીચ મારફત વાઘા પારેખને ઇ.સ. ૧૭૮૧ માં દીવાની મળી.

<u>દેવચંદના અનુયાયીઓ :-</u>

કોણ જાણે હવેના કચ્છના શાસકોને દેવચંદના "ભૂત" ની બીક લાગતી હોય તેમ તેના બીજા સંબંધી મિત્રો અને અનુયાયીઓ પર વાઘા પારેખે જોહુકમી ચલાવવા માંડી. એટલું જ નહિ પણ આ દેવચંદવાદીઓ ને જે લોકો આશ્રય આપતા હતા તેમની પણ ખરાબ સ્થિતિ થવા માંડી.

આમ મૃતપ્રાય થયેલા આ દેવચંદવાદીઓ પર કેમ અત્યાચાર ગુજારવામાં આવ્યો તે આશ્ચર્યજનક છે. આ પસંદગીમાં વાઘા પારેખની કોઇ મુત્સદીગીરીનાં દર્શન થતાં નથી. તેથી શ્રી. વિલિયમ્સ નોંધે છે તેમ, "પારેખ દીવાનપદ માટે યોગ્ય માણસ નહોતો. જો કે તેનામાં શારીરિક શક્તિ ઘણીજ હતી પણ કુનેહનો અભાવ હતો. ઉપરાંત તે બહુજ ઘમંડી હતો."[૨૦]

<u>પત્રી પર ચઢાઇ :-</u>

પત્રી, ભુજ અને મુન્દ્રાની વચ્ચે આવેલી કંઠી વિસ્તારની એક અગત્યની જાગીર હતી. તેના પર વાઘા પારેખે દીવાન થયા પછી ચઢાઇ કરી. તેનાં કારણોમાં એક અગત્યનું કારણ દેવચંદ વિરોધ હતું.

---

૧૭. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ઠ-૧૦.
૧૮. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ઠ-૧૪.
૧૯. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ઠ-૪૫૬.
૨૦. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ઠ-૧૬૪.

આગળ જોયું તેમ વાધા પારેખે સત્તા પર આવતાંની સાથે દેવચંદના લગભગ મૃત અવશેષ સરખા તેના મિત્રોની ખબર લઇ નાખેલી. પત્રીના આ બે જાડેજા ભાયાતો દેવચંદના ખાસ પુરસ્કર્તા હતા. તેથી વાધા પારેખે જ્યારે ભુજમાં દેવચંદ પરસ્તો પર અત્યાચાર શરુ કર્યો ત્યારે કેટલાક દેવચંદના સાથીઓને આ બન્ને ભાયાતોએ આશ્રય આપેલો. એટલું જ નહિ આ બન્ને ઠાકોરો સીદી રાજ્ય પ્રત્યે પણ તિરસ્કાર બતાવતા હતા. તેથી પત્રી પર ચઢાઇ કરવી અનિવાર્ય હતી. બીજું કારણ રાજ્યનો સાચો સત્તાધીશ સીદી મરીચ હતો. તેણે વાધા પારેખની નિમણૂંક ફક્ત તાલુકાઓ પર પાટનગરની સત્તા પુનઃ સ્થાપિત કરવા માટે કરી હતી. તે માનતો હતો કે કેન્દ્રની સત્તા મજબૂત હોય તો જ સમગ્ર કચ્છનું મહેસૂલ એકઠું થઇ શકે અને તંત્ર યોગ્ય રીતે ચાલી શકે. વળી વિકેન્દ્રીત થતા રાજ્યને કેન્દ્રની સત્તા નીચે લાવવું જરુરી હતું. પત્રી ભુજથી નજીક તથા મુન્દ્રા સુધીનાં માર્ગમાં કંઠી પ્રદેશમાં વ્યૂહાત્મક મહત્વ ધરાવતું હોવાને લીધે તેને પાઠ ભણાવવો જરુરી હતો.

તેથી પ્રથમ આક્રમણ પત્રી પર થયું. પત્રીના બન્ને જાગીરદારોએ સુંદર બચાવ કર્યો. ભયંકર ધીંગાણું ખેલાયું અને ભારાજીના ગઢ પર ઓચિંતાનો હલ્લો થતાં તેનો બચાવ કરતાં ભારાજી વીરગતિ પામ્યાં.[૨૧] આ શહાદત એળે ન ગઇ. તેના ભયંકર પ્રત્યાધાતો પડ્યા કારણ કે અત્યાર સુધી કચ્છના મધ્યસ્થ રાજકારણથી અલિપ્ત રહેલા જાડેજા ભાયાતો હવે ચોંકી ઉઠ્યા. જાડેજાઓ પર ચઢાઇ થાય તેને તેઓ સહન કરી શકે તેમ નહોતા. તેથી પત્રીના પ્રત્યાધાતનો બદલો લેવા માટે તેઓ સંગઠીત થવા લાગ્યા.

<u>વાધા-સીદી સંઘર્ષ :-</u>

પત્રીના આ પ્રસંગનું બીજું અગત્યનું પરિણામ વાધા પારેખ તથા સીદી મરીચના સંઘર્ષમાં આવ્યું. કારણ કે બે માંથી કોઇમાં ભાયાતોનો સામનો કરવાની શક્તિ નહોતી. તેથી હવે બન્ને ભારાજીની હત્યાની

૨૧. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૪.

જવાબદારી એકબીજા પર ઢોળવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પરિસ્થિતિ જેમ જેમ વણસતી ગઇ તેમ તેમ સીદી મરીચની ગભરામણ વધતી ગઇ. તેથી વાઘા પારેખને પૂરો કરવાના ઇરાદાથી તેણે તલવારથી હુમલો કર્યો. જો કે વાઘો પારેખ આ ઘા થી ઘાયલ તો થયો પણ વણિકની સ્વભાવ-જન્ય હોંશિયારી વાપરી ભાગી ગયો અને તેણે હવે પોતાનો પક્ષ મજબૂત કરવા માંડ્યો. પન્નીનો સઘળો દોષ મરીચ પર ઢોળી દેવામાં આવ્યો. કચવાયેલા ભાયાતો તથા રાયધણના અંગત હજુરીયાઓને ખૂબીથી મનાવી લીધા. મરીચ તથા ઘણાખરા સીદીઓને કચ્છ માંથી દેશનિકાલ કરાવ્યા. આ કાવત્રું કરવામાં વાઘા પારેખે મહેલમાંની સઘળી રાણીઓ નો સહકાર મેળવ્યો હતો. [૨૨]

રાયધણને મુસલમાનો માટે ઘણો જ પક્ષપાત હતો. વળી સીદીઓ તો તેમના ખાસ અંગત અંગરક્ષકદળના હતા. તેથી રાવ તેમને હદપાર કરવા માટે સામાન્ય સંજોગોમાં તૈયાર નથાય. પરંતુ અત્યારે ભુજ દરબારમાં સાચી શક્તિ રાયધણના હાથમાં નહોતી તેથી તેના પર સીદીઓને હદપાર કરવા માટે દબાણ આવ્યું અને ના છૂટકે તેણે સીદીઓ ને બરતરફ કરવાની સંમતિ આપી. છતાં તેણે મસૂદ નામના તેમના એક અંગત નોકરને પોતાની પાસે રાખવાનો આગ્રહ કર્યો. જેમાં તે પોતાનું ધાર્યું કરાવી શક્યો. મસૂદ રાયધણને આટલો બધો વહાલો કેમ હતો તેનું એક કારણ કેપ્ટન વાલ્સે વોલ્ટરે આપ્યું છે. તેના નોંધ્યા મુજબ મસૂદે દેવચંદ ખૂન પ્રકરણમાં હત્યાઓ કરવામાં સારો ફાળો આપ્યો હતો. તેથી તે રાયધણનો કૃપાપાત્ર બની શકેલો.

ત્યારબાદ મહેલની સ્ત્રીઓની મદદથી વાઘો પારેખ કચ્છ રાજ્યનો દીવાન બન્યો. તેનો ભાઇ કોરો પારેખ આજ અરસામાં અંજારના સુબા તરીકે નિમાયો. [૨૩] વાઘો પારેખ આમ કચ્છમાં ગજબનું રાજ્ય પરિવર્તન કરાવી શક્યો. આ સિધ્ધિમાં તેની શક્તિઓ ખિલેલી

---

૨૨. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં.–૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ–૧૧૫.
૨૩. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં.–૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ–૧૧૬.

દેખાય છે. તેણે એક મોટી ભૂલ કરી. પેલા મસૂદને માર્ગ માંથી દૂર કર્યો નહિ. જો તેણે એમાં કોઇ સફળતા મેળવી હોત તો ભૂજ માંથી તે હંમેશને માટે સીદી રાજ્ય નાબૂદ કરાવી શક્યો હોત.

અબડાસા અભિયાન :-

વાધા પારેખે વિદ્રોહીઓને કચડવાની નીતિ ચાલુ રાખી. તેના મૃત્યુ અગાઉ તેણે આવી ચઢાઇ અબડાસા પર કરી. અબડાસાના ભાયાતો એક પછી એક નમાવ્યા. તથા તેમને ભુજની આણ કબૂલ કરાવી. [૨૪]

રાયધણની ધર્માંધતા :-

આ સમય દરમ્યાન કચ્છનો સાચો ધણી રાયધણ પોતાની રીતે વિચારતો હતો. તેને રાજકારણ કરતાં ધર્મકારણમાં વધારે રસ હતો. ઇ. સ. ૧૭૮૪ માં તે વીસ વર્ષની પુખ્તવયનો થયો. આ વખતે કચ્છની જનતાને કેટલીક આશાઓ તેના પર હતી પરંતુ તે ઠગારી નીકળી. તેના સ્વભાવમાં કોઇ પરિવર્તન આવ્યું નહિ અને તે ઇસ્લામનો ઝનૂની બંદો હતો એવું હવે દેખાવા માંડયું. મહમદ પન્નાહ રાતદિવસ રાયધણની સાથે મહેલમાં રહેતો. તેના સતત ઉપદેશની અસરને લીધે રાયધણ ધર્મ ઝનૂનના લક્ષણ બતાવવા માંડયો. એક સાધારણ બહાના હેઠળ ઓધવજી નામના એક રાજગોર બ્રાહ્મણ તરફ તેમણે ખફાદૃષ્ટિ કરી અને તેને જેલમાં નાખ્યો. આ બનાવ ખરેખર કચ્છમાં ખળભળાટ મચાવી નાખે તેવો હતો. આ કેદના સમાચાર મળતાં રાજગોર જ્ઞાતિના પ્રતિષ્ઠિત બંધુઓ રાયધણને અરજ કરવા એકત્રીત થઇ મહેલ પાસે આવ્યા અને અનશન પર ઉતર્યા. કેપ્ટન ચાર્લ્સ વોલ્ટર તો એટલે સુધી નોંધે છે કે, ત્રાગું કરવા બેઠેલા આ બ્રાહ્મણો માંથી ત્રણને તો રાયધણે જાતે જ મારી નાખ્યા. [૨૫] આમછતાં હજુ કાંઇ બાકી રહી જતું હોય તેમ તેણે પોતાના મુસ્લિમ મિત્રો અને લડાયક માણસોને બાકીના ઉપવાસી ટોળાં પર છોડી દીધા.

---

૨૪. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૫૭.
૨૫. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૫.

આ ટોળાંએ અનેક જણને જખ્મી કર્યા અને માલ મિલ્કત પણ તેમના ઘરો માં જઇને લૂંટી લીધી. આ બનાવ પછી એવું જણાય છે કે વાણિયા તથા બ્રાહ્મણો તરફ તેમની નજર બગડી.

ઓધવજીની કેદ તથા રાજગોર બ્રાહ્મણો પરના ધાર્મિક અત્યાચાર નો બનાવ ઘણો ગંભિર હતો. તેના હિન્દુ અને મુસ્લિમ તથા રાયધણ એમ ત્રણે પક્ષે ગંભીર પ્રત્યાઘાતો પડયા. ઓધવજીના આ બનાવ વિશે શ્રી. વિલિયમ્સ જણાવે છે તેમ કાંઇ હકિકત સાચવવામાં આવી નથી.[૨૬] આનો અર્થ એ થાય કે આવી હકીકતોનો પાછળથી નાશ પણ કરવામાં આવ્યો હોય. ઓધવજીનો બનાવ પૂરવાર કરે છે કે રાયધણજીએ રુદયથી ઇસ્લામ સ્વીકાર્યો હતો. એટલું જ નહિ, એક પાક મુસલમાનની માફક ઇસ્લામનો પ્રચાર કરવા માટે તે બહાર નીકળ્યા હતા.

સિંધ અને કચ્છ :-

કચ્છમાં જ્યારે અંધાધુંધી વ્યાપી હતી ત્યારે પડોશી સિંધમાં એજ પરિસ્થિતિ હતી. ત્યાં શાસક કલોરાવંશ અને તાલપુરા વંશના મહારથીઓ વચ્ચે આંતરવિગ્રહ ખેલાતો હતો. તેમાં અંતે રાયધણજી બીજા ના વખતમાં તાલપુરાઓ હાલાણીનામેદાનના યુધ્ધમાં વિજયી થયા.[૨૭] તેમના હરીફ અબ્દુલનબીખાનને જોધપુર જઇને આશ્રય લેવો પડયો. જોધપુર ના મહારાજાએ તેને ગાદી પાછી અપાવવામાં મદદ કરવાનું વચન આપ્યું. જોધપુર નરેશને આશા હતી કે આ ચઢાઇમાં કચ્છ પણ સાથ આપશે એટલે એક બળવાન સૈન્ય સહિત તે રાધનપુરના રસ્તે કચ્છમાં પ્રવેશ્યો. જોધપુરના લશ્કરનો કચ્છમાં યોગ્ય આદર કરવામાં આવ્યો પરંતુ કાંઇ ગણનાપાત્ર સહાય આપી શકે તેવી તે વખતે કચ્છની હાલત નહોતી. આ બાબત જોધપુરના રાજા અને કચ્છના મહારાવ વચ્ચે વાટાઘાટો ચાલતી હતી. તે દરમ્યાન તક ઝડપી સિંધના નવા શાસક

---

૨૬. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૬૬.
૨૭. ધી ઇન્ડિયન હિસ્ટોરીકલ ક્વાર્ટલી, ડીસેમ્બર-૧૯૪૦, વોલ્યૂમ-૧૬ મું, નંબર-૪, પૃષ્ટ-૭૯૭.

મીર ફતેહઅલી તાલપુરે પહેલો ઘા કર્યો. તેણે ઝડપથી રણ ઓળંગી જોધપુરના લશ્કરની વાહનવ્યવહારની વ્યવસ્થા તોડી નાખી અને કચ્છની હદમાં ચોબારી સુધી આવી પહોંચ્યો.[૨૮] એકાદ ઝપાઝપી થઇ પણ તેનું ચોક્કસ પરિણામ આવ્યું નહિ છતાં જોધપુરના લશ્કરનું નૈતિક બળ તૂટયું. કારણ કે વિજળીક ઝડપે રાત્રે હુમલો કરવામાં આવ્યો હતો. તેના લશ્કરના સૈનિકો ગ્રામ્ય વિસ્તારોમાં છેક ભુજ અને અંજાર સુધીનાં પ્રદેશોમાં વેરવિખેર થઇ ગયા.[૨૯]

દુશ્મનની આ પરાજિત પરિસ્થિતિનો લાભ, મીર ફતેહઅલી લઇ શક્યો નહિ. કારણ કે કલોરા વંશને ફરી સિંધની ગાદીએ સ્થાપવા એક મોટું અફઘાન લશ્કર ચઢી આવ્યું હતું તેથી મીર ફતેહઅલીને તુરતજ પાછું જવું પડયું. આ આક્રમણ ઇ. સ. ૧૭૮૩ માં થયેલું. અફઘાનીસ્તાનના નવા શાસક શાહ ઝમાનની સાથે છેવટે સંધિ કરવામાં આવી અને ઝમાન શાહના એક શાહી ફરમાન દ્વારા ફતેહઅલીને સિંધના "રાયસ" તરીકે સ્વીકારવામાં આવ્યો.

આમ છતાંય અફઘાનિસ્તાનના આક્રમણ અટક્યાં નહિ અને એ પછી ઇ. સ. ૧૭૮૫ અને ૧૭૮૭ માં ફરી અફઘાન આક્રમણ થયું.[૩૦] બાબરની માફક આ મીર ફતેહઅલીને પોતાના જીવનમાં ઘણીજ તડકી છાંયડી જોવી પડેલી. તેને ઇ. સ. ૧૭૮૭ અને ઇ. સ. ૧૭૮૯ માં એમ બે વખત પોતાનું રાજ્ય ખોઇને પાછું મેળવવુંપડયું. દરમ્યાન તેને કુટુંબ સહિત-ભાઇઓ સાથે આશ્રય મેળવવા માટે કચ્છમાં આવવું પડયું હતું. આ વખતે તે ભુજમાં કે અન્ય મોટાં શહેરોમાં ન રહેતાં ધિણોધરમાં કાનફટા સાધુઓની જાગીરમાં તેમના અતિથિ તરીકે રહ્યો. જ્યારે તેના સાથીઓ મીરથર અને મીર વાઘને કચ્છના લોડાઇ નામના ગામે આશ્રય લેવો પડયો. આ પછી સિંધના આ અમિરોને ઇ. સ. ૧૭૮૯ માં ફરી સિંધથી કચ્છના ગામડાંમા

---

૨૮. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૫
૨૯. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી વોલ્યૂમ પાંચમું, પૃષ્ટ-૧૪૮.
૩૦. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૫

ભગાડવામાં આવ્યા.[૩૧] એ બતાવે છે કે ભુજમાં તે સમયે કેટલી ગેર–વ્યવસ્થા વિસ્તરતી જતી હતી. આટલી બધી પ્રતિકુળતાઓ છતાં કચ્છ અને સિંધ વચ્ચેના સંબંધમાં વધારેને વધારે મીઠાશ આવતી જતી હતી.

રાયધણનું ઇસ્લામી ગાંડપણ :–

રાયધણના ધર્માંધપણાને વિલિયમ્સ જેવા પણ ગાંડપણમાં ખપાવે છે.[૩૨] ગેઝેટિયરકાર પણ એજ મંતવ્યમાં માને છે. લગભગ મોટા ભાગના લેખકો ઇસ્લામના પ્રચારના ઝનૂનને ગાંડપણમાં ખપાવે તે આશ્ચર્યકારક કહેવાય ! અલ્લાઉદ્દીન, તૈમુર, ફિરોઝ તુગલુક, સિકંદર લોદી અને ઔરંગઝેબની કારકિર્દી જોતાં એક સાચા મુસલમાન માટે તે ગાંડપણ નથી પરંતુ દીન તરફની આંધળી વફાદારીનું ડાહ્યામાં ડાહ્યું કૃત્ય છે. તેથી રાયધણે હવે લોકોને પણ બળજબરીથી ઇસ્લામમાં લાવવાનો નિશ્ચય કરી લીધો.[૩૩] આ કાર્ય માટે તે મહમદ પન્નાહ સાથે પ્રથમ માંડવી ગયા. માંડવી જવાનું એક બીજું પણ રાજકીય કારણ હતું. એ વખતે અત્યારની માફક વાણિયા અને બ્રાહ્મણોનું માંડવીમાં અધિક જોર હતું. ઓધવજીના પ્રસંગ પછી રાયધણની નજર આ બે જાજવલ્યમાન કોમો તરફ ગઇ.

માંડવીમાં જાહેર રસ્તાપર જાનવરો કપાવવાની રાયધણે શરુઆત કરાવી દીધી. ત્યાંના હિન્દુ મંદિરોનો નાશ કરવાની ઇચ્છાથી તેમણે પ્રથમ રાણેશ્વરના મંદિરની મૂર્તિનું ખંડન કર્યું એ પછી તેમણે વાઘેશ્વરીની મૂર્તિ તરફ પણ અસભ્ય વર્તન ચલાવ્યું તેમ કહેવાય છે.[૩૪] આ મૂર્તિનું રાયધણે કરેલું ખંડન આજે પણ જોવા મળે છે. ત્યાંથી તે પોતાની મંડળી સાથે સુંદરવરના મંદિરની મૂર્તિઓ તોડવા આગળ ચાલ્યા. પણ માંડવીના શહેરીઓની તાકાતનું માપ રાયધણ અને તેમની

---

૩૧. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.–૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ–૧૧૫.
૩૨. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ–૧૬૬.
૩૩. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. –૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ–૧૧૬.
૩૪. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ–૬૧૩.

મંડળીએ પૂરતું કાઢયું નહોતું. આટલો વખત શાંતિથી સહન કરી રહેલી માંડવીની પ્રજા છંછેડાઇ ઉઠી. પ્રજાએ રાયધણની આખી મંડળીને ઠાકુર મંદિર પાસે ઘેરી લીધી. લોકો તોફાને ચઢયા. માંડવીની તમામ પ્રજા ધીમે ધીમે મોટી સંખ્યામાં એકઠી થવા લાગી. રાયધણ તથા તેના પઠાણ લશ્કરીઓ ઉપર પથરા, ઈંટો, લાકડીઓ વગેરેથી હુમલો કર્યો. જેથી તેમનામાંના એક-બે જણ માર્યા ગયા અને અનેક ઘાયલ થયા. ઉછળી ઉઠેલી પ્રજાકીય શક્તિને કાબૂમાં લેવાનું કાર્ય મુશ્કેલ થઇ પડ્યું. રાયધણજી માંડ માંડ જીવ બચાવીને નાઠા. માંડવીના આ પ્રતિકારમાં રતુ, જેરામ અને સવજી જેવા હિન્દુ યુવાનોએ ભાગ લીધેલો એટલું જ નહિ તેમાં એક મામદ કાંથડ નામનો મુસ્લિમ યુવાન પણ હતો.[૩૫]

માંડવીના જેવું ભુજમાં રાયધણે અને તેમના સાગરીતોએ વર્તન કર્યું. એ પછી અંજારના મંદિરો તોડવાનો કાર્યક્રમ અમલમાં મૂક્યો. ત્યાં પણ માંડવીની માફકજ સામનો થયો. આ વખતે લોકોના ટોળાથી ઘેરાયેલા રાયધણજીને સલામત રીતે શાહબુદ્દીન નામના એક આરબે બહાર કાઢયા નહિતર એજ વખતે રાયધણજી માર્યા જાત એમ રેઇક્સ નોંધે છે.[૩૬]

ચારસોનો હત્યાકાંડ :-

રાયધણના આવા વર્તનની વાતો પડોશનાં તળગુજરાત તથા સૌરાષ્ટ્રનાં હિન્દુ રાજ્યો સુધી પહોંચતી. પરિણામે આખા કચ્છની આબરુનું લિલામ થતું હોય તેવો દેખાવ થતો તેથી હવે જાડેજા ભાયાતો ને ખાત્રી થઇ કે જો રાયધણને નજર કેદ રાખવામાં નહિ આવે તો પરિસ્થિતિ વણસી જશે. પરિણામે રાયધણને કેદ કરવાનું રાણીઓની સંમતિથી નક્કી કરવામાં આવ્યું પણ રાયધણને પકડવા મુશ્કેલ હતા. હકિકતમાં તે પહેલવાન હતા અને એકલ દોકલ માણસ તેમને પકડી શકે તે

---

૩૫. બાલસંદેશ, તા. ૨૯-૫-૭૫, રાયધણ અંક, પૃષ્ટ-૮.
૩૬. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૨૦ ની પાદનોંધ.

સંભવિત નહોતું. તેમનું પઠાણ અંગરક્ષકદળ, બચી ગયેલા સીદીઓ અને તેમનો નેતા મસૂદ તથા ધર્મઝનૂની મુસ્લિમોનો સામનો કર્યા સિવાય રાયધણજીને કેદ પકડી શકાય તેમ નહોતું.

આથી તેણે અંજારમાં રહેલા પોતાના ભાઇ કોરાને સૈનિકોની મદદ લઇને આવવા લખ્યું. એમ કહેવાય છે કે, આજ વખતે કોરા પારેખને ત્યાં તેના ભત્રિજાના લગ્ન હતાં અને તેઓ વાધા પારેખની જ રાહ જોતા હતા.[૩૭] તેને બદલે કોરાને લશ્કરી મદદ લઇ આવવાનું કહેણ મળ્યું. તેથી કોરો પારેખ ૪૦૦ સૈનિકોને લઇને ભુજ આવી પહોંચ્યો.[૩૮] આ ચારસોની ટૂકડી એકાએક રાજમહેલના ચોગાનમાં દાખલ થઇ. આ વખતે રાયધણની પાસે ડોસલવેણ નામનો એક મુસલમાન જમાદાર હાજર હતો. તેણે સમય સૂચકતા વાપરીને રાયધણને મહેલની ઉપલી અગાસીમાં ચઢાવી દીધા અને ઉપર જઇને દાદરો તોડી નાખ્યો. જેથી તેમને કોઇ જલ્દી પકડી ન શકે. તેમના પોતાના અંગ રક્ષકો ત્યાં સીદી મસૂદની સરદારી હેઠળ તૈયાર હતા. તેમને બૂમો પાડીને બોલાવવાનો પ્રયત્ન કર્યો. થોડા સમયમાં વાધો પારેખ અને કોરો પારેખ પોતાના લશ્કર સહિત અંદર ઘૂસ્યા. મહેલના નીચલા ભાગનો કબજો લીધો અને ઉપર પહોંચવાને પોતાથી બનતું બધું કરી રહ્યા હતા. પણ તેઓ ઉપર પહોંચે તે પહેલાં તો સીદી મસૂદ અને તેના પઠાણ લશ્કરીઓ આવી પહોંચ્યા. મસૂદે પોતાનું જૂનું વેર વાળ્યું. વાધો પારેખ, કોરો પારેખ અને તેના સઘળા સાથીદારો જીવ સટોસટ લડતા લડતા કપાઇ મૂવા.[૩૯]

આ કમનશીબ હત્યાકાંડનો બીજો અહેવાલ એવો છે કે, જ્યારે ડોસલવેણને ખબર પડી કે રાયધણને પકડવા માટે કોરો પારેખ તથા વાધો પારેખ ૪૦૦ ના લશ્કર સાથે આવી રહ્યા છે ત્યારે બન્ને એકદમ ચાલાકી વાપરીને બીજે રસ્તેથી નીચે ઉતરી ગયા અને વાધો પારેખ

---

૩૭. ગુજરાત સમાચાર, તા. ૬-૯-૧૯૭૩, પૃષ્ટ-૪.
૩૮. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૬.
૩૯. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૬૮.

તથા તેની ટોળી નીચે ન ઉતરી શકે માટે સીડીઓ કઢાવી નાખીને તેમના પર એક પછી એક બંદૂકોના બાર કરાવવા માંડયા. વાઘા પારેખને સંજોગો પ્રતિકૂળ થયા. તે પોતાના આખા પક્ષ સાથે અત્યંત સંકડામણમાં આવી ગયો. તેના માણસો કોઇ ગોળીથી અને કોઇ ધૂમાડાથી ગૂંગળાઇને મરણ પામ્યા. વાઘો અને કોરો બન્ને ભાઇઓ પણ પોતાના તમામ માણસો સાથે મરણને શરણ થયા. [૪૦]

ત્રીજો અહેવાલ એવો છે કે, અંજારના આ લોકોનું પ્રતિનિધિ મંડળ રાયધણની સાથે મંત્રણા કરવા માગતું હતું અને તેમણે તેથી ભુજ આવીને મુલાકાતની માગણી કરી. આ પરથી રાયધણને એવી શંકા ગઇ કે આ લોકો તેને પકડવા માગે છે. તેથી તેની શંકાશીલ મનોવૃત્તિએ તરતજ આ આખાય પ્રતિનિધિ મંડળના નાશની યોજના ઘડી કાઢી. તેણે પ્રતિનિધિ મંડળને મહેલના સૌથી ઉપરના માળ પર આવવા સૂચના આપી. અને પોતે છેક મહેલના છાપરે અગાસી પર જઇને બેઠો પછી પોતાની યોજના મુજબ તેણે દાદરની નિસરણીઓ કાઢી નાખવાનો હુકમ કર્યો જેથી અંજારનું આ પ્રતિનિધિ મંડળ નીચે ન ઉતરી શકે. આમ આ આખા પ્રતિનિધિ મંડળને ફસાવી રાયધણે પોતાના માણસોને મોટા પ્રમાણમાં મહેલના ઉપલા માળમાં બંદૂકનો દારૂ ફોડવાનો હુકમ કર્યો. જેથી ધૂમાડાથી ગુંગળાઇને બધાય માણસો મરી જાય. [૪૧]

લેફટનન્ટ રેઇક્સ અનાથી જુદો અહેવાલ આપે છે. તેમના મત મુજબ વાઘા પારેખનું મરણ આવા કોઇ હત્યાકાંડમાં થયું નથી. તેઓ જણાવે છે કે, તેનાં કેટલાક અવિચારી કૃત્યોને લીધે રાયધણ પાસેથી કેટલાક અસંતુષ્ટોએ તેને મારી નાખવાનો હુકમ મેળવ્યો પરંતુ તેનો પૂરેપૂરો અમલ થઇ શકતો નથી કે કરવામાં આવતો નથી. આ પ્રસંગની હકીકતો શ્રી. રેઇક્સ સ્પષ્ટ જણાવતા નથી. તેમના અહેવાલ પરથી લાગે છે કે, ઉપરોક્ત

૪૦. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યુમ પાંચમું, પૃષ્ટ-૧૪૮ અને કચ્છ વૃતાંત, પૃષ્ટ- ૫૪ અને ૫૫

૪૧. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૪.

હુકમનું પાલન કરાવવા જતાં થોડીક ઝપાઝપી થઇ. તેમાં વાઘો પારેખ ઘાયલ થયો. તે પછી તેને ભુજની જેલમાં આજીવન કારાવાસ આપીને જીવતદાન આપવામાં આવ્યું.[૪૨] જો કે વાઘા પારેખના આ અંતિમ કાળ વિશે શ્રી. રેઇક્સ ચોક્કસ તો નથી કારણ કે ઉપરોક્ત વૃતાંત આપ્યા પછી પાદનોંધમાં તેઓ સામૂહિક હત્યાંકાંડનો પ્રસંગ આપે છે. આમ આ ૪૦૦ ના હત્યાકાંડ વિશે જુદા જુદા અહેવાલો મળે છે. તેમાંથી કેટલીક બિનવિવાદાસ્પદ હકીકતો પ્રાપ્ત થાય છે તે આ પ્રમાણે છે.

રાયધણને આ પ્રસંગે બચાવનાર મુસ્લિમો હતા. તેનું કારણ રાયધણે ઇસ્લામ સ્વીકાર્યો તે હતું. તેને બચાવવામાં ડોસલવેણની સમય-સૂચકતા તથા મસૂદનું લશ્કરી બળ બન્નેએ ખાસ ભાગ ભજવ્યો હતો. ડોસલ વેણની યોજના સીદીઓ અને વાણિયાઓને કાઢીને પોતાનું સર્વોપરિપદ કચ્છમાં સ્થાપવાની હતી. તેથી એક લશ્કરી જમાદારના નાતે તેણે રાયધણ સાથે સંબંધને વધાર્યો હતો. એટલું જ નહિ તેનો વિશ્વાસ પણ સંપાદિત કર્યો હતો. એટલે જ્યારે રાયધણના માથા પર આફત આવતી તેણે જોઇ અથવા એક રાજકીય મુત્સદી તરીકે તેનાં ભૂતકાલીન અને ચાલુ કૃત્યો પરથી એવી આફત નજીકના ભવિષ્યમાં આવવાની છે તેવું માનીને તેણે અંજારના ચારસો લશ્કરીઓને કાવત્રાખોરો માની લીધા હોય અને તેમનો નાશ કરવાની યોજના રાયધણની સાથે ઘડી કાઢી હોય તે સ્વાભાવિક છે. લગભગ તમામ સાધનોમાં ડોસલવેણની હાજરી આ પ્રસંગે મહેલમાં બતાવવામાં આવી છે. આનો અર્થ એ કે આ ૪૦૦ ની હત્યા માટે ડોસલવેણ પણ જવાબદાર હતો.

સીદી મસૂદ વિશે બે મત નથી કે, આ હત્યામાં તેણે અગ્રગણ્ય ભાગ ભજવ્યો હતો. વાઘોપારેખ સીદીઓનો કટ્ટર દુશ્મન હતો. એણે મસૂદ સિવાયના નામાંકિત સીદીઓને હદપાર કરાવ્યા હતા. તેથી આ પ્રસંગે તેને જૂનું વેર વાળવાની સુંદર તક દેખાઇ. રાયધણ જ જ્યાં પક્ષમાં હોય પછી બીજું પૂછવાનું પણ કોને હોય ? એટલે આ કાંડનો મુખ્ય

---

૪૨. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં. –૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ–૧૪.

આરોપી સીદી મસૂદ હતો તે નિર્વિવાદ છે.

મુંબઇ સરકારના સિલેક્શનનો અહેવાલ ડોસલવેણને ચિત્રમાં લેતો નથી. એટલું જ નહિ સીદી મસૂદનો પણ ઉલ્લેખ કરતો નથી. તેનો અર્થ એ નથી કે આ હત્યાકાંડમાં તેઓ સામેલ નહોતા. અગત્યની બાબત એ છે કે, અંજારના માણસોએ હિંસાની શરૂઆત નથી કરી. જો રાયધણને સમજાવવાથી કામ પતતું હોય તો રક્તપાતની જરૂર રહેતી નહોતી. પરંતુ આ પ્રતિનિધિ મંડળનું સ્વરુપ નાગરિકને બદલે લશ્કરી હોવાને લીધે રાયધણની શંકા અસ્થાને નહોતી તેથી રાયધણે પહેલો ઘા કરીને તત્કાળ પૂરતો આ પ્રશ્ન ઉકેલી નાખ્યો.

વળી અહીંઆ એક બીજો પણ પ્રશ્ન ઉભો થાય છે. એક અહેવાલ એવો છે કે, આ હત્યાકાંડ માટે ડોસલવેણ, સીદી મસૂદ અને ત્રીજો આ યુગનો નાયક ફતેહ મહમદ પણ જવાબદાર છે. કચ્છના ઇતિહાસમાં આ પ્રસંગે સૌ પ્રથમવાર ફતેહમહમદનું નામ જાણવા મળે છે. પણ તેનો આ પ્રથમ પરિચય દુષ્કૃત્ય કરનાર વ્યક્તિ તરીકે નો મળે છે. એક અહેવાલ એવો છે કે, પેલા ચારસો જણને મહેલમાં પૂરી રાખવા માટે પાછળથી સીડી ખસેડવાનું કામ ફતેહમહમદના હાથથી થયું હતું.[43] આથી આ કૃત્ય ફતેહ મહમદની પ્રાથમિક કારકિર્દીમાં એક મોટા કલંક સમાન ગણાય. આ વખતે ફતેહમહમદ પોતાના જીવનના સોપાનો ચઢી રહ્યો હતો. તે ડોસલવેણનો નોકર હતો તેથી સ્વાભાવિક છે કે સીડી ખસેડવા નો હુકમ ડોસલવેણનો હોય. ફતેહ મહમદે ફક્ત પોતાની નિમકહલાલીનું પ્રદર્શન કર્યું. એ વખતે જો તે અંતરથી આવું દુષ્કૃત્ય કરવાનું ઇચ્છતો ન હોય તો પણ તેમ કરી શકવાને શક્તિમાન નહોતો. તેથી તેની કાર-કિર્દીનું આ કલંક સંજોગોની પેદાશ હતી એમ કહી શકાય.

આ ચારસો માંથી કોઇ બચવા પામ્યું નહોતું. વળી રાયધણના

---

૪૩. વિ. સં. ૧૯૮૦ ના "સ્વદેશ" ના દીપોત્સવી અંકમાં શ્રી. વ્રજલાલ ભગવાનલાલ છાયાનો "રાજરંગની રૂપરેખા" નામનો લેખ અને બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૪ તથા પૃષ્ટ-૧૫ ની પાદનોંધ.

પક્ષે પણ કેટલાક મુસલમાનો મરાયા હતા. તેથી આ વિકૃત અને ભયાનક હત્યાકાંડમાં જો ગન પાવડરનો ઉપયોગ થયો હોય તો તેમના શબોને ઓળખવાં પણ દુર્લભ થઇ પડે. તેઓ માંના હિન્દુ કે મુસલમાન ઓળખવાનો પ્રયત્ન કરવાનું રહેવા દઇને સૌને એકી સાથે અત્યારના ભુજના ભીડ બજારના નાકા બહાર એક મોટો ખાડો ખોદાવીને તેમાં દટાવી દીધા અને તેમના પર એક ઓટલો ચણાવી દીધો. આ સ્થાન આજે પણ વાધાસર-કોરાસર ના નામે ઓળખાય છે.

સમાપન :-

આમ સીદીઓના છેલ્લા લશ્કરી જમાદાર મસૂદે કચ્છમાં ફરીથી અને છેલ્લો પ્રયત્ન સીદીઓનું વર્ચસ્વ લાવવા માટે કરી જોયો. તેમાં તે સહેજ સફળ થયો. પરંતુ આ ૪૦૦ નાં બલિદાનો એળે ગયાં નહોતાં તેનાં દૂરગામી પરિણામ સ્વરુપે જ સીદી રાજ્યનો તરત અંત આવ્યો અને કચ્છ તથા ભારતનાં ઇતિહાસમાં વિશિષ્ઠ ભાત પાડી જતો એક નવો પ્રયોગ "બાર ભાયા" ના રાજ્યરુપે શરૂ થયો.

Chapter - 7

-: પ્ર ક ર ણ -૭ મું :-

બા ર ભા યા રા જ્ય.

કાદરખાન દીવાનપદે :-

વાધા પારેખને ખસેડયા પછી સીદીઓ માટે દીવાનનો પ્રશ્ન ઉભો થયો. આથી તાત્કાલિક આ સીદીઓ માંથી કોઇક એક સીદી દીવાન થઇ ગયો. પરંતુ તેનામાં વહીવટ કરવાની આવડતનો અભાવ હોવાને કારણે તે નિષ્ફળ ગયો અને તતંજ એક વિદેશી મુસલમાને દીવાન-પદ સંભાળ્યું, જેનું નામ લેફટનન્ટ રેઇક્સ કાદરખાન આપે છે.[1] કાદર ખાનનો ઉલ્લેખ આ સિવાય બીજે ક્યાંય મળતો નથી.

રાજકીય વિઘટન શરુ :-

ભૂજમાં જે બનાવો બની રહ્યા હતા, તેના પર પ્રાંતિક શાશકો બરાબર નજર રાખીને બેઠા હતા. ભુજમાં "વાઘાસર-કોરાસર" નો હત્યાકાંડ સર્જાયો તે જોઇને આ તમામ તાલુકદારોનું એ અનુમાન વ્યાજબી હતું કે હવે કેન્દ્ર સરકાર જેવી કોઇ સરકાર ભુજમાં અસ્તિત્વમાં નહોતી. દીવાન અને મહારાવ લડતા હતા. પ્રજાનો એક વર્ગ બીજા સામે સંઘર્ષમાં હતો. બળિયાના બે ભાગ જેવી પરિસ્થિતિ હતી. તેથી પત્રી થી શરુ થયેલો વિઘટનનો પવન હવે સહેજ વધારે જોશથી ફૂંકાવા માંડયો. થોડો સમય તો કરુણાજનક અંધાધૂંધી પ્રવર્તતી રહી. રાજ્ય વ્યવસ્થા જેવું કંઇપણ ન રહ્યું. પાટનગર તરફથી નહિ જેવા હુકમો થતા તેને પણ તાલુકાઓમાં ગણકારવામાં આવતા નહિ.

આનો પહેલો પ્રત્યાઘાત માંડવીમાં પડયો. માંડવીમાં રામજી ખવાસ ભુજથી સ્વતંત્ર થઇ બેઠો. માંડવીમાં પહેલ થઇ તેનું કારણ રાયધણ

---

૧. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ઠ-૧૪.

અને માંડવી વચ્ચે પહેલાં જે ધાર્મિક સંઘર્ષ થયેલો તે હતું. આમ ધાર્મિક દૃષ્ટિએ માંડવીની પ્રજા વિક્ષુબ્ધ બની ગઇ હતી. વળી માંડવી એ વખતે કચ્છનું મોટામાં મોટું શહેર તથા પશ્ચિમ ભારતનું એક અગત્યનું વેપારી કેન્દ્ર અને બંદર હતું. અહિની પ્રજા ઘણી સુખી અને સમૃધ્ધ હતી. મોટા ભાગની પ્રજા વેપારી વર્ગનું પ્રતિનિધિત્વ કરતી હતી તેથી આવી પ્રજા હંમેશાં શાંત અને સ્થિર રાજકીય પરિસ્થિતિને આવકારે. કચ્છમાં રાયધણ જેવો "નવો મુસલમાન" શાસક હોય અને અંદરોઅંદર અધિકારી વર્ગમાં આંતરવિગ્રહ ચાલતો હોય તેવી પરિસ્થિતિને માંડવીની પ્રજા પસંદ ન કરે તે સ્વાભાવિક હતું. એને તો એવો શાસક જોઇએ કે જેની છત્રછાયા નીચે માંડવીનો વેપાર ઉત્તરોત્તર વધે તથા તેમના વેપારી જહાજોને રક્ષણ મળે.

આ વખતે તેમને આવો નાયક મળી ગયો. તે હતો રામજી ખવાસ. સામાન્ય માણસ હોવા છતાં તે ઉત્તરોત્તર આગળ વધતાં એક વખત માંડવીનો ધણી થઇ બેઠો. પરિસ્થિતિએ તેને સારી યારી આપી હતી. આ વખતે જામનગરમાં એક ક્ષુલ્લક બીજો ખવાસ મહેરામણ ઉર્ફે મેરુ હાલારપતિ બની બેઠો હતો. તેથી સ્વાભાવિક છે કે તેની હુંફથી રામજી ખવાસનું કાર્ય ઘણું સરળ થઇ ગયું. ટૂંકમાં રામજીએ માંડવીને ઝડપથી રાયધણજીના જુલ્મ માંથી મૂક્ત કરી દીધું.

કાંઇક માંડવીના પ્રત્યાઘાતરુપે અને કાંઇક જૂના વાણિયા સીદીના સંઘર્ષના પરિણામરુપે અંજારે પણ મેઘજી શેઠની સરદારી તળે બળવો ક્ર્યો.[2] રાયધણ સામે સફળ બગાવત કરનાર મેઘજી શેઠનું જન્મસ્થાન રતડિયા હતું. પરંતુ એમના પિતાએ અંજારમાં આવીને વસવાટ ક્ર્યો હતો.[3] માંડવી અને અંજારના પડઘા મુંન્દ્રા તથા લખપતમાં પણ પડયા. ત્યાંના હાકેમો પણ સ્વતંત્ર થઇ ગયા. ઠેકઠેકાણે ગેરવ્યવસ્થાને કારણે

---

૨. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૬ અને ૧૧૭.

૩. કચ્છની પ્રજા જાગૃતિના ઇતિહાસનાં પાનાં, પૃષ્ટ-૧ અને ૨.

બંડો થયાં. બીજા નાના નાના જાગીરદારો તથા ઠકરાતો પણ સ્વતંત્ર થવા માંડી.

આ અંધાધૂંધીના તમામ ક્ષેત્રે પડઘાઓ પડયા. રાજ્યને તેનાં કેટલાંય બૂરાં પરિણામો ભોગવવાં પડયાં. ધાડપાડુઓએ પોતાની લૂંટો શરૂ કરી તેને પરિણામે જમીનનું ખેડાણ-વાવેતર થતુંઅટકી પડયું. મિયાણાઓની લૂંટફાટ કરનારી ટોળીઓ, દક્ષિણ સિંધમાં આવેલા બલિયારીમાં સંતાઇને સમગ્ર કચ્છમાં લૂંટો ચલાવતી થઇ ગઇ. ગામડાઓના સાધારણ પ્રતિષ્ઠિત લોકો અને વધારે પૈસાદાર ખેડૂતો રક્ષણ મેળવવા શહેરમાં આવીને રહેતા થયા.[૪] માત્ર મોટા ગરાસદારો મજબૂત ગઢોવાળાં ગામોમાં સુરક્ષિત રહેતા હતા. તેઓએ પોતાના હથિયારબંધ ગરાસદારોના જૂથોને કારણે અને ભાડૂતી લશ્કરોને કારણે પોતાની જાગીરો જેમની તેમ ટકાવી રાખી હતી.[૫]

બરાબર આજ વખતે મુંબઇના ઉજ્જડ ટાપુપર વસતી વધારવા માટે અંગ્રેજો જુદી જુદી યોજનાઓ ઘડી રહ્યા હતા. એ વખતના અંગ્રેજ હાકેમો એમ માનતા હતા કે અત્યારે ટાપુ પર જે માણસો રહે છે તેમને કોઇપણ ભોગે આપણે રહેવા દેવા જોઇએ. તેઓ ટાપુ છોડીને ન જાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઇએ. તેઓ એવું પણ વિચારતા થયા હતા કે દેશનાં બીજા ભાગો માંથી લોકો મુંબઇના ટાપુ પર આવીને વસે તે માટે તેમણે બનતા તમામ પ્રયત્ન કરવા જોઇએ. એ માટે આકર્ષણો પણ ઉભાં કરવામાં આવ્યાં હતાં. ધનિક હિન્દીઓને ત્યાં વસાવવા માટે કેટલીક લલચાવનારી યોજનાઓ તૈયાર કરવામાં આવી હતી. કચ્છીઓ માટે તો કચ્છથી મુંબઇ સુધીની દરિયાઇ મુસાફરી અંગ્રેજી જાહજોમાં મફત હતી.[૬] કચ્છમાં અરાજકતા વ્યાપી હતી, કાયદો અને વ્યવસ્થાનું નામનિશાન નહોતું, કોઇ વેપારી સુખરુપે વેપાર કરી શકે તેમ નહોતો, તેના રક્ષણની

---

૪. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, પૃષ્ટ-૧૧૭.
૫. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૬૮.
૬. બોમ્બે એન્ડ વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૯૦.

કોઇ વ્યવસ્થા નહોતી ત્યારે સ્વાભાવિક છે કે, કચ્છીઓને અંગ્રેજોની મુંબઇ વસાવવાની યોજના ખૂબજ પસંદ પડી જાય. તેથી આ સમયમાં ઘણા જ કચ્છીઓ મુંબઇ જઇને વસ્યા. દા' કુન્હા નામનો એક પોર્ટુગીઝ લેખક પણ દેશના જુદા જુદા ભાગો માંથી મુંબઇ તરફ આવતા માનવ પ્રવાહની નોંધ લે છે.[૭] મુંબઇમાં આજે ત્રણ લાખ જેટલા કચ્છીઓ વસે છે તેનું શ્રેય રાયધણ યુગના આવા અંધાધૂંધીભર્યા સંજોગોને જાય છે.

અંજાર જીતવાનો નિષ્ફળ પ્રયત્ન :-

રાયધણજીએ જોઇ લીધું કે ભવિષ્યમાં પડકાર અંજાર તરફથી થવાનો હતો. કારણ કે અંજાર હવે મેઘજી શેઠના હસ્તક હતું. રાયધણની આ ગણતરીને ભવિષ્યના બનાવોએ તદ્દન સાચી પાડી હતી. તેથી સૌ પ્રથમ રાયધણે અંજારને સીધું કરવાનો પ્રયત્ન કર્યો.[૮] પરંતુ કેપ્ટન ચાર્લ્સ વોલ્ટર નોંધે છે તેમ રાયધણજીને પોતાના આ પ્રયત્નમાં નિષ્ફળતા મળી.

મિયાણાઓનો ત્રાસ :-

રાયધણની આ નિષ્ફળતાએ રાજ્યભરનાં વિઘટનકારી બળોને ઉત્તેજન આપ્યું. પરંતુ ચોર લુંટારાઓની હિંમત પણ વધી ગઇ. કચ્છની લુંટારા કોમમાં મિયાણાઓ અગ્રગણ્ય હતા તેમણે હવે સમગ્ર કચ્છને લુંટવાનું શરૂ કર્યું.[૯]

આર્થિક સ્થિતિ :-

વાઘા પારેખ અને તેના ભાઇના મૃત્યુ પછી રાયધણ તથા સીદી મસૂદના હાથમાં સત્તા આવી હતી. પરિણામે રાયધણ કરતાં મસૂદ તથા તેનાં સાથીદાર મહમદ પન્નાહે તેનો વધારે પ્રમાણમાં ગેરઉપયોગ કર્યો પરિણામે ત્યારે આખું રાજ્ય આર્થિક અંધાધૂંધીના ચક્રમાં ખૂંપી ગયું હતું

૭. બોમ્બે એન્ડ વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૯૦ ની પાદનોંધ.
૮. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, પૃષ્ટ-૧૧૭.
૯. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, પૃષ્ટ-૧૧૭.

ત્યારે સીદી મસૂદ અને મહમદ પન્નાહે પોતાની મિલ્કતમાં સારો વધારો કર્યો હતો. ભુજ સિવાયના બીજા પ્રાન્તો બળવાખોર હોવાને લીધે રાયધણ પાસે પૈસો આવતો નહિ. તેથી રાયધણને કોઇ રસ્તો ન સૂઝતાં તેની ઘેલછા, ઉન્માદ અને ઇસ્લામિ ઝનૂનના કાર્યક્રમનાં વખત નાં વફાદાર સાથીઓ સીદી મસૂદ અને મહમદ પન્નાહ પર તેની નજર ગઇ. ખાસ કરીને આ બન્નેએ જે સંપત્તિ જમાવી હતી તે સંપાદન કરવા માટે રાયધણે કાયદાનો આશ્રય લીધો. એ વખતના કાનૂન મુજબ દેશ-નિકાલ કર્યાં સિવાય કોઇની મિલ્કત જપ્ત થઇ શકે નહિ. આથી બન્નેને ભુજની બહાર નસાડીને તેમની મિલ્કત પડાવી લીધી.[10]

રાયધણનાં આ કૃત્યનો બીજી રીતે અભ્યાસ કરીએ તો તેનામાં સ્થિરતા નથી આવી તેમ લાગે છે. નહિતર તેના ખાસ પ્રિય માણસોને ભુજ બહાર કાઢી મૂકીને તેમની મિલ્કત જપ્ત ન કરે. વળી તેનું આ પગલું તેનામાં ગાંડપણનો અંશ હતો તે સાબિત નથી કરતું. કારણ કે રાયધણ પ્રથમ શાસક હતો અને પછી બીજું બધું. તેથી સ્વાભાવિક છે કે આમાં તેની નજરમાં કે તેનાં આંખ મિંચામણા તળે સીદી મસૂદ અને મીયાં મહમદ પન્નાહે ગેરકાયદેસર જે મિલ્કત ભેગી કરી હતી, તે એક શાસક તરીકે તેને અયોગ્ય જણાતાં અને પરિસ્થિતિએ બીજો કોઇ માર્ગ બાકી નહિ રાખતાં, બન્નેને હદપાર કરીને તે સંપત્તિ જપ્ત કરાઇ. પણ પોતાનું જ ભલું ઇચ્છનાર મિત્રોથી આ રીતે બગાડનારનો દુનિયામાં કોઇ સાથી બનવા તૈયાર ન થાય. પરિણામે રાયધણજી હવે એકલા પડી ગયા. તેમના હાજી-હા કરનારા હજૂરીઆ પણ તેમનાથી ડરવા લાગ્યા.

<u>રાયધણજી કેદમાં :-</u>

એકલા પડી ગયા છતાં રાયધણજીએ પોતાનું ઇસ્લામિ ઝનૂન છોડયું નહિ. હવે તો વકરેલા વાઘની માફક નિરંકુશ બન્યા. તેમણે પોતાના ધર્મ ઝનૂની સાથીઓની મદદથી એકજ રાતમાં સઘળાં હિન્દુ મંદિરોને જમીનદોસ્ત કરી નાખવાની એક યોજના ઘડી. પણ આ યોજનાની

---

૧૦. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ ૫ મું, પૃ૭૮-૧૪૯.

ખબર એક નાગર ગૃહસ્થને પડી ગઇ. તેણે ભુજોડીના વંકારબારીને સાંઢણી પર અંજાર મેઘજી શેઠ પાસે મોકલ્યો અને ભુજમાં મધરાતે બનનારા ભાવિ બનાવની જાણ કરી.[૧૧] બીજો એક અહેવાલ એવો છે કે, મહારાણી સોઢી સ્વરુપબા એજ ભુજોત કે ભુજોડીના વંકા રબારીની સાથે અંજારના સર્વેસર્વા મેઘજી શેઠ પર સંદેશો મોકલાવ્યો જેમાં તેમને ભુજની સઘળી હકિકતથી વાકેફ કરવામાં આવ્યા હતા.[૧૨]

ટૂંકમાં સંદેશો ગમે તેણે મોકલ્યો હોય પરંતુ રાયધણની પ્રવૃત્તિને અંકુશમાં રાખી શકે કે તેમને જીવતા પકડી શકવાની તમામ રીતની શક્તિઓ મેઘજી શેઠ પાસે હતી. તેનો બળવો રાયધણ કે કચ્છના સાચા સાર્વભૌમત્વ વિરૂધ્ધ નહોતો. પરંતુ તે વર્તમાન વહીવટી તંત્રનો સખત વિરોધી હતો. આને લીધે જ્યારે ભુજ દરબારે રાયધણ વિરૂધ્ધ બહારની મદદ લેવાનું વિચાર્યું ત્યારે તેમની નજરમાં રામજી ખવાસ અને મેઘજી શેઠ હતા. રામજી સમૃધ્ધ માંડવીને છોડીને સમગ્ર કચ્છનું ધંટીનું પડળ પોતાની કોટે બાંધવા તૈયાર ન થાય તે સ્વાભાવિક હતું. તેની પસંદગી મેઘજી પર ઉતરી અને મેઘજીને પણ વાઘા પારેખનું સ્થાનલેવાના કોડ હતા. તેથી તે તૈયાર થયા.

તેમને સંદેશો પેલા નાગર ગૃહસ્થનો મળ્યો હોય કે મહારાણીનો એ બધી બાબતો ગૌણ હતી. સંદેશામાનું લખાણ સાચી અગત્ય ધરાવે છે. તેમાં લખ્યું હતું કે જે દિવસે જગત મંદિર પર રાયધણ હલ્લો લઇ જવાનો હતો તેજ દિવસે તેઓ લશ્કર લઇને "ધર્મની રક્ષા કરવા" આવી પહોંચશે તો ભુજના દરવાજા તેમના માટે ખુલ્લા રાખવામાં આવશે. બરાબર મધરાતે, મસલત પ્રમાણે અંજારથી ભુજ પર હલ્લો કરવા માટે મેઘજી શેઠ પોતાના લશ્કર સાથે દેખાયા ત્યારે શ્રી. વિલિયમ્સ નોંધે છે તેમ ભુજના દરવાજા ઉઘાડી નાખવામાં આવ્યા.

વાઘા પારેખ વખતનો અનુભવ રાયધણને યાદ હતો. તેથી બીજી

---

૧૧. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૬૧, અને ૪૬૨.
૧૨. કચ્છની પ્રજા જાગૃત્તિમાં ઇતિહાસનાં પાનાં, પૃષ્ટ-૩.

વખત બહારનો હસ્તક્ષેપ ન થાય તે માટે તેણે પૂરતી તૈયારી રાખી હતી. બીજી કોઇ વ્યવસ્થા થઇ શકી નહિ પણ "આલમપનાહ" ની ચાવીઓ પોતાના વિશ્વાસુ માણસોને સોંપી હતી. તેથી મેઘજીને પ્રથમ સંઘર્ષ આ દરવાનો સાથે થયો. જગત મંદિર પાસે રાયધણની ટુકડીને સહેલાઇથી હરાવવામાં આવી તેથી રાયધણજી પોતાના ભાડૂતિ સૈનિકો સાથે ત્યાંથી નાઠા અને રાજમહેલમાં ભરાઇ ગયા. તેમની સાથે તેમના મુસ્લિમ રક્ષકો હતા. મેઘજીએ ત્રણ દિવસ સુધી મહેલને ઘેરી લીધો. અંતે રાયધણ અને તેના સાથીઓ તાબે થયા. મેઘજીએ રાયધણને કેદ કર્યા.[૧૩] આ બનાવ ઇ. સ. ૧૭૮૬ માં બન્યો.[૧૪]

રાયધણની આ પ્રથમ કેદને કચ્છની બહાર જુદી રીતે અવલોકવામાં આવી હતી. ઇ. સ. ૧૮૦૦ માં કચ્છમાં આવેલો લોવેલ નામનો એક અંગ્રેજ એવું વિધાન કરે છે કે, "હત્યાઓ તથા દેશ નિકાલનો રાયધણે છૂટો દોર મૂકીને લોહાણાઓનો સર્વનાશ વાળી દીધો હતો છતાંય તેઓ હજુ રાયધણને ડરાવવા માટે શક્તિમાન હતા અને તેથીજ તેમાંના કેટલાકે તે પાગલ થઇ ગયો છે એવા બહાના તળે તેને કેદમાં રાખ્યો છે."[૧૫] છતાં લોવેલના અહેવાલમાં રાયધણની ધર્માંધતાનો ક્યાંય બચાવ કરવામાં આવ્યો નથી. તેથી તે નોંધે છે કે, "જો કે તેનાં કેટલાંક કાર્યો પણ અયોગ્ય હતાં."[૧૬]

મેઘજી શેઠનું આ કાર્ય ખરેખર એક મુક્તિ માટેની ક્રાંતિના નેતા જેવું હતું. વાઘો પારેખ ચારસો સૈનિકોથી આ કામ કરી શક્યો નહોતો.

---

૧૩. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૭.
૧૪. એ હિસ્ટોરીકલ સ્કેચ ઓફ ધી નેટીવ સ્ટેટસ ઓફ ઇન્ડિયા, પૃષ્ટ-૨૭૧ અને બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૫
૧૫. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૭.
૧૬. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૨૯, પૃષ્ટ-૬૧૮૬.

તેથી મેઘજીએ ૯૦૦ સૈનિકોનો કાફલો અંજારથી ભુજ આણ્યો હતો. મેઘજીનો આ સંઘર્ષ ખરેખર આંતરવિગ્રહ જેવો હતો.[૧૭] કચ્છ માટે આવો પહેલો પ્રસંગ હતો. આ ગૃહયુધ્ધમાં એકપક્ષે રાયધણ અને મુઠ્ઠીભર ધર્મ ઝનૂની મુસલમાનો હતા જ્યારે બીજા પક્ષે બાકીના કચ્છીઓ હતા. રાજમહેલનો ત્રણ દિવસનો ઘેરો વાસ્તવમાં ત્રણ દિવસનો આંતરવિગ્રહ જ ગણી શકાય. સાથે સાથે નાના પાયા પર એક જેહાદ પણ હતી. મેઘજીના પક્ષે રાજ્યભરનાં તમામ હિન્દુઓ હતા. એમ કહેવાય છે કે આ કાર્ય મેઘજીને બદલે કોઇ ભાયાત, જાડેજા કે રજપૂત કરવા તૈયાર થયેલા નહિ તેથી કચ્છમાં હજુ કહેવાય છે કે,

" .... પડજાતે દેવલ, ઓર દેશમે મસીદ હોત ;
દેવહુકી મૂર્તિયાં, ઉખાડ લોક ધરતે ;
પઢતે કલમા, સબ ઇલિલ્લા મહમુદકા ;
હિન્દુ મુસલમાં હોકે, ટારે હુ નટરતે ;
રાઓકો બુલાયકે, દારૂમેં દિવાના કર ;
લાખા ઓર દેશલકે, ખજાને સબ હરતે ;
કા કચ્છવાલે, રજપૂત તુમ ગુમરાઇ કરો ;
મેઘજી ન હોતે તો, મલેચ્છ રાજ કરતે .... "

ખરેખર આ વખતની આફત કચ્છ માટે રાષ્ટ્રીય આફત હતી અને તેમાં, ધર્માંધ મુસલમાનોના એક નાનકડા વર્ગને બાદ કરતાં તમામ કચ્છી જનતાનો મેઘજીને ટેકો હતો. તેથી મેઘજીનું આ કાર્ય ખરેખર જનતા માટે કેટલું ઉપકારક બન્યું હશે તે તો તે યુગનો સમાજ કહી શકે.

બાર ભાયા રાજ્ય :-

મેઘજી શેઠે રાયધણને કેદ કર્યા પછી કચ્છમાં શાંતિ સ્થાપવાનો વિચાર કર્યો. દેખીતી રીતે જ રાયધણના હાથમાં રાજકારભાર રહેવા દેવો એ હવે સહીસલામત નહોતું. તેથી રાયધણના નાના ભાઇ પૃથ્વીરાજ

---

૧૭. કચ્છની પ્રજા જાગૃત્તિનાં ઇતિહાસનાં પાનાં, પૃ૯-૩.

ઉર્ફે ભાયજી બાવાને રાયધણની જગ્યાએ ગાદી માટે પસંદ કરવામાં આવ્યા. પૃથ્વીરાજની ઉંમર નાની હોવાથી તેમની વતી રાજ્યવહીવટ ચલાવવા એક કાઉન્સીલ ઓફ રીજન્સી નિમવામાં આવી. જેમાં મેઘજી શેઠ અને ડોસલવેણ મુખ્ય સભ્યો તરીકે રહ્યા.[૧૮] કચ્છમાં ખરેખર તો આ કાઉન્સીલનું જ રાજ્ય સ્થપાયું. તેને કચ્છના ઇતિહાસમાં "બારભાયા રાજ્ય" તરીકે ઓળખવામાં આવે છે.[૧૯] આ મંડળની રચના ઇ. સ. ૧૭૮૮ માં થયેલી. તેના સભ્યો આ પ્રમાણે હતા.[૨૦]

૧. વેણ ડોસલમીયાં.	૭. વેલા તમાચી.
૨. જિયેજા ગુલામઅલી.	૮. વેણ રહીમ તુલ્લા.
૩. સુમરા શફી મહમદ.	૯. ભંડેરી જાનમહમદ.
૪. ચૌહાણ ઉસમાનજી.	૧૦. કોરેજા બેગ મહમદ.
૫. વેણ લાલ મહમદ.	૧૧. કોરેજા મીઠામીયાં.
૬. અબડા ભારા.	૧૨. નોતિયાર ફતેહમહમદ.

આ બારમાં મેઘજી શેઠનો સમાવેશ થતો નથી. પરંતુ તે ડોસલવેણની માફક મુખ્ય સભ્ય હતો. આનો અર્થ એ થાય છે કે આ મંડળમાં બારની સંખ્યાને ચીવટાઇથી વળગી રહેવામાં આવ્યું નહોતું.[૨૧] કારણ કે આ મંડળના સભ્ય તરીકેનાં બીજાં પણ કેટલાંક નામો મળે છે. આમાં મુખ્યત્વે અબડો, ભટ્ટી હમીર, ભારો, જૂઠો, ઓસમાણ, રાજમહમદ અને તુર્ક વાયદિના[૨૨] નો સમાવેશ થતો હતો. આ બધાં નામો જોતાં આમાં કોઇ હિન્દુનો સમાવેશ થતો હોય તેમ લાગતું નથી. બધાય મુસલમાનો હતા.[૨૩] એટલું જ નહી તમામ લશ્કરી માણસો હતા.

---

૧૮. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૮.
૧૯. કચ્છ દેશનો ઇતિહાસ, પૃષ્ટ-૫૭.
૨૦. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૬૦.
૨૧. સ્વદેશ દીપોત્સવી, વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ-૪૨.
૨૨. કચ્છની પ્રજા જાગૃત્તિના ઇતિહાસનાં પાનાં, પૃષ્ટ-૫.
૨૩. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ-૧૦.

આ મંડળને "બાર ભાયા રાજ્ય" નું નામ કેમ અપાયું છે તે સમજાતું નથી. કારણ કે તેની સ્થાપના વખતે તેની સંખ્યા બારની નહોતી. આ સંખ્યામાં વધઘટ રહેતી. આ વખતે પૂનામાં પણ એક આવું જ મંડળ પેશ્વા સવાઇ માધવરાવની સગીરાવસ્થામાં કામ કરતું હતું અને તેની સંખ્યા પણ બારની હતી. તેથી બનવા જોગ છે કે, પાછળથી નાના ફડનવીસના મરાઠા મંડળનું નામ તેને આપી દેવાયું હોય. પણ આ વખતે તેને કોઇ બારભાયા મંડળ કહેતું હશે કે કેમ તે શંકાસ્પદ છે. પરંતુ આજે આ વ્યવસ્થા કચ્છમાં એટલી બધી લોકપ્રિય અને ગૌરવભરેલી થઇ છે કે તેને "બાર ભાયાના રાજ્ય" તરીકે ઓળખાવ્યા સિવાય સમજાવી શકાતું નથી.

આ પ્રકારની વ્યવસ્થા કચ્છમાં અગાઉ કોઇ સમયે થઇ નહતી. ગાદીપતિ રાજાની સત્તા એકાએક તૂટી પડતાં તેની જવાબદારી તાત્કાલિક અદા કરી શકે તેવી બીજી કોઇ સત્તાનો કચ્છમાં અભાવ હતો. છતાં ઉપરોક્ત ગોઠવણ કરવી અનિવાર્ય બની હતી. કચ્છના ગાદીનશીન મહારાવોને પદભ્રષ્ટ કરી તેમના સ્થાને બીજા શાસકની નિયુક્તિ કરવાની કે રાજાની વતી રાજકારભાર ચલાવવા માટે કોઇ કાઉન્સીલ સ્થાપવાની ભાયાતો ને કાંઇપણ કાયદેસર સત્તા નહોતી. આ સંજોગોમાં રીજન્સી કાઉન્સીલની રચના તેના નિયામકોનાં મત પ્રમાણે ગમે તેટલી વ્યવહારુ હોય, છતાં જાડેજા ભાયાતોનાં વંશમાં આ પ્રથાને સમર્થન આપે તેવો કોઇ દાખલો નહોતો. તેમજ કચ્છની ગાદીની પરંપરામાં પણ ભૂતકાળમાં આવી ગોઠવણ થઇ નહોતી. તેમની નજરમાં રીજન્સી કાઉન્સીલની સ્થાપના એટલે કેવળ રાજ્ય સત્તાને ઝૂંટવી લેવાનું જ કૃત્ય હતું. કાયદાની નજરમાં રાયધણ હજુ કચ્છના રાજા હતા. તેથી ગેઝેટિયરકારે વચ્ચે ભાયજીબાવા ઉર્ફે પૃથ્વીરાજને શાસક તરીકે ગણ્યા છે તે પણ કચ્છની પરંપરા મુજબ યોગ્ય નહોતું. એ બધા રાયધણના પ્રતિનિધિઓ જ હતા.

પૃથ્વીરાજને મીરજા મહારાવ જેવું કોઇ અધિકૃત નામ કે બિરુદ આપવામાં નહોતું આવ્યું. સુંદરજી શિવજીના મુંબઇના ગવર્નર શ્રી. જોનાથન ડંકન પર તા. ૧૬–૯–૧૮૦૧ ના રોજ લખાયેલા પત્રમાં અધિકૃત રીતે ભાયજીબાવા ઉર્ફે પૃથ્વીરાજ માટે "મહારાજ કુંવર ભાઇ" જેવું તદ્દન

ગુજરાતી સંબોધન કરાયું છે.[૨૪] પૃથ્વીરાજને સગીરના બહાના તળે કાંઇ સત્તા આપવામાં નહોતી આવી. તેમાં કોઇ જાડેજા ભાયાત સભ્ય નહોતો. કે વર્ચસ્વ ધરાવતો નહોતો. મધ્યસ્થ સત્તા પુનઃ સ્થાપિત થઇ હતી. તે બતાવવા પૂરતું જ આ બાર ભાયા મંડળનું મહત્વ ગણાય. મેઘજીએ ભાયજીબાવાના નામે મોટું લશ્કર ઉભું કર્યું હતું.

બાર ભાયાની સિધ્ધિઓ :-

આ મંડળે કેટલીક સિધ્ધિઓ પણ મેળવી હતી. તેમાં પહેલી સિધ્ધિ માંડવીના રામજી ખવાસ પર ભુજની સત્તા સ્થાપિત કરવાની હતી. તેનો દંડ કરવામાં આવ્યો. કેન્દ્રની જૂની લહેણી રકમ વસૂલ કરાઇ. તથા દરરોજની ૭૦૦ કોરી ખંડણી ભુજને ભરવી તેવું નક્કી કરવામાં આવ્યું. આમ બાર ભાયાની કેન્દ્ર સરકારનો આ યશસ્વી વિજય કહેવાય. કારણ કે હવે રામજી ખવાસે ભુજની હકુમતને સર્વોચ્ચ સત્તા તરીકે માન્ય કરી.[૨૫]

આ મંડળને આ સિવાય બીજી કોઇ સિધ્ધિ મળી નથી. આ બનાવ પછી થોડો સમય આ મંડળનું અસ્તિત્વ રહ્યું, પરંતુ આ સમય દરમ્યાન બાર ભાયા મંડળનાં સભ્યો અંદરોઅંદર ઝગડતા રહ્યા. તેમના મતભેદો વધવા માંડ્યા. તેમના એક થવાનો સામાન્ય ઉપદેશ રાયધણને કેદ કરીને ફરીથી સત્તા પ્રાપ્ત કરવાનો હતો. તે પૂરો થતાં તેને સાચવવાની કે યોગ્ય ઉપયોગ કરવાની તેમનામાં ત્રેવડ નહોતી.

રોહા પર ચઢાઇ :-

રોહાપર મેઘજી શેઠે ચઢાઇ કરતાં બાર ભાયા મંડળમાં મતભેદો ઉભા થયા. કારણ કે રોહા પર ચઢાઇ કરવા માટેનું કારણ રાજકીય નહોતું. રોહામાં એ વખતે વિજયરાજજી નામના ભાયાત ઠાકોર હતા.[૨૬] શ્રી.

---

૨૪. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૪૪, પૃષ્ટ-૫૧૬૬.
૨૫. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૮.
૨૬. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૬૩.

વિલિયમ્સ તેમનું નામ વેરસલજી આપે છે.[૨૭] જ્યારે શ્રી. દ્વિવેદી તેનું નામ કેશરજી આપે છે.[૨૮] તા. ૧૩-૧૦-૧૮૧૯ ના રોજ અંગ્રેજો અને કચ્છ વચ્ચે થયેલ સંધિમાં જાડેજા ભાયાતોની સહીઓ છે. તેમાં વિલિયમ્સે નોંધેલા વેરસલજી કે શ્રી. દ્વિવેદીના કેસરજીનું નામ ક્યાંય નથી. જ્યારે વિજયરાજજીનું નામ ભાયાતો સાથે છે.[૨૯] આ ઉપરાંત ૨૧ મી મે, ૧૮૨૨ ની સંધિમાં પણ તેમની સહી છે.[૩૦] તેથી રોહાના શાસક વિજયરાજજી અથવા વજેરાજ એ વખતે હતા. આ વિજયરાજજીએ પોતાની એક પરણેતરને ત્યજીને બીજી સાથે લગ્ન કર્યાં. જ્યારે શ્રી. વિલિયમ્સના જણાવ્યા મુજબ તેની સાથે ખરાબ વર્તાવ રાખ્યો. હિન્દુઓમાં એ વખતે પત્નિઓ રાખવાની કોઇ મર્યાદા નહોતી. તેથી પરણેતરને ત્યજવાનો પ્રશ્ન ઉભો થતો નથી. જ્યારે ખરાબ વર્તાવનો અર્થ એ થાય કે તેને તેના મોભા પ્રમાણે જીવાઇ નહિ મળતી હોય તેથી તેણે પૃથ્વીરાજની માતા આઇમાબાઇને ફરિયાદ કરી. કારણ કે બન્ને બહેનો હતી. તેથી મેઘજીએ આઇમાબાઇનો પક્ષ લઇ રોહા પર ચઢાઇ કરી.

પણ રોહા ઠાકોર યોગ્ય જીવાઇ માટે સહમત થઇ જતાં પ્રશ્ન ઉકેલાઇ ગયો. મેઘજીનું આ કૃત્ય દૂરંદેશીભર્યું નહોતું. રોહા નરેશના અંગત મામલામાં કેન્દ્રને હસ્તક્ષેપ કરવાનો હક્ક નહોતો. પૃથ્વીરાજ શાસક હતા અને તેની માસીનો પ્રશ્ન હતો તેથી તેમાં વચમાં પડવું પડે તે પણ લૂલો બચાવ ગણાય. એટલે જાડેજાઓની સામે અને તેમાંય કચ્છના મોટા તથા મોભાદાર ભાયાત સામે આ રીતે કચ્છના મહારાવ વતી અન્ય વ્યક્તિઓ લશ્કર લઇ જાય તે ભાયાતોને પસંદ પડ્યું નહિ. એટલું જ નહિ એવા કૃત્યને તેઓ દુશ્મનાવટભર્યું જ લેખે. વાઘા પારેખની માફક મેઘજીએ પણ ઉતાવળીયું પગલું ભર્યું. બાર ભાયા મંડળના સભ્યોને તો કોઇપણ રીતે

---

૨૭. કારા ડુંગર કચ્છજા, પૃષ્ટ- ૧૬૯.

૨૮. કચ્છ દેશનો ઇતિહાસ, પૃષ્ટ-૫૭.

૨૯. સ્વદેશ દીપોત્સવી, વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ-૧૮.

૩૦. સ્વદેશ દીપોત્સવી, વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ-૧૯.

મેઘજીનું વર્ચસ્વ તોડવું જ હતું. તેથી તેમણે આ તક ઝડપી લીધી અને મેઘજીને ઠપકો આપ્યો.[31]

મેઘજીનું પતન :-

બાર ભાયા મંડળમાં મેઘજીને બાદ કરતાં તમામ મુસલમાનો હતા એટલે આવા વિરોધીઓનાં ટોળામાં મેઘજી સફળ થઇ શકે તેવી આશાઓ ઓછી હતી. તેથી એક ભોજન સમારંભમાં આ બધા સભ્યોને નોતરીને ભોજનમાં ઝેર ભેળવી એકી સાથે મારી નાખવાનો તેણે નિશ્ચય કર્યો. એટલું જ નહિ આ નિશ્ચયનો અમલ કરવામાં આવ્યો.[32] પણ આ આખુંય કાવત્રું છેલ્લે છેલ્લે પકડાઇ ગયું.[33] તેથી વિરોધીઓનાં સંઘબળ આગળ મેઘજી ટકી શક્યો નહિ. તેને તાત્કાલીક ખાવડા ભાગી જવું પડ્યું.[34] ત્યાં થોડો સમય રહીને અંજાર આવ્યો. જ્યાં તેણે ભુજથી સંપૂર્ણ સ્વતંત્ર અમલની સ્થાપના કરી. પણ કચ્છની રાજકીય પરિસ્થિતિમાં તેનો મેળ બેસી શક્યો નહિ. તેથી તેણે અંતે અંજાર છોડી દીધું અને છેવટે લીંબડી રાજ્યની દીવાનગીરી સંભાળી લીધી.

મેઘજી પછીનું બાર ભાયા મંડળ :-

મેઘજીના પતન પછી વાસ્તવમાં બાર ભાયા મંડળનું મરણ થયું. મેઘજી જતાં તમામ સત્તા ડોસલવેણના હાથમાં આવી ગઇ. પણ તે મેઘજી જેવી સત્તા જમાવી શક્યો નહિ. કારણ કે ભાઇજી બાવાનાં માતુશ્રીનો ડોસલ વેણ કે આમંડળને ટેકો નહોતો. આ બાજુ અંજારમાં બેઠા બેઠા મેઘજીએ ભુજમાંના બાકીના બાર ભાયા મંડળના સભ્યો વિરૂધ્ધ કચ્છમાં સત્તાની સમતુલા ઉભી કરી. મેઘજી શેઠને પૃથ્વીરાજની માતા આઇમાબાઇનો ટેકો હતો. આમ અંજાર, માંડવી અને ભુજમાં પૃથ્વીરાજ તથા તેની માતાએ બારભાયા વિરૂધ્ધ મોરચો માંડ્યો.

---

૩૧. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૬૯.
૩૨. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૮.
૩૩. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી વોલ્યુમ ૫ મું, પૃષ્ટ-૧૪૯.
૩૪. કચ્છની પ્રજા જાગૃતિના ઇતિહાસનાં પાનાં, પૃષ્ટ-૬.

ડોસલવેણનું નિષ્ફળ માંડવી આક્રમણ :-

ડોસલવેણ તથા બાર ભાઇના બીજા સભ્યોએ પોતાની સત્તા ફરીથી જમાવવા માટેના પહેલા પ્રયાસ તરીકે માંડવીને તાબે કરવા નિર્ણય લીધો. આઇમા બાઇએ અહીંયા શું બની રહ્યું હતું તેનાથી મેઘજી શેઠ અને રામજી ખવાસને વાકેફ રાખ્યા. ડોસલવેણની સરદારી નીચે માંડવીને તાબે કરવા જે લશ્કર જતું હતું, તેમાં યુક્તિ કરીને પોતે સામેલ થઇ ગઇ. રામજી ખવાસે માંડવીનો કબજો મહારાવની વતી આઇમા બાઇને સુપ્રત કરવા સંમતિ આપી. ડોસલવેણને આ કાવત્રાની ગંધ આવી હોય તો પણ આ દરખાસ્તમાં કાંઇ એવું અયોગ્ય તત્વ નહોતું કે જેનો તે વિરોધ કરી શકે.

પૂર્વ યોજના મુજબ આઇમાબાઇ જેવાં માંડવીમાં દાખલ થયાં કે તરતજ રામજી ખવાસે માંડવીના ગઢના દરવાજા બંધ કરાવી દીધા અને ભાઇજી બાવાના નામનો ઢંઢેરો પીટાવી, ડોસલવેણ અને બાર ભાઇઓને સત્તાવિહીન જાહેર કર્યા.[૩૫] સંજોગોના આ અચાનક પલ્ટાથી બાર ભાઇઓને શું કરવું તે સૂઝ્યું નહિ. મેઘજી શેઠે અંજારથી આઇમાબાઇ તથા રામજી ખવાસને મદદ કરવા માટે રવાના કરેલું લશ્કર, માંડવી આવી પહોંચે તે પહેલાં જ તેઓ નાસી છૂટયા. આથી માંડવીના થાણ-દાર તરીકે રામજી ખવાસનું સ્થાન પુનઃ સ્થાપિત થયું. આઇમાબાઇ માંડવીમાં જ રહેવા લાગ્યા અને ડોસલવેણ તથા બાર ભાઇના બાકીના સભ્યો ભુજ પાછા આવ્યા.

આ આખું કાવત્રું સફળ કરવામાં રામજી ખવાસની મુત્સદીગીરી સોળે કળાએ ખીલી ઉઠી. એલેક્ઝાન્ડર વોકર નોંધે છે કે, ખવાસ જાતિનું નામ "ખાસ" એવા શબ્દ માંથી આવ્યું છે. તેનો શાબ્દિક અર્થ વિશ્વાસ મૂકવા લાયક ગુલામ એવો કરવામાં આવે છે. રામજી ખવાસ જાતનો લુહાર હતો. તેને કચ્છના મહારાવ લાવેલા અને શરુઆતમાં

૩૫. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૮.

પોતાના નોકર તરીકે રાખેલો તેની ઉચ્ચ પ્રકારની શક્તિઓ જોઇને પાછળથી માંડવીના સુબા તરીકે નિમવામાં આવ્યો હતો.[૩૬]

રાયધણ મુક્ત :-

મેઘજીના ભુજ છોડયા પછી બાકીના બાર ભાયાઓનું માંડવી પરનું આક્રમણ એ પહેલું કાર્ય હતું જેમાં તેમને સરિયામ નિષ્ફળતા મળી હતી. તેથી સ્વાભાવિક છે કે ફરીથી તેમનામાં મતભેદો ઉભા થાય. ડોસલવેણના ભુજ આવ્યા પછી મતભેદો વધુને વધુ ઉગ્ર બનવા લાગ્યા. તેમાં વળી ભટ્ટી હમીર અને તુર્ક વાયદિના નામના બાર ભાઇના બે સભ્યોએ પોતાનો જુદોજ પક્ષ બનાવી પરિસ્થિતિને વધારે ખરાબ કરી અને રાયધણને કેદ માંથી છુટા કરી દીધા.[૩૭] રાયધણ કેદ મુક્ત થતાં ચારે તરફ ગભરાટ પેદા થયો.

રાયધણને મુક્ત કરવનાર પક્ષે મેઘજી શેઠ તથા તેમના પક્ષની મદદ માંગી. આ બન્ને પક્ષોએ મળી થોડી વખત ભુજમાં સત્તા ચલાવી. ઇ. સ. ૧૭૮૬ નો આ સમય હતો. રાયધણની બુધ્ધિ અપરિપક્વ હોવા છતાં તે કોઇના બેસાડયા ગાદી પર બેસે અને ઉઠાડયા ગાદી પરથી ઉઠે તે તો શક્ય નહોતું. ટૂંકમાં તેમનામાં પરવશતાનો અવગુણ પ્રવેશ્યો નહોતો. યોર્ક અને લેન્કેસ્ટરના પક્ષકારો "ગુલાબોના વિગ્રહો" માં ઇંગ્લેન્ડનાં નબળા મનના રાજા હેન્રી ૬ ઠ્ઠાનો ઉપયોગ કરવા માગતા હતા તેવીજ રીતે કચ્છમાં રાજવીઓની ઉથલ પાથલ કરવામાં જેઓ એક્કા હતા, તેવા મુત્સદી સત્તાધીશો રાયધણનો ઉપયોગ કરી, પોતાનું ધાર્યું કરવા પ્રયત્નો કર્યા કરતા હતા. પણ તેમાં તેમને સંપૂર્ણ સફળતા મળે તેમ લાગતું નહોતું, કારણ કે કેટલીક વખત રાયધણ બુધ્ધિમત્તાયુક્ત નિર્ણયો લેતો હતો. કોરા પારેખના પ્રસંગ વખતે તેમણે જે સમયસૂચકતા અને ચાલાકી બતાવી હતી તે જાણીતી છે.

---

૩૬. સિક્રેટ એન્ડ પોલીટીકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૨ પૃષ્ટ-૫૪૮૨.

૩૭. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. ૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૮.

આ મુક્તિ પછીના બનાવો પર તેઓ બારીકાઇથી નજર રાખી રહ્યા હતા અને તેમને હવે એવું લાગ્યું કે મેઘજી શેઠ કચ્છમાં સર્વોચ્ચ સત્તા હસ્તગત કરીને પોતાને રમકડું બનાવવા માગે છે તેથી તેમણે કચ્છમાં પોતાનું પણ એક જૂથ ઉભું કરવાનો પ્રયત્ન કર્યો. તેમણે મેઘજી શેઠને ભુજમાં ન પ્રવેશવાનું ફરમાન કાઢયું.[૩૮] તેથી મેઘજી શેઠે અંજારને જ આબાદ કરવામાં પોતાનું મન પરોવી દીધું.

બાર ભાયા રાજ્ય મંડળનો અંત :-

મેઘજી શેઠને રાયધણનું ફરમાન મળયા પછી તેણે અખિલ કચ્છના રાજકારણ માંથી નિવૃત્તિ લીધી. થોડો સમય અંજાર રહીને છેવટે લીંબડીનો દીવાન બની બેઠો. રાયધણ મુક્ત થતાંની સાથે ડોસલવેણને મુન્દ્રા ભાગી જવું પડયું. ત્યાં તે સ્વતંત્ર જેવો બની રહ્યો.[૩૯] ત્યારબાદ બાર ભાયા મંડળના અન્ય સભ્યો કચ્છભરમાં વિખેરાઇ ગયા. ફક્ત ત્રણજ સભ્યો ભુજમાં બાકી રહ્યા. તેમાં એક હતો આ સમયનો યુગપુરુષ ફતેહ-મહમદ નોતિયાર તથા બીજા હતા ભટ્ટી હમીર અને તુર્ક વાયદિના.

સમાપન :-

આ બાર ભાયા રાજ્યનના પ્રયોગને અત્યારના લોકશાહી કે પ્રજાસત્તાક રાજ્યોની સાથે સરખાવીને ગૌરવ લેવાનો ઘણા લેખકોએ પ્રયત્ન કર્યો છે.[૪૦] પરંતુ આ તંત્રને પ્રજાસત્તાક સાથે કોઇપણ સંજોગોમાં સરખાવી શકાય નહિ. કારણ કે આ તંત્રના કોઇપણ સભ્યો ચૂંટાઇને આવ્યા નહોતા. બધાય લશ્કરી સરદારો હતા. પોતાની પાસે રહેલી લશ્કરી ટુકડીઓના જોર પર તેઓ આ પદે પહોંચ્યા હતા, તેના જોર પર જ ટકવાના હતા અને સહેજ પણ સત્તાની સમતુલા જોખમાઇ તો તરત જ ફેંકાઇ જવાના હતા. મેઘજીના ગયા પછી એ પરિસ્થિતિ નિર્માણ થઇ.

---

૩૮. સ્વદેશ દીપોત્સવી, વિ. સ. ૧૯૮૦, પૃષ્ટ-૪૩.
૩૯. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૯.
૪૦. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૬૧.

જ્યારે રાયધણ મુક્ત થતાં આ મંડળનો પણ મોક્ષઘંટ વાગી ગયો.

તેથી આ મંડળને પોતાનો યેનકેન પ્રકારેણ સ્વાર્થ સાધતા સ્વાર્થી સરદારોનો સંઘ કહેવો જોઇએ. શ્રી. વૃજલાલ છાયા નોંધે છે કે, "આ બાર ભાયાનો અમલ બરાબર ચાલ્યો હોત તો કચ્છનો ઇતિહાસ આજ જુદી તરેહથી લખાયો હોત." તેઓ બાર ભાયા મંડળની વ્યાખ્યા આપતાં નોંધે છે કે, "બાર ભાઇ એટલે એક રાજકારભાર ચલાવનારી પંચાયત. આ પંચાયતનું બંધારણ રીતસર ગોઠવાયું હોત તો કચ્છ રાજ્ય આજે રાજા અને લોકનેતાઓની સંમતિથી ચાલતું હિન્દનું ઇંગ્લેન્ડ હોત. બાર ભાઇ બરાબર જામી હોત તો હિન્દના અન્ય દેશી રાજ્યોને દૃષ્ટાંત લેવા લાયક કચ્છ રાજ્ય હોત. બાર ભાઇ બરાબર પગભર થઇ હોત તો અંગ્રેજો સાથે અથડામણમાં આપણો કચ્છ આવ્યો નહોત. અને જો આ પ્રથમ પંચાયતના મૂળ અંગભૂતો દેશના હિત પ્રતિ યોગ્ય દૃષ્ટિ રાખી કામ લેતા થયા હોત તો આજે સ્વતંત્ર નેપાળ જેવો પશ્ચિમ ભારત વર્ષમાં સ્વતંત્ર દેશ આપણો આ કચ્છ હોત. પણ બારભાઇ જામી નહિ. બારભાઇ ભાંગી અને તેની સાથે કચ્છની સ્વતંત્રતાની છેલ્લી આશાઓ પણ ભાંગી."[૪૧]

આ વ્યવસ્થા ચિરસ્થાયી રહી શકે તેવો તેનો પાયો જ નહોતો. તેને પંચાયત પણ કહી ન શકાય. પંચાયતમાંય વસતીના પ્રમાણમાં પ્રતિનિધિત્વ હોય છે. રાજ્યની ૮૦ ટકા પ્રજા હિન્દુ ધર્મની હોય અને આ મંડળમાં એક પણ હિન્દુને સ્થાન ન મળે તેને પંચાયત પણ કહી શકાય નહિ. તો પછી "પ્રજાસત્તાકનો પ્રયોગ" કહેવો તે એ યુગને અન્યાય કરવા જેવું લાગે છે. મેઘજી શેઠ તેનો સભ્ય નહિ પણ એક કોન્સલ હતો તેથી પરિસ્થિતિમાં કાંઇ ફરક પડતો નથી. ટૂંકમાં બારભાયા મંડળને રાજ્ય તંત્ર ચલાવવાની પરિસ્થિતિજન્ય કામચલાઉ વ્યવસ્થા સિવાય બીજું કશુંય કહી શકાય નહીં.

---

૪૧. કચ્છની પ્રજા જાગૃતિના ઇતિહાસનાં પાનાં, પૃષ્ટ-૬ અને સ્વદેશ દીપોત્સવી વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ-૪૩.

Chapter - 8

-: પ્રકરણ - ૮ મું :-

ફતેહમહમદનું પ્રથમ શાસન

:ઇ. સ. ૧૭૮૬ થી ૧૮૦૧ :

પ્રાસ્તાવિક :-

કચ્છને કચ્છની પ્રકૃતિદત્ત સીમાઓની બહાર કાઢીને કચ્છની ખુમારીનો તળ ગુજરાત, સૌરાષ્ટ્ર, ભારતમાં હૈદર-ટીપુને તથા આંતર રાષ્ટ્રીય ફલક પર અંગ્રેજોને પરિચય કરાવનાર ફતેહમહમદ નોતિયાર કચ્છનો મહાન પુરુષ હતો. તેનો જન્મદત્ત વ્યવસાય પશુ ઉછેર હતો. પોતે નિરક્ષર હોય, જેનો સમાજ નિરક્ષર હોય તેના પૂર્વજોનો ઇતિહાસ મળવો દુર્લભ છે.

પૂર્વજો :-

સિંધમાં નગર સમઇની ગાદી પર જામ ઉન્નડ અને તેના વંશજો આશરે ૯ મી થી ૧૨ મી સદી આસપાસ શાસન કરતા હતા. તેમાં એક જામ રાયધણ થઇ ગયો. તેના આઠ કુંવરોમાં સાતમો નોતિયાર હતો. તેના વંશજો નોતિયાર નામે પછીથી જાણીતા થયા. પાછળથી તેઓએ ઇસ્લામ સ્વીકાર્યો. લગભગ તમામ લેખકો એમ માને છે કે આ નોતિયાર ના વંશમાં ફતેહ મહમદ થયો.[1] તેનો જન્મ ભુજની પાસે ત્રણ કીલો મીટર દૂર આવેલા રતિયા ગામે વિ. સં. ૧૮૦૯ માં થયો હતો.[2] તેવું તેની મરણ વખતની ઉંમર પરથી ઠરાવવામાં આવ્યું હોય તેમ લાગે છે.

પ્રારંભિક લશ્કરી કારકિર્દી :-

લશ્કરી ખમીર તેનો કૌટુમ્બિક વારસો હતો. પણ હવે તેનું કુટુંબ જાગીરદાર નહોતું. અત્યારે ગરીબીમાં સબડતું હતું તેથી તે તદ્દન નિરક્ષર

---

૧. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ટ-૬૭૦ ની પાદનોંધ નંબર-૧.
૨. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૮૦.

હતો. તેનો શારીરિક બાંધો મજબૂત હતો. શરીર સુદૃઢ હતું. વળી બોલવામાં ઘણો જ હોંશીયાર હતો. તેથી તેને લશ્કરમાં જોડાઇ જવાની સલાહ મળી. પાછળથી રચાયેલાં તેનાં પ્રશસ્તિ ગીતોમાં તેના પિતાનું નામ આવે છે. તેથી તેને લશ્કરી જિંદગી માટે તૈયાર કરવામાં તેના પિતા તમાચી તથા મોડ નામના કાકાનો ફાળો વિશેષ રહ્યો લાગે છે. ફતેહમહમદની શરુઆતની લશ્કરી કારકિર્દી વિશે મતભેદો છે. પરંતુ લશ્કરી જવાનોની કારકિર્દીમાં હમેંશા બને છે તેમ ફતેહમહમદ પણ ક્રમશઃ સૈનિક, બાર પાળાનો જમાદાર, વીસ પાળાનો જમાદાર અને અંતે બસો પાળાના જમાદાર સુધીના પદે પહોંચી ગયો.

હેમિલ્ટનના નોંધ્યા પ્રમાણે તે ડોસલવેણના સૈન્યમાં એક સામાન્ય ખાનગી સૈનિક તરીકે દાખલ થયો.[3] સૈનિક તરીકે દિવસે સખત કામ કરવાથી તેને બાર પાળાની જમાદારી આપવામાં આવી.[4] આ પછી સીદી જમાદાર મુબારકની ટુકડીમાં તેને વીસ પાળાની જમાદારી આપવામાં આવી. નરાપાસે રહેતા ખોસા લોકોને પકડી લાવવાની કામગીરી જીવને જોખમે તેણે પાર પાડી. તેથી રાયધણના પિતા ગોડજીએ તેને ૨૦૦ ઘોડાની જમાદારી આપી.

૪૦૦ ના હત્યાકાંડમાં જવાબદારી :-

તેની શરુઆતની કારકિર્દી માંથી છૂટીછવાઇ માહિતી મળે છે. વાઘા પારેખ તથા કોરા પારેખના ૪૦૦ ના લશ્કરને ફસાવવા માટે મહેલના દાદરની સીડી ખસેડવાનું કાર્ય ફતેહમહમદના હાથથી થયું એવી હકીકત લેફ્ટનન્ટ એસ. એ. રેઇક્સે રજૂ કરી છે.[5] જો કે આનો આ સિવાય બીજો કોઇ પૂરાવો મળતો નથી. પરંતુ અહીંઆ એ જોવું જોઇએ કે આ વખતે ફતેહમહમદ પોતાની કારકિર્દી શરુ કરી રહ્યો હતો. તે ડોસલવેણ

---

૩. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૮૯.
૪. કચ્છનો નૂતન ઇતિહાસ, પૃષ્ટ-૪૬.
૫. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૪ અને ૧૫.

નો નોકર હતો. આ હત્યાકાંડમાં ડોસલવેણનો પણ ફાળો હતો. તેથી તેણે તૈયાર કરેલી યોજનામાં તેના મોટા ભાગના નોકરો સામેલ હોય જ. અને તેથી ફતેહમહમદને આ સીડી ખેંચવાની કામગીરી સોંપવામાં આવી હોય તે સ્વાભાવિક છે. અને એક સ્વામીનિષ્ઠ જમાદારે પોતાની એ ફરજ બજાવી હોય તેમાં શંકા રાખવા જેવું નથી. વળી બીજી રીતે પણ આ કૃત્ય માટે ફતેહમહમદને દોષિત ઠરાવી ન શકાય. કારણ કે આ ચારસોનું લક્ષ્ય રાયધણ હતું. રાયધણ જીવતા પકડાય તેવી પરિસ્થિતિ હતી નહિ. તેથી બનવાજોગ છે કે રાયધણનો જાન લેવાની કોઇ શક્યતા ફતેહમહમદને આ ઝપાઝપીમાં દેખાઇ હોય તો તે પોતાના સ્વામી રાયધણનું જ શ્રેય કરે.

આખરે કચ્છનો સાચો માલિક તો રાયધણ જ હતો. વાઘો તથા કોરો પારેખ એક રીતે તો બળવાખોરો જ ગણાય. તેથી સ્વાભાવિક છે કે એક સાચો સૈનિક નીતિમત્તાનો વિચાર બાજુ પર મૂકીને ફરજને અગ્રીમતા આપે. જો તે પોતાના માલિકના હુકમને અનુસર્યો હોય તો દોષ તેને નહિ પણ મૂળ માલિકને જ મળવો જોઇએ કે જેણે આવો હુકમ તેનાં પરિણામોની ભયંકરતાને અનુલક્ષીને જ કરવો જોઇતો હતો.

વળી કોઇ પણ મહાનુભાવ પોતાની યુવાની અને ઠરેલપણાના ગાળા દરમ્યાન જુદાં જુદાં લક્ષણો ધરાવે છે. યુવાનીમાં અકબર મીના-બજાર ભરતો. તેથી જીવનની શરુઆતની કારકિર્દીના કોઇ બનાવ પરથી આખી કારકિર્દીનું મૂલ્યાંકન કરવું અસમતોલ ગણાય.

બારભાયાના સભ્ય તરીકે :-

મેઘજી શેઠે રાયધણને પકડીને બારભાયાના રાજ્યની સ્થાપના કરી ત્યારે ડોસલવેણની મહેરબાનીથી ફતેહમહમદને તેમાં દાખલ કરવામાં આવ્યો.[૬] બારભાયાના સભ્ય તરીકે તેણે શું કામગીરી કરી તેનો અહેવાલ મળતો નથી. પણ આ સમય દરમ્યાન ચકોર રાજનીતિજ્ઞ તરીકે તેણે

૬. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ-૧૦.

કચ્છની રાજકીય પરિસ્થિતિનું નિરીક્ષણ કરી અને જ્યારે તેને યોગ્ય તક દેખાઇ હશે ત્યારે પોતાનો પાસો ફેંક્યો. આ મંડળમાં સ્થાન મેળવવું તેના માટે ઘણું અગત્યનું ગણાય. તેના સભ્યોમાં મુખ્યત્વે લશ્કરના સરદારો હતા તેથી લશ્કરી દૃષ્ટિએ પણ ફતેહમહમદ મજબૂત બન્યો હતો. વળી શ્રી. રેઇક્સની નોંધ મુજબ પારેખ ભાઇઓને ફસાવવા સીડી ખસેડવાના કામના બદલા તરીકે ડોસલવેણે દાખલ કર્યો હોય. પાછળથી તે આ મંડળનો મુખ્ય કર્ણધાર બની ગયો.[૭]

"જમાદાર" :-

ફતેહમહમદ પાછળથી કચ્છનો સર્વોચ્ચ બની ગયો હતો. તે રાજ્યનો વઝીર અને સર્વોચ્ચ સેનાપતિ હતો છતાંય કચ્છના ઇતિહાસમાં અને લોકજીભે તેને જમાદાર કહ્યો છે. કારણ કે તેની શરૂઆતની કારકિર્દી જમાદાર તરીકેની હતી.

ભારતીય ઇતિહાસ કોશમાં "જમા" નો સામાન્ય અર્થ "એકઠું કરવું" થાય છે. તેનો સામાન્ય લશ્કરી અર્થ "સૈનિકોની ટોળીનો નેતા" જેવો થાય છે. આ શબ્દ મૂળ "જમાઅત" ઉપરથી આવ્યો હોય તેમ લાગે છે. કારણ કે જમાઅતનો અર્થ સમુદાય કે ટોળું થાય છે. ઇસ્ટ ઇન્ડિયા કંપનીના લશ્કરમાં સિપાઇઓની કંપનીના બીજા વર્ગના દેશી અફસરોને જમાદાર તરીકે ઓળખવામાં આવતા. કચ્છમાં અગિયાર સૈનિકોના ઉપર જે અધિકારી રહેતો તેને જમાદારના નામે ઓળખતા. સ્થળે સ્થળે સૈનિકોની સંખ્યામાં વધઘટ રહેતી. ત્રિચીનોપલ્લીમાં પાંચસો સૈનિકોના ઉપરીને જમાદાર કહેતા.[૮] કચ્છનો જમાદાર બારથી બસો સૈનિકોનો ઉપરી બનતો ત્યાં સુધી જમાદાર તરીકે ઓળખાતો. તેથી ફતેહમહમદ બાર પાળાની જમાદારી માંથી બસોની જમાદારીએ પહોંચ્યો ત્યારેય જમાદાર તરીકે ઓળખાતો. દીવાન બન્યો ત્યારેય જમાદાર રહ્યો અને આજે પણ લોકહૃદયમાં તે જમાદાર જ છે. કચ્છમાં જમાદાર શબ્દ ફતેહ-

---

૭. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૫.
૮. હોબસન જોબસન, પૃષ્ટ-૪૫૮.

–મહમદનો પર્યાય બની ગયો.

રાયધણનો સંપર્ક :-

જે ક્ષણે રાયધણ ભટ્ટી હમીર અને તુર્ક વાયદિનાના હાથે મુક્ત થયા તેજ ક્ષણે બારભાયા મંડળના છેલ્લા અવશેષ જેવા ડોસલવેણને મુન્દ્રા તરફ નાસી જવું પડ્યું અને ફતેહમહમદ એકલો પડી ગયો. બારભાયા મંડળના બધા સભ્યો વેરવિખેર થઇ ગયા. પણ એકલવીરની માફક ફતેહમહમદ ભુજમાં જ રહ્યો. અને રાયધણને કોઇ બાહોશ પુરુષની જરૂર હતી, તેથી તેની નજર ભુજમાં રહી ગયેલા ફતેહમહમદ ઉપર પડી. અહીંયાં રાયધણે પોતાની કારકિર્દીમાં તેની પરખ શક્તિનો પહેલવહેલો પરિચય કરાવ્યો. શ્રી. વિલિયમ્સ નોંધે છે તેમ ફતેહમહમદની પસંદગી કરીને તેણે સૌથી વધારે દક્ષતા બતાવી હતી.[૯] લોવેલ પણ પોતાના અહેવાલમાં નોંધે છે કે, ફતેહમહમદને રાજાએ પોતે જાતે દીવાન તરીકે પસંદ કર્યો હતો.[૧૦]

લશ્કર રાયધણના પક્ષે કર્યું :-

રાયધણજી મુક્ત થયા હોવા છતાં હજુ પણ લશ્કરને પોતાને પક્ષે કરી શક્યા નહોતા. મેઘજી શેઠે ભુજ છોડ્યું હોવા છતાં તેની પ્રતિભાની અસરથી લશ્કર મૂક્ત નહોતું થયું. તેથી ફતેહમહમદે પ્રથમ કામ મેઘજી શેઠના ભુજમાં રહેલા લશ્કરને સમજાવીને પોતાના પક્ષમાં કરી લેવાનું કર્યું. એ વખતનો યુગ એવો હતો કે લશ્કર તેના સાચા માલિક–સરકારને બદલે તેના સેનાપતિને જ વફાદાર રહેતું. તેથી ફતેહમહમદને આમાં સફળતા મળી. વળી તેનામાં જન્મજાત સેનાપતિના ગુણો હતા જેથી સ્વાભાવિક છે કે, લશ્કરના સૈનિકો રાયધણના કરતાં પહેલી વફાદારી ફતેહમહમદ ને પક્ષે જ રાખે.

રાયધણ ફરી બંધનમાં :-

ફતેહમહમદ ધીમે ધીમે વધારે મજબૂત બની ગયો. રાયધણને પણ શંકા

---

૯. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ–૧૭૧.
૧૦. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ ડાયરી નં.–૧૨૯, પૃષ્ટ–૬૬૮૬.

જવા લાગી કે કદાચ ફતેહમહમદ બીજો મેઘજી સાબિત થાય. તેથી એક વખત તેમના સંબંધો બગડયા અને તેણે સંઘર્ષનું સ્વરુપ ધારણ કર્યું. એક દિવસે તે સવારે રાયધણની સલામે ગયો ત્યારે તેના પર રાયધણે જમૈયાથી હુમલો કર્યો. આથી ફતેહમહમદને રક્ષણ માટે ભુજના "ગામગઢ" નામના કિલ્લામાં ભરાઇ જવું પડયું. બે દિવસ પછી તેના જૂના માલિક ડોસલ વેણે તેને છોડાવ્યો અને રાયધણને નજરકેદ કરવામાં આવ્યા.[૧૧] કચ્છના ઇતિહાસમાં રાયધણને બીજી વખત કેદમાં પૂર્યા તેને કચ્છની બીજી ક્રાંતિ કહેવામાં આવે છે. આ ક્રાંતિનો નેતા હતો ફતેહમહમદ.[૧૨]

ફરી બારભાયા રાજ્ય :-

આ સફળતામાં ડોસલવેણનો પણ અગત્યનો હાથ હતો. તેથી તેણે આવતાંની સાથે જ જૂની મેઘજી શેઠના વખતની રીજન્સી કાઉન્સીલને જીવતી કરી તથા ઉપકાર કરતો હોય તેમ તેના એક સભ્ય તરીકે ફતેહ મહમદની ફરી નિમણૂંક કરી. એટલું જ નહિ પણ શ્રી. વિલિયમ્સ નોંધે છે તેમ તેને ૨૦૦ ઘોડેસવારના લશ્કરના સરદારપદે સ્થાપ્યો. આમ હવે ફતેહમહમદે કચ્છના રાજકારણમાં સીનિયર નેતાનું સ્થાન મેળવ્યું અને ડોસલવેણની સમકક્ષ બન્યો. હવે તેને કટોકટીના વખતમાં ડોસલવેણ જેવા ધરાર સ્વાર્થી માણસની લશ્કરી મદદની જરૂર નહિ પડે તેવી તેની સલામત સ્થિતિ થઇ.

ડોસલવેણ સામે અસંતોષ :-

ડોસલવેણમાં વહીવટી વડા થવાની યોગ્યતા નહોતી. રાયધણ સાથેના વર્તનમાં પણ તે વિવેકહીન દેખાતો એટલું જ નહિ, ભાયજી બાવાને પણ તિરસ્કારતો તથા રાજ્ય તંત્રના વડા તરીકે સ્વીકારતો નહિ. વિચક્ષણ ફતેહમહમદ શું થઇ રહ્યું છે તે તુરત સમજી ગયો અને ભુજમાં રહેતા લશ્કરી અમલદારોને તેણે મિત્ર બનાવ્યા. ત્યારબાદ તેણે અબડાસા જઇને તમામ મોટા ભાયાતો તથા નાના નાના જાગીરદારોને પોતાના પક્ષે

---

૧૧. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૨૦.
૧૨. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ પાંચમું, પૃષ્ટ-૧૪૯.

કર્યા. આ બધા જાગીરદારો ડોસલવેણને પહેલેથી જ ધિક્કારતા હતા. જ્યારે ફતેહમહમદે તેમને ખાત્રી કરાવી કે જાડેજા વંશનું રાજ્ય કચ્છમાં ફરીથી વ્યવસ્થિત બને એ ભાયાતોનાં હિતમાં છે. ત્યારે તેમણે તેને ટેકો આપ્યો. પરિણામે કચ્છ ભરમાંથી તેને ટેકો મળવા લાગ્યો.[૧૩] આ સમય દરમ્યાન તે અંજાર અને ભચાઉના પ્રદેશની મુલાકાતે જઇ આવ્યો હતો.[૧૪] ત્યાંના સરદારોને પણ પોતાના પક્ષે મનાવી લીધા હતા.

ભાઇજીની પુનર્સ્થાપના :-

પૃથ્વીરાજ હવે પુખ્ત વયના થતા જતા હતા તેથી ડોસલવેણનો તેની સાથે મેળ પડી શકે તેમ નહોતું. જ્યારે ફતેહમહમદ અબડાસા હતો ત્યારે બન્ને વચ્ચે અણબનાવ બન્યો. તેથી ડોસલવેણે ભુજ છોડી દીધું અને મુન્દ્રામાં ફરી સ્થાયી થયો. આ તકનો લાભ લઇને ફતેહમહમદ અબડાસા છોડીને તરત ભુજ આવ્યો. તેણે ડોસલવેણની જગ્યા પૂરવાનું નક્કી કર્યું. તે લશ્કરમાં પ્રિય હોવાને લીધે તેને આ કામ કરતાં મુશ્કેલી પડી નહિ. તેણે એક દિવસ યોગ્ય માનમરતબા સાથે કચ્છના શાસક તરીકે ભાઇજીને જાહેર કર્યા.[૧૫] અને રાજસત્તા પોતાના હાથમાં લઇ લીધી. આ કાર્યમાં ફતેહમહમદે ખૂબ કુનેહ વાપરી. ભાઇજી પ્રત્યે તેને બહુજ આદર હતો તેથી કંઇપણ પગલું ભરતાં પહેલાં તેમની સૂચના લેતો. હવે તે જમાદાર માંથી પ્રધાન-વજીર બન્યો ગણાય. આમ ઇ. સ. ૧૭૮૬ માં તેણે સંપૂર્ણ રાજતંત્ર પોતાના હાથમાં લઇ લીધું. રાયધણના ગાદીનશીન થયા પછી આઠ વર્ષ સુધી સમગ્ર કચ્છને કુશળ દીવાનની ખોટ પડી હતી તે પૂરી કરી શકે તેવા તમામ તત્વો ફતેહમહમદમાં હતાં.

વાગડના લુટારાઓ :-

પાટનગર ભુજથી વાગડનો પ્રદેશ પ્રમાણમાં દૂર હતો. તેથી તેના પર નિયંત્રણ રાખવું કઠીન થઇ પડતું. આને લીધે આ પ્રદેશ પર લુટારાઓ

---

૧૩. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૭૨.
૧૪. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૫.
૧૫. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ ૫ મું, પૃષ્ટ-૧૪૬.

નો ભય વધારે પ્રમાણમાં રહેતો. તેમાં જ્યારે સિંધ અને કચ્છને દુશ્મનાવટ હોય ત્યારે દક્ષિણ સિંધની રખડતી રઝળતી જાતિઓનાં ટોળેટોળાં ભૂખ્યા વરુઓની માફક વાગડના પ્રદેશ પર તૂટી પડતાં.[૧૬] રાયધણજી સત્તા પર આવ્યા પછીનાં પ્રથમ આઠ વર્ષ તળકચ્છ માટે નધણિયાતાં સાબિત થયાં હતાં તો વાગડની પરિસ્થિતિ સારી ન હોય તે સ્વભાવિક છે. તેથી તાલુકાના લોકોને સંપૂર્ણ સહિસલામતી આપવી એમ ફતેહમહમદે નક્કી કર્યું.

આ લુટારાઓનો ઉપદ્રવ વધવાનું એક બીજું કારણ એ હતું કે, વાગડે કદીય કચ્છની ગુલામીનો રુદયથી સ્વીકાસ કર્યો નહોતો.[૧૭] તેથી ત્યાંના સ્થાનિક જમીનદારો, ઠાકોરો, ગરાસદારો અને કેટલાક સંજોગોમાં ભાયાતો આવા લુટારાઓને માલ સંઘરીને તેમને આશ્રય આપતા હતા. તેથી ફતેહમહમદે વાગડમાં જે જાગીરદારોએ લુટારાઓને આશ્રય આપીને ગેરવ્યવસ્થાનો લાભ લીધો હતો, તેમની સાથે કડક્ક હાથે કામ લેવા માંડ્યું. તેમાંના એક સણવાના ઠાકોર હાજાજી ઉપર આક્રમણ કરી તેનો ગઢ તોડીને ગામ લૂંટી લીધું. ઘણા વરસો બાદ વાગડમાં કેન્દ્રની લેણી થતી ખંડણી વસૂલ કરવામાં આવી. લુટારાઓનાં એક એક ગૂપ્ત સ્થાનો શોધી કાઢવામાં આવ્યા. અને તેનો નાશ કરાયો.

આમ અઢારમી સદીના અંતમાં વાગડને શાંતિ બક્ષનાર એક માત્ર ફતેહમહમદ હતો. આ પહેલાં કચ્છના કોઇ દીવાને વાગડની ચિંતા કરી નહોતી. ફતેહમહમદે વાગડને આપેલી શાંતિને ત્યારે મૂલવી શકીએ કે એ વખતે આ લુટારાઓનો ત્રાસ જાતે અનુભવ્યો હોય. બિચારો વાગડનો

---

૧૬. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૨૧.

૧૭. તે એટલે સુધી કે આજે પણ વાગડનો કોઇ નાગરિક તળકચ્છમાં ગયો હોય અને તેના પર અદાલતના સમન્સની બજવણી કરવામાં આવે તો રાપર તથા ભચાઉની અદાલતોમાં "કચ્છ ગયા છે"એવા શેરા સમન્સ પર લગાવવામાં આવે છે.

ખેડૂત કુદરતની કૃપા વરસી હોય ત્યારે ખેતરમાં પાક તૈયાર કરતો. પણ તેને લણવાનો સમય આવે-પોતાની મહેનતનો બદલો લેવાનો વખત થાય ત્યારે ઉભો પાક લુટારાઓ લૂંટી જાય કે સળગાવી નાખે. પાંચ વર્ષે એક વખત સારો વરસાદ વરસતા આ પ્રદેશની કેવી ખરાબ સ્થિતિ થતી હશે !

મુન્દ્રાકબજે :-

પશ્ચિમ માંથી પરવારેલા ફતેહમહમદની નજર દક્ષિણ તરફ ગઇ. તે જાણતો હતો કે જ્યાં સુધી પોતાનો ગુરુ વૃધ્ધ ડોસલવેણ કચ્છના રાજકારણમાં સક્રિય હોય ત્યાં સુધી તેને સાચી શાંતિ ન મળી શકે. તેથી મુન્દ્રાપર આક્રમણ કરવામાં આવ્યું અને ડોસલવેણને હરાવીને અબડાસાના બિટ્ટા ગામમાં ફરજિયાત નિવૃત કરવામાં આવ્યો.[૧૮] આમ ફતેહમહમદ પોતાના એક પ્રબળ હરિફને પોતાના માર્ગ માંથી દૂર કરી શક્યો. મુન્દ્રાને કેન્દ્રના કબજે લાવી વહિવટદાર તરીકે હંસરાજને મોકલવામાં આવ્યો.[૧૯] આ હંસરાજ શામદાસ શાહ અને ફતેહમહમદ એકજ ગુરુના ચેલા હતા. હંસરાજે પણ ડોસલવેણને ત્યાં નોકરી કરી હતી. તે પાછળથી ફતેહમહમદનો પ્રબળ હરિફ થયો. એ પછી થોડા સમયમાં મીયાં મહમદ સોટાને મુન્દ્રાનો સુબો બનાવવામાં આવ્યો.

માંડવી અજેય :-

રાયધણના શાસનનો શરુઆતનો આઠ વર્ષનો સમય માંડવીની વેપારી પ્રજાને ગમ્યો નહિ. તેથી તેમણે બળવો કરીને શ્રી. સંપટ નોંધે છે તેમ એક પ્રકારનું પ્રજાસત્તાક તંત્ર સ્થાપ્યું.[૨૦] જો કે આ તંત્રને પ્રજાસત્તાક કહેવા કરતાં કુલીનતંત્ર કે ઉમરાવશાહી કહેવું વધારે યોગ્ય ગણાય. કારણ કે તેના તંત્રમાં માતબર વેપારીઓનો જ અવાજ હતો. માંડવી સફળ બળવો તેના સમૃધ્ધ વેપારને કારણે કરી શક્યું. ઇ. સ. ૧૭૮૦ માં

---

૧૮. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ ૫ મું, પૃષ્ટ-૧૫૦.
૧૯. સિક્રેટ એન્ડ પોલીટીકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૨, પૃ-૫૪૮૨.
૨૦. કચ્છનું વેપારતંત્ર, પૃષ્ટ-૧૪.

૪૦૦ કરતાંયે વધારે વેપારી જહાજોની માલિકી માંડવીના સમૃધ્ધ વેપારીઓ ધરાવતા હતા.[૨૧] માંડવીમાં આ વખતે યોગ્ય પણ બળવાખોર નેતા રામજી ખવાસ હતો. તેની યાદમાં આજે પણ ભુજથી સુખપુર જતાં એક ગઢડીના અવશેષ દેખાય છે. તેને "રામજી ખવાસની ગઢડી" તરીકે ઓળખવામાં આવે છે. આમ રાયધણના સફળ બળવાખોરને કચ્છની પ્રજાએ સ્મૃતિમાં સંઘરી રાખ્યો છે. આવા પ્રબળ પ્રતિસ્પર્ધિને હજુ હરાવવાની તક ફતેહમહમદને દેખાતી નહોતી.

ભચાઉ પર સીધી સત્તા સ્થાપી :-

વાગડનો વિસ્તાર ઘણો જ મોટો હોવાથી હજુ ભચાઉ પરગણા-ના પ્રદેશમાં વ્યવસ્થિત તંત્રની સ્થાપના નહોતી થઇ. ધીમે ધીમે આખો પ્રદેશ જીતીને ખાલસા કરવામાં આવ્યો. કારણ કે મહારાવની પોતાની હકુમત નીચે પ્રમાણમાં ઘણો ઓછો પ્રદેશ હતો. તેથી કેન્દ્ર સરકારની આર્થિક સ્થિતિ સધ્ધર કરવા ગમે તે એક પ્રદેશને સીધા ભુજ દરબારના શાસન તળે મૂકવાની જરુર હતી. વળી પ્રમાણમાં ભચાઉ ભુજ કરતાં નજીક હતું, તેથી જો તે સીધા શાસનમાં હોય તો વાગડના દૂર દૂર આવેલા વ્રજવાણી અને ચોરાડ જેવા પ્રદેશો પર નજર રાખી શકાય. આમ ફતેહ-મહમદનું આ પ્રદેશને ખાલસા કરવાનું પગલું યોગ્ય * જ હતું. જો તેણે તેમ કર્યું ન હોત તો વાગડને પૂરું રક્ષણ આપી શકાયું નહોત.

નવી ગરાસ ભાગ નીતિ :-

ભચાઉ તથા કચ્છના અન્ય ભાગો પર પોતાની સાર્વભૌમ સત્તાની સ્થાપના કરીને ફતેહમહમદે આર્થિક રીતે સધ્ધર થવાનો પ્રયત્ન કર્યો. અત્યાર સુધી ગરાસિયાઓ પોતાની જાગીરનું અડધું મહેસૂલ પોતાની પાસે રાખતા હતા. આ અડધભાગ પ્રથા ઘણી જ જૂની હતી. તેનો ફતેહ મહમદે ભંગ કર્યો અને વધારેમાં વધારે મહેસુલ ભુજની તિજોરીમાં આવે તેવો પ્રયત્ન કર્યો. પરિણામે ગરાસદારો પાસે ઘણી જ ઓછી રકમ રહેતી હતી. આની અસર તેમના જીવનપર પડી અને તેઓ ઘણાજ

૨૧. ગેઝેટિયર્સ ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી, વોલ્યુમ પાંચમું, પૃ ૭૮-૨૩૯

ગરીબ બની ગયા.[૨૨]

લખપતનો વિકાસ :-

ફતેહમહમદની નજર હવે લખપત પર પડી. લખપતનું વ્યૂહાત્મક મહત્વ વધારે હતું. તે કચ્છની ઉત્તર સરહદનું છેલ્લું ગામ જ હતું. તેથી ફતેહમહમદે તેને સમૃધ્ધ બંદર બનાવવાની યોજના ઘડી કાઢી. ત્યાં મજબૂત કિલ્લેબંધી કરીને તેને સુરક્ષિત કરવાનો તેનો વિચાર હતો. આમ કરવાથી બે હેતુ એકી સાથે સધાય તેમ હતું. સિંધ તરફથી આવતી ચઢાઇઓનો અસરકારક સામનો કરી શકાય અને બંદર પણ સુવ્યવસ્થિત રહે જેથી વેપાર રોજગાર પણ વધારી શકાય. તેથી સૌ પ્રથમ તેણે બંદરની ખિલવણીનું કાર્ય કુશળતા પૂર્વક પાર પાડ્યું.[૨૩]

એ પછી લખપતનો કિલ્લો ચણાવવા માંડ્યો. સાત વર્ષે તેની કામગીરી પૂરી કરાઇ હતી.[૨૪] આ કિલ્લો લશ્કરી દૃષ્ટિએ ઘણો જ મહત્વનો હતો. સૈનિકોના પુરવઠાને સાચવવાની ત્યાં સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આજથી ચાલીસ વર્ષ પહેલાં લખપતના કિલ્લાનો એક ભાગ તૂટી પડતાં તેમાંથી રૂનો પોલનો મોટો જથ્થો નીકળી પડ્યો હતો. આ પોલને પાણીમાં ઝબોળતાં તેની મજેદાર મીઠી છાશ બની જતી. વરસો વીતી જવા છતાં તાજી છાશ જેવો જ એનો સ્વાદ હતો.[૨૫] સૈનિકોના ઉપયોગ માટે જ આ છાશનો જથ્થો સંઘરી રાખવામાં આવેલ હશે એમ અનુમાન થઇ શકે.

માંડવી વિજય :-

માંડવીને પ્રથમવાર જીતવામાં ફતેહમહમદને નિષ્ફળતા મળી હતી. આ વખતે બુધ્ધીપૂર્વક યોજના કરવામાં આવી. મુન્દ્રાના સુબા હંસરાજ

૨૨. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૨૩.
૨૩. નેરેટીવ ઓફ એ વિઝિટ ટુ ધી કોર્ટ ઓફ સિન્ધ, પૃષ્ટ-૫.
૨૪. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૨૩.
૨૫. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૬૭.

ને વહાણોનો કાફલો કચ્છના અખાતના મો પાસે દરિયાવાટ રોકીને તૈયાર રાખવા જણાવવામાં આવ્યું. અને માંડવીના આફ્રિકાના દેશો માંથી માલ ભરીને આવતા જહાજોને અટકાયતમાં લેવાનું શરુ કરવામાં આવ્યું. આ રીતે એક કરોડ કોરી જેટલો માલ ફતેહમહમદના હાથમાં આવ્યો. પરિણામે માંડવી બંદરનો તમામ દરિયાઇ વેપાર સ્થગિત થઇ ગયો. રામજી ખવાસ પાસે મજબૂત નૌકા કાફલો ન હોવાને કારણે તેને માંડવી ફતેહમહમદને સોંપવું પડયું. હંસરાજે આ કામગીરી સફળતા થી પાર પાડી હોવાથી તેને માંડવીનો સુબો બનાવવામાં આવ્યો.

અહીંયા ફતેહમહમદેએક મોટી ભૂલ કરી નાખી. આગળ જોયું તેમ હંસરાજ પાસે મુન્દ્રા હતુંઅને હવે તેને માંડવી આપી દેવાયું તેથી હંસરાજનું બળ વધી ગયું. એટલું જ નહિ કચ્છમાં મુન્દ્રા અને માંડવી બન્ને પ્રદેશો આર્થિક રીતે સમૃધ્ધ હતા. હંસરાજની ઉદાર નીતિને લીધે અંગ્રેજોના કચ્છ પ્રવેશનો માર્ગ પણ સરળ થઇ ગયો. આ વખતે ફાધર લીઅર્ટ નામનો એક પાદરી કચ્છની મુલાકાતે આવેલો. તેણે આ મુલાકાત વખતે બ્રિટિશ સરકારને અહેવાલ મોકલાવેલો કે, "કચ્છમાં યુરોપિયન અસર પહોંચાડવા માટે પરિસ્થિતિ પ્રતિકુળ છે છતાંય માંડવી અને મુન્દ્રા આપણા માટે કચ્છમાં પ્રવેશવાના ધ્વારો છે."[૨૬] આ પરથી લાગે છે કે હંસરાજે ફતેહમહમદ સાથેના ભાવી સંઘર્ષની આંતરરાષ્ટ્રીય દરમ્યાનગીરીની ભૂમિકા તૈયાર કરવાની શરુઆત કરી હતી. આમ એક વખત કઠીન લાગતું માંડવી વિજયનું આ કાર્ય કૂટનીતિ વાપરીને સફળતાથી પાર પાડતાં ફતેહમહમદની કીર્તિ પર એક વધારે કળશ ઢોળાયો.[૨૭]

કચ્છ અને મૈસૂર :-

આ વખતે કચ્છને દક્ષિણના મૈસૂર રાજ્ય સાથે સંબંધો બંધાયા. હૈદરઅલીએ કચ્છના મહારાવ ઉપર બે તોપો તથા બીજી કેટલીક કિંમતી

---

૨૬. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૨૯, પૃ.-૬૧૮૬.
૨૭. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૨૩૨, પૃ-૫૪૮૩.

વસ્તુઓ પોતાના એલચી મહમદ યુસુફ તથા ખલફાન સાથે ભેટ મોકલાવી હતી.[૨૮] આ પછી બીજી ઘણી તોપો મૈસૂર માંથી આવી હતી. કારણ કે અંજારમાં હુસેનમીયાંએ અંગ્રેજો વિરૂધ્ધ જે તોપમારો કર્યો હતો તે તોપો શ્રીરંગ પટ્ટમમાં બનેલી હતી તેમ અંગ્રેજોએ તેમના અફસરોને જણાવેલું. આમાંની બે તોપો ઇ. સ. ૧૯૭૦ માં જમાદારના હજીરાના ચોગાન માંથી ખોદકામ કરતાં મળેલી જેના એક પર "હકૂમતે હૈદરી" લખ્યું છે જ્યારે બીજી પર પોર્ટુગીઝ ભાષામાં લખાણ છે. આનો અર્થ એ કે ફતેહમહમદે પોર્ટુગીઝો પાસેથી પણ તોપો મેળવી હતી.

ફતેહમહમદે પણ પોતાના દૂત ભંડેરી જાન મહમદને કચ્છી ઘોડાઓ લઇને મૈસૂર હૈદર પાસે મોકલેલો. ટીપુનો એક દૂત કોંસ્ટન્ટટીનોપલ તુર્કીની લશ્કરી મદદ લેવા જતાં કચ્છના અખાતમાં ભૂલો પડયો હતો.[૨૯] ઇ. સ. ૧૭૮૯ માં ટીપુ સુલતાને મુન્દ્રા અને માંડવીમાં બે વેપારી કોઠીઓ સ્થાપેલી. તેમાં સાત દરોગાને દોઢસો સિપાઇઓ રહેતા. તેની મારફત કચ્છ અને મૈસૂર વચ્ચે ધીખતો વેપાર ચાલતો.[૩૦] ટીપુના મરણ પછી ફતેહમહમદે આ બન્ને કોઠીઓ જપ્ત કરી હતી. પરંતુ આ મિલકત ટીપુના પુત્રોને આપવાનું અંગ્રેજોએ નક્કી કરતાં મુંબઇના ગવર્નર ડંકનનો પત્ર લઇને તેનો દૂત સ્વીટ ભૂજ આવેલો અને ફતેહમહમદે આ મિલ્કત પાછી સોંપી દીધી. આ પ્રતિનિધિ મંડળ ઇ. સ. ૧૮૦૦ માં આવેલું તેમાં લોવેલ નામનો એક અગત્યનો કૂટનીતિજ્ઞ સામેલ હતો.[૩૧] તેને કારણે ટીપુની મિલકત તથા અન્ય વસ્તુઓ પાછી મેળવી શકાઇ હતી. આ મેળવેલી વસ્તુઓમાં અફઘાનીસ્તાનનાં શાસકે ટીપુને મોકલાવેલી બહુમૂલ્ય ભેટો મહત્વની હતી.[૩૨]

---

૨૮. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૮૩.
૨૯. હિસ્ટ્રી ઓફ ટીપુ સુલતાન, પૃષ્ટ-૧૩૩.
૩૦. હિસ્ટ્રી ઓફ ટીપુ સુલતાન, પૃષ્ટ-૧૩૪.
૩૧. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.૧૨૯, પૃષ્ટ-૬૧૮૪.
૩૨. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૨૯, પૃષ્ટ-૬૧૮૭.

યુવરાજનાં લગ્ન :-

વિ. સં. ૧૮૪૮ માં યુવરાજ કુમારશ્રી. ભારમલજીનાં લગ્ન મહુવાના સોઢા ઉમરાજીનાં કુંવરી સાથે થયાં. કચ્છ રાજ્યમાં લગ્ન વખતે મીઠાઇના જમણની "વાપણી" હતી. તે આ વખતે તૂટી અને મીઠાઇનું જમણ ચાલુ થયું. વિવાહની આ ખુશાલીમાં અને કેટલાંક રાજકીય કારણોસર ભટ્ટી હમીરે તથા તુર્કવાયદિનાએ રાયધણજીને કેદ માંથી છૂટા કર્યા.[33]

રાયધણને મૂક્ત કરવાનું એક બીજું પણ સામાજિક કારણ હતું. જાડેજાઓમાં લગ્ન વખતે ફૂલેકું ચડે ત્યારે વરરાજા હાથી પર ચડતા અને તેની આગળ વરના પિતાશ્રી પોતાના મંડળ સાથે પગપાળા ચાલતા એવી પ્રણાલિકા હતી. તેથી સ્વાભાવિક છે કે રાયધણને આ માટે છૂટા કરવા પડે. આવો બનાવ દેશળજી બીજાના લગ્ન વખતે બન્યો હતો. તેમણે જારવીસ નામના પોતાના શિક્ષકની મદદથી પોતાના પિતા ભારમલને કેદ માંથી છોડાવ્યા હતા.[34]

કચ્છનું એકીકરણ સંપૂર્ણ :-

પાટનગરની સત્તા નીચે માંડવી બંદર આવવાથી સમગ્ર કચ્છમાં ભૂજની સર્વોપરી સત્તા સ્થાપિત થઇ. આ જૂના છંદ પરથી તેનો ખ્યાલ આવે છેઃ-

... " ફતેકે પરતાપસે, કે તે કરગયે રાજ ;
મહમદ મુંદરે હો ગયા, મડઇ શેઠ હંસરાજ ;
મડઇ શેઠ હંસરાજ, સરવિયા સામત સાયર ;
જ્યોં લખપતમેં મોડ, મોડજી ગઢ સીસાપર; " ....

આના પરથી સમજાય છે કે, મુન્દ્રાની ખાલી જગ્યા માંડવી હંસરાજને સોંપતાં મહમદ સોટાની ભરતીથી પૂરી કરવામાં આવી હતી.

---

૩૩. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ઠ-૫૪૭ અને ૫૪૮.
૩૪. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ઠ-૪૮૧.

હમણાંજ આબાદ કરાયેલા લખપતમાં મોડજીને નિમવામાં આવ્યો હતો. અને તેનો બીજો નામેરી ગઢસીસામાં હતો.

ફતેહમહમદની આંતરિક નીતિનું મૂલ્યાંકન :-

આમ ઇ. સ. ૧૭૮૬ પહેલાંની તમામ અશાંતિ અદૃશ્ય થઇ ગઇ. રાજ્યમાં સર્વત્ર વ્યવસ્થા પ્રવર્તી. તેણે એવી કુશળતાથી વહીવટ શરૂ કર્યો કે કચ્છ પુનઃ સમૃધ્ધ બનવા લાગ્યું. દરેક પરગણામાં એક એક વ્યવસ્થાપક જેવા અધિકારીની નિમણુંક કરાઇ અને લોકો તરફ માયાળુ રીતે વર્તવાની કડક સૂચનાઓ અપાઇ. જે અધિકારીઓએ ફતેહમહમદનો વિશ્વાસ સંપાદન કર્યો હતો તેમને વિશાળ અમર્યાદિત સત્તાઓ આપવામાં આવી. આ પ્રમાણે પોતાના આશ્રિત નોકરોમાં કામ કરવાનો તેણે ઉત્સાહ પેદા કર્યો. આથી વહિવટદારો તેના હુકમ પ્રમાણે ધાર્યું કામ કરતા.

તેની પાસે મોટું લશ્કર હતું છતાંય જ્યારે તે રાજ્યમાં ફરતો ત્યારે પોતાના સિપાઇઓ માંથી ભાગ્યેજ એકને પણ ગામડામાં પેસવા દેતો. સરસામાનને માટે પ્રથમથી જ મુખીને હુકમ મોકલવામાં આવતો અને અનિયમિતતા અટકાવવા સૌથી વધારે સંભાળ રખાતી. ફતેહમહમદના વહિવટથી રાજ્યની અવ્યવસ્થા માંથી મૂક્ત થયેલી પ્રજા સારી મોસમો તથા આબાદ વેપારને લીધે સુખી થઇ હતી.[૩૫]

ફતેહમહમદની વિદેશ નીતિ - જામનગર પર પ્રથમ આક્રમણ :-

જામનગર રાજ્યના બાલંભામાં એક વખત કચ્છનું થાણું હતું. ગોડજી બીજાનાં સમયમાં જામે તે પચાવી પાડયું હતું. આ થાણું પાછું મેળવવા ગંભીર પ્રયત્ન કરવાને બદલે ફતેહમહમદે દર સાલ જામ પર ખંડણી ભરવા સખત દબાણ કર્યે રાખ્યું અને તે વસૂલ કરવા લશ્કરી બળનો ઉપયોગ ચાલુ રાખ્યો; તેથી અવારનવાર તે જામનગર પર આક્રમણ કરતો.

તેણે પ્રથમ ચઢાઇ ઇ. સ. ૧૭૯૬ માં કરી. કારણ કે જામનગર પર

૩૫. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ ૫ મું, પૃષ્ટ-૧૫૦.

ચઢાઇ કરવા માટે ગોંડળના જાડેજા દાજીભાઇ, ખીરસરાના રણમલજી તથા બીજા જાડેજા સરદારોએ આમંત્રણ આપ્યું હતું. આ વખતે જામ જસાજી, રાયધણની માફકજ પોતાના દીવાન મેરુ ખવાસના કેદી જેવા હતા. મેરુ પણ ફતેહમહમદની માફક ધીમે ધીમે પ્રગતિ કરીને આગળ વધ્યો હતો. તે જામનગરમાં જામ જસાજીના પિતા જામ લાખાજીના રાણી ધાંગધ્રાનાં કુંવરી દીપાંજી સાથે આવેલો. મેરુના વિરૂધ્ધ કેટલાક સરદારો હોવાથી વિજયની તક સરળ હતી.

આ આક્રમણનો સામનો કરવા ગયેલા ભવાન ખવાસે ખાખરાબેલા પાસે છાવણી નાખી.[૩૬] જ્યારે ફતેહમહમદે પડધરીના પાદરમાં પડાવ નાખ્યો. દરમ્યાન મેરુ ખવાસે ફતેહમહમદને મદદ કરનારા સૌરાષ્ટ્રના રાજવીઓ પર હુમલો કર્યો. જેમાં સરધાર પર પ્રથમ આક્રમણ કરાવું.[૩૭] રાજકોટ ડીરેક્ટરીનાં જણાવ્યા પ્રમાણે મેરુ તેમને હરાવી શકેલો નહિ. તેમના લશ્કરનો કેટલોક ભાગ ફતેહમહમદની મદદે આવેલો. ફતેહમહમદના આવા વિશાળ લશ્કરને જોઇને બિન અનુભવી ભવાને હળવદના ગજસિંહ મારફત લડવાને બદલે સુલેહ કરવાનું નક્કી કર્યું. પરંતુ દીવાન રુગનાથજી અને રણછોડજીના આગ્રહને કારણે તેને લડવું પડ્યું.[૩૮] અંતે યુધ્ધમાં ભવાનની હાર થઇ. તવારીખે સોરઠનો લેખક આ યુધ્ધમાં એક સેનાપતિ હતો તેથી જામનગરની હાર તે ચોખ્ખા શબ્દોમાં સ્વીકારતો નથી. કચ્છમાં આ યુધ્ધના ગૌરવ માટે એક રાસડો પ્રચલિત છે:-

... " ડેલા લૂંટયા ને ડેલીઉ લૂંટી, લૂંટી બેરખ બાઇ ;
પડધરીના પાદર માંથી, કાંઇ ભાગ્યા ભવાનભાઇ."...

એક વ્રજભાષાના ગીતમાં પણ આ વિજય બતાવાયો છે:-

... " ફોજ લિયે ફતમાલ, જાઇ પડધરી પડયો જબ ;
હોઇ ખુવાર ભવાન, છાંડિ ધનમાલ ગયો સબ ;

---

૩૬. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, જામનગર ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૮૧.
૩૭. રાજકોટ ડીરેક્ટરી, વોલ્યૂમ પહેલું, પૃષ્ટ-૫૩.
૩૮. તવારીખે સોરઠ, પૃષ્ટ- ૨૦૩ થી ૨૦૫

તંબુ ડેરે તુરત છાંડિ, હથિયાર હજારાન ;
બખતર પાખર બહુરિ, ઉંટ સબભરે જેજાલન ;
નોબત ઢોલ નિશાન કો, સબ ગુમાય ભાગો ગયો ;
પ્રતાપ આજ પૃથિરાજકે, જશ અનુપમ જગમે લિયો." ...

વિજય મેળવ્યા પછી ફતેહમહમદે જામનગરને બાજૂએ રાખી બીજાં ગામો લૂંટયાં, જેમાં ખંભાળિયાની લૂંટ મૂખ્ય હતી.[૩૯] વળી આ આક્રમણ ના બદલામાં ગોંડળ પાસેથી ફતેહમહમદને પૈસા લેવાના હતા. કારણ કે ફતેહમહમદને જામનગર પર આક્રમણ કરવાનું આમંત્રણ આપવા માટે દાજી-ભાઇએ ખીરસરાના રણમલજી તથા ગોંડળના વાસણજીને મોકલેલા અને ગુપ્ત કરાર પ્રમાણેનાં નાણાં ગોંડળે ચૂકવ્યાં. પછીજ ફતેહમહમદે સૌરાષ્ટ્ર છોડ્યું.[૪૦]

જામનગર પર બીજું આક્રમણ :-

ઇ. સ. ૧૭૯૭ ની શરુઆતમાં ભવાન ખવાસનું ફતેહમહમદ સાથેનાં પ્રથમ યુધ્ધની ભયાનક માનસિક અસરને કારણે મરણ થયું.[૪૧] આ પછી ફરીથી બાળંભાની ખંડણી લેવા માટે ફતેહમહમદે હાલાર પર બીજું આક્રમણ કર્યું. શ્રી. શંભુપ્રસાદ દેશાઇ આ ચઢાઇનું બીજું કારણ આપતાં જણાવે છે કે, જામ જસાજીએ પોતાને મેરુ ખવાસના પંજા માંથી છોડાવવા ફતેહમહમદને વિનંતી કરેલી.[૪૨] જ્યારે દીવાન રણછોડજી લૂંટફાટનું ચીલાચાલુ કારણ આપે છે.[૪૩] કર્નલ વોકર એમ માને છે કે, ફતેહમહમદ ની ઇચ્છા હાલારમાં "હંમેશ માટે કોઇ રાજ્ય સ્થાપવાની વધારે સારી ઉમેદ હતી." તેથી તેણે જામનગર પર ચઢાઇ કરી.[૪૪] ગમે તે કારણ હોય પરંતુ ઘણીજ ઝડપથી ફતેહમહમદે કચ્છનું રણ ઓળંગ્યું.

૩૯. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, જામનગર ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૮૧.
૪૦. ગોંડળનો ઇતિહાસ, પૃષ્ટ-૧૮૨.
૪૧. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, જામનગર ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૮૧.
૪૨. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ટ-૬૧૬.
૪૩. તવારીખે સોરઠ, પૃષ્ટ-૨૧૨.
૪૪. કાઠિયાવાડ અને ગુજરાતનાં કેટલાંક પરગણાં વિશે લેફટેનંટ કર્નલ એલેક્સાંડર વાકર સાહેબે કરેલા રીપોર્ટો, પૃષ્ટ-૨૧૮.

મેરુને જૂનાગઢની મદદ મળતાં કચ્છનો જબ્બર સામનો થયો. તેથી ફતેહમહમદે જસાજીના સસરા તથા રાયધણની અપરમાંના ભાઇ ગજસિંહ ઝાલા મારફત સમાધાન કર્યું. એવું નક્કી કરાયું કે જામનગરના રૂગનાથજી, જૂનાગઢના કલ્યાણજી, હળવદના કરસનજી અને ભૂજના પ્રતિનિધિ શાહ સવજી મળીને જે વ્યવસ્થા કરે તે બન્ને પક્ષે માન્ય કરવી. આ પંચે નક્કી કરેલી શરતો હજુ સુધી બહાર આવી નથી તેમ શ્રી. દેશાઇ માને છે.

જામનગર પર ત્રીજું આક્રમણ :-

બીજા આક્રમણને એક વર્ષ પણ પૂરૂં થયું નહોતું કે ફરી પાછું દંડ-ખંડણી ઉઘરાવવા માટે ફતેહમહમદે જામનગર પર ત્રીજું આક્રમણ કર્યું. આ ઉપરાંત ફતેહમહમદ મેરુ ખવાસને પોતાનો કટ્ટર દુશ્મન માનતો હતો અને તેને શિક્ષા કરવા માટે જ આ આક્રમણ કરવામાં આવ્યું છે. તેણે ભાઇજી બાવાની વિધવાને પાછળથી વિ. સં. ૧૮૫૮ ના શ્રાવણ વદ ૮ ના રોજ લખેલા પત્રમાં આ લાગણીને વાચા આપી છે. તેનાજ શબ્દોમાં "અમે ખવાસ મેરુને પણ કોએદી શરાપ દેવરાવ્યો નથી. બીજા પણ દાઇ દુશ્મનને અમે શરાપ દેવરાવ્યો નથી. ખવાસ મેરૂથી મોટો અમારો બીજો દુશ્મન કોઇ નહિ, છતાં અમે કોઇદી ખવાસ મેરુને શરાપ દેવરાવ્યો હોય તો અમારાં નીમક અને અમારી ઓલાદને આડું હોજો ને રાજશ્રી રાજા ઉપર તો ચાટક ચેટક હાલે જ નહિ. રાજવી ઉપર ચાટક ચેટક હાલે તો રાજવી ધરતીમાં એકબીજાને રેવા દે નહિ. અમે રાઓશ્રીના પ્રતાપથી ખવાસ મેરુનું પાણી ઢોળ કરી નાખ્યું. તે ખવાસ મેરુની ધરતીમાં આપાન ધરતીથી બ્રાહ્મણ રૂડા છે ને ચાતક ચેતક રાજની ઉપર હાલતાં હોય તો ખવાસ મેરુ તેમ કીધામાં કાંઇ બાકી રાખત નહિ."[૪૫] આ શબ્દો પરથી લાગે છે કે, જામનગર પરના આ ત્રીજા આક્રમણનું કારણ ફતેહમહમદની મેરુ માટેની તિરસ્કારભરી લાગણી છે. આ આક્રમણનું તાત્કાલિક કારણ જામનગરના માણસોએ કચ્છના શીણાય ગામના પટેલનું કરેલ

---

૪૫. આ પત્ર કચ્છના માજી કેળવણી અધિકારી શ્રી. દુલેરાય કારાણી પાસે છે.

અપહરણ હતું. આ પ્રસંગે યુધ્ધ કરવાનું બહાનું પૂરૂં પાડ્યું.

દીવાન રણછોડજીના નોંધ્યા પ્રમાણે આ આક્રમણ વખતે લશ્કરમાં રાયધણજી પણ સાથે હતા.[૪૬] આ વખતે ફતેહમહમદે જામનગર શહેરને ઘેરવા માટે પોતાનું ચુનંદું તોપદળ મેદાનમાં ઉતાર્યું હતું. તેણે ઘેરો ઘાલ્યા પછી જામનગરના જમાદારો ફરીદખાન, અલીખાન અને દૌલતખાનને ફોડીને તળાવ બાજુ તથા ખંભાળિયા દરવાજા પર હલ્લો કર્યો. પરંતુ તેને શહેરમાં પ્રવેશવામાં સફળતા મળી નહિ. તેથી તેણે ભાણવડ અને ખંભાળિયા તરફ કૂચ કરી હાલારને તારાજ કરવાનું શરુ કર્યું. હાલાર પર ફતેહ-મહમદનું દબાણ ઓછું કરવા માટે મેરુ ખવાસે કચ્છના એક નવા બળવાખોર સવજી શાહને સમુદ્ર માર્ગે મદદ મોકલાવી, ફતેહમહમદ વિરૂધ્ધ કચ્છ સળગાવવા પ્રયત્ન કર્યો. પરંતુ સવજી શાહે કચ્છને વફાદાર રહી મેરુનું રમકડું બનવાનો ઇનકાર કર્યો. આ ઉપરાંત જસાજીના પક્ષમાં ભળી જવાની શંકાથી મેરુએ ગાયકવાડના સેનાપતિ શિવરામ ગાર્દીની પણ મદદ ન લીધી. અંતે નિરુપાય બનતાં ધૂણવાવ નામના સ્થળે ફતેહમહમદને મળીને સંધી કરી નાખી.

સવજી શાહનો બળવો :-

માંડવી ભુજ માટે હંમેશાં માથાનો દુઃખાવો રહ્યું હતું. માંડ રામજી ખવાસના પંજા માંથી તેને મૂક્ત કર્યું હતું ત્યાં સવજી શાહે ઇ. સ. ૧૭૯૮ માં બળવો કર્યો. પાછળથી હંસરાજ પણ ત્યાં સ્વતંત્ર થયો હતો. એટલું જ નહિ તેના મૃત્યુ પછી પણ ફતેહમહમદ માંડવીને ભુજની સત્તા નીચે લાવી શક્યો નહોતો. આમ માંડવીએ રાયધણ યુગમાં ભાગ્યેજ ભુજની સત્તાનો સ્વીકાર કર્યો હતો.

સવજી શાહને મેરુ ખવાસે બીજા કચ્છી આક્રમણ વખતે દીવાન રૂગનાથજી મારફત દરિયા રસ્તે મદદ મોકલેલી. પરંતુ વાતને વધારે વણસવા કરતાં સવજીએભુજ સાથે સંધી કરી નાખી હતી. સવજી માંડવીનો

---

૪૬. તવારીખે સોરઠ, પૃષ્ટ-૨૧૩.

મહામુત્સદી રાજનીતિજ્ઞ હતો. ફતેહમહમદની બીજી જામનગરની ચઢાઇ વખતે સંધી માટે જે પંચની નિમણૂંક કરવામાં આવી તેમાં બન્ને પક્ષને માન્ય હોય તેવો કચ્છનો પ્રતિનિધિ તે હતો.

ભાઇજી ગોંડળમાં :-

ગોંડળના નાથુભાઇનાં લગ્ન આ પછી તરત થયાં. ત્યારે જામનગરનાં જસાજી અને કચ્છના ભાઇજી બાવાએ સાથે હાજરી આપેલી.[૪૭] આથી હાલાર સાથેની વેમનસ્યની લાગણી ઉત્તરોત્તર ઓછી થતી હોય તેમ લાગ્યું.

કચ્છ અને ગાયકવાડ :-

અઢારમી સદીનાં અંતમાં ગાયકવાડે કચ્છ પર આક્રમણ કરવાનું વિચાર્યું. અંગ્રેજો કચ્છમાં પહોંચે તે પહેલાં તેમને પહોંચવું હતું. બૃહદ ગુજરાતમાં કચ્છ જ એવું રાજ્ય હતું કે જે ગાયકવાડના સાચા પ્રભાવમાં નહોતું આવ્યું. કચ્છમાં ચોથ ઉઘરાવવામાં મુશ્કેલી ઉભી થઇ હતી તેનો ખ્યાલ એ વખતનાં મુંબઇના ગવર્નરની સૂરતથી તા. ૧૧-૬-૧૮૦૦ ના રોજ લખાયેલ ખાનગી નોંધ પરથી આવે છે. આ નોંધ પરથી લાગે છે કે ગાયકવાડે ઇસ્ટ ઇન્ડિયા કંપનીને કચ્છ પર આક્રમણ કરવાની સંમત્તિ આપવા લખેલું.[૪૮]

જો કે, આ યોજનાનો અમલ થઇ શક્યો નહોતો. કારણ કે પછી પૂના દરબાર અને મુંબઇમાં એવા ઝડપી બનાવો બન્યા કે ગાયકવાડ દ્વારા કચ્છ પર ધ્યાન આપી શકાયું નહિ. વળી આ યોજનાની મહત્વની વ્યક્તિ ગોવિંદરાવ ગાયકવાડનું ઇ. સ. ૧૮૦૦ માં મરણ થયું તેથી પણ આ યોજના પડતી મૂકાઇ. આ ઉપરાંત અંગ્રેજો પણ પશ્ચિમ હિન્દી મહાસાગરના રક્ષણ માટે આઇલ્સ ઓફ ફ્રાન્સના બ્રિટિશ વિરૂધ્ધ કાવત્રાં

---

૪૭. હિસ્ટ્રી ઓફ ગોંડળ, પૃષ્ટ-૮૬.
૪૮. ધી ગાયકવાડ ઓફ બરોડા ઇંગ્લિસ ડોક્યૂમેન્ટસ, વોલ્યૂમ ત્રીજું, પૃષ્ટ-૨૩૩.

કરતા એજન્ટો પર કચ્છના બંદરો દ્વારા અંકુશ રાખવા માગતા હતા.[૪૯] તેથી મુંબઇ સરકારે કચ્છ તરફનું દૃષ્ટિબિંદુ બદલ્યું.


ભાઇજી ફતેહમહમદ મતભેદ :-

સામાન્ય રીતે ફતેહમહમદ ભાઇજીને એકલા રાખતો નહિ. કારણ કે તેમની નાની ઉંમરને કારણે કોઇ કાન ભંભેરે તેવી શક્યતા હતી. તેથી જામનગર પરથી ત્રીજી ચઢાઇ વખતે તેણે ભાઇજી પાસે ભડલીવાળા ભાણજી તથા નૂહમીયાં નોતિયારને રાખેલા. ઇ. સ. ૧૮૦૧ માં ભાઇજી પુખ્ત વયના થયા હતા.[૫૦] આથી તે હવે સ્વતંત્ર રીતે વિચારવા લાગ્યા. પોતે મેસૂરના રાજા જેવો ફતેહમહમદને કારણે બની ગયો છે તેમ તેમને લાગ્યું. કારણ કે ફતેહમહમદના નિર્ણયોમાં પોતે કાંઇ ફેરફાર કરી શકતો નહિ. હંસરાજ અને મોડજીએ પણ તેના કાન ભંભેરેલા. એક વખત હમીરસર પર કોઇ ઉત્સવ ઉજવાતો હતો ત્યારે દારુના નશામાં ભાઇજીએ ફતેહમહમદ પર રાજદ્રોહનો આરોપ મૂક્યો.[૫૧] દારુનો નશો ઉતર્યા પછી ઉપલક મનનું સમાધાન પણ થયું પણ ભાઇજી અને ફતેહમહમદ એક થઇ શક્યા નહિ.

ભાઇજીએ માંડવીની પેદાશ પોતાને સૂપ્રત કરવા ફતેહમહમદને જણાવ્યું, ત્યારે બહુજ મક્કમતાથી તેણે તેનો અસ્વીકાર કર્યો. કારણ કે માંડવીની આવક જતી કરાય તો તેની અસર લશ્કરી માળખા પર થતી હતી. આથી જ્યારે ફતેહમહમદ લખપતમાં હતો ત્યારે ભાયજીએ ભયાઉની લશ્કરી ટુકડી બોલાવીને માંડવી જઇને હંસરાજ સાથે ભળી ગયો. હંસરાજ આમ તો ફતેહમહમદનો સાથી હતો પરંતુ માંડવીના એક બિન વારસ શરાફની મિલકતના ઝગડામાં બન્ને વચ્ચે મતભેદો ઉભા

---

૪૯. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ પહેલું, ભાગ પહેલો, પૃષ્ટ-૪૧૪.
૫૦. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૨૩.
૫૧. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૨ અને કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૭૫.



પૃથ્વીરાજજી ઉર્ફે ભાઇજી બાવાનો દરબાર.

થયા. હંસરાજે સિંધ સાથેના એક નાનકડા યુધ્ધનો ખર્ચ આપવાનો ઇનકાર કર્યો. તદુપરાંત તેની પાસે બાકી જમીન મહેસુલ અને તેની ચઢતર પણ માગવામાં આવી. આને હંસરાજે પોતાનું અપમાન ગણ્યું અને ફતેહમહમદથી જુદો પડી ગયો.[૫૨]

ભાઇજીના માંડવી આગમન બાબતમાં કેપ્ટન સેટન જુદી જ વાત કરે છે. તેના શબ્દોમાં, "જ્યારે દીવાન ફતેહમહમદ લખપત તરફ ગયો હતો ત્યારે હંસરાજે ભાઇજીને સમજાવીને ફતેહમહમદને દીવાનપદેથી બરતરફ કરાવ્યો. તથા તેની જગ્યાએ પોતાની નિમણૂંક કરાવી. પરંતુ ફતેહમહમદ લશ્કર સાથે ભૂજ આવ્યો અને હંસરાજ તથા ભાઇજીને માંડવી પાછા ફરવાની ફરજ પાડવામાં સફળ થયો."[૫૩] કદાચ ફતેહમહમદની સામે એક વખત ભાઇજી તથા હંસરાજને પરાસ્ત થવું પડ્યું હોય. પણ હવે તો જમાદાર તુર્ક મોડે મહમદમીયાંને લશ્કર મોકલવા બાબત અગાઉથી સમજાવી દીધો હતો. પછી તરતજ હંસરાજ શાહે માંડવી ઉપર ભાઇજી બાવાની હકુમત જાહેર કરી.

આંતર સંઘર્ષ અને ફતેહમહમદ બરતરફ :-

ફતેહમહમદે સમગ્ર પરિસ્થિતિનું માપ કાઢી લીધું. તેણે જોયું કે જો ભાઇજી બાવા નહિ સમજે તો આંતર વિગ્રહ અનિવાર્ય હતો. ભાઇજી બાવા પણ જાણતા હતા કે ફતેહમહમદ લશ્કરી બળ સિવાય નહિ નમે. તેથી તેમણે થોડુંક લશ્કર મેળવવા માટે મોરબીના ઠાકોર તથા સમી-રાધનપુરના નવાબની ટુકડીઓ મેળવી. જોકે ફતેહમહમદના સાથી આશકરણ શાહે વાગડના શિકારપુર પાસે સમી-રાધનપુરની ફોજોને હરાવીને પાછી કાઢી. આ બનાવ વિ. સં. ૧૮૫૭ ના ફાગણ વદ ૮ ના રોજ બન્યો. આમ પરિસ્થિતિ ફતેહમહમદની તરફેણમાં હતી ત્યારે જ હંસરાજે લખપતને ભાઇજીના પક્ષમાં ફોડ્યું. આ ઉપરાંત હવે બીજા પણ

---

૫૨. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૪ પૃષ્ટ-૧૯૮ અને ૧૯૯.

૫૩. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૪ પૃષ્ટ-૧૧૯.

કેટલાક સરદારો ભાઇજીના પક્ષમાં ભળયા. ફતેહમહમદને મળતું મહેસૂલ ભાઇજીના લશ્કરે અટકાવવાનું શરૂ કરતાં ભૂજમાં ફતેહમહમદ ઘેરાઇ ગયો. તેથી તેણે પોતાના માટે અંજાર અને ભચાઉ રાખીને બાકીનું કચ્છ ભાઇજીને સોંપી સુલેહ સ્વીકારી લીધી.[૫૪] આ સંધિ વિ. સં. ૧૮૫૭ ના અષાઢ સુદ ૫ ના રોજ કરાઇ.[૫૫]

રાયધણ મુક્ત :-

ફતેહમહમદના ઇ. સ. ૧૭૮૬ થી ૧૮૦૧ ના શાસન કાળનું છેલ્લું કાર્ય રાયધણને કેદમુક્ત કરવાનું હતું. આથી લાગે છે કે, ફતેહમહમદને મન રાજનીતિ અને માનવતા બન્ને અલગ અલગ વસ્તુ હતી. રાજનીતિ માટે તે નૈતિકતાનું બલિદાન આપતો. કારણ કે રાયધણને મુક્ત કરવાથી પ્રજાની પણ કેટલીક મુશ્કેલીઓ વધી જવાની હતી અને ફરીથી ધાર્મિક દમનચક્ર શરૂ થવાની શક્યતા હતી. છતાં પ્રજાના ભાવિ ભયની ફતેહમહમદને જરાય પડી નહતી. પોતાની મમત અને આવડતના ખોટા પ્રદર્શનમાં કહેવાતા સારા રાજકીય પુરુષો એવા ફસાય છે, તેનો દાખલો ફતેહમહમદના આ પ્રથમ શાસનના છેલ્લા કૃત્યમાં દેખાય છે.

---

૫૪. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૪, પૃષ્ટ-૧૯૬.
૫૫. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૨૩૨, પૃષ્ટ- ૫૪૮૩.

Chapter-9

-: પ્રકરણ - ૯ મું :-

વચગાળાનું શાસન.

:ઇ. સ. ૧૮૦૧ થી ૧૮૦૩:

હંસરાજ દીવાનપદે :-

ફતેહમહમદને બરતરફ કર્યાં પછી તરતજ ભાઇજી બાવા ઉર્ફે પૃથ્વીરાજ સામે વ્યવસ્થા અને યોગ્ય નિમણૂંકોનો પ્રશ્ન આવીને ઉભો રહ્યો. મહમદમીયાંએ ભાઇજીબાવાની તરફેણ કરી હતી અને છેલ્લે છેલ્લે તે ફતેહ મહમદનો ગાઢ સાથી હોવા છતાંય તેના વિરૂધ્ધમાં ઉભો રહ્યો હતો. તેથી તેને દીવાનપદ મળવાની આશા હતી. પરંતુ ભાયજીબાવાએ દીવાનનો કળશ હંસરાજ પર ઢોળયો. તેથી મહમદમીંયા મુન્દ્રા જતો રહ્યો. એટલું જ નહિ પણ તેણે ફરીથી ફતેહમહમદ સામે મિત્રતા કરી લીધી.

ભાઇજી બાવાનું મરણ :-

બીજો પ્રશ્ન રાયધણની મુક્તિનો ઉપસ્થિત થયો. તેને ઉકેલવામાં આવે તે પહેલાં અચાનક ઇ. સ. ૧૮૦૧ ની સાલ પૂરી થાય તે પહેલાં જ ૨૭ વર્ષની ઉંમરે ભાઇજીબાવાનું મરણ થયું.[1] ભાઇજીબાવાના મરણની ચોક્કસ તારીખ મળતી નથી. મુંબઇના ગવર્નર ડંકન પર સુંદરજી શિવજીએ તારીખ ૧૬-૯-૧૮૦૧ ના રોજ લખેલા પત્રમાં ભાઇજીના મરણનો પહેલીવાર ઉલ્લેખ થયો છે.[2] તેથી તેનું મરણ ૧૬ મી સપ્ટેમ્બર પહેલાં થોડાક દિવસ અગાઉ થયું હોય તેમ લાગે છે.

ફતેહમહમદને બરતરફ કર્યાં પછી કચ્છભરને આઘાત પહોંચાડે તેવો આ બનાવ હતો. ફતેહમહમદની એકચક્રી સત્તાની સામે સર્વ પ્રથમ સફળ પડકાર કરનાર અને તેને બરતરફ કરવામાં છેક સુધી અગ્રગણ્ય ભાગ

---

૧. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ઠ-૧૬ અને ૧૨૬.

૨. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૪૪, પૃષ્ઠ-૫૨૬.

ભજવનાર ભાઇજી હતા તેથી કચ્છભરમાં એક શંકાનું વાતાવરણ એવું ઉભું થયેલું કે ભાઇજીબાવાનું ખૂન થયું છે. અને તેમાં ફતેહમહમદનો હાથ હતો. કેપ્ટન સેટને પણ ભાઇજીના મરણમાં ફતેહમહમદનો હાથ હતો તેથી લોકવાયકાની નોંધ કરી છે.[૩] ભાઇજીની રાણીઓના મનમાં પણ આવુંજ ઠસાવી દેવામાં આવ્યું હતું તેથી ફતેહમહમદે સંવત ૧૮૫૮ ના શ્રાવણ વદ ૮ ના રોજ અંજારથી પોતાનો બચાવ કરતો એક વિસ્તૃત પત્ર લખ્યો હતો.[૪]

પોતાના પર ભાઇજીના ખૂનનો આરોપ મૂકવામાં આવ્યો હતો તે વિશે પત્રમાં તે જણાવે છે કે, "અમ પરવના અપરાધ કૂડા કલક કામણ ટુંમણની બદ ચડાવે છે કે કુવશ્રી ભાઇજી બાવાને જેવાં છીએ તે અમારી ઓલાદને હોજો. માણસ તો એમ કહે છે કે, બ્રાહ્મણ તથા ફકીર હસ્તે હવન તથા પૂતળાં કીધાં છે અને અડદ જવ તથા પાંચ ધાન દબાવી લોટ કરાવેલ છે. એવી તોમત અમ ઉપર ચડાવે છે."

પોતાનો બચાવ તે આ શબ્દોમાં કરે છે, " અમો રાઓશ્રીની મહેરબાનીથી રાજમાં બેઠા હતા તે નવ ગ્રહ માંથી જેદી જે ગ્રહ બેઠો હશે તેદી તે ગ્રહની પૂજાપત્રી કરાવી હશે ને નવ ગ્રહની મૂરતી સોનાની કરાવી હશે. મહીના મહીને દશ વરસ સુધી જપજાપ તથા પૂજાપત્રી પણ લાગઠ કરાવી હશે. ઇવાત રાજ સાજોય જાણે છે અને રાજશ્રીજી તમે પણ જાણો છો. જે સંસારના કાવાદાવા છે તે સર્વ કરે ને અમે તો મુસલમાન તે ગ્રહને મુરતની વાતમાં જાણીએ નહિ પણ રાઓશ્રીજીની મહેરબાનીથી રાજમાં બેઠા હતા. તે બ્રાહ્મણ તથા ફકીરની જીભે દસ વરસ લાગઠ જપ જાપ પૂજાપત્રીનું ખેરાત કીધું છે. તે ખેરાત લાખો કીધી છે. જે રાજમાં પુછાયને રાજનો ખેરખાં હશે તે એ રીતે ખેરાત હંમેશાં કરે. ઇવાત રાજગર

---

૩. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૨૬, પૃ-૪૬૬૨.
૪. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૬૮.

હરભાઇ ઓધવજી તથા ભટ નાનાને તથા બીજા ભામણોને પણ પૂછી જોજો. જે અમે ઇરીતે ખેરાત લાગઠ દસ વરસ સુધી કીધેલ છે. તે વાતને દેદામોઠજી પણ જાણે છે. ને રાજશ્રી તમથી પણ અછાનું નથી અને ઇ જે ખેરાત થાતું તે સરવે ખેર રાવોશ્રીજી તથા કુવરશ્રી ભાઇજી બાવાનું થાતું. બીજું લશકર ચડેને ચાડીકો સાડીકો થાય તે વારે પણ પુજાપત્રી ભામણે કઇ હશે તેમ કીધી હશે. મહીના મહીને ફકીર હજાર બારસેં ખવરાવતા તે રાજશ્રી માણસો માંથી કોક માણસને પૂછી જોજો."

કેટલીક સાચી હકીકત અંતરના ઉંડાણમાંથી તેના આ શબ્દો વ્યક્ત કરે છે, " હું મારી સાચી જકીનથી સામ ધરમી છઉં. માણસ કૂડાં કલંક મું પર ચડાવીને મારૂં નીમક હરામ કરે છે. હું સાહેબ પાસે માગું છું કે મેં કીધું હોય તો મને અંતકાળે આડું આવે ને મારી ઓલાદને આડું આવે. અમે ખેરખાતે લાખો ખરચી છે. તેનું નામું પણ અમ પાસે પડયું છે. તે નામના માંડતલ માંઉ રણછોડ તથા વસા કુંવરજી તે પણ શેઠ હંસરાજ પાસે છે. તેને તેડાવીને પૂછજો કે એ વાત સાચી છે કે ખોટી છે. પનોતી બેઠી હશે તે વારે પનોતી પૂતળુ કરી, તેલમાં બોળી ઘરને ઉંબરે દાટી જશે. અમે રાજમાં દશ વરસ પોયરો કીધો છે તે પોયરા ના માલમ તો કુંવરશ્રી ભાઇજી બાવો હતા. તે વાતની અમને જમિયત હતી કે છઠે છ માસે ઇ ધણી જરૂર અમારા પોયરા સામુ જોશે. ઇ તો ચાલી નીસયાં એટલે અમારો પોયરો સર્વે છૂટી પડયો, ને અમારો ધણી પણ હાલી નીકળયો. એ સરવે અમારા નસીબની વાત. અમારો સાચા નીમકનો ને શરિયતનો પોયરો છે. હું સાહેબ કનેથી માગું છું કે, મારી સાચી વસ્તીનું પોયરાનું ભાડું દેજો."

આ પત્ર ફતેહમહમદની સભ્યતા, નમ્રતા, સંસ્કૃતિ અને રાજ્ય પ્રત્યેની વફાદારીનો દ્યોતક છે. તેના પરથી લાગે છે કે તેણે મેલી વિદ્યાનો આશ્રય લઇને ભાઇજીનું મરણ નિપજાવ્યું નહોતું પરંતુ ભાઇજીનું મરણ એવા સમયે થયેલું કે તેની આસપાસ શંકાનું વાતાવરણ જામે.

મેઘજીનું ખૂન :-

મેઘજી લીંબડીમાં દીવાન હતો ત્યારે ફતેહમહમદે પદભ્રષ્ટ થયા પછી તેને કચ્છ આવવા સંદેશો મોકલ્યો. તેથી તે કચ્છમાં આવ્યો અને ફતેહમહમદ તથા તેણે તત્કાલીન કચ્છી રાજકારણના સંદર્ભમાં સમજૂતી કરી લીધી. આ સમજૂતી મુજબ પૂર્વ વિભાગનો કચ્છનો પ્રદેશ મેઘજીએ લેવો. તેમ નક્કી થયું અને પશ્ચિમ તરફનો પ્રદેશ ફતેહમહમદે રાખ્યો.[૫] આ સમજૂતીનો અમલ થાય તે પહેલાં ભાઇજીનું મરણ થયું આથી મેઘજી તેના ખરખરે આવ્યો અને ખરખરાની વિધિ પતાવતો હતો ત્યારે સિંધી જમાદાર મોઇએ તેનું ખૂન કર્યું.

આમ એક વખતના કચ્છના મુક્તિદાતાનો કરુણ અંજામ આવ્યો. શ્રી. પુરૂષોત્તમ મુળજી શેઠ પોતાના "કચ્છનો જ્યોતિર્ધર" નામના પુસ્તકમાં તેને અંજલિ આપતાં જણાવે છે કે, "એની એકજ હાકલ બસ હતી. એના નવસો જુવાનો જંગમાં ઝૂકાવવા સદા તૈયાર રહેતા. કચ્છમાં ત્યારે તો બહાદૂરો જ સ્વમાનથી જીવી શકતા. એ યુગ જ એવો હતો કે, દરેક જણને લડાઇ માટે તૈયાર રહેવું પડતું અને ક્ષત્રિઓ તો લડાઇ માટે સદા તૈયાર રહેતા. મેઘજી શેઠ પણ ક્ષત્રિય હતા અને તેથી એના મિત્રો સંગે મળે ત્યારે એની પાસે લડવાની તૈયારીજ હોય એવા સરંજામથી રહેતા. દેશના જુદા જુદા ભાગમાં ભાયાતોને અરસપરસ કોઇને કોઇ કારણે ઝગડો જામતો ત્યારે મિત્ર હતો મેઘજી શેઠ, મિત્રો સંગે તેમની વ્હાર કરતા અને પોતાની બહાદૂરીથી સામા પક્ષને હરાવતા અને આમ છતાં ક્યારેય તેમણે પોતાની સત્તા કે નિજના સ્વાર્થ માટે કોઇ લડાઇ નહોતી જગવી અને એમ કરી એમણે નિર્દોષ રક્તથી પોતાના હાથ નહોતા રંગ્યા."

શ્રી. વૃ. ભ. છાયા જણાવે છે કે, "જ્યારે કચ્છના તમામ થાણદારો, સરદારો અને જાડેજા ભાયાતો ધર્મની વહારે ધાવા અશક્તિ દર્શાવી રહ્યા હતા ત્યારે જે મેઘજી શેઠે જીવને જોખમે ધર્મની રક્ષા કરવાનું બીડું

---

૫. કચ્છની પ્રજા જાગૃતિના ઇતિહાસનાં પાનાં, પૃષ્ટ-૮.

ઝડપ્યું અને જે મેઘજી શેઠે સમસ્ત કચ્છની છિન્નભિન્ન સ્થિતિને કારણે ઉદભવેલી અસીમ ઉદાસીનતા વચ્ચે અપૂર્વ દેશપ્રેમ અને ધર્મ પ્રેમ દાખવ્યો તે મહાન મેઘજી શેઠ માટે વ્યાજબી રીતે જ પ્રસંસાપૂર્વક કહેવાયું છે કે, "મેઘજી નહોતે તો મલેચ્છ રાજ્ય કરતે" તેઓ અંતમાં લખે છે કે, "કચ્છના ઇતિહાસમાં મેઘજી શેઠનું નામ સદાકાળ ચિરંજીવ રહેશે "[૬] શ્રી. જોશી પણ નોંધે છે કે, "કચ્છના નભ મંડળે આવો તેજસ્વી તારક હજુ ઉગ્યો ઇતિહાસે નોંધ્યો નથી." આજે ભૂજના વાણિયાવાડના નાકે તેની યાદ તાજી કરાવતી દેરી ઉભી છે.

રાયધણનો પ્રશ્ન :-

ભાઇજીના મરણ પછી મુક્ત રાયધણ પોતાની મુસ્લિમ પત્નીના બાળક વતી અને તેના નામે રાજ્ય ચલાવવા માગતા હતા. પરંતુ તેનો લગભગ તમામ ભાયાતોએ વિરોધ કર્યો. હંસરાજે તો ભાઇજીના બાળપુત્ર ને કચ્છની ગાદીનો વારસ જાહેર કરી દીધો અને રાયધણે આ વ્યવસ્થા નો વિરોધ કર્યો.[૭]

મુંબઇ સરકાર સમક્ષ કચ્છ રાજ્યના એક દૂત- મહેબૂબ મુનશીએ જુદી જ હકીકત રજૂ કરેલી. તે જણાવે છે કે, રાયધણને એક સાત વર્ષનો અનૌરસ પુત્ર હતો. તેથી તેણે પોતાના વારસ તરીકે પોતાના સ્વર્ગસ્થ ભાઇના પુત્ર રાવજીને પસંદ કરેલો. આ રાવજી ત્રણથી ચાર વર્ષની ઉંમરનો હતો. રાયધણ અને આશકરણ તેને રાજ્યનો વારસદાર ગણતા હતા. આ ઉપરાંત ભાઇજી બાવાને એક બિન કાયદેસર રખાતનો પણ પુત્ર હતો. મહેબૂબ મુનશીએ તો મુંબઇ સરકારને એટલે સુધી જણાવ્યું કે રાવજી ઉપરાંત એક બીજું પણ કાયદેસરનું સંતાન મહેલમાં હતું. આ બાળકની માતા રજપૂતાણી હતી. તેથી રાયધણના દાદી સદુમા જેઓ હજુ જીવતાં અને સશક્ત હતાં, તેઓ પણ આ બાળક વારસ બને તેમ ઇચ્છતાં હતાં. તેમણે

---

૬. સ્વદેશ દીપોત્સવી વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ ૪૨ અને ૪૩.

૭. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૪, પૃષ્ટ-૧૯૯.

સુંદરજીને આ બાળક ગાદીએ આવે તે માટે હસ્તક્ષેપ કરવા અંગ્રેજોને જણાવે તેમ કહેલું. આ માટે પત્ર વ્યવહારથી સદુમા સુંદરજીના સંપર્કમાં હતાં. સદુમાનું વર્ચસ્વ હજુ પણ કચ્છની સરકાર પર હતું તેમ મુનશી મહેબૂબખાન જણાવે છે. રાયધણના તમામ સગાંઓ અને સદુમા, સુંદરજી મારફત કંપની સરકાર પર પોતાનો વારસ કાયદેસર જાહેર કરવા દબાણ કરી રહ્યાં હતાં. એટલું જ નહિ પણ દાદીમાં તો જરૂરી દસ્તાવેજો રજૂ કરવાનું વચન પણ આપતાં હતાં.[૮]

આ પછી દાદીમાં મારફત રાયધણે એક પત્ર સુંદરજી પાસે પહોંચતો કરેલો.[૯] પરંતુ હંસરાજની કુનેહ આગળ કોઇનું કાંઇ ચાલ્યું નહિ. તેણે એકપછી એક તમામ યોજનાઓ નિષ્ફળ બનાવી. આથી રાયધણજી પહેલાંની માફક ઝનૂની બન્યા અને હંસરાજપર હુમલો કર્યો. જેથી તે માંડવી નાસી ગયો. પણ રાયધણજી પાસે રાજ કરવાની શક્તિ ન હોવાને કારણે તેમને હંસરાજને તરત જ પાછો બોલાવવો પડ્યો. હંસરાજે ભુજ પાછા આવીને વહીવટ સંભાળી લીધો પરંતુ રાયધણને ફરીથી અંશતઃ અટકાયતમાં મૂકી દીધા. આ વખતની અટકાયતમાં એવું નક્કી થયું કે રાયધણજીને દરરોજ આઠ પાઉન્ડ એટલે કે લગભગ ત્રણસો કોરી જીવાઇની આપવી.[૧૦] કેપ્ટન ચાલ્સે વોલ્ટર જીવાઇની આ રકમ ૪૦૦ કોરીની નક્કી થયેલી તેમ નોંધે છે.[૧૧] ઉપરાંત રાયધણના હલન ચલન ઉપર થોડોક અંકુશ મૂકવામાં આવ્યો. તે મુજબ તેમણે ભુજના હોળી ચકલાનું નાકું અને પારેસેશ્વર મૂકીને ભુજના અન્ય ભાગોમાં આવવું નહિ.[૧૨]

---

૮. સિક્રેટ એન્ડ પોલિટીકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૪૧, પૃષ્ટ-૨૫૦૫ અને ૨૫૦૬.
૯. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.૧૩૨, પૃષ્ટ-૫૪૮૨.
૧૦. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ ૫ મું, પૃષ્ટ-૧૫૧.
૧૧. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૨૬.
૧૨. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૯૦.

આ વખતની રાયધણની અટકાયત કેદ જેવી નથી. રાજકીય જીવનમાં તેને શક્ય હોય ત્યાં હંસરાજે સામેલ કર્યો. ફતેહમહમદ સાથે ઇ. સ. ૧૮૦૨ માં સમાધાન થયું ત્યારે બન્ને પક્ષોએ પોતાના મુખ્ય મુખ્ય પ્રતિનિધિઓને લઇને ભુજ રાયધણ સમક્ષ પોતાનો કેસ રજૂ કરવો તેમ નક્કી થયેલું. અંગ્રેજો સાથે સમજુતી પર આવવાની બાબતમાં પણ રાયધણે પોતાનું યતકિંચિત યોગદાન દીધેલું. તેણે સુંદરજી પર ખાનગી સંદેશો મોકલીને પોતાની પાસે બોલાવેલ. જેથી સુંદરજી અને હંસરાજ દસ કે અગિયારમી ડીસેમ્બર ઇ. સ. ૧૮૦૨ ના રોજ રાયધણને મળવા ભુજ જવાના હતા. તેવો નિર્દેશ કેપ્ટન સેટનના એક ગુપ્તપત્રમાં છે.[૧૩]

ફતેહમહમદ સાથે ઇ. સ. ૧૮૦૨ માં રાયધણે નવું સમાધાન કરેલું તે મુજબ હંસરાજ અને ફતેહમહમદને ભુજ જવાનું હતું. ત્યાં રાયધણ બન્ને માંથી એકને પોતાના દીવાન તરીકે ચૂંટવાનો હતો. હંસરાજના અનુયાયીઓએ રાયધણ પર પુષ્કળ દબાણ કર્યું અને તે દીવાન તરીકે હંસરાજને પસંદ કરે તેવા સોગંદ લેવડાવ્યા. છતાંય હંસરાજને, રાયધણ દીવાન તરીકે પસંદ કરે તેવી શક્યતા નહોતી. આથી રાયધણને મજબૂર કરવા તેની અટકાયતને વધારે મજબૂત કરી નાખી. તેનો ૭૦૦૦ રૂપિયાનો માસિક દરમાયો ઓછો કરીને ૨૦૦૦ રૂપિયાનો કરાયો. તેની પાસેના ૫૦૦ નોકરોને ખસેડીને થોડાક જ નોકરો રાખવામાં આવ્યા.[૧૪]

હંસરાજનાં નિઃશસ્ત્રીકરણનાં પગલાં :-

હંસરાજ વહીવટ વેપારી સ્વભાવ મુજબ કરવા માંડ્યો. વહીવટી અને લશ્કરી ખર્ચ વધારે આવતાં હોવાથી તેણે કરકસરનાં કેટલાંક પગલાંઓ ભરીને આર્થિક સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કર્યો. તેથી લશ્કરની મોટા પગારવાળી ટુકડીઓ છૂટી કરવામાં આવી. થોડીક ટુકડીઓને વેપારી જહાજો સાથે રાખી, જેથી કચ્છના સમૃદ્ધ વેપારને રક્ષણ મળ્યું

---

૧૩. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૩, પૃષ્ટ-૭૭૨૯.
૧૪. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૩, પૃષ્ટ-૭૭૯૦.

અને તેની સમૃધ્ધિમાં વધારો થયો. જ્યારે પોતાની પાસે ફક્ત ૧૫૦૦ માણસો જ રાખ્યા.[૧૫] આમ તેણે માંડવીના વેપારને નિર્ભય કરીને કચ્છની આર્થિક સ્થિતિ સુધારવાની કામગીરી બજાવી.

સિંધનું આક્રમણ :-

બ્રિટિશ સરકારના તા. ૧૪-૭-૧૮૦૨ ના એક જાસૂસી અહેવાલમાં જાન્યુઆરી ૧૮૦૨ માં કચ્છ ઉપર તાલપુરાઓએ કરેલા આક્રમણનો ઉલ્લેખ છે.[૧૬] આ વખતે તેઓએ લખપત પાસેના કચ્છની માલિકીનો બસ્તાબંદરનો એક કિલ્લો કબજે કરી લીધો હતો. આ આક્રમણની આ સિવાયની બીજી કોઇ વિગતો પ્રાપ્ત થતી નથી. આ ચઢાઇનું એક સંભવિત કારણ ફતેહમહમદનું પતન હતું. હંસરાજને ભીંસમા લેવા અંજારમાં બેઠેલા ફતેહ-મહમદની સંમતિથી ફક્ત પ્રાયોગિક ધોરણે આ આક્રમણ કરાયું હતું. કેપ્ટન સેટનનો તા. ૯-૭-૧૮૦૨ નો અહેવાલ સૂચવે છે કે ફતેહમહમદે રાયધણ વિરૂધ્ધ તાલપુરાઓની મદદ માગી હતી.[૧૭] ટૂંકમાં ફતેહમહમદ હંસરાજ વિરૂધ્ધ સિંધની મદદ મેળવવાનો પ્રયત્ન કરતો હતો તેથી આ ચઢાઇને ઉપરોક્ત સંદર્ભમાં જ મૂલવવી રહી.

અંગ્રેજોનો સંપર્ક :-

હંસરાજના દીવાનપદ દરમ્યાન એ ચતુર ધનિક વેપારીએ જોઇ લીધું કે રાયધણમાં કચ્છને સંભાળવાની શક્તિ હતી નહિ. વળી બે પ્રબળ પક્ષોને લીધે કોઇ દીવાન પણ આખા કચ્છ પર નિરંકુશ તંત્ર સ્થાપી શકે તેવી શક્યતા નહોતી.

કચ્છના રાજકારણમાં મુસ્લિમોનું વર્ચસ્વ વધારે હતું. તેઓ હંસરાજના પક્ષમાં દીવાન પદ મેળવવાની આશાએ ભળેલા પણ હંસરાજ તેમની

---

૧૫. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૪, પૃષ્ટ-૨૦૦.
૧૬. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૨૬, પૃષ્ટ-૪૬૫૨.
૧૭. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૧૪, પૃષ્ટ-૫૧૬૬.

આશાઓ પૂરી કરી શકે તેમ નહોતો. આને લીધે મહમદ સોટા વિદ્રોહી બની ગયો હતો.[૧૮] તેથી આ બધા તકવાદીઓ ક્યારે પક્ષાંતર કરે તે કહી શકાય નહિ. વળી મોટા ભાગના સરદારો મુસલમાન હતા. રાયધણજી પોતે રુદયથી મુસલમાન થયા હતા. તેથી હંસરાજના મનમાં એમ પણ હોય કે આખો કચ્છ છેવટે મુસલમાનોને સોંપવો પડે, પછી કચ્છના રાજકારણમાં કોઇ હિન્દુ રાજનીતિજ્ઞ અગ્રગણ્ય બની શકે કે કેમ તે શંકાસ્પદ હતું. ભાયાતોએ રાયધણ યુગ દરમ્યાન ઉદાસિનતા સેવી હતી. તેથી તેમના તરફથી કોઇ આશા નહોતી.

આવા સમયે અત્યાર સુધી શાંત રહેલા સિંધે હંસરાજને ભીંસમાં લેવા પ્રયત્ન કરેલો. સિંધ, ગુજરાત તથા સૌરાષ્ટ્ર માંથી કચ્છના સરહદી પ્રદેશોમાં થતી લૂંટોને કચ્છનું તંત્ર બચાવી શકે તેવી શક્યતા નહોતી. કારણ કે જ્યાં સુધી લુટારાઓનાં મૂળ સ્તોત્ર અર્થાત આશ્રય સ્થાનો કબજે ન કરાય ત્યાં સુધી કચ્છમાં ગમે તેવો મજબૂત શાસક પણ ધાડપાડુઓનો સંપૂર્ણ નાશ ન કરી શકે. સિંધની ખોસા વગેરે જાતિઓના લુટારાઓને દક્ષિણ સિંધ માંથી મદદ અને આશ્રય મળતો હતો. સિંધના રાજકારણમાં સફળ દરમ્યાનગીરી કરવાની કચ્છની કાયમી શક્તિ નહોતી. આવી શક્તિ અત્યારે અંગ્રેજોમાં દેખાતી હતી.

વળી ભારતનું રાજકારણ હવે પલ્ટો લેતું હતું. મેસૂરના વાઘના પતનને મરણ પછી અંગ્રેજોને મરાઠાઓ સિવાય કોઇ અટકાવી શકે તેમ નહોતું. વળી મરાઠા સંઘ પણ વેરવિખેર હતો. ઇ. સ. ૧૮૦૧ માં પુનામાં પેશ્વાઇ માટે આંતર સંઘર્ષ ફાટી નીકળ્યો હતો. અંગ્રેજોની સહાયકારી સંધિ તળે ભારતનાં એક પછી એક માતબર રાજ્યો આવ્યે જતાં હતાં. ઇ. સ. ૧૭૯૫ માં ત્રાવણકોરના મહારાજાએ, ૧૭૯૮ માં મેસૂરે, ૧૮૦૦ માં નિઝામે, ૧૮૦૧ માં અવધે અને છેલ્લે છેલ્લે ગુજરાતનું મજબૂતમાં મજબૂત રાજ્ય વડોદરા પણ તેમાં સામેલ થઇ ગયું હતું. આમ અંગ્રેજો ભારતમાં સર્વોચ્ચ બને તેમ હંસરાજને લાગતું હતું. તેથી હંસરાજે મદદ, સંધિ કે

---

૧૮. ફોરેઇન એન્ટ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૨૬, પૃષ્ટ-૪૬૫૨.

સંરક્ષણ જેવો કોઇ કરાર અંગ્રેજો સાથે કરવા યોગ્ય માન્યું. વળી અંગ્રેજો પણ કચ્છ સાથે સંપર્ક વધારવા ઉત્સુક હતા.

આ સંપર્ક સ્થાપવામાં ઉભય પક્ષો માંથી પહેલ કોણે કરી તેનો સ્પષ્ટ ખ્યાલ આવતો નથી. પરંતુ આ વિષય પર ઇ.સ. ૧૮૦૧ ના સપ્ટેમ્બર માસ પહેલાં કચ્છ દરબાર અને ઇસ્ટ ઇન્ડિયા કંપની વતી કેપ્ટન માઉન્ટ ગોમરી પત્ર વ્યવહાર કરતા નજરે પડે છે.[૧૯] જેને અંતે કચ્છની ઇચ્છાનુસાર અંગ્રેજોએ મૈત્રિ માટે હાથ લંબાવ્યો અને ૨૫ મી નવેમ્બર ૧૮૦૧ પહેલાં કચ્છ દરબારને પત્ર લખ્યો. જેનો જવાબ આપતાં રાયધણ વતી જણાવાયું કે, "કંપની અને કચ્છની મૈત્રિ યાવતચંદ્રદીવાકરૌ બની રહો. આ પ્રણાલિમાં ઉત્તરોત્તર વૃધ્ધિ થાવ અને આપણી દોસ્તી વિશ્વની એક અજાયબી બની રહો." આ ઉપરાંત તેમાં કચ્છ તરફથી નવા સંબંધના પ્રતિક તરીકે ભાવનાગત લાગણીઓ અને ભૌતિક ભેટોની પરંપરા શરૂ કરવાની ઇચ્છા વ્યક્ત કરવામાં આવી હતી.[૨૦] આ પત્ર મુંબઇ સુંદરજી લાવેલા.

જો કે જેટલી ઉતાવળ બ્રિટિશરો સાથે સંબંધ બાંધવાની કચ્છને હતી તેટલી જલદી અંગ્રેજો બતાવતા નથી. કંપની સરકારના તારીખ ૨૪-૨-૧૮૦૨ ના પત્રમાં સંધિ કે મૈત્રિનો નિર્ણય "યોગ્ય મનન અને વિચારણા" પછી લેવાનું કચ્છના સત્તાવાળાઓને જણાવવામાં આવેલું. છતાંય ભેટોને આપ-લે બન્ને પક્ષોએ શરુ કરવાનું નક્કી કર્યું. કચ્છ તરફથી મુંબઇની ગવર્નર ઇન કાઉન્સીલને તા. ૧-૬-૧૮૦૨ ના રોજ મળેલા પત્રમાં સુંદરજી કચ્છ માટે તોપો મેળવવા ગવર્નર જનરલને મળ્યાનો નિર્દેશ છે. સુંદરજીના પ્રયત્નોને પરિણામે મુંબઇના ગવર્નરે બે તોપો કચ્છને ભેટ

---

૧૯. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક-૧૮૦૨।૬૧. નો પત્ર નંબર-૧.

૨૦. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક-૧૮૦૨।૧, પત્ર નંબર-૧.

આપેલી.[૨૧] જેની વિગતો અન્ય વસ્તુઓ સાથે આ પ્રમાણે હતી :-

૧. ૧૮ પાઉન્ડની, ૨૦૦ રાઉન્ડ સોટવાળી કેરેજ-વાહક સાથેની બે તોપો.

૨. તોપ ફોડવાના ૫૦ ગોળા.

૩. તોપ ફોડવા માટે પૂરતા પ્રમાણમાં દારૂ.

ત્યારબાદ તા. ૧-૧૦-૧૮૦૨ ના રોજ સુંદરજીએ મેજર સેમ્યુઅલ વિલસન પાસે ફતેહમહમદ વિરૂધ્ધ મદદની માગણી કરી. એજ દિવસે હંસરાજે પણ વિલસન પાસે લશ્કરી ટુકડી અને તોપો તથા જરૂરી સાધન સામગ્રીની માગણી કરી.[૨૨] આ હંસરાજ અંગ્રેજો સાથેનો સંબંધ ભેટ-સોગાદોથી આગળ વધારવા માગતો હતો. સુંદરજીના દબાણથી મુંબઇની પ્રાંતિક સરકારને કચ્છ સાથે સંધિ કરવા બાબત એ વખતના ગવર્નર જનરલ માર્કવીસ ઓફ વેલેસ્લીને ભારપૂર્વક લખવું પડ્યું,[૨૩] જેને પરિણામે મુંબઇ સરકારે કેપ્ટન ડેવીડ સેટનને કચ્છમાં વાટાઘાટો કરવા મોકલવાનો નિર્ણય લીધો, અને તેને સફળ બનાવવાની જવાબદારી ગવર્નરે એક પત્ર દ્વારા સુંદરજી પર નાખી.[૨૪]

અંતે મેજર વિલસન, સુંદરજી શિવજી અને હંસરાજ વચ્ચે પત્ર વ્યવહાર થયો. એજ રીતે મુંબઇના ગવર્નર અને હંસરાજ વચ્ચે પણ પત્રવ્યવહાર ચાલ્યો

---

૨૧. સિક્રેટ એન્ડ પોલિટીકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૨૪ પૃષ્ટ-૩૩૯૭ અને રાષ્ટ્રીય અભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક- ૧૮૦૨૧૬૧, પત્ર નંબર- ૨.

૨૨. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૨૯, પૃષ્ટ-૬૧૫૧ અને ૬૧૫૨.

૨૩. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૨૯, પૃષ્ટ-૬૧૫૪.

૨૪. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૨૯, પૃષ્ટ-૬૧૯૬ થી ૬૧૯૯.

આમાંના કેટલાક પત્રો ઔપચારિક હતા. કેટલાકમાં લશ્કરી મદદ આપવાનો અણસાર હતો. જ્યારે કેટલાકમાં નિયમિત રીતે ખર્ચનું ચૂકવણું કરવાની શરતોનો નિર્દેશ હતો.[૨૫]

લશ્કરી મદદનું ખર્ચ :-

અંગ્રેજો હંસરાજને બે કંપની લશ્કર સાથેનું એક કંપનીનું પાયદળ, ૬૦૦ સૈનિક યુરોપિયન પાયદળના અને એક બટાલિયન દેશી સૈનિકોની આપવા ઇચ્છતા હતા. ઉપરોક્ત લશ્કરનો અંદાજી માસિક ખર્ચ નીચે પ્રમાણેનો આકારવામાં આવ્યો હતો :-

રૂા.	૬૨૮૯-૦૦	એક કંપની યુરોપિયન તોપદળનો પગાર તથા ફીલ્ડ એલાઉન્સ, નોનકમીશન્ડ રેંકમાં મળતી સગવડોનો ખર્ચ અને ૨૨ મી નવેમ્બર ૧૭૯૮ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ પગાર ધોરણ અનુસાર જાહેર ભંડાર માંથી ઓછી કિંમતે મળતા માલની સબસીડી.
રૂા.	૨૧૮૯-૦૦	ઉપરની જ વિગતે બે કંપની પાયદળનો ખર્ચ.
રૂા.	૩૨૬૭૩-૦૦	ઉપર મુજબના ૬૦૦ યુરોપિયન પાયદળ અને તેના કમીશન્ડ અધિકારીઓનો ખર્ચ.
રૂા.	૨૬૫૬-૦૦	ડોલીવાળાઓનો ખર્ચ.
રૂા.	૫૦૦-૦૦	યુરોપિયન તોપદળ તથા દેશી લશ્કરની બંદૂકોની અન્ય સામગ્રીનો ખર્ચ.
રૂા.	૫૦૦-૦૦	યુરોપિયન પાયદળના ઘોડાઓનો ખર્ચ.
રૂા.	૪૦૦-૦૦	દેશી સૈનિકોની બટાલિયનના ઘોડાઓનો ખર્ચ.
રૂા.	૬૦૦-૦૦	બંદૂકની અન્ય સામગ્રી, તંબુ અને તેના થાંભલાને લઇ જવા માટેની બળદ ગાડીઓ તથા તેમનાં ચારાનો ખર્ચ.
રૂા.	૭૦૦૦-૦૦	લશ્કરી ટુકડી સાથેના મોદીખાનાનો વડો, કમાન્ડીંગ ઓફીસર અને બ્રિગેડના મેજરનો ખર્ચ.
રૂા.	~~૭૭૫૪૬-૦૦~~ ૫૨૮૦૭-૦૦	

૨૫. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૨૯, પૃષ્ટ- ૬૨૦૦ થી ૬૨૦૫.

આમ હંસરાજ સમક્ષ ઉપરોક્ત લશ્કરી મદદના પેટે આશરે રૂપિયા ~~ઇક્કોતેર~~ જાવન હજારનો અંદાજી આંકડો કેપ્ટન સેટનને માંડવી જઇને મૂકવાનો હતો. [૨૬]

જોધપુર અને હંસરાજ :-

સિંધના આંતરવિગ્રહને અંતે અમીર નબીખાનને જોધપુરમાં આશ્રય લેવો પડયો. જોધપુર નરેશે એક વખત તો આ નબીખાનનો પક્ષ લઇને કચ્છ મારફત સિંધ ઉપર નિષ્ફળ આક્રમણ કરેલું. જેમાં છેવટે ચોબારી પાસે જોધપુરને હાર આપવામાં આવેલી. છતાંય તેણે સિંધમાં કલોરા વંશને ફરીથી ગાદીએ બેસાડવાના પ્રયત્નો પડતા મૂક્યા નહોતા. અંગ્રેજોના જાસૂસી ખાતાના સિંધ વિષયક તા. ૧૪-૭-૧૮૦૨ ના અહેવાલ પરથી દેખાય છે કે જોધપુર નરેશ કચ્છમાં સિંધ વિરૂધ્ધ મદદ કરવા માટેના પ્રયત્નો કરી રહ્યો હતો. તેના દૂતોએ હંસરાજનો સંપર્ક સાધેલો. ખુદ હંસરાજે આ બાબતનો ઘટસ્ફોટ સુંદરજી સમક્ષ કરેલો. [૨૭]

કેપ્ટન સેટનનું પ્રતિનિધિ મંડળ :-

કચ્છમાં પ્રતિનિધિ મંડળ લઇને જવા માટે તૈયાર થયેલા કેપ્ટન સેટનને મુંબઇ સરકાર તરફથી સૂચનાઓ આપવામાં આવી હતી. તેમાં કચ્છના ભૂતકાળનો ખ્યાલ તથા વર્તમાન પરિસ્થિતિ શું છે તે લોવેલ અને ફાધર લીઅર્સની આ પહેલાંની કચ્છની મુલાકાતને આધારે બતાવવામાં આવેલું. કચ્છના સમાજ સાથે કઇ રીતે ભળવું તે પણ સમજાવવામાં આવ્યું હતું. [૨૮] તેને સોંપાયેલી કેટલીક અગત્યની કામગીરી આ પ્રમાણે હતી. :-

---

૨૬. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૨૯, પૃષ્ટ- ૬૨૦૮ થી ૬૨૦૯.

૨૭. પોલિટિકલ એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૨૪, પૃષ્ટ-૩૮૧૭.

૨૮. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૨૯, પૃષ્ટ-૬૧૮૪ થી ૬૧૯૫.

૧. કચ્છ વિશે શક્ય તેટલી વધુ માહિતી મેળવવી.
૨. લશ્કરી ટુકડીનું ખર્ચ રોકડમાં ચૂકવાય તે જોવું, ઉપરાંત બ્રિટિશ સૈનિકો કચ્છમાં રોકટોક વિના માંસાહાર કરી શકે તેવી વ્યવસ્થા કરવી.
૩. ભુજમાં રેસીડેન્સીની સ્થાપના કરવાની બાબત ચર્ચવી.
૪. સુંદરજી સિવાય બીજા પર વિશ્વાસ મૂકવો નહિ.
૫. રોકડ ખર્ચ ચૂકવાય તો તોપખાના સાથે ૬૦૦ યુરોપિયન સૈનિકોની લશ્કરી ટુકડી કચ્છને આપવાની તૈયારી બતાવવી.

સેટને આ કામગીરી મસ્કતના રેસીડેન્ટ તરીકે બજાવવાની હતી તેની સાથે લેફટનન્ટ આર્મસ્ટ્રોંગ રહેવાનો હતો. થોડો સમય સૂરત રોકાઇને સેટનનું આ પ્રતિનિધિ મંડળ તારીખ ૧૩-૧૧-૧૮૦૨ ના રોજ માંડવી બંદરે ઉતર્યું.[૨૯] યુરોપિયન સંસ્કૃતિની માન્યતા મુજબ તેરનો આંકડો અપશુકનિયાળ છે. તેથી કેપ્ટન સેટનનું તેરમી તારીખનું આગમન અંતે તો નિષ્ફળ નિવડ્યું હતું.

કેપ્ટન સેટન માંડવીમાં આવ્યો ત્યારે હંસરાજ સાતકોશ દૂર ભુજપુર ગામે છાવણી નાખીને પડ્યો હતો. જ્યારે બરાબર તેની સામે ત્રણ માઇલ દૂર તેનો પ્રબળ હરીફ ફતેહમહમદ પણ પોતાના લશ્કર સાથે પડ્યો હતો. બન્ને પક્ષો વચ્ચે ભયંકર ખેંચતાણની સ્થિતિ હતી.

સેટનના મત મુજબ જાડેજા ભાયાતો પોતાનું લશ્કરી સ્તર જોખમાવાના ભયે અંગ્રેજોની મદદ નો વિરોધ કરતા હતા. જ્યારે વેપારીઓ અંગ્રેજોના માંસાહારને લીધે તેમનો કચ્છ પ્રવેશ ઇચ્છનિય નહોતા ગણતા. સુંદરજીએ આ બાબતની થોડીક ચેતવણી સેટનને આપી હતી. હંસરાજની ઇચ્છા પણ લશ્કરી મદદનું ખર્ચ જાણવાની હતી. એથી આગળ આ તબક્કે તે વધવા તૈયાર નહોતો.[૩૦] કારણ કે તેને ફતેહમહમદ

---

૨૯. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૩, પૃ. -૭૧૧૭.
૩૦. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૩, પૃષ્ટ- ૭૭૧૮ અને ૭૭૧૯.

સાથે સુલેહ થઇ ગઇ હતી. તેણે પોતાને કારણે બ્રિટિશ સરકારને કચ્છમાં પ્રતિનિધિ મંડળ મોકલવાનું ખર્ચ કરવું પડ્યું તે બદલ માફી માગી તથા કંપનીને થયેલ ખર્ચ આપવાની તૈયારી બતાવી. આ ખર્ચ પણ ઓછો નહોતો. તેની વિગતો મુંબઇ અભિલેખાગારના કેટલાક પત્રો પરથી જાણવા મળે છે. જે નીચે પ્રમાણે છે.[૩૧] :-

	રૂા.	૫૯૩-૦૦	કંપનીની વિનાશિકા "પ્રિન્સેસ ઓગસ્ટા" નો નિભાવ ખર્ચ.
	રૂા.	૧૬૬૫-૦૦	કચ્છના સત્તાવાળાઓને ભેટ આપવામાં આવેલી વસ્તુઓની કિંમત.
	રૂા.	૧૭૮૨-૦૦	વ્યવસ્થા ખર્ચ.
	રૂા.	૩૫૬૩-૦૦	પરચુરણ ખર્ચ.
કુલ	રૂા.	૭૬૦૩-૦૦	રૂપિયા સાત હજાર છસ્સો ત્રણ પૂરા.

આમ થોડાક સમયમાં સાડા સાત હજાર કરતાં વધારે ખર્ચ થયો હતો તેથી હંસરાજ જેવા માટે આટલી રકમ ભરવી આસાન હતી પણ યોગ્ય નહોતી.

સહાયકારી યોજનાનો પ્રશ્ન :-

હંસરાજ અંગ્રેજોને સહાયકારી યોજનામાં આ તબક્કે જોડાવા તૈયાર નહોતો. તેથી તેણે સેટન સમક્ષ ગુજરાતી ભાષામાં કેટલીક નવી દરખાસ્તો રજૂ કરી. આ દરખાસ્તોથી કંપનીને કેટલોક લાભ થતો હતો. દા.ત. કચ્છમાં અંગ્રેજો સિવાયના તમામ યુરોપિયનોનાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવો અને ઓખા મંડળના ચાંચિયાઓનો નાશ કરવો.[૩૨] પણ અંગ્રેજો માટે તેની તમામ દરખાસ્તો સ્વીકારવી શક્ય નહોતી.

---

૩૧. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૮, પૃ.-૧૪૨૯.
૩૨. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૩, પૃષ્ટ- ૭૭૨૩ અને ૭૭૨૪.

હંસરાજ અને ફતેહમહમદના સમાધાનના પ્રયાસો :-

હંસરાજે જોયું કે, રાયધણ પોતાનો પક્ષ લે તેમ નથી તેથી તેણે ફતેહમહમદ સાથે કંઇક સમજૂતી પર આવવાનું નક્કી કર્યું. કેપ્ટન ડેવીડ સેટન નોંધે છે તેમ માંડવીના માંધાતાઓ દ્વારા મીયાં મહમદ સોટા મારફત ફતેહ મહમદ સાથે ખાનગી કરાર કરવા રાતોરાત હંસરાજને ભુજથી પાછો બોલાવી લેવામાં આવ્યો. માંડવીમાં આવેલા મીયાં મહમદ સોટાને હંસરાજે જણાવ્યું કે, તેણે કેટલાક વાણિયા અનુયાયીઓ લઇને ફતેહમહમદ પાસે અંજાર જવું. હંસરાજ વતી તેમને ફતેહમહમદને જણાવવાનું હતું કે, જો તે માંડવી હંસરાજને કાયમી સોંપી દે તો તે ફતેહમહમદને લખપત સોંપવા તૈયાર હતો. ઉપરાંત અત્યારે તેની પાસે રહેલો વાગડનો પ્રદેશ તે રાખી શકશે. એટલું જ નહિ જો રાયધણ તેને દીવાન તરીકે પસંદ કરે તો પોતે અવરોધ નહિ રાખે.

કેપ્ટન ડેવીડ સેટનના મતે અત્યાર સુધીની વ્યવસ્થા હંસરાજ માટે ભારરૂપ હતી. તેથી તેણે સમાધાન માટે ઉપર મુજબની ઉદારતા બતાવી. વળી નવી વ્યવસ્થાથી ફતેહમહમદને પણ કોઇ આર્થિક ફાયદો થાય તેમ નહોતો. હંસરાજની યોજના મુજબ હવે ફતેહમહમદને જે નવા પ્રદેશો મળવાના હતા તેની આવક રાયધણના ટેકેદારોને મનાવવામાં ખરચાઇ જાય તેમ હતી. આ સમાધાનની શરતો માં એ પણ નક્કી થયું હતું કે જ્યારે ફતેહમહમદ રાયધણ સાથે મંત્રણા કરવા માટે ભુજ નજીક આવે ત્યારે તેની પાસે ફક્ત પચાસ માણસો હોવા જોઇએ. તે ભુજના કિલ્લામાં પ્રવેશે ત્યારે વીસ માણસો ઓછાં કરીને ફક્ત ત્રીસ માણસો પોતાની પાસે રાખે. આવી શરત હંસરાજ માટે હતી. આથી બન્ને પક્ષોને દગાની શક્યતા દેખાતી હતી તેમ લાગે છે.[૩૩] બન્યું પણ એવુંજ, ફતેહમહમદે પચાસ માણસો લાવવાને બદલે બારસો માણસો સાથે આવ્યો જ્યારે કિલ્લામાં બસો માણસો લઇને પ્રવેશ્યો. આમ સમાધાનની પાયાની શરતોનો ભંગ થતો હતો તેથી રાયધણે કોઇપણ જાતનો નિર્ણય લેવાનો ઇન્કાર કર્યો.

૩૩. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૩, પૃ.-૭૭૯૦.

આ પછી રાયધણજીએ સુંદરજીને ભુજ આવવા આગ્રહ કર્યો. તેથી તા. ૧૭-૧૨-૧૮૦૨ ના રોજ તે ભુજ આવ્યા ત્યારે રાયધણે તેનેજ દીવાન થઇ જવા કહ્યું. આ પ્રસંગ પરથી લાગે છે કે, રાયધણપર ગાંડપણનું જે આરોપણ કરવામાં આવ્યું છે તે ખોટું છે. એક પાગલ માણસ મંત્રણા કરે, પત્રો લખે અને દીવાન જેવા પદ માટે સુંદરજી જેવાને આગ્રહપૂર્વક કહે તે સંભવિત નથી.

સુંદરજીનું એ વખતના રાજકારણમાં કેવું મહત્વ હશે તેનો આના પરથી ખ્યાલ આવે છે. નહિતર ખુદ શાસક આ રીતે દીવાન પદની સામેથી ઓફરનકરે. પણ સુંદરજીએ દીવાન થવાની અનિચ્છા વ્યક્ત કરી. એટલે સ્વાભાવિક છે કે રાયધણની પસંદગી હંસરાજ પર ઉતરે તેમ હતી. આની ગંધ ફતેહમહમદને આવી ગઇ. તેથી તેણે સમાધાન કર્યા સિવાય ભુજ છોડી દીધું અને હંસરાજના પ્રદેશમાં લૂંટફાટ કરવા માંડયો. આથી તેનો સામનો કરવા હંસરાજ પોતાના લશ્કર સાથે તાજેતરમાં મળેલી બ્રિટિશ તોપો લઇને ગુંદિયાળી આવ્યો.[૩૪]

ફતેહમહમદનું શસ્ત્રીકરણ :-

ફતેહમહમદે અંજાર આવ્યા પછી સર્વપ્રથમ કાર્ય હંસરાજે જે લશ્કરી માણસોને છૂટા કર્યા હતા તેમને પોતાના લશ્કરમાં સામેલ કરવાનું કર્યું. અને પોતાની પાસે જે લશ્કર હતું તેને જાળવી રાખ્યું.[૩૫]

ફતેહમહમદની આર્થિક મુશ્કેલીઓ :-

ફતેહમહમદને મળેલું અંજાર વાગડનું પ્રવેશદ્વાર હતું અને ભચાઉ તેનું પાટનગર ગણાતું. આમ સમગ્ર પૂર્વ કચ્છનો વિસ્તાર તેની હકુમત તળે હતો તેથી તેણે પોતાના પ્રદેશમાં સુંદર વહીવટી તંત્ર ઉભું કરી તેને

---

૩૪. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૩૪, પૃષ્ટ-૧૨૫.

૩૫. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૩૪, પૃષ્ટ-૨૦૦.

આબાદ કરવાનો પ્રયત્ન શરુ કર્યો. તેણે અંજારને બીજું માંડવી બનાવવાનું નક્કી કર્યું. વાગડના પીઠ પ્રદેશ માટે સારા બંદરની જરુર હતી. તેથી તેણે તે માટે તુણા પસંદ કર્યું. આ પહેલાં તેણે લખપતનો વિકાસ કર્યો હતો. અને તેને વાયવ્ય કચ્છનું એક ધીખતું બંદર બનાવ્યું હતું. એટલે તેને એ અનુભવ અહીંયા કામ લાગ્યો પણ તેને તુણાના વિકાસના કાર્યમાં સતત નાણાની તંગી રહ્યા કરતી હતી. તેથી નાછૂટકે પોતાના પક્ષના માણસો પાસેથી તે વારંવાર જરૂરી નાણા જબરાઇથી કઢાવવા લાગ્યો. તેના ટેકેદાર ધનિકોમાં આશકરણ શેઠ સૌથી વધુ ધનિક હતો. ફતેહ મહમદે આઠ લાખ કોરીની આશકરણ પાસે માગણી કરી. ડરીને આશકરણે ચાર લાખ કોરી રોકડી ગણી આપી અને બાકીની રકમ માટે વરસમેડીના નંદવાણા બ્રાહ્મણોને બાન રાખ્યા.[૩૬] અને પોતે યુક્તિથી ભુજ નાશી ગયો.

ઇ. સ. ૧૮૦૨ નો દુષ્કાળ :-

આ વખતે કચ્છને એક ભયંકર દુષ્કાળનો સામનો કરવો પડયો. આ દુષ્કાળ વખતે સેટન કચ્છમાં હાજર હતો. તેણે આપેલા અહેવાલ મુજબ "દુષ્કાળને કારણે ભાવોમાં ૪૦૦ ટકાનો ઉછાળો આવ્યો. ઢોરો પુષ્કળ પ્રમાણમાં મરી ગયાં. ઢોરોને પહેલાં જે ઘાસ પાઇમાં મળતું તેનો ભાવ રૂપિયા જેટલો થઇ ગયો. રોજ દસથી બાર હજારની સંખ્યામાં ઢોરો મરતાં હતાં અને લોકો કચ્છ છોડીને બહાર જવા લાગ્યાં."*[૩૭] આ દુષ્કાળની કચ્છી કે અન્ય લેખકોએ નોંધ નથી લીધી તેથી કદાચ તે અગણોતેરા કાળ અર્થાત ઇ. સ. ૧૮૧૩ ના કાળ જેટલો ગંભિર નહિ હોય.

હંસરાજ ફતેહમહમદ સંઘર્ષ :-

ફતેહમહમદની રંજાડનો સામનો કરવા હંસરાજ ગુંદિયાળી

---

૩૬. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૨૭.
૩૭. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૩, પૃ. -૭૭૧૯.

આવેલો. આ પછી ચોથી જાન્યુઆરી ૧૮૦૩ ના રોજ ફતેહમહમદે પીંપળી ગામને રાત્રે હેરાન કર્યું. તેથી હંસારાજે વ્યૂહાત્મક ગામોમાં ચોકીયાતો બેસાડી દીધા. લાંબા સમયે હંસરાજ અને ફતેહમહમદને પોતાની લશ્કરી શક્તિની કસોટી કરવાની તક મળી હતી. ત્યારે એકાએક કચ્છની સત્તાની સમતુલાને જોખમમાં મૂકતી જાહેરાતો થઇ. બરાબર અણીને સમયે લખપતના સૂબા મીર મીયાં અને ભુજમાં રહેલા ડોસલવેણે જાહેરાત કરી કે તેઓ હંસરાજ કે ફતેહમહમદ એ બે માંથી કોઇના પક્ષમાં નથી. તેઓ તો મહારાવ રાયધણને જ વફાદાર છે. આ જાહેરાતથી હંસરાજ ડરી ગયો અને તરતજ માંડવીમાં આવેલા અંગ્રેજ પ્રતિનિધિ કેપ્ટન ડેવીડ સેટન સાથે કંપનીની લશ્કરી અને નાણાકીય મદદની અધૂરી પડેલી મંત્રણાને ફરીથી આગળ લંબાવી.[૩૮]

પણ જાડેજા ભાયાતો ૫૦૦૦ માણસોની મદદ લઇને હંસરાજના પક્ષે આવી ગયા. પરિણામે ફતેહમહમદને પીછેહઠ કરવાની ફરજ પડી. છતાંય જાડેજા ભાયાતો એ બન્ને પક્ષો વચ્ચે સમજુતી કરાવવાનો પ્રયત્ન કર્યો. પણ તે નિષ્ફળ ગયો આથી કેટલાક અસંતુષ્ટ જાડેજા ભાયાતો ફતેહમહમદના પક્ષે જોડાઇ ગયા જેથી બન્ને પક્ષો ફરી સરખા થઇ ગયા.[૩૯]

<u>આશકરણ દીવાનપદે :-</u>

માંડવીનો કારભાર ચાલતો રાખવા હંસરાજને વારંવાર ત્યાં જવાની ફરજ પડતી, કારણ કે માંડવીની આબાદી પરજ ભુજની ગાદીની સ્થિરતાનો આધાર હતો. તે માંડવી જતો ત્યારે ડોસલવેણ, ઝવેરશાહ તથા પચાણજી ગોહિલને રાજ્યનો કારભાર સોંપીને જતો.બીજો દીવાન હોય તો કદાચ ભૂજ છોડીને ન જાય અને માંડવીમાં પોતાના વિશ્વાસુ માણસને વહીવટદાર તરીકે નીમી દે પરંતુ હંસરાજ જાણતો

---

૩૮. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૪, પૃષ્ટ- ૨૦૦ થી ૨૦૧.

૩૯. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૭ પૃષ્ટ-૯૬૩.

હતો કે ભુજની ગાદી કાંટાની પથારી હતી.[૪૦] તેને પ્રચંડ લશ્કરી તાકાત સિવાય તે ટકાવી શકે તેમ નહોતો. હંસરાજ જેવા ધનિક વેપારી તથા મુત્સદીમાં યોગ્ય લશ્કરી વ્યવસ્થાપકપણાનો અભાવ હતો.[૪૧] તેની આ મોટામાં મોટી ખામી હતી તેથી તેને મન ભૂજ કરતાં પોતાના માંડવીનું મહત્વ વધારે હતું.

કેપ્ટન ચાર્લ્સ વોલ્ટર નોંધે છે તેમ અંજાર છોડીને ભુજ આવેલા આશકરણે હંસરાજની ભુજમાંની ગેરહાજરીનો લાભ લીધો અને તે રાયધણ સાથે પત્ર વ્યવહાર કરવા માંડ્યો.[૪૨] આથી રાયધણને આશકરણની શક્તિઓનો ખ્યાલ આવ્યો. વળી હંસરાજ રાયધણને તેનો દરમાયો નિયમિત આપી શકતો નહોતો. પરિણામે તેણે હંસરાજના નવા પ્રતિનિધિ આશકરણ પર પોતાને નજરકેદ માંથી છૂટા કરવા દબાણ કરવા માંડ્યું. અંતે તેને દીવાનપદની લાલચ મળતાં તે સહમત થઇ ગયો.[૪૩]

પાછળના બનાવો હંસરાજની નીતિને સાચી ઠરાવે છે. હંસરાજ માંડવી માટેજ યોગ્ય હતો અને તે જીવ્યો ત્યાં સુધી માંડવીને ફતેહ મહમદ લઇ શક્યો નહિ. એટલું જ નહિ હંસરાજના મરણ પછી પણ તે બળવાખોર રહ્યું.

<u>રાયધણ મુક્ત</u> :-

આશકરણે રાયધણને મુક્ત કર્યા ત્યાં સુધી આ કમનશીબ શાસક કેટલીય વખત કેદમાં પૂરાયો અને મુક્ત થયો. દર વખત કરતાં આ

---

૪૦. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૮.
૪૧. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ-૧૧.
૪૨. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૩૨, પૃષ્ટ-૫૪૮૩.
૪૩. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૩૨, પૃષ્ટ- ૫૪૮૩.

વખતનો ક્રમ જુદો હતો. દર વખતે વિદાય લેતો દીવાન તેને છૂટો કરતો અને નવો દીવાન કેદમાં પૂરતો. પણ આ વખતે નવા દીવાને તેને મૂક્ત કર્યો. કામદારની પાઘડી પહેરવાના ઉત્સાહમાં આશકરણે આ એક ગંભિર ભૂલ કરી. કારણ કે પાછળના બનાવોએ બતાવી આપ્યું છે કે, રાયધણની નીતિમાં હજુ કોઇ ધરખમ ફેરફાર થયો નહોતો. નહિંતર પોતાના મૂક્તિદાતાના મૃત્યુ લેખને વહાલી ન આપે.

લખપતની બદલાતી વફાદારી :-

ઇ. સ. ૧૮૦૩ ના ડીસેમ્બરમાં હંસરાજે લખપત કબજે કરીને મુરમીયાં નામના એક તુર્ક મુસ્લિમને સોંપ્યું. તેનો માસિક પગાર નક્કી કરવામાં આવયો. વળી તેના પર અંકુશ રાખવા પોતાના ભાઇ ટોકરશીને લખપત મોકલ્યો. છેવટે મુરમીયાં હંસરાજને બેવફા નીવડયો. તેણે ટોકરશી પાસે લખપતના ધણીપણાની રકમ માંગી. આ માગણીને ટોકરશીએ મચક ન આપતાં મુરમીયાંએ ફતેહમહમદના એજન્ટને પોતાની પાસેના બન્ને કિલ્લા સોંપી દીધા. જેથી ટોકરશીને નાસીને માંડવી ભાગી જવું પડયું.[૪૪] પરંતુ ફક્ત ૨૦ દિવસમાં મુરમીયાંની વફાદારી બદલાઇ. તેનો એક માણસ ભુજ રાયધણ પાસે કિલ્લો કોને સોંપવો તે પૂછવા આવ્યો. કારણ કે મુરમીયાં કોઇપણ પક્ષની મદદ વગર લાંબો સમય લખપત પોતાને કબજે રાખી શકે તેમ નહોતો. ભુજ દરબારે ફતેહમહમદ સિવાય બીજા કોઇને કિલ્લો સોંપવા ફરમાન કર્યું.

આ "બીજું કોઇ" એટલે હંસરાજ. પરંતુ હંસરાજ સાથે તે એક વખત દગો રમ્યો હોવાને લીધે હંસરાજે હવે મુરમીયાં પાસે જામીન માગ્યા. તેથી તેણે માંડવીમાં બાન તરીકે પોતાના નાના બાળકોને મોકલ્યાં. તે પછી હંસરાજે પોતાના એક ભત્રિજા મ કોદરના નેતૃત્વતળે ૫૦૦ સૈનિકોનું લશ્કર મોકલ્યું,[૪૫] અને તા. ૧૫-૧-૧૮૦૪ ના રોજ લખપતનો

---

૪૪. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૫૧, પૃષ્ટ-૭૨૮૨.

૪૫. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૫૫, પૃષ્ટ-૮૭૬.

સંપૂર્ણ કબજો લઇને મુરમીયાંનો માસિક પગાર નક્કી કર્યો.[૪૬] ફતેહ મહમદ આ સમાચાર જાણી બેચેન થયો.

મોરબી અને કચ્છ :-

ઇ. સ. ૧૮૦૦ માં જૂનાં આક્રમણનો બદલો લેવા કચ્છના એક સરદાર ભાણજી રામજી મહેતાએ મોરબીના વવાણિયા બંદરને ઘેરો ઘાલ્યો. પરંતુ મોરબીના એ વખતના ઠાકોર જીઓજીએ કચ્છના સૈન્યને હરાવ્યું અને ભાણજી મહેતાને કચ્છ પાછા જવું પડ્યું.[૪૭] આ ચઢાઇને કારણે મોરબી દરબારે હવે વવાણિયામાં થાણું બેસાડ્યું.[૪૮]

આ પછી ઇ. સ. ૧૮૦૧ માં મોરબી અને માળિયાએ કચ્છ પર સંયુક્ત આક્રમણ કર્યું. તેમણે કચ્છની દક્ષિણ બાજુ પર લૂંટફાટ શરુ કરી અને વાગડમાં પ્રવેશ્યા. આ આક્રમણ ધાડપાડુઓ જેવું હોવાથી ભૂજ દરબારને તેની ખબર નહોતી પડી. તેને અટકાવવાની કોઇ વ્યવસ્થા થઇ શકી નહિ. ત્યારબાદ ડીસેમ્બર ૧૮૦૨ માં કડીના ગાયકવાડી સૂબા મલ્હારરાવની સાથે મળીને જીઓજીએ કચ્છપર આક્રમણ કર્યું. પણ તેઓ કોઇ સિધ્ધિ મેળવી શક્યા નહિ. ૧૮૦૩ માં મોરબી તરફથી શાંતિ રહી.

આશકરણના અમલ વખતની આર્થિક સ્થિતિ :-

આશકરણે દીવાનપદ પ્રાપ્ત કર્યું પરંતુ તેને આર્થિક સંકડામણનો અનુભવ કરવો પડ્યો. કારણ કે તે અંજારમાં ફતેહમહમદ પાસે, મોટી રકમની માગણી પૂરી ન કરે ત્યાં સુધી પોતાનો પુત્ર બાનમાં રાખીને બેઠો હતો. આ પુત્રનો કબજો છોડાવવા તેણે અંજારનો કબજો ઝૂંટવી લેવાનો ભગિરથ પ્રયત્ન એક વખત કરેલો પરંતુ તે અંજારને તાબે કરી શક્યો નહિ. બીજી બાજુ પરગણાઓ માંથી આશકરણને કર સ્વરુપે એક

૪૬. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૫૫, પૃષ્ટ-૮૮૭.
૪૭. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ટ-૬૦૨.
૪૮. હિન્દ રાજસ્થાન, ભાગ પહેલો, પૃષ્ટ-૧૧૯.

પાઇ મળી શકી નહિ તેથી તેને નાણાની એકદમ તંગી સાલવા માંડી. પરિણામે શું કરવું તેની સૂઝ રહી નહિ. રઘવાયા થઇ તેણે ભુજના અસંખ્ય ધનાઢય શહેરીઓની મિલ્કત જપ્ત કરવાની શરુઆત કરી.[૪૯]

આશકરણનું પતન :-

એક બાજુ આશકરણ ધનિકોને લૂંટતો હતો જ્યારે બીજી બાજુ લશ્કરનો ઉપયોગ મોરબી તથા કંડી જેવાં આક્રમણોની સામે કરવાને બદલે પોતાના પુત્રનો છૂટકારો કરવા અંજાર વિરૂધ્ધ કરતો હતો. તેથી રાયધણ પણ તેના પર ખિજાઇ ગયો. વળી ભુજના લોકો, વેપારીઓનાં નેતૃત્વ તળે આશકરણ વિરૂધ્ધ થઇ ગયા. પરિણામે રાયધણે તેની ધરપકડ[૫૦] અથવા મોતનો[૫૧] હુકમ આપી દીધો. તેથી કમભાગી આશકરણ મહમદપન્નાહની મસ્જિદમાં ભરાઇ ગયો.[૫૨] અહીંયા તેને સલામતિ ન લાગી તેથી ભીડના પીરની જગ્યામાં ભરાઇ ગયો. ભીડના નાકે આવેલી ભીડના પીરની જગ્યા બહાર બાંધેલી સાંકળની અંદર કોઇ અપરાધી આવી જાય તો તેને કોઇ પકડી શકે નહિ એટલી ભીડના પીરની અદબ જાળવવામાં આવતી. કદાચ "ભીડ" શબ્દ પણ "ભીડ ભાંગવાના" પીરના આ ઉપકારક કાર્ય પરથી આવ્યો હોય તો નવાઇ નહિ. ત્યાંથી તે સિંધ તરફ ભાગી ગયો.[૫૩]

તેનું આખું જીવન હતભાગીપણાનું પ્રતીક બની ગયું હતું. તેણે ભુજનું દીવાનપદ ઇ. સ. ૧૮૦૩ સુધી જાળવી રાખ્યું હતું. પરંતુ વચ્ચે તેને બે વખત બરતરફ થવું પડેલું અને જ્યારે ફતેહમહમદે ભુજ પોતાને કબજે કર્યું ત્યારે તે વિસરાઇ ગયો હતો.[૫૪]

o o o o o o
o o o

---

૪૯. કારા ડુંગર કચ્છજા, પૃ. -૧૭૭. ૫૦. કચ્છ કલાધર, ભા. ૨, પૃ. -૪૯૧.
૫૧. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ઠ-૧૨૮.
૫૨. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી, ગ્રંથ-૫, પૃષ્ઠ-૧૫૨.
૫૩. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ઠ-૧૭૭.
૫૪. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ઠ-૧૮.



દીવાન ફતેહમહમદ નોતિયાર.

Chapter-10

-: પ્ર ક ર ણ – ૧૦ મું :-

ફતેહમહમદનું બીજું શાસન.

:ઇ. સ. ૧૮૦૩ થી ૧૮૧૩:

ફતેહમહમદનો ભુજ પ્રવેશ :-

હંસરાજે ભુજ છોડયું, આશકરણનું પતન થયું હવે ભુજમાં કોઇ વ્યક્તિ દીવાનપદ મેળવવા પ્રયત્ન કરે તેવી શક્યતા નહોતી. ચિત્રોડ પરના કડી અને મોરબીના આક્રમણે સિધ્ધ કરી દીધું કે કચ્છને આવા સંજોગોમાં એક માત્ર ફતેહમહમદ રક્ષણ આપી શકે તેમ છે. હવે ફતેહમહમદે ભુજ આવવાના પ્રયત્નો શરુ કરી દીધા. ભુજમાં જગજીવન મહેતા પાસે વાસ્તવિક સત્તા આવી હતી. તેથી જગજીવનને ફોડીને ફતેહમહમદે પોતાનો ભુજ પ્રવેશ ઘણો સરળ બનાવી દીધો. કેપ્ટન ચાર્લ્સ વોલ્ટર જણાવે છે તેમ આ વખતે ભુજના દરવાજાની ચાવીઓ ફતેહમહમદના એક શાહબુદ્દીન નામના વિશ્વાસુ માણસ પાસે હતી. જેથી તે નક્કી કરેલ તારીખે ભુજમાં પ્રવેશી શકેલો. આ બનાવ ઇ. સ. ૧૮૦૩ ના વર્ષના અંત ભાગમાં બન્યો. [૧]

ફતેહમહમદ રાયધણ સંઘર્ષ :-

ફતેહમહમદ આવે છે તેવા સમાચાર જ્યારે રાયધણે જાણ્યા ત્યારે તેણે તેનો પ્રતિકાર કરવાનું નક્કી કર્યું. કારણ કે તેના સિવાય બીજું કોઇ ફતેહમહમદ સામે ટકી શકે તેમ નહોતું. અલબત્ત તેનો પ્રતિકાર ફક્ત મહારાવ તરીકેનો હતો. તેની પાસે લશ્કરી બળ કે જનતાના ટેકાનો અભાવ હતો. છતાં દ્વારકાનાથના મંદિર પાસે તેણે ઘાયલ થયો અને જમીન પર પડી ગયો ત્યાં સુધી યુધ્ધ આપ્યું. [૨]

---

૧. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૨૮.
૨. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૨૩૨, પૃષ્ટ-૫૪૮૪.

રાયધણની નવી કેદ :-

રાયધણ ઘાયલ થતાં ફતેહમહમદની પ્રતિષ્ઠાને ધક્કો લાગ્યો.[3] પણ તેની દરકાર રાખ્યા સિવાય ફતેહમહમદે તેને નજરકેદ કરી લીધો. ફતેહમહમદની કેદ માંથી છટકવા રાયધણે શરુઆતમાં કેટલાક પ્રયત્નો કરેલા. એક વખત તો પોતાની દાદીમાં મારફત હંસરાજ સાથે પત્ર વ્યવહાર કરતાં તે પકડાઇ ગયો. તદુપરાંત આ કેદ દરમ્યાન તેણે ચાર ગુપ્તચરો અંજાર મોકલેલા.

રાયધણ ફતેહમહમદની આંખમાં ધૂળ નાખીને આવી પ્રવૃત્તિઓ કરી રહ્યો હતો. તેથી તેણે રાયધણની કેદને ઘણીજ સખત બનાવી દીધી. કેપ્ટન ડેવીડ સેટનના અહેવાલ પ્રમાણે તેને એક ખાટલો રહી શકે તેવડા ઓરડામાં પૂરવામાં આવ્યો હતો. બારણાની પાસે વધેલી થોડીક જગ્યા પાસે ફતેહમહમદના ચોકીદારો ઉભા ઉભા ચોકી કરતા. તેની સાથે જીવંત આત્માને વાત કરવાની મનાઈ હતી. આના કરતાં હંસરાજના વખતમાં રાયધણની સ્થિતિ સારી હતી.[4]

આપછી તેની સ્થિતિ ફતેહમહંમદે વિશેષ ખરાબ કરી નાખી. તારીખ ૨૫-૪-૧૮૦૪ ના અહેવાલમાં સેટને જણાવેલું તેમ તેને સ્ત્રીઓના રહેવાના ખંડમાં બદલવામાં આવ્યો હતો. મહારાવ તરીકે તેનો મોભો જળવાય તેટલા નોકરો પણ આપવામાં નહોતા આવ્યા. તેનો વારસદાર પસંદ કરવાનો હક્ક પણ પડાવી લેવામાં આવ્યો હતો.[5] પાછળથી તેની સ્થિતિ આનાં કરતાંય બદતર કરવામાં આવી. એલેક્ઝાન્ડર વોકરના અહેવાલ મુજબ, "તેને એક મેડાની ઓરડીમાં પૂરીને ત્રીસ રૂપિયા કે સો કોરી જેટલું ભથ્થું આપવામાં આવતું. જે લોકોની ફતેહમહમદે

---

૩. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૨૮.
૪. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૫૫, પૃષ્ટ-૮૭૭.
૫. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૫૬, પૃષ્ટ-૧૬૧૧.

રાયધણની પાસે રહેવા નિમણૂંક કરેલી તેમના સિવાય બીજા કોઇને તેની પાસે જવા દેવામાં આવતા નહોતા. જે વ્યક્તિ ફતેહમહમદનો આવશ્યક હુકમ લઇને આવતી તે રાજાને મળી શકતી." છતાંયે તેના કૌટુંબિક જીવન પર ઓછું નિયંત્રણ હોય તેમ લાગે છે. વોકરના શબ્દોમાં "રાયધણને ઘણી રાણીઓ હતી. તેઓ અલગ અલગ ઘરોમાં રહેતી છતાં રાયધણને વિના રોકટોક મળી શકતી."[૬]

ફતેહમહમદ સત્તાસ્થાને :-

ફતેહમહમદ હવે કચ્છમાં બિન હરીફ બન્યો. તેથી તેણે વિ.સં. ૧૮૫૯ ના વૈશાખ શુદ પાંચમના રોજ રાયધણજીના વજીરનું પદ- મહારાવશ્રી રાયધણજીનો વજીર મરદામરદ જમાદાર શ્રી. ફતેહમહમદ નોતિયાર મુજાહ-ધારણ કર્યું.[૭]

રાજકીય સ્થિતિ :-

આ વખતની કચ્છની સ્થિતિ કેપ્ટન સેટર્ને અવલોકતાં નોંધે છે કે, "હંસરાજના કબજે માંડવી અને લખપત હતું જ્યારે ફતેહમહમદની પોતાની પાસે ભુજ, અંજાર, ભચાઉ, જખૌ અને માતાનો મઢના પ્રદેશો હતા. આ ઉપરાંત મુન્દ્રાનો મહમદમીયાં સોટા અને શીશગઢનો દેદા ~~મુળજી~~ તેના પક્ષે હતા. જ્યારે વાગડ પ્રેંગ્રસામંતજીનો અધિકાર હતો."[૮] જો કે આમાં શીશગઢના દેદા મોડજીની વફાદારી શંકાસ્પદ હતી. મોડજી આ પહેલાં હંસરાજનો મિત્ર હતો. તેથી નારાયણ સરોવરના અભિયાન વખતે ફતેહમહમદે પોતાની હતાશાને વ્યક્ત કરવા માટે અને હંસરાજની દાઝ ઉતારવા શીશગઢને રંજાડયું હતું.

---

૬. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૩૨, પૃષ્ટ-૫૪૮૬.

૭. પથિક, ડીસેમ્બર ૧૯૭૩, પૃષ્ટ-૪૬.

૮. સિક્રેટ એન્ડ પોલિટીકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર- ૨૩૨, પૃષ્ટ-૫૪૮૪.

જાડેજા ભાયાતોનું આવા રાજકારણમાં ઓછામાં ઓછું વજન પડતું હતું. વળી તેઓ આ સંઘર્ષમાં ઓછામાં ઓછો રસ લેતા. તેમાંના કેટલાય પોતાના સુરક્ષિત કિલ્લાઓમાં તટસ્થ બની ગયા હતા. છતાં તેઓને હંસરાજના પક્ષે સહાનુભૂતિ હતી. [૯]

ઇ. સ. ૧૮૦૪ નો દુષ્કાળ :-

રાજકીય અને આર્થિક મુશ્કેલીઓની વચ્ચે ફતેહમહમદને ૧૮૦૪ માં દુષ્કાળ દ્વારા પ્રાકૃતિક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો. આ દુષ્કાળ વિશે ગેઝેટિયરકાર જણાવે છે કે, "ઇ. સ. ૧૮૦૪ માં અનાવૃષ્ટિથી ભયંકર દુષ્કાળ પડયો. તેનો સામનો કરવા ફતેહમહમદે ભુજમાં સસ્તા અનાજની દૂકાનો ખોલાવી જેમાં એક કોરીનું ચાર પાંતી અનાજ મળતું. (આજના હિસાબે એક રૂપિયાનું તેર કિલો ગણાય) આ વખતે વસ્તીનો મોટો ભાગ સિન્ધમાં હિજરત કરી ગયો હતો." [૧૦]

લખપતમાં નિષ્ફળતા :-

માંડવીથી લખપત સુધીનો પ્રદેશ હંસરાજ અને તેના મિત્રોના હાથમાં હતો. તેથી ફતેહમહમદ તે પ્રદેશો મેળવવાનો પ્રયાસ કરે. તેણે લખપત પર ચાર ચાર વાર આક્રમણ કર્યું. કારણ કે એ વખતે માંડવી અને લખપત ધીખતાં બંદરો હતાં. આવકની દૃષ્ટિએ પણ તે કચ્છના બીજાં શહેરો કરતાં શ્રેષ્ઠ હતાં. તેથી આર્થિક સ્થિતિને સમતોલ કરવા માટે ફતેહમહમદને માંડવી તથા લખપત જીતવાં અનિવાર્ય હતાં. કારણ કે અત્યારે તેની પાસે નાનકડું તુણા બંદર હતું. મુન્દ્રા પણ હંસ-રાજના મદદગાર પાસે હતું. એથી તેણે પ્રથમ લખપત પર નજર દોડાવી. કારણ કે માંડવી સહેલાઇથી જીતી શકાય તેમ નહોતું. પરિણામે તેણે લખપત પર ઇ. સ. ૧૮૦૪ થી ૧૮૦૮ સુધીમાં ઉપરા ઉપરી ચાર આક્રમણો કર્યાં.

---

૯. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ-૧૧ અને ૧૨.
૧૦. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૨૧૧.

નારાયણ સરોવરનો સંઘર્ષ :-

દરિયાઇ વેપારને વધુ રક્ષણ પૂરૂં પાડવા માટે હંસરાજે નારાયણ સરોવરના કિલ્લાને મહત્વનો "જંજીરો" બનાવ્યો હતો. અરબી સમુદ્રના આ ભાગ પર હંસરાજનો નૌકા કાફલો બાજની નજરે ચાંપતી તપાસ કરી રહ્યો હતો. નારાયણ સરોવરના આ નૌકા અડ્ડાએ અંગ્રેજી પરવાના અને ઈંગ્લિશ ધ્વજ સાથેનું એક ધીંગી જહાજ પકડી પાડ્યું હતું. આમ હંસરાજના નાનકડા નૌકાદળની કામગીરી ઘણી અસરકારક હતી. ફતેહ મહમદના વર્ચસ્વમાં માતાનો મઢ વિસ્તાર હતો તેથી તેણે કચ્છના આ ભાગપર આક્રમણ કર્યું. સેટન નોંધે છે તેમ ફતેહમહમદે પોતાનું તમામ લશ્કર એકઠું કર્યું. આ વિશાળ લશ્કરની સરદારી પોતાના પુત્ર તથા જગજીવન મહેતાને આપી. વળી મીયાં મહમદ સોટાના નેતૃત્વ તળે મુન્દ્રા નું લશ્કર એકઠું કરીને હંસરાજ વિરૂધ્ધ નારાયણ સરોવર સામે છાવણી નાખી. પરંતુ ફતેહમહમદ હંસરાજનો વાંકો વાળ કરી શક્યો નહિ. તે ત્રણ અઠવાડિયાં સુધી નારાયણ સરોવરના વિસ્તારમાં પડ્યો રહ્યો. આ સમય દરમ્યાન હંસરાજે લખપતના મૂરમીયાંને મનાવી તેની સાથે એક ગુપ્ત સોદો કર્યો.[૧૧]

ફતેહમહમદની રંજાડ :-

હંસરાજની સફળતાથી હતાશ થઇને ફતેહમહમદ હંસરાજના સાથી સરદાર મોડજીના શીશગઢ તરફ વળ્યો. પણ હંસરાજે તેને ત્યાંથી પીછે હઠ કરાવી, આથી ફતેહમહમદ નજીકના લુણસર ગામ પર ત્રાટક્યો. તેના સૈનિકોએ એક વૃધ્ધ ખાણિયાને મારી નાખ્યો તથા એક રાજગોરનું અપહરણ કર્યું.[૧૨]

સિંધના નિરાશ્રિતોને રાજકીય આશ્રય :-

સિંધના સોભારેલના સ્થાનિક શાસક સિંધલ રાવળે આ વખતે

---

૧૧. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૫૫, પૃષ્ટ-૮૮૮.
૧૨. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૫૫, પૃષ્ટ-૮૮૮.

કચ્છમાં રાજકીય આશ્રય લીધો. કારણ કે સિંધના મિરો તેને ખૂબજ હેરાન કરતા હતા. ફતેહમહમદે તેને ખડીરમાં ગઢડાનો કિલ્લો બંધાવી દીધો. પછી તે સિંધ ગયો નહિ અને ત્યાંજ સ્થાયી થયો. આ બનાવ વિ. સં. ૧૮૬૦ થી ૧૮૬૨ વચ્ચે બન્યો હોય તેમ લાગે છે.[૧૩]

ગજાજી સાથે વિશ્વાસઘાત :-

ફતેહમહમદની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી તે જુદી જુદી રીતે નાણું એકઠું કરતો. પલુડાના ઠાકોર પાસેથી ધમડકાના ઠાકોર ગજાજીનો ભાગ રાખીને ૨૦,૦૦૦ કોરી વસૂલ કરી. પરંતુ તેણે ગજાજીનો ભાગ આપ્યો નહિ, તેથી તેનો બદલો લેવા ગજાજીએ તેના ઘેર જઇને ફતેહમહમદ પર તલવારનો નિષ્ફળ ઘા કર્યો. ઘા ભાલા પર પડતાં ફતેહમહમદ બચી ગયો પણ ગજાજીને આ સાહસ કરતાં પોતાનો જાન ખોવો પડ્યો.[૧૪]

ગુંદિયાળીની લૂંટ :-

આપછી ફતેહમહમદે જ્યારે ગુંદિયાળી પર હુમલો કર્યો ત્યારે કેપ્ટન ડેવીડ સેટન માંડવીમાં હતો. તેને આ પ્રસંગની સંપૂર્ણ માહિતી મળી હતી. તેના નોંધ્યા પ્રમાણે ગુંદિયાળીના આ હુમલામાં કુલ આઠ માણસોને ફતેહમહમદના લશ્કરે મારી નાખ્યાં હતાં. આ ઉપરાંત મોટી સંખ્યામાં ઘોડાઓ તથા કેટલાક ઉંટો પણ લૂંટવામાં આવેલા.[૧૫] આ આક્રમણ કદાચ આર્થિક કારણસર કરાયું હોય તે બનવાજોગ છે. માંડવી અને લખપત ફતેહમહમદ પાસે ન હોવાથી તે આર્થિક બેહાલી તરફ જતો હતો તેથી આવા સંજોગોમાં ભારતનાં એક ધનિકત્તમ માનવી સુંદરજીનું ઘર અને ગામ લૂંટવાના આર્થિક ફાયદાઓ એક નાની ઠકરાત પર વિજય મેળવવા કરતાં વધુ જ હોય.

---

૧૩. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૯૨.
૧૪. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૨૯.
૧૫. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૩૪, પૃષ્ટ-૧૨૬.

ચોબારી આક્રમણ :-

ચોબારીના ઠાકોર ભુજ દરબારના હુકમોનો અનાદર કરતા હતા તેથી તેની સાન ઠેકાણે લાવવા ચોબારી પર આક્રમણ કરવામાં આવ્યું. યુધ્ધ શરુ કરતાં પહેલાં ચોબારીના એક સરદારે અબળાભારાને પડકારેલો, તેથી દુશ્મનના ઘાતનું શુકન મેળવવા મહમદમીયાંએ તેને મારી નાખ્યો. આ યુધ્ધમાં રાત્રે અવાજની દિશાઓમાં ગોળીબાર કરાયા હતા. અંતે ચોબારી સર થયું. આ વિજયથી વાગડના બીજા સરદારોની સાન ઠેકાણે આવી.

ધમડકામાં સમાધાન :-

આ પછી ફતેહમહમદ ધમડકા ગયો. પણ ત્યાં ચોબારીના પ્રસંગ માંથી બોધપાઠ લઇને તેના ઠાકોરે સમાધાન સ્વીકારી લીધું.

માળિયાએ સર્જેલી મુશ્કેલી :-

ઇ. સ. ૧૮૦૬ માં માળિયા અને મોરબીએ સંયુક્ત રીતે કચ્છના વાગડ પ્રદેશ પર આક્રમણ કર્યું. પરંતુ બન્ને વચ્ચે ઝગડો થતાં આ આક્રમણ નિષ્ફળ ગયું. [૧૬]

કચ્છ અને અંગ્રેજો :-

રાયધણના રાજ્યારોહણ પછી તેની માતાની માંદગીની સારવાર કરવા માટે મુંબઇથી જે અંગ્રેજ ડોક્ટર બોલાવવામાં આવ્યા હતા તે કદાચ કચ્છમાં પગ મૂકનાર સર્વ પ્રથમ અંગ્રેજ હશે. આ પછી અંગ્રેજો બીજા રસ્તે કચ્છમાં પ્રવેશવાનું વિચારતા હતા. ગુજરાતના ફતેસિંહરાવ ગાયકવાડને જો અંગ્રેજો પેશ્વાની દખલગીરી માંથી મુક્ત કરે તો ગાયકવાડ અંગ્રેજો માટે દખ્ખણ અને માળવા છોડી દે તેમ હતો. આ પ્રદેશની અનિયમિત સરહદો વાયવ્ય ખૂણામાં છેક કચ્છ

---

૧૬. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ટ-૬૮૨.

સુધી પહોંચતી હતી.[૧૭] જો કર્નાકની આ યોજનાનો અમલ થયો હોત તો ઇ. સ. ૧૭૭૯ માં જ અંગ્રેજોનો હસ્તક્ષેપ કચ્છમાં વધી જાત. ઇ. સ. ૧૮૦૨ માં વસઇના કરાર પછી ગુજરાતમાં અંગ્રેજોનો હાથ ઉંચો થઇ ગયો અને વડોદરામાં રેસીડેન્સી સ્થપાઇ જેથી અંગ્રેજો ગુજરાતની વધારે નીકટ આવ્યા.

સૌરાષ્ટ્રમાં ગાયકવાડના સેનાપતિ બાબાજીએ અંગ્રેજોની અનુમતિથી ત્રણ ગણી ખંડણી વસૂલ કરી હતી. ગાયકવાડ અને સૌરાષ્ટ્રના પેશકશીના સીધા સંબંધને લીધે અંગ્રેજો ગાયકવાડના પેટમાં હોય તે રીતે મદદગારની માફક વર્તતા હતા.[૧૮] પરંતુ કચ્છ અને ગાયકવાડ વચ્ચે સૌરાષ્ટ્રના સંબંધો કરતાં ભિન્ન સંબંધો હોવાથી સ્વાભાવિક છે કે અંગ્રેજો સીધી રીતેજ કચ્છનો સંપર્ક સાધવાની તૈયારી કરતા હતા.

કેપ્ટન સેટન અને ઇ. સ. ૧૮૦૨ નો પ્રસ્તાવ :-

તેથી ઇ. સ. ૧૮૦૨ માં કેપ્ટન સેટનને કચ્છ મોકલવામાં આવ્યો. એ વખતે ભુજ અને મોટા ભાગના કચ્છનો વાસ્તવિક અધિપતિ દીવાન હંસરાજ હતો. તેને અંગ્રેજોની શક્તિનો ખ્યાલ આવી ગયો હોવાથી તથા ફતેહમહમદ જેવા હરીફને કોઇપણ સંજોગોમાં મહાત કરવાની પોતામાં શક્તિ ન હોવાથી તેણે કચ્છના લાંબા ભવિષ્યનો વિચાર કરીને સંધિની નીચે મુજબ દરખાસ્તો કેપ્ટ સેટન સમક્ષ રજૂ કરી.[૧૯]:-

૧. અંગ્રેજોની કંપની સરકાર અને કચ્છ રાજ્ય વચ્ચે પરસ્પર સંરક્ષણનો કરાર કરવો.

૨. જ્યારે કચ્છના રાજાને બાહ્ય અને આંતરિક દુશ્મનો સામે માનનીય કંપનીની લશ્કરી ટુકડીઓની મદદની જરૂર પડે ત્યારે તે કંપની સરકારે આપવી.

---

૧૭. ધી ગાયકવાડ ઓફ બરોડા ઈંગ્લિશ ડોક્યુમેન્ટ, વો. ૩, પૃ. ૪૫ને૪૬.
૧૮. સર જહોન માલકમની મિનિટ.
૧૯. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ ડાયરી નં. -૧૩૩, પૃષ્ટ-૭૭૨૪ થી ૭૭૨૬ અને અચીસન્સ ટ્રીટીઝ, વોલ્યૂમ ૪ થું, પૃષ્ટ-૩.

૩. જ્યારે કચ્છના રાજાને કંપનીના લશ્કરની જરૂર પડે ત્યારે તેને લશ્કરી ટુકડીઓનો યોગ્ય અંદાજી ખર્ચ આપવાનો રહેશે.

૪. કંપની સરકારની લશ્કરી ટુકડીઓ કચ્છમાં જે જગ્યાએ છાવણી નાખશે તે જગ્યાની પૂરી માલિકી તથા સાર્વભૌમત્વ રાજા તેમને આપશે.

૫. માનનીય કંપનીને જે જગ્યા રાજા તરફથી આપવામાં આવશે તે જગ્યા પાસે કચ્છના રાજાની સરકાર કોઇ થાણું કે ચોકી સ્થાપશે નહિ.

૬. જમીન, પાણી કે અન્ય સગવડોના ઉપયોગ માટે કંપની પાસેથી કચ્છ સરકાર કોઇપણ જાતનો વેરો કે કિંમત લેશે નહિ.

૭. અંગ્રેજી લશ્કરની છાવણી માટે જે સાધનો ખરીદવામાં આવશે તેમાં રાજા કે દીવાન દખલગીરી કરી શકશે નહિ.

૮. કચ્છનો રાજા જે ધર્મ પાળે છે, તે ધર્મે પવિત્ર માનેલાં ગાય, બળદ, વાછરડું, ભેંસ, પોપટ અથવા કબૂતરનો વધ કોઇપણ અંગ્રેજ કરી શકશે નહિ.

૯. રાજાના દેશમાં આવેલાં તમામ પૂજાનાં સ્થળોને અંગ્રેજો માન આપશે.

૧૦. માનનીય કંપની સરકારની મંજૂરી સિવાય કોઇપણ યુરોપિયનને કારખાનું કે કોઠી સ્થાપવાની રજા નહિ અપાય.

૧૧. ઇસ્ટ ઇન્ડિયા કંપનીને રાજા આવું કારખાનું કે વેપારી કોઠી સ્થાપવાની રજા આપે છે.

૧૨. માંડવી શહેર ધાર્મિક યાત્રાધામ છે. તેમાં રહેતી જનતા શાકાહારી છે. તેથી કંપનીના નોકરોએ આ શહેરમાં રહેવું નહિ. માંડવીમાં કંપનીની ઓફિસો તથા વોડ હાઉસો રહેશે. કંપનીના નોકરોને આ સિવાય જ્યાં રહેવું હોય ત્યાં રહી શકશે. તેઓ કિલ્લેબંધી કરી શકશે નહિ. વળી માંડવી શહેરનાં કંપનીના ગોડાઉનો પર હથિયારધારી ચોકીદારો રાખી શકાશે નહિ.

૧૩. માનનીય કંપની પોતાના આયાતી માલ અથવા મુખ્ય માલની જકાત પાંચ ટકાના દરે આપશે. આ ઉપરાંત નીચે આપેલ આયાત નિકાશનાં માલની સૂચિ મુજબની વસ્તુઓ પર વેરો આપશે. આયાતમાં દરેક જાતનું બરછટ કાપડ, તાંબું, લોખંડ, પતરું, પોલાદ

અને નિકાશમાં ઘોડા તથા બીજો કાચો માલ રહેશે.

૧૪. બન્ને સરકારો વચ્ચે સુંદરજી માધ્યમ તરીકે અને પેઢીઓના દલાલ તરીકે રહેશે.

૧૫. જો માનનીય કંપનીની ઇચ્છા ઓખાના ચાંચિયાઓ પર આક્રમણ કરવાની હશે તો કચ્છના મહારાવ અંગ્રેજોને મદદ કરશે અને અંગ્રેજ લશ્કરને કચ્છીગઢમાં ઉતરવા દેશે.

૧૬. બન્ને સરકારના લશ્કરો બેટ, દ્વારકા અને ઓખા મંડળમાં જ્યાં જ્યાં ચાંચિયા વસતા હોય તે પ્રદેશ લઇ લેશે. આ પ્રદેશો લીધા પછી માલગુજારી હંસરાજ અને સુંદરજીના હાથમાં રહેશે. આ મહેસુલનો ચોથો ભાગ કચ્છના રાજાને મળશે તથા પોણો ભાગ માનનીય કંપનીનો રહેશે. બેટ અને દ્વારકા હિન્દુઓના યાત્રાધામો હોવાથી ત્યાં કચ્છી લશ્કરનું થાણું રહેશે. વળી ઓખા મંડળનો વહીવટ હંસરાજ તથા સુંદરજી હસ્તક રહેશે. કચ્છ અને કંપનીના લશ્કરનો ખર્ચ તેઓ પોતે જ ભોગવશે.

૧૭. જો કચ્છના રાજાને મુંબઇમાં વેપારી પેઢી ખોલવાની કંપની સરકાર રજા આપશે તો કચ્છના રાજા તેમના માલની જકાત, કચ્છમાં માનનીય કંપનીની જેમજ બીજા વેપારીઓ જેટલી આપે છે તેનાં કરતાં અડધી આપશે.

ઉપરોક્ત કલમો વાળી સંધિ સ્વીકારવાનું હંસરાજ તરફથી કેપ્ટન સેટનને કહેવામાં આવ્યું. સંધિની કલમો જોતાં લાગે છે કે બહુજ બુધ્ધિમત્તાપૂર્ણ રીતે હંસરાજે અંગ્રેજો સમક્ષ રજૂ કરી હતી. તેને સ્વીકારવાથી અંગ્રેજોને અંશતઃ લાભ હતો. જ્યારે કચ્છને સહેજ ખોવાનું હતું પણ તેની સામે કચ્છને જે વ્યાપારિક અને રાજકીય લાભો મળવાના હતા તે વધારે હતા.

આ પ્રસ્તાવ પર કચ્છના અનેમોટા ભાગના અંગ્રેજ લેખકોએ ઘણું લખ્યું છે. તેઓએ "હંસરાજે કચ્છ અંગ્રેજોને ઇ. સ. ૧૮૦૨ માં સોંપી દેવાની તૈયારી બતાવી" તેમ કહીને તેની ખૂબ ટીકા કરી છે. શ્રી. વિલિયમ્સના મત મુજબ આ દરખાસ્તો દ્વારા હંસરાજ એમ કરવા માગતો હતો કે, જો કંપની ફતેહમહમદ અને પોતાના વચ્ચેના ઝગડામાં પડીને માનભર્યું

સમાધાન કરાવી આપે તથા મહારાવને તેમના મોભા પ્રમાણે વર્ષાસન બાંધી આપે તો તે કચ્છનો પ્રદેશ કંપનીને સોંપી દેવા તૈયાર છે.[૨૦] સરજોન માલકમ પણ રાયધણ અને તેના કુટુંબના વર્ષાસનની શરતે કચ્છ સોંપવાનું જણાવે છે.[૨૧] જ્યારે શ્રી છાયા નોંધે છે કે, "આ કારભારી એ એટલી હદ સુધી નમતું મૂક્યું કે રાયધણજી માટે રાજધાનીનું શહેર રહેવા દઇ બાકીનું આખું કચ્છ કંપની સરકારને સૂપ્રત કરી આપવું અને તેના બદલામાં સરકારે રાઓશ્રી તથા ફતેહમહમદ વચ્ચેની ખટપટનો અંત આણવો."[૨૨] શ્રી. છાયા જેમ્સ બર્ન્સને અનુસર્યા હોય તેમ લાગે છે.[૨૩] ખરેખર હંસરાજે આવી દરખાસ્તો રજૂ કરી હોત તો એક પણ ઘડીના વિલંબ સિવાય અંગ્રેજોએ તેનો સ્વીકાર કર્યો હોત અને કચ્છને મધ્યમાં રાખીને છેક ઇરાન સુધી ફેલાય તેવા નવા સામ્રાજ્યના પાયા નાખ્યા હોત. પરંતુ હંસરાજે જે શરતો રજૂ કરી તે સમાનતાના ધોરણની હતી, જેનો સ્વીકાર કંપની કરે નહિ.

છતાંય અંગ્રેજોના અસ્વીકારના કારણો જુદા જુદા લેખકોએ તેમના દૃષ્ટિકોણથી આપ્યાં છે. શ્રી. વિલિયમ્સ નોંધે છે તેમ અંગ્રેજોને કચ્છના મામલામાં પડવાથી કાંઇ લાભ દેખાયો નહિ. તદુપરાંત મરાઠાઓ પણ તે સમયે પોતાની સર્વોપરિ સત્તા જમાવવા તનતોડ પ્રયત્નો કરી રહ્યા હતા. તેજ વખતે કચ્છ જેવા પ્રદેશની જવાબદારી માથે લેવાનું તેમને હિતાવહ લાગતું નહિ હોય એમ સ્પષ્ટ સમજાય છે.[૨૪] જ્યારે શ્રી. લીવારનર માને છે કે, કચ્છ સાથે દોસ્તી કરવામાં અંગ્રેજોને એ ભય હતો કે જો દોસ્તી થશે તો દેશમાં ગડબડ ઉઠતાં વચ્ચે પડવા વારંવાર બોલાવવાનું થશે.[૨૫] તેમના મત મુજબ "કચ્છનો બંદોબસ્ત કરવો એ વધારે

---

૨૦. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૭૬.
૨૧. જ્હોન માલકમની મિનિટ.
૨૨. સ્વદેશ દીપોત્સવી, વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ-૪૪.
૨૩. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, વિભાગ બીજો, પૃષ્ટ-૧૩.
૨૪. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૭૭.
૨૫. હિન્દુસ્તાનના રક્ષિત રાજાઓ, પૃષ્ટ-૧૨૬.

મુશ્કેલી ભરેલું હતું. તેનું પરિણામ આજ પર્યંત નક્કી થયું નથી. હિન્દુસ્તાનના ઇતિહાસની કોઇ બીજી મુદતે આ સવાલ નિરાકરણ માટે નીકળયો હોત તો તેનો ફડચો જુદી રીતે થઇ ગયો હોત. પંદરમી સદીમાં જાડેજા રજપૂતો સિંધમાંથી કચ્છમાં આવ્યા. તેઓ ફ્રાન્સમાં ચાલે છે તેવો ભાયો ભાગનો રિવાજ પોતાની સાથે લાવ્યા. બીજાં નજીકનાં રાજ્યોમાં ગૂંચવાડો ચાલ્યો. તેમાંથી દરિયા અને રણમાં આવેલા કચ્છને મુક્ત રહેવાનું થયું. તેથી તેમાં અંદરોઅંદર લડાઇ ચાલ્યા કરી. વગર હક્કે ગાદી પચાવી પાડવામાં આવતી હતી અને બંડ થતાં તો પણ ઇ. સ. ૧૮૦૯ સુધી વચ્ચે પડવાનો કંપનીને જોગ આવ્યો નહિ." આ પરથી લાગે છે કે, અંગ્રેજો કચ્છને પોતાનો શિકાર બનાવવા તૈયાર હતા પરંતુ તેમને માટે ભાયાતોનો પ્રશ્ન કદાચ બીજી સમસ્યાઓ ઉભી કરે તેવો હતો.

ઇ. સ. ૧૮૦૨ ની હંસરાજની દરખાસ્તોના અસ્વીકારનું સાચું કારણ તો હંસરાજે દરખાસ્તો પછી લીધેલા વલણમાં હતું. તેણે અંગ્રેજ સરકારને લખેલું કે અમારે કબજે એક બંદર રહેવું જોઇએ. કચ્છમાં બે બંદરો હતાં તેમાં મુન્દ્રા ફતેહમહમદ વતી મહમદ સોટાના હાથમાં હતું. તેથી કચ્છમાં બાકી માંડવી બંદર રહેતું હતું. તેથી ભવિષ્યના હંસરાજ અને ફતેહમહમદના સમાધાનમાં માંડવી બંદર જ હંસરાજને મળે તેવું સૂચન આ દરખાસ્તમાં થતું હતું. વળી હંસરાજની પાસે ગ્રામ્ય વિસ્તારોમાં ક્યાંય ચોકીઓ હતી નહિ. છતાંય તેણે અંગ્રેજોને ઓફર કરી હતી કે જો આવી ચોકીઓ ક્યાંય હશે તો તે અંગ્રેજોને સૂપ્રત કરાશે. વળી આવા ગામની પાસેનો દરિયા સુધીનો પ્રદેશ અંગ્રેજોને આપવાનો હતો. અલબત્ત ગામ બંદરથી વધારે નજીક હોવું જોઇએ. વળી આ યોજનાનો અમલ કરતાં ગામડાંઓની ફેરબદલીનો પ્રશ્ન ઉભો થાય તો કિલ્લાઓ હંસરાજના કબજે રહેવાના હતા.[૨૬] અંગ્રેજો હંસરાજ અને ફતેહમહમદ વચ્ચે સમાધાન કરાવી આપે પછીજ આ યોજનાનો અમલ કરવાનો હતો.

---

૨૬. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૩૩, પૃષ્ટ-૭૭૩૨.

હંસરાજે રજૂ કરેલી આ નવી શરતોનો મુંબઇના ગવર્નર પાસે કોઇ જવાબ હતો નહિ. તેથી તેની કાઉન્સીલે ઠરાવ પસાર કર્યો કે આ બાબતમાં ગવર્નર જનરલનો સંપર્ક સાધ્યા પછી જ આગળ વધવું.[૨૭]

ઇ. સ. ૧૮૦૨ પછીની દરખાસ્તો :-

કંપનીએ હંસરાજની દરખાસ્તો તરત ન સ્વીકારી તેથી તે નિરાશ થયો નહિ. તેને બદલે ઇ. સ. ૧૮૦૩ માં તેણે કોઇપણ જાતના ફેરફાર સિવાય આ દરખાસ્તો કંપની સમક્ષ રજૂ કરી.[૨૮] ફરી પાછી બીજા વર્ષે ઇ. સ. ૧૮૦૪ માં એજ દરખાસ્તો બમણા ઉત્સાહથી મુંબઇમાં રજૂ કરવામાં આવી. તેમાં તો કચ્છના રક્ષણ માટે સહાયકારી સંધિની રૂએ લશ્કરી ટુકડી મૂકવાની માગણી કરી હતી.[૨૯]

આ વખતે ફતેહમહમદની ભીંસ વધતાં હંસરાજને આવી સમજૂતી કરવાની ઘણીજ ઉતાવળ હતી. એથી તેણે પહેલાં કરતાં કેટલીક છૂટછાટો મૂકી. હવે તે પોતાની પાસેના પ્રદેશનો અડધો ભાગ અંગ્રેજોને આપવા તૈયાર થયો. તેની આ નવી યોજના મુજબ કચ્છમાં નાગરિક અને લશ્કરી એવી બે સરકારો સ્થાપવાની હતી. નાગરિક સરકારને રાયધણની સાથે રહીને જમીન તથા અન્ય મહેસૂલ ઉઘરાવવાનું હતું. જ્યારે લશ્કરી સરકાર નો સંબંધ કચ્છના સંરક્ષણ સાથે હતો. તેમાં કંપનીનો હાથ ઉંચો હતો. કચ્છની કુલ આવક માંથી મહેસૂલ ઉઘરાવવાનું ખર્ચ બાદ કરીને બન્ને સરકારોએ આવક સરખા ભાગે વહેંચી લેવાની હતી.[૩૦] આ દરખાસ્તનો પણ બ્રિટિશ સરકારે અસ્વીકાર કર્યો.

આ અસ્વીકારનું કારણ આર્થિક હતું. કેપ્ટન ડેવીડ સેટન ઇ. સ. ૧૮૦૪ ની કચ્છની કુલ આવક દસ લાખ રૂપિયા બતાવે છે. એ વખતે

---

૨૭. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ ડાયરી નંબર-૧૩૩, પૃષ્ઠ-૭૭૩૬.
૨૮. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, વિભાગ બીજો, પૃ. ૧૩ ને ૧૪.
૨૯. સર જ્હોન માલકમની મિનિટ.
૩૦. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૫૫, પૃષ્ઠ-૮૭૮.

આ આવક ઉઘરાવવાનો ખર્ચ ચાર લાખ રૂપિયા થતો હતો. એટલે કચ્છની પાસે છ લાખ રૂપિયા રહેતા. આ છ લાખ રૂપિયાની પૂરાંત સામે જો એક હજારનું ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું લશ્કર કચ્છની લશ્કરી વ્યવસ્થા સાથે જોડવામાં આવે તો આર્થિક સ્થિતિ નીચે પ્રમાણે થતી હતી.[૩૧] :-

લશ્કરની વિગત.	ખડું લશ્કર.	ભાયાતોનું લશ્કર.	લશ્કરનો ખર્ચ.
૧. બ્રિટિશ તોપદળ અને દેશી પાયદળ.	૧૦૦૦	—	રૂા. ૨,૨૫૦૦૦
૨. રાજાનું લશ્કર.	૧૦૦૦	૫૦૦	રૂા. ૧,૫૬૦૦૦
૩. હંસરાજના સિરબંધીઓ.	૩૦૦૦	--	રૂા. ૧,૮૦૦૦૦
૪. જાડેજા ભાયાતો અને અન્ય જમીનદારોનું લશ્કર	--	૩૦૦	:રાજ્યના ખજાના પર તેનો ભાર નહોતો. :

આમ કુલ ખર્ચ રૂપિયા પાંચ લાખ એકસઠ હજાર થતો હતો. તેની સામે પૂરાંત રૂપિયા ૩૯૦૦૦ રહેતી. આટલી મામૂલી રકમ માંથી રાયધણનો વ્યક્તિગત ખર્ચ નીકળી શકે નહિ, તો પછી બીજો ખર્ચ ક્યાંથી નીકળે ? એટલે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના એક હજાર સૈનિકો કચ્છની આર્થિક સ્થિતિ જોતાં કચ્છને પરવડે તેમ નહોતા.

હંસરાજની બે સરકારની દરખાસ્ત મુજબ દરેક સરકારને ભાગે ત્રણ લાખ રૂપિયા આવે. આ ત્રણ લાખની સામે નાગરિક સરકાર જે કચ્છીઓની હતી તેને ચોક્કસ ફાયદો થાય. કારણ કે લશ્કરી સરકાર અલગ થતાં હંસરાજના શિરબંધીઓનો ખર્ચ અને રાયધણના લશ્કરનો મળીને કુલ ત્રણ લાખ કરતાં વધારે ખર્ચ બચી જતો હતો. તેની સામે લશ્કરી સરકાર જો અંગ્રેજોની બહુમતીવાળી હોય તો પણ કંપનીના હજાર સૈનિકોનો

---

૩૧. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર- ૧૫૬, પૃષ્ઠ-૧૩૧૫.

ખર્ચ સવા બે લાખ રૂપિયા આવે. પૂરાંતવાળા પંચોતેર હજાર રૂપિયા માંથી અંગ્રેજો પોતાનો વહિવટ ન કરી શકે. ટૂંકમાં જો હંસરાજની દરખાસ્તોને સમગ્ર કચ્છના સંદર્ભમાં સ્વીકારવામાં આવે તો અંગ્રેજોને કોઇપણ જાતનો ફાયદો નહોતો થતો. જ્યારે હંસરાજને તેથી ઘણાજ લાભો થતા હતા. તેથી સ્વાભાવીક છે કે, અંગ્રેજો આ દરખાસ્તોને આવકારવા તૈયાર ન થાય. એજ રીતે કેપ્ટન સેટનની આંકડાકીય માહિતીને આધારે એવું લાગે છે કે આવી સંધિ હંસરાજ સાથે પણ શક્ય નહોતી. કારણ કે તે માંડવીની આવક રૂપિયા ચાર લાખ બતાવે છે તેમાંથી ઉઘરાણાનો ખર્ચ રૂપિયા એક લાખ બાદ કરતાં ચોખ્ખી પૂરાંત ત્રણ લાખ રૂપિયાની રહે છે. આ ત્રણ લાખ રૂપિયા માંથી દોઢ લાખ રૂપિયા તો તે પોતાના સાર્વભૌમ રાયધણને આપવા બંધાયેલ હતો. તેની સામે માંડવીનો લશ્કરી ખર્ચ આ પ્રમાણે અંદાજવામાં આવ્યો હતો:-

	લશ્કરની વિગત.	લશ્કરની સંખ્યા.	લશ્કરનો ખર્ચ.
૧.	ગોરી ટુકડી.	૫૦૦	રૂા. ૮૪,૦૦૦
૨.	કચ્છી ઘોડેસવારો.	૫૦૦	રૂા. ૯૬,૦૦૦
૩.	દેશી પાયદળ.	૭૦૦	રૂા. ૪૨,૦૦૦

આમ માંડવીનું કુલ ખર્ચ રૂપિયા બે લાખ બાવીસ હજાર થતાં તેની ચોખ્ખી આવક દોઢ લાખની સામે માંડવીનાજ વહીવટમાં રૂપિયા બોતેર હજારની ખાદ્ય રહેતી હતી. એટલે અંગ્રેજોની દૃષ્ટિએ માંડવી સાથે પણ કોઇ સહાયકારી સંધિ શક્ય નહોતી. આમ વ્યવહારમાં કચ્છમાં કોઇની સાથે આર્થિક રીતે સંધિ શક્ય નહોતી. આ બધાનો આધાર સેટનને આપવામાં આવેલી માહિતી પર હતો. બાકી રાયધણને દોઢ લાખ રૂપિયા આપવાની બાબત સૈધ્ધાંતિક હતી. તેનો ભાગ્યે જ વ્યવહારમાં અમલ થતો હતો. આમ કુટનીતિના ક્ષેત્રે હંસરાજ મેદાન મારી ગયો. તેથી તે સમગ્ર કચ્છ અંગ્રેજોને સોંપી દેવા માગતો હતો, તેવો આક્ષેપ બિન પાયાદાર સાબિત થાય છે. નહિતર આ વખતે કચ્છ માં હસ્તક્ષેપ કરવા માટે કંપનીને કેટલાં મોરબી જેવાં રાજ્યો સહકાર

આપવા તૈયાર હતાં.[૩૨]

ફતેહમહમદ અને અંગ્રેજો :-

આ વખતે અંજારમાં બેઠો બેઠો ફતેહમહમદ પણ અંગ્રેજોનો સંપર્ક સાધવાનો પ્રયત્ન હંસરાજની માફક જ કરી રહ્યો હતો. મોરબીના કિલ્લામાં રહેલા જગદીશ મહેતા ધ્વારા તે અંગ્રેજોની હિલચાલ પર નજર રાખતો હતો. તેણે કર્નલ વોકરનો પ્રતિનિધિ મૌલવી મહમદઅલી મોરબી આવ્યો ત્યારે તેને પોતાની પાસે મોકલવા જગદીશ મહેતાને લખેલું. મહમદઅલીના એક પત્ર પરથી ખ્યાલ આવે છે કે, ફતેહમહમદે પોતાનો એક દૂત ખંભાતમાં કોઇ બ્રિટિશ અધિકારીની પાસે મોકલ્યો હતો. આના પરથી લાગે છે કે ફતેહમહમદ પણ અંગ્રેજો સાથે સારા સંબંધો રાખીને હંસરાજની માફક આગળ વધવા માગતો હતો.

ફતેહમહમદ અને હંસરાજ વચ્ચે સમાધાનના પ્રયાસો :-

આની સાબિતી ફતેહમહમદની તારીખ ૨૩-૪-૧૮૦૪ ની, બન્ને પક્ષોએ અંગ્રેજોના વડપણ નીચે સમાધાનની શરતો નક્કી કરી લેવી જોઇએ, એવી કરવામાં આવેલી દરખાસ્તમાં મળે છે. આ માટે બન્નેની લશ્કરી ટુકડી અને અંગ્રેજોની હાજરીમાં મંત્રણા કરવાની યોજના પણ રજૂ કરી. છેવટે બન્ને પક્ષો ભાયાતોનો નિર્ણય માન્ય રાખવા તૈયાર થયા.

આ નિર્ણય લેતી વખતે બન્ને પક્ષના ટેકેદારો તથા તેમના ઉચ્ચ કર્મચારીઓએ કાં તો ગેરહાજર રહેવું અથવા પોતાના તમામ પક્ષકારોને શાંત રાખવા. હંસરાજના પ્રતિનિધિ તરીકે સુંદરજી તથા મોડજીને પસંદ કરવામાં આવ્યા. જ્યારે ફતેહમહમદના પક્ષે મહમદ સોટા અને નુકોજીને માન્ય કર્યા. આ ઉપરાંત બીજા દસ જાડેજાઓએ તેમને કેરા આવીને

૩૨. કાઠિયાવાડ અને ગુજરાતના કેટલાંક પરગણાં વિશે લેફટેનંટ કરનલ આલેકસાંડર વાકર સાહેબે કરેલા રીપોર્ટો, પૃ.૮-૮.

મળવાનું હતું. આ દસમાં સાત જાડેજા ભાયાતો હતા. તેઓમાં કેસરાજી, જીઆજી, કાકાભાઇ, નાથાજી, પ્રાગજી અને કુંવરજી નામના બીજા બે જાડેજાઓનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત ઓધવજી, નાના બુટજી અને કૃષ્ણજી એમ ત્રણ કામદારો હતા.

ઉપરોક્ત દસને એ વખતે ચોવટિયા તરીકે ઓળખવામાં આવતા. આ યોજના મુજબ તેઓ બધા ૨૨ મી તારીખે કેરા આવે, પછી બન્નેના પ્રતિનિધિઓ ત્યાં જાય અને બન્ને પક્ષને માન્ય નિર્ણય લેવાઈ જાય પછી પંદર કે વીસ દિવસે હંસરાજ અને ફતેહમહમદે કેરા જવું.[33] ટૂંકમાં ભાયાતો સર્વાનુમતે માન્ય નિર્ણય લે તેવા તમામ પ્રયત્નો કરવામાં આવ્યા પણ બન્નેના બે મજબૂત ટેકેદારો મહમદ સોટા અને દેદા મોડજીને અશાંતિ ચાલુ રાખવામાં પોતાનું હિત દેખાતું હતું. તેમને પોતાની પાસેના પ્રદેશોની આવક માંથી એક પાઇ પણ કોઇને આપવાની નહોતી. તેથી જો કોઇ સમજૂતી થાય તો તેમને પણ ભૂજની નવી કેન્દ્ર સરકારને કાંઇક આપવું પડે.[34] આને કારણે છેવટે આ યોજના પણ સફળ ન થઇ શકી.

ફરી સંઘર્ષને માર્ગે :-

આમ સુલેહ ન થતાં બન્ને પક્ષો વચ્ચે ફરી સંઘર્ષ શરુ થયો. તારીખ ૧૩ મી અને ૧૮ મી ઓક્ટોબર ૧૮૦૪ ના રોજ લખપતમાં હંસરાજ અને ફતેહમહમદ વચ્ચે યુધ્ધ થયું. હવે હંસરાજ કડક બન્યો હતો. તેણે અંગ્રેજો ના હિન્દી પ્રતિનિધિ મૌલવી મહમદ અલીને કહેલું કે, જો ફતેહમહમદને સુલેહ કરવી હોય તો તેણે ભુજ છોડીને રાયધણ હુકમ કરે તેવી જાગીર માં ખસવું પડશે. આ ઉપરાંત તે ૬૦૦૦ રૂપિયા રોકડા આપવા તૈયાર હતો. એથી વધારે નાણું તે કોઇપણ સંજોગોમાં નહિ આપે.[35]

---

૩૩. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૫૬, પૃષ્ટ-૧૬૦૭.
૩૪. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૫૬, પૃષ્ટ-૧૬૧૧.
૩૫. ફોરેઇન એન્ટ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૬૨, પૃષ્ટ-૪૬૪૦.

આ પછી ફતેહમહમદ અને હંસરાજ ભુજ પાસે મળ્યા પરંતુ ફતેહમહમદ આવી આકરી શરતો સ્વીકારવા તૈયાર નહોતો.[36] બે વર્ષ સુધી બન્ને પક્ષોએ પરસ્પરના પ્રદેશોમાં છમકલાં કર્યે રાખ્યાં. ઇ.સ. ૧૮૦૬ માં ફરીથી ફતેહમહમદે મોટું લશ્કર ભેગું કરીને લખપત પર ચઢાઇ કરી પરંતુ તેને નિષ્ફળ થઇને પાછું આવવું પડ્યું.[37]

ઇ.સ. ૧૮૦૬ નો સુંદરજીનો પ્રસ્તાવ :-

ફતેહમહમદને ખસેડવા માટે સુંદરજી ખૂબજ ઉત્સુક હતા. આથી તેમણે ૧૮૦૬ માં કેપ્ટન ડેવીડ સેટનને જણાવેલું કે બ્રિટિશ સરકાર કોઇ ચોક્કસ કરાર કરે તે પહેલાં એક લશ્કરી ટુકડી ફતેહમહમદને કચ્છની બહાર કાઢી મૂકવા આપે. જો આવી મદદ કરવામાં આવશે તો તેના ખર્ચ પેટે રૂપિયા સાડત્રીસ હજાર સુંદરજી રોકડા ગણી આપશે. અથવા જો બ્રિટિશ સરકારને કચ્છમાં કોઇ પ્રદેશ જોઇશે તો તે આપવામાં આવશે.[38]

રાયધણનો દૂત ગવર્નર ડંકન પાસે :-

ફતેહમહમદની સજ્જડ કેદમાં હોવા છતાં રાયધણે પોતાની રીતે તેમાંથી છૂટવાનો અને વાસ્તવિક સાર્વભૌમ બનવાનો પ્રયત્ન કરેલો. તા. ૩૦-૧૨-૧૮૦૬ ના રોજ મુંબઇના ગવર્નર જોનાથન ડંકને તેની કાઉન્સીલ માં કરેલા નિવેદન પરથી રાયધણની આવી પ્રવૃત્તિઓનો ખ્યાલ આવે છે.

૨૯ મી તારીખે રાયધણનો ગોડજી નામનો એક ખાનગી અને અત્યંત વિશ્વાસુ નોકર જોનાથન ડંકનને રાયધણના ગુપ્ત પ્રતિનિધિ તરીકે

---

૩૬. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાકરી નં. -૧૬૫, પૃષ્ટ-૭૮૦.
૩૭. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૮૫, પૃષ્ટ-૬૧૩૮.
૩૮. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૮૫, પૃષ્ટ-૬૧૩૯.

મળવા આવ્યો. તેની પાસે પોતાની હેશીયત સાબિત કરવા માટે લિખિત કશુંય નહોતું. કારણ કે ફતેહમહમદની સખત કેદને કારણે એ શક્ય બની શક્યું નહોતું. છતાંય તેણે આપેલા અહેવાલ પરથી તેની વાત સાચી લાગી તેથી ગવર્નર ઇન કાઉન્સીલે પોતાના ઠરાવમાં પહેલું વાક્ય મૂકેલું કે, "આ પ્રતિનિધિ મંડળને રાયધણની મંજૂરી મળી હોય તેમ લાગે છે."

તેણે ડંકનને જણાવ્યું કે, રાયધણ આપની મદદથી ફતેહમહમદની કેદ માંથી મુક્ત થવા ઇચ્છે છે. વળી રાયધણ ગાંડો થઇ ગયો છે તેમ જે કહેવાતું હતું તે પણ અસત્ય હતું. આ વાત રાયધણના દુશ્મનોએ ફેલાવી હતી. ગોઙજીના કહ્યા પ્રમાણે તેની લાગણીઓ કોઇપણ માનસિક શ્રમ આપે તેવા પ્રશ્નને સમજવાને સમર્થ હતી.[૩૯] રાયધણે જ પોતાને એક કરાર કરવા જામનગર મોકલેલો. જો તેની ખબર ફતેહમહમદને ન પડી હોત તો તેને મુંબઇ સુધી મદદ માટે આવવું ન પડત.

જોનાથન ડંકને ગવર્નર ઇન કાઉન્સીલમાં નિવેદન કરતી વખતે શરુઆતમાં જ જણાવી દીધેલું કે, "આપણે આ વિષય પર કશું કરવાનું નથી." તેથી ગવર્નર ઇન કાઉન્સીલે કચ્છમાં હસ્તક્ષેપ નહિ કરવાનો ઠરાવ પસાર કર્યો.[૪૦]

ઇ.સ. ૧૮૦૭ ની દરખાસ્ત :-

હંસરાજની અત્યાર સુધીની દરખાસ્તો ન સ્વીકારવા માટે અંગ્રેજો કારણ આપતા કે દરખાસ્તો આયાય કચ્છનું પ્રતિનિધિત્વ કરતી નથી. તેથી ૧૮૦૭ ની દરખાસ્ત રાયધણની વતી તેના બન્ને દીવાનો હંસરાજ અને ફતેહમહમદે રજૂ કરી. છતાંય આ વખતે બ્રિટિશ સરકારે

---

૩૯. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર -૧૯૫, પૃષ્ટ-૧૦૪૦૯ અને ૧૦૪૧૦.
૪૦. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૯૫, પૃષ્ટ-૧૦૪૧૦ થી ૧૦૪૧૩.

"અમે કચ્છની બાબતમાં હસ્તક્ષેપ કરવા માગતા નથી"[૪૧] તેવો જવાબ આપ્યો.

કચ્છ અને જામનગરના ઝગડામાં અંગ્રેજોની મધ્યસ્થી:-

જામનગર અને કચ્છ વચ્ચે વાઘાભાની ખંડણીનો ઝગડો હતો. આ પ્રશ્નનું નિરાકરણ ધીમે ધીમે નિયમિત હપ્તાઓ ધ્વારા આવે તે માટે બ્રિટિશ સરકાર મધ્યસ્થી થઇ હતી. પરંતુ ઇ.સ. ૧૮૦૭ માં કરાયેલી આ યોજનાનો પાછળથી જામે અસ્વીકાર કર્યો. ઉલટાનું કચ્છને ખંડણી અને દેવું આપવાની ના પાડી. આ અને બીજાં કેટલાંક કારણોને લીધે છેવટે બ્રિટિશ સરકારને જામનગર સામે લશ્કરી બળનો ઉપયોગ કરવો પડયો. પરિણામ સ્વરૂપ જામ સાહેબે કેપ્ટન કર્નાક સાથે સમજૂતિ કરી અને કચ્છનું દેવું ચૂકવવાનું વચન આપ્યું. આ દેવું રૂ. ૪,૩૩,૮૩૦ નક્કી કરીને પહેલાં જેવી સમજૂતિ કરવામાં આવી.[૪૨]

ફતેહમહમદની આર્થિક નીતિ :-

જામનગર સાથેના યુધ્ધો અને માંડવી-લખપત સાથેના સતત સંઘર્ષ ને લીધે ફતેહમહમદ પાસે નાણાં ખૂટી ગયાં હતાં. તેથી તેણે ઉપજ વધારવા માટે આંધળિયાં કરીને કેટલાક ઉપાયો લેવા માંડયાં. આ માટે તેણે દંડ અને ફરજિયાત ઉધરાણાનો માર્ગ અપનાવ્યો.

તેણે મિયાણાના ગામો પર સામૂહિક દંડનાત્મક વેરો નાખ્યો. કારણ કે તેઓ દુશ્મન પ્રદેશોમાં લૂંટફાટ કરીને સારૂં ધન મેળવતા હતા. એટલુંજ નહિ કેટલાંક ધર્માદા ખાતે, દાનમાં અપાયેલાં ગામો પર વેરો નાખવામાં આવ્યો.[૪૩] ઇ.સ. ૧૮૧૮ માં બોમ્બે લિટરરી સોસાયટીમાં કેપ્ટન મેકમૂર્ડોએ એક નિબંધ વાંચેલો તેમાં જણાવાયું છે કે, "પાંચ વરસ

૪૧. સરજ્હોન માલ્કમની મિનિટ.
૪૨. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નંબર-૧૫, પૃષ્ટ-૧૨૯.
૪૩. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ પાંચમું, પૃષ્ટ-૧૫૨.

પર મૃત્યુ પામેલ એક મુસલમાન રાજ્યવહીવટ કરતા- ફતેહમહમદના સમય માં ઘણા ગરાસિયાઓની જમીન જપ્ત કરી લેવામાં આવી હતી."[૪૪] કેપ્ટન ચાર્લ્સ વોલ્ટર નોંધે છે તેમ એક પસુડા નામના ગામના ગરાસદાર નો તેણે વીસ હજાર જેટલો દંડ કરેલો. ગુર્જરજીએ તેનું ખૂન કરવાનો પ્રયત્ન કરતાં તેનું ગામ ધમડકા ખાલસા કરવામાં આવ્યું. એજ રીતે ચોબારીને કબજે કરવામાં આવ્યું. આ વિસ્તાર માંથી અડધો લાખ કોરી જેટલી બળજબરીથી વસૂલાત કરવામાં આવી. આટલી મોટી રકમ આ પહેલાં આ પ્રદેશ માંથી કોઇ શાસક એકઠી કરી શકેલો નહિ.

ત્યારબાદ તેણે માંડવીની આજુબાજુના પ્રદેશને લૂંટવાની શરૂઆત કરી. હંસરાજ તેને અટકાવી શક્યો નહિ. કારણ કે તેનું મોટા ભાગનું લશ્કર તેના દરિયાઇ વેપારના રક્ષણમાં રોકાયેલું હતું. તેથી તે આવી લુટારુ કે ગેરીલા પ્રકારની પ્રવૃત્તિને અટકાવી શક્યો નહિ. આની સામે હંસરાજ આવી કોઇ પ્રતિકાર જેવી લુટારૂ પ્રવૃત્તિ કરી શકે તેમ નહોતો. તેથી તેને રોજની આઠસો કોરી ફતેહમહમદને આપવા માટે મજબૂર થવું પડ્યું. આમ હંસરાજે આ પ્રમાણેનું આર્થિક નુકશાન સહન કરીને પ્રજાને શાંતિ આપવાનો પ્રયત્ન કર્યો. ફતેહમહમદને પોતાની આ નીતિમાં સફળતા દેખાઇ તેથી તેણે બમણા ઉત્સાહથી શીશગઢના જમાદાર મોડજીને પણ નમાવ્યો અને તેની પાસેથી નાણાં મેળવ્યાં.[૪૫]

ધમડકાનો રાયધણ અને ફતેહમહમદ :-

ફતેહમહમદની આ લુટારૂ વૃત્તિનો ભોગ કચ્છનો એક નાનકડો રાયધણ નામે ગરાસદાર બનેલો. ગાર્ડીનરે, કોર્ટ ઓફ ડાયરેક્ટર-લંડનને તા. ૨૭-૧૧-૧૮૨૫ ના રોજ લખેલા પત્ર પરથી જાણવા મળે છે કે, કચ્છના રાયધણ નામના એક ગરાસદારનો ગરાસ ફતેહમહમદે પડાવી લીધેલો અને તે લગભગ ભિખારી જેવી હાલતમાં આવીને મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો.

---

૪૪. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૨૦૦.
૪૫. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નંબર-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૨૯.

હંસરાજની વાધેરો સાથે સંધિ :-

જ્યારે ફતેહમહમદ જોહુકમી કરતો હતો ત્યારે હંસરાજ માંડવી માં પ્રજાની પ્રીતિ સંપાદન કરવામાં રત હતો. કચ્છને દરિયાઇ વેપાર માં ઓખા મંડળના વાધેરોનો ત્રાસ હતો. દેશળજીએ ઓખા મંડળમાં સ્થાપેલ કચ્છીગઢથી દરિયાઇ વેપારનું રક્ષણ પૂરૂં નહોતું થતું. જહાજોને વાધેર ચાંચિયાઓથી બચાવવા માટે તેમના નેતાઓને વ્યક્તિગત રીતે રાજી રાખવા પડતા હતા. અંગ્રેજો પણ વાધેરોના ત્રાસથી પાછળથી ધૂંવાંપૂંવાં થઇ ગયા હતા. તેથી એ વખતના બેટના વાધેર સરદાર કુંવર મામનજી, દ્વારકાના મૂળુ માણેક સાથે અને ધીણકીના સરદાર વાધા માણેક સાથે ચાંચિયાગીરી રોકવા એક સંધિ કરી. જેમાં હંસરાજને જમાન બનાવવામાં આવેલો. આમ હંસરાજને કંપનીએ વચ્ચે રાખીને અંકુશ પ્રતિ અંકુશની નીતિ અખત્યાર કરી હતી.[૪૬]

ઇ. સ. ૧૮૦૯ ની સંધિના પૂર્વ સંજોગો :-

અંગ્રેજોએ કચ્છ સાથે રાજકીય સમજૂતી કરવાની ઉતાવળ કરી નહિ પરંતુ ગાયકવાડ દ્વારા સૌરાષ્ટ્રના રાજકારણમાં વિશેષ રસ લેવાથી કર્નલ વોકરે ઇ. સ. ૧૮૦૭ માં મોરબી પાસે ધુંટું મુકામે સૌરાષ્ટ્ર ના નાના મોટા શાસકોની સાથે ચર્ચા કરીને ગાયકવાડની ખંડણીની રકમ નક્કી કરી. ૧૮૦૯ સુધીમાં ગુજરાતમાં અંગ્રેજોની સત્તા સ્થપાઇ ગઇ તથા ગાયકવાડની ઉપરોક્ત ખંડણી ઉઘરાવવાની સત્તા બ્રિટિશરો ના પેટામાં આવી ગઇ. તેથી સ્વાભાવિક છે કે અંગ્રેજોની નજર કચ્છ તરફ ગઇ.

આનો ખ્યાલ આપણને મુંબઇના ગવર્નર જોનાથન ડંકનના, એ વખતના ગવર્નર જનરલ લોર્ડ મિન્ટો પરના તા. ૮-૮-૧૮૦૮ ના પત્ર પરથી આવે છે. આ પત્રના નિર્દેશ મુજબ વડોદરાની રેસીડેન્સી કચ્છના સંપર્કમાં હતી અને બ્રિટિશરોના આશ્ચર્ય વચ્ચે આ વખતે ફતેહમહમદ

૪૬. ઓખા મંડળના વાધેરો, પૃષ્ટ-૧૭૬.

તરફથી જ ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથેના જોડાણની શરતો મોકલવામાં આવી. તેને મુંબઇના ગવર્નરે ફોર્ટ વિલિયમ ખાતે લોર્ડ મિન્ટોને મોકલાવી હતી.[૪૭] આમ કચ્છમાં હસ્તક્ષેપ કરવાની ભુમિકા તૈયાર હતી. વળી કચ્છના આ વિસ્તારમાં બ્રિટિશરો ચાંપતી નજર રાખી રહ્યા હતા. જનરલ માલ્કમને કચ્છના અખાતથી ઇરાનના અખાતમાં જાત તપાસ અર્થે મોકલવામાં આવેલો. એટલું જ નહિ તેને મદદ માટે મદ્રાસથી એક નૌકા કાફલો રવાના કરાયો હતો.[૪૮] આ ઉપરાંત ઇ. સ. ૧૮૦૪ થી ૧૮૦૯ સુધીમાં બીજા પણ કેટલાક પ્રસંગો બની ગયા કે જેથી કંપનીની નજરમાં કચ્છની અગત્ય વધતી ગઇ. આવા પ્રસંગો–પરિબળો નીચે મુજબ ગણાવી શકાય:–

૧. સિંધનો ભય :– સિંધના તાલપુરા અમીરો બ્રિટિશ સત્તા સામે દુશ્મનાવટભર્યું વલણ રાખતા અને કચ્છને પોતાનું ખંડિયું ગણતા હતા. તાલપુરાઓ હવે સિંધના રાજકારણમાં બિનહરીફ થતાં કચ્છને જીતવાનાં સ્વપ્નો સેવવા માંડયા. તેથી અંગ્રેજો માટે કચ્છની બાજુથી ભય વધ્યો.

૨. ફતેહમહમદની વિદેશ નીતિ:– બ્રિટિશ સરકાર એ ભૂલી શકે તેમ નહોતી કે ફતેહમહમદે એક વખત ટીપુ સુલતાન સાથે અને તેમની સાથે દુશ્મનાવટ રાખતાં રાજ્યો સાથે મૈત્રિ વ્યવહાર ચાલુ રાખ્યો હતો. ઉપરાંત બ્રિટિશ સત્તાના રક્ષણ હેઠળના ગુજરાત–સૌરાષ્ટ્રના પ્રદેશોમાં કચ્છ માંથી જમીન અને દરિયા માર્ગે કનડગત થતી હતી. તેમાં જામનગરની ફતેહમહમદની ચઢાઇઓ અગત્યની હતી. કંપનીની દૃષ્ટિએ જામનગર પર ચઢાઇ કરવાનો કચ્છને અધિકાર નહોતો.

૩. કચ્છી લુંટારા :– કચ્છના ધાડપાડુઓ નાનું રણ ઓળંગીને ગુજરાત–સૌરાષ્ટ્રના ઉત્તર ભાગ તરફ કેર વર્તાવી દેતા. તેમને વાગડના સ્થાનિક શાસકોનું રક્ષણ મળતું હતું. તેને અટકાવવાની જરૂર વર્તાવાલાગી.

---

૪૭. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૦૮–૫૪.
૪૮. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૦૮–૫૭.

૪. ચાંચિયાગીરી :- અંગ્રેજો ઓખા મંડળના ચાંચિયાઓને કચડી શક્યા હતા. પરંતુ કચ્છના શંધાર ચાંચિયાઓ યથાવત્ હતા. આ ઉપરાંત કચ્છના કેટલાક સરદારો ચાંચિયાઓને આશ્રય આપી તેમનો માલ સંઘરતા હતા. તેથી કચ્છમાં હસ્તક્ષેપ કરવાની જરૂરિયાત જણાઇ.

૫. માંડવીનો લાગો :- વધારામાં માંડવી બંદરે કચ્છના અખાતમાં પ્રવેશ કરતાં બધાં વહાણો ઉપર, ત્યાંના સત્તાવાળાઓ તરફથી ભારે કર નાખવામાં આવતો. તેમાં બ્રિટિશ વહાણોનો પણ સમાવેશ થતો.

૬. કેટલીક અનુકુળતાઓ :- કચ્છના ભૌગોલિક અલગપણાને લીધે અત્યાર સુધી તે બ્રિટિશરોની નજર બહાર રહ્યું હતું. પણ સૌરાષ્ટ્ર માં બ્રિટિશ સંબંધો બંધાયા પછી કચ્છ પહોંચવાની અનુકુળતાઓ ઉભી થઇ. કર્નલ વોકરના જાસૂસ મોલવી મહમદઅલીએ કચ્છનો નકશો પણ અંગ્રેજોને મોકલી આપ્યો હતો. અને પોતાના પત્રમાં બીજી જગ્યાના નકશાઓ જાણમાં આવે ત્યારે મોકલવાની ખાત્રી આપતો હતો.[૪૯]

૭. દૂધપીતીની પ્રથા :- અંગ્રેજોનું ધ્યાન કચ્છ-સૌરાષ્ટ્રની કેટલીક કોમોમાં વ્યાપેલ દૂધપીતી જેવી અમાનુષી પ્રથા તરફ ગયું હતું. કચ્છમાં આ પ્રથા નાબૂદ કરવા માટે ઇ. સ. ૧૮૦૭ માં ફતેહમહમદને સંદેશો પાઠવવામાં આવ્યો હતો. તેણે આ રિવાજમાં દરમ્યાનગીરી કરવાની ના પાડી. પણ આ દિશામાં અંગ્રેજો કોઇપણ રીતે આગળ વધવા માગતા હતા.

આમ કચ્છમાં હસ્તક્ષેપ કરવા માટે અનેક પરિબળો જન્મી ચૂક્યાં હતાં. તેથી તા. ૧-૭-૧૮૦૯ ના રોજ એ વખતના ગવર્નર જનરલ લોર્ડ મિન્ટોએ, મુંબઇના ગવર્નર ડંકનને કચ્છની બાબતમાં સમજૂતી કરવાની શરતો મોકલી જે તરતજ કર્નલ વોકરને મોકલાઇ અને તેને ધ્યાનમાં રાખી

---

૪૯. કાઠિયાવાડ અને ગુજરાતનાં કેટલાંક પરગણા વિશે લેફટેનન્ટ કરનલ એલેકસાંડર વાકર સાહેબે કરેલા રીપોર્ટો, પૃષ્ટ-૯.

ને કચ્છ સાથે કરાર કરવો તેમ જણાવવામાં આવ્યું.[૫૦] છતાંય બન્ને પક્ષ માંથી કોઇ સંધિ કરવાની ઉતાવળ કરતો નથી. દરમ્યાન મહિના પછી એટલે કે ૪ થી ઓગસ્ટના રોજ મેકમુર્ડોનો અહેવાલ બ્રિટિશ સરકાર ને મળયો.[૫૧] ત્યારબાદ ૨ જી ઓક્ટોબરના રોજ વડોદરાના રેસીડેન્ટે પોતાનો કચ્છ વિશેનો અગત્યનો અહેવાલ મોકલાવ્યો.[૫૨] અંતે કર્નલ વોકર, કચ્છમાં કોઇપણ જાતના ઉહાપોહ સિવાય બ્રિટિશ લશ્કર પ્રવેશી શકશે તેવા અહેવાલો બ્રિટિશ સરકારને ૨૬ મી સપ્ટેમ્બર તથા ૫ મી અને ૭ મી ઓક્ટોબરના રોજ મોકલ્યા. તે[૫૩] આ બધા પત્ર વ્યવહાર અને સૂક્ષ્મ અવલોકનોને અંતે તા. ૨૬-૧૦-૧૮૦૯ ના રોજ કચ્છ સાથે બ્રિટિશરો સર્વ પ્રથમ સંધિમાં ઉતર્યા.

ઇ. સ. ૧૮૦૯ ની સંધિ :-

સમગ્ર કચ્છ માટે સ્વીકૃત થાય તેવો કરાર કરી શકે તેવી એક હથ્થુ સત્તાની કચ્છમાં હસ્તી નહોતી. છતાંય કર્નલ વોકરે ફતેહમહમદ તથા દીવાન હંસરાજ સાથે જુદી જુદી વાટાઘાટો કરી. બન્નેનું એમજ કહેવું હતું કે અમે રાયધણજી વતી જ રાજ કારભાર ચલાવી રહ્યા છીએ. તેથી કર્નલ વોકરના પ્રતિનિધિ કેપ્ટન ગ્રીનવુડે બન્ને સાથે નીચે મુજબ અલગ અલગ કરાર કર્યા.[૫૪] :-

---

૫૦. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૦૯-૨૪.
૫૧. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૦૯-૨૬.
૫૨. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૦૯-૧૦.
૫૩. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૦૯-૪.
૫૪. અચીન્સન્સ ટ્રીટીઝ, વોલ્યૂમ ચોથું, પૃષ્ટ- ૩ થી ૫ અને
સ્વદેશ દીપોત્સવી, વિ. સં. ૧૯૮૦,
પૃષ્ટ- ૧૫ થી ૧૭.

સંધિ નંબર – ૧.

આ સંધિ ૨૬ મી ઓક્ટોબર ૧૮૦૯ ના રોજ કરવામાં આવી. પક્ષકારોમાં મહારાવ શ્રી. રાયધણજી વતી વિઝારત જમાદાર ફતેહ મહમદ તથા તેનો પુત્ર નોતિયાર હુસેનમીયાં હતા. જ્યારે સામેપક્ષે માનનીય ઇસ્ટ ઇન્ડિયા કંપની વતી રેસીડેન્ટ લેફટનંટ કર્નલ વોકરના હુકમથી કેપ્ટન સેમ્યુઅલ એડમ ગ્રીનવુડ હતા. આ સંધિમાં કુલ ચાર કલમો નીચે પ્રમાણે હતી :–

૧. એક તરફ માનનીય ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સરકાર અને મહારાજા આનંદરાવ ગાયકવાડ સેનાખાસ ખ્યાલની સરકાર અને બીજી તરફ મહારાવશ્રી રાયધણજીની સરકારો વચ્ચે મિત્રાચારી હોવાથી, કચ્છ અને ગુજરાત વચ્ચે અખાત અને રણની પૂર્વે અગર સામી બાજુનો પ્રદેશ, કોઇપણ લશ્કર ઓળંગશે નહિ તેમજ તે પ્રદેશ પર કશો દાવો અગર હરકત નિભાવશે નહિ.

૨. ઉપરની કલમ અનિવાર્ય જરૂરની છે, પરંતુ જામનગર ઉપર મીરજા મહારાવ રાયધણજીના જૂના દાવાઓ હોવાથી, એમ કરાર કરવામાં આવે છે કે, આ દાવાઓ તેમજ બીજા દાવાઓ નાણાને લગતા અગર અન્ય બાબતમાં જે કાંઇ હોય, અગર નવા ઉભા થાય તેનો નિકાલ, માનનીય ઇસ્ટ ઇન્ડિયા કંપની તરફથી એક, મહારાવશ્રી તરફથી એક અને જેની ઉપર દાવા હોય તે તરફથી એક, એમ મળી ત્રણ જણના પંચથી, ન્યાય અને નીતિ અનુસાર તેમજ મહારાવશ્રીના વર્તનને અનુલક્ષીને કરવામાં આવશે.

૩. મહારાવશ્રી કચ્છ માંથી ચાંચિયાગીરીનો ધંધો નાબૂદ કરવા માટે આથી બંધાય છે. જો કોઇપણ વ્યક્તિ ચાંચિયાગીરીનો ધંધો કરતી માલૂમ પડશે તો તેને શિક્ષા કરીને દેશ માંથી–કચ્છમાંથી હદપાર કરવામાં આવશે.

૪. મહારાવશ્રી રાયધણજી કોઇપણ યુરોપિયન અથવા અમેરિકન સત્તાને થાણું સ્થાપવા દેવાની અગર તો તે પ્રજાઓના કોઇને પણ તેમાં રહેવા દેવાની પરવાનગી ન આપવા બંધાય છે.

સંધિ નંબર – ૨.

આ સંધિ ૨૮ મી ઓક્ટોબર ૧૮૦૯ ના રોજ કરવામાં આવી. પક્ષકારોમાં માંડવી બંદરના દીવાન હંસરાજ સામીદાસ અને માનનીય કંપનીના વતી કેપ્ટન સેમ્યુઅલ એ ગ્રીનવુડ હતા. આ સંધિમાં નીચે પ્રમાણે કુલ ત્રણ કલમો હતી :–

૧. સંધિ નંબર એકની પહેલી કલમ પ્રમાણે શબ્દસ:
૨. સંધિ નંબર એકની ત્રીજી કલમ પ્રમાણે હંસરાજને અનુલક્ષીને શબ્દસ:
૩. સંધિ નંબર એકની ચોથી કલમ પ્રમાણે હંસરાજને અનુલક્ષીને શબ્દસ:

સંધિ નંબર – ૩ અથવા હંસરાજનું લખત :–

ઓક્ટોબર માસમાં કચ્છને લગતી સંધિઓ તથા એ પછીની અંગ્રેજોની પ્રવૃત્તિઓનો અહેવાલ બ્રિટિશ સરકારને તા. ૩ જી નવેમ્બર ૧૮૦૯ ના રોજ મોકલી દેવાયો.[૫૫] આપછી એક સપ્તાહમાં એટલે કે ૧૨ મી નવેમ્બરના રોજ હંસરાજ સાથે નીચે મુજબ દસ્તાવેજ જેવી સંધિ કરવામાં આવી :–

"…. હું મહારાવ મીરજા રાયધણજીનો દીવાન અને નોકર માંડવી બંદરનો રહેવાશી હંસરાજ સામીદાસ, માંડવી બંદરનો કબજો સુલેહશાંતિથી મારા રાજા અને માલિક પાસે રહે તે ઇચ્છાથી નીચે જણાવેલી શરતોએ માનવંતકંપનીનું રક્ષણ માગું છું.

૧. માંડવી શહેર અને બંદર, તેનાં ગામડાં અને પેટાગામો મીરજા મહારાવ રાયધણજી વતી મારા કબજામાં રહે, જ્યારે મહારાવશ્રી અગર તેમના વંશવારસો કાયદેસર સાર્વભૌમ સત્તા ભોગવતા થાય ત્યારે માંડવી તાબેના પેટાગામો કંપનીની ગેરંટી સહિત તેમને હું પાછા સોંપું અને જ્યારે મારા રાજા દેશનો રાજકારભાર પોતાના હસ્તક લે ત્યારે માંડવી બંદર અને તેના પેટા ગામો મારે તેમને સોંપી દેવાં.

૫૫. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૦૯–૧૦૨.

૨. ઉપરોક્ત કલમને અમલમાં લાવવા અર્થે કંપનીનો એક એજન્ટ ચાલીસ માણસોના રક્ષણ સહિત માંડવીમાં રહે અને જ્યારે મારો કબજો છૂટે ત્યારે મહારાવ જે શરત કબૂલ કરે તે મુજબ આવો એજન્ટ રહે કે રવાના થાય.

૩. ઉપરોક્ત વ્યવસ્થાના ખર્ચ માટે માનનીય કંપનીને વાર્ષિક રૂા. ૧૮,૦૦૦ નું નઝરાણું આપવું અને તે ચાર હપ્તે ભરી આપવું. પ્રથમ હપ્તો એજન્ટ આવે ત્યારથી શરુ થાય.

૪. કોઇપણ વ્યક્તિ માંડવી અને તેના પેટા ગામોનો કબજો લેવાનો પ્રયત્ન કરે તો કંપની મહેરબાની કરીને તોપખાના સહિતની બે ટુકડીઓ મોકલીને મદદ અને રક્ષણ આપે. દરેક ટુકડીના ખર્ચ માટે માસિક રૂા. ૩,૨૫,૦૦૦ હપ્તાઓથી આપીશ. મને જ્યારે જરૂર ન રહે ત્યારે એ ટુકડીઓ હું પાછી મોકલી આપું.

૫. ઉપરોક્ત લશ્કર વાપરવાની બાબતમાં સમજવું જોઇએ કે તેનો ઉપયોગ મારી રાહબરી હેઠળ માંડવીના રક્ષણ માટે જ થાય. તેથી જો કોઇ માંડવીનો દુશ્મન ઉભો થાય તો સરકારે તેની સાથે સમજી લેવું રહ્યું.

૬. કંપનીના રક્ષણ હેઠળ મારા રાજાનો દેશ શાંતિ સુલેહથી સલામત કરવાનો જ મારો ઇરાદો હોવાથી એ ઇરાદો પૂરો કરે અને વ્યાજબી હોય એવી કોઇપણ શરતોએ કંપનીની રજાથી ફતેહમહમદ સાથે સંધિ કરવા હું બંધાઉં છું. . . "

સંધિનો અમલ :-

ઉપરોક્ત કરારનું પાલન કરીને અંગ્રેજોએ કચ્છના જામનગર સાથેના ઝગડામાં મધ્યસ્થી કરી અને કચ્છની બીજી કોઇ આંતરિક બાબતમાં દખલગીરી કરી નહિ. જ્યારે સિંધે કચ્છમાં દખલ કરવાની કે જીતવાની ચેષ્ટા કરી. ત્યારે ત્યાંના અમીરોને અંગ્રેજોએ સખ્ત શબ્દોમાં ચેતવણી આપી.[૫૬] જો ફતેહમહમદ સિંધની મદદ માગે તો અંગ્રેજો હંસરાજને ખુલ્લી મદદ કરવા તૈયાર હતા.[૫૭]

૫૬. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ-૧૪.
૫૭. રાષ્ટ્રીય અભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૦૯-૮.

મૂલ્યાંકન :-

આ સંધિના મહત્વનો ખ્યાલ તેને ગવર્નર જનરલે બહાલી આપી ત્યારે આવી ગયો હતો. લોર્ડ મીન્ટોને આ સંધિમાં કર્નલ વોકરની યોગ્ય, ન્યાયી અને મૌલિક સૂઝના દર્શન થતાં હતાં. આ સંધિથી કચ્છને પૂરતું રક્ષણ મળતું હતું. વળી તેનાથી હંસરાજને ફતેહમહમદ પોત-પોતાના ક્ષેત્રોને સ્વીકારવા મજબૂર બન્યા હતા.[૫૮]

હંસરાજનું મરણ :-

ઇ.સ. ૧૮૦૯ ની ત્રણે સંધિઓને બ્રિટિશ સરકારની બહાલી મળી ગયા પછી તરતજ તા. ૧૩-૧૨-૧૮૦૯ ના રોજ હંસરાજનું મરણ થયું.[૫૯] આમ અંગ્રેજોનો કચ્છ વિસ્તારનો એક સહ્રુદયી મિત્ર અને ફતેહમહમદનો પ્રબળ હરીફ કુદરતિ રીતે દૂર થયો.

હંસરાજનું મૂલ્યાંકન :-

હંસરાજ કચ્છના ઇતિહાસનું એક જાજ્વલ્યમાન ઐતિહાસિક પાત્ર છે. પરંતુ કચ્છમાં અને બહાર તેના જાજ્વલ્યપણાનો પ્રકાશ પહોંચી શક્યો નથી. પરિણામ સ્વરુપ કચ્છના ઇતિહાસમાં તેની સિધ્ધિઓની જેટલી અને જે રીતે નોંધ લેવાવી જોઇએ એ રીતની નોંધ લેવાઇ નથી. તે પણ અકારણ બન્યું નથી.

એકજ યુગમાં બે સરખી પ્રતિભાશાળી વ્યક્તિઓના જીવનને પરિણામે હંસરાજ ઢંકાઇ ગયો હતો. કારણ કે ફતેહમહમદ પોતાની લશ્કરી પ્રચંડતાને કારણે તથા જામનગર પર કરેલાં ત્રણ ત્રણ આક્રમણને કારણે કચ્છની બહાર જાણીતો થઇ ગયો. હંસરાજમાં આવી શક્તિઓ હતી તો ખરી પરંતુ તે તેનો ઉપયોગ પોતાના વેપારી સામ્રાજ્યના

---

૫૮. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૦૯-૩૦.
૫૯. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૧૦-૭.

ફેલાવા માટે જ કરતો હતો. પરિણામે જામનગર કે બાળંભા કરતાં તેને લખપતમાં વિશેષ રસ હતો. એજ રીતે સામે કિનારે વાઘેરો સાથે પણ તેણે સમજૂતી કરેલી. માંડવીના વેપારી જહાજો જ્યાં જ્યાં જતાં ત્યાં ત્યાં તે હંસરાજની સુવાસને પણ લઇ જતાં. પરિણામે છેક મકરાણ થી મલબાર સુધીની ભારતીય વેપારી આલમમાં તથા મસ્કતથી મોઝાં-બિક સુધીના આફ્રો-એશિયાઇ કિનારા પર જેટલી વખત હંસરાજનું નામ લેવાતું હતું તેટલી વખત ફતેહમહમદનું નામ લેવાતું નહોતું.

હંસરાજે ભારતના ભાવિ રાજકારણને તથા તેના દૂરગામી પરિણામોને પોતાની ચકોર નજરથી માપી લીધાં હતાં. તેથી તેણે ઇ. સ. ૧૮૦૧ થી અંગ્રેજોનો સંપર્ક સાધ્યો હતો. અંગ્રેજોએ અશુધ્ધ સાધનો વતી જે રીતે ભારતનો પ્રદેશ હોયિયાં કર્યો હતો તેનો ખ્યાલ કોણ જાણે કચ્છી પ્રજાને હતો. પરિણામે હંસરાજના આ પ્રયત્નોને કચ્છમાં સારી રીતે જોવામાં આવતા નહોતા. જેથી ઇ. સ. ૧૮૦૨ ની તેની દરખાસ્તો ને કચ્છની ગુલામીની સાંકળ જેવી ગણવામાં આવી. આ દરખાસ્તોમાં વાસ્તવમાં એવું કશુંય નહોતું.

તેનો એક એક પ્રતિપ્રસ્તાવ મુંબઇના મુત્સદ્દીઓને મૂંઝવતો હતો. આર્થિક રીતે તેની એકેય શરત સ્વીકારવી વેપારી અંગ્રેજો માટે શક્ય નહોતી. પરિણામે મુત્સદ્દીગીરીના ક્ષેત્રે તેણે "સાપ મરે નહિ અને લાકડી ભાંગે નહિ" તેવો દાવ ખેલ્યો. જ્યારે કચ્છીઓએ દૂરગામી પરિણામોનો વિચાર કર્યા સિવાય હંસરાજ કચ્છ અંગ્રેજોને સોંપી દેવા માગતો હતો તેમ માની લીધું. જેને લીધે આવા મહાન કચ્છીની ઉપેક્ષા થઇ.

બાકી ફતેહમહમદ જેવા મહાન વઝીરની સામે લખપતને ટકાવી રાખવું અને રૂક્માવતીથી કોરીનાળ સુધીના મહારાજ્યના પાયાઓ એટલા બધા મજબૂત બનાવવા કે તેના વારસો ટોકરશી અને શિવરાજ, ફતેહમહમદના મરણ સુધી તેને અકબંધ રાખી શકે તે રમત વાત નહોતી. આ બધું કરવામાં તેને સાધનોની શુધ્ધતા તજવી પડે તે એ વખતનો યુગ તથા રાજકારણની ભૂલભૂલામણીને લીધે સ્વાભાવીક લાગે છે. તેથી શ્રી.

ડબલ્યુ લોવેલે તેના ચારિત્ર્યને પ્રપંચ અને પગતિના મિશ્રણ સમાન ગણાવ્યું છે. [૬૦]

તેની સરખામણી વેનિસના મધ્યયુગીન નેતા એન્રિકો દાંદેલોની સાથે કરી શકાય. એન્રિકોને ચોથી ક્રુસેડમાં ભાગ લેવાની ફરજ પાડવામાં આવી હતી. પરંતુ વેનિસ માંડવીની માફકજ વેપારીઓનું નગર હતું. પૂર્વ ભૂમધ્યના પ્રદેશોમાં વેપાર કરનારાઓમાં વેનિસવાસીઓ સૌથી આગળ પડતા હતા. વિધર્મી-મુસ્લિમો પાસેથી એ લોકો એટલું બધું કમાયા હતા કે એમનો વિનાશ થાય એવું સક્રિય રીતે તો તેઓ ઇચ્છતા પણ નહોતા. [૬૧] આવીજ સ્થિતિ હંસરાજને માંડવીવાસીઓની હતી. હંસરાજ પણ વેપારી લોભને કારણે કોઇ રીતે માંડવી ભુજને - વાસ્તવમાં ફતેહમહમદને સોંપવા તૈયાર નહોતો. એને બદલે તે વેપારીઓ જેવા અંગ્રેજોને પસંદ કરતો હતો. જેથી ભવિષ્યની કોઇપણ યોજનામાં કચ્છનો વેપાર અને માંડવીની ભવ્યતા અકબંધ જળવાઇ રહે.

ઇ. સ. ૧૮૦૯ ની સંધિનો ભંગ :-

હંસરાજના મરણ પછી થોડો સમય તેનો ભાઇ ટોકરશી માંડવીનો કારભારી થયો. પરંતુ તેનું તરત મરણ થતાં હંસરાજનો પુત્ર શિવરાજ માંડવીનો કર્તાહર્તા થયો. શિવરાજે ૧૮૦૯ ના કરારને અમલમાં મૂક્યા નહિ. તેથી ત્રણેય કરારો નિરર્થક સાબિત થયા. આ કરારોમાં રહેલી બાંહેધરીઓનું પાલનનથતાં કચ્છની આંતરિક બાબતોમાં બ્રિટિશરોને દખલગીરી કરવા માટેનો રસ્તો ખુલ્લો થયો.

હંસરાજના અનુગામીઓએ ચાંચિયાઓને દબાવવા કાંઇ પગલાં ન લીધાં. કચ્છના ચાંચિયાઓને માંડવી બંદરના આગળ પડતા વેપારીઓનું રક્ષણ હતું. કારણ કે ચોરી અને દરિયાઇ લૂંટના માલમાંથી તેમને

---

૬૦. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૨૯, પૃષ્ટ-૬૧૮૭.
૬૧. યુરોપનો ઇતિહાસ, ભાગ પહેલો, પૃષ્ટ-૨૯૭.

ભાગ મળતો હતો. એવી બ્રિટિશ સત્તાવાળાઓને શંકા હતી. ચાંચિયા ભાગ્યેજ પકડાતા અને પકડાતા ત્યારે લગભગ દરેક પ્રસંગે કાંઇને કાંઇ આકસ્મિક કારણને લીધે છોડી મૂકવામાં આવતા.[૬૨]

બ્રિટિશ પરવાના ધરાવતા જહાજો જ્યારે કચ્છના અખાતમાં પ્રવેશતા ત્યારે તેમને પણ માંડવીવાળાઓ તરફથી હજુ કરમુક્તિ મળતી નહોતી. આ ચાંચિયાગીરી તથા માંડવીની જોહુકમી અટકાવવા માટે કંપની તરફથી દરિયામાં ચેકીંગ રહેતું. પરંતુ તેને સફળતા મળતી નહિ. આથી કંપનીની મુંબઇ સરકારે વાંધો નોંધાવવા માટે માંડવી પ્રતિનિધિ પણ મોકલ્યો. જેને શિવરાજ હંસરાજ પાસેથી ગાયકવાડ અને બ્રિટિશરોનું લેણું વસૂલ કરવાની કામગીરી કરવાની હતી.[૬૩]

આ બાજુ ફતેહમહમદે પણ ૧૮૦૯ ના કરારનું પાલન કરવાનું યોગ્ય ધાર્યું નહિ. તે પોતાને ફાવે તે રીતે વર્તવા લાગ્યો. તેના આ કરાર પછીનાં બે કૃત્યો ચોક્કસ રીતે કરાર વિરોધી હતાં. એક હતું વારાહી પરનું આક્રમણ અને બીજું જામનગર પરનું.

શિવરાજ અને ફતેહમહમદ :-

શિવરાજ હંસરાજ કરતાં ઉગ્ર હતો. તેથી ફતેહમહમદ સાથેના તેના સંબંધો બગડયા. કચ્છમાં ફરીથી ભુજ અને માંડવી વચ્ચે આંતર વિગ્રહ જેવી પરિસ્થિતિ નિર્માણ થઇ. અંતે કર્નલ માલેસન નોંધે છે તેમ બ્રિટિશ લશ્કરને દરમ્યાનગીરી કરવી પડી. જેથી બન્નેએ ૧૮૦૯ પહેલાંની સ્થિતિ સ્વીકારી.[૬૪] હેમિલ્ટન આ પ્રસંગ પર પ્રકાશ પાડતાં નોંધે છે કે, "ફતેહમહમદે હંસરાજના પુત્ર પર માંડવીમાં આક્રમણ કરેલું. એ વખતે શિવરાજના તમામ અપરાધોને ભૂલી જઇને કંપનીએ તેને મદદ કરી

---

૬૨. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૮૨.
૬૩. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ-૧૫.
૬૪. એ હિસ્ટોરીકલ સ્કેચ ઓફ ધી નેટીવ સ્ટેટસ ઓફ ઇન્ડિયા, પૃષ્ટ-૨૭૨.

જેથી ફતેહમહમદને ભૂજ પાછા વળવાની ફરજ પડી. "[૬૫]

આ અહેવાલ એક નવા રહસ્ય પર પ્રકાશ પાડે છે. ફતેહમહમદ આટલો બધો શક્તિશાળી હોવા છતાં માંડવી અને લખપતનો કબજો હંસરાજના મરણ પછી કેમ ન લઇ શક્યો. ? ફતેહમહમદ, શિવરાજને ચપટીમાં ચોળી નાખે તેમ હતો પણ તેને માંડવીમાં ઇ. સ. ૧૮૦૯ ના હંસરાજ સાથેના કરાર અનુસાર પડેલી બ્રિટિશ ફોજોનો વિશેષ ડર હતો.

ફતેહગઢની સ્થાપના :-

ફતેહમહમદે પોતાના જીવનનાં છેલ્લાં બે વર્ષ વાગઢમાં ગાળયાં. ત્યાં તેણે દંડ અને ખંડણીથી ખૂબ ધન એકઠું કર્યું. તેણે કેટલાંક ગામો તથા નગરો માંથી લોકોને હાંકી કાઢયા અને તેમને એક નવા શહેરમાં વિ. સં. ૧૮૬૪ માં વસાવીને પોતાના નામ પરથી તેનું નામ ફતેહગઢ રાખ્યું.[૬૬] આટલી બધી વ્યવસ્થા છતાં ફતેહમહમદ વાગઢમાં સંપૂર્ણ શાંતિ સ્થાપી શક્યો નહિ. પૂર્વ માંથી બહારવટિયાઓ રણ ઓળંગીને સૌરાષ્ટ્રમાં જઇને ભારે નુકશાન કરતા હતા.[૬૭] છતાંય ફતેહગઢે પોતાની આજૂબાજૂના પ્રદેશમાં થોડી શાંતિ અને સ્થિરતા આણી. ગેઝેટિયરકાર નોંધે છે તેમ શહેરને ગઢ બાંધતાં ઘણા વેપારીઓ ત્યાં આવીને વસ્યા. લુટારાઓના યુગમાં આ કિલ્લાએ લોકો અને વેપારીઓને સારૂં રક્ષણ આપ્યું.[૬૮]

બાદરગઢની સ્થાપના:-

આ ઉપરાંત તેણે વાગઢમાં એક બીજું બાદરગઢ નામનું કિલ્લેબંધી વાળું શહેર સ્થાપ્યું. આ નગરની સ્થાપનાનો ઉદ્દેશ કેપ્ટન ચાર્લ્સ વોલ્ટર નોંધે છે તેમ વાગડના આ વિસ્તારમાં બેલા અને રાપરની હરીફાઇમાં ઉભું રહી શકે તેવું શહેર તૈયાર કરવાનો હતો. બાદરગઢને કારણે રાપર

---

૬૫ હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૯૬.
૬૬. કચ્છ વૃતાંત, પૃષ્ટ-૬૭,
૬૭. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યુમ ૫ મું, પૃષ્ટ-૧૫૩.
૬૮. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૫૯૪.

ના સરદારની મહત્વાકાંક્ષાઓ પર અંકુશ રહ્યો. આ વિસ્તારના બળવાખોરો પર તે જાદુઇ આંખની માફક નજર રાખવા માંડયું. ધીમે ધીમે રાપરનો વેપાર ઓછો થવા માંડયો. ફતેહમહમદના આ બન્ને શહેરોમાં રહેલ લશ્કરી થાણાને લીધે રાપરના ખેડૂતો પર ભય વધી ગયો. જ્યારે બીજી બાજુ ફતેહમહમદે બાદરગઢમાં વસવા આવનાર ખેડૂતના જાન માલ અને તેના પાકના રક્ષણની બાંહેધરી આપી. એજ રીતે વેપારીઓને પણ પૂરતું આર્થિક રક્ષણ આપવાનું કહેવામાં આવ્યું, જેને પરિણામે બાદરગઢને ફતેહગઢમાં થોડા સમયમાં વસ્તી ઉભરાવા માંડી.[૬૯]

ફતેહમહમદ અને કચ્છીગઢ :-

વાઘેર ચાંચિયાઓથી કચ્છના દરિયાઇ વેપારને રક્ષણ મળે એ માટે ઇ.સ. ૧૭૨૦-૨૧ માં કચ્છના મહારાવ દેશળજી પહેલાએ ઓખા મંડળના દરિયા કિનારા પર વરવાલા નામના ગામથી ઉત્તરે દોઢ માઇલને અંતરે પત્થરનો એક મજબૂત કિલ્લો બંધાવ્યો હતો, જેને કચ્છીગઢ નામ આપવામાં આવ્યું હતું. આ ગઢમાં થાણેદારને બધા પ્રકારનું રક્ષણ મળે તેવી યોજના ફતેહમહમદે કરાવી. ઉપરાંત તેમાં અંદરના ભાગમાં પુરવઠો રાખવાની, હથિયારોને છૂપાં રાખવાની અને માણસોને રહેવાની સગવડો વાળા ઓરડા બંધાવ્યા. એમ કહેવાય છે કે, ગઢમાંથી ભોંયરા ધ્વારા બહાર સલામતીથી નાસી જવાય એવા માર્ગો પણ બનાવાયા હતા.[૭૦]

ઇ.સ. ૧૮૧૨ સુધીના અંગ્રેજો સાથેના સંબંધો:-

ઇ.સ. ૧૮૦૯ પછી અંગ્રેજો દક્ષિણ ભારતના રાજકારણમાં ગળાબૂડ હોવાથી કચ્છ તરફ જોવાની તેમને નવરાશ નહોતી. તા. ૩-૨-૧૮૧૦ ના રોજ મુંબઇ સરકાર પાસે રાયધણના દૂતે ફતેહમહમદ વિરૂધ્ધ સંપૂર્ણ

---

૬૯. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ઠ-૧૩૦.
૭૦. ઓખા મંડળના વાઘેરો, પૃષ્ઠ-૧૫૪ અને ૧૫૫.

રક્ષણના કરાર કરવાની માંગણી મૂકી. જેનો અસ્વીકાર કરાયો.[૭૧] આ પછી બ્રિટિશ સરકારે કચ્છની છેલ્લામાં છેલ્લી સ્થિતિ જાણવાનો પ્રયાસ કર્યો. ત્યારે માહિતી મળી કે જૂન ૧૮૧૦ માં સિંધથી એક પ્રતિનિધિ મંડળ ફતેહમહમદ પાસે મંત્રણા કરવા સિંધથી આવ્યું હતું. પરિણામે મુંબઇથી બ્રિટિશ પ્રતિનિધિ મંડળ પણ કચ્છમાં મોકલવામાં આવ્યું.[૭૨]

અંગ્રેજ દરમ્યાનગીરીની ભૂમિકા :-

ફતેહમહમદની સમગ્ર કચ્છ કબજે કરવાની મહત્વાકાંક્ષા, હંસરાજનું મરણ, શિવરાજ અને તેના સાથીઓ વચ્ચે ૧૮૦૯ ની સંધિના પાલનમાં મતભેદ. વગેરે પ્રસંગો ૧૮૧૦ માં બન્યા હતા. પરિસ્થિતિ એવી નિર્માણ થઇ કે અંગ્રેજો પોતાના સ્વમાનને ખાતર પણ લશ્કરી દરમ્યાનગીરી કરે. આ વખતે મુંબઇ સરકારે લોર્ડ મીન્ટોને લખ્યું કે, "ફતેહમહમદ શિવરાજની સ્થિતિ ખરાબ બનાવી રહ્યો છે અને તે માંડવી જીતી શકે તેમ નથી તેમ માનવું ભૂલ ભરેલું છે. તેથી અમને લાગે છે કે કચ્છના પ્રશ્ન પર હવે ઇચ્છા મુજબ વર્તવું. માંડવીને મુક્ત બંદર બનાવવું તથા કચ્છના મુખ્ય સરદારો સાથે અલગ ગોઠવણો કરવી. પાલિયાદમાં તરતજ એક લશ્કરી થાણું નાખીને ફતેહમહમદની પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવો. આ ઉપરાંત એક લશ્કરી ટુકડીને કેરામાં રાખીને સમગ્ર કચ્છ પર નિયંત્રણ રાખવું."[૭૩] આમ કચ્છમાં લશ્કરી દરમ્યાનગીરી માટે ફતેહમહમદ પ્રસંગો ઉભા કરતો ગયો. તેને ૧૮૦૯ ના કરારમાં વિશેષ રસ હોય તેવું લાગતું નહોતું. તેથી અંગ્રેજો તથા ફતેહમહમદ વચ્ચે સતત મતભેદોના પ્રસંગો ઉભા થતા ગયા. કેપ્ટન ગ્રીનવુડે તેની આવી વાંધાજનક પ્રવૃત્તિઓના અહેવાલો બ્રિટિશ સરકારને મોકલ્યા.[૭૪] જેને પરિણામે કચ્છમાં દરમ્યાનગીરી કરવાની ભૂમિકા સર્જાઇ.

---

૭૧. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૧૦-૧૨.
૭૨. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૧૦-૫૨.
૭૩. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૧૦-૭.
૭૪. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૧૦-૩૭.

જામનગર પર ફતેહમહમદનું છેલ્લું આક્રમણ :-

જામનગર આવતા એક બ્રિટિશ પ્રતિનિધિ મંડળને જામજસાજીએ કેદ કરી લીધું તેથી ઇ. સ. ૧૮૧૩ માં કર્નલ વોકરે જામનગર પર ચઢાઇ કરી.[૭૫] છેવટે જામનગર સાથે સંધિ કરીને અન્ય પ્રશ્નોની સાથે કચ્છની ૧૩ લાખ કોરી ભરી દેવાની જામ સાહેબ પાસેથી કબૂલાત પણ લઇ લેવામાં આવી.[૭૬] જો કે આવી કબૂલાતો આ પહેલાં કેટલીય વખત જામનગર તરફથી હતેહમહમદને આપવામાં આવી હતી. તથા લગભગ દર વર્ષે ઉઘરાણી કરવામાં આવતી.[૭૭] અત્યાર સુધી આંતરિક સ્થિતિને સુધારવામાં મશગુલ રહેલો ફતેહમહમદ નવરો થયો, તેથી તેની નજર જામનગર તરફ વળે તે સ્વભાવિક હતું. તેને ખાત્રી થઇ ગઇ હતી કે જૂના લેણાનો પ્રશ્ન યુધ્ધ સિવાય પતી શકે તેમ નહોતો. આથી વિ. સં. ૧૮૬૯ માં મોટા લશ્કર સાથે રણ ઓળંગીને તે હાલારમાં પ્રવેશ્યો.

દીવાન રણછોડજી નોંધે છે તેમ જામે શરુઆતમાં સંધિ કરવાનું વિચાર્યું. પણ પાછળથી લડી લેવાનું નક્કી થયું. યુધ્ધ શરુ થયું કે તરતજ સુંદરજીએ બન્ને પક્ષોને યુધ્ધ બંધ કરવાનો આદેશ આપતો વડોદરાના રેસિડેન્ટ કર્નાકનો પત્ર બતાવ્યો. પરિણામે યુધ્ધ બંધ થયું.[૭૮] રણછોડજીના વર્ણવ્યા મુજબ જામનગરની લશ્કરી તાકાતના ભયથી ફતેહમહમદે સંધિ કરી. શ્રી. વિલ્બરફોર્સ પણ તવારીખે સોરઠને અનુસર્યા છે.[૭૯] એજ રીતે શ્રી. શંભુપ્રસાદ દેશાઇએ પણ તેનું પુનરાવર્તન કર્યું છે.[૮૦] ગુજરાત ગેઝેટિયરમાં પણ તેનું પ્રતિબિંબ છે.[૮૧]

---

૭૫. રાષ્ટ્રીય આભિલેખાગાર, નવી દિલ્હી, સંદર્ભ ક્રમાંક ૧૮૧૨-૧૬.
૭૬. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ટ-૬૮૯ ની પાદનોંધ નં. -૧.
૭૭. જૂનાગઢનો ઇતિહાસ, પૃષ્ટ-૧૩૫.
૭૮. તવારીખે સોરઠ, પૃષ્ટ-૨૨૦ અને ૨૨૧.
૭૯. હિસ્ટ્રી ઓફ કાઠિયાવાડ, પૃષ્ટ-૧૯૨.
૮૦. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ટ-૬૮૯.
૮૧. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, જામનગર ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૮૧.

જો ફતેહમહમદે ધાર્યું હોત તો જામનગર સાથે આ છેલ્લો સંગ્રામ ખેલી નાખત. પણ જેમ્સ કર્નાક જેવા અંગ્રેજ મુત્સદ્દીના હુકમની અવગણનાની કિંમત વધારે ચૂકવવી પડે તેથી તેણે યુદ્ધ બંધ કર્યું.

રાપર મેળવ્યું :-

રાપર ભુજથી ઘણું દૂર હતું. તેથી તેના પર પ્રત્યક્ષ કબજો રાખવો અશક્ય હતો. ભાઇજીના મૃત્યુ સુધી વોલ્ટર નોંધે છે તેમ રાપર સ્વતંત્ર હતું. આ સમયે સામંતજી સરવૈયા નામનો યોગ્ય સરદાર રાપરને મળી ગયો હતો. તેથી સ્વાભાવિક છે કે, ફતેહમહમદ રાપર તરફ વળે અને ભુજની આણ વર્તાવે. તે મોટા લશ્કર સાથે રાપર પર ચઢી આવ્યો. રાપરનો કિલ્લો મજબૂત હોવાથી તેને બળથી જીતવો અશક્ય લાગતાં ફતેહમહમદે રાપરના થાણદારને ફોડયો અને એક લાખ કોરી લાંચની આપીને કિલ્લો તાબે કર્યો.

બેલામાં મળેલ નિષ્ફળતા :-

બેલાનો ઠાકોર પહેલેથી હંસરાજના પક્ષે હતો. તેથી ફતેહમહમદે તેના પર હુમલો કર્યો. પરંતુ તેને સફળતા મળી નહિ. કારણ કે માંડવી તરફથી એક લશ્કરી ટુકડી બેલામાં રહેતી હતી. બેલાના ઠાકોરે ફતેહમહમદનું થાણું ઉખેડી નાખ્યું હતું. પરિણામે આ પ્રદેશમાં બેલાની હરીફાઇ કરી શકે તેવું થાણું ફતેહમહમદને બાદરગઢ વસાવીને સ્થાપવું પડયું.

વાગડના લુટારાઓ તરફ :-

અંગ્રેજો વતી સુંદરજીએ ફતેહમહમદને ચેતવણી આપી ત્યારથી તેનાં સૌરાષ્ટ્ર પરનાં આક્રમણો બંધ થયાં. પરંતુ વાગડના ધાડપાડુઓને લૂંટ-ફાટ કરતો રોકી શક્યો નહિ. કારણ કે થાણાં વચ્ચેથી લુટારા છટકી જતા. કંપની સરકારે આ બાબતમાં વાંધો લીધો ત્યારે ફતેહ મહમદે રણની સામે પાર કચ્છ રાજ્યે ચોકીઓ સ્થાપવી જોઇએ તેવું

સૂચન કર્યું. આ પ્રમાણે ભલામણ કર્યા પછી તેણે સાંતલપુર પાસે દરબારી થાણું સ્થાપી દીધું [૮૨] અને તરતજ વારાહી ગામ પર ચઢાઇ કરી અને તેને લૂંટયું. [૮૩] ઇ. સ. ૧૮૦૯ ના કરારનો આ સંપૂર્ણ ભંગ હતો. અંગ્રેજોએ તે સામે વાંધો ઉઠાવતાં ફતેહમહમદે વારાહી કચ્છનું હતું તેમ જણાવી દીધું. ઉલટાનું તેણે ઉત્તર ગુજરાતના ભીમકુંડીના લોકો વાગડમાં પ્રવેશી ને લૂંટ ચલાવે છે તેનો જવાબ અંગ્રેજો પાસે માંગ્યો. [૮૪] આમ વાગડના પ્રશ્નપર અંગ્રેજો અને ફતેહમહમદ વચ્ચે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ નિર્માણ થઇ.

કંથકોટ :-

ફતેહમહમદે કંથકોટને પોતાની કારકિર્દીના છેલ્લા દિવસોમાં ઘેરો ઘાલ્યો. કોટનો દરવાજો નહિ જડતાં તેણે મંગુધાર પરથી કિલ્લા પર તોપોનો મારો ચલાવેલો અને કિલ્લાના કેટલાક ભાગને નુકશાન પહોંચાડેલું. પણ આ ઘેરામાં તેના લશ્કરને એટલું સહન કરવું પડયું કે તેને ભુજ પાછા ફરવાની ફરજ પડી. [૮૫]

સમી અને ફતેહમહમદ :-

ગુજરાતમાં મોગલ સમ્રાટનો છેલ્લો સૂબો જવાંમર્દખાન બાબી હતો. મોગલ સામ્રાજ્યની અંધાધૂંધીના પાછળના ભાગમાં તે લગભગ સ્વતંત્ર જેવો થઇ ગયો હતો. પરંતુ મરાઠાઓએ ઇ. સ. ૧૭૫૬ માં તેને હરાવીને તેની પાસેથી ગુજરાત પડાવી લીધું અને અંતે તેને તેની મૂળ જાગીર સમી, મુંજપુર અને રાધનપુરમાં ધકેલવામાં આવ્યો. જવાંમર્દખાનના પુત્ર ગાઝી-ઉદ્દીન ખાને સમીને રાજધાની બનાવી રાજ્યને વ્યવસ્થિત કર્યું. તેના

---

૮૨. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૯૮.
૮૩. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૩૦.
૮૪. ફોરેઇન એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૮૪, પૃષ્ટ-૯૩૨.
૮૫. કચ્છનું સંસ્કૃતિદર્શન, પૃષ્ટ-૧૧૮.

સમયમાં અમદાવાદના કેટલાય શાહી મુસલમાનો રાધનપુર આવીને વસ્યા. ગાઝીઉદ્દીનખાન ઇ. સ. ૧૮૧૩ માં મૃત્યુ પામ્યો ત્યારે તેના બે પુત્રો મોટા શેરખાન અને નાનાં કમાલુદ્દીન વચ્ચે વારસા વિગ્રહ ખેલાયો.

આ વારસા વિગ્રહમાં બન્ને પક્ષોએ સબળ પડોશીઓની મદદ લેવાનું નક્કી કર્યું. નાના કમાલુદ્દીન પાસે સમીનગર તથા તેનો મજબૂત કિલ્લો હતો. તેણે પોતાની સ્થિતિ વધારે મજબૂત કરવા માટે ફતેહ મહમદની મદદ માગી. કારણ કે સમીની સરહદ કચ્છના નાના રણને અડતી હતી. આથી મોટા ભાઇ શેરખાને વડોદરાના ગાયકવાડ તથા તેના અંગ્રેજ રેસિડેન્ટને આ ઝગડામાં દરમ્યાન થવા જણાવ્યું.[૮૬] ફતેહ મહમદની દરમ્યાનગીરીને લીધે જવાંમર્દખાનના આ રાજ્યના ભાગલા પાડવામાં આવ્યા. શેરખાનને રાધનપુર તથા તેની આજુબાજુનો પ્રદેશ મળયો અને કમાલુદ્દીનને સમી મળયું.

ગાયકવાડ અને કચ્છ :-

કચ્છની રાજકુંવરી અને દામાજી ગાયકવાડની એક મહારાણી ગાયકવાડના મરણ પછી ભુજમાં રહેતી હતી. રાયધણયુગમાં વડોદરામાં દામાજીના કેટલાક પુત્રોએ શાશક પક્ષની સામે બળવો કર્યો ત્યારે આ રાજકુંવરીએ પોતાના ઓરમાન પુત્રોને પત્ર લખીને બેફીકર રહેવા તથા લશ્કરી મદદ આપવા જણાવ્યું હતું. જેને લીધે બળવાખોરોને મદદ કરવા આવેલી રાજસ્થાનની સેનાને પાછું વળવું પડેલું. તેવી માહિતી વડોદરા રાજ્યના દફતર માંથી મળે છે.[૮૭]

અગણોતેરો કાળ :-

વિ. સં. ૧૮૬૯ માં કચ્છમાં મોટો દુષ્કાળ પડયો. તેથી તેને

૮૬. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૬૨૯.
૮૭. ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક, ઓક્ટોબર ૧૯૭૨, પૃષ્ટ-૨૯૫.

અગણોતેરો કાળ કહેવામાં આવે છે. દુષ્કાળ કે દેવી આપત્તિ વિશે કેટલાક ખોટા વહેમો ઘર કરી ગયા હોય છે. દા. ત. ધૂમકેતુ દેખાય પછી આવી આફતો આવે છે. જોગાનુજોગ ઇ. સ. ૧૮૧૩ માં આકાશમાં એક આવો ધૂમકેતુ દેખાયો હતો અને તરતજ એજ વર્ષે દુષ્કાળ પડયો તથા ઇ. સ. ૧૮૧૩ અને ૧૮૧૪ માં પ્લેગ ફાટી નીકળ્યો.[૮૮] જેથી લોકોના વહેમોને સમર્થન પ્રાપ્ત થયું.

રાયધણયુગીન કચ્છમાં ખરાબ અસર કરનાર દુષ્કાળોમાં ઇ. સ. ૧૭૮૨, ૧૭૮૪, ૧૭૯૧, ૧૮૦૩ અને ૧૮૦૪ ના દુષ્કાળો મુખ્ય હતા. તેમાં અઢારમી સદીના છેલ્લા એટલે કે ઇ. સ. ૧૭૯૧ ના દુષ્કાળ વિશે ગેઝેટિયરકાર નોંધે છે કે, "આ દુષ્કાળમાં તો ઢોરોએ કાળીકીડીઓ પણ ખાવામાં છોડી નહોતી." એજ રીતે ૧૯ મી સદીની શરુઆતમાં પણ આવાં કેટલાંય ખરાબ અછતવાળાં વર્ષો આવ્યાં હતાં. ઇ. સ. ૧૮૦૩ માં તીડ પડવાથી લગભગ પાકેલું તમામ અનાજ સાફ થઇ ગયું હતું. એવોજ દુષ્કાળ ઇ. સ. ૧૮૦૪ નો હતો.[૮૯] પરંતુ ઇ. સ. ૧૮૧૩ ના દુષ્કાળે ઉપરોક્ત તમામના વિક્રમો તોડી નાખ્યા.

કેપ્ટન મેકમુર્ડોના મતે આ દુષ્કાળનું કારણ ધરતીકંપ હતો. અને તેને પરિણામે પાક ન થઇ શક્યો અથવા રોપણી જ ન થઇ શકી.[૯૦] બોમ્બે ગેઝેટિયરકાર આ દુષ્કાળની અસરો વિશે જણાવે છે કે, "કચ્છની લગભગ અડધી વસ્તી તેમાં સાફ થઇ ગઇ. વળી આજ વર્ષોમાં ગામડામાંથી શહેરોમાં આવતા લોકોનો ધસારો વધી ગયો હતો. તેથી પ્લેગ ફેલાયો."[૯૧] ગુજરાત રાજ્યના ગેઝેટની નોંધ મુજબ લોકો સિંધમાં ગામડાંઓ લૂંટવા ચાલ્યાં ગયાં હતાં. સંપૂર્ણ રક્ષણની વ્યવસ્થા કર્યા પછી દૂકાનોમાં અનાજ વહેંચી શકાતું. એક વખત તો અનાજનો

---

૮૮. હિન્દ રાજસ્થાન, પૃષ્ટ-૮૭.
૮૯. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૨૧૧.
૯૦. અર્વાચિન ગુજરાતનું રેખાદર્શન, પૃષ્ટ-૯૬ અને ૯૮.
૯૧. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ ૫ મું. પૃષ્ટ-૨૦૭.

ભાવ એક રૂપિયાના દસ શેર જેટલો પહોંચી ગયો. લોકોને રોજી આપવા માટે દેસલસર તળાવ ખોદવાનું શરુ કરાયું અને દરરોજનું ચાર થી પાંચ શેર અનાજ મજૂરી તરીકે આપવામાં આવતું. ભુજ, અંજાર, માંડવી અને મુન્દ્રામાં રક્ષણના સંપૂર્ણ જાપ્તાવાળી દૂકાનો ખોલવામાં આવી. આ ઉપરાંત ખાનગી સંસ્થાઓ પણ દાનમાં કેટલુંય અનાજ વેંચતી હતી. સિંધ તરફના માર્ગે તરફ લુટારાઓનો ત્રાસઅસહ્ય બની ગયો હતો. ઘણા લોકો ખોરાક માટે પોતાના બાળકોને વેચી નાખતાં હતાં. ખોરાકમાં હવે તો કૂતરાં અને બિલાડાં પણ ખૂટી પડયાં હતાં. તદુપરાંત માનવ માંસ ખાવાના પણ કેટલાક પ્રસંગો બન્યા હતા."[૯૨]

પ્લેગ :-

દુષ્કાળથી કાંઇ અધૂરું રહી ગયું હોય તેમ તરતજ કચ્છમાં પ્લેગનું આગમન થયું. પ્લેગનો આ ભયાનક ઉપદ્રવ ઇ.સ. ૧૮૧૨ માં પ્રથમવાર કચ્છમાં દેખાયો હતો અને ઘણા મહિનાઓ સુધી ચાલુ રહ્યો. શહેરમાં ઘણી જિંદગીઓનો તેણે ભોગ લીધો હતો. સંજોગો પણ તેનો ફેલાવો કરે તેવા પ્રકારના હતા. કારણ કે ભુજ અને માંડવી વચ્ચે અંદરોઅંદર લડાઇ ચાલુ રહેવાને કારણે અને સ્થાનિક પક્ષો વચ્ચે સત્તા ખૂંચવી-પચાવી પાડવાના ઝગડાઓને કારણે ગામડાઓમાં અંધાધૂંધી પ્રવર્તતી હતી. તેને લઇને લોકો શહેરમાં રક્ષણ માટે આવીને વસતા થયા હતા. ત્યાં વસવાથી ઠેર ઠેર ઉભરાતા લુટારાઓથી છેવટે દૂર તો રહી શકાય, એમ તેઓ માનતા હતા. ચોક્કસ સંખ્યાની નોંધ મળતી નથી પણ તે વખતેના અડસટ્ટા મુજબ લગભગ અડધી પ્રજા આ પ્લેગના દરદનો ભોગ બની હતી.[૯૩]

મેકમુર્ડો અને કચ્છ :-

ચાંચિયાગીરી અને વાગડની ધાડો, ઇ.સ. ૧૮૦૯ ની કચ્છ સાથે સંધિ હોવા છતાં ચાલુ રહી. તેથી અંગ્રેજોની ધીરજ ખૂટવા આવી.

૯૨. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૨૧૨.
૯૩. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૮૪.

ઇ. સ. ૧૮૧૨ ના અંતમાં લેફટનન્ટ મેકમુર્ડોના નામના એક અંગ્રેજ રાજદૂત ને માંડવી મોકલવામાં આવ્યો. તેણે ફતેહમહમદ તથા શિવરાજને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે જો સમુદ્રમાં પ્રવર્તતો કચ્છી ચાંચિયાઓનો ઉપદ્રવ તથા રણરસ્તે કાઠિયાવાડ ઉપર આવતા લુટારાઓના ધાડાઓ સત્વરે નાબૂદ નહિ થાય તો કચ્છ સામે આકરાં પગલાં લેવામાં આવશે.

મેકમુર્ડો સાથે એક બળવાન નૌકા કાફલો મોકલવામાં આવ્યો હતો. સિંધની બાજુએ આવેલાં બધાં કચ્છના બંદરોનું બારીક નિરીક્ષણ કરવાની તથા સિંધમાં કરાંચી તેમજ સિહરામાં શું બની રહ્યું છે તેની કાળજી પૂર્વક તપાસ કરવાની તેને કંપની તરફથી સૂચના મળી હતી. મેક-મુર્ડોના તાબામાં એ વખતે બળવાન નૌકાદળ હોવાથી તે બહુ સારો પ્રભાવ પાડી શક્યો.

છતાંય ફતેહમહમદે તો બ્રિટિશ સરકારની અવગણના કરવી ચાલુ જ રાખી. કેપ્ટન ફેલાન નામના એક બ્રિટિશ અમલદારનું ખૂન કરીને, જામનગરથી કચ્છ તરફ નાસી આવેલા સિંધી ગુન્હેગારને તેણે ભુજમાં આશ્રય આપ્યો હતો અને પછી મુન્દ્રાના મહમદ સોટાએ તેને નોકરીમાં રાખ્યો હતો.[૯૪] એજ રીતે તેણે હુસેન નકવા નામના લુટારાને પણ આશ્રય આપ્યો હતો.[૯૫] કોટેશ્વર પાસે ફતેહમહમદના નોકરે પણ મેક-મુર્ડોનું અપમાન કરવાની હિંમત બતાવી હતી તેજ આ નીતિની પરાકાષ્ટા બતાવે છે.[૯૬]

તેથી ૧૮૧૩ ના ફેબ્રુઆરીમાં મેકમુર્ડોએ માંડવી આવીને શિવરાજ ને હાથોહાથ પત્ર આપ્યો અને ફતેહમહમદને ભુજ કાગળ પહોંચાડયો. ચાંચિયાઓથી થયેલું નૂકશાન ભરી આપવાનું શિવરાજે સ્વીકાર્યું, પણ

---

૯૪. કચ્છ વૃતાંત, પૃષ્ટ–૭૬.
૯૫. કચ્છ વૃતાંત, પૃષ્ટ–૭૦.
૯૬. ફોરેઇન એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર–૨૮૪, પૃષ્ટ–૯૨૬.

થોડા સમયમાં તેને એક ભયંકર દરિયાઇ લૂંટના સમાચાર મળ્યા. આ લૂંટમાં ચાંચિયાઓને રૂા. ૩૬૦૦ ની સામગ્રી પ્રાપ્ત થઇ હતી. લૂંટનું કાવત્રું હોંશિયારીથી અને બહાદૂરીભરી રીતે આયોજિત કરવામાં આવ્યું હતું. બેટના બંદર પર ત્રણ જહાજો નાંગરીને પડ્યાં હતાં. આ વખતે પ્રખ્યાત ચાંચિયો નકવાકાસી એક પુરૂષ અને ચારથી પાંચ સ્ત્રીઓ સાથે ત્યાં આવી પહોંચ્યો. તેણે હોડીના કપ્તાનોને જહાજોને કચ્છ માં કોઇજ સ્થળે લઇ જવાનું જણાવ્યું. બે કપ્તાનોએ તેમ કરવાનો ઇન્કાર કર્યો. જ્યારે ત્રીજો શાંતિથી કચ્છમાં જહાજ લઇ જવા તૈયાર થયો. બે જહાજો દૂર થઇ ગયા પછી જે જહાજને નકવાકાસી કચ્છ તરફ લઇ જતો હતો તેના પરથી ચારથી પાંચ સ્ત્રીઓએ પોતાનો પોષાક ઉતારી નાખ્યો ત્યારે ત્રીજા જહાજના કપ્તાનને ખબર પડી કે આ સ્ત્રીઓએ વાસ્તવમાં પુરુષ ચાંચિયા હતા. તેમણે તરતજ ત્રીજા જહાજનો કબજો લઇ લીધો અને કચ્છ તરફ હંકારી ગયા. પછી તેના પર લદાયેલો માલ ઉતારીને આ જહાજને સમુદ્રમાં તરતું કરી દીધું. [૯૭] આ પછી ઇરાકના રાજકુમાર દારાબનું જહાજ હુસેન નકવા નામના ચાંચિયાએ લૂંટયું. આ બનાવ પછી તેને ભુજ પધારવાનું ફતેહમહમદે આમંત્રણ આપ્યું. ફતેહમહમદના મરણ પછી તેના પુત્ર હુસેનમીયાંએ શાહજાદા દારાબનાં કેટલાંક ઘરેણાં પાછાં આપવા કબૂલાત આપી હતી. [૯૮] આમ ચાંચિયાઓને ફતેહમહમદ ઉત્તેજન આપતો હતો તેનો અસ્વીકાર કરી શકાય નહિ.

ચાંચિયાઓના પ્રશ્ન પર અંગ્રેજો ફતેહમહમદને શિક્ષા કરવા તૈયાર થયા હતા. ત્યાં તેણે વારાહી પર આક્રમણ કર્યું. જેથી સ્થિતિ બિલકુલ વણસી ગઇ. અને એક પત્ર દ્વારા મેકમુર્ડોએ તેને સખ્તમાં સખ્ત શબ્દોમાં ચેતવણી આપી દીધી. આ પત્રનો જવાબ મેળવવા મેકમુર્ડોને રણની દક્ષિણમાં આવેલા મોરબી પાસે જવાનો હુકમ કરવામાં આવ્યો. પણ... પણ... ફતેહમહમદ આ પત્રનો જવાબ આપી શકે તે પહેલાં તેને પ્લેગની

---

૯૭. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ઠ-૧૮.
૯૮. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ઠ-૨૪.

ગાંઠ નીકળી અને કચ્છનું આ કિંમતી રતન કાળના જડબામાં ધબરાઇ ગયું.

ફતેહમહમદના મરણની તારીખનો નિર્ણય :-

કચ્છમાં પ્લેગ ફાટી નીકળ્યો તે પહેલાં ફતેહમહમદ બિમાર હોય તેમ લાગે છે. મેકમુર્ડોને તા. ૧-૧૦-૧૮૧૩ ના રોજ ભુજથી આઠ દિવસ જૂના તેની અસ્વસ્થતાના સમાચાર મળેલા. આ સમયે તેને પેટમાં દુઃખાવો ઉપડેલો તેમ કેપ્ટન વોલ્ટર નોંધે છે.[૯૯]

ફતેહમહમદના મરણ માટે કેપ્ટન મેકમુર્ડો સૌથી વધારે આતુર હતો તેથી તેણે ફતેહમહમદના જીવતાં એક નોંધ મૂકેલી કે, "ફતેહમહમદનું મરણ કચ્છની રાજકીય સ્થિતિમાં ઘણાજ ફેરફારો લાવશે."[૧૦૦] પણ તેને ફતેહમહમદના મરણના સમાચાર સર્વ પ્રથમ નથી મળતા. તારીખ ૧૦-૧૦-૧૮૧૩ ના રોજ મોરબીના ઠાકોર દેવાજીને તેના એક ભાઇ જેહાજીએ પત્ર લખ્યો. આ પત્રમાં સર્વપ્રથમ ફતેહમહમદના મૃત્યુના સમાચાર લખવામાં આવ્યા હતા. જેહાજીએ ઉપરોક્ત પત્રમાં પોતાના ભાઇને લખેલું કે, "આજે ભુજથી સમાચાર આવ્યા છે કે ફતેહમહમદનું મરણ પાંચમી ઓક્ટોબર ૧૮૧૩ ના રોજ થયું છે. આ સમાચાર આપવામાં મારૂં નામ ક્યાંય જાહેર કરશો નહિ."[૧૦૧]

મેકમુર્ડોને સુંદરજીનો આથી વધારે વિશ્વાસપાત્ર પત્ર તરત જ મળ્યો. તેમાં ફતેહમહમદનું અવસાન "ભુજમાં તા. ૬ ઠ્ઠી ઓક્ટોબરની રાત્રીએ થયું" એવું જણાવવામાં આવ્યું છે.[૧૦૨] આમ ફતેહમહમદના મરણની સાચી તારીખ ૬ ઠ્ઠી ઓક્ટોબર ૧૮૧૩ ગણી શકાય.

---

૯૯. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૩૧.
૧૦૦. પોલિટિકલ એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૮૫, પૃષ્ટ-૧૨૨૨ થી ૧૨૦૪.
૧૦૧. પોલિટિકલ એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી-૨૮૫, પૃષ્ટ-૧૨૭૪.
૧૦૨. પોલિટિકલ એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી-૨૮૫, પૃષ્ટ-૧૨૯૭.

ફતેહમહમદનું મૂલ્યાંકન :-

આ રીતે કચ્છના ઇતિહાસનો એક યુગપુરુષ ચાલ્યો ગયો. કચ્છમાં ઇ.સ. ૧૭૭૮ થી ૧૮૧૩ માં જે કટોકટીભર્યાં અને અસ્થિર રાજકારણના સંજોગો હતા તે સંજોગો અને સમયમાં કચ્છને ફતેહમહમદ જેવા પુરુષની જરૂર હતી ત્યારેજ તે કચ્છની રાજકીય ક્ષિતિજે દેખાયો. પરંતુ કચ્છનું રાજકારણ જ્યારે નિર્ણાયક પરિવર્તનને કિનારે આવીને ઉભું રહ્યું ત્યારે જ તેણે અલવીદા કરી. કચ્છ માટે તેનું મરણ વજ્રઘાત કરતાંય આત્મ-ઘાત જેવું સાબિત થયું. કારણ કે તેના મૃત્યુ પછી કચ્છના પગમાં ગુલામીની જંજીરો જકડાઇ ગઇ. કચ્છના સિરતાજ ભારમલજીને કેદ થવું પડયું.

તેની જીવનલીલાને આલેખતાં ગેઝેટિયરકાર જણાવે છે કે, "તેના અધિકારના સમયના પ્રથમ ભાગમાં એટલે ઇ.સ. ૧૭૮૬ થી ૧૮૦૧ લગી કચ્છની ચડતી હતી. આ સમયમાં તો તે રાજ્યભક્ત હતો. તથા નાના નાના ઠાકોરો ઉપર મમતા રાખતો અને પ્રજાવર્ગ પર દયાભાવ દાખવતો. પાછળથી તે વહેમી થઇ ગયો. અને કોઇના ઉપર વિશ્વાસ રાખવા લાગ્યો નહિ. તેના કેટલાક સાગરીતો નિમકહરામ થઇ ગયા તેથી તે કડક થઇ ગયો હતો. પરિણામે તેની સત્તા કદી સુદ્રઢ થવા પામી નહિ. રાવને તેના ઉપર અભાવ હતો અને કેટલાક ઠાકોરો તો ખુલ્લી રીતે તેની સત્તાની સામે ઉઠયા. આવી મુશ્કેલીના સમયમાં પણ તેણે પોતાનાથી બનતા કેટલાક પ્રયત્ન કચ્છનો વેપાર વધારવા ક્યાં. તેમાં તેને સફળતા પણ મળી. તે કીર્તિનો ઘણો લોભી હતો તથા કચ્છની સત્તા વધારવા માટે એકપગે થઇ રહ્યો હતો, તો પણ તેણે ખાનાખરાબી થાય તેવી પરદેશી લડાઇઓ વહોરતાં પોતાના રાજ્ય લોભને અટકાવ્યો. તેની સત્તાના બે પરિણામો આવ્યાં. એક તો લોકો ગામડાં છોડીને શહેરમાં જઇ વસ્યાં અને બીજું નાના સરદારોને લૂંટીને તે પૈસે તથા સત્તાએ તર થયો."[૧૦૩]

૧૦૩. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ પાંચમું, પૃષ્ઠ-૧૫૫ અને કચ્છ વૃતાંત, પૃષ્ઠ-૭૨.

તે એક નાનકડા અન્યાયને પણ સહન કરી શકતો નહિ. અંજારના એક ખાટકીને વરછી મારીને એક લંધો ઘોડો ચોરીને ભુજ ભાગી ગયેલો. તેને પાછો મેળવવા માટે તેણે રાજગોર હરભાઇ ઓધવજી પર પત્ર લખ્યો હતો. તેના પરથી તેની ન્યાયપ્રિયતાનો ખ્યાલ આવે છે.[૧૦૪] ભુજથી ઇબુબખર નામનો એક આંગળીએ આવેલો મુસ્લિમ સ્ત્રીનો પુત્ર રાયમા બજાર ભાગી ગયેલો ત્યારે ફતેહમહમદે તેના કોઠારી નરશીને ઉપરોક્ત ઇબુબખરને ભુજ પહોંચાડવા પત્ર લખેલો. આમ તે નાની નાની બાબતોનું પણ ધ્યાન રાખતો હતો.

શ્રી એલ. વિ. કવિ નોંધે છે તેમ, " તેઓ હિન્દુ મુસ્લિમ ઐક્ય એક્યના સ્તંભ હતા અને પોતાના લશ્કર આગળ આશાપુરા માતાનો ધૂપ રાખતા. " એલ્ફીસ્ટન્ટ લખે છે તેમ "સત્તાની બાબતમાં જમાદારનું નામ કચ્છના કોઇ રાવ કરતાં વધારે માનથી જોવાય છે."[૧૦૫] શ્રી. એચ. એલ. દવે તેને મેરૂખવાસ સાથે સરખાવે છે. એ લખે છે કે, "નવાનગરમાં મેરૂએ જેવો ભાગ ભજવ્યો તેવો જ ભાગ રાવની સગીરાવસ્થામાં ફતેહમહમદે કચ્છમાં ભજવેલો." [૧૦૬] જ્યારે શ્રી. આ. કા. દ્વિવેદીના ઇતિહાસ પરથી લાગે છે કે, તેમના સમયમાં ફતેહમહમદ દંત કથાઓનો નાયક હતો. લોકો ઘણીજ રસીકતાથી તેના જીવનના પ્રસંગોની વાતો કહેતા હતા.[૧૦૭]

તેની બેપાળી સેનાની વ્યૂહરચના અને લડાઇમાં એકાએક આગળ ધસી જવાની તેની નિપૂણતા અંગ્રેજોના લશ્કરી કેળવણી પામેલા સૈનિકોથી પણ અધિક હતી. તેથી કર્નલ મેકમુર્ડો કહેતો હતો કે, "જ્યાં સુધી જનરલ ફતેહમહમદ છે ત્યાં સુધી આપણે કચ્છ જીતી શકવાના નથી."[૧૦૮]

---

૧૦૪. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૭૦ અને ૪૭૧.
૧૦૫. એલ્ફિસ્ટન્ટની મિનિટ.
૧૦૬. એ સોર્ટ હિસ્ટ્રી ઓફ ગોંડલ, પૃષ્ટ-૬૯.
૧૦૭. કચ્છ દેશનો ઇતિહાસ, પ્રસ્તાવનાનું પૃષ્ટ-૫.
૧૦૮. કચ્છની પ્રજા જાગૃત્તિના ઇતિહાસનાં પાના, પૃષ્ટ-૯.

જ્યારે તેની મુત્સદીગીરીના સર્વાંગીપણાને દર્શાવતાં શ્રી. રસીકલાલ જોશી નોંધે છે કે, " એ કેવળ પોતાના જ બળ પર મુસ્તાક રહી સામે પૂર દોડનારો યોદ્ધો નહોતો, પરંતુ ફરી ઘા કરવાની તક ન મળે ત્યાં સુધી પીછેહઠ કરી શાંત રહેવાનું પણ જાણતો હતો. [૧૦૯] જ્યારે સર એલેક્ઝાન્ડર બર્ન્સે તેને "સાર્વજનિક સાહસ અને જુસ્સાનું સ્મારક" કહીને બિરદાવ્યો છે. [૧૧૦] અને જેમ્સ બર્ન્સે તેને કચ્છનો ક્રોમવેલ કહે છે. [૧૧૧]

લેફટનન્ટ એસ. એ. રેઇક્સ તેને "વિધાતાનો સૈનિક" કહે છે. આવા માણસોને ક્રાંતિકારી સમાજ જ ઉન્નત બનાવીને રાજ્યમાં એકમ એવ વ્યક્તિના પદે સ્થાપે છે. તેમની દૃષ્ટિએ તેની આંતરિક નીતિ અસંતોષ ભરી અને શંકાસ્પદ હતી. આવી નીતિનો જન્મ પોતાની અસલામતીની લાગણી માંથી થયો હતો. આને લીધે તે રાજ્યમાં કોઇ ક્રાંતિકારી સુધારા કરી શક્યો નહોતો. તે કચ્છમાં શક્તિની દૃષ્ટિએ શ્રેષ્ઠ હતો. પરંતુ સાર્વભોમ તો નહિ. કારણ કે માંડવી એ તેની આણ સ્વીકારી નહોતી. મુન્દ્રા અને બીજાં નાના થાણા તે સંપૂર્ણપણે કબજામાં લાવી શક્યો નહોતો અને જાડેજા ભાયાતો રાજ્યમાં બનતા બનાવોનું નિર્ણાયક તત્વ બનવાની રાહ જોતા રાજકારણથી તદ્દન અળગા રહ્યા હતા. [૧૧૨]

જ્યારે સામે છેડે શ્રી. એ. જી. શેઠ નામતે ફતેહમહમદ માંડવીના વેપારીઓનું દિલ જીતી શક્યો નહોતો. તેમને એવો ડર હતો કે જો માંડવી ફતેહમહમદના હાથમાં જશે તો તે તેમને ધન મેળવવા રીબાવશે. [૧૧૩] વળી એવું જ બન્યું હતું. તેણે આશકરણને તુણા બંદરના વિકાશ માટે પૈસા

---

૧૦૯. કચ્છની પ્રજા જાગૃતિના ઇતિહાસના પાનાં, પૃષ્ટ–૧૧.
૧૧૦. ટ્રાન્ઝેક્શન ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યુમ ત્રીજું, પૃષ્ટ–૩૬૭.
૧૧૧. એ નેરેટીવ ઓફ એ વીઝિટ ટુ ધી કોર્ટ ઓફ સિંધ, પૃષ્ટ–૬.
૧૧૨. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં.–૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ–૧૯.
૧૧૩. કચ્છ વૃતાંત, પૃષ્ટ–૬૯.



ફતેહમહમદે આશાપુરા માતાના મંદિરને
ભેટ આપેલી આરતી.

realpatidar.com

મેળવવા આ રીતે રિબાવ્યો હતો. પણ તે વખતના સંજોગો જોતાં તે આમ કરવાને મજબૂર હતો. તેની આ નીતિ એક અપવાદ હતી, નહિ કે નિયમ. તેથી જ શ્રી. જેમ્સ બર્ન્સે નોંધ્યું છે કે, "તેનો પાછળનો અમલ ક્રૂર અને કડક હોવા છતાં જેના પ્રત્યે માનની લાગણી ઉદભવે અને મનોમન નમન કરવાનું મન થઇ જાય તેવી વ્યક્તિ કચ્છના ઇતિહાસમાં ફક્ત ફતેહમહમદ છે."[૧૧૪]

તે સાચો મુત્સદ્દી પણ હતો. તે જાણતો હતો કે જો હંસરાજ અને અંગ્રેજો વચ્ચે સંધિ થશે તો પોતાનું આવી બનશે. તેથી તેણે આ સંધિ અટકાવવા માટે રૂપિયા દસ હજાર રોકડા તથા એક જોડી સોનાની કંબંગડી હંસરાજ પર મોકલાવી હતી.[૧૧૫] હંસરાજની નામર્દાઇના વિરોધમાં તેણે આ વ્યવહાર કર્યો હતો. દસ હજાર રૂપિયા સાડી માટે મોકલવામાં આવ્યા હતા.

તેની અવિશ્વાસની હદ રાયધણ પૂરતી મર્યાદિત નહોતી. તેણે રાયધણને તો કેદમાં રાખ્યો હતો પરંતુ કેપ્ટન સેટન નોંધે છે તેમ, ભાઇજી બાવાની રાણી અર્થાત લધુભાની માતાને, તેના પુત્ર સાથે નજરકેદમાં રાખી હતી.[૧૧૬]

ધાર્મિક દૃષ્ટિએ તેનું વલણ ઉદાર હતું. જોષી કહે તેવા જપ, જાપ અને બાધા રાખતો. તેણે આશાપુરા માતાના માતાનો મઢના મંદિરને ૪૧ દિવાઓની બે કિલોગ્રામ વજનની એક ચાંદીની આરતિ ભેટ આપી હતી. આ આરતિના સૌથી ઉપરના ભાગ પર હાથીનું સુંદર શિલ્પ છે. વ્યક્તિગત ધાર્મિક જીવનમાં તે એક સાચો મુસ્લિમ હતો. તેણે કચ્છની કીર્તિ મુસ્લિમ દેશોમાં પહોંચાડી હતી. ટીપુ સુલતાન સાથે

---

૧૧૪. એ નેરેટીવ ઓફ એ વિઝિટ ટુ ધી કોર્ટ ઓફ સિંધ, પૃષ્ટ–૭.
૧૧૫. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. –૧૧૫, પૃષ્ટ–૮૯૫.
૧૧૬. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર–૧૯૫, પૃષ્ટ–૧૦૪૦૯.

તેણે ગાઢ સંબંધો કેળવ્યા હતા.[૧૧૭] તેના નામે કોઇ ધાર્મિક અત્યાચાર ચડયો નથી. કે તેણે કોઇ બિન-મુસ્લિમને વટલાવ્યો હોય તેવી ક્યાંય નોંધ નથી મળતી. તેનું આ ચારિત્ર્ય તેને ટીપુથી મહાન બનાવે છે.

તેનો પોતાનો વ્યક્તિગત દરબાર ભભકાદાર હતો. તેણે દરબાર ભરવા માટે પોતાના પ્રથમ શાસનના ગાળામાં એક નાનકડો મહેલ બંધાવ્યો હતો. આ મહેલમાં તે દરરોજ સાંજે જાહેરમાં બેસતો અને લોકોની ફરિયાદ સાંભળતો. તેનો દરબાર શરુ થતો તે વખતને "દર્કવસ્ત" તરીકે ઓળખવામાં આવતો.[૧૧૮]

ટૂંકમાં તે દાની, વિધ્વાનોનો આશ્રયદાતા, સત્તાવાહી, દાનો દુશ્મન, ધર્મપુરૂષ અને સાચો સેનાપતિ હતો. તેથી તો તેને વિશે કહેવાય છે કે,

"... દાનનિધિ દાતા કવિયનકો સાહેબકી જિન રખી સત્તા હે;
દેશ વિદેશ છતા હસતા અરૂ, શત્રુનકા શિર તો કંપતા હે ;
દાનકી ખેર ખડા મસ્તા અરૂ, તેગ કી બેરતો તેજ દીતા હે ;
શામ ધર્મમેં રહે સદા સો ફોજનકા સરદાર ફતા હૈ ;

○ ○ ○ ○ ○ ○

૧૧૭. બોમ્બે ગવર્નમેન્ટ સિલેકશન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૩૨.
૧૧૮. બોમ્બે ગવર્નમેન્ટ સિલેકશન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૨૯.

chapter - 11

-: પ્ર ક ર ણ - ૧૧ મું :-

છેલ્લા પચ્ચીસ દિવસો.

: ૫ મી ઓક્ટોબર ૧૮૧૩ થી ૩૦ મી ઓક્ટોબર ૧૮૧૩:

ફતેહમહમદના વારસો :-

ફતેહમહમદના અકાળ અવસાન પછી તેની સત્તા તેના પુખ્ત વયના બન્ને પુત્રો હુસેનમીયાં અને ઇબ્રાહિમમીયાંને પ્રાપ્ત થઇ. તેમને સત્તા પ્રાપ્ત કરવામાં કોઇ અવરોધ ઉભો થયો નહિ. તેનું કારણ કચ્છના દીવાનનું પદ પોતાના વંશને મળે તે માટે ફતેહમહમદે કરેલા કેટલાક પ્રયત્નો હતું. તેનાં કેટલાક કાર્યોમાં પણ આવા સૂચિતાર્થો દેખાતા હતા. તા. ૨૬મી ઓક્ટોબર ૧૮૦૯ ના રોજ અંગ્રેજો સાથે જે કરાર કરવામાં આવ્યા હતા તેમાં હુસેનમીયાંને પણ એક પક્ષકાર તરીકે સામેલ કરવામાં આવ્યો હતો. હુસેનમીયાં તેનો મોટો પુત્ર હોવાથી અને કરાર ફતેહમહમદના વંશવારસોને બંધનકર્તા છે તેવો સંતોષ બ્રિટિશ સત્તાવાળા લઇ શકે તે માટે ઇરાદા પૂર્વક ઉપરોક્ત સંધિમાં હુસેનમીયાંને સામેલ કરવામાં આવેલો. જ્યારે એજ વર્ષમાં ૮ મી ઓક્ટોબર અને ૧૨ મી નવેમ્બરના રોજ માંડવીના સૂબા અને પોતાને રાયધણના દીવાન તરીકે ઓળખાવતા હંસરાજે તેના ભાઇ ટોકરશી કે પુત્ર શિવરાજને ઉપરોક્ત કરારોમાં સામેલ નથી કર્યા. તેજ બતાવે છે કે કચ્છના દીવાનનું પદ ફતેહમહમદ પોતાના વંશમાં રાખવા માગતો હતો. કટોકટીભર્યા સમયમાં કચ્છની તેણે જે સેવા કરી તેના બદલા તરીકે તેના વારસોને આટલું "વર્ષાસન" તે જાતેજ અપાવે તેમાં માનવ સ્વભાવની સહજ લાગણી મુજબ કશુંય અજુગતું હતું નહિ.

ફતેહમહમદના પુત્રો જલદીથી સત્તા પ્રાપ્ત કરી શક્યા તેમાં તેના છેલ્લા મિત્ર અને વફાદાર સાથીદાર મહેતા જગજીવનનો ફાળો હતો. કારણ કે ફતેહમહમદના સમગ્ર જીવન દરમ્યાન તેનો સંપૂર્ણ વિશ્વાસ જીતી શકનાર ફક્ત જગજીવન હતો. ફતેહમહમદની પાછળની વહિવટી ક્ષેત્રની સુંદર

સિધ્ધિઓમાં તેનો ફાળો વિશેષ હતો. ફતેહમહમદે પોતાના મરણ પહેલાં બન્ને પુત્રોને જગજીવન મહેતા પર વિશ્વાસ રાખવા ભલામણ કરી હતી.

રાયધણનો પ્રશ્ન :-

કચ્છના કોઇપણ સર્વોચ્ચ વહીવટદારને દીવાનપદ હાથમાં લેતાં જ રાયધણનો પ્રશ્ન હલ કરવો પડતો. હુસેનમીયાં પાસે પણ તેનો પ્રશ્ન આવીને ઉભો રહ્યો. સર જ્હોન માલકમના નોંધ્યા પ્રમાણે ફતેહમહમદના બન્ને પુત્રોએ તેના પિતાની નીતિનું અનુસરણ કર્યું અને રાયધણને જેલમાં રાખ્યો.[1]

ફતેહમહમદના શાસનનાં છેલ્લાં વર્ષોમાં રાયધણના માનસમાં કોઇ પરિવર્તન આવ્યું હોય તેમ દેખાતું હતું. હવે તે પહેલાંના જેવો ઉગ્ર અને ધર્માંધ દેખાતો નહોતો. પરંતુ ધર્મપરસ્ત પવિત્ર મુસલમાન જેવો લાગતો. તે ફકીરના જેવો પોષાક પહેરતો. કોઇ ઓલિયો હોય તેવું તેનું જીવન અને ચારિત્ર્ય બની ગયેલું. તે આખો દિવસ હાથમાં દંડો રાખતો. તેના હાથમાં ચોવીસે કલાક તસ્બી રહેતી એટલું જ નહિ પણ તેના મણકા સતત ફેરવીને ઇસ્લામના મંત્રો કે કુરાનની આયાતોનું સતત રટણ કર્યા કરતો હતો.[2]

ઇબ્રાહિમમીયાં:-

ફતેહમહમદના નાના પુત્રનું નામ ઇબ્રાહિમમીયાં હતું. કચ્છના રાજકારણ પર નોતિયાર કુટુંબની જે પક્કડ હતી તે પક્કડને વધારે મજબૂત બનાવવા અથવા તેને યથાવત રાખવાની જવાબદારી ઇબ્રાહિમમીયાં ઉપર આવી હતી. અને તે પાર પાડી શકે તેવો હતો. તે ઘણોજ બુધ્ધિશાળી હતો. આ ઉપરાંત તે રાજપુરૂષ સહન હિંમત તથા શક્તિઓ પણ પણ ધરાવતો. તેણે તેના મોટાભાઇ હુસેનમીયાં કરતાં રાજકારણમાં

---

૧. સર જ્હોન માલ્કમની મિનિટ.
૨. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યુમ પાંચમું, પૃષ્ટ-૧૫૫.

સક્રિય રસ લીધેલો. વાગડમાં કંથકોટના વિખ્યાત અભિયાન વખતે તેણે લશ્કરને દોર્યું હતું. [૩]

હુસેનમીયાં :-

હુસેન ફતેહમહમદનું સૌથી મોટું ફરજંદ હતું. ફતેહમહમદની પ્રતિભા તથા ધાકને દીવાનપદની ગાદી પર જાળવવાની વધારાની જવાબદારી તેના પર આવી હતી. જો કે ઇબ્રાહિમમીયાં અને હુસેનમીયાંમાં, હુસેન-મીયાંને નબળો ગણવામાં આવતો હતો. તેનામાં કાર્યક્ષમતા હતી. પરંતુ તેની નીતિ ઢીલી અથવા ધીમી હતી. આ ઉપરાંત તેના સ્વભાવમાં અસ્થિરતા પણ વર્તાતી હતી. તે વર્ષો સુધી તેના પિતાની નજરમાં ભુજ રહ્યો હતો. [૪]

જમાલબાઇ :-

ફતેહમહમદના રાજકીય અવશેષોનું ત્રીજું પાત્ર જમાલબાઇ હતી. તે ફતેહમહમદની બેગમ હતી. તેની તમામ પત્નીઓમાં રાજકારણમાં રસ લેતી આ એકજ સ્ત્રી હતી. તેના આ રસનું કારણ તેનો નજીકનો સંબંધી મુન્દ્રાનો સુબો મહમદમીયાં સોટા હતો. જમાલબાઇને મહમદ સોટાનું સતત માર્ગદર્શન મળયા કરતું. જમાલબાઇ સાથેનું ફતેહમહમદનું આ લગ્ન તેની પાછલી અવસ્થામાં થયું હતું. તે થરના સોઢા રજપૂતની પુત્રી હતી. જમાલબાઇ નામ મુસલમાન થયા પછી પાડવામાં આવ્યું હતું. તેની એક બીજી બહેન મોરબીના કાંયાજી સાથે પરણાવવામાં આવી હતી. ફતેહ મહમદના સહવાસમાં આવ્યા પછી તે તેને રાજધ્વારી મામલામાં સલાહ આપનાર એક કુશળ સલાહકાર બની ગઇ. ફતેહમહમદના અવસાન પછી તેના પુત્રો ઘણીવાર તેની સલાહ લેતા. તે દરરોજ જનાનખાનામાં આવ-જા કરતી અને ત્યાંની જરૂરી હકીકતોથી બન્ને ભાઇઓને વાકેફ કરતી. [૫]

---

૩. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ–૧૭.

૪. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ–૧૭.

૫. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ–૫૩૨.

જગજીવનનાં ખૂનનું કાવત્રું :-

જગજીવન મહેતા પર ફતેહમહમદને વધારે વિશ્વાસ હતો. તેથી ફતેહમહમદના જીવતાં જ કેટલાક સરદારોને જગજીવનની ઇર્ષા થતી. એટલે ફતેહમહમદના મૃત્યુ પછી એ વાતાવરણ ધિક્કારમાં ફેરવાય તે સ્વાભાવિક હતું. તેની વિરૂધ્ધ વાતાવરણ બગાડનારાઓમાં ફતેહમહમદની વિધવા જમાલબાઇનો અગત્યનો ભાગ હતો. તેને મુન્દ્રાનો મહમદમીયાં પ્રોત્સાહન આપી રહ્યો હતો. ફતેહમહમદનો જગજીવનને વડીલ માનવાનો નિર્ણય તેના જીવતાં બન્ને ભાઇઓને ગમતો નહિ તેથી જગજીવન વિરૂધ્ધની લાગણી બમણા વેગથી ફતેહમહમદના મરણ પછી હિંસક બની ગઇ. આથી આ બધાય અસંતુષ્ટોએ જગજીવન મહેતાના ખૂનનું કાવત્રું રચ્યું. તેમાં તેમને ઇબ્રાહિમમીયાંનો પણ સાથ મળી ગયો. તે કંથકોટથી ભુજ મારતે ઘોડે આવી પહોંચ્યો. ફતેહમહમદની ઉત્તરક્રિયાની વિધિના બહાનાતળે તે પોતાના પક્ષના તમામ માણસો ભુજ બોલાવી શક્યો. તેના આ કાવત્રામાં સામેલ થવા અને ભુજ આવવા તેણે જે સરદારોને આમંત્રણ આપ્યાં હતાં તેમાં મુન્દ્રાનો મહમદ સોટા, મલિક મહમદ, બીટ્ટાનો ડોસલવેણ અને બીજા કેટલાય મુસ્લિમ સરદારો હતા. આ લોકોએ ભુજ આવીને જગજીવન મહેતાની સામે મજબૂત તથા પ્રબળ વિરોધ પક્ષ રચી લીધો.

આ ઉપરથી એટલું તો સમજાય છે કે, જગજીવન સામે જે પક્ષ ઉભો થયેલો તે મુસલમાનોનો પક્ષ હતો. અને તેઓ કોઇપણ ભોગે ભુજની સત્તા હિન્દુઓના પક્ષમાં જવા દેવા માગતા નહોતા. સીદી મરીયમથી કચ્છના મુસલમાનો કચ્છ પર એક હથ્થુ સત્તા મેળવવા માટે તનતોડ પ્રયત્નો કરતા હતા. આ પ્રયત્નોને ફતેહમહમદે સફળ બનાવ્યા હતા અને તેણે વીસ વર્ષ સુધી કચ્છમાં બિનહરીફ સત્તા ધારણ કરી હતી. તેથી ફતેહમહમદની ગમે તેવી સલાહ હોય તો પણ તેઓ જગજીવનને પોતાના રસ્તામાંથી દૂર કરેજ.

બીજું કારણ એ હતું કે, હવે રાયધણ લાંબા સમય સુધી જીવે તેવી કોઇ શક્યતા નહોતી. ટૂંકમાં તેનું મોત જેમ જેમ નજીક આવતું જતું હતું

તેમ તેમ મુસ્લિમોનો પક્ષ તેના વારસદારના પ્રશ્ને કોઇ હિન્દુ વિરોધ ઇચ્છતા નહોતા. કારણ કે રાયધણે ઇસ્લામ સ્વિકાર્યો હતો. એટલું જ નહિ પણ તેના આ મુસ્લિમ મિત્રો તેનો હિન્દુ રાણીઓ સાથેનો સંબંધ પણ કાપી નખાવી શક્યા હતા. રાયધણને બેગમના સ્વરુપે એક સુંદર મુસ્લિમ રખાત અપાઇ હતી. અને તેનેજ એક માત્ર સંતાન થયું હતું. મુસ્લિમ ટેકેદારોના સદનસીબે તે પુત્ર હતો. તેથી તેઓ એમ માનતા હતા કે કચ્છની ગાદી પર હવે મુસ્લિમ માતા અને વટલાયેલ હિન્દુનું સંતાન આવતું હતું. તે જન્મથી જ મુસ્લિમ હોવાથી કચ્છની ગાદી પર મુસ્લિમ શાસકોની પરંપરા શરુ થવાની સંપૂર્ણ શક્યતા તેમને દેખાતી હતી. છેક મો સામે આવેલો કોળિયો કોઇ જગજીવન જેવો માણસ ભવિષ્યમાં પણ ઝૂંટવવાનો પ્રયત્ન કરે તે પહેલાં તેને ઠેકાણે કરવો જોઇએ તેમ આ બધાઓએ નક્કી કર્યું હતું.

આ કાવત્રાના ચિત્રમાં ફતેહમહમદનો મોટો પુત્ર હુસેનમીયાં ક્યાંય દેખાતો નથી. કદાચ તેને સામેલ થવા માટે કહેવામાં પણ આવ્યું નહિ હોય અને તેને એવું આમંત્રણ તેના બિકણ અને અનિશ્ચિત ચારિત્ર્યને લીધે ન પણ મળયું હોય. ગમે તેમ હોય પરંતુ આ કાવત્રું સફળ થઇ શક્યું નહિ. યાહ્યા નામના એક આરબ જમાદારે તે ખુલ્લું પાડી દેવામાં અગત્યનો ભાગ ભજવ્યો. યાહ્યાને દરબારમાં જગજીવનની કૃપાથી જ નોકરી મળી હતી. તે નિમકહરામ ન થયો. તેણે બહુજ હિંમતથી જગજીવન મહેતાની જિંદગી અને સંપત્તિ માટે છેલ્લા શ્વાસ સુધી લડી લેવાની જાહેરાત કરી.[૬] આમ આરબોના દૃઢ નિશ્ચયને લીધે તત્કાલ પૂરતું તો આ કાવત્રું અમલમાં આવી શક્યું નહિ. અને થોડા સમય માટે જગજીવનને જીવતદાન મળી ગયું.

રાયધણનું મરણ :-

જગજીવન સામેનું કાવત્રું પકડાઇ ગયું કે તરતજ કચ્છમાં ઇ. સ. ૧૭૭૮ થી ૧૮૧૩ સુધી પાંત્રીસ વર્ષ રાજ્ય કરનાર આ કમનશીબ શાસક મરણ

---

૬. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ-૧૮ અને ૧૯.

પામ્યો. મરણ વખતે કેપ્ટન વોલ્ટરનાં નોંધ્યા પ્રમાણે તેની ઉંમર ૪૯ વર્ષની હતી. મરણ પહેલાં તેને તાવ આવેલો. તેના મરણનું દેખિતું કારણ પણ આ તાવ હતો. તેના મૃત્યુની તારીખ બધા લેખકોએ એકજ આપી છે. અંગ્રેજી તારીખ ૩૦ મી ઓક્ટોબર ૧૮૧૩ અને વિ. સં. ૧૮૭૦ કારતક શુદ ૧૩ આપવામાં આવી છે.[૭]

મરણ પહેલાંના છેલ્લા દિવસોનું રાયધણનું જીવન તદ્દન બદલાઇ ગયેલું હતું. હવે તે શેરીઓમાં ફરતો નહિ. પસાર થતા હિન્દુઓને ઇસ્લામ સ્વીકારવા આગ્રહ કરતો નહિ. તેને બદલે ઇસ્લામના બંદાની માફક અલ્લાહના ચિંતનમાં જ પોતાના દિવસો પસાર કરતો હતો. તેનાં મૃત્યુ પહેલાંના લક્ષણો જોતાં તો એમજ લાગે છે કે તે ચૂસ્ત મુસલમાન બની ગયો હતો.[૮] આ કમનશીબ શાસક જ્યાં સુધી જીવતો રહ્યો ત્યાં સુધી તેણે પોતાના વર્તનથી કચ્છ પર કેટલાંય દુઃખના વાદળો અને ડુંગરાઓ આમંત્ર્યા હતા.

<u>અંત્યેષ્ઠિ વિધિ સમસ્યા :-</u>

રાયધણે પોતાના જીવતાં તો કચ્છમાં કેટલાય પ્રશ્નો ઉભા કર્યા હતા પરંતુ મર્યા પછી પણ તેણે કચ્છને શાંત રહેવા દીધું નહિ. તેણે દિલથી ઇસ્લામ સ્વીકાર્યો હોવાને લીધે પોતાના અંગત માણસોને ખાસ સૂચના આપી હતી કે પોતાના મરણ પછી મૃત દેહને મુસ્લિમોની માફક દાટવામાં આવે. હિન્દુઓની માફક બાળવાનો નથી. દફનવિધિ જ્યાં કરવી તે માટેનું સ્થળ પણ તેણે મુસ્લિમ શાસકોની માફક પોતાના જીવતાંજ તૈયાર કર્યું હતું, જેથી પોતે મર્યા પછી આ "છેવટની આરામગાહ કે રોજો[૯] અથવા નાનકડી મસ્જિદ તેણે પોતાના મહેલની અંદરજ

---

૭. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ પ-મું, પૃષ્ટ-૧૧૫, કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૮૬, કચ્છ વૃતાંત, પૃષ્ટ-૭૩, હિન્દ રાજસ્થાન, પૃષ્ટ-૩૧ અને કચ્છ કલાધર ભાગ બીજો, પૃષ્ટ-૪૯૮.
૮. બોમ્બે ગવર્નમેન્ટ સિલેકશન નં.-૧૫, ન્યુ સિરિઝ, પૃષ્ટ-૧૩૨:૧૩૩.
૯. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ પ મું, પૃષ્ટ-૧૫૫.

કરાવેલી.[૧૦]

જાડેજાઓમાં અને તેમાંય ભુજના શાસકોમાં અંત્યેષ્ઠિવિધિની આ એક નવી સમસ્યા ઉભી થઇ હતી. જાડેજાઓને સિંધમાં ઇસ્લામનો ગાઢ સંપર્ક હોવાને લીધે તથા તેમના માંના કેટલાકનો પહેલાં ઇસ્લામ ધર્મ હોવાને લીધે તેઓમાં હિન્દુ અને મુસલમાન મહાપુરુષોને સમાનભાવથી પૂજવામાં આવતા હતા. હિન્દુ અને મુસલમાન ધર્મના નિયમાનુસાર ધાર્મિક ક્રિયાઓ અને ઉત્સવો કરવામાં આવતા હતા. બન્ને ધર્મો તરફ સમભાવ રાખવામાં આવતો. આવી અનહદ ધાર્મિક સહિષ્ણુતામાં વધારેમાં વધારે જાડેજાઓના હિન્દુત્વને સોષવું પડ્યું અને તેને લીધે જ મહમદ પન્નાહ જેવા ધર્મ પ્રચારકો રાયધણ જેવા જન્મે હિન્દુ શાસકને ઇસ્લામની છાવણીમાં ખેંચી ગયા. જેનો સ્વીકાર કદી કચ્છના કોઇ હિન્દુ નાગરિકે નથી કર્યો. પછી રાયધણની પોતાને મસ્જિદમાં દફનાવવાની છેલ્લી ઇચ્છા કેમ પૂરી થાય !

જાડેજાઓમાં કેટલાક અપવાદરુપ પ્રસંગોએ મૃત્યુ પછી દફનવિધિઓ થયેલી. જેસલ જાડેજાની કબર આજે અંજારમાં છે અને ગુજરાતભરના ભાવિકો પછી તે ગમે તે ધર્મના હોય તો પણ તેને પૂજે છે. પરંતુ જેસલ તો સંત હતો અને સંતને સમાધિ હોય. સમાધિને બદલે કબર બની તે પણ જાડેજાઓની ઉદાર ધાર્મિક નીતિને કારણે જ નહિ કે એ વખતે જાડેજાઓ ઇસ્લામના અનુયાયી હતા. આને બરાબર ન સમજી શકનાર શ્રીમતી પોસ્ટન્સે તો જેસલને ઇસ્લામ ધર્મનો જ સંત માન્યો હતો.[૧૧]

આ સિવાય કર્નલ જેમ્સટોડ પણ નોંધ કરે છે કે, "જાડેજાઓએ કેટલીકવાર ધર્મ પરિવર્તન કર્યું છે." તેણે છતરડી પાસે મુસલમાનોની માફક દીવો રાખવાનો એક સ્તંભ જોયો હતો. જે સ્તંભ પર દીવો મૂકી શકાય તેવો ખાડો હતો. આ ઉપરાંત તે એક સૂચક નોંધ મૂકે

---

૧૦. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ-૧૯.
૧૧. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૭૯.

છે કે, " દાહક્રિયા પણ થાય છે અને મુસ્લિમ તરીકો પણ અનુભવાય છે."[૧૨] આનો અર્થ એ થાય કે અપવાદરૂપ સંજોગોમાં દફન કરવામાં આવતું હશે, પરંતુ તે સંત સ્વરુપે અને સમાધિ કે છતરડી સ્વરૂપે, નહિ કે રોજા સ્વરૂપે. રાયધણના મરણ વખતે દફન વિધિના આ પ્રશ્નમાં રાજ-કારણ પ્રવેશી ગયું.

ઇબ્રાહિમમીયાં કોઇપણ સંજોગોમાં પોતાના મુસ્લિમ સાથીઓના સહકારથી રાયધણને દફનાવવા માગતો હતો. તે માટે તેના પક્ષે તમામ તૈયારીઓ કરી લીધી હતી. આથી આ પ્રશ્ન તેમના માટે પ્રતિષ્ઠાનો બની ગયો. હજુ પણ જો ઇબ્રાહિમમીયાંએ સમાધાનનો માર્ગ લીધો હોત તો કદાચ "સમાધિ" જેવો બન્ને પક્ષને માન્ય ઉકેલ લાવી શકાત. કબીરની મૃત્યુ પછી તેના હિન્દુઓને મુસલમાન શિષ્યો આવો ઉકેલ લાવી શક્યા હતા. એજ રીતે નાનક અને જેસલ વિશે પણ બન્યું હતું તેમ કહેવાય છે. પરંતુ ઇબ્રાહિમમીયાં એક કાંકરે બે પક્ષી મારવા માગતો હતો. રાયધણને દફન પણ કરી શકાય અને આ સશસ્ત્ર સંઘર્ષમાં બાકીના વીરોધીઓને સાફ પણ કરી શકાય. તેથી આ પ્રશ્ન પર સમાધાનની કોઇ શક્યતા દેખાતી નહોતી.

આવી કાંઇક ઘટના બનશે તેવી માહિતી અને જ્ઞાન જગજીવન મહેતાને પ્રાપ્ત થયું હતું. તેથી તેણે પણ માની લીધું કે રાયધણના શબનો કબજો બળ સિવાય લઇ શકાશે નહિ તેથી તેણે લગભગ પાંચસો જેટલા રજપૂત યોધ્ધાઓની લશ્કરી મદદથી મુસ્લિમોની પાસેથી રાયધણનું શબ પડાવી લીધું.[૧૩] રાયધણનું શબ મેળવીને હિન્દુ વિધિથી તેનો અગ્નિસંસ્કાર કરવા માટે તેણે રાણીવાસની તમામ સ્ત્રીઓ અને રાયધણની વિધવાઓની સંમતિ લઇ લીધી.[૧૪]

---

૧૨. પશ્ચિમ ભારતકી યાત્રા, પૃષ્ટ-૪૫૮.
૧૩. બોમ્બે ગવર્નમેન્ટ સિલેકશન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૨૦.
૧૪. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ-૧૯ અને ૨૦.

ઇબ્રાહિમમીયાં અને તેનો પક્ષ જગજીવનના આ કૃત્યથી આભા જ બની ગયા. પોતાની શક્તિ કેટલી ઓછી હતી, તેનો તરતજ તેમને ખ્યાલ આવ્યો અને જગજીવનના પક્ષને તેઓ ખુલ્લા સંઘર્ષમાં હવે મહાત કરી શકશે નહિ તેમ લાગ્યું. કારણ કે અત્યાર સુધી લગભગ તટસ્થ રહેલા જાડેજા રજપૂતો ફરીથી મુસલમાનોનું ધાર્યું કચ્છમાં થવા દે તેમ નહોતા. જેમ મેઘજી અને વાઘા પારેખે રજપૂત સિવાયના હિન્દુઓને જાગૃત કરીને રાયધણને કેદમાં પૂર્યા હતા તો જગજીવને રજપૂતોને જગાડી ને રાયધણના શબને મુક્ત કરી દીધું. આ પછી કોઇ ભવ્ય ઉત્સવ ઉજવતો હોય તેમ ઘડીનોય વિલંબ કર્યા સિવાય રાયધણના શબને અગ્નિ સંસ્કાર આપી દેવાયો.

<u>રાયધણના રોજાનો પ્રશ્ન</u> :-

રાયધણના મૃત્યુ પછી તે જે બીજો પ્રશ્ન મૂકી ગયો તે હતો પોતાને દફનાવવા માટે મહેલમાં તૈયાર કરેલ રોજો, મસ્જિદ કે દરગાહનો હતો.[૧૫] રાયધણ ગમે તે રીતે મુસલમાન ધર્મ તરફ આકર્ષાયો હોય પરંતુ મુસ્લિમ ન થયા પછી તે તેને ચૂસ્તપણે વળગી રહ્યો હતો. તેના જીવનના પાછળના દિવસોની તેની વર્તણૂંક જોતાં તો લાગે છે કે તે ખરેખર ઇસ્લામનો બંદો હતો અને તેણે મહેલમાં નાનકડી મસ્જિદ બાંધી હશે તેનો ઇનકાર કરી શકાય તેમ નથી. આમ તો તે પોતાના સમગ્ર જીવન દરમ્યાન મહેલની દીવાલો વચ્ચે નજરકેદ જ હતો. છતાંય એટલા વિસ્તારનો તે સાર્વભૌમ હતો. અને કચ્છના દીવાનોએ તેની આ આંતરિક અને અંગત બાબતમાં કશોય હસ્તક્ષેપ નથી કર્યો લાગતો. કારણ કે જો કોઇએ આવો હસ્તક્ષેપ કર્યો હોત તો તેને મસ્જિદ બંધાવતો રોક્યો હોત કે બંધાવેલ મસ્જિદ પાડી નાખી હોત તો ફરી એકવાર કચ્છમાં કોમી તંગદીલી ઉભી થાત. વળી તેના ૩૫ વર્ષના શાસનકાળમાં વીસ વર્ષ તો ફતેહમહમદના હતાં અને દસ વર્ષ અન્ય મુસ્લિમ સરદારોનાં

---

૧૫. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૩૨ અને ૧૩૩.

હતાં. ફક્ત શરૂઆતમાં અને વચ્ચે ઇ. સ. ૧૮૦૨ થી ૧૮૦૪ માં હિન્દુઓનું મહેલમાં વર્ચસ્વ રહેલું તેથી રાયધણને મસ્જિદ બાંધતો કોઇ રોકી શકે નહિ.

રાયધણના મૃત્યુ પછી લગભગ એક વર્ષ પછી ઇ. સ. ૧૮૧૪ ના નવેમ્બરની ૨૫ મી તારીખે પોતાને "થોટલેશ" તરીકે ઓળખાવતા એક લશ્કરી અધિકારીએ કચ્છની મુલાકાત લીધી હતી. તેણે ભુજમાં મહમદ પન્નાહની મસ્જિદની પણ મુલાકાત લીધેલી. આ મુલાકાત વખતે તેને જે માહિતી મળી તે એવી હતી કે આવી જ એક બીજી મસ્જિદમાં રાયધણને તેની પોતાની ઇચ્છાથી દફનાવવામાં આવ્યો હતો. આ મસ્જિદ શહેરની નૈરુત્ય દિશામાં આવેલી હતી અને તે તથા આ મહમદ પન્નાહની મસ્જિદ ભુજમાં જોવાલાયક સ્થાનો હતાં.[૧૬] આજે મહમદ પન્નાહની મસ્જિદ ભુજની નૈરુત્યમાં આવેલી છે. પરંતુ એજ દિશામાં કોઇ આગળ મસ્જિદ કે તેના અવશેષો નથી.

દેશળજી બીજાના વખતમાં શ્રીમતી પોસ્ટન્સે ભુજની મુલાકાત લીધેલી ત્યારે તેમણે છતરડીની થોડેકજ દૂર બીજા એક સ્મારકના અસ્તિત્વની નોંધ કરી છે. આ ઘુંમટવાળું સ્મારક પેલી લાખાજીની છતરડી કરતાં ઘણું નાનું હતું પરંતુ પોસ્ટન્સના વખતમાં તે ઐતિહાસિક રસની દૃષ્ટિએ મહત્વ ધરાવતું હતું. તેના ઇતિહાસ વિશે શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે કે, "રાયધણ મુસલમાન થઇ ગયેલો હોવાથી તેની રાણીઓએ એના પ્રાયશ્ચિતરૂપે આ સ્મારક બનાવડાવ્યું હતું." તેઓ આગળ જણાવે છે કે, "રાયધણને અગ્નિસંસ્કાર આપ્યા પછી તેની રાખ-ફૂલ આ સ્મારકો માંથી લઇ લેવામાં આવ્યાં હતાં. અને બ્રાહ્મણો તેને પવિત્ર નદી ગંગામાં અસ્થિ વિસર્જન વિધિ માટે લઇ ગયા હતા."[૧૭]

જો કે રાયધણનું આ સ્મારક આજે તો છતરડીની બાજુમાં ક્યાંય

---

૧૬. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૬૭.
૧૭. રેન્ડમ સ્કેચીસ ઓફ કચ્છ, પૃષ્ટ-૬૧.

દેખાતું નથી. કદાચ ઇ.સ. ૧૮૧૯ ના ધરતીકંપને લીધે તે ખખડી ગયું હોય અને શ્રીમતી પોસ્ટન્સની મુલાકાત પછી ધીમે ધીમે તેનો નાશ થઇ ગયો હોય. આ સ્મારકને રાયધણના વંશજો જાળવે નહિ કે તેનો જીર્ણોધ્ધાર પણ ન કરાવે કારણ કે રાયધણની દરેક સ્મૃતિ સાથે ઇસ્લામની સ્મૃતિ સંલગ્ન હતી. તેથી તેની ઉપેક્ષા હિન્દુ જાડેજાઓ કરે તે સ્વાભાવિક છે. અને તેથીજ જો રાયધણે મહેલમાં મસ્જિદ બંધાવી હોય તો તે તેના મૃત્યુ પછી કદી મહેલમાં અસ્તિત્વ ધરાવી શકે નહિ.

રાયધણજીનું મૂલ્યાંકન :-

પાંત્રીસ વર્ષના રાયધણના શાસનકાળે અણગમતી સ્મૃતિ અને કટુતા સિવાય બીજું કશુંય પાછળ મૂક્યું નથી. તેના લાંબા જીવનકાળ દરમ્યાન કચ્છના રાજકારણમાં તેની ક્યાંય સારી છાપ ઉપસી હોય તેવો પ્રસંગ નથી મળતો. નતો તે વિજેતા છે નતો પરાજિત, નતો સ્વતંત્ર નતો પરતંત્ર, નતો સક્રિય ન તો સ્થિતિપ્રજ્ઞ, નતો પ્રચંડ વ્યક્તિત્વની ભાવનાવાળો ન તો વ્યક્તિત્વ શૂન્ય, નતો કોઇનો વિશ્વાસુ મિત્ર, નતો ભયંકર દુશ્મન ... અને છતાંય પોતાના મૃત્યુના છેલ્લા દિવસ સુધી તે કચ્છની પ્રજાનો શાસક હતો તે હકીકત છે.

જેલમાં હોય કે મહેલમાં પણ કચ્છમાં જે કાંઇ થતું તે તેના નામથી અને તેનાજ હુકમથી થતું. ફતેહમહમદ હોય કે હંસરાજ પણ એ તમામનો આરાધ્યદેવ તો રાયધણ જ હતો. એ બધાય પોતાની જાતને રાયધણના જ નોકર ગણતા. સંધિ, વિગ્રહ કે પત્રવ્યવહારમાં તેનુંજ નામ ચમકતું. જનતા પર તેણે અત્યાચાર કરેલા છતાંય જનતાનો શિરતાજ પણ તેજ હતો. નજરકેદમાંથી બહાર નીકળતો કે તરતજ રાજકારણ પર તેની પ્રત્યેક હિલચાલની અસર થતી.

રાજકીય કુટુંબના નબીરાઓ બચપણમાં કે કિશોરાવસ્થામાં જે પાકટતા બતાવતા હોય છે તેનો તેનામાં અભાવ હતો. રાયધણ હંસરાજ કે ફતેહમહમદની બળવાખોરી સામે કાંઇ ન કરી શક્યો. અકબર કે

માધવરાવ પેશ્વા જેવી રાજકીય પાકટતા બતાવીને મહત્વનો નિર્ણય લેવાને બદલે મહમદપન્નાહના ઉપદેશની અસરમાં આવી ગયો. તેજ બાબતો તેની માનસિક અપરિપક્વતાની દ્યોતક છે.

તેણે કરેલી દેવચંદની હત્યામાં કોઇ રાજકીય ડહાપણ કે કુટ નૈતિક ગણતરી નહોતી. તેથી દેવચંદને તેના કુટુંબીઓનાં બલિદાનો તેના માટે લાભકારક પુરવાર ન થયાં. એક હત્યાકાંડે બીજા હત્યાકાંડોની પરંપરા સર્જી અને તેમાં ભુજના તખ્તનું ઓજસ પાંત્રીસ વર્ષ સુધી હોમાઇ ગયું. તેના પિતા ગોડજીએ પોતાના શાસનકાળ દરમ્યાન કેટલાક દીવાનોના ખૂનો કરાવ્યાં હતાં પણ તેમાં લાંબી રાજકીય ગણતરી હતી. ફક્ત રક્તપિપાષાવૃત્તિ જ જો હોત તો કદાચ તેનું ઇ જીવન પણ રાયધણ જેવુંજ ગયું હોત. કારણ કે કચ્છમાં કદી મુત્સદ્દીઓનો દુષ્કાળ પડયો નથી.

ઇસ્લામના અનુયાયી થવામાં તો તેણે ભયંકર ભુલ કરી નાખી. તેના સમગ્ર જીવનની કમનસીબીનું કારણ "ઇસ્લામ" જ બની ગયો. એક રાજ્યનો સર્વોપરી કેટલાક સંજોગોમાં ઇચ્છે તો પણ ધર્મ પરિવર્તન નથી કરી શકતો. અકબરના સમગ્ર જીવનનું અવલોકન કરતાં એટલું તો વરતાઇ આવે છે કે તેને ઇસ્લામ તરફ હાર્દિક આકર્ષણ રહ્યું નહોતું. તે વિકલ્પની શોધમાં હતો. તેને વિકલ્પ મળી શક્યો હશે પરંતુ તે કોઇપણ સંજોગોમાં એ વિકલ્પ સ્વીકારી શકે તેમ નહોતો. કારણ કે તેમ કરવાથી રાજકીય પરિણામો ઘણાજ ખતરનાક આવવાનો સંભવ હતો. અને તેથી જ રાજકીય ગણતરી કરીને તેણે પોતાની મૂંઝવણનો માર્ગ "દિનેઇલાહી" માં કાઢી નાખ્યો. જેને પરિણામે તે પોતાને અને રાજ્યને ઝંઝાવાત માંથી બચાવી શક્યો.

જ્યારે બહુજ સહિષ્ણુ એવા યુગમાં જાહેરમાં ઇસ્લામ સ્વીકારીને બળજબરીથી તેનો પ્રચાર કરવા બહુમતી હિન્દુઓની વસ્તિવાળા પ્રદેશમાં નીકળવું તે આત્મઘાત સમાન હતું. તેથી ઉલટું જો તેણે હિન્દુ ધર્મના પ્રચાર માટે આવી આસમાની સુલતાની વાપરી હોત તો પણ તે

સફળ થવાની શક્યતા નહોતી. આવો એક બનાવ તેનાજ સમયમાં બન્યો હતો. ઇ. સ. ૧૮૧૧ માં અલવરના રાજા રાવ બખ્તાવરસિંહે મુસ્લિમો પર અત્યાચાર કરેલા પણ તે અંતે નિષ્ફળ ગયેલો. [૧૮]

જ્યારે અહીંયા કચ્છની બહુમતી પ્રજા સંપૂર્ણ સહિષ્ણુ હિન્દુઓની હતી. અને તેમાં લગભગ ત્રીસ ટકા પ્રજા તો શાસક વર્ગની એટલે કે જાડેજા રજપૂતોની હતી. મુસ્લિમોનું પાછળથી કચ્છના રાજકારણમાં વર્ચસ્વ જામ્યું. તેમની વસ્તિની દૃષ્ટિએ બહુમતી નહોતી પરંતુ એક લશ્કરી જાતિ તરીકે ખાંડાં ખખડાવીને જ તેઓ બહુમતિનો ભાસ ઉત્પન્ન કરતા હતા.

ખાંડાં ખખડાવવાની શક્તિના હ્રાસ સાથે જ તેમનું પતન નિશ્ચિત હતું. અને રાજકારણમાં તો એવું અવારનવાર બને છે. કદાચ ઇસ્લામ સ્વીકાર્યા પછી રાયધણે તેના પ્રચાર માટે જે ખતરનાક પાશવી માર્ગ અપનાવ્યો તે પણ વાસ્તવમાં તો અયોગ્ય હતો. અત્યાર સુધી કચ્છની પ્રજાને રાયધણ તરફ માન હતું પરંતુ માંડવીના પ્રસંગ પછી આ માન કેટલી હદે ઘટયું છે, એ તો રાયધણના અંગરક્ષકદળના બે માણસો મરાયા તે પરથીજ વરતાઇ ગયું. આવું હોવા છતાંય પ્રજાએ રાયધણને પોતાના શિરતાજ અને સહધર્મી તરીકે માન્ય રાખ્યો હતો. કચ્છમાં ઈગ્લેન્ડની માફક ધર્મ અને રાજનીતિ એક તથા સહેજ અવિભાજ્ય હતાં. કેટલીક ધાર્મિક પ્રણાલિકાઓનું પાલન કચ્છમાં ફરજિયાત હતું. આશાપુરા જાડેજાઓના કુળદેવી હતાં. સાથે સાથે કચ્છનાં પણ હતાં. રાજ્ય મળયા પછી દરેક જાડેજા શાસકને આશાપુરાજીની પૂજા ફરજીઆત કરવી પડતી અને ધર્મ તથા રાજકારણને એક અને અવિભાજ્ય ગણવાં પડતાં હતાં. તેથી આશાપુરાના મુખ્ય પૂજારી – કાપડીને સિંહાસન સાથે રાજાનો ઇલકાબ આપવો પડતો. લોકો તેને રાજા તરીકે જ સંબોધતા હતા. તે જ્યારે ભૂજ દરબારમાં જતો ત્યારે પોતાની સાથે સિંહાસન લઇ જતો

---

૧૮. ભારત રાજ્ય મંડળ, પૃષ્ટ–૬૧૯ અને ૬૨૦.

અને મહારાવની સમક્ષ દરબારમાં સિંહાસનારુઢ થતો. કચ્છનું લશ્કર જ્યારે કૂચ કરતું હોય ત્યારે લશ્કરની સૌથી આગળ આશાપુરાનો ધ્વજ રહેતો. ફતેહમહમદને આ ધ્વજ આગળ રાખવો પડતો ત્યારે તે લશ્કર કચ્છના આશાપુરાના ભક્ત મહારાવનું ગણાતું હતું.

એટલે પ્રણાલિકાગત બંધારણીય સ્થિતિ એવી હતી કે, રાજાનો ધર્મ તે બહુમતીનો ધર્મ હોવો જોઇએ. હવે બેજ વિકલ્પ રહેતા હતા. કાં તો રાજાને બરતરફ કરવો અથવા તેને હિન્દુ ગણવો. હજુ સુધી કચ્છની પ્રજા એટલી તો પરિપક્વ નહોતી થઇ કે જેથી ઇગ્લેન્ડનાં ચાર્લ્સ પહેલા કે જેમ્સ બીજાના પ્રસંગોનું પુનરાવર્તન કરે. તેવી રાજભક્તિની માત્રાને લોકશાહીનું મોજું હજુ સુધી સ્પર્શયું નહોતું. તેથી કચ્છીઓએ "માન ન માન મેં તેરા મહેમાન" જેવો બીજો માર્ગ કાઢયો. અને રાયધણને હિન્દુ જ જાહેર કર્યો. તેણે કરેલા ધર્મ પરિવર્તનને "ગાંડા માણસની સોબતનું પરિણામ" ગણવામાં આવ્યું અને તેની ધમાંધતાના કૃત્યોને "માનસિક અસ્થિરતા" માં ખપાવી દેવામાં આવ્યાં. આમ રાયધણ વાસ્તવમાં ઇસ્લામનો સાચો બંદો હોવા છતાંય તેની પ્રજાએ તેને ન સ્વીકાર્યો.

માંડવીનાં મંદિરો તોડવાનો તેનો કાર્યક્રમ "સવાયા મુસલમાન દેખાડવાની વૃત્તિ" માંથી જન્મ્યો હતો. આવું પ્રદર્શન કરવાની ઇચ્છા રાયધણ જેવા નવા મુસલમાનને થાય તે બિલકુલ સ્વાભાવિક હતું. પરંતુ સમય પલટાયો હતો. રૂકમાવતીમાં કેટલુંય પાણી વહી ગયું હતું. પરિણામે રાયધણને આંશિક પણ સફળતા મળે તેવી કોઇ શક્યતા નહોતી. પોતાના જીવનની અંતિમ ઇચ્છા "ભૂદાહ" ની પણ કોઇ પૂરી કરી શક્યું નહોતું પછી તેની બીજી મહત્વાકાંક્ષાઓ તો ક્યાંથી પૂર્ણ થાય ?

રાજસ્થાનના રાજગઢનો શાસક રાવત મોતીસિંહ આજ સમયે મુસલમાન થયેલો. બ્રિટિશ સરકારે તેના ધર્મપરિવર્તનને માન્ય રાખીને તેને નવાબનો ખિતાબ આપેલો. પરંતુ પ્રજાએ તેના વારસોમાં ફરીથી હિન્દુત્વનું * આરોપણ કરીને નવાબ માંથી " રાજા " બનાવી

દીધેલા.[૧૯]

આમ રાવત મોતીસિંહ એક વખત બહુમતિની ઇચ્છા વિરૂધ્ધ જઇ શક્યો. પરંતુ કાયમ માટે તે કે તેના વારસો તેમ કરી શક્યા નહિ અને અંતે ઇતિહાસનું પુનરાવર્તન થયું. રાયધણની પણ એજ હાલત થઇ. આધુનિક યુગની અસર હિન્દુ સમાજને લાગી ગઇ હતી. જેમ મધ્ય-કાલીન યુગમાં ગામડાંઓનાં સાર્વજનિક જળાશયોમાં ગાયનાં હાડકાંઓ કે માંસ નાખીને આખાને આખાં ગામોને મુસલમાન બનાવી દેવામાં આવતાં હતાં. તેમને ધર્મગુરુઓ હિન્દુ તરીકે સ્વીકારતા નહિ તેવું હિન્દુ માનસ હવે રહ્યું નહોતું.

સામે છેડે તેને ગાંડો કૂટી બાળવામાં આવ્યો છે તે પણ અન્યાય કરવા જેવું કૃત્ય છે. કેપ્ટન સેટન જેણે થોડાંક વર્ષો કચ્છમાં ગાળ્યાં હતાં તે પણ માને છે કે રાયધણ ગાંડો છે તે બરાબર નથી. તેનામાં રહેલી કેટલીક બદીઓને કારણે બાહ્ય દૃષ્ટિએ કે ઉપલક અવલોકન કરનારને તેનામાં ગાંડપણનો ભાસ થાય. તેની કુટેવોમાં બે મુખ્ય હતી, અમિતા હાર અને બંધાણ. તેથી કેપ્ટન ડેવીડ સેટન સાચું જ નોંધે છે કે, "આ બન્નેએ જ તેના પર ગાંડપણ નું આરોપણ કરાવ્યું છે"[૨૦] શ્રી. આર. એલ. ગુડવીન જેવો મુંબઇનો કાર્યકારી ગવર્નર રાયધણના ગાંડપણનો સ્વીકાર કરતો નથી. તે માને છે કે, "તેની તમામ શક્તિઓ છેક સુધી પોતાની ઇન્દ્રિઓનાં કબજામાં હતી અને દિવસે દિવસે તેની હતભાગી અસ્વસ્થતા ઓછી થતી જતી હતી.[૨૧]

આમછતાંય તેના કેટલાંક કૃત્યોનું મનોવૈજ્ઞાનિક રીતે વિશ્લેષણ કરીએ તો પણ તેમાંથી ગાંડપણનો અવશેષ બાદ કરવો મુશ્કેલ બને છે.

---

૧૯. ભારત રાજ્ય મંડળ, પૃષ્ટ-૪૪૨ થી ૪૪૩.
૨૦. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૯૫, પૃષ્ટ-૧૦૪૧૩.
૨૧. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૭૭, પૃષ્ટ-૧૦૫.

કેપ્ટન ચાર્લ્સ વોલ્ટર નોંધે છે તેમ, રાયધણે શરુઆતમાં ઇસ્લામિ ઝનૂન બતાવીને ધર્મનો દિલથી પ્રચાર કરવા પ્રયત્ન કર્યો પણ ઇસ્લામનો પ્રચાર કરવાની તેની રીત સમગ્ર રીતે બુધ્ધિ વગરના આંધળા ઝનૂન જેવી બની ગઇ. છેવટે તેનું ચારિત્ર્ય જોતાં આ ધમાંધતા તેનામાં ચોક્કસ પ્રકારના ગાંડપણ તરીકે સ્થિર થઇ ગઇ અને તેથીજ તેનામાં ગાંડપણનું ફક્ત આરોપણ જ કરવામાં નથી આવ્યું, પણ તે જોવાયું છે. વોલ્ટર તેનાં કેટલાંક કૃત્યોમાં આની સાબિતી અવલોકે છે. અગાશી પરથી લોકો પર ગોળીબાર કરવો, રાત્રે સામો મળતો કોઇપણ સખસ જો અલ્લાહ ન બોલે કે અસલામાલેકુમ ન કહે તો તેને કાપી નાખવો અને ભગવાનને યાદ કરતા હિન્દુનું તરતજ બલિદાન આપી દેવું તે આવા પ્રકારનાં કૃત્યો હતાં.[૨૨]

ઉપરોક્ત કૃત્યોનો જવાબ તો ધમાંધતાના ભયંકર ઝનૂન સિવાય બીજો આપી ન શકાય. પરંતુ તેમાં ગાંડપણ જોવું તે તો અલ્લાઉદ્દીન ખલજી, ફિરોઝ તુગલુક અને સિકંદર લોદીને પણ ગાંડા જાહેર કરી દે. તેથી તેના ધાર્મિક ઝનૂનભર્યા આ ઉન્માદને એલેક્ઝાંડર વોકર "અતિ શિથિલતા" માં ખપાવે છે.[૨૩] તેને કેદમાં પૂર્યા પછી તેનામાં આવેલી કેટલીક વિકૃતિઓનું કારણ પણ યોગ્ય વાતાવરણનો અભાવ દેખાય છે. એલેક્ઝાન્ડર વોકર નોંધે છે તેમ રાયધણની ચોકી કરવા માટે ફતેહ મહમદે જે માણસોને તેની પાસે રાખ્યા હતા તે ઘણીજ હલકી જાતિના હતા. રાયધણને આવા હલકા માણસો સાથે સમય પસાર કરવો પડતો હતો. તેને લીધે તે માનસિક રીતે ભાંગી પડયો હતો. કેટલીક વખત તો આ ચોકીયાતો રાયધણને પીવા માટે પૂરતું પાણી પણ આપતા નહિ.[૨૪] સ્વાભાવિક છે કે આવી પરિસ્થિતિમાં કોઇ બુધ્ધિશાળી

---

૨૨. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૧૧૬.
૨૩. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૩૨, પૃષ્ટ-૫૪૮૫.
૨૪. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૩૨, પૃષ્ટ-૫૪૮૫.

માણસ મૂકાયો હોત તો તે પણ અસ્થાયીરીતે ચોક્કસ માનસિક સંતુલન ખોઇ બેસે.

તેના આખા જીવનનો અભ્યાસ કરતાં તે "અતિ સંવેદનશીલ" હોય તેમ લાગે છે. કારણ કે તેના શરુઆતનાં ઝનૂની કૃત્યો તેના યુવાનીના આવેશનું સર્જન છે. વચ્ચેનાં ધમાંધતાભર્યાં કૃત્યો તેનામાં રહેલ "નવા મુસલમાન" ની સંવેદના કરાવે છે. અને છેલ્લે છેલ્લે તે જે શાંતિ જાળવે છે તે માટે તેની અતિસંવેદનશીલતા માંથી જન્મેલી શિથિલતા કારણભૂત છે.

-: પ્ર ક ર ણ - ૧૨ મું :-

રાયધણજીના મરણ પછી.

વારસ સમસ્યા :-

હિન્દુ રાજાઓના નિયમ મુજબ યુવરાજને ગાદી મળતી. જાડેજાઓ પણ આ નિયમને વળગી રહ્યા હતા. વળી મોટા પુત્રનો યુવરાજ તરીકે અભિષેક કરાતો હતો. આમાંની કોઇ વિધિ રાયધણે પોતાના પુત્ર માનસિંહ માટે નહોતી કરી. તેનાં બે કારણો આપી શકાય. એકતો એ કે માનસિંહ રાયધણનો એકમએવ પુત્ર હતો અને બીજું રાયધણ પોતાને કોઇપણ સંજોગોમાં હિન્દુ ગણવા તૈયાર હતો નહિ. તેથી સ્વાભાવિક છે કે, તેને હિન્દુઓના વારસા અધિકારના કાનૂનમાં વિશ્વાસ નહોય. એટલે તેણે પોતાના અંગત ધર્મ ઇસ્લામ પ્રમાણે જ માનસિંહને શાહજાદા તરીકે મૂક સંમતિ આપી હતી.

આનો ઘટસ્ફોટ રાયધણજીના કાસમઅલી નામના એક દૂતની મુંબઇના ગવર્નર પરની અરજી પરથી પ્રાપ્ત થાય છે. આ અરજી પરથી ગવર્નરે પોતાની મિનિટ તૈયાર કરી હતી. તેમાં જણાવાયું હતું કે, આ માનસિંહને મહમદભાઇ અથવા ગીગુ તરીકે ઓળખવામાં આવતો હતો. લધા મુળજી નામના એક બીજા દૂતે પણ આવીજ માહિતી આપેલી. વળી માર્ચ ૧૮૧૦ પહેલાં મુંબઇ સરકારને મળેલા પત્રમાં તેનું નામ માનસિંહ જણાવવામાં આવ્યું હતું.[૧] ટૂંકમાં માનસિંહને મહમદઅલી કે શાહજાદા તરીકે ભાવિ ગાદી વારસની સંમતિ મળી ગઇ હતી.

આ સામે પડકારની કોઇ સંભાવના નહોતી. પરિસ્થિતિ સંપૂર્ણ અનુકુળ હતી. મુસ્લિમ શાસકોને વારસાનો કોઇ નિયમ હતોજ નહિ. બધા પુત્રોમાં જે બળવાન હોય તે વારસા વિગ્રહ ખેલીને ગાદીએ આવી

---

૧. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૭૭, પૃષ્ટ-૧૦૪.

જાય તે માટે વારસાના પ્રશ્નો ભાગ્યે જ કોઇ મુસ્લિમ શાસક પોતાના જીવતાં ઉકેલી શકે. માનસિંહનો બીજો કોઇ સગો ભાઇ હતો નહિ. એટલે એનો કોઇ હરીફ નથી જાગવાનો એમ રાયધણે માનીને આ પ્રશ્નને ક્યાંય છેડયો લાગતો નથી.

માનસિંહ અને કેસરબાઇ સરુબા સોઢી નામની રાણીથી જન્મ્યાં હતાં અને રાયધણને કુલ દસ રાણીઓ હતી તેવું વિધાન શ્રી. કારાણી લેફટનન્ટ રેઇક્સ પરથી કરતા હોય તેમ લાગે છે. રેઇક્સના વિધાનનો આધાર એ વખતના મહારાવ દેશળજી બીજા સાથેનો પત્રવ્યવહાર છે.[૨] એટલે સ્વાભાવિક છે કે તેમાં સત્ય છૂપાવવાનો પ્રયત્ન થાય. બન્યું પણ એવું જ કે દરબારી જવાબને આધારે રેઇક્સે રાયધણની રાણીઓની સંખ્યા દસની આપી હતી.

રાયધણના શરુઆતના ઇસ્લામ તરફના વલણને કારણે શ્રી. હેમિલ્ટન નોંધે છે તેમ જો તેણે તેની તમામ રજપૂત રાણીઓ સાથેનો સંબંધ ત્યજી દીધો[૩] હોય તો આ અગીયાર માંથી એક પણ રાણીને સંતાન થવાની શક્યતા ઓછી રહેતી હતી. એટલે શ્રી. કારાણી, માનસિંહને અને કેસરબાઇને શરુબા સોઢીના સંતાનો ગણાવે છે તેને બીજા આધારોની જરુર છે.

બીજી બાજુ લગભગ તમામ અંગ્રેજ લેખકોએ રાયધણની એક બિન કાયદેસર સુંદર મુસ્લિમ રખાત કે ગુલામ છોકરીનો ઉલ્લેખ કર્યો છે. કેટલાકે તેને મૂર કન્યા કહી છે. ક્યાંય તેનાં માતા-પિતા કે તેના વિશેની બીજી કોઇ માહિતી આપવામાં આવી નથી. એટલું ખરૂં કે, તેની સુંદરતા વિશે દરેક લેખકે એક-બે શબ્દોમાં ઉલ્લેખ કે વખાણ કર્યાં છે આશ્ચર્યની વાત તો એ છે કે કચ્છી લેખકોએ ક્યાંય આ કન્યા સાથેનાં રાયધણના સંબંધોનો ઉલ્લેખ નથી કર્યો તેમાં તેમની ભુજની ગાદીવાળા મહારાવો તરફની રાજભક્તિ કારણભુત હતી.

---

૨. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૨૦૪.
૩. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૮૯.

આ મુસ્લિમ રખાતનું મુંબઇ આર્કિલેખાગાર માં પડેલી ગવર્નર ડંકનની તા. ૨૮–૩–૧૮૧૨ ના રોજ લખેલી મિનિટમાં નામ આપવામાં આવ્યું છે. તેમાં જણાવ્યા પ્રમાણે રાયધણની આ સુંદર મુસ્લિમ ગુલામ કન્યા, મૂર કન્યા કે રખાતનું નામ જેઠીબાઇ હતું.[૪] એ યુગમાં લાડુ, રતન, કુંવર જેવાં નામો હિન્દુ અને મુસ્લિમ બન્ને કોમની છોકરીઓ–સ્ત્રીઓ માટે સામાન્ય હતાં. આ નામ આ સિવાય બીજે ક્યાંય હજુ સુધી આપવામાં નથી આવ્યું. રેઇક્સ અને વોલ્ટર પણ આ મિનિટને અનુસર્યા નથી. તે આશ્ચર્યકારક ગણાય.

રાયધણજીની આ સુંદર મુસ્લિમ બેગમની સુંદરતાએ અને ઇસ્લામના આકર્ષણે તેને બીજી રાણીઓ સાથેનો સંબંધ તોડાવ્યો હતો એટલું જ નહિ પણ મહમદપન્નાહ અને બીજા કચ્છને "દાર–ઉલ–હરબ" માંથી "દાર–ઉલ–ઇસ્લામ" માં ફેરવવાની ઇચ્છા રાખનારાઓને કેટલીક અનુકુળતાઓ મળી. બાકી આ મુસ્લિમ રાણી સુંદર હતી એની ના પાડી શકાય નહિ. કારણ કે તેના બીજા સંતાન કેસરબાઇની સુંદરતાનાં વખાણ કરતાં વિદેશી લેખકો થાકતા નથી. એતો સ્વાભાવિક છે કે માતાની સુંદરતા પુત્રીમાં ઉતરે.

વળી કેસરબાઇ આ મુસ્લિમ રાણીની પુત્રી હતી.[૫] એની સાબિતી તેનાં જૂનાગઢના નવાબ સાથે થયેલાં લગ્નમાં મળી રહે છે. જો તે રાયધણની કાયદેસરની હિન્દુ રાણીઓ માંથી કોઇકની પુત્રી હોય તો તેના હાથની માગણી ચોક્કસ કોઇ રજપૂત રાજા કરે. જ્યારે આગળ જોઇશું તેમ કેસરબાઇનું આ લગ્ન જૂનાગઢના નવાબની માગણીથી નહિ પણ કચ્છ દરબારની ઇચ્છાથી થયું હતું.

માનસંગ અને કેસરબાઇના પાછળના ઇતિહાસ દ્વારા ઉલ્લેખિત

---

૪. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર–૨૭૭, પૃષ્ટ–૧૦૪.

૫. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર–૨૭૭, પૃષ્ટ–૧૦૫.

તમામ પ્રસંગો પરથી સાબિત થાય છે કે તે માનસંગની સગી બહેન હતી. આમ માનસિંહ પણ આ મુસ્લિમ રખાત જેઠીબાઇનો પુત્ર હોવાનું સાબિત થાય છે. નહિંતર આવા કાયદેસરના એક માત્ર કુંવરના વિરૂધ્ધમાં કદી કચ્છનો "હિન્દુ પક્ષ" પડે નહિ.

રાયધણની પાસે ફકીરમહમદ નામનો એક વિધ્વાન અને વિશ્વાસુ માણસ હતો. તેને માનસિંહ ઉર્ફે ગીગુભાઇ ઉર્ફે મહમદ તથા તેની બહેન કેસરબાઇને શિક્ષણ આપવા માટે રોકવામાં આવેલો. સ્વાભાવિક છે કે આ શિક્ષણ ઇસ્લામનું જ હોય. આ ફતેહમહમદના વિશ્વાસુ અને રાયધણના પણ વહાલા નોકરે કચ્છના આગળના મહારાવોની નોકરી કરેલી અને તેમનો વિશ્વાસ સંપાદન કરવામાં સંપૂર્ણપણે સફળ થયેલા હતા. આ ફકીર-મહમદ રાયધણની ટપાલ આપવા જવાનું અને લઇ આવવાનું કાર્ય કરતો હતો.[૬] આવો નિમક હલાલ નોકર જ્યારે ખાનગી શિક્ષક બને ત્યારે તે રાયધણની સૂચના મુજબનું જ શિક્ષણ આપે અને તે શિક્ષણ ઇસ્લામ સિવાય બીજું કયું હોઇ શકે ?

માનસિંહના પક્ષમાં ઇબ્રાહિમમીયાં કેમ રહ્યો તેનું એક કારણ તો તે ચૂસ્ત મુસ્લિમ હતો અને રાયધણ પછીનો શાસક પણ મુસ્લિમ માતાનોજ પૂત્ર હોવો જોઇએ તેમ તે માનતો હતો. તેથી ભવિષ્યમાં સુધ્ધ મુસ્લિમ શાસકોની પરંપરા કચ્છમાં શરુ થઇ શકે. કદાચ રાજકીય બળાબળની દૃષ્ટિએ આ કારણ બરાબર ન હોય અને ઇબ્રાહિમમીયાંને પણ તે યોગ્ય ન દેખાતું હોય તો પણ સામાપક્ષે જગજીવન જેવો મહારથી હતો.

ફતેહમહમદના મરણ પછીનું રાજકારણ "જ્યાં તું ત્યાં હું નહિ" એ સિધ્ધાંતને ચરિતાર્થ કરતું. તેથી સ્વાભાવિક છે કે ઇબ્રાહિમમીયાં માનસિંહની તરફેણ કરે. કદાચ આ બે કારણોનો અભાવ હોય તો પણ ફતેહમહમદનો આ વારસ બીજા કારણે માનસિંહનો પક્ષ છોડે તેમ નહોતો.

---

૬. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૭૭, પૃષ્ટ-૧૦૫.

અને તે હતું "કેસરબાઇ" પોતે. ભૂતકાળમાં ઇબ્રાહિમમીયાં અને કેસરબાઇ સંપર્કમાં હતાં તેવું વિદેશી ઇતિહાસકારોના લેખન પરથી લાગે છે.[૭]

ઇબ્રાહિમે માનસિંહનો પક્ષ લીધા પછી પોતાનો પક્ષ મજબૂત કર્યો. જગજીવન મહેતાએ રાયધણનું શબ લશ્કરી બળથી ઇબ્રાહિમમીયાં પાસેથી પડાવી લીધું હતું તેથી તેને ધાર્મિક સ્વરુપ આપીને તમામ આરબ સિપાઇઓને તેણે જગજીવનના પક્ષેથી પોતાને પક્ષે કરી લીધા. હજુ સત્તાની સમતુલા પોતાની પાસે રાખવા માગતો મહમદમીયાં સોટા પોતાને કોઇ લાભ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ઇબ્રાહિમનો પક્ષ લેવા તૈયાર દેખાતો નથી. તેથી છેવટે તેને પચાસ હજાર કોરીની લાંચ આપીને પોતાને પક્ષે ઇબ્રાહિમમીયાંએ કરી લીધો.[૮] એટલું જ નહિ તે કેટલાક જાડેજા ભાયાતોને પણ લાંચ આપીને પોતાને પક્ષે લેવામાં સફળ થયો. અથવા તો તેને તટસ્થ બનાવી દીધો. હવે તેની સ્થિતિ મજબૂત થઇ.

રાજગાદીનો બીજો હરીફ અને તેનો પક્ષ જોઇએ. રાયધણજીના અવિચારી કૃત્યોને કારણે લગભગ આખી જિંદગી તેમને કેદમાં જ ગાળવી પડી હતી. મેઘજી શેઠે તેમને પ્રથમવાર કેદ પકડીને બારભાયા મંડળનું રાજ્ય સ્થાપેલું. પરંતુ સાથે સાથે તેમને રાજાની જરુર પડી તેથી રાયધણના જીવતાંજ તેની જગ્યાએ તેમના ભાઇ ભાઇજીબાવા ઉર્ફે પૃથ્વિરાજજીને અવેજી શાસક તરીકે માન્ય રાખ્યા હતા. પણ રાયધણને પદભ્રષ્ટ કરીને તેમની ગાદી પર ધોરણસર પૃથ્વિરાજને બેસાડયા નહોતા. એટલે ગાદી કોના વંશમાં જાય તેની નવી સમસ્યા પણ ઉભી થઇ હતી.

રાયધણજીના જીવતાંજ પૃથ્વીરાજનું મરણ થયું. એટલે જો આ વ્યવસ્થા ચાલુ રાખવી હોય તો પૃથ્વીરાજના પુત્રને ગાદી મળવી જોઇએ. તેમનાં પત્ની લીલાબા એ વખતે સગર્ભા હતાં. પૃથ્વીરાજનાં મરણ પછી તેમને

---

૭. કારા ડુંગર કચ્છજા, પૃષ્ટ-૧૮૬ અને એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ-૨૦, ૨૧, ૫૧ અને ૭૩.
૮. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ-૨૧.

એક પુત્રનો જન્મ થયો જેનું નામ લધુભા રાખવામાં આવેલું. મુંબઇ પ્રેસિડેન્સીના તારીખ ૩૦-૧૨-૧૮૦૬ ના રોજ ગવર્નર ઇન કાઉન્સીલ સમક્ષ કરેલા એક નિવેદન પરથી જણાય છે કે તેને અધિકૃત રીતે "લખપત" તરીકે ઓળખવામાં આવતો હતો.[૯]

આ ઉપરાંત કાસમઅલી નામના રાયધણના એક દૂતે મુંબઇના ગવર્નર સમક્ષ ઇ. સ. ૧૮૧૨ માં એક નવીજ વાત રજૂ કરી. તે નોંધે છે કે, ભાઇજી બાવાને અલિયાબાપુ નામનો એક કાયદેસરનો પુત્ર હતો. આ હકિકત કચ્છના દેશી કે વિદેશી કોઇ લેખક દ્વારા જણાવવામાં આવી હોય તેમ લાગતું નથી. આ બાળકનો જન્મ ઇ. સ. ૧૮૦૧ માં થયેલો. આ પુત્ર ભાઇજી બાવાની કોઇ રખાતનો નહોતો. પરંતુ વિધિ પૂર્વક કરેલા લગ્નનું ફળ હતું. તેની માતા ભાવનગરના રાજા અતાભાઇ ની દીકરી હતી. કાસમઅલીના આ અહેવાલ પરથી મિનિટ તૈયાર કરીને ગવર્નર આર. એલ. ગુડવીન નોંધે છે કે, "આજે તો પિતા કે પુત્ર બે માંથી કોઇ આ જગતમાં હૈયાત નથી. પિતાને ફતેહમહમદના એજંટે ઝેર આપ્યું જ્યારે અલિયા બાપુ તો સાત વર્ષ જીવી શક્યો."[૧૦]

આમ ગુડવીનની મિનિટ ફતેહમહમદના ચારિત્ર્યની બીજી બાજુ રજૂ કરે છે. એ યુગમાં લોકવાયકા એવી હતી કે ફતેહમહમદે ભાઇજી બાવાને ઝેર અપાવીને મારી નાંખ્યો હતો. એવી લોકવાયકા સાથે ગુડવીન સંમત થાય છે. તેના આ નિર્ણયનો આધાર રાયધણના દૂત કાસમઅલીનો અહેવાલ કે તેની ઉલટ તપાસ છે. તેથી તેમાં વિશ્વાસ રાખવો યોગ્ય નથી. ગુડવીનની પાસે કોઇ આધારભૂત સાધન આ લોકવાયકાના સમર્થનમાં નથી. આમેય અંગ્રેજો દેશી રાજપુરુષો પર

---

૯. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૯૫, પૃષ્ટ-૧૦૪૦૮.

૧૦. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૭૭, પૃષ્ટ-૧૦૫.

ઘણીજ જલદીથી આવાં આળ ચઢાવી દેતા હતા. તેથી ભાઇજી જ્યાં સુધી બીજો આધાર ન મળે ત્યાં સુધી કુદરતી મોતે મર્યો હતો તેમ માનવું પડે. જો પૃથ્વીરાજના મરણ વખતે તેમને યોગ્ય ઉંમરનો પુત્ર હોત તો કદાચ "મહારાજા કુંવરભાઇ" ની પ્રણાલિકાનું પુનરાવર્તન થાત. અને રાયધણના મરણ વખતે રૂઢ થતાં તેનો પરાજય થાય તેટલો તો વિરોધ ઓછામાં ઓછો સહન કરવો ન પડત.

આવી સ્થિતિને લીધે રાયધણજીના જીવનકાળ દરમ્યાન લધુભાને ગાદી વારસ તરીકે કેટલાક લોકોએ સ્વીકાર્યો હોય એમ જણાય છે.[૧૧] તેથી શ્રી. રેઇક્સે એક નિવેદન એવું કર્યું છે કે, "ઇ.સ. ૧૮૦૯ માં કર્નલ વોકરે કરેલ કરાર રાયધણજી તથા તેના વારસદાર તરીકે લધુભા સાથે સંયુક્ત રીતે થયા હતા.[૧૨] પરંતુ આ નિવેદન અચિન્સનનું મૂળ પ્રકાશન તથા અન્ય આધારો જોતાં આધારહિન દેખાય છે.[૧૩] એને બદલે એક સંધિમાં ફતેહમહમદે પોતાના મોટા પુત્ર હુસેનમિયાંને કરારમાં સામેલ કરીને પોતાનો વારસદાર સૂચિત કર્યો હતો. એવીજ ભૂલ હંસરાજ સાથેની બે સંધિઓમાં થઇ હતી.

ટૂંકમાં ઇ.સ. ૧૮૦૨ માં અને ૧૮૦૯ તથા તે પછી ક્યારેય રાજ-ગાદી કોને આપવી એ પ્રશ્નનો નિર્ણય હકીકતમાં લેવાયો નહોતો. તેથી પોતપોતાના પક્ષના ઉમેદવારોને ટેકો આપવા બન્ને પક્ષો સામસામા ગોઠવાઇ ગયા.

આ વખતે જાડેજા ભાયાતો શું કરતા હતા અને કોના પક્ષમાં હતા? એ પ્રશ્ન સ્વાભાવિક રીતે થાય. તેઓ રાયધણજીના રાજ્યારોહણ થી જ કોણ જાણે કેન્દ્રની નિતિ તરફ ઉદાસીન હતા. તેથી રાયધણ પછીના વારસના પ્રશ્ન બાબત આંખ મીચામણાં કરતા હતા. તેઓ

---

૧૧. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૮૬.
૧૨. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૨૦.
૧૩. એ કલેક્શન ઓફ ટ્રીટીઝ, એંગેજમેન્ટ એન્ડ સનદસ, વોલ્યુમ ૪ થું, પૃષ્ટ-૧, ૨, ૧૧, ૧૨ અને ૧૩ તથા વોલ્યુમ ૬ ઠું, પૃષ્ટ-૧૦૮૫.

પોતાના કિલ્લાઓમાં સુરક્ષિત હતા અને તેમાંના કેટલાક તો લાંચ લઈને એક યા બીજા પક્ષમાં બેસી ગયા હતા. જ્યારે બાકીના વાંધો ઉઠાવતાં કરતા હતા.[૧૪]

હવે બન્ને હરીફોને જોઈએ. માનસિંહની ઉંમર એ વખતે અઢાર વર્ષની હતી. જ્યારે લધુભાની ઉંમર બાર વર્ષની હતી. ટૂંકમાં બન્ને પાકટ નહોતા. તેમના બન્નેના વચ્ચે સારી મિત્રાચારી ચાલતી હતી અને તેમના ટેકેદારો શું કરી રહ્યા છે તેથી બન્ને અજ્ઞાન દેખાતા હતા. અંતે માનસિંહનું ભાગ્ય ચમક્યું. તેને ભારમલજી નામ આપીને ઇ. સ. ૧૮૧૪ ના જાન્યુઆરીની ૧૩ મી તારીખે કચ્છની ગાદીએ ધામધૂમથી બેસાડી દેવામાં આવ્યો.

જગજીવનનું ખૂન :-

ઇબ્રાહિમમીયાં અને તેના મુસ્લિમ મિત્રોએ જોઇ લીધું હતું કે, રાયધણના શબનો કબજો લેવામાં અને આખી યોજના ધૂળમાં મેળવવામાં જગજીવન મહેતાએ અગ્રગણ્ય ભાગ ભજવ્યો હતો. તેથી તેમની નજરમાં જગજીવનનું આ કૃત્ય ઘણુંજ ક્રૂર હતું અને ધાર્મિક દૃષ્ટિએ તો તેઓ તેને પવિત્ર વસ્તુને અભડાવવાના પાપ સમાન ગણતા હતા. તે પરથી જગજીવન વિશે ઇબ્રાહિમમીયાં અને તેના સાથીઓ કેટલા ગંભિર હશે તેનો ખ્યાલ આવે છે. આથી તેમણે મુસલમાનોમાં જેઓ લડાયક મિજાજના હતા તેમની ધાર્મિક લાગણીઓ ઉશ્કેરવા માંડી. આની અસર જગજીવનની તરફેણ કરતા આરબો પર પડી.[૧૫]

આ સમય દરમ્યાન વાગડ વિભાગમાં મોટું ધમસાણ મચી રહ્યું હતું. ત્યાંના કેટલાક જાગીરદારો રાજ્યની સત્તા બહાર જઇને રાજ્ય

---

૧૪. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ–૨૧ અને ૨૨.
૧૫. મેઝર્સ એડોપટેડ ફોર ધી સપ્રેશન ઓફ ફીમેલ ઇન્ફેન્ટીસાઇડ ઇન ધી પ્રોવિન્સ ઓફ કાઠિયાવાડ.
પૃષ્ટ–૩૩૮.

વિરૂધ્ધ વર્તન કરતા હતા. મિયાંણા, સિંધના ખોસ્ના વગેરે તોફાની લોકોને આશ્રય આપતા હતા અને ઉપર રહીને તેમની પાસે લૂંટફાટો કરાવતા હતા. આ સ્થિતિ બાબત ઊંડી તપાસ કરવા મેકમુર્ડોનું કચ્છ માં ઇ. સ. ૧૮૧૪ ના એપ્રિલ માસમાં આગમન થયું હતું.

ફતેહમહમદની માંદગીને લીધે તેના પર આવેલા છેલ્લા ઇસ્ટ ઇન્ડિયા કંપનીના સરકારી હુકમોનો અમલ થઇ શક્યો નહોતો. હુસેન-મિયાંએ મેકમુર્ડો સમક્ષ પોતાની દિલગીરી વ્યક્ત કરી અને સરકાર પ્રત્યેની પોતાની વફાદારીની ખાત્રી આપી. આ વફાદારીની સાબિતી માટે હુસેનમિયાં જાતે લશ્કર લઇને વાગડના તોફાની તત્વોને અંકુશમાં લેવા ઉપડી ગયો. જગજીવન મહેતાને પણ તેણે પોતાની સાથે લીધેલા. વાગડના લુટારાઓને પકડી પાડી તેમને સજા કરી સરવૈયા સામંતસંગ પાસેથી રાપર છીનવી લીધું અને ગોરાસર તાબે કર્યું. વાગડમાં શાંતિ સ્થાપી તે પાછો ભુજ આવી ગયો પછીજ મેકમુર્ડો સૌરાષ્ટ્ર તરફ ગયો.

આગળ જોયું તેમ હુસેનમિયાંની દીવાનગીરીમાં કચ્છનો કારભાર જગજીવન મહેતાની સલાહ-સૂચના અનુસાર ચાલતો હતો. એ વખતે મહેતા ના હાથ નીચે લક્ષ્મીદાસ કામદાર તાલિમ લઇ રહ્યા હતા તે હવે દીવાન હુસેનમીયાં તથા જમાદાર ઇબ્રાહિમમિયાંની કૃપા પ્રાપ્ત કરવા ના પ્રસંગોને ચૂકતો નહિ. ધીમે ધીમે લક્ષ્મીદાસ પણ પોતાની મહત્તા અને યોગ્યતા વધારવા મંડી પડ્યો હતો. તેની જાસૂસ સોનાવડારણ તેને છેલ્લામાં છેલ્લી બાબતોની ખબર આપતી. એટલે તે કેટલીક વાર જગજીવન મહેતા જાણતા ન હોય એવી ઘણી વાતો લક્ષ્મીદાસ પાસેથી મળી આવતી. જગજીવનના જૂના વિચાર ઘણીવાર લક્ષ્મીદાસના નવા વિચાર આગળ મોળા પડી જતા. કોઇ કોઇવાર તેને કબૂલ પણ કરવું પડતું કે લક્ષ્મીદાસની સલાહનો અમલ કરવાની જરૂર છે.

જગજીવન મહેતા ઘણીવાર બન્ને ભાઇઓને યોગ્ય માર્ગ ગ્રહણ કરવા આગ્રહ કરતા અને કેટલીકવાર દબાણ પણ કરતા. પણ હવે સમય બદલાતો જતો હતો. એની સુયોગ્ય સલાહ પણ આ બે ભાઇઓને રુચતી નહોતી.

કોઇવાર એકબીજાનું અપમાન થાય એવો મામલો પણ બનવા માંડતો. એ વખતે લક્ષ્મીદાસ ચાલાકીથી પોતાનું ધાર્યું કરાવી લેતો અને જગજીવન મહેતાને પીછેહઠ કરવી પડતી.

ઇબ્રાહિમમીયાંનો સ્વભાવ આકરો હતો. તેનામાં લશ્કરી ઝનૂન ઘણું હતું. જગજીવન મહેતા તેને ઉતાવળું પગલું ભરવા સામે રોકતો ત્યારે ઇબ્રાહિમમીયાં તેના પર રોષ કરતો અને ધમકાવતો પણ ખરો. એટલું જ નહિ પોતાની માતા જમાલબાઇ મારફત તેમને ઠપકો અપાવતો. આમ છતાં જગજીવન મહેતા તેમની જૂની રીતમાં પરિવર્તન કરવા તૈયાર થતા નહિ અને કેટલાક સંજોગોમાં તેને ડાહ્યા થવાની શીખામણ પણ આપતા. પણ હવે આ બધું પથ્થર ઉપર પાણી રેડવા સમાન હતું. પછી બન્ને ભાઇઓમાં પણ પરસ્પર ક્લેશ પેઠો અને જગજીવન મહેતાનું આવી બન્યું. અતિ મુત્સદ્દી થવાનું વિપરિત પરિણામ આખરે એમને ભોગવવું પડ્યું.

આગળ જતાં હુસેનમીયાં અને ઇબ્રાહિમમીયાં વચ્ચે એમની માતાની સમજાવટથી સમજૂતિ થઇ. અને મુન્દ્રાનો સુબો મહમદમીયાં પણ એમની સાથે આવીને ભળ્યો.

ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથે સૂલેહથી કામ લેવાની જગજીવન મહેતાની નીતિ ઇબ્રાહિમ ~~મહેતા~~ને પસંદ નહોતી. આ ઉપરાંત રાયધણના શબ અને અગ્નિ સંસ્કારમાં જગજીવન મહેતાએ જે ભાગ ભજવ્યો તેથી તેમની બન્નેની વચ્ચેના કેટલાક મતભેદો વધારેને વધારે ઉગ્ર બન્યા અને વહેલામાં વહેલીતકે જગજીવન મહેતાનું ખૂન કરવાનું કાવત્રું પાકું કરીને તેનો અમલ કરવાનું ઇબ્રાહિમમીયાંને યોગ્ય લાગ્યું. હવે વધારે વાર થોભાય તો તેનાં વિપરિત પરિણામ આવશે તેવો તેને ડર લાગ્યો.

તેના ષડયંત્ર મુજબ નક્કી કરેલા દિવસે એકાએક જગજીવન મહેતાના ઘરની આસપાસ ઘેરો ઘાલીને ત્યાં તોપો ગોઠવવામાં આવી. જગજીવન મહેતા ઇબ્રાહિમ સીદીની મદદથી ત્યાંથી છટકી ગયો. અને તેણે ફતેહ મહમદના "ખોરડા" તરફ દોટ મૂકી. પરંતુ પંચહાટડી પાસે મહમદ

સોટાના ભાઇ જાફરમીયાં અને તેના સાથીઓની તલવારો જગજીવન પર તૂટી પડી. તેનો કરુણ રીતે વધ કરવામાં આવ્યો. એજ દિવસે સવારમાં જગજીવનના ભાઇ રામચંન્દ્રને દરબારમાં સલામે જતી વખતે ગુંગળાવીને મારી નાખવામાં આવ્યો. મહેતા કુળની આવી દુર્દશા થતાં તેના ઘરની સ્ત્રીઓએ પણ પોતાને હાથેજ આત્મહત્યા કરીને જીવનનો અંત આણ્યો જગજીવનના એક માત્ર બચી ગયેલા ભાઇ કુબેરજીએ મહેતા કુટુંબની આવી પાયમાલી કરનાર નરપિશાચો પર દેવી કોપ ઉતરે તે માટે જીવતાં સમાધિ લીધી. આમ દેવચંદ અને તેના કુટુંબની હત્યાથી શરુ થયેલો રાયધણયુગ જગજીવન અને તેના કુટુંબની હત્યાથી પૂરો થયો. વિધિ અને રક્તનાં વહેણનો કચ્છના ઇતિહાસમાં કેવો સંયોગ થયો !

જગજીવનની અંગ્રેજો તરફી નીતિ એ સમયની માંગ હતી. તેના વિરૂધ્ધમાં ઇબ્રાહિમમીયાંએ પોતાનું ધાર્મિક વેર સંતોષવાની જો ભૂલ કરી હોય તો તે કચ્છ માટે આત્મઘાતક હતી. તેનો ખ્યાલ ન આવવાથી તેની મુત્સદ્દીગીરીનાં દેવાળાપણાનું રહસ્યોદઘાટન થઇ ગયું. ફતેહ મહમદના અવસાનથી કચ્છને જે ખોટ ગઇ તેના કરતાં વધારે ખોટ "ફતેહ-મહમદના ડહાપણના આ છેલ્લા અવશેષ" ની હત્યાથી ગઇ હતી.

કેસરબાઇની સમસ્યા :-

ગુજરાતના ઇતિહાસમાં ઐતિહાસિક રીતે ત્રણ દેવીઓની સમસ્યા ઉભી થયેલી છે. આ ત્રણ દેવીઓ છે, મીનળ દેવી, રાણક દેવી અને દેવળ દેવી. એજ રીતે રાયધણ યુગમાં પણ ત્રણ બાઇઓ સમસ્યારૂપ છે:- આઇમાબાઇ, જમાલબાઇ અને કેસરબાઇ. તેમાં ગુજરાતની દેવળદેવી અને કચ્છની કેસરબાઇ વિશે કેટલીક સમાનતાઓ દેખાય છે.

કરણ વાઘેલાના કેટલાંક અવિચારી કૃત્યોને લીધે દેવળદેવીને તેનાં દુષ્પરિણામો ભોગવવાં પડયાં અને અનિચ્છાએ પાટણ છોડીને દિલ્હી જવું પડયું. એજ રીતે રાયધણના કેટલાંક અવિચારી કૃત્યોને લીધે ઉભી થયેલી રાજકીય અવસ્થાનો ભોગ બનીને કેસરબાઇને ભુજ

છોડીને જુનાગઢ જવું પડ્યું. બન્ને હિન્દુ કુટુંબની અને તેમાં રજપૂત હોવા છતાં બન્નેનાં પતિ મુસલમાન છે. જેમ દેવળદેવીનાં ખીજરખાન સાથેનાં લગ્ન વિશે બે મતો છે કે તે લગ્ન પ્રેમથી અને બળજબરીથી થયાં તેમ કેસર-બાઇનાં જુનાગઢનાં નવાબ સાથેનાં લગ્ન બાબતમાં પણ બે મત છે. પ્રથમ મત એ છે કે, રીતસર ધામધૂમથી કેસરબાઇને પરણાવવામાં આવી અને બીજો મત સોમનાથની યાત્રાએ જતાં બળજબરીથી નવાબના ઝનાનખાનામાં દાખલ કરાઇ. બન્નેનાં મરણ લગ્ન થયા પછી તરત જ થયાં હતાં. બે માંથી કોઇને સંતાન નહોતાં. બન્ને કમનશીબ ગુજરાતણો હતી.

કેસરબાઇ આગળ જોયું તેમ રાયધણની રખાતની પુત્રી હતી. આ રખાત કોઇ યુવાન સૌન્દર્યવંતી મુસ્લિમ ગુલામ કન્યા હતી. સામાન્ય રીતે ઝનાના બહારની આવી રખાતો સુંદર હોય છે. અને તેમનાં સંતાનો પણ તેવાંજ હોય છે. મધ્યકાલીન હિન્દુ રાજાઓ આવી રખાતો બે કારણે રાખતા હતા. એક કારણ તો તેમનો સ્ત્રી શોખ પોષવાનું હતું અને તે તાત્કાલિક તથા મુખ્ય હતું. જ્યારે બીજું કારણ આ હિન્દુઓપર પડોશના બળવાન મુસ્લિમ શાસકો અવારનવાર તેમની રાજકુંવરીને લગ્નમાં આપવા માટે દબાણ કરતા. સામાન્ય રીતે રજપૂતો આવું અઘટિત કાર્ય કરવાને બદલે ફના થઇ જવું વધુ પસંદ કરતા હતા. પરંતુ પાછળથી રાજનીતિની કેટલીક અનૈતિક વાસ્તવિકતાઓ દૃષ્ટિગોચર થતાં તેઓ પોતાની પુત્રીઓ મુસલમાનોને આપતા થયા.

પણ આ પુત્રીઓ રજપૂતાણીના-તેમની કાયદેસરની રાણીઓ કે મહારાણીઓના પેટની નહોતી. લગભગ તમામ પુત્રીઓ તેમની રખાતની રહેતી. પરિણામે રજપૂતો રખાતો રાખતા એટલું જ નહિ પણ આ રખાતો મોટે ભાગે મુસ્લિમ સ્ત્રીઓજ રહેતી. જેથી તેના પેટે અવતરેલી પુત્રીઓને મુસલમાનોને પરણાવતાં તેમને જરાય સંકોચ થાય નહિ. વળી કેટલીક વાર આટઆટલી રખાતો હોવા છતાં પણ તેમને સંતાનો થતાં નહિ. આવા સંજોગોમાં જો કોઇ મુસ્લિમ શાસક લગ્ન માટે દબાણ કરે તો? તેનો પણ રસ્તો અનુભવી હિન્દુ શાસકોએ તૈયાર રાખ્યો હતો. તેઓ

ગમે તે જ્ઞાતિ માંથી પુત્રીઓને દત્તક લઇ લેતા.[૧૬] સામાન્ય રીતે જે જ્ઞાતિની પુત્રી આ માટે પસંદ કરાતી તે જ્ઞાતિ પણ નીચી કક્ષાની રહેતી. વળી આર્થિક રીતે પછાત કુટુંબને પસંદ કરાતાં, પોતાની દીકરી સુખમાં જશે એ આશયે આવાં અસંખ્ય માબાપો પોતાની દીકરીને દત્તક આપવા તૈયાર રહેતાં. જો કે આ દત્તક વિધિ તદ્દન ગુપ્ત રખાતો હતો. નહિંતર લગ્નમાં રાજકુમારીની માગણી કરનાર મુસ્લિમ આક્રમણકાર આવી પુત્રીનો સ્વિકારજ ન કરે. એટલે કચ્છમાં પણ રખાતો રાખવાની શરુઆત તેમના શાસકોએ આ બે ઉદ્દેશોને લીધે કરી હતી.

કચ્છના ઇતિહાસમાં આવી રખાતો અને તેમની પુત્રીઓનાં પ્રસંગો પ્રસિધ્ધ છે. મહારાવ લખપતના કાકાને ખુમંર નામની મુસ્લિમ જાતિની એક સુંદર રખાત હતી. તેની એક પુત્રી તેની યુવાનીમાં પોતાના સૌન્દર્ય માટે ખૂબજ પ્રસિધ્ધ હતી. એની સુંદરતાના વખાણ લોકોએ વર્ષો સુધી કર્યાં હતાં અને તેથીજ કર્નલ વોકરે મુંબઇના ગવર્નર ડંકનને તા.૧૫-૩-૧૮૧૮ ના રોજ એક પત્ર લખેલો તેમાં પણ આ સૌન્દર્યવંતી કુંવરીના સૌન્દર્યની વાત તેણે નોંધી છે.[૧૭] આવી સૌન્દર્યવંતી કન્યાને કોઇ હિન્દુ રાજપૂત પરણવા તૈયાર ન થયો. કારણ કે તે મુસ્લિમ રખાતની પુત્રી હતી અને તેથી તેનું સગપણ સિંધના મુસલમાન શાસક સાથે કરવું પડયું. લખપતની સાથે સતી થયેલી રખાતોને તો તેના વારસોએ કચ્છના તાજમહાલ-છતરડીમાં અમર કરી છે. લાખાજી ઉર્ફે લખપતજી સાથે સતી થયેલ આ રખાતોમાં ત્રણ મુસલમાન હતી. જેમાં બે કચ્છી મુસ્લિમ અને એક સીદી મુસ્લિમ સ્ત્રી હતી.[૧૮] રાવગોડજી

---

૧૬. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યૂમ પહેલું, ભાગ બીજો, નંબર ૭ અને ૨૦, પૃષ્ટ-૪૨૫.
૧૭. મેઝર્સ એડોપ્ટેડ ફોર ધી સપ્રેસન ઓફ ફીમેલ ઇન્ફેન્ટીસાઇડ ઇન ધી પ્રોવિન્સ ઓફ કાઠિયાવાડ, પૃષ્ટ-૧૫૮.
૧૮. મેઝર્સ એડોપ્ટેડ ફોર ધી સપ્રેસન ઓફ ફીમેલ ઇન્ફેન્ટીસાઇડ ઇન ધી પ્રોવિન્સ ઓફ કાઠિયાવાડ, પૃષ્ટ-૧૫૮ અને ૧૫૯.

ઉપર પણ ગુલામશાહ કલોરા તથા દીવાન પુંજાશેઠનું રાજકુંવરી ગુલામશાહને પરણાવવા માટે સખત દબાણ હતું. એટલે છેવટે ભાયાતની દીકરીને પરણાવવાનું નક્કી કરવામાં આવ્યું, અને તેનો ખૂબીથી અમલ કરવામાં આવ્યો. જેથી ગુલામશાહને તેની જરાપણ ગંધ ન આવે. આશ્ચર્યની વાત તો એ છે કે, આ ભાયાતની દીકરી પણ આજ રીતે દત્તક લીધેલી કોઇ મુસલમાન કન્યા હતી.[૧૯]

દામાજી ગાયકવાડ સાથે ગોડજીની જે બહેનનાં લગ્ન કરવામાં આવેલાં તે પણ કોઇ હલકા મુ કુળની રખાતની પુત્રી હતી. રાયધણના વખતમાં એટલે કે તા. ૩૦-૧૨-૧૮૦૬ ના રોજ તે જીવતી હતી અને કચ્છ આવીને રહી હતી. કારણ કે દામાજી ગાયકવાડના મરણ પછી વડોદરામાં કોઇ અગમ્ય કારણસર રહી નહોતી.[૨૦]

ફક્ત કચ્છના જાડેજા શાસકો જ આવી મુસ્લિમ કન્યાઓને રખાત તરીકે રાખતા એવું નથી. આ વખતમાં તેમના કૌટુંબિક રાજ્ય જામનગરમાં પણ આજ પ્રણાલિકાને અનુસરવામાં આવતી હતી. શ્રી. ભગવાનલાલ ઇન્દ્રજી તેમના તા. ૩૦-૧-૧૮૭૯ ના એક અહેવાલમાં જણાવે છે કે, અત્યારના જામ સાહેબ વિભાજીને એક મુસ્લિમ પત્નિ છે. તેને કાલુભા નામે એક પુત્ર પણ થયો છે. આ કાલુભાને તેમણે પોતાના વારસદાર તરીકે જાહેર કર્યો છે. તેમના પિતા રણમલજીને પણ મુસ્લિમ પત્ની હતી.[૨૧] આમ જાડેજાઓ મુસ્લિમ કન્યાઓ સાથે લગ્નો કરતા હતા.

કેસરબાઇ સુંદર, બાહોશ અને બુધ્ધિશાળી હતી. પોતાના ભાઇ ભારમલજી ઉપર એને ઘણું હેત હતું. ભારમલજીની રક્ષા કાજે જાણે તેણે પોતાનું જીવન અર્પણ ન કર્યું હોય તેમ લાગતું હતું. પોતાની અપ્રતિમ

---

૧૯. કચ્છ વૃતાંત, પૃષ્ટ-૬૪.
૨૦. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૬૫, પૃષ્ટ-૧૦૪૧૧.
૨૧. ધી ઇન્ડિયન એન્ટીક્વરીઝ, વોલ્યૂમ ત્રીજું, નંબર-૪૦, પૃષ્ટ-૮૮.

બુધ્ધિમત્તાને લીધે તેણે રાજકારણમાં રસ લેવાનું શરુ કર્યું હતું. આ રસ એ કુદરતિ બક્ષીસ જેવો હતો. વળી ઇબ્રાહિમમીયાં સાથેનો તેનો ભૂતકાળનો સંપર્ક આ મહત્વાકાંક્ષા સંતોષવા જતાં ફરીથી બંધાઇ ગયો હોય તેમ માની શકાય.

આ પછી અંગ્રેજો સાથેના સંઘર્ષમાં રાયધણના પુત્ર ભારમલજીના ખરાબ હાલ થયા અને તેમને કેદી થવું પડ્યું. તે આવી શક્તિશાળી બહેનને કેમ પસંદ પડે ? તેથી તેણે રાજકારણમાં સક્રીય બનીને ભારમલને કેદમાંથી છોડાવવાની યોજના ઘડી કાઢી. તેણે પોતાની એક ભાભીની સાથે મળી જઇને આ આખાય પાપના સર્જક લક્ષ્મીદાસ કામદારને મારી નાખવાનું નક્કી કર્યું. ઉપરાંત અંગ્રેજોને સહકાર આપનાર અને અત્યારે ભૂજમાં રહેતા તમામ જાડેજાઓ પર આક્રમણ કરવાનું નક્કી કર્યું. આ બન્ને સોપાન સફળ થાય તો તરત કેદ માંથી પોતાના ભાઇ ભારમલને છોડાવવાના હતા.[૨૨] એ પછી ભારમલજીને સિંધ લઇ જવાના હતા. જ્યાં તે સુરક્ષિત રહીને અંગ્રેજો સાથે આઝાદીની લડત લડી શકે.[૨૩]

આ કાવત્રું શુભ આશય અને દેશભક્તિના જોર પર થયું હતું. ઉપરાંત તેને આંશિક સફળતા પણ મળી હતી. કેસરબાઇએ ભાયાત ચોકીદારોની હવાલત માંથી ભારમલજીને બળજબરીથી કેદમાંથી છોડાવી લીધા હતા.[૨૪] આમ ષડયંત્રના યોજક અને તેને સફળતા પ્રાપ્ત કરાવનાર તરીકે કેસરબાઇની આ શક્તિ દાદ માગી લ્યે તેવી હતી.

આ પ્રસંગ પરથી એક વાત ફલિત થાય છે કે, કેસરબાઇ ભારમલજીની કેદ માટે લક્ષ્મીદાસને જવાબદાર ગણતી હતી. અને તેનું કાશળ કાઢવાનો તેનો મુખ્ય ઉદ્દેશ હતો. હવે એ તો સ્વાભાવિક છે કે લક્ષ્મીદાસ કામદાર તેણીને ભૂજથી કોઇપણ રીતે દૂર કરવાનો પ્રયત્ન કરે. તે

૨૨. કચ્છ વૃતાંત, પૃષ્ટ–૯૪.
૨૩. કચ્છ દેશનો ઇતિહાસ, પૃષ્ટ–૬૬.
૨૪. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ–૨૧૦.

સ્ત્રી હતી, યુવાન હતી અને કુંવારી હતી. એટલે તેનાં લગ્ન કરાવીને જ તેને દૂર કરી શકાય. પણ લગ્નનું માગું કોઇ હિન્દુ રાજવી તરફથી આવ્યું નહોતું. બસ અહીંયાંજ ખરી સમસ્યા ઉભી થાય છે. તેણીને પરણવું પડયું તે હકીકત છે. અને તે પણ જુનાગઢના નવાબ સાથે પણ તેની પરણવાની રીત તથા કારણો માટે વિવાદ છે.

શ્રી કારાણીનું વૃતાંત "લક્ષ્મીદાસ કામદાર", "લધુભાને વારસ બનાવવો" તથા "ભાઇજી બાવાનો ખજાનો" આ ત્રણ બાબતને મહત્વ આપીને તેને બળજબરીથી કાવત્રુ કરીને જૂનાગઢના જનાનખાનાંમાં દાખલ કરાઇ તેમ જણાવે છે. [૨૫] આ આખુંય વૃતાંત કોઇ નાનકડી નવલિકા જેવું લાગે છે. લેખક પોતે આટલા નાનકડા લખાણમાં કેટલાંક વિરોધી વિધાનો કરે છે. દા.ત. લક્ષ્મીદાસ ભારમલજીને રાજગાદી પરથી ખસેડવા માગે છે. ભારમલજી પર કોઇ મોટો અપરાધ ઓઢાડાય તોજ તેમને ખસતા કરી શકાય તેમ હતું. અને આગળ નોંધે છે કે, "લીલી-બાના ખજાનાનો વારસ લધુભા હતો. તેનું કાટલું કાઢી નાખવામાં આવે તો વચ્ચેથી આડખીલી નીકળી જાય અને ધનભંડાર પોતાના હાથમાં આવી જાય એવો રસ્તો તે વિચારી રહ્યો હતો." આમ લક્ષ્મીદાસ કોને રાજગાદી આપવા માંગતો હતો તેને લેખકે જાતે સમસ્યા બનાવી દીધી છે. આ વૃતાંતના કેસરબાઇને સ્પર્ષતા અન્ય બનાવોને જોઇએ તે પહેલાં આજ લેખક શ્રી. કારાણીનું કેસરબાઇને લગતું "સમર્પણ" સપ્ટેમ્બર ૧૯૭૨ ના અંકનું વૃતાંત જોઇએ.

આ વૃતાંતમાં પણ ઇતિહાસને બાજુએ મૂકીને ઉપરોક્ત વૃતાંતને વાર્તાનું રુપ આપી દેવાયું છે. તેમાં લક્ષ્મીદાસ કામદાર કરતાં કેસર-બાઇના દુશ્મનો તરીકે ખત્રી ભાઇઓને ગણવામાં આવ્યા છે. જેમાં -સુંદરજી શિવજી, હંસરાજ, દેવશી, રતનજી જેઠા વગેરેનો સમાવેશ થતો હતો. અને કાવત્રાને સફળ બનાવવામાં નાનબાઇને મુખ્ય ગણવામાં આવેલી છે. સોનાવડારણના નામનો કોઇ ઉલ્લેખ નથી. [૨૬] અંતે કેસરબાઇનાં

---

૨૫. કચ્છ કલાધર ભાગ-૨ જો, પૃષ્ટ-૫૫૨ થી ૫૫૪.
૨૬. "સમર્પણ" સપ્ટેમ્બર ૧૯૭૨ નો "કચ્છની રાજકુંવરી" નામે લેખ.

લગ્ન એ એક પ્રકારનું ભયંકર ષડ્યંત્ર હતું તે સાબિત કરવાનો પ્રયત્ન તેમાં કરાયો છે.

આ આખાય લખાણ પરથી એમ લાગે છે કે, તે એકપક્ષીય છે. અને કેસરબાઇને બળજબરીથી ષડયંત્ર દ્વારા નવાબ સાથે પરણાવી દેવાઇ છે, તેવું પ્રથમ સ્વીકારીને લેખ લખાયો છે. પોતાના આ વિચારોના સંદર્ભમાં શ્રી. કારાણીએ સમર્પણના ઓક્ટોબર ૧૯૭૨ ના અંકમાં એક રાસ રજૂ કર્યો. તેમના જણાવ્યા પ્રમાણે આ રાસ તેમણે મુંબઇના કોઇ કચ્છી વૃદ્ધા પાસેથી મેળવ્યો હતો પરંતુ તેની આધુનિક ગુજરાતી ભાષા પરથી તે સમકાલીન હોવાનો સંભવ નહિવત્ત છે. કચ્છમાં લોકગીતો મુખ્યત્વે કચ્છીમાં હોય છે. ગુજરાતી ભાષાનાં લોકગીતો ફક્ત વાગડના ઐતિહાસિક પ્રસંગોને વર્ણવતાં હોય છે. કારણ કે વાગડની ભાષા ગુજરાતી છે. કેસરબાઇનો પ્રસંગ ભૂજને સંબંધિત હતો. વળી રાષ્ટ્રીય હોવાથી રાસ પણ કચ્છીમાં હોય, જો આવો રાસ કોઇ કવિએ બનાવ્યો હોય તો તે વ્રજભાષામાં હોય, ગુજરાતીમાં નહિ. એ વખતે કવિતાઓ મુખ્યત્વે વ્રજભાષામાં લખાતી. ફતેહમહમદ પર લખાયેલ મહાકાવ્ય "ફતેહ સાગર" ની કેટલીક પંક્તિઓ મળે છે તે ગુજરાતીમાં નથી તેથી આ રાસ તો કોઇએ જોડી કાઢયો હોય અને તે પણ હમણાં જ એવું લાગે છે.

એક અન્ય લેખકે વળી આજ વૃતાંતને બીજી રીતે રજૂ કર્યું છે.[૨૭] આ અહેવાલ મુજબ સુંદરજી શિવજી સોદાગરનાં ધર્મપત્ની રતનબાઇ કચ્છનાં ધર્મસ્થાનોની યાત્રા કરવા સંઘ સાથે આવ્યાં ત્યારે તેમના પતિની અંગ્રેજો પર ની લાગવગનો લાભ લઇને ભારમલજીને નજરકેદ માંથી મુક્ત કરાવવા માટેની તક દીવાન લક્ષ્મીદાસે ઝડપી લીધી. તેણે સારું સ્વાગત કર્યું અને મેલાણ વખતે કેસરબાઇની જૂનાગઢ થઇને સોમનાથની યાત્રા ગોઠવી. જૂનાગઢ આવતાં જ કેસરબાઇનું સ્વાગત જાન બની ગયું અને તેમના ચાર ફેરા નવાબ સાથે ફરવાનું નાટક થયેલું જોઇને તથા પોતાને કોઇ માર્ગ ન સૂઝતાં કેસરબાઇએ આપઘાત કર્યો, એ આ વૃતાંત કે

---

૨૭. "પથિક" નવેમ્બર, ૧૯૭૨, પૃષ્ટ–૫૭.

વાર્તાનો સારાંશ છે.

અહીંયાં પણ કલ્પનાનો આશ્રય લેવામાં આવ્યો છે. નજર કેદમાં રહેલા ભારમલની લક્ષ્મીદાસ કામદાર સલાહ લે તે બનવા જોગ નથી વળી કેસરબાઇના જમાન રતનબાઇ થયાં હતાં અને રતનબાઇની જાણ બહાર બળજબરીથી કેસરબાઇનાં લગ્ન થાય તે બનવાજોગ નથી. જેના પતિ- સુંદરજીથી દેશી રજવાડાં ડરતાં હોય તેની પત્નીની ઇચ્છા વિરૂધ્ધ શું જૂનાગઢના નવાબ કેસરબાઇને પરણવાની હિંમત કરી શકે ખરા ? ખુદ કચ્છની સરકારમાં ભારમલજીને કેદ માંથી છોડાવવાની શક્તિ નથી અને સુંદરજીમાં છે. એવા લેખકનાં શબ્દો છે. તો શું એવા શક્તિશાળી સામે થવાથી લક્ષ્મીદાસ કામદાર હિંમત કરે ખરો ?કારણ રતનબાઇ જમાન હતાં અને આ લગ્નનું નાટક એમની ઇચ્છા વિરૂધ્ધ થયું હતું.

આમ કોઇપણ દૃષ્ટિકોણથી વિચારતાં કેસરબાઇનું લગ્ન બળ જબરીથી થયું હોય તેમ લાગતું નથી. એ સમયે બૃહદ ગુજરાતમાં જૂનાગઢને બાદ કરતાં કોઇ મોટું મુસ્લિમ રાજ્ય નહોતું. જૂનાગઢની આજુબાજુ ભાકુંભાજીનું ગોંડળ, વખતસિંહનું ભાવનગર, મેરુખવાસનું જામનગર અને સરતાનજીનું પોરબંદર જેવાં પ્રબળ અને માતબર હિન્દુ રાજ્યો હતાં. તેમાંના કોઇને સૌરાષ્ટ્રનાં રુદયપ્રદેશ – સોરઠ માં આવું મુસ્લિમ રાજ્ય કોઇ ઇચ્છતું નહોતું. પરિણામે જ્યારે તક મળે ત્યારે તેઓ નવાબીનો નાશ કરવા કૃતનિશ્ચયી હતા. ઇ. સ. ૧૭૮૨ માં જુનાગઢની સામે મેરુ ખવાસે ઉભો કરેલો સંયુક્ત મોરચો તથા નવાબીના અસ્તિત્વને પડકાર રુપ પાંચ પીંપળાની લડાઇને ઇ. સ. ૧૮૨૦ માં નવાબ બહાદરખાન નહિજ ભૂલ્યો હોય. એટલે નવાબ કચ્છના રાવની પુત્રીને બળજબરીથી અને તે પણ સોમનાથની યાત્રાએ જવા નીકળી હોય ત્યારે પોતાના જનાનખાનામાં દાખલ કરે તે શક્ય નથી. જો ખરેખર એમ બન્યું હોત તો ઓછામાં ઓછા જાડેજા રાજ્યોને તેની સામે સંધ બનાવવા બહાનું મળી જાત. ગોંડળ, જામનગર, રાજકોટ–સરધાર, ધ્રોળ અને બીજાં અસંખ્ય



જુનાગઢના નવાબ બહાદરખાન.

નાના નાના જાડેજા જાગીરદારો જૂનાગઢની નવાબીને ઘેરી વળયા હોત.

હવે કેસરબાઇ સાથેનાં આ લગ્ન કચ્છ દરબારની ઇચ્છાથી થયાં હતાં તે બાબતને વિગતવાર જોઇએ.

પહેલી બાબત એ છે કે, ફતેહમહમદના પ્રથમ શાસન વખતે કેસરબાઇનું સગપણ જૂનાગઢના નવાબના પુત્ર સાથે થયું હતું. એ વખતે જૂનાગઢમાં હામદખાન નવાબ હતા. તેનું મરણ ઇ. સ. ૧૮૧૧ માં થતાં કોઇ અગમ્ય કારણસર આ લગ્ન ફતેહમહમદે થવા દીધું નહોતું.[૨૮] કેસરબાઇને બહાદરખાન સાથે પરણાવી તેના બે વર્ષ અગાઉ એટલે કે ઇ. સ. ૧૮૧૮ માં આ સંબંધ "ફોક" જેવો ગણવામાં આવતો હતો. ફતેહમહમદને આ લગ્નથી કોઇ રાજકીય લાભ નહિ દેખાયો હોય તેથી તેણે તેને અટકાવ્યું હશે. જ્યારે લક્ષ્મીદાસ કામદાર માટે કેસરબાઇ "ભારમલ કેદ મુક્તિ ષડયંત્ર" ને લીધે માથાનો દુઃખાવો બની ગઇ હતી. તેથી તેને કોઇપણ રીતે ભુજથી દૂર કરવી અનિવાર્ય હતી.

એટલે લક્ષ્મીદાસે જુના સંબંધને તાજો કર્યો. અને સગપણ વખતના શાહજાદા તથા હવે ગાદીપતિ થયેલા જૂનાગઢના નવાબ બહાદરખાને આ સગાઇને સ્વીકારી લીધી કારણ કે આ લગ્નથી તેને બે મોટા ફાયદા થવાના હતા. એક કચ્છ જેવા મોટા રાજ્યની કન્યા પરણવાથી તેને સારો દાયજો મળવાની આશા હતી અને કચ્છ જેવા વિશાળ રાજ્ય સાથે સંબંધ બંધાતો હતો. તે કટોકટીમાં ઘણોજ ઉપકારક બની શકે. જામનગરની સામે તો ખાસ.

તેથી અત્યાર સુધી લગ્ન કરવાની ચોખ્ખી ના પાડતી[૨૯] કેસરબાઇને સમજાવીને લગ્ન કરવા માટે તૈયાર કરવામાં આવી. તેની સાથે

---

૨૮. મેઝર્સ એડોપ્ટેડ ફોર ધી સપ્રેસન ઓફ ફીમેલ ઇન્ફેન્ટીસાઇડ ઇન ધી પ્રોવિન્સ ઓફ કાઠિયાવાડ. પૃષ્ટ-૧૫૫.
૨૯. કચ્છ વૃતાંત, પૃષ્ટ-૯૪ અને એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ ધી કચ્છ, પૃષ્ટ-૭૩.

લગ્ન કરવા માટે નવાબને તૈયાર કરવામાં સુંદરજી શિવજીએ પણ અગત્યનો ભાગ લીધો.[૩૦] આ વખતે સુંદરજી જૂનાગઢના દીવાન હતા. તેમણે વિ. સં. ૧૮૭૬ માં દસ વર્ષની મુદત સુધી કુલ પરગણાનો ઇજારો જ નવાબ પાસેથી રાખ્યો હતો. અને પોતાને અંગ્રેજોના એજન્ટ તરીકે અસંખ્ય કાર્યો કરવાં પડતાં હોવાથી તેણે જૂનાગઢનો વહિવટ પોતાના એક ભત્રિજા હંસરાજને સોંપ્યો હતો. સુંદરજીની દીવાનગીરી શરતી હતી. કારણ કે તેને પ્રતિવર્ષ નવ લાખ કોરી તથા ગનીમવેરો ભરવાનો હતો. આ માટે બેલેન્ટાઇન જામીન થયેલ. સુંદરજીએ દીવાન રૂગનાથજીને રક્ષણ આપવાનું વચન આપ્યું હતું પરંતુ તેણે તેમને બરતરફ કરાવ્યા હતા.[૩૧] આવો શક્તિશાળી દીવાન નવાબ પાસે હોય અને તે કચ્છનો જ હોય તો પછી કેસરબાઇનાં લગ્ન નિર્વિઘ્ને પતે તેમાં નવાઇ નહોતી.

આ લગ્નોત્સવનો આંખે દેખ્યો અહેવાલ આપતાં દીવાન રણછોડજી નોંધે છે કે, "આ પ્રસંગે દુનિયાના રહેવાશીઓને માટે ઉદારતાના દ્વાર ખુલ્લાં કરી દેવામાં આવ્યાં અને આસપાસના પરગણાના નૃત્યક, ગવૈયા, તાયફા, વહીવંચા, ભાટ, ચારણ, ફકીર, સૈયદ અને શેખોને ઇનામ એકરાર આપવામાં આવ્યાં. દરેક માણસને ધારણા ઉપરાંત મળ્યું. બક્ષિસો ઘણેભાગે રોકડું નાણું, માલ, ઘોડા, ઉંટ અને હાથપગમાં પહેરવાની સોનાની વિંટીઓ તથા આભૂષણની હતી. મીઠાઇ, અફીણ, તરેહ તરેહના દારુ અને માજમ પણ વહેંચવામાં આવ્યાં. સોપારી, એલચી, લવીંગ અને તેજાના એટલાં બધાં વહેંચ્યાં કે દુર્બળ માણસોએ તેને બજારમાં વહેંચ્યાં. કચ્છ માંથી એક હાથણી, ઘોડા, ઉંટ, રથ, ગાય, મેઢાં, દાસદાસીઓ, સોનેરી બુટ્ટાદાર કપડાં, ઢળેલા તથા ઘડેલા સોનાના દાગિના વગેરે સરંજામ આવ્યો. તેની કિંમત પાંચ લાખ જામશાઇ કોરીની હતી."[૩૨]

---

૩૦. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ટ-૬૯૩.
૩૧. તવારીખે સોરઠ, પૃષ્ટ-૧૬૫.
૩૨. તવારીખે સોરઠ, પૃષ્ટ-૧૬૬.

આ વખતે આ લગ્નની અંદર ઘણા મહાનુભાવો હાજર હતા. તેમાં બેલેન્ટાઇનની જગ્યાએ બદલી થઇને કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ પદે આવેલા કેપ્ટન બાર્નવેલ હાજર હતા.[33] તેઓ પોતાની સાથે એક શિરસ્તેદાર અથવા નેટીવ એજન્ટ તરીકે અમદાવાદના નાગર ગૃહસ્થ છોટાલાલ બાપાલાલને પણ લાવેલા. આ બન્નેનો કેમ્પ આ લગ્ન વખતે જેતપૂરમાં હતો. તેથી તેઓ બન્નેએ આ લગ્નોત્સવમાં ભાગ લીધો હતો.[34]


આ લગ્નને સફળ બનાવવામાં સુંદરજીના ભત્રિજા હંસરાજે બહુ ચાલાકી બતાવી તથા દિલ દઇને કામ બજાવ્યું તેમ તવારીખે સોરઠ નોંધે છે. તેનો અર્થ એ કે આ લગ્ન છેલ્લી ઘડી સુધી થશે કે કેમ તે વિશે બન્ને પક્ષોને સહેજ શંકા હતી. લગ્ન માટે કચ્છથી આવેલ હાથી, ઘોડા, ઉંટ, રથ, ગાય, મેઢા અને દાસદાસી બતાવે છે કે ભૂજના તત્કાલીન મહારાવ ભારમલજીની પણ આ લગ્નમાં સંમતિ હતી.

હવે બીજો પ્રશ્ન કેસરબાઇના મરણને લગતો છે. તેનું મરણ ઇ. સ. ૧૮૨૪ માં થયું તેમ દીવાન રણછોડજી તથા તમામ ઇતિહાસકારો નોંધે છે. જ્યારે શ્રી. કારાણી એમ જણાવે છે કે, "નવાબ બહાદરખાનના અવસાન પછી કેસરબા કચ્છ આવવાનો વિચાર કરતી હતી એ અરસામાં તેમનું અવસાન થયું."[35] પરંતુ નવાબ બહાદરખાનનું મરણ કેસરબાઇના મરણ પછી એટલે કે તા. ૧૭-૫-૧૮૪૦ ના રોજ થયેલું છે.[36] તેથી આ બાબત ખોટી ઠરે છે.

તેના કારણ અંગે શ્રી. જેમ્સ બર્ન્સે કાંઇક નવીજ વિગત આપી છે. તેમના નોંધવા મુજબ કેસરબાઇનું મરણ જૂનાગઢના દરબારમાં શંકાસ્પદ સંજોગોમાં થયું. તેણે કેસરબાઇના મરણ પછી પાંચ વર્ષે આ વૃતાંત લખ્યું તેથી તેણે કચ્છીઓ પાસેથી સાંભળેલી બાબતો પણ નોંધી. આ નોંધ

---

૩૩. બાબી રૂલર ઓફ સોરઠ, પૃષ્ટ-૩૬.
૩૪. સ્ટેટીસ્ટીકલ એકાઉન્ટ ઓફ જૂનાગઢ, પૃષ્ટ-૫૬.
૩૫. "સમર્પણ" સપ્ટેમ્બર, ૧૯૭૨, પૃષ્ટ-૫૯.
૩૬. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ટ-૭૧૫.



કેસરબાઇની કબર.

મુજબ કેસરબાઇનું મરણ તેના જોડાઓમાં ઝેર નાખીને કરવામાં આવ્યું હતું. [૩૭]

આજે જૂનાગઢના ચિત્તાખાના ચોકમાંના શાહી કબ્રસ્તાનમાં કેસરબાઇની કબર તથા તેનો રોજો છે. આ કબ્રસ્તાનના મુંજાવરના લગભગ સદી વટાવી ચૂકેલ દાદીના કહેવા મુજબ કેસરબાઇના મરણ પછી રોજો ચણવાનું કાર્ય કચ્છના મહારાવે શરુ કરેલું પરંતુ તેમાં નવાબને પોતાનું અપમાન લાગ્યું. તેથી તેણે રોજાના ચણતરનું આ કામ બંધ કરાવ્યું અને પોતે તેને પૂરો કરાવવાનું માથે લીધું. પરંતુ કોણ જાણે આ રોજો નવાબ પૂરો કરાવી શક્યા નહિ. આજે પણ આ રોજો અપૂર્ણ અવસ્થામાં ચિત્તાખાના ચોકના કબ્રસ્તાનમાં ઉભો છે. તેનું સ્થાપત્ય કચ્છના મૂર સ્થાપત્યની પ્રતિકૃતિ છે એટલે તે કચ્છના મહારાવ ધ્વારા કચ્છી કારીગરો વડે બંધાયો છે તેની ના પાડી શકાય નહિ.

o o o o o o
o o o
o o
o
o

---

૩૭. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃ ૭૮-૭૩.

-: પ્રકરણ - ૧૩ મું :-

વહીવટી તંત્ર.

પ્રાસ્તાવિક :-

રાયધણજી બીજાનો રાજ્ય અમલ એકંદરે અશાંતિ, યુધ્ધ, સત્તા પલટા, અનિશ્ચિતતા અને કાંઈક અંશે અરાજકતાનો હતો. લગભગ દરેક જગ્યાએ બળવાઓ દેખાતા હતા, એટલે કેન્દ્ર સરકાર ફતેહમહમદનું બીજું શાસન બાદ કરતાં વેરવિખેર હતી. ફતેહમહમદ છેવટે સંપૂર્ણ કચ્છને રાજકીય રીતે એક કરવામાં નિષ્ફળ ગયો હતો. આવી પરિસ્થિતિમાં રાજ્યનું વહીવટી તંત્ર સુગ્રથિત ન રહે તે સ્વાભાવિક છે. તેથી રાયધણ યુગીન વહીવટી તંત્ર તુટક તુટક રીતે જોવું પડે.

કેન્દ્ર સરકાર :-

કચ્છનો મહારાવ આંતરિક રીતે સંપૂર્ણ સાર્વભૌમત્વ ભોગવતો હતો. રાયધણજીને મરાઠાઓનું અંશતઃ બાહ્ય સાર્વભૌમત્વ કેટલાક સંજોગોમાં તેના પૂર્વજોને કારણે સ્વીકારવું પડયું હતું. પરંતુ પેશ્વા તથા ગાયકવાડ સાથે સાર્વભૌમત્વને સ્પર્શતો કોઇ સંપર્ક-પ્રસંગ ગંભિર રીતે છેડાયો હોય તેમ લાગતું નથી. કેન્દ્ર સરકાર પ્રમાણમાં ઘણી નબળી હતી. કાંઇક અંશે સામંતશાહી પધ્ધતિની વ્યવસ્થા પ્રચલિત હતી એટલે મહારાવને સામંતો ઉપર વાસ્તવમાં કોઇ અધિકાર હતો નહિ.

પરંતુ પોતાની મહાન જાગીર એટલે કે ખાલસા નામે ઓળખાતા પ્રદેશમાં તે સર્વોચ્ચ હતો. અને તમામ સત્તા તેને હસ્તક હતી. અલબત્ત રાયધણ આવી ઘણીજ ઓછી સત્તા ભોગવી શકેલો. તેના દીવાનો દેવચંદ, મશીચ, મસૂદ, વાઘો પારેખ, હંસરાજ, ફતેહમહમદ, હુસેનમીયાં તથા જગજીવન મહેતાએ આ સત્તા પોતાના હસ્તક લેવાનો પ્રયત્ન કરેલો.

રાયધણ યુગમાં કેટલાક રાજાને લગતા તથા રાજાપદને અસરકર્તા પ્રસંગો ઉભા થયા, જેનો એ યુગે પ્રત્યુત્તર આપેલો. પહેલો પ્રસંગ રાયધણના ધર્માંતર વખતે ઉપસ્થિત થયો. આમ તો કચ્છમાં ઈંગ્લેન્ડની માફક સ્પષ્ટ નિયમ નહોતો કે રાજા બહુમતિ પ્રજાનો જ ધર્મ પાળતો હોવો જોઈએ. પરંતુ બહુમતિ પ્રજાનો ધર્મ હિન્દુ હતો તથા લઘુમતિઓ પણ મૂળ હિન્દુ હોવાને કારણે કચ્છના જાડેજા શાસકોની કુળદેવી આશાપુરા એ વ્યવહારમાં કચ્છનાં કુળદેવીની સ્થિતિ પ્રાપ્ત કરી હતી. આમ કાયદેસર રીતે કચ્છનો રાજા ધાર્મિક વડો નહોતો. તેથી જ્યારે રાયધણે ઇસ્લામ સ્વીકાર્યો ત્યારે તે પ્રશ્નને ધાર્મિક રીતે નહિ પણ સંપૂર્ણ રાજકીય રીતે વિચારવામાં આવ્યો અને રાજાને કેદમાં નાખવામાં આવ્યો. અત્યાર સુધી કચ્છનો મહારાવ પૂજનીય ગણાતો હતો. પણ કચ્છની પ્રજાએ રાજાપદની મર્યાદાને રાયધણને કેદમાં નાખીને સ્પષ્ટ કરી દીધી.

રાજાપદને લગતો બીજો પ્રશ્ન "બાર ભાયા રાજ્ય મંડળ" વખતે ઉભો થયો. મેઘજી શેઠ અને ડોસલવેણ, "રાષ્ટ્રપતિ" જેવું કે ઇગ્લેન્ડના રાજા જેવું પદ ઉભું ન કરી શક્યા. તેને બદલે કેદમાં રહેલ રાયધણને રાજા માની લેવાયો. તથા તેની વતી તેનાભાઇને રાજ્યનો વહિવટ સોંપવામાં આવ્યો. જો ભાઇજીનું અકાળ અવસાન ન થયું હોત તો કચ્છ, મધ્યકાલીન રાજાશાહિ અને આધુનિક લોકશાહિનું મિશ્રણ કરીને ઉભા થયેલા પ્રશ્નોનો યોગ્ય ઉત્તર આપી દેત.

મહારાવનો દરબાર :-

કચ્છનો શાસક "કચ્છના મીરજા મહારાવ" ની હેસિયતથી ભુજમાં દરબાર ભરતો. રાયધણજીએ પોતાના વઝીરોની સંમતિથી કેટલી વાર દરબાર ભરેલો. દરબારમાં મહારાવ ઉચ્ચ આશસે બેસતા હતા. તેમની આજુબાજુ બારોટો અને ચારણો પ્રશસ્તિ ગીતો ગાતા હતા. તેઓની સફેદ દાઢી અને સુંદર સ્વચ્છ ગળું-સ્વર આકર્ષક હતો. આ વખતે મહારાવ

કેટલાક ખાસ મુલાકાતીઓને નઝરાણાની ભેટ આપતા. આ નઝરાણામાં જમૈયો, તલવાર, ઢાલ, ભાલો, શાલ અને ભરત ગુંથેલ કે ભરેલ અચકનોનો સમાવેશ થતો. વળી દરબારનો ભભકો વધારવા અત્તર છાંટવામાં આવતું હતું. [1]

મહારાવનો મહેલ અંધારીઓ હતો. આ મહેલ પ્રાચિન હતો. તેની ચારે બાજુ ઉંચી અને મજબૂત દીવાલ હતી. આ દીવાલને બુરજ હતા. મહેલના દરવાજે આરબ ચોકીદારો રહેતા. તેઓ ઘણા અક્કડ હતા. રાયધણના અમલના અંત ભાગમાં તેઓ વિદેશીઓનું અપમાન કરતાં અચકાતા નહિ.

મહારાવની સવારી :-

મહારાવની સવારી કઇ રીતે નીકળતી તેનો ખ્યાલ પોટલેસે કરેલ સવારીના વર્ણન પરથી આવે છે. તે નોંધે છે કે, એક મોટા હાથી પર હોદ્દો ગોઠવવામાં આવતો અને તેમાં રાજા તથા તેની બાજૂમાં દીવાન જેવો રાજ્યનો મોટામાં મોટો અફસર બેસતો. હોદ્દામાં સામાન્ય રીતે બે થી ત્રણ માણસો બેસી શકતાં હોવાને લીધે, મહારાવ પર ચામર ઢોળવાની કામગીરી મોટે ભાગે દીવાન ઉપર આવતી. સવારી સાથે ૨૦૦૦ જેટલા બીજા આરબ સૈનિકો નીચે હોદ્દા પાછળ ચાલતા.

આ ઉપરાંત સામાન્ય સવારીમાં એક સાંગ રહેતી જે ગોર માણેક મેરજીએ ખેંગારજી પહેલાને આપેલી અને તેનો ઉપયોગ મહમદ બેગડાને સિંહના હુમલાથી બચાવવામાં ખેંગારજીએ કરેલો તેમ કહેવાય છે. આ સાંગ માણેક મેરજીના વારસો પકડતા. આ ગોરજીઓ માટે એકખાસ પ્રકારની ટોપી નિયત થયેલી હતી. જેની બનાવટ ખેંગારજીએ વધ કરેલ સિંહના કાન તથા પુંછડીની યાદ આપે તેવી હતી. આ ટોપીના મધ્ય ભાગમાં માણેક મેરજીને ખેંગારજીએ આપેલ માણેક - રત્નને જડવામાં આવ્યું હતું. [2]

---

૧. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૬૩.
૨. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૧૦.

મહારાવની આર્થિક સ્થિતિ :-

દેશળજી પહેલાના સમય સુધી કચ્છના મહારાવનું સ્થાન સ્કોટલેન્ડ ની હાઇલેન્ડ જાતિના સરદારોને મહદ અંશે મળતું આવતું હતું. મહારાવ જાડેજા રજપૂતોના મુખી હતા. જાડેજા ઉમરોઓ તથા જાગીરદારો મહારાવના નજીકના કે દૂર દૂરના સંબંધી થતા હતા. તેઓ બધા મહારાવ પ્રત્યે વફાદાર રહેવા તથા જરૂર પડે તેમની લશ્કરી સેવા કરવા બંધાયેલા હતા. છતાં ભાયાતો ઉપર મહારાવની સત્તા મર્યાદિત હતી. કારણકે તેમની પાસે નાની મોટી જાગીરો હતી. પોતપોતાની સ્વતંત્ર આવકનાં સાધનો તેઓ ધરાવતા હતા. મહારાવની આવક તેમની કુલ આવક કરતાં વધારે હતી. વધારામાં પોતાની જાગીરોમાં તેઓ ન્યાયની હકુમત ચલાવતા. એટલે જાગીરો પૂરતો મહારાવને ન્યાય તંત્ર માંથી કોઇ આર્થિક ફાયદો મળતો નહિ.

ભાયાતો પાસેથી મહારાવને રસમ મુજબ કેટલીક રકમો વસૂલ કરવાનો તથા દેશના રક્ષણ માટે લશ્કરી સેવા માગવાનો હક્ક પ્રાપ્ત થયો હતો. ઉપરાંત ચોક્કસ પ્રસંગો વખતે રિવાજ મુજબનાં નઝરાણા પણ તેમને મહારાવને આપવાં પડતાં. આ ઉપરાંત જે જાગિરદારો જાડેજા વંશના નહોતા પણ વાઘેલા, મિયાંણા કે એવી બીજી કોમના હતા અને જેઓ જાડેજા વંશની કચ્છમાં સ્થાપના થઇ તે અગાઉથી જ જમીનો ધરાવતા હતા, તેવા ગરાસદારો ઉપર પણ મહારાવની અમુક પ્રકારની હકુમત હતી. પરંતુ જાગીરદારો પાસેથી મેળવવામાં આવતી. આ બધી સેવાઓ અને વસૂલાતની કિંમત નાણાંમાં બહુજ નજીવી થતી હતી. તેથી રાજતંત્ર ચલાવવા માટે જોઇતાં જરૂરી નાણાં મહારાવની પોતાની ખાનગી મિલ્કતની આવક માંથી મેળવવાનાં રહેતાં.[3]

અંજાર પ્રદેશ, મુન્દ્રા બંદર તથા પ્રદેશ, કેરાનો પ્રદેશ, વાગડમાં રાપર અને કાંઠી તથા બીજા કેટલાક ગરાસનો મહારાવની ખાનગી

૩. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૨૨૪ અને ૨૨૫.

મિલકતમાં સમાવેશ થતો હતો. આ મિલકતની પેદાશ તેમની પોતાની જરૂરીઆતો પૂરી પાડવા માટે પૂરતી હતી. પરંતુ એક વ્યવસ્થિત રાજ તંત્ર ચલાવવા માટે તે ઘણી ઓછી પડતી. છતાંય કચ્છની આબાદી, લોકોની સુખાકારી તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીનો આધાર માત્ર કચ્છના રાજતંત્રની આવક ઉપર હતો. આ પ્રકારના સુવ્યવસ્થિત તંત્રનો લાભ જાડેજા ભાયાતો, બીજા નાના મોટા જાગીરદારો તથા આમજનતાને થોડા પ્રમાણમાં મળતો. છતાં આ વર્ગ માંથી કોઇપણ વર્ગ વ્યવસ્થા ખર્ચને પહોંચી વળવા માટે કાંઇ ફાળો આપતો નહિ.

કચ્છમાં જેટલી જમીનમાં વાવેતર થતું તેમાંથી લગભગ અરધોઅર્ધ માંથી કચ્છ દરબારને કાંઇ રકમ મહેસૂલ રૂપે મળતી નહિ. મહારાવ દરિયાઇ જકાત વસૂલ કરતા પણ કરવેરો તો ફક્ત પોતાનાં ગામો પર નાખી શકતા. આ ઉપરાંત મહારાવ ભાયાતોની સ્થાવર મિલકત ઉપર ના માલિકી હક્કો ખરીદ કરીને કે ગીરો વેંચાણ ધ્વારા પધ્ધતિસર સંપાદન કરતા આવતા હતા. કેટલીકવાર પોતાની હકુમત તેમજ ભાયા તોની હકુમતને લાગુ પડતા કાયદાઓ મહારાવ બહાર પાડતા.

મહારાવની પ્રણાલિકાઓ :-

મહારાવ અને તેમના વંશ વારસો કચ્છની જૂની રાજધાની લાખિયાર- વિઅરાનું પાણી અને રજ અગ્રાહ્ય કરતા હતા. તેની પાછળ એવી માન્યતા હતી કે, ખેંગારજી બીજાએ એક મારવાડી ચારણને આશ્રય આપેલો, તેને લાખિયાર વિઅરાના ચારણોએ મારી નાખ્યો. તેથી ખેંગારજી તેમના પર લશ્કર લઇ ગયેલા. અહીંયા એક ચારણીયાણીના શાપથી તેમનું મરણ થયું. આથી કચ્છના ગાદીપતિઓએ લાખિયાર વિઅરાનું પાણી અને રજ અગ્રાહ્ય કર્યાં હતાં.[૪]

વહીવટી વિભાગો :-

વહીવટી વિભાગોની કોઇ ચોક્કસ સંખ્યા નહોતી. તેમાં વધઘટ

૪. કચ્છ દેશનો ઇતિહાસ, પૃ.૪૮-૪૩.

થયા કરતી. સામાન્ય રીતે તે આ પ્રમાણે રહેતા:-

૧. પાવર :- આ પરગણામાં ભુજ આવેલું હતું. મૂળ આ નામ કચ્છના મોટા રણના ઉત્તર તરફના કિનારાના ગામો માટે વપરાતું હતું. ચોરવાડ ધાર આ પરગણાઓનાં કેટલાંક ગામો માંથી પસાર થાય છે.

૨. વાગડ :- આ વિભાગમાં અત્યારનો ભચાઉ અને રાપર તાલુકો તથા અંજાર તાલુકાનો કેટલોક ભાગ આવી જતો. આ વિભાગમાં વાઘેલાઓ વસતા તેથી તેને વાઘેલી વાગડ કહેતા. રાયધણયુગમાં આ વિસ્તારમાં ધાડપાડુઓની સંખ્યા વધારે રહેતી તેથી તે પ્રદેશ ચોરવાગડ તરીકે ઓળખાતો. તેનું મહત્વ જિલ્લા જેટલું હતું. ભુજ રેસિડેન્સી પરના એક પત્રમાં કચ્છ દરબારે વાગડ માટે "વાગડ જિલ્લા" શબ્દ વાપર્યો છે.[૫]

૩. અંજાર પથક :- આ વિભાગમાં અંજાર અને તેની આજુબાજુનાં ગામોનો સમાવેશ થતો. પાછળથી તેને અંજાર ચોવીસી તરીકે ઓળખવામાં આવતો હતો. કેપ્ટન ડેવીડ સેટન ઇ.સ. ૧૮૦૩ માં નોંધે છે કે, "અંજાર છેક દક્ષિણનો જિલ્લો છે. તેનો સૂબો ફતેહમહમદ છે અને તેની આવક ચાર લાખ કોરીની છે."[૬]

૪. કાંઠી પરગણું :- વાગડના શિકારપુરથી જખૌ સુધીનો દરિયા કિનારાનો પ્રદેશ કાંઠી તરીકે ઓળખાતો. માંડવીથી જખૌ સુધી આથમણી કાંઠી અને માંડવીથી પૂર્વમાં શિકારપુર સુધી ઉગમણી કાંઠી કહેવાય છે. કોઇક લેખક જખૌથી ભદ્રેશ્વર સુધી ઉગમણી તરફના ભાગને કાંઠી તરીકે દર્શાવે છે. કોઇક વળી માંડવીથી ભદ્રેશ્વર સુધી ઉગમણી કાંઠી ગણે છે.[૭] ટૂંકમાં દરિયા કિનારાના દક્ષિણ તરફના ભાગને આ નામે ઓળખવામાં આવતો અને તેનાં ગામડાંઓનો આ પરગણામાં સમાવેશ થતો.

---

૫. સ્વદેશ દીપોત્સવી, વિ.સં. ૧૯૮૦, પૃષ્ઠ-૬૬.
૬. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૩૪, પૃષ્ઠ-૧૯૪.
૭. કચ્છ બૃહદ ભૂગોળ, પૃષ્ઠ-૧૦૬.

<u>૫. અબડાશા પરગણું</u> :- જામ અબડાએ આ પ્રદેશ કેટલોક વખત પોતાને કબજે રાખેલો તેથી તેના નામ પરથી આ પ્રદેશને અબડાશા નામ મળ્યું છે. આ પ્રદેશ ચોરવાડ ધાર અને અરબી સમુદ્રના કિનારાની વચ્ચે આવેલો છે. આ પરગણામાં કચ્છના ઐતિહાસિક ગામો જખૌ, નળિયા, કોઠારા, સુથરી, વિંઝાણ અને સંધાણ આવેલાં છે. અત્યારના તાલુકામાં પણ આ નામ ચાલુ રાખવામાં આવ્યું છે.

<u>૬. મોડસર પરગણું</u> :- અબડાસાની પૂર્વમાં આ પ્રદેશ આવેલો છે. જામ મોડ પરથી તેને મોડાસા કે મોડસરના નામે ઓળખવામાં આવતું હતું.

<u>૭. ગરડા પંથક</u> :- આ પરગણાને ગએડો પણ કહેવામાં આવતું. આ પ્રદેશમાં લખપત અને પાણ્ડ્રોની આજુબાજુના વિસ્તારનો સમાવેશ થતો હતો.

<u>૮. કંડ પરગણું</u> :- કચ્છના પશ્ચિમ તરફના કેટલાક ભાગને આ નામે ઓળખવામાં આવતો હતો. તેમાં નારાયણસર, કોટેશ્વર અને તેની આજુબાજુના પ્રદેશનો સમાવેશ થતો.

<u>૯. માખ પરગણું</u> :- કચ્છના ઉત્તરના પશ્ચિમ ભાગનાં કેટલાંક ગામોનો આ પરગણામાં સમાવેશ થતો. નખત્રાણા તથા વિરાણી ગામો આ પરગણાના હતાં. તેને માક પરગણું પણ કહેતા.

<u>૧૦. વન્ની</u> :- રણની વચ્ચે કેટલીક ઉંચાણવાળી જમીન આવેલી છે. ત્યાં ઢોર ચરી શકે તેવું ઘાસ થાય છે. આ પ્રદેશને આજે પણ વન્ની તરીકે ઓળખવામાં આવે છે.

<u>૧૧. પચ્ચમ થપ્પી</u> :- આ પ્રદેશમાં અત્યારના ખાવડા વિસ્તારનો સમાવેશ થતો. તે એક મોટો રણદ્વિપ છે અને આજે પણ તેને પચ્ચમ તરીકે ઓળખવામાં આવે છે.

૧૨. ખડીર થપ્પી :-અત્યારના ખડીર રણદ્વીપનો આમાં સમાવેશ થતો હતો.

આ વહીવટી નામો પરથી લાગે છે કે, કચ્છના વહીવટી વિભાગો માટે જિલ્લા, પથક, પરગણા જેવાં પ્રણાલિકાગત નામો હતાં. જ્યારે થપ્પી તે કચ્છનું વહીવટી એકમને ક્ષેત્રે મૌલિક પ્રદાન છે. બન્ની અને પાવર માટે કોઇ નામ જોડવામાં નહોતું આવ્યું. ઉપરાંત નીચે મુજબના બીજા પણ વહીવટી વિભાગો હતા :-

૧. ધંગ :- ઝારો ડુંગર, અમેયા, ખદિયા તથા તેની આજુબાજુનાં થોડાં ગામો, આમાં ગણાતાં હતાં.

૨. મિંયાણી :- પાવોથી પૂર્વના પ્રદેશને આ નામે ઓળખવામાં આવતો હતો. આ પ્રદેશમાં મિયાણાંઓની વસ્તિ વધારે હતી તેથી તેને મિંયાણી નામ મળ્યું હતું.

૩. ભુવડ ચોવીસી:- ભુવડ અને તેની આજુબાજુના ગામોનું આ વહીવટી એકમ બનેલું હોય તેમ જણાય છે.

૪. હાલા ચોવીસી :- ભદ્રેશ્વર અને તેની આજુબાજુના ગામોનો પ્રદેશ આ નામે ઓળખાતો.

જૂના વખતની લોકવાયકાને આધારે શ્રી. બાંભણાઇ માને છે કે, પરગણાં સોળ હતાં પરંતુ તેમણે ફક્ત તેર પરગણાનો નિર્દેષ કર્યો છે. પાછળ ચર્ચેલ બાર પરગણામાં આ ચાર ઉમેરતાં સોળ પરગણાં પૂરાં થતાં હતાં.

કેપ્ટન ડેવીડ સેટને કચ્છની વહીવટી વ્યવસ્થા વિશે તારીખ ૪-૧-૧૮૦૩ ના રોજ બ્રિટિશ સરકારને એક અહેવાલ લખેલો. તે પરથી એ વખતના વહીવટી તંત્રનો ખ્યાલ આવે છે. તેના અહેવાલ મુજબ, "કચ્છ પૂર્વથી પશ્ચિમ ૨૫૦ કોસ જેટલી લંબાઇ ધરાવે છે. તેની ટેકરીઓની હારમાળા કચ્છને બે ભાગમાં વહેંચે છે. દક્ષિણ બાજૂએ સૂબાઓ સાથેના

ત્રણ જિલ્લાઓ આવેલા છે. તેમાં ભુજ, માંડવી અને અંજારનો સમાવેશ થાય છે. ઉત્તર દિશાએ ટેકરીઓ પર રાજ્યના મુખ્ય મુખ્ય કિલ્લાઓ આવેલા છે. તેમને તેમની સંખ્યા પરથી નામ આપવામાં આવ્યાં છે. દા. ત. ચોસઠ કિલ્લા. આ કિલ્લાઓનો કબજો રાજાના આશ્રિતો ધરાવે છે. તેઓ બધાજ રાજાના સંબંધીઓ છે."[૮]

ઉપરોક્ત અહેવાલમાં ભુજ, માંડવી, લખપત અને અંજારનો વહીવટી વિભાગો તરીકે ઉલ્લેખ છે. વળી નોન ખાલસા જાડેજા પ્રદેશોને ચોસઠ કિલ્લા તરીકે ઓળખવામાં આવતા તેનો ખ્યાલ આવે છે. આ ચોસઠ કિલ્લાઓ વિશે કેપ્ટ ડેવીડ સેટન વધુમાં જણાવે છે કે, "ચોસઠ કિલ્લા નામનો વિસ્તાર કચ્છની મધ્યમાં છે અને તે જાડેજા રજપૂતોના કબજામાં છે. તેઓ ભોગ-કર આપતા નથી. કારણ કે લશ્કરી સેવાઓના બદલામાં રાજાએ તેમને આ જમીન દાનમાં આપી દીધેલ છે. મુખ્યત્વે આ બધાય રાજાના કુટુંબીજનો છે તેથી તેમને ગરાસિયા પણ કહેવામાં આવે છે. તેમની જમીનની આવક નવલાખ કોરી અંદાજવામાં આવે છે."[૯]

જમીન વ્યવસ્થા :-

કચ્છની જમીન વ્યવસ્થા સામંતશાહી પ્રકારની હતી. સર્વેક્ષણ જેવી કે કાયમી હક્ક તથા ભોગવટાની કોઇ કાયદેસર વ્યવસ્થા નહોતી.[૧૦] જ્યારે હેમિલ્ટન નોંધે છે કે, વ્યવહારમાં જમીનને ખેડૂતની માલિકીની ગણવામાં આવતી.[૧૧] સમગ્ર દેશની લગભગ બેતૃતિયાંશ જમીન જાગીરદારો અને ઇનામદારોનાં ઉપભોગ માટે અનામત હતી. જ્યારે એક તૃતિયાંશ જમીન મહારાવ એટલે કે કચ્છ દરબાર પાસે હતી. રાજ્યની મહેસૂલી આવક આ એક તૃતિયાંશ ભાગની જમીન માંથી થતી. અને

૮. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૪, પૃષ્ટ-૧૯૩ અને ૧૯૪.
૯. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૪, પૃષ્ટ-૧૯૪.
૧૦. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૪૦૭.
૧૧. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૯૮.

બિન ખાલસા ગામો વહીવટી ખર્ચ માટે કાંઇ આપતાં નહિ. જમીનને "ભૂત" કે "વાડી" તરીકે ઓળખવામાં આવતી.

અધિકારીઓ :-

વહીવટી તંત્રનો થોડાં ગામડાંઓથી બનતો ભાગ સેજા તરીકે ઓળખાતો. તેનો વડો મહેસૂલી અધિકારી ધ્રુવ હતો. આ કામગીરી મુખ્યત્વે વાણિયા અને નાગરો બજાવતા. ધ્રુવનું દફતર તજવીજદાર તપાસતો. જેને અત્યારના સર્કલ ઇન્સ્પેક્ટર તરીકે ઓળખી શકાય. આ તજવીજદારની તપાસણી વહીવટદાર કે નાયબ દીવાન કરતા હતા. આ અધિકારીઓને આપણે અત્યારનાં રેવન્યુ કમિશ્નર જેવા ગણી શકીએ. એક ખળા અધિકારી પણ રહેતો, જે સરકારી ખળામાં આવેલા માલની નોંધ રાખતો. અત્યાર પોલીસ પટેલ જેવા નાના અધિકારીઓ પણ જમીન મહેસૂલ ઉઘરાવવામાં મદદ કરતા હતા.

કેપ્ટન સેટનના કચ્છના મહેસૂલી અધિકારીઓ વિશેના ઇ. સ. ૧૮૦૪ ના અહેવાલમાં નોંધ છે કે, "આ પ્રદેશમાં રજપૂતો જમીનદાર છે. જ્યારે વાણિયાઓ અથવા મહેતા જમીન મહેસૂલ ઉઘરાવે છે. આ ઉપરાંત ઇનામદારોમાં મુસલમાનો પણ છે. કોઇ સરકારી અધિકારીના હાથ નીચે દસથી વધારે માણસો નથી."[૧૨] આમ વહીવટ ઘણીજ કરકસરથી ચલાવવામાં આવતો હતો એમ લાગે છે.

મહેસુલ :-

હેમિલ્ટન નોંધે છે કે, "જમીન ખેડનારને કચ્છમાં ભોગ નામનો કર ભરવો પડતો હતો. "ભૂત" એટલે કે જમીન ખેડૂતની મિલકત ગણાતી. તેનો "ભોગ" એટલે કે પ્રણાલિકાગત મહેસૂલ રાજ્યનું ગણાતું." જમીન મહેસૂલની રકમને ભોગ ઉપરાંત "લાગા" કે "સુખડી" તરીકે ઓળખવામાં આવતી. આ ઉપરાંત હવાલદારી, તલોટ, કાંગરી, કામદાર,બુટા-ભાગ અને દેવસ્થાન જેવા લાગા જમીન પર લેવાતા હતા. માલધારી

૧૨. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૫૫, પૃ ૭૮-૮૮૨.

જમીનો ખેડતા હોય કે તેમાં ઢોર ચરાવતા હોય તો તેમની પાસેથી "વિરળ", "પંચરી" અને "મખણી" નામનો કર લેવામાં આવતો. એક ઉપકર "વુટકડ" તરીકે ઓળખાતો."

કર પદ્ધતિ:-

રાયધણ યુગમાં કચ્છમાં નવસો આસપાસ ગામડાંઓ હતાં. તેમાં દોઢસો આસપાસ ખાલસા ગામો, સવાસો આસપાસ ખાલસા મજમુ ગામો અને બાકીનાં ઇનામી ગામો તથા જાગીરી ગામો હતાં. તેમની પાસેથી મહારાવ કે જાગીરદારો કર ઉઘરાવતા. ગામની સ્થિતિ અનુસાર જુદી જુદી કર પદ્ધતિઓ અનુસરવામાં આવતી હતી.

૧. ખાલસા ગામો :-

આ ગામો કચ્છના મહારાવની સંપૂર્ણ સીધી હકુમત તળે હતાં. તેના ખેડૂતો કચ્છ દરબારને "ભોગ" આપતા. ગણોતિયાને કે જમીન ખેડનારને "ખેડુ" તરીકે ઓળખવામાં આવતો. તે જમીનનો મૂળ માલિક એટલે કે "વુટદાર" કહેવાતો. આ વુટદારને વુટકડ નામનો કર ભરવો પડતો હતો. આ રીતે કચ્છમાં વુટ હક્કની પણ ખાત્રી મળતી હતી. ફક્ત શરત એ હતી કે, ખેડનારે "ભોગ" ભરવો પડતો. આની પાછળનો ઉદ્દેશ બમણી આવક રાજ્યને મળે તે હતો.

વુટહક :-

વુટહક કચ્છની વિશિષ્ટ પ્રથા હતી. બહારના ખેડૂતોને કચ્છમાં આકર્ષવા માટે વુટહકની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેનાથી જમીન ખેડનારને મિલકત ધરાવવા સુધીનો અધિકાર મળતો. વળી ભોગ ભરવાની શરતે તે જમીનનો મોંબદલો પણ કરી શકતો. આવા અધિકારો ખેડૂતને જાગીરદારો અને ઇનામદારો પોતાનાં બિન ખાલસા ગામોમાં આપતા નહિ. વુટના પણ બે પ્રકાર હતા :-

૧. ચાસવુટ :- આ હક ખેડાઉ જમીન પરજ ખેડૂતને મળી શકતો.

૨. ગોખરુવુટ :- આ હક પડતર જમીન ઉપર કે જંગલો પર મળતો હતો. તેના પર ખેડૂતને હક મેળવતી વખતે રાજ્યને કશુંય આપવાનું રહેતું નહિ. કારણ કે આ જમીનને ખેડાણલાયક બનાવવા ઘણી મહેનતની જરુર રહેતી હતી. આ હકના નામ પરથી સમજાય છે કે, આવી જમીનમાં કાંટાવાળી ગોખરુ જેવી વનસ્પતિ થતી. આ અધિકાર વંશાનુગત હતો છતાં તેનો ફેરબદલો કરી શકાય. ફેરબદલા માટે કચ્છ દરબાર કે સંબંધિત જાગીરદારની રજા લેવી પડતી અને તે માટે "આધટ ટકા" નામનો વેરો આપવો પડતો.

૨. ખાલસા મજમુ ગામો :-

કચ્છ દરબાર, જાગીરદાર કે ઇનામદારનો આવાં ગામોમાં ભાગ હતો. તેથી તેમને ખાલસા મજમુ કહેતા. આ ગામોના જાગીરદારો કે ઇનામદારોને "પંતી" નામનો ભાગ મહારાવને આપવો પડતો. મૂળ તો આ ગામો કે જમીન જાગીરદારો કે ઇનામદારોની માલિકીની હતી, પરંતુ મહારાવે તેમના પર વેંચાણ દ્વારા, વહીવટી ગેરવ્યવસ્થા કે અન્ય કારણોને આગળ ધરીને પોતાનો અંકુશ સ્થાપી દીધો હતો.

૩. બિન ખાલસા :-

આ ગામોનો ભોગવટો જાગીરદારો કરતા હતા. આવાં ગામોનાં નીચે પ્રમાણે પાંચ પ્રકાર હતા :-

૧. જીવાઇ:- શાસક જાડેજા વંશના ફટાયા કુંવરોને આપવામાં આવેલ ગામો જીવાઇ તરીકે ઓળખવામાં આવતાં. ગેઝેટિયરકાર નોંધે છે તેમ, મહારાવનો મોટો પુત્ર રાજગાદીએ આવતો અને બાકીના નાના પુત્રોને "મહારાજ કુમાર" તરીકે ઓળખવામાં આવતા અને તેમને ગરાસમાં ગામડાંઓ આપવામાં આવતાં વળી તેઓને કરરુપે એકપણ પૈસો મહારાવને આપવાનો રહેતો નહિ.

૨. જાગીર:- ભાયાતોની જમીનને આ નામે ઓળખવામાં આવતી.

૩. ગીરાસ :- ભાયાતોના નાના ભાઇઓની જમીન જેને ગીરાસ તરીકે ઓળખવામાં આવતી, એનો ભોગવટો કરનાર ને "ગીરાસદાર" તરીકે ઓળખતા.

૪. રજપૂતેતર ગામો :- આ પ્રકારનાં જાડેજાઓ કે અન્ય રજપૂતો સિવાયનાને મળેલાં ગામોનો સમાવેશ થતો હતો.

૫. શરાફો હસ્તકનાં ગામો :- શરાફોએ ગરાસિયાઓ પાસેથી ખરીદી લીધેલી જમીનનો આમાં સમાવેશ થતો. આ જમીનની માલિકી ભારતના અન્ય ભાગોમાં અને જંગબારમાં વસતા ધનિક વેપારીઓ ધરાવતા હતા. આનું કોઇ દફતર દસ્તાવેજ કે નોંધવહી ન હોવાથી આઝાદી પછી જાગીરનો પ્રશ્ન ગરાસિયાઓને બદલા આવા શાહુકારોનો બની ગયો.

<u>૪. અન્ય :-</u>

બિન ખાલસામાં ઉપરોક્ત જાગીરો ઉપરાંત કેટલાંક ઇનામી ગામોનો પણ સમાવેશ થતો. આવાં ગામો નીચે મુજબ હતાં :-

<u>૧. વાઘેલા જાગીરદારો</u>:- તેઓ અર્ધ સ્વતંત્ર કે પૂર્ણ સ્વતંત્ર જેવા હતા. જાડેજાઓ આ જાતિ સાથે મુખ્યત્વે લગ્ન સંબંધો બાંધતા હતા. તેમનું સ્થાન મોભાદાર હતું છતાંય `ફતેહમહમદે તેમની પાસેથી લશ્કરી બળે વસૂલાત કરી હતી.

<u>૨. ચાકરિયાત ઇનામી ગામો</u> :- આ ગામોનો ભોગવટો રજપૂતો અને ઘણું કરીને સમા મુસલમાનોનો હતો. આવાં ગામોને "પ્રયાક પ્રજીવ" તરીકે ઓળખવામાં આવતાં. રાજ્યની સેવાઓ કરવા બદલ તે આપવામાં આવેલાં હતાં. તેઓ તમામ સરકારી કરોથી મુક્ત હતાં. આ પ્રકારનાં ગામો રાયધણ યુગમાં એંશી આસપાસ હતાં.

<u>૩. ધર્માદા ઇનામી ગામો</u> :- ધાર્મિક અને દાન આપવા લાયક સંસ્થાઓના નિભાવ માટે આવાં ગામોનાં દાન કરવામાં આવ્યાં હતાં. રાયધણજીએ નારાયણ સરોવરના તિર્થને બે ગામો આ રીતે દાનમાં

આપેલાં તેવી નોંધ મળે છે.[૧૩] આ ગામોનો વહીવટ ધાર્મિક જગ્યાના મહંતો ખાલસા મારફત કરતા. તેમાંથી જગ્યાને મળતા મહેસૂલને "રસમ" તરીકે ઓળખવામાં આવતું.

૪. દાનોળી ઇનામી ગામો :- આ પ્રકારનાં ગામોને ચારણો, ભાટ, બારડ અને બ્રાહ્મણોને કચ્છના મહારાવે દાનમાં આપેલાં. ધર્માદા અને દાનોળી ગામોની સંખ્યા સો આસપાસ થતી હતી. તેમને કેન્દ્ર સરકારને કશુંય આપવાનું નહોતું.

૫. વર્દુક ઇનામી જમીનો :- માલધારીઓને ખાલસા અને બિન ખાલસા ગામોમાં "વર્દુક ઇનામ" નામે જમીનો આપવામાં આવતી. રબારી કે માલધારીને આ જમીન પેટે "ઉધ્ધળ" તથા "વિરળ" એટલે કે ભાડું આપવું પડતું. આવી જમીન ધરાવનારાઓને વર્દુકો તરીકે ઓળખવામાં આવતા હતા. આ ઉપરાંત માલધારીઓ પાસેથી વર્ષમાં એક વખત ઢોરની ચરામણીનો "પંચરી" નામનો વેરો અને "મખણી" અર્થાત નક્કી કરેલ માખણ લેવામાં આવતું. બાકી આ જમીનનું તમામ ઉત્પાદન તેના વર્દુક પાસે રહેતું. પરંતુ જો તેનો વારસ પુત્રને બદલે પુત્રી હોય તો તે જમીન સરકારને પરત કરવી પડતી. આવી જમીન માલધારીઓને જાતે ખેડવી પડતી. તેઓ તેને "સાંથવી" આપી શકતા નહિ. ઉપરાંત મોબદલો પણ કરી શકતા કે ગીરો મૂકી શકતા નહિ.

૬. કમીપાસા :- આવી જમીન ખાલસા અને બિન ખાલસા એમ બે પ્રકારમાં આવી શકતી. આ જમીન સુથાર, લુહાર તથા ગામડાનાં વસવાયા જેવા સરકારના કામચલાઉ નોકરોને આપવામાં આવતી. પોલીસ પટેલ કે રેવન્યુ પટેલ જેવા ગામડાના પાયાના અધિકારીઓને આપવામાં આવતી જમીનનો આમાં સમાવેશ થતો નહિ. આ જમીન ઉપર ફક્ત એકજ કોરીનો લાગો લેવામાં આવતો. તે વંશાનુગત હતી છતાંય તેનો મોબદલો થઇ શકતો.

---

૧૩. નારાયણ સરોવર, ડૉ. ના. કે. ભટ્ટીનું, પૃષ્ઠ-૩૯ અને ૪૦.

૭. ભોગતી :- હેમિલ્ટને આ નામની જમીનનો ઉલ્લેખ કર્યો છે પણ તેણે એને વિશે અન્ય વિગતો નોંધી નથી.

૮. પસાયતા:- આ જમીન સરકાર ખેડૂતને કે વ્યક્તિને અનુદાન તરીકે આપતી હતી અને તેનો ભોગ ઉત્પાદનને અનુલક્ષીને લેવામાં આવતો હતો.

૯. પીરાણી :- આ જમીન ધર્માદા જાગીરોને આપવામાં આવેલી હતી. તેમાંની કેટલીક જમીનનો કબજો વંશપરંપરાગત હતો. મોટા ભાગની ખેડૂતોની પાસે ગીરો મૂકાઇ હતી અને છેવટે તે બધી ધનિક વાણિયાઓના હસ્તક આવી જતી હતી. વળી ધર્માદા જાગીરો ના પીરો તેને છોડાવી શકતા નહિ આને લીધે ફતેહમહમદે આ જમીન જગ્યાના નામને બદલે મહંતના વ્યક્તિગત નામે ચઢાવી દીધી હતી. ત્યારબાદ તે તેની પછી ગાદીએ આવનાર મહંતના નામે ચઢતી. પરિણામે તેનાપરના લાગા પણ વ્યક્તિ તરીકે લઇ લેવામાં આવતા. પરિણામે ફતેહમહમદ આવી પીરાણી જમીન પરનું મહેસૂલ વધારે મેળવી શક્યો હતો.

૧૦. કુંવારી ભૂમિ :- હેમિલ્ટનને એક જમીન બાબતમાં વિચિત્ર પ્રણાલિકાની નોંધ કરી છે. તે જણાવે છે કે "કચ્છમાં પાણીની પહેલેથી જ ભયંકર તંગી હતી. તેથી એક વિચિત્ર પ્રણાલિકાનો જમીનની બાબત માં જન્મ થયો. આ પ્રણાલિકા મુજબ કોઇપણ વ્યક્તિને સિંચાઇ માટે જો કુવો ખોદવો હોય તો તે કુવા માટે જે સ્થાન ઇચ્છતો હોય તે સ્થાન પર તેને કુવો ખોદવાની છૂટ હતી. એટલું જ નહિ પણ એ કુવાથી જેટલી જમીનની સિંચાઇ થાય તેટલી જમીન પર કુવાના બનાવનારાઓ નો હક્ક રહેતો હતો."[૧૪]

રાજભોગ કે ભાગબટાઇ રશમ :-

આ પ્રથાવાળી જમીનમાં સિંચાઇવાળી અને સિંચાઇ વગરની

૧૪. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૯૯.

એમ બે પ્રકારની જમીન આવતી હતી. પિયતવાળી જમીનને "કપિત" તરીકે ઓળખવામાં આવતી હતી. તેનું ચોથા ભાગનું મહેસૂલ ભરવું પડતું, જ્યારે સિંચાઇ વગરની બિન પિયત જમીનને પાંચમાં ભાગનું મહેસૂલ આપવું પડતું હતું. ખાલસા પ્રણાલિમાં "વીડ" ની જમીન પર કોઇપણ પ્રકારનો કર લેવામાં આવતો નહિ. ભાગ બટાઇ રશમમાં મહેસૂલ વસ્તુ માં એટલે કે "જણસ" માં લેવામાં આવતું હતું.

લણણી પહેલાં ધ્રુવ ખેતરોમાં તપાસ માટે જતો. તે પછી તે ભાવી ઉત્પન્નનો અંદાજ બાંધતો હતો. પાકને લણતાં પહેલાં ખેડૂતને ધ્રુવની રજા લેવી પડતી. પછી પાકની કાપણી થતી અને તેને સરકારી ખલવાડમાં લાવવામાં આવતો. બધો પાક ખલવાડમાં આવ્યા પછી ધ્રુવ વહીવટદારને પોતાનો અહેવાલ મોકલાવતો. ત્યારબાદ ખળા અધિકારી પોતાની ભોગવહીમાં પાકની નોંધ લેતો. તેના ચાર ભાગ પાડીને તેમાંનો એક ભાગ "રાજભોગ" એટલે કે શાહી ભાગ લેવાતો અને તેને સરકારી કોઠારમાં લઇ જતા.

બાકી રહેલા પોણા ભાગના પાકમાંથી બીજા પણ કેટલાક લાગા કે શેષ લેવામાં આવતી. આ લાગાઓમાં મુખ્યત્વે હવાલદારી, તલોટ, કાંગરી, કામદાર, બુટાભાગ, દેવસ્થાન અને ધર્માદા લાગા હતા. ઉપરોક્ત લાગાઓમાં ફક્ત હવાલદારી સરકાર ઉઘરાવતી હતી જ્યારે બાકીના લાગાઓ સંબંધિત સંસ્થાઓ અને વ્યક્તિઓ ઉઘરાવતી. આમ આ રાજભાગને લાગાઓ ચૂકવ્યા પછી ખેડૂત પોતાનો ભાગ ઘેર લઇ જઇ શકતો હતો. જો કોઇ ખેડૂતનું સરકારી દેવું બાકી હોય તો આ વખતે તે લેવામાં આવતું હતું. આ બાકીની "રસમ" ગામોવાર જુદી જુદી રહેતી હતી. દયાપર ગામમાં બાજરી અને ઘઉંની બાકી લેવામાં આવતી નહિ. ફક્ત લાગાઓ અને લગામ તેમાંથી વસૂલ કરવામાં આવતી. તલોટ લાગો એક માપ [૧૫] લેવાતો. તે તોલાટની

---

૧૫ ૬૪ માપની એક કળશી અર્થાત ૪ ક્વીન્ટલ થતું. તેથી એક માપ લગભગ ૬૨૫ ગ્રામ થતું હતું.

મજૂરીનો હતો. તેમાં સ્થાનિક જકાત પણ આવી જતો. એજ રીતે દરેક ખાતા પ્રમાણે હવાલદાર એક માપ લાગો લેતો. જ્યારે ધર્માદા લાગો દોઢથી બે માપ લેવાતો. આ લાગો ગામના મંદિરોને ફાળવી દેવાતો. આ ઉપરાંત ખેડૂત પાસેથી એક કોરીની રકમ જેટલી "રોકડ કાંગરી" નામનો લાગો લેતા. આ લાગો એક કળશીએ પાંચ આના જેટલો રહેતો જ્યારે કેટલાંક ગામડાઓમાં "શેઢવાર" નામનો કર લેવાતો.

બિન ખાલસા ગામોમાં ઉપર મુજબની જ લાગા પધ્ધતિ હતી. ઇનામદારો ઘાસીયા જમીન પર વધારાનો લાગો લેતા જે ખાલસા ગામોમાં લેવાતો નહિ. આ આખી મહેસૂલ પધ્ધતિમાં ધ્રુવ નામનો અધિકારી ખૂબ અગત્યનો હતો. તેની પાસે પુષ્કળ સત્તા હતી. અત્યારની ભાષામાં કહીએ તો તે ગામડાનાં કલેક્ટર જેવો હતો. તે નવા ઘરના બાંધકામની મંજૂરી, દુરસ્તી કે ઘરમાં બારી-બારણાં મૂકવાની પરવાનગી પણ આપતો હતો. આમ અત્યારની ગ્રામ પંચાયતની બધી સત્તાઓ ધ્રુવમાં કેન્દ્રિત થઇ હતી.

ગામડાનું દફતર :-

દરેક ખાલસા ગામોમાં રસમવહી રહેતી. જેને ધ્રુવ તૈયાર કરતો હતો. આ ઉપરાંત એક ભોગવહી રહેતી. દાખલાવહીમાં જમીન મહેસૂલ નોંધવામાં આવતું. કોઠારવહીમાં અનાજમાં જે મહેસૂલ આવતું તેની નોંધ રહેતી. આ ઉપરાંત એક "નીલા શેઢાની વહી" રહેતી તેને "તપાસણી" પણ કહેતા હતા. ખેતરના ઉભા પાકની નોંધ તેમાં રાખવામાં આવતી. આ ઉપરાંત બીજાં કેટલાંક અગત્યનાં પત્રકો આ પ્રમાણે હતાં :-

૧. ભારવહી :- આ પત્રકમાં ખેતર માંથી પાકના પૂળાઓ કણસલાં સાથે ખલવાડમાં જેટલા આવ્યા હોય તેની નોંધ રહેતી હતી.

૨. દાણા - કાલાવહી આ પત્રકમાં દાણાવાળા અનાજનો તથા કાલાંનો હિસાબ રહેતો.

૩. પગચાલ વહી :- આધુનિક "કેટલ પાઉન્ડ" રજીસ્ટર જેવું આ પત્રક હતું.

૪. રોજમેળ ખાતાવહી :- આ પત્રકમાં દરરોજ વેંચાતા ઘાસ અને અનાજનો હિસાબ રહેતો.

૫. ખાતાવહી :- અત્યારના લેજર કે જરનલ જેવું તેનું કામ હતું.

૬. રૂક્કો :- તે અત્યારની ટ્રેઝરી કે સ્ટેટ બેન્કનાં ચલણ જેવો હતો.

૭. ખળાબંધ :- મુંબઇ સરકારના વી. એસ. વી. ઠરાવવહી જેવું આ પત્રક હતું.

૮. પંચરી :- આ પત્રક ધાસિયા જમીનના કરને લગતું હતું. આ શેષ માલધારીઓના વડા પાસેથી લેવામાં આવતી હતી. ખેડૂતો પાસેના અને ખેતીમાં ઉપયોગી હોય એવાં પશુઓ પર આવો કોઇ કર લેવામાં આવતો નહિ.

આમ સામાન્ય રીતે જમીન મહેસૂલને લગતું દફતર વ્યવસ્થિત રહેતું હતું.

ન્યાય તંત્ર :-

ઇમ્પિરિયલ ગેઝેટિયરકાર નોંધે છે તેમ કચ્છના ન્યાય તંત્ર વિશે બહુજ ઓછી માહિતી મળે છે. ક્યાંક ભાયાતોની અદાલતોના નિર્દેશો મળે છે.[૧૬] ભુજના નાયબ દીવાનની નીચે કેટલીક અદાલતો કામ કરતી હતી.[૧૭] શ્રી. વિલિયમ્સ પણ નોંધે છે કે, "ભાયાતો પોતાની જાગીરોમાં ન્યાયની હકુમત ચલાવતા હતા. એટલે જાગીરો પૂરતી મહારાવને ન્યાયતંત્ર માંથી કોઇ ફાયદો મળતો નહિ."[૧૮]

---

૧૬. ઇમ્પિરિયલ ગેઝેટિયર વોલ્યૂમ- બીજું, પૃષ્ટ-૩૩૫.
૧૭. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૭૪.
૧૮. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૧૨૯.

ગેઝેટિયરકાર ઉપરોક્ત માહિતીને સમર્થીત માહિતિ આપતાં જણાવે છે કે, "ન્યાય ખાતા પાસે જેલ, પોલીસ-સિપાઇ અને નાઝર જેવા વિષયો હતા. ન્યાય ખાતાના બે ભાગ પડતા હતા. એક ખાલસા અને બીજો ભાયાત. નાઝર એ અપીલી અદાલત હતી. નાઝરના નિર્ણયો ભાયાતોને પણ અસર કરતા.[૧૯]

રાયધણજીના વખતમાં આ ભાયાત-સામંતો લગભગ સ્વતંત્ર જેવા હતા. તેઓ તેમની અદાલતો રાખીને ન્યાય આપતા. તેથી ઇ.સ. ૧૮૧૯ ની સંધિમાં આ વ્યવસ્થાનો "જાડેજા કોર્ટ" ના નામે પુનર્જન્મ થયો હતો. આ ઉપરાંત કચ્છમાં હજૂર અદાલત અને વરિષ્ટ અદાલત જેવી અદાલતોની વ્યવસ્થા થયેલી.

ફતેહમહમદની ન્યાય પ્રિયતાના જેમ્સ બર્ન્સે ખૂબ વખાણ કર્યા છે. તેના રાયમા વજારના નરશી કોઠારી તથા ભુજના હરભાઇ રાજગોર પરના બે પત્રો પરથી એવું લાગે છે કે, તે કોઇપણ સંજોગોમાં અન્યાયને સહન કરી શકતો નહિ અને નાનામાં નાના તથા સામાન્યમાં સામાન્ય અપકૃત્ય તરફ વ્યક્તિગત ધ્યાન આપતો હતો. સંબંધિત વ્યક્તિને અન્યાય દૂર કરવા અધિકૃત કક્ષાએ અને વ્યક્તિગત કક્ષાએ તેના પ્રયત્નો રહેતા હતા.

<u>કાયદો અને વ્યવસ્થા :-</u>

રાયધણ યુગમાં પોલીસ જેવી વ્યવસ્થા વાગડમાં કરવાની ફતેહ મહમદને જરૂર પડેલી. આ વ્યવસ્થાને પાછળથી અંગ્રેજોએ કેટલોક સમય માટે ચાલુ રાખેલી. એ વખતે વાગડમાં જમાદાર, દફેદાર, ઘોડેસવાર, હલકારા જેવા પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ રહેતા હતા. તેઓ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મદદ કરતા. "પસેલા" પણ ગામડાઓમાં પોલીસ જેવું કાર્ય કરતા. સૌથી મોટો અધિકારી ફોઝદાર હતો. પહેલાં નગરનો પોલીસ અધિકારી કોટવાલ કહેવાતો.

---

૧૯. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૩૯૯.

પણ પાછળથી ગામડાઓમાં કોટવાલોની નિમણૂંક કરાવા લાગી. આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કચ્છના પોલીસ ખાતા પાસે દરિયાઇ પોલીસ, અફીણ ખાતું, અને ભૂજનો રસાલદાર હતો.

લશ્કર :-

કચ્છની સ્વતંત્રતા તથા તેની પ્રાદેશિક એકતા અને એકલતાનું રહસ્ય તેના લશ્કરમાં છે. કચ્છમાં સૂકાં હવાપાણી તથા જીવન જરૂરી-આતની ચીજો સહેલાઇથી મળતી ન હોવાને કારણે લોકો અફઘાનોની માફક પહેલેથી ખડતલ હતા. વેપારીઓમાં પણ ખડતલપણાનું આવશ્યક તત્વ "સાહસ" આવી ગયું હતું. જ્યારે શાસકમાં તો એ બન્ને ગુણોનો સુંદર સંગમ થયો હતો. લશ્કર ભલે વ્યવસ્થિત કે ખડા પ્રકારનું નહોતું છતાંય તેની ગુણવત્તા ભારતનાં અન્ય લશ્કરોની સરખામણીમાં ઉતરી શકે તેવી હતી. તેથી કચ્છના રાજા સાથે જ્યારે ગુજરાતનો કે હિન્દનો સર્વોચ્ચ સંધિ કરતો ત્યારે તેની નજર ખંડણીને બદલે તેના લશ્કર તરફ જતી. તેથી ખંડણીને બદલે કચ્છની લશ્કરી ટૂકડીઓ સેવામાં માગી લેવામાં આવતી. ઇ.સ. ૧૬૦૯ માં દક્ષિણ ભારતમાં મોગલોએ જહાંગીરનાં વખતમાં ૨૫૦૦૦ ની જે ફોજ રામનગરની છાવણીમાં રાખી હતી તેમાં કચ્છના યુવરાજની ૨૫૦૦ ની કચ્છી ટુકડી પણ હતી.[૨૦] કચ્છના લશ્કરની સાથે નિશાન, ધ્વજ અને નગારું રહેતું હતું.[૨૧] ધ્વજ આશાપુરા માતાનો રહેતો હતો.

લશ્કર-સંખ્યા :-

રાયધણ યુગમાં કચ્છના લશ્કરની ચોક્કસ સંખ્યા કેટલી હતી તે કહેવું મુશ્કેલ છે, કારણ કે એ વખતેઅત્યારની માફક નિયમિત લશ્કરની કોઇ વ્યવસ્થા ન હોવાથી તેનો ચોક્કસ આંકડો આપી શકાય નહિ. છતાંય સમકાલીન આધારો કચ્છના લશ્કરની સંખ્યા પર જુદો જુદો પ્રકાશ પાડે છે.

---

૨૦. ગુજરાતનો અર્વાચિન ઇતિહાસ, પૃષ્ટ-૮૮.
૨૧. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૨૫૫.

૧. બ્રિટિશ સરકારનો ખાનગી અહેવાલ :-

બ્રિટિશ સરકારનો એક ખાનગી અહેવાલ તા. ૩૦-૬-૧૮૦૨ ના રોજ ફતેહમહમદ પાસે આશરે ત્રણથી ચાર હજાર કરતાં ઓછા સૈનિકો હતા તેમ જણાવે છે. આ ઉપરાંત તેના પ્રતિસ્પર્ધી હંસરાજ પાસે તેનાથી વધારે અર્થાત આઠથી દસ હજાર સૈનિકો હોવાનો અંદાજ અપાયો છે.[૨૨]

૨. કેપ્ટન ડેવીડ સેટનનો અંદાજ :-

આ ઉપરાંત કેપ્ટન ડેવીડ સેટને તા. ૯-૭-૧૮૦૨ ના રોજ મોકલેલા પોતાના અહેવાલમાં કચ્છના લશ્કરનો આંકડો પંદર હજારનો આપ્યો છે. તે આગળ નોંધે છે કે, આ લશ્કર મુખ્યત્વે ખંડિયા સરદારો ના હસ્તક હતું. તેઓ દરિયા કિનારાની આજુબાજુ કે નજીકમાં રહેતા હતાં. કેપ્ટન ડેવીડ સેટને આપેલ કચ્છના બન્ને પક્ષના લશ્કરની વિગત આ પ્રમાણે છે[૨૩]-

ક્રમાંક.	લશ્કરી મથક.	સૈનિકોની સંખ્યા.
૧.	બસતા બંદર.	૧૫૦૦
૨.	અંજાર.	૨૫૦૦
૩.	માંડવી.	૨૦૦૦
૪.	ભુજ અને બન્ની	૪૦૦૦
૫.	કચ્છના બીજા ભાગનું લશ્કર.	૫૦૦૦
	કુલ :-	૧૫૦૦૦ સૈનિકો.

આમ કેપ્ટન ડેવીડ સેટનના પ્રાથમિક અંદાજ મુજબ, ઇ. સ. ૧૮૦૨ માં કચ્છની લશ્કરની સંખ્યા ૧૫૦૦૦ ની હતી. પરંતુ કચ્છમાં એક વર્ષ

૨૨. પોલિટિકલ એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૨૪, પૃષ્ટ-૩૮૧૮.

૨૩. પોલિટિકલ એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૨૬, પૃ. ૪૬૫૨

રહ્યા પછી તેને સાચી સ્થિતિનો ખ્યાલ આવી ગયો. તેથી એક વર્ષ પછીના અહેવાલમાં તે કચ્છના કુલ લશ્કરનો આંકડો ૫૦,૦૦૦ આસપાસનો આપે છે. જો કે આ આંકડાઓમાં મુખ્યત્વે બહુમતી સંખ્યા અનિયમિત અશ્વદળના સૈનિકોની બતાવવામાં આવી હતી. જ્યારે કાયમી લશ્કર ઉપર જણાવ્યું તેમ ૧૫,૦૦૦ નું હતું.[૨૪]

અડધી સદી પછી ફાર્બસે કેપ્ટન ડેવીડ સેટનના એક વર્ષ પછીના અહેવાલને અનુસર્યા હોય તેમ લાગે છે. કારણ કે ફાર્બસે રાસમાળામાં કચ્છના રાવના લશ્કરની સંખ્યા કુલ ૬૦,૦૦૦ ની આપી છે. જેમાં ૫૦,૦૦૦ પાયદળ અને ૧૦,૦૦૦ નું અશ્વદળ જણાવ્યું છે.[૨૫]

૩. મહેબૂબ મુનશીનો અહેવાલ :-

તા. ૮-૪-૧૮૦૩ ના રોજ રાયધણના એક અંગત કર્મચારી મહેબૂબ મુનશીએ નિવેદન કર્યું છે તેના પરથી તે વખતે કચ્છની લશ્કરી સ્થિતિ નીચે પ્રમાણે હતી, તેવો ખ્યાલ આવે છે.[૨૬] :-

૧૫૦૦	સૈનિકો, ફતેહમહમદના અંજારના કિલ્લામાંના.
૫૦૦	સૈનિકો, મહમદ સોટાના મુન્દ્રાના કિલ્લામાંના.
૨૦૦૦	સૈનિકો, હંસરાજના માંડવીના કિલ્લામાંના.
૫૦૦	સૈનિકો, દેદામોડજીના ગઢશિશાના કિલ્લામાંના.
૩૦૦૦	સૈનિકો, આશકરણના ભુજના કિલ્લામાંના.
૨૦૦૦	સૈનિકો, મોડમીયાં તુર્કના લખપતના કિલ્લામાંના.
૫૦૦	સૈનિકો, આશકરણના ભુજની બહાર રહેતા સૈનિકો.
૪૦૦	સૈનિકો, જખૌ બંદર પરનું લશ્કર.
૧૦૦૦	સૈનિકો, સુંદરજી સાથેનું ગુંદીયાળીનું લશ્કર.
૨૦૦૦૦	સૈનિકો, ભાયાતો, પંદર કિલ્લાના સરદારો અને અન્ય
કુલ:- ૩૧૪૦૦	સૈનિકો.

આમ મહેબૂબમીયાં મુનશીના અહેવાલ મુજબ કચ્છના લશ્કરની કુલ

૨૪. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૪, પૃષ્ટ-૧૯૫.
૨૫. રાસમાળા ભાગ પહેલો, પૃષ્ટ-૫૦૪ અને ૫૦૫.
૨૬. સિક્રેટ એન્ડ પોલિ. ડીપા. ડાયરી નં. -૧૪૧, પૃ. ૨૫૦૪ થી ૨૫૦૫.

સંખ્યા એકત્રીસ હજાર ચારસો સૈનિકોની થાય છે.

૪. હેમિલ્ટનનો અંદાજ :–

હેમિલ્ટન ઇ. સ. ૧૮૦૯ માં કચ્છમાં લશ્કરી સૈનિકોની તેના સરદારો સાથે નીચે પ્રમાણે સંખ્યા હતી તેમ બતાવે છેઃ–

૧૦૦૦	સિપાઇ,	રોહાના ઠાકોર વિસાજીનું લશ્કર.
૫૦૦	સિપાઇ,	મોઠારાના જાડેજા કોકાભાઇનું લશ્કર.
૭૦૦	સિપાઇ,	તેરાના દેવાજીનું લશ્કર.
૪૦૦	સિપાઇ,	સિંધાણના કુંવરજીનું લશ્કર.
૩૦૦	સિપાઇ,	સરતરીના મેરામણજીનું લશ્કર.
૨૫૦	સિપાઇ,	સંધાજીનું લશ્કર.
૨૫૦	સિપાઇ,	સેબરાના મેરામણજી ભાવાજીનું લશ્કર.
૩૫૦	સિપાઇ,	કોઠારાના અત્તરજી કિદજીનું લશ્કર.
૩૦૦	સિપાઇ,	નાગ્રેચાના કેશવજીનું લશ્કર.
૨૫૦	સિપાઇ,	ગોધરાના ડોસાજીનું લશ્કર.
૨૫૦	સિપાઇ,	લીજાના માલાજીનું લશ્કર.
૨૫૦	સિપાઇ,	વિંઝાણના જાડેજા હમિરજીનું લશ્કર.
૨૫૦	સિપાઇ,	મુન્દ્રાના પ્રાગજીનું લશ્કર.
૨૫૦	સિપાઇ,	જુથરીના જાડેજા જસાજીનું લશ્કર.
૨૦૦	સિપાઇ,	ધોણના કલાજીનું લશ્કર.
૩૦૦	સિપાઇ,	આસુમબાના લાખાજીનું લશ્કર.
૨૦૦	સિપાઇ,	ફરીઢિયાના વેરાજીનું લશ્કર.
૨૦૦	સિપાઇ,	વાજરાજી અભેરજીનું લશ્કર.
૨૦૦	સિપાઇ,	જુગરના ધાળજીનું લશ્કર.
૨૦૦	સિપાઇ,	જેહાજીનું લશ્કર.
૨૦૦	સિપાઇ,	રતાઢિયાના ભાણજીનું લશ્કર.
૧૫૦૦	સિપાઇ,	કંથકોટ, રાપર, વાંઢિયાનું કુલ લશ્કર.
૪૦૦	સિપાઇ,	મુન્દ્રાના મોહમદશાહનું લશ્કર.
૨૦૦	સિપાઇ,	શેશગંજના દેદા મોડજીનું લશ્કર.
૧૫૦	સિપાઇ,	નળાના જાડેજા અસળકાજીનું લશ્કર.
૩૦૦	સિપાઇ,	બિટ્ટાના લાલમેધાનું લશ્કર.
કુલઃ– ૯૩૫૦	સિપાઇઓ.	

આમ કુલ નવ હજાર ત્રણસો પચાસ સૈનિકો થતા હતા. ઉપરાંત કચ્છમાં કેટલાય મજબૂત મોટા કિલ્લાઓ હતા. ગામડાઓમાં નાનકડી

ગઢીઓ હતી. તેમાં પણ સૈનિકો રહેતા હતા. આ ઉપરાંત ફતેહમહમદનું અલગ લશ્કર હતું જેમાં ૧૦૦૦ આરબ, ૧૨૦૦ સિંધી અને ૩૦૦૦ કચ્છી સૈનિકો મળીને કુલ ૫૨૦૦ સૈનિકો થતા, આમાં ઉપરોક્ત ૯૩૫૦ સૈનિકો ભાયાતોનાં ઉમેરતાં કુલ સંખ્યા ૧૪,૫૫૦ ની થતી. ફતેહમહમદના ૫૨૦૦ ના લશ્કરમાં ૧૫૦૦ તો ચુનંદા ઘોડેસવારો હતા. આ ઉપરાંત મીયાંણાઓ ૧૦૦૦ માણસની મદદ કરતા હતા. અને પશ્ચિમ પ્રદેશના જતો પણ લગભગ ૫૦૦૦ ઘોડાઓ સાથે લશ્કરી મદદ લઇને હાજર થઇ જતા.[૨૭] આવું લગભગ ૨૦૦૦૦ થી વધારે સંખ્યા ધરાવતું લશ્કર ગમે તેવા આક્રમણનો મુકાબલો કરી શકે. આમ લશ્કરી દૃષ્ટિએ રાયધણ યુગ ઘણોજ મજબૂત હતો તેનું ખરૂં શ્રેય તો ફતેહમહમદને છે. જો આ લશ્કરમાં હંસરાજનું કે તેના લખપતના સૂબાનું લશ્કર ઉમેરીએ તો એક સમ્રાટના લશ્કરની સામે ઉભું રહી શકે તેવું આ લશ્કર હતું.

૫. બ્રિટિશ સરકારનો અધિકૃત અંદાજ :-

બ્રિટિશ જાસૂસોએ કચ્છમાં ફરીને કચ્છી લશ્કરની સંખ્યા વિશે જે માહિતી મેળવેલી તેના પરથી તા. ૩૦-૭-૧૮૧૦ ના રોજ એક વ્યવસ્થિત અહેવાલ તૈયાર કરાયો તે મુજબ ફતેહમહમદનું લશ્કર આ પ્રમાણે હતું[૨૮]:-

વિગત.	અશ્વદળ.	પાયદળ.	કુલ.
૧. ૪૮ બરાખક આરબો, એક બરાકમાં અંદાજે ૪૦ હિન્દીઓ, મૂર, સીદીઓ.	—	૨૦૦૦	૨૦૦૦
૨. સિંધીઓ.	—	૫૦૦	૫૦૦
૩. કચ્છીઓ.	૧૨૦૦	૮૦૦	૨૦૦૦
૪. મારવાડી શીરબંધીઓ.	૪૦૦	૪૦૦	૮૦૦
૫. પઠાણો.	—	૧૫૦	૧૫૦
કુલઃ-	૧૬૦૦	૩૮૫૦	૫૪૫૦

આ ઉપરાંત ફતેહમહમદનું લશ્કર કચ્છમાં ક્યાં ક્યાં સ્થળે કઇ રીતે

---

૨૭. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૮૭ અને ૫૮૮.
૨૮. ફોરેઇન એન્ડ પોલિટીકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી-૨૮૪, પૃષ્ટ-૯૫૩.

ગોઠવાયું હતું તેની વિગત ઉપરોક્ત અહેવાલમાં આ પ્રમાણે છે[૨૯]:-

ગામ.		અશ્વદળ.	પાયદળ.	કુલ.
અંજાર.	...	૧૦૦	૩૦૦	૪૦૦
ભચાઉ.	...	૨૦૦	૧૫૦	૩૫૦
ચોબારી અને મનફરા.	...	૧૦૦	૩૦૦	૪૦૦
સિકરા.	...	૨૫	૫૦	૭૫
એમકડી.	...	૧૦૦	૧૫૦	૨૫૦
ભુડાય.	...	૫૦	૧૦૦	૧૫૦
જુનુધાર નવું ફતેહગઢ.	...	૫૦	૧૦૦	૧૫૦
ચાંદવાણું.	...	૨૫	૧૦૦	૧૨૫
ગોધીયા.	...	૨૫	૨૫	૫૦
ખારી.	...	૧૦૦	૨૫	૧૨૫
નિરોણા.	...	૨૫	૨૫	૫૦
નખત્રાણા.	...	૨૦	૨૫	૪૫
તેગરી.	...	૨૫	૨૫	૫૦
માતાનો મઠ.	...	૨૫૦	૨૫૦	૫૦૦
નારાયણસર, કોટેશ્વર.	...	—	૫૦	૫૦
જખૌ.	...	૨૫	૧૫૦	૧૭૫
ભીટ.	...	૧૦૦	૩૦૦	૪૦૦
લુણસર.	...	૨૫	૫૦	૭૫
પત્રી.	...	૨૫	૧૦૦	૧૨૫
તુણા.	...	૨૦૦	૩૦૦	૫૦૦

ઉપરોક્ત આંકડાઓ ફતેહમહમદના સામાન્ય લશ્કરનાં છે. બાકીનું લશ્કર ભુજમાં ફતેહમહમદની પાસે રહેતું હતું. તે જ્યારે જ્યારે કોઇ જગ્યાએ છાવણી નાખતો ત્યારે તેની સાથે ૧૦૦૦ ઘોડેસવાર અને ૨૫૦૦ નું પાયદળ રહેતું. આ ઉપરાંત સામાન્ય રીતે છ થી સાત જોડી તોપો રહેતી. આમાંની એક તો ઈંગ્લિશ બનાવટની બાર પાઉન્ડની હતી. આ તોપ ઇસ્ટ ઇન્ડિયા કંપની એ મહારાવને ભેટ આપેલી જ્યારે બીજી તોપો સામાન્ય કેલીબરની હતી.

ફતેહમહમદ પોતાના કાયમી લશ્કર ઉપરાંત કટોકટીના સમયમાં

---

૨૯. ફોરેઇન એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૨૮૪, પૃ. ૯૫૬.

નીચેનાં સાધનો દ્વારા ઘણીજ ઝડપે વધારાનું લશ્કર ભેગું કરી શકતો હતો:–

૩૫૦૦ સૈનિકો, સિંધની સરકારની મદદના.
૨૫૦૦ સૈનિકો, સમી–રાધનપુરના નવાબની મદદના.
૧૫૦૦ સૈનિકો, વાગડ અને કચ્છના મિયાણાઓનું બનેલું લશ્કર.
૧૦૦૦ સૈનિકો, સૌરાષ્ટ્ર, હાલાર અને સોરઠની આરબ તથા સિંધીઓની ટુકડીઓ.

ઉપરોક્ત સૈનિકો જ્યારે ફતેહમહમદ કહે ત્યારે તેની સેવામાં હાજર થઇ શકતા હતા. આ ઉપરાંત સિંધ પાસેથી તો ૩૫૦૦ સૈનિકો કરતાંય વધારે સૈનિકોની મદદ મેળવી શકતો હતો. વળી ઘોડેસવાર અને પાયદળ થઇને જાડેજા ભાયાતો પણ ૧૫૦૦૦ જેટલા થતા હતા. ફતેહમહમદનું આ લશ્કર મેજર વોકરના મતે પણ ઈંગ્લિશ બટાલિયન સમકક્ષ હતું.[૩૦]

સંખ્યા નિષ્કર્ષ :–

આમ કચ્છના લશ્કરની સંખ્યા જાણવા માટે કુલ પાંચ સમકાલીન આધારો મળે છે. દરેકમાં કચ્છના લશ્કરની સંખ્યા જુદી જુદી બતાવવામાં આવી છે. બ્રિટિશ સરકારે તા. ૩૦–૬–૧૮૦૨ ના રોજ તૈયાર કરેલો અહેવાલ આ વિષયને લગતો પ્રથમ અહેવાલ છે. વળી એ અહેવાલ જેના આધારે તૈયાર કરાયો છે તે આધાર મોકલનાર વ્યક્તિનો કચ્છનો સંપર્ક કેટલા વખત સુધીનો હતો તેનો નિર્દેશ મળતો નથી. બનવાજોગ છે કે આ અહેવાલ બ્રિટિશ સરકારે દેશી ગુપ્તચરો દ્વારા તૈયાર કર્યો હોય. તેમાં ફતેહમહમદના સૈનિકોની સંખ્યા જોતાં લાગે છે કે, તેનું પ્રમાણ ઘણું ઓછું હતું. છતાંય આ આંકડો વિશ્વાસ મૂકવા યોગ્ય છે. કારણ કે ઇ. સ. ૧૮૦૨ માં ફતેહમહમદ પાસે ફક્ત અંજાર અને ભચાઉ બે પરગણા હતાં. બન્ને પરગણાઓ આર્થિક દૃષ્ટિએ ઘણા પછાત હોવાથી

---

૩૦. ફોરેઇન એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર–૨૮૪, પૃષ્ટ–૯૫૬ અને ૯૫૭.

ફતેહમહમદનો ખજાનો વધારે મોટી સંખ્યાનું લશ્કર કોઇપણ સંજોગોમાં નિભાવી શકે નહિ. આ વખતે ફતેહમહમદને પુષ્કળ આર્થિક મુશ્કેલી વેઠવી પડેલી. આનો પૂરાવો તેણે પોતાના સહકાર્યકરને જે રીતે લૂંટયો તેમાંથી મળી શકે છે. એટલે તા. ૩૦–૬–૧૮૦૨ ના બ્રિટિશ અહેવાલ મુજબ એ દિવસોમાં ફતેહમહમદ પાસે ત્રણ–ચાર હજારથી ઓછા સૈનિકો હતા તે બરાબર છે.

આજ અહેવાલમાં હંસરાજના સૈનિકોની સંખ્યા આઠથી દસ હજારની આપવામાં આવી છે. તે પ્રથમ દૃષ્ટિએ વધારે લાગે, પરંતુ એ વખતના સંદર્ભમાં જોતાં આ સંખ્યા વિશ્વાસ મૂકવા યોગ્ય છે. કારણ કે હંસરાજની પાસે અંજાર અને ભચાઉના બિન ઉપજાઉ પ્રદેશને બાદ કરતાં લગભગ આખું કચ્છ હતું. વળી હજુ સુધી તેણે ફતેહમહમદના પક્ષના અને ભારે પગારવાળી લશ્કરી અફસરોની છટણી કરી નથી. તેથી હંસરાજનું લશ્કર આઠથી દસ હજારનું હોવાનો સંભવ નકારી શકાય નહિ.

કેપ્ટન ડેવીડ સેટનનો તા. ૯–૭–૧૮૦૨ નો અહેવાલ કચ્છના લશ્કરનો ૧૫,૦૦૦ નો આંકડો આપે છે. એ ઉપરોક્ત અહેવાલ પછી નવ દિવસે જ તૈયાર કરવામાં આવ્યો હતો. એટલે સ્વાભાવિક છે કે તેમાં જૂન ૧૮૦૨ ના અહેવાલનું પુનરાવર્તન હોય. તેથી તેણે અંજારનું લશ્કર ત્રણ હજારથી ઓછું એટલે કે ૨૫૦૦ નું બતાવ્યું છે. જ્યારે બાકીનો પ્રદેશ હંસરાજ હસ્તક હોવાથી તેનો આંકડો આગળના અહેવાલને સમર્થન આપતો આઠ હજાર સુધી પહોંચી ગયો. સેટને બતાવેલ કચ્છના બીજા ભાગનું ૫૦૦ નું લશ્કર કદાચ ભાયાતોનું હોવાનો સંભવ છે.

આ અહેવાલ કેપ્ટન ડેવીડ સેટને કચ્છ જોયા સિવાય મોકલ્યો છે. એટલે સ્વાભાવિક છે કે, તે ઉપલક કે અંદાજી બની જાય. તેને અગાઉના અહેવાલનું અનુસરણ પણ કરવું પડે. પરંતુ ઉપરોક્ત અહેવાલ મોકલાવ્યા પછી ખુદ સેટનને કચ્છમાં આવવું પડયું, ત્યાં રોકાઇને તે આધારભુત માહિતી એકત્ર કરીને એક વર્ષ પછી મોકલાવેલા અહેવાલમાં કચ્છના કુલ લશ્કરનો આંકડો પચાસ હજારનો આપે છે. આમાં તેણે કચ્છના તમામ

નિયમિત, અનિયમિત અને આભાસી લશ્કરને ગણી લીધું છે. તેમાં મુખ્યત્વે તેણે અશ્વદળનો સમાવેશ કર્યો હતો. એટલે બનવા જોગ છે કે, તેણે કચ્છમાં રહેલા ઘોડાઓને ગણતરીમાં લીધા હશે પરંતુ તેના ઉપરના ઘોડેસવારનો "નાગરિક" અને "લશ્કરી" ભેદ સમજવામાં મુશ્કેલી ઉભી થઇ હશે. તેથી સંખ્યા વધી ગઇ. આમ ૫૦,૦૦૦ નો આંકડો ઇ.સ. ૧૮૦૩ ની શાંત સ્થિતિમાં ઘણો વધારે ગણાય.

મહેબૂબ મુનશીનો તા. ૮-૪-૧૮૦૩ ના નિવેદનમાં કચ્છના લશ્કરનો કિલ્લાવાર અને માલિકવાર આંકડો વધારે વિશ્વાસપાત્ર હોય તેમ લાગે છે. કારણ કે ઉપરોક્ત અહેવાલ પ્રમાણેના કેપ્ટન સેટનના પચાસ હજારનાં આંકડાથી તે વીસ હજાર ઓછો છે. વળી તેમાં કચ્છનાં તમામ પક્ષો અને ભાયાતોને પણ સમાવી લેવામાં આવ્યા છે. છતાંય મહેબૂબ મુનશી રાયધણનો અંગત કર્મચારી હોવાને લીધે આંકડામાં સહેજ અતિશયોક્તિ કરે તે સ્વાભાવિક છે.

હેમિલ્ટને આપેલા આંકડાઓમાં ભાયાતોના લશ્કરની નવીન બાબત મળે છે. તેણે ભાયાતોનું લશ્કર નવ હજાર આપ્યું છે. જે મહેબૂબ મુનશીના વીસ હજારના આંક કરતાં અડધોઅડધ ઓછું ગણાય. મહેબૂબ મુનશીની અતિશયોક્તિ સામે હેમિલ્ટનની દ્વિતિય કક્ષાની સામગ્રી ભાયાતોના લશ્કરનો યોગ્ય આંકડો આપી શકે તે સ્વાભાવિક છે. વળી બન્ને વચ્ચે છ વર્ષનો સમય વહી ગયો છે. એટલે ભાયાતોના લશ્કરને પંદર હજારની આસપાસ મૂકી શકીએ.

આ ઉપરાંત હેમિલ્ટને ફતેહમહમદનું પોતાનું લશ્કર પાંચ હજાર ઉપરનું ગણાવ્યું છે. વળી તેને મળી શકે તેવા અનિયમિત જતો અને મિયાણાઓની સંખ્યા પણ પાંચ હજાર કરતાં વધુ છે. આમ માંડવી અને લખપતને બાદ કરતાં આ લશ્કર વીસ હજારનું થાય. જો તેમાં હંસરાજના પક્ષનું લશ્કર ઓછામાં ઓછું પાંચ અને વધુમાં વધુ દસ હજારનું ગણાવીએ તો કુલ લશ્કર મહેબૂબ મુનશીના અંદાજની નજીક પહોંચી જાય. છતાંય નિર્વિવાદ રીતે તેને ૨૫૦૦૦ આસપાસ મૂકી શકીએ.

આ પછી એક વર્ષે તૈયાર થયેલો એટલે કે તા. ૩૦–૭–૧૮૧૦ નો બ્રિટિશ સરકારનો અહેવાલ વિગતપૂર્ણ રીતે કચ્છના લશ્કરની સ્થિતિ અને સંખ્યા બતાવે છે. તેમાં એક નવીન બાબત એ રજૂ કરવામાં આવી છે કે, ફતેહમહમદ મિત્ર રાજ્યો પાસેથી પણ ૧૦,૦૦૦ નું લશ્કર મેળવી શકે તેમ હતો. કદાચ આ અંદાજ ભવિષ્યના કોઇ લશ્કરી પગલાંના અનુસંધાનમાં બતાવાયો હશે. તેમાં હંસરાજનું લશ્કર સામેલ કરાયું નથી. કારણ કે ઇ. સ. ૧૮૧૦ માં હંસરાજ જીવતો નહોતો અને તેનો પુત્ર અંગ્રેજોનો મિત્ર હતો. એટલે ભવિષ્યમાં અંગ્રેજોને ફતેહમહમદનો મુકાબલો કરવાની શક્યતા દેખાતી હતી.

ઉપરોક્ત વિશ્લેષણ પરથી એવા નિષ્કર્ષ પર આવી શકીએ કે, કચ્છનું કુલ લશ્કરનો અર્ધ ભાયાતો અને કચ્છમાં રહેલા ફતેહમહમદ તથા હંસરાજ જેવા પક્ષકારોનું મળીને તમામ લશ્કર એવો થાય. રાયધણજીના રાજ્યારોહણના શરુઆતના પ્રથમ બે દશકામાં કચ્છનું લશ્કર ઘણું ઓછું એટલે કે આંતરિક શાંતિ જાળવી શકાય તેટલું હતું. આ આંકડો પંદરેક હજાર આસપાસ આપી શકીએ, જેમાં પંદર હજાર આસપાસ ભાયાતોનું લશ્કર અને બાકીનું કચ્છ દરબારનું હતું.

પરંતુ પછી કચ્છમાં હંસરાજ કે રામજી ખવાસ તથા ફતેહમહમદ જેવા બે પક્ષો પડી જતાં આ સંખ્યામાં વધારો થયો. કારણ કે બન્ને પક્ષોને લશ્કરી સમતુલા જાળવી રાખવાની હતી. તેથી ઓગણીસમી સદીની શરુઆતમાં આ લશ્કર ત્રીસ હજાર કરતાં વધારે સંખ્યાએ પહોંચ્યું હોય તો નવાઇ નહિ. પાછળથી માંડવીમાં અંગ્રેજોનો પ્રવેશ થતાં હંસરાજે પોતાનું લશ્કર ઘટાડયું, જેને પરિણામે ફતેહમહમદે પણ નિરાંતનો શ્વાસ લઇને પોતાનું લશ્કર વધારવું બંધ કર્યું, એને બદલે કટોકટી કે ભવિષ્યના હંસરાજના વારસોના આક્રમણ સામે સિંધ, રાધનપુર, સમી કે બીજાં દેશી રાજ્યોની મદદની શક્યતાથી સંતોષ માન્યો. આને લીધે રાયધણ યુગના અંતિમ દિવસોમાં કચ્છનું કુલ લશ્કર વીસ હજાર આસપાસ રહ્યું હતું.

ટૂંકમાં રાષ્ટ્રીય આપત્તિ વખતે કચ્છ એક મહારાજ્યના લશ્કર જેટલું લશ્કર ભેગું કરી શકે તેમ હતું. ફક્ત ફતેહમહમદના લશ્કરનો જો અંગ્રેજોને સામનો કરવાનો થાય તો તેમને તેની સામે નીચેની વિગતે ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું લશ્કર મૂકવું પડે તેમ અંગ્રેજી લશ્કરના સેનાપતિઓ માનતા હતા.[31] :-

૬૫૦	શહેનશાહ નામદારની ૨૧૫૬ મી લશ્કરી ટુકડી.-રેજીમેન્ટ.
૧૦૦	મુંબઇની રેજીમેન્ટ.
૨૧૦૦	ત્રણ બટાલિયન બીજા સૈનિકો.
કુલ:- ૨૮૫૦	સૈનિકો.

આમ ઉપરોક્ત ૨૮૫૦ જેટલા ગોરા સૈનિકોની ફોજો ફતેહમહમદને હરાવવા જોઇએ સ્વાભાવિક છે કે એની સાથે દસગણી સંખ્યા તેમને દેશી સૈનિકોની રાખવી પડે. આમ કચ્છનું લશ્કર વીસ હજાર કરતાં વધારે રાયધણયુગના અંતિમકાળે હતું, તે અંગ્રેજો સાથેનાં બળાબળના અધ્યયનથી લાગે છે.

કચ્છના આ લશ્કરની વિશાળતાનો અંદાજ તેના લશ્કરી ખર્ચ પરથી પણ આવી શકે. અંગ્રેજોના અહેવાલ મુજબ ફતેહમહમદ પોતાના ઇ. સ. ૧૮૧૦ ના લશ્કર પાછળ આ પ્રમાણે ખર્ચ કરતો હતો.[32] :-

કોરી ૮,૬૪,૦૦૦	એક બરાકની પંદરસો કોરી માસિક દરે એક વર્ષનો ખર્ચ.
કોરી ૭૨,૦૦૦	એક સિંધી સિપાઇની બાર કોરી લેખે ખર્ચ.
કોરી ૪,૩૨,૦૦૦	કચ્છી સૈનિકોનું ખર્ચ.
કોરી ૬૦,૦૦૦	મારવાડી ચારસો શીરબંધીઓનું ખર્ચ.
કોરી ૨૭,૦૦૦	૧૫૦ પઠાણ સૈનિકોનું ખર્ચ.
કોરી ૯૬,૦૦૦	કિલ્લાઓમાં રહેલ ૮૦૦ માણસો દરેકના દસ કોરી લેખે અને પરચુરણ ખર્ચ.
કુલ કોરી: ૧૫,૫૧,૦૦૦	

૩૧. ફોરેઇન એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૮૪, પૃષ્ટ-૯૫૮ થી ૯૬૪.

૩૨. ફોરેઇન એન્ડ પોલિ. ડીપા. ડાયરી-૨૮૪, પૃષ્ટ-૯૫૫ અને ૯૫૬.

આમ કુલ ખર્ચ કોરી ૧૫,૫૧,૦૦૦ અર્થાત સાડા પંદર લાખ કોરી એટલે કે આશરે રૂપિયા છ લાખ થતો હતો. પાછળથી કચ્છની આવકમાં ઘણો વધારો થયેલો હોવાથી આટલો ખર્ચ તે ઉઠાવી શકતું હતું. ખર્ચને જોતાં કચ્છના લશ્કરની સંખ્યા પ્રમાણમાં સારી હતી તેમ કહેવાય.

અશ્વ દળ :–

કચ્છમાં અશ્વદળનું મહત્વ ઘણુંજ વધારે હતું. ઘોડેસવાર અથવા અશ્વદળનો સૈનિક લાંબી અને ભારે કચ્છી પાઘડી પહેરતો. પોતાની ભરાવદાર વિસ્તરેલી પાઘડી અને તેવીજ દાઢી માટે તે પ્રખ્યાત હતો. તેમનો બહારનો કોટ ઘટ્ટ તથા જાડો હતો. પાતળી રજાઇની માફક કાપડના બે પડ વચ્ચે રૂ રાખીને તે બનાવવામાં આવતો. તેમની પાસે શસ્ત્ર તરીકે બંદૂક, તલવાર, ભાલો કે ઢાલ રહેતાં. ઢાલ ગેંડાના ચામડા માંથી બનાવવામાં આવતી. તેના પર સોના કે ચાંદીની ફૂદડીઓ જડીને તેને શણગારવામાં આવતી.

ઘોડાના જીન ઉપર એક મોટું ચામડાનું કવર ઢાંકવામાં આવતું. આ કવરની કિનારી મોટાં મોટાં ફૂમતાંના ઝૂમખાં ટાંકીને બનાવેલી હતી. કવરના આગળના ભાગમાં એક ઢાંકણવાળું ખીસું હતું. આ ખીસામાં ઘોડેસવાર પોતાની ચલમ, અફીણ અને તેના પાણીદાર લડાયક ઘોડાનો ખોરાક રાખતો. શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે તેમ કુદરતની તમામ પ્રતિકુળતાઓ વચ્ચે કચ્છના ઘોડેસવારને ઓછું ભથ્થું મળતું છતાંય તે તેમાં આનંદ માણતો હતો. ઉત્સવ વખતે મહારાવ આવા પાંચસો ઘોડેસવારોને મળતા હતા. અલબત્ત આ ભાગ્ય રાયધણને ઓછું મળયું હશે, કારણે કે તેના કરતાં તેના વજીરોનું વર્ચસ્વ વધારે હતું.

શ્રીમતિ પોસ્ટન્સે રાયધણજીના પૌત્રના ઘોડાનું જે વર્ણન કર્યું છે, તે પરથી કચ્છના શાસકનો ઘોડો કેવો હતો તેનો ખ્યાલ આવે છે. તેઓ નોંધે છે તેમ, રાવના ઘોડાનો રંગ તપખીરીઓ અને સહેજ બદામી હતો. રાજ્યના મોટા ઉત્સવ પ્રસંગે તેને ભવ્ય રીતે શણગારવામાં

આવતો. તેની લગામ પાછળ અને પેટે બાંધવાના બંધનાં દોરડાંઓ સંપૂર્ણ ગોળ અને કિંમતી વેનીશિયન સોનાની તકતીઓથી શણગારવામાં આવતાં હતાં. તેના ચોકડાને લોખંડના બિબાંમાં ઢાળીને બનાવવામાં આવતું. આ ચોકડું આગળ-પાછળથી પહોળું અને ઉંચે-નીચે સહેલાઇથી જઇ શકે તેવું હતું. જે સવાર વધુ પૈસાદાર હોય તે આવા ચોકડાને આખુંય સોના કે ચાંદીનું બનાવતા. જીનને ખીચોખીચ ભરતથી ભરવામાં આવતું. તેમાં ઝૂંપડાં, પૂતળી અને અન્ય ભૌમિતિક ભાતોનાં ચિહ્નો દોરવામાં આવતાં. સુંદર કિનારી ગંઠીને જીનનું કવર તૈયાર કરવામાં આવતું. આને લીધે તે એટલું વધું ખર્ચાળ બની જતું કે ભાગ્યેજ સવારને પોષાય. રેવાલ ચાલે ચાલતા ઘોડાને માટે તાલીમ લીધા સિવાય આવા જીન સાથે ચાલવું મુશ્કેલ બની જતું.

કેટલીક વખત ચામડાનો લગામ માટે ઉપયોગ થતો. ચામડાની જગ્યાએ મરાઠાઓના ઘોડાઓ જેવી રેશમી દોરીનો પણ ઉપયોગ કરવામાં આવતો. ઘોડીના માથા અને કપાળને શણગારેલ કાપડથી ઢાંકવામાં આવતું. આ ઉપરાંત રંગબેરંગી કોડીઓ તેની ઝૂલ પર નાખવામાં આવતી. તેના છેડે વિવિધ રંગોનાં ફૂમતાંનાં ઝૂમખાં રહેતાં.[33] ઘોડાઓ થાકી જાય પછી તેને અફીણ પીવડાવવામાં આવતું, જેથી તેના નશામાં તે દોડયા કરતા. યુધ્ધ વખતે દૂરની મજલ જલદી કાપવા કે વિજળિક ઝડપે આક્રમણ કરવા આ રીતેનો ઉપયોગ થતો.

રાયધણ યુગમાં લશ્કરી દૃષ્ટિએ કચ્છી ઘોડાઓનું મહત્વ વધારવામાં સુંદરજીએ અગત્યનો ભાગ ભજવેલો. તેઓ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના લશ્કરને કચ્છી ઘોડાઓ પૂરા પાડતા હતા. મુંબઇના ગવર્નર પર તારીખ ૯-૮-૧૮૦૧ ના રોજ ફારસી ભાષામાં સુંદરજીએ લખેલ પત્ર પરથી લાગે છે કે, તેમણે બ્રિટિશ લશ્કર માટે પાણીદાર સવા બસો ઘોડાઓ ખરીદીને રાખેલા હતા.[34]

---

૩૩. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ- ૪૩ અને ૪૪.
૩૪. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૧૪, પૃષ્ટ-૫૧૬૩.

કચ્છ રાજ્યને અશ્વદળ ઘણુંજ ઉપયોગી હતું. છતાંય તેની સરખામણી કાયમી ઘોડેસવાર દળની સાથે કરી શકાય નહિ. કારણ કે કેટલાક સંજોગોમાં નિયમિત ઘોડેસવાર દળ કામ વગરનું સમય પસાર કરતું. કેટલાક સૈનિકો પડોશી રાજ્યની નોકરીમાં જોડાઇ જતા અને દુશ્મનની પણ સેવાઓ બજાવી લેતા હતા.[૩૫]

તોપદળ :-

થોટલેશના જણાવ્યા મુજબ કચ્છના તોપચીઓ ઘણા ચપળ હતા. તેઓ કિલ્લા પરથી અસરકારક તોપમારો કરી શકતા હતા. કચ્છની તોપો બે પંચમાંશ ફૂટ વ્યાસવાળી અને દળમાં અડધો ઈંચ જાડી હતી. આ તોપો છ પાઉન્ડના ગોળાઓ સહેલાઇથી ફેંકી શકતી.[૩૬] અંજારના કિલ્લા પર આડત્રીસ જુદી જુદી બનાવટની તોપો રહેતી. કર્નલ ઇસ્ટે કંથકોટ પર આક્રમણ કર્યું ત્યારે કંથકોટ પરથી ભયંકર અવાજો કરતી તોપો ફૂટી હતી.

તોપચીઓને ગુલમદાર કહેવામાં આવતા હતા. ફતેહમહમદનો આવો એક વિખ્યાત તોપચી સારસ્વત બ્રાહ્મણ પધુ ગુલમદાર હતો. તેની ધાક દુશ્મનોમાં સારી હતી. ફતેહમહમદ યુધ્ધ કરતાં પહેલાં સમાચાર મોકલાવતો કે,"અમુક કિલ્લો અમને સોંપી દો નહિંતર મારો પધુ ગુલમદાર તૈયાર છે." ફતેહમહમદ આવા કેટલાય કચ્છી "વિલિયમ ટહેલો" રાખતો હતો. તોપચી તોપનું નિશાન લઇને જ્યારે સફળ થતો ત્યારે "જીએ' રા" અર્થાત ઘણું જીવો કચ્છના મહારાવનો રણઘોષ કાઢતો. જેથી દુશ્મનને પણ ખ્યાલ આવી જતો કે આ તોપચી કચ્છનો છે.[૩૭]

રાયધણ યુગમાં તોપોને ખેંચી જવામાં મોટી મુશ્કેલી પડતી હતી તેથી ફતેહમહમદે યુરોપિયન ઢબનાં રેંકડા તૈયાર કરાવવા માટે ભુલાદાસ નામના સુથારને તેડાવીને કચ્છમાં નવી જાતના રેંકડા બનાવવાનું કામ

૩૫. કચ્છ એોર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૪૯.
૩૬. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૪૫.
૩૭. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૭૭ થી ૪૮૦.

શરુ કરાવ્યું હતું.[૩૮]

કેપ્ટન ડેવીડ સેટનના માંડવી આગમન પછી બ્રિટિશ બનાવટની તોપો મંગાવવામાં આવી હતી. સેટનના મુંબઇ સરકાર પરના તારીખ ૧૧-૧૨-૧૮૦૨ ના પત્ર પરથી લાગે છે કે આવી બે તોપો માંડવી આવી ગઇ હતી. તેનો હવાલો મહારાવના નામે અને મહારાવ રાયધણને જ સોંપવાનો હતો.[૩૯]

ફતેહમહમદે પોતાના બીજા શાસન વખતે કેન્દ્રનાં તોપદળનો સારો વિકાસ કરેલો. તેની પાસે લાલખાન પઠાણ નામનો એક બીજો ખ્યાતનામ તોપચી હતો.[૩૬] આ ઉપરાંત તેણે એક "લ્યુઇસ" કે "લુઇ" નામના ફ્રેન્ચ નાગરિકની પોતાના તોપદળમાં ભરતી કરી હતી. આ લ્યુઇસ ઘણા લાંબા સમયથી કચ્છમાં હતો, તેથી તેને ઓળખવો પણ મુશ્કેલ હતો. તેણે કચ્છી પોષાકને અપનાવી લીધો હતો. ફક્ત તેના વાળનાં ઝૂલ્ફાં-ગૂંચળાં તે હિન્દી નથી તેની ચાડી ખાતાં હતાં.[૪૦]

યુધ્ધ :-

રાયધણજીનો આખો યુગ આમતો નાનાં મોટાં અસંખ્ય યુધ્ધોનો સમય હતો. ફતેહમહમદે પોતાના વિશાળ લશ્કરને જરાય નવરૂં રહેવા દીધું નહોતું. વળી કચ્છનો પ્રાચિન ઇતિહાસ પણ યુધ્ધોથી ભરપુર હતો તેથી યુધ્ધની ચરખો કચ્છમાં સારી રીતે ગોઠવાયેલો હતો.

યુધ્ધ આમંત્રણ :-

સંભવિત ભયનો સામનો કરવા માટે સમગ્ર કચ્છના સરદારોને યુધ્ધ માટે આમંત્રણ આપવામાં આવતું. ખાસ કરીને કચ્છના ગામડે ગામડે

---

૩૮. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ- [redacted] ૪૮૩.
૩૯. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. ૧૩૩, પૃષ્ટ-૭૭૯૦.
૪૦. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૫૬, પૃષ્ટ-૧૬૧૬.

ઉંટસવાર ફરીને યુધ્ધનું આમંત્રણ આપતો અને પછી બધા સરદારો તથા ગામડાના રજપૂત યુવાનો ભુજ આવતા. વિદેશી ચઢાઇ વખતે આમંત્રણ ધ્વારા આખા કચ્છને આવરી લેવામાં આવતું.[૪૧]

સેનાપતિ :-

આમંત્રણ ધ્વારા એકઠા થયેલા સૈનિકો-સરદારો માંથી સેનાપતિની પસંદગી થતી. આ વખતે કેટલીક ઐતિહાસિક પ્રણાલિકાઓનો આશ્રય લેવાતો. ખેંગારજી બીજા ચારણીયાણીના શાપથી લાખિયાર વિયરામાં મરણ પામેલા ત્યારે તેમના મુગટની કલગી વીંઝાણના જાડેજાઓ લઇ ગયેલા. તેથી એક યુધ્ધની સરદારી માટે એવું સૂચન થયેલું કે, જે જાડેજાઓ પોતાના મસ્તક પર કલગી રાખતા હોય તેમણે જ લશ્કરની સરદારી લેવી. આવું સૂચન સાંભળતાંજ વિંઝાણના ઠાકોરે કચેરી વચ્ચે સેનાધ્યક્ષની તલવાર ઉપાડી લીધી હતી અને સેનાપતિપદ ધારણ કર્યું હતું.

આ ઉપરાંત અગત્યના સરદારોમાં કચ્છના દીવાન રહેતા. વળી બીજા નળા, નળિયા, અકરી, ગુંદિયાળી, સમાધોધા, નાગ્રેચા અને મિયાણીના સરદારો પણ રહેતા હતા.

કૂચ :-

લશ્કરની કૂચ વ્યવસ્થિત થતી. સામાન્ય રીતે લશ્કરને બે ભાગમાં વહેંચવામાં આવતું હતું. ફતેહમહમદે પોતાની દરેક સવારી વખતે લગભગ આમ કરેલું. રાયધણના મરણ પછી જે અંગ્રેજ લશ્કરે કચ્છ પર આક્રમણ કરેલું તે હળવદથી બે માર્ગો ધ્વારા આવ્યું હતું. માંદા માણસો અને બિનજરૂરી સામાનને નજીકની છાવણીમાં મોકલી દેવામાં આવતો.

લશ્કરમાં સિપાઇઓ કુટુંબ સાથે રહેતા હતા તેમ પોટલેસની નોંધ

---

૪૧. "ખેડઇ ને ખંભરે .... ભેઠ બધી મયદાને તે હલજા....."વાળું યુધ્ધનું આમંત્રણ આપતું ગીત આજે પણ કચ્છમાં પ્રચલિત છે. તેમાં લગભગ કચ્છનાં અને પડોશનાં મિત્રોનાં મુખ્ય નગરો આવી જતાં.

પરથી વરતાય છે. તે નોંધે છે કે, "ગયા વર્ષે અને આ વર્ષ દરમ્યાન સિપાઇઓની ઓરતોએ ઘણાં બાળકોને જન્મ આપ્યો હતો. દરેક સિપાઇ બે થી ત્રણ બાળકનો પિતા હતો. દરેક સામાન લાદેલા બળદ પર ઓછા-માં ઓછાં બે બાળકો તો દેખાતાં હતાં. બળદ પરથી પડી ન જવાય તે માટે આ બાળકોને દોરીથી મજબૂત રીતે બાંધી દેવામાં આવ્યાં હતાં. તેથી તેઓ ચીસો પાડતાં હતાં. આ ઉપરાંત સેંકડો સૈનિકોની પત્નીઓ પોતાના ધાવણાં બાળકોને ટોપલામાં નાંખીને લશ્કરની સાથેજ કૂચ કરતી હતી, એમ કહેવા કરતાં ખરેખર તો માથા પર બાળકનો ભાર નાખીને દોડતી જ હતી તેમ કહેવું વધારે યોગ્ય થઇ પડશે."[૪૨]

અમાનુષી યુધ્ધ પ્રણાલિકાઓ :-

કેટલાક જાડેજાઓ આખરી સંગ્રામ ખેલવા જતી વખતે પોતાના કુટુંબીજનોને, ખાસ કરીને સ્ત્રીઓને કતલ કરીને કેસરિયાં કરતા. શ્રીમતી પોસ્ટન્સે આ પ્રણાલિકાની નોંધ લીધી છે.[૪૩]

યુધ્ધરાત્રી :-

યુધ્ધ અંધારૂં થાય ત્યાં સુધી ચાલુ રહેતું અને રાત્રિ પડતાં બંધ કરી દેવાતું. રાત્રે બન્ને પક્ષના સૈનિકો પોતપોતાનાં પક્ષના ઘાયલોને ઉંચકીને પાટાપીંડી કરવાના કાર્યમાં ગુંથાઇ જતા. આ ઉપરાંત રાત્રે ઉભય પક્ષો બીજા દિવસના કાર્યક્રમની યોજનાઓ ઘડતા અને સૂર્ય ઉગતાં રણભેરીઓ ગગડવા લાગતી.

---

૪૨. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૪૬.

૪૩. આજે કચ્છી બોલીમાં આ પ્રણાલિકાને યાદ કરતાં કહે છે કે,

" હોથીએ પણ હથેંસે, સાંયવેઓ સુહાગ,
ધોડા ગુડઆં મુડસે, પદમણિયું પણ પાસ"

યુધ્ધ ધ્વનિઓ :-

કચ્છના લશ્કરના ધાર્મિક દ્રષ્ટિએ બે યુધ્ધ ધ્વનિ હતા. મુસ્લિમો અલ્લાહ ઓ અકબરની ગર્જના કરતા અને હિન્દુઓ હરહર મહાદેવની. જ્યારે તેના રાષ્ટ્રીય ધ્વનિઓ "જીએ' રા" અને "જય આશાપુરા"હતા.

હથિયારો :-

કચ્છમાં પહેલેથી જ નાનાં નાનાં શસ્ત્રો બનાવવામાં આવતાં હતાં. હવે બહારથી કાચો માલ લાવીને મોટાં શસ્ત્રો બનતાં થયાં હતાં. કચ્છમાં પ્રચલિત શસ્ત્રોમાં અગત્યનાં કેટલાંક શસ્ત્રો આ પ્રમાણે હતાં :-

૧. ખડક :- શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે કે, "કચ્છીઓ પોતાના હથિયારોમાં અરબસ્તાનની ડબલ ધારની તલવારનો ઉપયોગ કરતા હતા" એ વખતે આવા ખડકને વહાબી તલવાર તરીકે ઓળખવામાં આવતું. મક્કામાં વહાબી આંદોલન વખતે વહાબીઓએ રૂઢિચૂસ્ત મુસલમાનો વિરૂધ્ધ તેનો ઉપયોગ કર્યો હતો. તેની ધાર સીધી અને સારૂં પાણી ચઢાવેલી હતી. તેની ધાતુની પટ્ટી વાંકી વાળી શકાતી અને તે લગભગ છ ફૂટ લાંબી રહેતી. આવા ભયંકર હથિયારને કચ્છીઓ સહેલાઇ થી બે હાથે હવામાં વીંઝીને આમતેમ ખેલતા હતા. તેમની સારામાં સારી સિધ્ધિભરી આ કલા હતી. આ અને બીજાં તમામ હથિયારો સાથે મુસલમાનો મહોરમના સરઘસમાં નીકળીને તેના પ્રયોગો કરતા.[૪૪]

૨. ખંજર :- ખંજરો તીક્ષ્ણ ધારવાળાં હતાં. તેની મૂઠ નાની હોવાને લીધે ઘેરા લાલ રંગના રત્નોથી જડવામાં આવતી હતી. તેનું મ્યાન ગુલાબી રંગના મખમલનું રહેતું. આ મખમલ પર સાચાં મોતીઓ સોનાના દોરામાં પરોવીને જડવામાં આવતાં. કેટલાંક ખંજરો પર આવો દોરો ચાંદીનો રહેતો.

---

૪૪. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૭૪.

૩. ધારિયું :- કચ્છી યોધ્ધાઓ આ પ્રાચિન હથિયારનો યુધ્ધ વખતે ઉપયોગ કરતા. તેનો હાથો મીના ભરેલી ચાંદીથી સુંદર રીતે મઢવામાં આવતો હતો. આ ચાંદીની પાટીની ઉપર સુંદર પુષ્પોની ભાતનો નમૂનો ઉપસાવવામાં આવતો. પછી તેને ટીપીને હાથા પર જડવામાં આવતો. કેટલીક વખત આ મૂઠ સોનાની રહેતી.

૪. ભાલો :- ભારતિય સૈનિકનું આ ખાસ હથિયાર હતું. કચ્છમાં તે પૂષ્કળ પ્રચલિત હતું. ભાલાનો હાથો લોખંડ, પિત્તળ અને ચાંદીની મિશ્ર ધાતુ માંથી બનાવેલ ભિંગડા જેવા સાંધાઓથી શોભતો હતો.

૫. ઢાલ :- ઢાલનો ઉપયોગ શસ્ત્રના આવરણ તરીકે થતો. કચ્છીઓ ઢાલ બનાવવામાં નિષ્ણાત હતા. કચ્છી ઢાલ ગેંડાના ચામડા માંથી બનતી. આ ચામડા પર સરેશનું અર્ધપારદર્શક દ્રાવણ લગાવીને તેને અત્યારના "ફોમલેધર" જેવું સ્વરુપ અપાતું. આ ઢાલની કિનાર સોનેરી ઢોળ ચઢાવેલ ધાતુનાં ફૂલીનો માળાથી શણગારવામાં આવતી. આ ઉપરાંત ઢાલ પર વેનીશિયન સોનાના બનેલ મજબૂત ખીલાઓ ચોડવામાં આવતા હતા.

૬. બંદૂક :- કચ્છી યોધ્ધાઓ ભાલો અને ઢાલ ઉપરાંત બંદૂકો રાખતા હતા. આ બંદૂકની લંબાઇ અસાધારણ રહેતી. તેને કાળા સીસમ જેવા લાકડામાં ચાંદી અને હાથીદાંતની સાથે મજબૂત રીતે જડવામાં આવતી. આ જડતરનો ખ્યાલ સામાન્ય માનવીને આવી શકતો નહિ.

વ્યૂહરચના :-

કચ્છમાં સેનાપતિઓ પોતાની આગવી સૂઝથી વ્યુહરચના ગોઠવતા. ફતેહમહમદ બે પાળીની વ્યુહરચનામાં નિષ્ણાત હતો. આ વ્યૂહરચનાથી લડાઇમાં એકાએક આગળ ધસી જવાની અનુકૂળતા રહેતી. તેને અંગ્રેજ લશ્કરની વ્યૂહરચના સમકક્ષ ગણવામાં આવતી.[૪૫] આ ઉપરાંત કુવા તથા

૪૫. કચ્છની પ્રજા જાગૃત્તિનાં ઇતિહાસનાં પાના,' પૃષ્ટ-૯.

તળાવના પાણીમાં ઝેર નાખવામાં આવતું. આ ઝેર ધઉં માંથી બનાવવામાં આવતું તેમ થોટલેસ જણાવે છે.[૪૬] વળી સુરંગનો પણ લશ્કરી વ્યૂહ-રચનાના એક ભાગ તરીકે ઉપયોગ કરાતો. તેને કચ્છીઓ "ચુનમ" તરીકે ઓળખતા હતા. ચોક્કસ લંબાઇનો એક ખાડો ખોદીને સુરંગ તૈયાર કરાતી. થોટલેસના સૈનિકોએ અંજારમાં આવી સુરંગો શોધી કાઢી હતી.

વિદેશી સૈનિકોનું વર્ચસ્વ :-

રાયધણ યુગમાં અંગરક્ષકદળમાં દેશી સૈનિકોનો વિશ્વાસ ધીમે ધીમે ઓછો થતો જતો હતો. પણ લશ્કરમાં તેઓ બિનહરીફ હતા. આખું અંગરક્ષકદળ વિદેશીઓનું રાખવાનું કારણ તેઓ સ્થાનિક રાજકારણમાં ભાગ લઇ શકતા નહિ. અને જે વ્યક્તિ પગાર આપે તેને તેઓ સંપૂર્ણ વફાદાર રહેતા હતા તે હતું. આવા અંગરક્ષકોમાં આરબો, સિંધીઓ અને સીદીઓનો સમાવેશ થતો. તેમણે કચ્છની પડોશના પાલનપુર, રાધન-પુર, ઇડર અને શિરોહી રાજ્યમાં પણ આવું વર્ચસ્વ જમાવેલું હતું.[૪૭]

કિલ્લાઓ :-

કચ્છમાં નાનાં નાનાં ડુંગરોમાંથી મજબૂત અને ઇમારતી પથ્થરો મળતા હોવાથી કિલ્લા બાંધવા સુગમ પડતા. નહિ નહિ તોય આજે કચ્છમાં સો કરતાં વધારે કિલ્લાઓ હશે. કચ્છનું વ્યૂહાત્મક મહત્વ હોવાને લીધે કિલ્લો તેના અસ્તિત્વ માટે પ્રાથમિક જરૂરીઆત જેવો હતો. એક બાજુ દક્ષિણ સિંધના સ્થાનિક શાસકોનો ભય, બીજી બાજુ ઉત્તર ગુજરાતના બાબી, જત તથા પાલવી ઠાકરડાઓના આક્રમણનો ભય, જ્યારે દક્ષિણમાં માળિયા, મોરબી વગેરે રાજ્યોનો પરંપરાગત ભય. ઉપરાંત જત, ખોસા, મિયાણા જેવી લુટારૂ જાતિથી દરેક ગામને

---

૪૬. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૫.
૪૭. પાલનપુરનો ઇતિહાસ, પૃષ્ટ-૨૮૬.

રક્ષણ આપવા માટે નાનાં નાનાં ગામોનાં ઠાકોરો કિલ્લાઓ બંધાવતા. આને લીધે કિલ્લાઓનું મહત્વ વધી ગયું હતું. કચ્છના રાયધણયુગીન કેટલાક ઐતિહાસિક કિલ્લાઓ આ પ્રમાણે હતા :-

૧. લખપત :- હેમિલ્ટન નોંધે છે કે, "પશ્ચિમના પર્વતની ધાર પર લખપતનો કિલ્લો છે. તેના એક માઇલના વિસ્તારમાં કાદવવાળું પાણી છે. આ કિલ્લો આકારમાં અનિયમિત બહુકોણ જેવો દેખાય છે. તેને કેટલાય બુરજો છે. સખત બદામી પથ્થરથી તે બાંધવામાં આવ્યો છે. પૂર્વ બાજુએ એક ટેકરી આવેલી છે. જેની પાસે એક માર્ચ માસના અંતમાં સૂકાઇ જતું તળાવ છે. કિલ્લામાં બીજાં પણ કેટલાંક તળાવો છે પણ તેમનું પાણી સારૂં નથી."[૪૮] આજે ડીસેમ્બર ૧૯૭૩ માં પણ કિલ્લાની અંદર ખરાબ પાણી વાળું મોટા હોજ જેવું એક નાનકડું તળાવ છે. જેમ્સ બર્ન્સે લખપતના કિલ્લાનો પરિઘ અઢી માઇલનો આપ્યો છે.[૪૯] ફતેહમહમદે આ કિલ્લાને એટલો બધો જમબૂત બનાવેલો કે, ઇ.સ. ૧૮૧૯ ના ધરતીકંપમાં તેને જરાપણ નૂકશાન થયું નહોતું.

૨. અંજારગઢ :- પોતાના વ્યક્તિગત અમલ દરમ્યાન ફતેહમહમદે અંજારનો ગઢ ઘણો મજબૂત બનાવ્યો હતો. અંજાર ઘણું મોટું નગર હોવાને લીધે તેનો કિલ્લો મોટો તથા મજબૂત હતો. તેની ખાઇ બે માઇલ ગોળાકારમાં હતી. કિલ્લાની દિવાલ બાર ફૂટ ઉંચી અને છ ફૂટ જાડી હતી. જ્યારે થોટલેસ નોંધે છે તેમ એક દિવાલ તો છ ફૂટ ઉંચી અને બે ફૂટ જાડી હતી. શ્રીમતી પોસ્ટન્સે તેની ઉંચાઇ ચાલીસ ફૂટ અને બુરજની સંખ્યા એકત્રીસ આપી છે.[૫૦] નવેમ્બર ૧૮૧૪ માં કચ્છપર આક્રમણ કરવા આવેલું એક લશ્કર બચાવ તથા આક્રમણની દૃષ્ટિએ અંજારના કિલ્લાને શ્રેષ્ઠ ગણતું હતું. તેથી તેના સેનાપતિઓ પહેલાં અંજારનો કબજો લેવા માગતા હતા.[૫૧]

---

૪૮. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૯૭.
૪૯. નેરેટીવ ઓફ એ વીઝિટ ટુ ધી કોર્ટ ઓફ સિન્ધ, પૃષ્ટ-૫.
૫૦. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૭૬.
૫૧. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૨.

૩. <u>કંથકોટ</u> :- થોટલેસની નોંધ પ્રમાણે કંથકોટના કિલ્લાને રાયધણ યુગમાં બે દરવાજા હતા. એક દરવાજો કુદરતી ખીણ માંથી પસાર થતા ડુંગરાળ માર્ગની વચ્ચે હતો. જ્યારે બીજો પાછળનો દરવાજો ચઢવો ઘણોજ કઠીન હતો. કારણ કે તે છેક ઉપર હતો. કિલ્લાના મુખ્ય દ્વારથી પર્વતની તળેટી સુધી સીધું ચઢાણ હતું. જો કે ગામ તરફનો ઢાળ કલાત્મક રીતે કાપી નાખવામાં આવ્યો હતો. છતાંય વ્યૂહાત્મક દૃષ્ટિએ એક ખામી હતી. કિલ્લાની બરાબર સામે એક એટલીજ ઉંચાઇ ધરાવતી ટેકરી હતી. જેના પર કિલ્લેબંધી કરેલી ન હોવાથી દુશ્મનની તોપો સહેલાઇથી ગોઠવાઇ જતી અને સીધો કિલ્લા પર પ્રહાર કરી શકતી. થોટલેસને મળેલ માહિતી મુજબ ફતેહમહમદે આ રીતે મંગુધાર પરથી તોપમારો કરીને આ કિલ્લો બળવાખોર સરદારો પાસેથી મેળવ્યો હતો.[પર] સ્થાનની દૃષ્ટિએ આ કિલ્લો એવી જગ્યાએ આવેલો છે કે ત્યાં કોઇ અજાણ્યું લશ્કર આવી ન શકે. તેવો વિકટ એ પ્રદેશ છે. આજે પણ આ કિલ્લા પાસે બસ જઇ શકતી નથી.[પ૩]

૪. <u>ભુજગઢ</u> :- કચ્છનું પાટનગર "આલમ પનાહ" નામના મજબૂત કિલ્લાથી રક્ષાયેલું હતું. આ ઉપરાંત ભુજીયા ડુંગર પર એક મજબૂત લશ્કરી કિલ્લો હતો. આથી ભુજનું દુશ્મનની સામે સુંદર રીતે રક્ષણ થઇ શકતું હતું. ભુજનો ગઢ ભારતભરમાં ખૂબજ પ્રસિધ્ધ હતો. આવા વિખ્યાત ગઢો છત્રીસ હતા જેમાં કચ્છના બે કિલ્લાઓનો સમાવેશ થઇ જતો.[પ૪]

પર. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૮૨.

પ૩. ગુજરાત ઇતિહાસ પરિષદના ભુજ અધિવેશન વખતે આયોજિત પ્રવાસમાં એક વખત તો કંથકોટને પડતું મૂકવામાં આવેલું. અમારી સાથે એવા કેટલાય કચ્છી સાથીઓ હતા કે જેમણે જીવનમાં પહેલી વાર કંથકોટના દર્શન કર્યાં હતાં.

પ૪. પરમારોના એક પ્રશસ્તિ ગીતમાં આ માહિતી છે. તેમાં ભુજ અને પાવરગઢનો આ રીતે ઉલ્લેખ કરાયો છે :-

..." ભ (ભૂ) જ ધઢ જાડેચા (જા) ; રાણ ધઢ સંખલા ;
જેસલ ધઢ ભાટી, પાવર ધઢ (કચ્છ) કાઠી " ...

૫. અંજાર બંદરનો કિલ્લો :- અંજાર દરિયાથી દૂર હોવાથી રાયધણયુગમાં તેનો વેપાર નજીકના તુણા બંદર મારફત ચાલતો. છતાંય પોટલેસ નોંધે છે તેમ, અંજારથી નજીકના સમુદ્ર કિનારે એક નવો ધક્કો તૈયાર કરાયો હતો. આથી અંજારનો વેપાર તુણા તથા આ નવા બંદરથી ચાલતો હતો. આ નવા અંજાર બંદર પર એક નાનકડો પણ મજબૂત કિલ્લો હતો. અંગ્રેજોને મન તેનું ઘણુંજ મહત્વ હતું. તેઓ માનતા હતા કે જો આ પ્રદેશનો કબજો મળી જાય તો જોડિયા, મોરબી અને મુંબઇ વચ્ચેનો સળંગ વ્યવહાર સ્થપાઇ જાય.

૬. અન્ય કિલ્લાઓ :- આ ઉપરાંત રાયધણ યુગમાં બંધડી, સીકરા, તેરા, છાડવાડા, વોંધ, ગઢડા, કીર્તિગઢ અને ભદ્રેસરના કિલ્લાઓ વિખ્યાત હતા. ગેઝેટિયરકાર નોંધે છે તેમ, ભદ્રેસરના કિલ્લાના પથ્થરો ઇ.સ. ૧૮૧૦ માં મુન્દ્રાનું નવું બંદર બાંધવા માટે વપરાયા હતા. [૫૫]

૭. ગઢડીઓ :- ઉપરોક્ત કિલ્લાઓ ઉપરાંત બહુજ ઓછી લંબાઇ ધરાવતી નાની નાની એક કરતાં વધારે બુરજવાળી ગઢડીઓ કચ્છમાં ઠેર ઠેર હતી. કેપ્ટન ડેવીડ સેટનના નોંધ્યા પ્રમાણે, "સરદારો ટેકરીઓ પર "ચીગ" નામના કિલ્લાઓનો કબજો ધરાવે છે. આવા કિલ્લાઓ સમગ્ર કચ્છમાં પથરાયેલા પડયા છે. માંડવીની પાસે લાયજા નામના ગામથી આવા કિલ્લાઓ શરૂ થાય છે. જ્યારે ઉત્તરમાં તે છેક લખપત સુધી પહોંચે છે."

લશ્કરી ચોકીઓ :-

કચ્છમાં લશ્કરી ચોકીઓ દુશ્મનો તરફ ધ્યાન રાખતી. તથા દાણચોરી અટકાવવામાં મદદ કરતી હતી. કેપ્ટન સેટન નોંધે છે તેમ, કચ્છ રાજ્યના ચોકીના મુખ્ય મથકો માંડવી, લખપત અને રાપરમાં હતાં. આ ઉપરાંત જામનગર બાજુ કેટલીક ચોકીઓ આવેલી હતી જેમાં

૫૫ ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૫૮૬.

બેટની કચ્છીગઢની ચોકી અગત્યની હતી. આ બધામાં માંડવીની ચોકી સૌથી વધારે આવક કરતી હતી અને બીજાં નાકાની ખાધ તે પૂરી નાખતી. ૫૬

સંધિ લેખ :-

કોઇપણ કરાર કે સંધિ જાહેર કરતાં શાહીકુનસ બજાવવામાં આવતી. જો યુધ્ધ પછી સંધિ થઇ હોય તો સૈનિકોને વધારાનું ભથ્થું આપવામાં આવતું હતું. શાસકનું સંધિ કરનાર પક્ષ તરફથી સત્તર તોપો ફોડીને સ્વાગત થતું. કચ્છના મહારાવનું આવા પ્રસંગે સ્થળ પર આગમન થતું હોય તો તેની સાથે કેટલાયે ઘોડેસવારો અને પાયદળના સૈનિકો પગપાળા ચાલતા. અધિકારીઓ, ઉંટ સવારો, હાથીઓ, નગારૂં, નિશાન, નોબત, ધ્વજ, યુધ્ધનો ખાસ વાવટો અને શરણાઇ પણ સાથે રહેતાં હતાં. ૫૭

એ વખતની ગુજરાતી ભાષામાં લખાતા સામાન્ય લેખોમાં જો "પટેલ" લખવું હોય તો "પાં" લખવામાં આવતું. એજ રીતે વેપારી, વાણિયા કે મુત્સદ્દીઓના નામ આગળ "માં" શબ્દ બાંધતા. માં નો અર્થ મહાશય કે મહારાજ થતો.

અઘાટ હમીરાવાર :-

કચ્છમાં અઘાટનાં એટલે કે કુલ હક્ક સાથેનાં ખતો લખાય છે ત્યારે તેમાં હમીરનીવાર અર્થાત અઘાટ હમીરાવાર લખાય છે. તેમાં આવતો હમીર, ખેંગારજી પ્રથમનો પિતા હોવાનો સંભવ છે.

સામંતો :-

રાયધણયુગીન કચ્છનું તંત્ર શામંતશાહી પ્રકારનું હતું. મુખ્ય સામંતો

૫૬. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૫૫, પૃષ્ઠ-૮૮૭.
૫૭. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ઠ-૩૬૨.

માં મહારાવના સંબંધીઓ-કુટુંબીઓનો સમાવેશ થતો હતો. તેઓને ભાયાત તરીકે ઓળખવામાં આવતા હતા. આ ઉપરાંત વાઘેલા જેવા અન્ય રજપૂતો પણ સામંતના અધિકારો ભોગવતા. તેઓ મહારાવના સંબંધીઓ હતા. પાટનગર ભુજ તળ કચ્છની વચ્ચે આવેલું હોવાથી જાડેજા ભાયાતો પર પ્રત્યક્ષ નજર રાખવાનું સરળ હતું. પરંતુ વાગડનો પ્રદેશ ભુજ થી દૂર હોવાથી તેમના સામંતો પર પ્રત્યક્ષ નજર રાખવાનું સરળ નહોતું. આ પ્રદેશના સામંતો મુખ્યત્વે વાઘેલાઓ હતા. રાયધણજીના વખતમાં વાગડ લગભગ સ્વતંત્ર જેવું હતું. વાગડમાં એ વખતે કચ્છની આજુબાજુના પ્રદેશના ચોર તથા લુટારાઓ સામંતોના સહકારથી ભરાઇ રહેતા હતા.

આ સામંતો પર વ્યવહારમાં કોઇનું પ્રત્યક્ષ બંધન નહોતું. બધી સત્તા તેમના હાથમાં હતી. તેઓ ઇંગ્લેન્ડના "ફયુડલબેરનો" ને ઘણે અંશે મળતા આવતા હતા. તેથી શ્રીમતી પોસ્ટન્સ કચ્છની આ સામંતશાહી પધ્ધતિને ઇંગ્લેન્ડના નોર્મન યુગની સામંતશાહી સાથે સરખાવે છે. તેમના મતે, "કચ્છના તમામ પ્રદેશપર મહારાવ અંતિમ કાબૂ ધરાવે છે અને મુદત થી ભોગવટો જાડેજા ભાયાતો તથા ઠાકોરો કરે છે. નોર્મનયુગમાં બ્રિટનમાં જેવી ઉમરાવોની સ્થિતિ હતી તેવીજ સ્થિતિ કચ્છમાં ભાયાતો ની હતી. ઉમરાવોની માફક જ આ જાડેજા મુખીઓ કેટલાક વિશેષાધિકારો ધરાવતા હતા. મહારાવ વિનંતી કરે ત્યારે તેઓ લશ્કરી મદદ આપવા માટે બંધાયેલા હતા. જો તેઓ આ શરતોનો ભંગ કરે તો પોતાના પ્રદેશ પરના તમામ અધિકારો ગુમાવતા."[૫૮]

શ્રી. એ.જી. શેઠ નોંધે છે તેમ આ સામંતોનો ઉપરી ભુજનો મહારાવ હતો. તેથી મહારાવને તેઓ લડાઇમાં મદદ કરવા માટે બંધાયેલા હતા. મૂળ તો આ બધા સામંતોનું કામ શત્રુ સામે પ્રદેશનું રક્ષણ કરવાનું હતું. પણ પાછળથી બીજાં રાજ્યો પર હુમલા કરવાની મહારાવના લશ્કરમાં નોકરી કરી હતી. તે સિવાય ભાયાતોમાં તકરાર થતી તો તેઓ માનની

---

૫૮. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ- ૪૬ ની પાદનોંધ.

ખાતર પોતાના કુટુંબના મૂળ પુરૂષ પાસે નિકાલ કરાવતા. બાકી મહારાવ કે ગરાસિયાઓની અંદરો અંદરની ગ્રાસ સંબંધી તકરારમાં વચ્ચે પડી શકતા નહીં. કોઇપણ ગરાસિયો પોતાના કુટુંબના મુખ્ય પુરૂષને ખંડણી કે વેરો આપતો નહિ. તથા કોઇ ઠાકોર મહારાવને વેરો કે ખંડણી કશુંય આપતા નહિ.[૫૯]

મહારાવની કેટલીક સત્તાઓ વિશે કેપ્ટન રેઇક્સ નોંધે છે કે, "સામંતો તેમના સાર્વભૌમ માલિકને કશુંય આપતા નથી. પરંતુ લગ્ન જેવા પ્રસંગોએ તેમને ભુજ દરબારમાં કેટલીક ભેટ સોગાદો મોકલવી પડે છે. ચોરી ઝગડા જેવી બાબતોનો તેઓ પોતાની જાગીરમાં નિકાલ લાવે છે. ખૂન જેવા ગંભિર મુકદ્દમાઓ સિવાય બીજી કોઇ બાબતોમાં કેન્દ્ર હસ્તક્ષેપ કરતું નથી."[૬૦] તેને સમર્થન આપતાં કર્નલ ટોડ નોંધે છે કે, "મહારાવ જ્યારે ગાદીનશીન થાય છે ત્યારે તથા પોતાના લગ્ન પ્રસંગે અને પોતાને ત્યાં કુંવરના જન્મ પ્રસંગેજ નઝરાણા માગવાનો તેમને હક્ક છે."[૬૧]

આ ઉપરાંત કર્નલ ટોડની નોંધ મુજબ મહારાવ સામંતોને કાયદેસર ભુજ બોલાવી શકતા. તેમના આ હક્કને "ખેર" તરીકે ઓળખવામાં આવતો હતો.[૬૨] તેમની સામાન્ય સ્થિતિ અને સત્તાઓ વિશે ઇ.સ. ૧૮૦૩ માં કેપ્ટન સેટન નોંધે છે કે, "કચ્છની સરકાર વંશાનુગત છે. આખો દેશ લશ્કરી સરદારોનો હોવાને લીધે તેઓ જમીન મહેસૂલ, વેપાર અને ભુજના રાજકારણમાં માથું મારતા નથી. પણ આ બધું ભાયાતો પર છોડવામાં આવે છે. આ ભાયાતો મુસલમાનોને સિપાઇઓ તથા જમાદારો તરીકે નોકરીમાં રાખે છે. તેઓ પોલીસની કામગીરી તથા જમીન મહેસૂલ

---

૫૯. કચ્છવૃતાંત, પૃષ્ટ-૮૭.
૬૦. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં.-૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૭૪.
૬૧. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૨૦૧.
૬૨. પશ્ચિમ ભારતકી યાત્રા, પૃષ્ટ-૭૫.

ઉધરાવે છે."[૬૩]

ભાયાતોની આ બધી લાયકાતો ૧૮૦૯ સુધીજ કામ કરી શકી હતી. પાછળથી તેમનું વહીવટી દૃષ્ટિએ અવલોકન કરતાં શ્રી. વિલિયમ્સ ને તેઓ રાજ વહીવટમાં ભાગ લઇ શકે તેવી લાયકાત ધરાવતા દેખાતા નહિ. એટલું જ નહિ પણ તેવા કામમાં તેમને બિલ્કુલ રસ પણ નહોતો. આ બધી ગંભિર ભૂલો બ્રિટિશ દરમ્યાનગીરીને જ આભારી હતી. કચ્છની રાજકીય ઉત્ક્રાંતિનો સ્વાભાવિકક્રમ મહારાવ રાયધણજીની ઘેલછા અને તેમના પુત્રના સ્વછંદી વર્તનને લીધે અટકવા પામ્યો તે પહેલાં જે માર્ગે વહી રહ્યો હતો તે માર્ગને બ્રિટિશરોએ ફેરવી નાંખ્યો હતો.[૬૪]

મુખ્ય સામંતો :-

લેફટનંન્ટ એસ. એ. રેઇક્સના મતે તેરા, રોહા, કોઠારા, કોટડી, નાગ્રેચા, વિંઝાણ, સિંધાણ, મોઠારા, મહોવ, નલિયા, નળા અને મોટીપુમ ના ભાયાતો ઘણાજ મહત્વનાં હતા. કર્નલ વોકર નાગ્રેચાના કેસરજીને આ બધામાં ઘણા શક્તિશાળી ગણે છે. જ્યારે બીજા ક્રમમાં હંસરાજ અને ફતેહમહમદ બન્ને સાથે સારા સબંધો રાખતા રોહાના વિજયરાજજી આવતા હતા. ત્રીજા વિંઝાણના હેમસંગજી હતા એજ રીતે કોઠારાના કલેયાજી ઉપયોગિતાની દૃષ્ટિએ ઘણાજ અગ્રેસર હતા. તેરાના દેવાજી તથા મોટારાના નલિયાજી પણ મહત્વના સામંત હતા.[૬૫]

સામંતોના વારસનો પ્રશ્ન :-

સામંત, સરદાર કે ભાયાતનું મરણ થાય તો મહારાવ તેના વારસને તલવાર તથા અબીલ ગુલાલ આપતા હતા. તેને પોતાની જાગીર ની સનદ આ વખતેજ અપાતી પણ આપતી વખતે થોડી જમીન ઓછી કરી

---

૬૩. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૭૪.
૬૪. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૨૨૫.
૬૫. સિક્રેટ એન્ડ પોલીટીકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૩૨, પૃષ્ટ-૫૪૮૪ થી ૫૪૮૫.

લેવામાં આવતી. આ વિધિને ચૂડા ઉતાર પટ્ટા તરીકે ઓળખવામાં આવતી હતી. જેમ્સ ટોડને એમ કહેવામાં આવેલું કે, "કચ્છ દરબારને કાંઇ નઝરાણું આપ્યા વગર જાગીરદાર પોતાના પૂર્વજની ગાદીએ બેસતો."[૬૬]

જનતા સાથેના વર્તાવમાં મહારાવ કરતાં સામંતો ઘણા સારા હતા એમ કેપ્ટન મેકમુર્ડોની નોંધ પરથી લાગે છે. તેના નોંધવા મુજબ, "ઠાકોરોના મજૂરો નાશી જતા તો ઠાકોરો તેમને સમજાવીને કામ લેતા હતા. પણ મહારાવ તો પોતાની રૈયતને જો તે કહ્યું ન કરેતો તેમને દયા વિના દંડ કરીને લૂંટી લેતો."[૬૭] રાયધણના ઘેલછાભર્યાં કૃત્યોનો આમાં નિર્દેશ કરાયો છે.

જાહેર આરોગ્ય :-

ભારતના બીજા ભાગોની માફક આખાય કચ્છમાં ખાનગી ઢબે આયુર્વેદિક પદ્ધતિની દવાઓ થતી હતી. મુસલમાનોની યુનાની-હકીમી પ્રણાલિ કચ્છમાં પ્રચલિત થઇ હોય તેમ દેખાતું નથી. સામાન્ય રોગોમાં તો "ટૂચકાં" નો આશ્રય લેવામાં આવતો હતો. જેવાંકે, ઝાડો નાખવો, નજર બાંધવી, કાપડું બાંધવું, દોરો મંત્રાવવો, ઓકણું ઉતરાવવું, ગોળ માનવો વગેરે. સાધુઓ પણ વૈદ્યોનું કામ કરતા હતા.

લોકોને રોગના સાચા કારણની ખબર નહોતી તેથી કોગળિયું, શિતળા, રોળિયું, વગેરે રોગોને દેવનો કોપ માની લેતા અને બાધા તથા માનતાઓથી તેનો ઉપચાર કરવાનો પ્રયત્ન કરતા. રાયધણયુગમાં રાયધણની માતાની સારવાર કરવા માટે મુંબઇથી એક અંગ્રેજ ડોક્ટરને બોલાવવામાં આવેલા. જો કે તેની દવાથી રાજમાતા બચી શક્યાં નહોતાં.

---

૬૬. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૨૦૧.
૬૭. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ પાંચમું, પૃષ્ટ-૧૬૦.

નગર વહીવટ :-

રાયધણયુગમાં નગરોનો વહીવટ કઇ રીતે થતો એની માહિતી ઓછી મળે છે. ભુજની કોટવાલી, ચિઠ્ઠી ખાતું, કોઠાર, ધોડાર, ખેતિ અને જકાત જેવા વિષયો કચ્છનું મહેસૂલ ખાતું સંભાળતું.[६८] આ પર થી એટલું માની શકાય કે કાયદો અને વ્યવસ્થા જેવા પ્રશ્નો માટે સ્થાનિક સ્વરાજ્ય જેવું કોઇ તંત્ર હશે. કેટલાંક નગરોનો વહિવટ સુંદર ચાલતો.

૧. ભુજ :- ભુજ સમગ્ર કચ્છની પાટનગરી હતી. તેથી તેમાં વહીવટી વ્યવસ્થા બીજાં શહેરો કરતાં વધારે વ્યવસ્થિત હોય તે સ્વાભાવિક છે. ભુજમાં મહારાવ અને તેના કામદાર વસતા હતા. એટલે તેમની હાજરીની પણ અસર નગર વહીવટમાં વરતાતી હતી.

૨. માંડવી :- માંડવી કચ્છનું મોટામાં મોટું શહેર હતું. મેક-મુર્ડો માંડવીની વસ્તિ ૫૦,૦૦૦ ની જણાવે છે.[૬૯] જ્યારે એ પછી કચ્છ માં આવેલ કર્નલ જેમ્સ ટોડ માંડવીમાં પાંચ હજાર ઘર તથા વીસહજાર માણસો હતાં તેમ નોંધે છે.[૭૦] રાયધણજીના સમયમાં માંડવીને સારા અને શક્તિશાળી સૂબા મળયા હતા. વળી રાયધણના ત્રાસથી માંડવી મૂક્ત હોવાને લીધે તેની વસ્તિ અને આબાદીનું પ્રમાણ સારૂં હતું.

માંડવીનો વહીવટ અલગ સૂબા મારફત થતો. ઇ. સ. ૧૭૮૪ માં જ્યારે રાયધણ માંડવીમાં પોતાનો ઇસ્લામિ વાવટો ફરકાવવા આવ્યા ત્યારે તે રામજી ખવાસ પાસે હતું. જો કે રામજી ખવાસે આ પછી તરતજ માંડવી ખોયું અને બે વર્ષ પછી નિયમિત ખંડણી ભરવાની શરતે ભુજની સરકારે તે ફરીને રામજીને સોંપ્યું. પણ તેણે ખંડણી ન ભરતાં વેપારીઓએ તે ફતેહમહમદને હવાલે કર્યું. પછી તરત તે હંસરાજના હસ્તક આવ્યું. તેના

---

૬૮. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૩૯૯.
૬૯. કચ્છનું વેપાર તંત્ર, પૃષ્ટ-૧૪.
૭૦. ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૪૫૨ અને ૪૫૩.

મરણ પછી તેના ભાઇ ટોકરશી અને ત્યારબાદ હંસરાજના પુત્ર શિવરાજ પાસે માંડવીનો હવાલો રહ્યો. રાયધણના મરણ સુધી માંડવીની આ સ્થિતિ હતી.[૭૧]

માંડવીને મસ્કા કહેતા હતા.[૭૨] મસ્કા નામના મોટા ગામ પરથી તેને મસ્કા કે મુન્ડી કહેતા હોય તે સંભવિત છે. આ ઉપરાંત માંડવી નામ પડવા માટે બીજો પણ એક મત છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મગફળીને "માંડવી" કહેવામાં આવે છે. કચ્છના માંડવી બંદરે મગફળી ઉતરતી તેથી આ નામ મળ્યું એમ એક સૌરાષ્ટ્રના વિદ્વાને ડૉ. સાંડેસરાને કહેલું.[૭૩] ડૉ. બુહલર તથા ભાંડારકર ચાલુક્ય યુગમાં જકાતઘર માટે "મંડપિકા" શબ્દ આપે છે તેથી માંડવીમાં આવું જકાત ઘર એટલે "મંડપિકા" તેના દરિયાઇ મહત્વને લીધે વર્ષોથી હતી. ક્રમશઃ તેનું નામ અપભ્રંશ થઇને માંડવી પડી ગયું. દક્ષિણ ગુજરાતમાં પણ આવુંજ મહત્વ ધરાવતું માંડવી નગર છે. એટલું જ નહિ પણ રાધનપુરના બાબી રાજ્યમાં પણ સરહદ પર માંડવી નામનું ગામ છે, ત્યાં પણ જકાત લેવામાં આવતી હતી.

માંડવીનું વેપારી મહત્વ વિશેષ સ હતું. શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે કે, "બંદરની ખાડી એક માઇલ લાંબી છે. જેમાં અસંખ્ય વહાણો ભરેલાં છે. બંદરની બહાર ગાડાંઓ ઉભાં છે જે માલને બંદર પરથી લઇ જાય છે."[૭૪] શ્રી. સંપટ નોંધે છે કે, ગોડજીના વખતમાં માંડવીના વેપારીઓ પાસે ૪૦૦ વહાણો હતાં. જ્યારે ઇ. સ. ૧૭૮૦ માં એટલે કે રાયધણજીના યુગમાં કચ્છના ધનિક વેપારીઓની માલિકીનાં ચારસોથી ઓછાં નહિ તેટલાં જહાજો હતાં.[૭૫] સ્વાભાવિક છે કે આટલાં જહાજ

---

૭૧. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૬૧૧ અને ૬૧૨.
૭૨. કચ્છ ટાઇમ્સ, ઇ. સ. ૧૯૪૮ ની ફાઇલ.
૭૩. શબ્દ અને અર્થ, પૃષ્ટ-૧૩૯.
૭૪. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૦.
૭૫. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યુમ પાંચમું, પૃષ્ટ-૨૩૯.

વાળા વેપારીઓ સરકારને પણ ખૂબ કમાવી આપતા હશે. કેપ્ટન સેટનની નોંધ પ્રમાણે ઇ. સ. ૧૮૦૩ ની માંડવીની જકાત નવ લાખ કોરીની હતી અને જમીન મહેસૂલ ત્રણ લાખ કોરી આવતું હતું.[૭૬]

રાયધણના મૃત્યુ વખતે એટલે કે, ઇ. સ. ૧૮૧૩ માં માંડવી કેવું હતું તેની એક વિદેશી નોંધ મળી છે. આ નોંધ મુજબ, "મડી-માંડવી-વિશાળ અને કિલ્લેબંધીવાળું શહેર છે. ઘરોનો આકાર જુદો જુદો છે. મોટા ભાગના ઘરો તાડપત્રી-સાદડી અને બાવળના લાકડાંના બનેલાં છે. આ માંડવીના વેપારીઓ મુંબઇ માંથી બ્રિટિશ પેઢીઓ સાથે નોંધપાત્ર અને અગત્યનો વેપાર કરે છે. બ્રિટિશ પેઢીઓના કેટલાય પ્રતિનિધિઓ માંડવીમાં રહે છે. માંડવીમાં ઇરાની અખાતનાં દેશોનાં વેપારીઓ પણ ધીખતો વેપાર ચલાવે છે."[૭૭]

૩. લખપત :- રાયધણજીના રાજ્યારોહણ વખતે લખપત એક મહત્વ વિનાનું ગામડું હતું. પરંતુ તે પછી ફતેહમહમદે તેનો સારો વિકાસ કર્યો અને કિલ્લેબંધી કરી. તેણે ત્રણ ગણતરીઓ ધ્યાનમાં રાખીને લખપતનો વિકાસ કર્યો. એક તો તેનું વ્યૂહાત્મક મહત્વ, બીજું કચ્છનો વેપાર વધારવાની શક્યતા અને ત્રીજું સિંધ પરથી આવતાં આક્રમણોને ખાળવાં. આને લીધેજ તેણે લખપતને મોટું તથા વસ્તિવાળું બનાવવાની એક પણ તક જતી ન કરી તેથી હેમિલ્ટન પણ આજ યુગની માહિતીને આધારે તેની વસ્તિ ૨૦૦૦ ની ગણાવે છે. જેમાં ૫૦૦ તો સિપાઇઓ હતા. વળી તે નાના વેપારનું મથક હતું. અહીંથી માંડવી જતા માર્ગનું તે મહત્વનું નગર હતું. ઓગસ્ટમાં અહીંથી સપાટ તળિયાં વાળી હોડીઓ મારફત અલી-બંદર જવાતું.[૭૮] આમ હેમિલ્ટન ફતેહમહમદે કઇ રીતનો ધીમે ધીમે પણ મક્કમ વિકાસ લખપતનો કર્યો તેની ઝાંખી કરાવી જાય છે.

ઇ. સ. ૧૮૦૩ માં સિંધ સાથેનો વેપાર તથા ફટકડીની નિકાસ

---

૭૬. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૪, પૃષ્ટ-૧૯૪.
૭૭. બોમ્બે ગવર્નમેન્ટ સિલેક્શન, નં. -૧૫, ન્યુ સીરીઝ, પૃષ્ટ-૨૨૫.
૭૮. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૯૭.

માંથી લખપત કુલ બારલાખ કોરી કમાવી દેતું હતું. મેકમુર્ડોએ જ્યારે લખપતની મુલાકાત નહોતી લીધી ત્યારે તે તેને કચ્છના બીજા નંબરના ધીખતા બંદર તરીકે ઓળખાવે છે.[૭૯] પહેલો નંબર માંડવીનો હતો. પરંતુ પાછળથી જ્યારે તેણે તે નજરોનજર જોયું ત્યારે તેને તેની વાર્ષિક ઉપજ રૂા. ૬,૦૦૦- ની જ દેખાઇ હતી. અને વસ્તી ૧૫,૦૦૦ જેટલી થઇ ગઇ હતી.[૮૦] આ પરથી લાગે છે કે, લખપતનો વિકાસ પાછળથી અટકી ગયો હતો.

ગામડાં :-

કચ્છમાં ગામડાંની સંખ્યા વધારે હતી. રાયધણના મરણ પછી એક વર્ષે એટલે કે નવેમ્બર ઇ.સ. ૧૮૧૪ માં એક ગામડા પાસે નંખાયેલ લશ્કરી છાવણીનો વડો નોંધે છે કે, "અમારી છાવણી પાસેનું નાનકડું ગામ ચારે બાજુ કાંટાવાળી વાડથી વિંટળાયેલું હતું. ગામમાં નાનકડું મંદિર હતું. ગામનો વિસ્તાર જોતાં વસ્તિનું પ્રમાણ ઘણું ગીચ હતું. વાડની અંદરની બાજુએ ઉભા રહીને લોકો અમને જોતા હતા. અને જોઇને એક ઘરથી બીજા ઘર તરફ દોડતા હતા. ચાર્લ્સ અને બીજા કેટલાક લશ્કરના માણસો ગામમાં પ્રવેશ્યા ત્યારે કેટલીક જીજ્ઞાસાઓ વધારે ઉદભવી." ગામની અંદર એક મુખી કે પોલીસ પટેલ જેવી કોઇ વ્યવસ્થા હતી. ઉપરોક્તનોંધમાં જણાવાયું છે કે, "ચાર્લ્સે એક ખૂબજ માનનીય માણસને મળ્યો. તે વૃધ્ધ અને લાંબી સફેદ દાઢીવાળો પુરૂષ હતો."

કચ્છમાં આતિથ્યની ભાવના ગામડાઓમાં વર્ષોથી હતી તેની પ્રતિતિ પણ આ અંગ્રેજ લશ્કરી અફસરોને થઇ. આ મુખીએ તેમને પોતાના ગામમાં આવકાર્યા અને તેમને ઘોડા ઉપરથી ઉતરી, આણી લાવેલા ખાટલામાં આરામ કરવાની વિનંતી કરી. આ વખતે લુટારાઓનો કેવો ત્રાસ હતો તેનો ખ્યાલ પણ આવે છે. પેલા મુખીએ આ અંગ્રેજ

---

૭૯. કચ્છનું વેપારતંત્ર, પૃષ્ટ-૧૪.
૮૦. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ ૫ મું, પૃષ્ટ-૨૧૬.

અફસરોને એક ચોકિયાત ગામમાં મૂકવા માટે વિનંતી કરી. મુખીએ જણાવ્યું કે, તમારૂં આગમન, જો તેઓ લુટારાઓનો નાશ કરશે તો અમને દુઃખના દરિયા માંથી છૂટકારો અપાવનારૂં બની રહેશે. તેણે કહ્યું, "સાહેબ, ફસલ લણીને સુખી થવાની આશાએ અમો અનાજ વાવીએ છીએ. પરંતુ જ્યારે અમારાં ખેતરોમાં અનાજ તૈયાર થાય છે અને લણવાનો વિચાર કરીએ છીએ ત્યારેજ લુટારાઓ આવે છે. અમારી ફસલ કાપી નાખે છે, દૂર દૂર તેમના પ્રદેશમાં લઇ જાય છે અને અમને ભૂખમરાના પંજામાં છોડી દે છે."[૮૧] આ ઉપરથી રાયધણયુગના અંત સમયે ગામડાંઓમાં લુંટારાઓનો કેવો ત્રાસ હશે તેનો ખ્યાલ આવે છે. ટૂંકમાં ગામડાઓને વહીવટી તંત્રે સવાંશે અરક્ષિત છોડયાં હતાં. અલબત્ત કોઇ વખત સિપાઇઓની ટુકડીઓ ગામોનું રક્ષણ કરવા આવતી ખરી પણ ત્યારે લુંટારાઓ આવતા નહિ.

અંજાર તરફ કૂચ કરતા અંગ્રેજોના એક લશ્કરે કટારિયા નામના ગામ પાસે પોતાની છાવણી નાખી. તેની બાજુમાં જ કોઇ મોટા નગરના વિનાશનો કાટમાળ તથા અવશેષ દેખાતા હતા. લગભગ દરેક અંગ્રેજ લેખકો પોતાના કચ્છ પ્રવાસ દરમ્યાન આવા કેટલાય ગામોના નાશનો ઉલ્લેખ કરે છે. તે પરથી એવું લાગે છે કે, રાયધણયુગનાં અંતિમ વર્ષોમાં પ્લેગ અને દુષ્કાળને લીધે કચ્છપર જે આફતો આવી અને વસ્તિ એક તૃતિયાંશ ભાગની રહી ગઇ તેને લીધે આવાં ગામોનાં ગામો ઉજ્જડ થઇ ગયાં હતાં. કટારિયા ગામમાં એ વખતે ૧૦૦ ઘરો હતાં. તેના લોકો વધારે ચપળ અને ઉદ્યમિ દેખાતા હતા. નાનકડું ગામ હોવા છતાં તેની ચારે બાજુ વજનદાર પથ્થરોની કિલ્લા જેવી મજબૂત દીવાલ હતી. અને નીચી ભીંતવાળા બુરજો પણ હતા. જો કે આ કિલ્લો લગભગ જર્જરિત હાલતમાં હતો. તેની ચારે દિશાએ જૂના ગામના અવશેષો દેખાતા હતા. આ અવશેષોમાં સુંદર રીતે બાંધવામાં આવેલાં ત્રણ માળનાં મકાનો હતાં. તેમને છાપરૂં હતું નહિ તેથી બારીઓ વગરનાં ભૂતાવળ જેવાં ભાસતાં હતાં. આવાં કેટલાંય મકાનોની દીવાલોનો ઉપયોગ ગરીબ માણસો ઘાસનું

---

૮૧. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ–૩૫૨.

છાપરૂં નાખીને રહેવા માટે કરતાં હતાં.

કચ્છનો દક્ષિણ પ્રાચ્ય પ્રદેશ હંમેશાં લાંબા સમય સુધી મોરવી અને ફતેહમહમદ વચ્ચેના સમરાંગણરૂપ રહ્યો હતો. તેથી તેને ખૂબ સોષવું પડ્યું હતું. માળિયાની દુશ્મનાવટનો પણ ભોગ આ પ્રદેશ થયો હતો અને સૌરાષ્ટ્રના તથા કચ્છના દરેક દુષ્કાળની અસર આ પ્રદેશ પર થતી હતી.[૮૨] રાયધણયુગમાં સુથરી ગામનું મહત્વ વધારે હતું. હેમિલ્ટન નોંધે છે તેમ, માંડવીથી લખપત જતાં કચ્છના અખાત પર તે આવેલું હતું. તેની આજુબાજુ નાનકડો મજબૂત કિલ્લો હતો અને તેનો પ્રદેશ સારી રીતે ખેડાતો હતો.[૮૩]

ગેઝેટિયરકાર નોંધે છે એ મુજબ, "ઇ.સ. ૧૮૧૯ ના ધરતીકંપ પહેલાં કચ્છમાં લગભગ દરેક ગામડાંને ગઢ હતો. ત્યારે કેટલાંક ગઢ વિનાના ગામડાંને કાંટાની વાડ રહેતી. આ વાડનો દરવાજો લાકડાનો રહેતો. કેટલાંક ગામોમાં કોઠા તરીકે ઓળખાતી ઉંચી ચોકીઓ હતી. ગામમાં પેસતાંજ મેઘવાળ, પિંજારા અને કુંભારોનાં ઘર આવતાં. ઉપરાંત ખેતી ન કરતી હલકી કોમો પણ ગામમાં રહેતી હતી. મોટાં ગામોમાં વાણંદ, દરજી, સુથાર, લુહાર અને ખેડૂતો રહેતા. ગામની વચ્ચેનાં ભાગ માં દુકાનદારો, બ્રાહ્મણ, પૂજારી, અતિત અને ગોરજી રહેતા. ગામના ઝાંપા-દરવાજા બહાર હનુમાનજીની મૂર્તિ હતી. આ મૂર્તિ એક આકાર વગરના પથ્થરને કોતર્યા વગર સિંદુર લગાવીને બનાવી હતી. આ ઉપરાંત ગામને ગોંદરે મહાદેવનું એક મંદિર રહેતું હતું. જ્યારે ગામના તળાવની બાજુમાં શિતળા માતાનું સ્થાનક હતું. વળી રામ અને કૃષ્ણના મંદિરો મોટાં ગામોમાં હતાં. કોઇ ગામમાં મસ્જિદ પણ દેખાતી."[૮૪]

આ ઉપરાંત રાયણ અને ખેડોઇ જેવાં રાયધણયુગનાં મહત્વનાં ગામો હતાં. રાયણને રાવખેંગારજી પહેલાએ બાગચંદ નામના એક ચારણને દાનમાં

---

૮૨. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૩.
૮૩. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૯૬.
૮૪. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યુમ પાંચમું, પૃષ્ટ-૧૦૧.

આપેલું. જેના વારસો રાયધણયુગમાં પણ આ ગામ ભોગવતા હતા.[૮૫] રાયણ બહુજ પ્રાચિન ગામ હતું. ત્યાંથી જૂની ઈંટો તથા ગધેયા સિક્કાઓ મળતા હતા, તેથી લગભગ તમામ વિદેશી મુસાફરો તેની મુલાકાત લેતા હતા. ખેડોઇ ગામને હમીરજીએ એક લંઘાને તેણે દૂધ આપેલું, તેથી ઇનામ આપેલ. આ ગામ પણ તેના વારસો ભોગવતા હતા. બન્નીના ગામડાંઓને "વાંઢ" કે "ઝીલ્લ" તરીકે ઓળખવામાં આવતાં હતાં. જ્યારે મકાનોને "જુંગા" તરીકે ઓળખતા.[૮૬] આ સિવાય બીજાં પણ કેટલાંક અગત્યનાં ગામોનો ઉલ્લેખ હેમિલ્ટન કરે છે. તેમાં વિરગામ, મેર, ઉમરસર, કેયારી, ઝારા, તેરા, કુકમા, રાપુર, રતનાલ, લોડાણી, આડેસર, વાંઢિયા, ચિત્રોડ, કટારિયા, બેલા વગેરેનો સમાવેશ થતો.[૮૭]

વિદેશ નીતિ :-

કચ્છની સરહદને ઘણા દેશો સ્પર્શતા હતા. ઉત્તરે સિંધ, પૂર્વે ઉત્તર ગુજરાતનાં રજવાડાં અને દક્ષિણે ઉત્તર સૌરાષ્ટ્રના નવાનગર, મોરબી, માળિયા જેવાં જાડેજા રાજ્યો હતાં. રાયધણયુગીન કચ્છે તેમની સાથે કૂટ નૈતિક સંબંધો વિકસાવ્યા હતા.

મોગલ સમ્રાટની જાહોજલાલીના યુગમાં કચ્છનો પ્રતિનિધિ-વકીલ દિલ્હીમાં જતો હતો. એજ રીતે કાબૂલમાં પણ પ્રસંગોપાત આવા પ્રતિનિધિઓ મોકલવામાં આવતા. વિદેશ નીતિને લગતી કામગીરી માટે જે અધિકારીઓ નિમવામાં આવતા હતા તેમનું કામ ઘણું કઠીન હતું, તેથી કચ્છમાં રાજ્ય તરફથી ચાંદીની દવાત જેને મુત્સદ્દીપણાની નોકરી અથવા મહેતાગીરીનું કામ સોંપવામાં આવતું, તેમને આપવાનો શિરસ્તો હતો. આ દવાતના મુખ્ય છેડા ઉપર ખડિયો અને લાંબું કલમદાન રાખવામાં આવતું. જ્યારે લખવું હોય ત્યારે તેનો ઉપયોગ કરી શકાય એટલા

---

૮૫. ધી ઇન્ડિયન એન્ટીક્વરીઝ, વોલ્યૂમ બીજું, ભાગ-૧૦, પૃષ્ટ-૪૮.
૮૬. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૫૮૫.
૮૭. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૯૬ થી ૬૦૩.

માટે કમર પર ભેઠ બાંધીને તેની અંદર આ દવાત રાખવાનો રિવાજ હતો. કલમદાનમાં કાગળોનો વીંટલો રાખી શકાતો.[૮૮]

અત્યારની માફક રાયધણયુગમાં વિદેશોમાં અરસપરસ એલચી ખાતાંઓ નહોતાં. પરંતુ રાજધાનિમાં કેટલાક દેશો પોતાના એજન્ટો ઉર્ફે વકીલો નિમતા હતા. ભૂજમાં સિંધનો આવો ગોપાળદાસ નામનો વકીલ હતો. જ્યારે જેમ્સ બર્નસને સિંધ જવાનું થયું ત્યારે તે સાથે હતો.[૮૯]

એક પ્રસંગ પરથી તે વખતના વિદેશગમનને લગતા કેટલાક નિયમોનો ખ્યાલ આવે છે. જેમ્સ બર્ન્સ અને ગોપાળદાસ લખપત આવ્યા પછી ગોપાળદાસે કહ્યું કે, જ્યાં સુધી સિંધની સરકારની મંજૂરી નહિ આવે ત્યાં સુધી આગળ વધાશે નહિ. આમ અત્યારની ભાષામાં કહીએ તો સરહદ પર તેઓ "વિસા" મેળવવા રોકાયા હતા અને તે આવ્યા પછી જ આગળ વધાતું હતું.

આ ઉપરાંત રાયધણ યુગમાં અંગ્રેજો પણ કચ્છમાં આવતા થઇ ગયા હતા. કેપ્ટન સેટન, કેપ્ટન જેમ્સ મેકમુર્ડો, કર્નલ મોન્ટ ગોમરી અને કેપ્ટન ગ્રીનવુડે કચ્છની ભૂમિ પર પ્રવેશ કર્યો હતો. તેમનાં પ્રતિનિધિ મંડળો બ્રિટિશ સરકારની વિદેશ નીતિના એક ભાગ રૂપેજ આવેલાં હતાં. વળી માંડવીમાં હંસરાજની ઉદાર નીતિને લીધે અંગ્રેજોનું લશ્કરી થાણું નખાઇ ગયું હતું. એ પહેલાં મુન્દ્રા અને માંડવીમાં લગભગ ૧૨૫ જેટલા કર્મચારી વર્ગ સાથે મૈસૂર રાજ્યની વેપારી કોઠીઓ કામ કરતી હતી. આરબ દેશનાં વેપારી પ્રતિનિધિઓ પણ માંડવી આવતા હતા.

કચ્છમાં પ્રવેશવા માટે કેટલીક જરૂરી વિધિઓ માંથી વિદેશીઓ નેપસાર થવું પડતું હતું તેમ લાગે છે. આ વિધિઓ પર ગવર્નર ઇન કાઉન્સિલ, મુંબઇની તા. ૨૪-૧૨-૧૮૦૨ ના રોજ મળેલી બેઠકમાં વંચાયેલ કેપ્ટન સેટનનો પત્ર પણ પૂરતો પ્રકાશ પાડતો નથી. આ પત્રમાં

---

૮૮. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૬૦૬.
૮૯. એ નેરેટીવ ઓફ એ વીઝીટ ટુ ધી કોર્ટ ઓફ સિંધ, પૃષ્ટ-૫.

નોંધ્યા મુજબ, "મેં છેલ્લે સુરત છોડયું ત્યારે આપને પત્ર લખેલો. એ પછી હું કચ્છ આવવા રવાના થયો. ૧૩ મી તારીખે અહીંયા આવી ગયો છું. હું આવ્યો કે તરતજ સુંદરજી મારા કચ્છ પ્રવેશની કેટલીક વિધિઓ પતાવવા માટે મારી પાસે આવી ગયા હતા. આ વિધિઓ અહીંના સૂબા સાથે સંબંધિત હતી. અત્યારે માંડવીનો સૂબો હંસરાજનો ભાઇ છે. બે દિવસ મારે જહાજમાં રહેવું પડયું. પછી ૧૫ મી તારીખે મને કચ્છની જમીન પર ઉતરવાની રજા મળી. મારે જે જગ્યાએ ઉતરવાનું હતું ત્યાં મારું સ્વાગત કરવા માટે કામદાર આવ્યા હતા. કામદાર સાથે હું માંડવીનગર માંથી મારા તંબુએ ગયો."[૯૦]

આવા વિદેશી પ્રતિનિધિઓ કચ્છના પ્રાંતિક શાસકોને ભેટો આપતા હતા. કેપ્ટન સેટન મુંબઇના ગવર્નરને એક ગુપ્ત પત્રમાં જણાવે છે કે, "મેં હંસરાજને એક ૬૦ રૂપિયાની કિંમતનું ઘડિયાળ, ૬૪ રૂપિયાનું જાદુઇ દર્પણ, ૨૫ રૂપિયાની પિસ્તોલ, ૩૦ રૂપિયાના બે લેમ્પ અને ૪૨ રૂપિયાનાં છરી ચપ્પુ ભેટ આપ્યાં છે." આવી ભેટો મળ્યા પછી કેટલીક વસ્તુઓની માગણી પણ કરવામાં આવતી હતી. ઉપરોક્ત પત્ર પરથી જણાય છે કે, હંસરાજે પોતાને બે પિસ્તોલો મળે તેવી વિનંતી કરેલી. તેથી સેટને મુંબઇ સરકારને પિત્તળ અને ચાંદીની ધારવાળી પિસ્તોલ મોકલવાનું જણાવી દીધું હતું. આ ઉપરાંત સુંદરજીએ સેટનને કાપડ તથા રાયધણ માટે રૂા. ૨૦૦૦ ની કોઇ બીજી વસ્તુ મોકલવાની ભલામણ કરેલી. માંડવીમાં સેટન પાસે રાજાને આપવા યોગ્ય ૫૦૦ રૂપિયાની કિંમતની વસ્તુઓ હતી. પણ તે રાયધણને મોકલાવી શક્યો નહોતો.[૯૧] પરંતુ તેણે તા. ૫-૧-૧૮૦૩ ના રોજ સુંદરજીને ૧૦૦ રૂપિયાની કિંમતની એક પાઘડી ભેટ આપી હતી.[૯૨]

<u>રાજદૂતો :-</u>

કચ્છ માંથી બહાર રાજદૂતો મોકલવામાં આવતા હતા. આવા

૯૦. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૩, પૃ. -૭૭૧૭.
૯૧. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૩, પૃ -૭૭૧૮.
૯૨. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૪૮, પૃ. -૬૧૧૯.

રાજદૂતો કામચલાઉ હેતુ પૂરતા જ હતા. એજ રીતે બહારના રાજદૂતો કચ્છમાં આવતા હતા. જગદીશ મહેતા, સુંદરજી શિવજી, ભીમજી, મુનશી મહેબૂબરાય, ગોડજી, ફકીરમહંમદ વગેરે કચ્છના બહાર મોકલેલા રાજદૂતો હતા. જ્યારે સ્વીટ, લૅાયલ, સેટન, વોકર, મેકમુર્ડો વગેરે કચ્છમાં બહારથી આવેલા વિદેશી એજન્ટો હતા. કર્નલ મેક્ષફીલ્ડે, ડબલ્યુ. પી. મોનેપર લખેલા એક પત્ર પરથી જણાય છે કે, ફતેહમહમદે મુંબઇમાં પેસ્તનજી બામનજી નામના એક પારસીને પોતાના વતી વકીલ તરીકે કચ્છની બાબતો હલ કરવા નિમ્યો હતો.[૯૩] ફતેહમહમદનો એક આવોજ રાજદૂત કુબેરજી મહેતા હતો. તે જગજીવન મહેતાનો ભાઇ થતો હતો. એક વખત તેને ઘરકામ માટે અમદાવાદ જવાનું થયું ત્યારે ફતેહમહમદે તેને વડોદરામાં એલેક્ઝાંડર વોકરને મળીને કોઇ માનભેર કરી શકાય તેવી સંધિ માટેની મંત્રણા કરવાની સૂચના આપેલી. તે તા. ૩૦-૭-૧૮૦૮ ના રોજ વોકરને મળ્યો પણ ખરો. આ કુબેરજી મહેતા આંતરરાષ્ટ્રીય રાજકારણથી પરિચિત હતો તેવું લાગે છે. તેનો મત એવો હતો કે, ફ્રેન્ચો ભારત પર ઉત્તરના રસ્તેજ આક્રમણ કરી શકે. એટલું જ નહિ તેઓ કચ્છમાં તો પોતાનું લશ્કર પણ ઉતારી શકે.[૯૪]

રાયધણના પોતાના કેટલાક દૂતો હતા. તેણે મહેલમાં ફકીરમહમદ નામના એક વિશ્વાસપાત્ર નોકરને દૂત બનાવી દીધો હતો. આ ફકીર-મહમદે રાયધણની રાણીઓનો ગુપ્ત પત્ર કાસમઅલી નામના એક બીજા દૂતને હિંમતપૂર્વક પહોંચાડ્યો હતો. આ કાસમઅલી છેક મુંબઇના ગવર્નર પાસે પહોંચ્યો હતો. એટલુંજ નહિ કાસમઅલીની વાતની સચ્ચતાને સાબિત કરવા માટે મુંબઇમાં જ ભિક્ષુકોના વેશે બીજા કેટલાક કચ્છી જાસૂસો ફરતા હતા.[૯૫]

---

૯૩. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર- ૨૪૩, પૃષ્ટ-૫૬૩૯.

૯૪. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર - ૨૪૩, પૃષ્ટ- ૯૭૦૭, ૯૭૮૧, ૯૭૮૭ અને ૯૭૯૩.

૯૫. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી-૨૭૭, પૃષ્ટ-૧૦૫.

સમાપન :-

આ હતું રાયધણયુગના કચ્છનું વહીવટી તંત્ર. ભારતમાં કચ્છના શાસકો જ તેમની લાંબા સમયની સ્વતંત્રતા માટે ગૌરવ લઇ શકે તેમ છે. વળી હેમિલ્ટનના શબ્દોમાં તેઓ એવી બડાઇ મારવાની સ્થિતિમાં છે કે, સૃષ્ટિની રચનાથી તે અત્યાર સુધી તેમને કોઇ વિજેતાએ સંપૂર્ણ રીતે જીત્યા નથી. એતો ચોક્કસ છે કે, એશિયામાં એવા બહુજ થોડા પ્રદેશો છે કે જે કુદરતિ રીતે રક્ષાયેલા હોય. કચ્છમાં આક્રમણ માટે આવતી સેનાને અટકાવવાની કેટલીક કુદરતી અડચણો છે. દરેક ગામમાં લગભગ કિલ્લેબંધી થયેલી છે. જેમાં કેટલાક કિલ્લા ઘણા મજબૂત હતા. જો કે અંગ્રેજોના કે મોગલોના નિયમિત લશ્કર સામે આવા ગ્રામ્યગઢો તુચ્છ લાગે છતાંય તેઓ આવા કેળવાયેલા લશ્કર માટે અવરોધ તરીકે સારૂં કામ આપતા. વળી ભારે તોપો વગરના લશ્કર માટે તો તેમને ટાળવા પણ અશક્ય બની જતા હતા. કદાચ આ કારણે જ કચ્છ સ્વતંત્ર રહ્યું હશે.

કચ્છના વહીવટી તંત્રમાં છેક ઇ. સ. ૧૯૪૭ સુધી કોઇ ધરમૂળથી ફેરફાર થયો હોય તેમ લાગતું નથી. રાયધણયુગનું વહીવટી તંત્ર કે અને તે પહેલાંના શાસકો વચ્ચે ઝાઝો ફરક પડતો નથી. થોડાઘણા ફેરફારો સાથે તેને અપનાવી લેવામાં આવ્યું હતું. એવું જ રાયધણયુગ પછી બન્યું હોય તેમ લાગે છે. આમ કચ્છનું વહીવટીતંત્ર લાંબા ગાળાના વિકાસનું જ પરિણામ હતું. હંસરાજ અને ફતેહમહમદ જેવાએ અનુક્રમે આર્થિક અને લશ્કરી પાસાને વધુને વધુ મજબૂત કર્યું.

સમગ્ર રીતે જોતાં રાયધણયુગમાં વહીવટી તંત્રે રૂઢિચૂસ્તતા અને પ્રણાલિકાઓના આધારને તજ્યો નહોતો. આમ તો તે મધ્યકાલીન આપખુદી તંત્રનુંજ પ્રતિનિધિત્વ કરતું હતું. તેનામાં જનકલ્યાણકારક તત્વનો અભાવ હતો. તેને સંપૂર્ણ જનતાનો ટેકો નહોતો. લશ્કર અને નાણાંના આધાર પરજ તે ટક્યું હતું. તે બન્ને તત્વોની સમતુલા જોખમાતાં આખુંય વહીવટી તંત્ર જોખમાઇ જતું રાયધણયુગ આવા જોખમી તબક્કાઓની પ્રયોગશાળા બની ગયો હતો.

-: પ્રકરણ - ૧૪ મું :-

આર્થિક સ્થિતિ

પ્રાસ્તાવિક :-

રાયધણજી બીજાના સમયમાં રાજકીય અવ્યવસ્થા, સત્તાની સાઠમારી અને રાજકીય હરીફોનો ખુલ્લો સંઘર્ષ જેવાં માનવ સર્જીત કારણોએ કચ્છની આર્થિક હાલત બગાડી નાખી હતી. તે અધૂરૂં હોય તેમ અતિ-વૃષ્ટિ પ્રમાણમાં રોગચાળો, દુષ્કાળ અને ધરતીકંપની પરંપરાઓને લીધે આ યુગમાં કચ્છની પ્રજાને જીવવું દુષ્કર થઇ પડયું. પરિણામે ગામડાંઓ ઉજ્જડ બનવા લાગ્યાં. એટલું જ નહિ પણ કચ્છના શહેરી લોકો ભારતનાં મુંબઇ જેવાં અન્ય શહેરોમાં જવા લાગ્યા. છતાંયે કેન્દ્ર સરકારની અસ્વસ્થતાની કેટલીક ખરાબ અસરોને બાદ કરતાં કચ્છનાં માંડવી જેવાં શહેરો સમૃધ્ધ હતાં.

જેમ્સ ટોડની નોંધ મુજબ કચ્છની કુલ આવકનો ત્રણ પંચમાંશ ભાગ મહારાવને મળતો. જ્યારે બે પંચમાંશ ભાગ અમિર ઉમરાવો અને સામંતો લઇ જતા.[૧] કચ્છના મહારાવ પોતાના અંગત ખર્ચ માટે વધારે પડતા રૂપિયા વાપરતા હતા. જ્યારે રાયધણજી જેલમાં હતા ત્યારે તેમને રોજની ૩૦૦ કોરી વાપરવા માટે આપવામાં આવતી હતી. આ ઉપરથી એવું લાગે છે કે, પ્રજાના કલ્યાણ માટે જૂજ નાણું ખર્ચાતું હતું અને તેમને ભાગ્યાતો, જમીનદારો કે સામંતોની દયાપર છોડી દેવામાં આવતા.

હેમિલ્ટન કચ્છની ઇ.સ. ૧૮૦૧ ની આવક દસ લાખ રૂપિયા આપે છે.[૨] તેથી સમગ્ર રાયધણયુગની આવક આશરે દસ લાખ રૂપિયાથી સોળ લાખ રૂપિયા આસપાસ આંકી શકાય. અછતગ્રસ્ત વર્ષમાં આ આવક તેના

---

૧. ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૪૮૫.
૨. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૯૦.

નિમ્નતમ સ્તરે પહોંચી જતી.

લાગાઓ :-

રાજ્યની આવકનો મોટો ભાગ જમીન મહેસૂલ હતું. પરંતુ બીજાં આવકનાં સાધનો રાજ્યે ઉભાં કર્યાં હતાં તેમાં નીચેના લાગાઓ હતાઃ-

૧. બાંભ :- મરણ પામેલ જાનવર પર લેવાતો.
૨. વીશી:- કુંભારના વાસણો તથા નળિયાં પર લેવાતો.
૩. પડલી:- આ લગ્ન વેરો હતો અને દરેક વિવાહ પ્રસંગે વર અને કન્યા બન્નેપક્ષ પાસેથી લેવાતો.
૪. ફી :- જમણ ઉપર લેવાતો હતો, જેને પાછળથી ફી તરીકે ઓળખવામાં આવતો.
૫. મોટાઇ :- અત્યારે ઈંટો પર રોયલ્ટી લેવાય છે તેવો કુંભાર પર લેવાતો કર.
૬. લાગત :- પિંજારા પાસેથી પીંજણનો આ કર હતો.
૭. તેલીકરઃ- આ કર ઘાંચી પાસેથી લેવાતો.
૮. ખાટકી :- કસાઇ પાસેથી લેવાતો.
૯. પાવરાની :- મેઘવાડ પાસેથી લેવામાં આવતો વિશેષ લાગો.
૧૦. વરત :- ખેતરનાં કોસ પર લેવાતો કર.
૧૧. ખાડુ :- રબારીને લોકોના ઢોરો ચરાવતાં થતી આવક પરનો કર.
૧૨. પછેડી :- આ કર ક મછીયારા પાસેથી લેવાતો.
૧૩. કાંઠાનીઃ- મોચી પાસેથી લેવાતો લાગો.
૧૪. ધૂળધોયાનો લાગોઃ- સોનીની દૂકાન સામેની રેતી સાફ કરનાર પર આ લાગો લેવાતો.
૧૫. હાડનીઃ- મકાન ચણવામાં વપરાતી રેતી પર આ કર લેવાતો.
૧૬. પાયતનીઃ- બજારમાં આવેલી દૂકાનો પર લેવાતો લાગો.
૧૭. એરણની લાગત :- સોની પર એરણવાર લેવાતો કર.
૧૮. ગાયના દોભની લાગતઃ- આ લાગો ગાયના પગ બાંધવાના નીંજણા પ્રમાણે લેવાતો.
૧૯. સુરૈયાની કોયળીની લાગતઃ- આ વેરો નાક કાન વિંધનારા ફેરીયાપર લેવાતો.
૨૦. ભુગણીયાની દેગની લાગતઃ- આ કર રસોયા કે ભઠીયારા પર તેની દેગ પ્રમાણે લેતા હતા.

૨૧. પન્નીના ચરુની લાગત :- આ લાગો પણ રસોઇને સબંધિત હતો.
૨૨. તગાવી:- આ કરનો સબંધ જમીનના લેણા સાથે હોય તેમ લાગે છે.

આ ઉપરાંત ચોથ પછેડો અને કસોટી નામના કરો પણ હતા. સુથાર, મેઘવાડ, દલાલ, કાછિયા, વણકર, કંસારાની નાત, હોળીની ગોઠ અને દિવાળીની ઉજાણી પર પણ કર હતો. આ કરવેરાઓ જોતાં લાગે છે કે એ વખતનું કચ્છનું રાજ્ય ઘણુંજ ત્રાસજનક હશે. આવા રાજ્યને કોઇ સંજોગોમાં કલ્યાણકારક કહી શકાય નહિ. આ લાગતોનાં દર બદલાતા રહેતા. સરકારી અમલદારો પ્રજાપર જુલ્મ કરીને તે વસૂલ કરતા.

આ કર ભારણ કેટલું વધુ પડતું હશે તેનો ખ્યાલ સુથાર ઉપરનાં લાગા પરથી આવે છે. તેની પાસેથી રોકડને બદલે વિનિમયથી કર લેવામાં આવતો હતો. તેને પૈડાંની એક જોડ આપવી પડતી હતી. અત્યારના હિસાબે ગામડાના સામાન્ય સુથારની આખા વરસની રોકડ કમાણીનો એક મોટો ભાગ કહેવાય.

રાયધણજીએ બ્રાહ્મણો પર તાંબડી વેરો નાખીને હદ કરી નાખી હતી. એજ રીતે રાયધણના માનીતા સીદી મરીયે કચ્છના મહાજનના આગેવાન ભુજના મદનજી શેઠના કારજ વખતે, તેના પુત્ર અને મહાજનના સભ્યો પાસેથી પાંચ લાખ કોરી જેટલો પરોજણવેરો લીધો હતો. આ ઉપરાંત રાયધણ અને તેમની પઠાણ ટોળીએ માંડવીમાં પ્રત્યેક ઘર દીઠ પાંચસો પાંચસો કોરીનો નવલખો વેરો નાખેલો. શ્રી. દેવેન્દ્રકુમાર પંડિત નોંધે છે તેમ રાયધણયુગમાં બીજા પણ કેટલાક અજુગતા વેરાઓ હતા. જેમાં ચૂલા વેરો, ઘરવેરો, પાણી વેરો, કુંવર પછેડો, ચાકડા વેરો, જમીન વેરો ... વગેરેનો સમાવેશ થતો હતો.[3] આ વેરાઓ જોતાં લાગે છે કે, રાયધણે કચ્છની પ્રજા પર હવાવેરો નાખવાનો બાકી રાખ્યો હતો.

---

૩. "બાલસંદેશ" નો તા. ૨૯-૫-૭૫ નો રાયધણ અંક.

જકાત :-

કચ્છમાં જકાત લેવાની સારી વ્યવસ્થા કરવામાં આવી હતી. તે બેલા, ચિત્રાણ, શિકારપુર, વરણું, લુણા, ખાવડા અને ભુજનાં જકાત નાકાં મારફત ઉઘરાવવામાં આવતી. આ ઉપરાંત લખપત પંથકના સિંધડી ગામ પાસે સિંધથી જતા આવતા માલ પર દાણ લેવા માટે કચ્છ રાજ્યે એક મહેસૂલી કોઠી બંધાવી હતી. વેપારી માલના રક્ષણાર્થે ત્યાં ૧૫૦ ચોરસ ફૂટનો પાકી ઈંટનો નાનો કિલ્લો બનાવેલો હતો. રાયધણજીના યુગમાં આ કોઠી પોતાની કામગીરી બજાવતી હતી. ત્યાર બાદ ઇ.સ. ૧૮૧૯ ના વિખ્યાત ધરતીકંપમાં કોઠી અને કિલ્લો જમીનમાં ગરક થઇ ગયાં.[૪] એલેક્ઝાન્ડર બર્ન્સે નોંધ કરી છે કે, "અલ્લાહ બંધ પાસે કઇરાનાળા કરીને એક સ્થળ હતું. ત્યાંથી અને સિંધડીથી એમ બે જગ્યાએ ઉત્તરની સરહદનાં વેપારની જકાત એકઠી કરવામાં આવતી હતી.[૫] આ ઉપરાંત નાના અને મોટા રણની ધારે ધારે અસંખ્ય દાણ દેરીઓ ઉભી કરવામાં આવી હતી. જ્યાં ચોરી છૂપીથી જતા આવતા માલને પકડીને જકાત વસૂલ કરવામાં આવતી.[૬] આજે પણ કોડધા નામે ગામે રણને કિનારે તથા ત્યાંથી ૩૦ માઇલ રણની અંદર વાછડાબેટમાં આવી દેરીઓ છે.

માંડવી અને મુન્દ્રા બંદરોની વાર્ષિક જકાતનો ઇજારો વણિકોને આપી દેવામાં આવતો. તેઓ મહારાવને લગભગ ૧૧ થી ૧૨ લાખ કોરી વાર્ષિક કુલ જકાત પેટે આપતા હતા.[૭] રાયધણયુગ પછી માંડવીની મુલાકાતે આવેલા કર્નલ ટોડે માંડવીની પોર્ટ ડ્યુટી એક લાખ રૂપિયા

૪. કચ્છ બૃહદ ભૂગોળ, પૃષ્ટ-૧૬ અને ૧૭.
૫. ટ્રાન્ઝેક્શન ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યુમ ત્રીજું, પૃષ્ટ-૫૬૧.
૬. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યુમ ૧૨ મું, પૃષ્ટ-૫૮૭.
૭. સ્વદેશ દીપોત્સવી, વિ.સં. ૧૯૮૦, પૃષ્ટ-૫૭.

બતાવી છે.[૮] પાછળથી તુણાનો વિકાસ કરવામાં આવેલો. આ ઉપરાંત બીજાં નાનાં બંદરો પણ ચાલુ હતાં.

નૂર :-

કચ્છ-માંડવીથી મુંબઇનું નૂર ખાંડીએ એક રૂપિયો, મલબારનું નૂર ચોખાની ગુણીએ પોણી કોરી અને લાકડાનું નૂર ખાંડીએ બે રૂપિયા હતું. સોનમિયાણીનું નૂર ખાંડીના ૧૦ થી ૧૨ કોરી હતું જ્યારે સોબારનું ૧૪ થી ૧૫ કોરી હતું.[૯] આટલું સસ્તું નૂર હોવા છતાં વેપારીઓ પોતાનો માલ ભાડે લીધેલા વહાણ કરતાં પોતાના ખાનગી જહાજોમાં બહુ સોંઘે મોકલી શકતા.

ઓળનો માલ :-

એ વખતે સમુદ્રની અંદર કેટલાંક જહાજો ડૂબી જાય અને તૂટી જાય ત્યારે તેનો માલ તણાઇને કચ્છના કિનારે આવતો હતો. તેને ઓળનો માલ કહેતા. રાયધણજીના વખતમાં ચાંચિયાગીરી વધી ગયેલી હોવાથી સમુદ્રમાં આવા કેટલાય અકસ્માતો થતા જેનો લાભ કચ્છને મળતો. રાયધણયુગમાં મહારાવને આ માલ જપ્ત કરવાની અને કચ્છના અખાતમાં દાખલ થતાં વહાણો ઉપર તથા કચ્છની દરિયાઇ હદમાં ધોરણસર પરવાના વગર ચાલતાં વહાણો ઉપર રસ્તાવેરો નાખવાનો અધિકાર હતો.[૧૦]

ધરવેરો :-

આ ઉપરાંત માંડવી બંદર ધરવેરાની પુષ્કળ આવક કરી આપતું. કર્નલ ટોડ નોંધે છે તેમ ધરવેરા માંથી કોઇને મૂક્તિ આપવામાં આવતી નહિ. એક શરાફ રૂપિયા ૧૦૦ નો વેરો ભરતો એવા લગભગ ૫૦ શરાફો

---

૮. ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૪૪૯.
૯. સ્વદેશ દીપોત્સવી વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ-૫૭.
૧૦. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૨૦૨.

માંડવીમાં રહેતા હતા. માંડવીનો કુલ ઘરવેરો રૂપિયા ૨૫,૦૦૦ નો થતો. રામજી ખવાસ, હંસરાજ અને શિવરાજના વખતના જાહોજલાલી ભર્યા માંડવીમાં ઘણાં મકાનો હતાં અને પુષ્કળ વેરો ચૂકવાતો.

રાજ્યની કુલ આવક :-

કચ્છ રાજ્યની આવક બાબતમાં સમકાલીન અહેવાલોને આધારે જુદા જુદા વર્ષની આવકના આંકડાઓ મળે છે. ઇ. સ. ૧૮૦૨ માં કેપ્ટન ડેવીડ સેટને સુંદરજી મારફત કચ્છની આવકનો આંક દસ લાખ રૂપિયા નક્કી કર્યો. આ દસ લાખની આવકમાંથી બે લાખ રૂપિયા ફતેહમહમદ ને મળતા હતા. ફતેહમહમદને તેમાંથી મહિને ચાર હજાર રૂપિયા મુન્દ્રા ના મહમદમીયાં સોટાને પોતાના પક્ષમાં રહેવા માટે આપવા પડતા હતા. બાકીના આઠ લાખ રૂપિયા રાયધણને મળતા હતા.[૧૧]

આ પછી ખુદ હંસરાજને કેપ્ટન સેટન મળયા ત્યારે હંસરાજે તેને જણાવ્યું કે, કચ્છની આવક પૂરી સાત લાખ રૂપિયા પણ નહોતી. મહારાવની કુલ આવક માંથી તેમના કેટલાક સંબંધીઓને દાન સ્વરુપે કેટલીક રકમ આપવી પડતી હતી. આ રકમ આપ્યા પછી મહારાવ પાસે તો કુલ ચોખ્ખી વાર્ષિક આવક ફક્ત ચાર લાખ રૂપિયા જ રહેતી.[૧૨] ઇ. સ. ૧૮૦૨ માં હંસરાજની વ્યક્તિગત તિજોરીમાં દસ થી પંદર લાખ રૂપિયા હતા. જો કે આ રકમ અગાઉના વર્ષોની પૂરાંત પણ હોય. છતાંય બ્રિટિશ લશ્કરી ટુકડીઓનું ખર્ચ નીકળી શકે તેટલી હતી. પરંતુ સેટન માનતો હતો તેમ તળ ગુજરાતની માફક કચ્છમાં ખર્ચની કાયમી વ્યવસ્થા થઇ શકે તેવી કચ્છ રાજ્યની આવક નહોતી.[૧૩] પરિણામે અંગ્રેજો કચ્છ સાથે સહાયકારી યોજના વાળી સંધિ નહોતા કરી શક્યા.

---

૧૧. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી-૧૩૩, પૃષ્ટ-૭૭૧૯.
૧૨. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી-૧૩૩, પૃષ્ટ-૭૭૨૩.
૧૩. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી-૧૩૩, પૃષ્ટ-૭૭૨૪.

એક વર્ષ પછી એટલે કે, ઇ. સ. ૧૮૦૩ માં કેપ્ટન ડેવીડ સેટને કચ્છની કુલ આવક ત્રેવીસ લાખ રૂપિયાની મૂકી હતી. આમાં ભાયાતોની દસ લાખ રૂપિયાની આવકનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ભાયાતોની આવક માંથી મહારાવને કાંઇ મળતું નહિ.[૧૪] રાયધણની આવક તો અગાઉના વર્ષો જેટલી જ હતી. તા. ૧ લી માર્ચ ૧૮૦૪ ના રોજ અંજાર અને મુન્દ્રાની આવક રૂપિયા દોઢ લાખ, માંડવી બંદરની રૂપિયા ચાર લાખ, માતાનો મઢની રૂપિયા બે લાખ, લખપત બંદરની દોઢ લાખ અને ભૂજ શહેરની રૂપિયા એક લાખ મળીને કુલ આવક દસ લાખ રૂપિયા હતી.[૧૫]

ઉપરોક્ત આંકડાઓ પરથી લાગે છે કે દુષ્કાળના વર્ષોને બાદ કરતાં સમગ્ર કચ્છની ભાયાતો સાથેની વાર્ષિક આવક રૂપિયા વીસથી પચીસ લાખ થતી હતી. જ્યારે રાયધણની પોતાની આવક અંજાર, મુન્દ્રા, ભૂજ અને માતાનો મઢ પરગણાની મળીને આઠથી બાર લાખની હતી. હંસરાજના પ્રદેશની અને તેની વ્યક્તિગત આવક રાયધણની આવક કરતાં સહેજ ઓછી હોય તેમ લાગે છે.

ખર્ચ :-

રાયધણયુગમાં અત્યારના અંદાજપત્ર જેવી વ્યવસ્થા નહોતી. છતાંય સેટન આવકની સાથે ખર્ચનો વિગતો આપે છે. તેણે ભોગ ઉઘરાવવાનો ખર્ચ એક લાખ રૂપિયા બતાવ્યો છે. અને બીજી આવક ઉઘરાવવાનો ખર્ચ ત્રણ લાખ રૂપિયા બતાવ્યો છે. આટલો ખર્ચ છતાંય ઇ. સ. ૧૮૦૪ ના નાણાંકીય વર્ષમાં રૂપિયા છ લાખની પુરાંત હતી તેવું કેપ્ટન સેટન નોંધે છે.[૧૬] આવાં ઇ. સ. ૧૮૦૪ જેવાં અંદાજપત્ર જેવી દર વર્ષે સ્થિતિ રહેતી

---

૧૪. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી-૧૩૪, પૃષ્ટ-૧૯૫.
૧૫. સિક્રેટ એન્ડ પોલિટીકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૫૬, પૃષ્ટ-૧૩૧૫.
૧૬. સિક્રેટ એન્ડ પોલિટીકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૫૬, પૃષ્ટ-૧૩૧૫.

નહિ. તેથી અંગ્રેજોને આર્થિક રીતે એક હજાર જેટલા સૈનિકો રાખવા કચ્છમાં પોષાતા નથી.

વિદેશી દેવાં :-

૧૯ મી સદીની શરૂઆતમાં અંગ્રેજો મારફત કચ્છને વિદેશી સંબંધો નો વિધિસર અનુભવ થયો. અંગ્રેજ પ્રતિનિધિ કેપ્ટન ડેવીડ સેટન લાંબા સમય સુધી કચ્છમાં રહેલો. તેની મારફત કેટલીક વસ્તુઓની આપ-લે કરવામાં આવી. સેટનના તા. ૮-૧-૧૮૦૩ ના એક અહેવાલ પરથી એવું લાગે છે કે, હંસરાજે રાયધણજી વતી કેટલાંક નાણાં ઇસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી ઉછીનાં લીધાં હોય તેવું લાગે છે.[૧૭]

ભાવ સપાટી :-

રાયધણયુગ સામાન્ય રીતે અસ્થિર ભાવોનો યુગ હતો. કેટલીક વસ્તુઓ કચ્છમાં ઘણી સસ્તી મળતી. જ્યારે કેટલીક મોંઘી મળતી હતી. મોંઘી કે સસ્તી વસ્તુ ગમે તે હોય પરંતુ આર્થિક લાભ અનુસાર વેપાર ધમધોકાર ચાલતો. કેટલીક વસ્તુઓ કચ્છમાં પેદા થતી ન હોય પરંતુ સિંધમાં કચ્છ કરતાં વધારે મોંઘી મળતી હોય તો કચ્છ, "એક હાથે લાવે અને બીજા હાથે વેંચે" ની નીતિ અખત્યાર કરતું હતું. દા. ત. ચંદન નો માંડવીમાં ભાવ શેરની એક કોરી હતો. જ્યારે સિંધમાં આજ ચંદન ત્રીસ રૂપિયે મણ વેંચાતું હતું. એજ રીતે લોબાન પચાસ કોરીનું મણ હતું અને સિંધમાં તેનો ભાવ ૮૦ રૂપિયા મણનો હતો.

રાયધણયુગના બાજરો, કમોદ, અને સામાન્ય ચોખાના ભાવો મળયા છે. આ ભાવ એક રૂપિયામાં કેટલા શેર કે મણ અનાજ મળતું તેનો નિર્દેશ કરે છે. તુલનાત્મક અભ્યાસ માટે ઇ. સ. ૧૭૭૮ થી ૧૮૧૩ નાં આગળ અને પાછળનાં વર્ષોના પણ આંકડાઓ આપ્યા છે જે નીચે

---

૧૭. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૭, પૃષ્ટ ૯૬૧ થી ૯૬૨.

પ્રમાણે છે :-

વર્ષ ઇ. સ. માં.		બાજરો.	કમોદ.	સામાન્ય ચોખા.
		મણ – શેર.	મણ – શેર.	મણ – શેર.
૧૭૪૫	...	૨ – ૦૩	૨ – ૧૪	૧ – ૨૨
૧૭૪૬	...	૦ – ૩૨	——	૧ – ૦૦
૧૭૪૭	...	૧ – ૦૨	——	૧ – ૧૯
૧૭૫૫	...	૧ – ૧૦	૧ – ૧૪	૧ – ૦૫
૧૭૫૬	...	૧ – ૦૮	૧ – ૧૦	૧ – ૦૫
૧૭૫૭	...	૧ – ૩૫	૨ – ૨૦	૧ – ૦૮
૧૭૬૪	...	૨ – ૧૭	૩ – ૦૫	૦ – ૩૧
૧૭૬૫	...	૨ – ૧૪	——	૧ – ૧૩
૧૭૬૬	...	૧ – ૨૫	૨ – ૧૮	૧ – ૦૨
૧૭૭૨	...	૪ – ૦૭	૦ – ૨૫	૧ – ૦૨
૧૭૭૩	...	૧ – ૩૭	૨ – ૧૪	૦ – ૩૪
૧૭૭૪	...	૧ – ૨૬	૨ – ૧૧	૧ – ૦૨
૧૭૮૧	...	૩ – ૦૦	૩ – ૦૦	૧ – ૦૪
૧૭૮૨	...	૨ – ૦૭	૨ – ૨૭	૧ – ૦૪
૧૭૯૦	...	૦ – ૩૫	૧ – ૧૩	૦ – ૩૦
૧૮૦૧	...	૦ – ૩૪	——	૧ – ૦૫
૧૮૦૪	...	૧ – ૦૯	૧ – ૧૭	૦ – ૩૮
૧૮૧૧	...	૧ – ૦૮	૧ – ૧૫	૧ – ૦૫
૧૮૧૨	...	૦ – ૧૭	૦ – ૧૬	૦ – ૨૦
૧૮૧૩	...	૦ – ૨૦	૦ – ૧૯	૦ – ૧૯
૧૮૨૩	...	૦ – ૩૯	૧ – ૧૮	૧ – ૦૨
૧૮૨૪	...	૦ – ૨૩	૦ – ૨૮	૦ – ૨૩
૧૮૨૫	...	૦ – ૩૪	૦ – ૩૨	૦ – ૩૪
૧૮૩૩	...	૦ – ૩૨	૧ – ૧૦	૦ – ૩૪

ઉપરોક્ત આંકડાઓને અવલોકતાં લાગે છે કે, રાયધણજીના રાજ્યારોહણના શરુઆતના વર્ષોમાં ભાવો નીચી સપાટીએ હતા. એટલું જ નહિ બાજરાએ તો ઉત્પાદન અને ઓછા ભાવની દૃષ્ટિએ ઇ. સ. ૧૭૭૨ ને બાદ કરતાં છેલ્લાં ઘણા વર્ષની વિક્રમ તોડી નાખ્યો હતો. કમોદનું પણ એવું હતું. ઇ. સ. ૧૭૬૪ ને બાદ કરતાં તેણે પણ ઘણા વર્ષનો વિક્રમ તોડી

નાખ્યો હતો. જ્યારે ચોખાના ભાવો સ્થિર હતા. આનો અર્થ એ થાય કે, ઉત્પાદન પણ સ્થિર હતું.

ઇ. સ. ૧૭૮૨ પછી કમોદના ભાવ વધતાજ ગયા અને પછી કદીય નીચા આવ્યા નથી. કારણ કે હવે કોરીની સિંધુ શાખાનું પાણી કચ્છમાં આવતું બંધ થયું અને સેરાનો આખો પ્રદેશ વેરાન બની ગયો હતો. છતાંય ચોખાના ભાવો સ્થિર રહ્યા. તેથી ભાવ સપાટી ગુજરાત અને સૌરાષ્ટ્રના આયાતી માલે જાળવી રાખી હતી.

ઇ. સ. ૧૭૯૦ થી ૧૮૧૨ નો ફતેહમહમદના શાસનનો યુગ ભાવ સપાટીની દૃષ્ટિએ ઘણોજ મોંઘો યુગ હતો. બાજરામાં સરેરાશ ૨૦૦ ટકાનો ભાવ વધારો નોંધાયો. જ્યારે કમોદમાં ૧૦૦ ટકા વધારે હતા અને ચોખા લગભગ સ્થિર રહ્યા. આમ ફતેહમહમદનો શાસનકાળ લશ્કરી દૃષ્ટિએ શ્રેષ્ઠ હશે પણ આર્થિક દૃષ્ટિએ તેનો સમય આર્થિક વિટંબણાઓનો યુગ હતો તેમ લાગે છે. વચ્ચે ભૂજમાં હંસરાજે શાસન કર્યું ત્યારે આ વેપારી વૃત્તિના દીવાને બાજરો અને કમોદના ભાવો પ્રમાણમાં સહેજ નીચા લાવવામાં સફળતા મેળવી. આ રીતે હંસરાજ આર્થિક બાબતોમાં ફતેહમહમદના કરતાં શ્રેષ્ઠ હતો તેમ સહેજે સમજાય છે.

પ્લેગ અને દુષ્કાળના વખતમાં લોકોની કેવી સ્થિતિ હશે તેનો ખ્યાલ આ કોઠા પરથી સહેજે આવે છે. ઇ. સ. ૧૮૧૨ અને ૧૮૧૩ નું વર્ષ આ કુદરતી ઓથારનું વર્ષ હતું. તેમાં ઇ. સ. ૧૮૧૨ માં બાજરાના ભાવ વધારાએ ઇ. સ. ૧૭૪૫ થી ૧૮૪૫ ની એક સદીનો વિક્રમ તોડી નાખ્યો. એક વર્ષ કરતાં તે ૨૦૦ ટકા વધારે છે. કમોદનું પણ એવું હતું. તેમાં ૨૫૦ ટકા ભાવ વધારો નોંધાયો. જ્યારે ચોખામાં ૧૨૫ ટકાનો વધારો થયો. બીજા વર્ષે બાજરાનો ભાવ સહેજ ઘટયો. જ્યારે કમોદ અને ચોખા એકજ ભાવ પર આવી ગયા. ઇ. સ. ૧૭૮૧ ના મુકાબલે આ દુષ્કાળ ભીષણ હતો. તેના કરતાં ઇ. સ. ૧૮૧૨ માં ૬૨૫ ટકા બાજરામાં ભાવ વધ્યા. જ્યારે કમોદમાં ૭૫૦ ટકા વધેલા દેખાય છે. ચોખા ૧૨૫ ટકાથી વધતા નથી. આમ સાતથી આઠ ગણી મોંઘવારી વચ્ચે પીસાતી

પ્રજાની ખરાબ દશા થઇ હતી. ત્રીજા ભાગની વસ્તિ ભૂખમરાને લીધે તથા પ્લેગમાં મરી ગઇ તે આને આભારી હતું.

સિક્કાઓ :-

કચ્છનું ચલણ રાસાંઇ કોરી તરીકે ઓળખાતું. તે ભારતનાં અન્ય રાજ્યોનાં સમકાલીન સિક્કાઓ કરતાં નામ, આકાર અને વજનમાં તદ્દન ભિન્ન હતું.[૧૮] આ સિક્કાઓ ભૂજ ખાતેની સરકારી ટંકશાળમાં પાડવામાં આવતા. ચાંદી અને તાંબા ઉપરાંત સોનાના સિક્કાઓ પણ પ્રસંગોપાત તૈયાર થતા. સોનાના સિક્કાને "રાવસાઇ મહોર" તરીકે ઓળખવામાં આવતો. આ સિક્કો ૧૦૦ ચાંદીની કોરી બરાબર હતો.[૧૯] આ ઉપરાંત સોનાના તથા રૂપાના રીઆલો, ઇબ્રામી મોહોરો, ઠઠ્ઠા, હૈદ્રાબાદ, સુરત અને મુંબઇના રૂપિયા તથા અન્ય કોરીઓ ચલણમાં હતી. તેમનો વિનિમયનો દર પણ નક્કી કરવામાં આવ્યો હતો. ૮ કોરીનો રુપાનો રિયાલ, ૧૯ રૂપાના રિયાલોનો સોનાનો એક રિયાલ ગણાતો. તેમજ ત્રણ કોરીનો એક હૈદ્રાબાદી રૂપિયો, ચાર કોરીનો એક ઠઠ્ઠાનો રૂપિયો, પોણા ચાર કોરી અને એક દોકડાનો સૂરતી રૂપિયો અને અઢાર કોરીની એક ઇબ્રામી ગણવામાં આવતી.[૨૦]

કોરી :-

કોરી એ કચ્છના ચલણનું મુખ્ય એકમ હતું. તેનું વજન સામાન્ય રીતે બાર વાલ રહેતું.[૨૧] કોરી માટે સોના અને રુપા બન્ને ધોરણો હતાં. રાવશાહી મહોર (૧૦૦ ચાંદીની કોરી), અડધી મહોર (૫૦ કોરી) અને સોનાની કોરી (સાડી છવીસ કોરી) માં સોના ધોરણ અપનાવાયું હતું. જ્યારે પાંચિયો (૫ કોરી), અર્ધ પાંચિયો (અઢી કોરી) અને

---

૧૮. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટીક સોસાયટી, વોલ્યૂમ-૨૭ મું, ભાગ બીજો, પૃષ્ટ-૪૯.
૧૯. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ પાંચમું, પૃષ્ટ-૩.
૨૦. સ્વદેશ દીપોત્સવી વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ-૫૭.
૨૧. કચ્છનું અર્થ સાસ્ત્ર, પૃષ્ટ-૮૪.

કોરીમાં ચાંદી ધોરણ વપરાતું.[૨૨]

અન્ય સિક્કાઓ :-

અન્ય સિક્કાઓમાં તાંબા ધોરણ અમલમાં હતું. આવા નાના સિક્કાઓના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર હતા :-

૧. તાંબીઓ અથવા ત્રાંમ્બિયો :- આ શબ્દ સંસ્કૃતના તામ્રિક: અને પાકૃત શબ્દ તાંબીઓ પરથી આવ્યો છે. એનો અર્થ ત્રાંબાનો થાય છે. વ્યવહારમાં તે અડધા પૈસા તરીકે ગણાતો હતો તેમ પંડિત ભગવાનલાલ માને છે. જ્યારે કોડીંગ્ટનના મતે મૂળ તે એક પૈસોજ હતો.

૨. દોકડો અથવા દોકડા :- દોકડો શબ્દ સંસ્કૃત ધ્વિકૃત: અથવા પાકૃત દુક્કડો પરથી આવ્યો છે. જેનો અર્થ "બે વાર કરેલું" થાય. અર્થાત તાંબિયા કરતાં બે ગણો પણ વાસ્તવમાં એક પૈસા તરીકે વપરાતો. પણ તેના નામ મુજબ પાછળથી બે પૈસા તરીકે વ્યવહારમાં ગણાતો હશે.

૩. ઢીંગ્લો અથવા ઢીંગલો :- કચ્છી ભાષામાં જાડાને ઢીંગલો કહે છે. એટલે કે ચલણમાં આ સિક્કો જાડામાં જાડો હતો. કોડ્રીંગ્ટન માને છે કે પહેલાં એ ત્રણ પૈસા બરાબર હશે પણ પાછળથી વ્યવહારમાં દોઢ પૈસા તરીકે ગણાતો.[૨૩]

કોષ્ટક :-

ઉપરોક્ત સિક્કાઓનું આંતરિક કોષ્ટક સામાન્ય રીતે નીચે પ્રમાણે રહેતું હતું:-

૧ પાંચીયો = ૫ કોરી રુપાની,

---

૨૨. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યૂમ-૧૭, પૃષ્ટ-૫૩.
૨૩. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યૂમ-૧૭, પૃષ્ટ-૫૩ અને ૫૪.

૧ અરધિયા અથવા આધિયું = ૦ાા કોરી રૂપાની,
૧ કોરી = ૧૬ ઢીંગલા, ૧ કોરી = ૮ ઢબુ,
૧ કોરી = ૨૪ દોકડા, ૧ કોરી = ૪૮ તાંબિયા.

<u>કોરી નામકરણ પ્રશ્ન :-</u>

કચ્છના ચલણના સામાન્ય એકમ કોરીનું નામ કઇ રીતે પડ્યું તેનું કારણ ભારમલજીએ ગુજરાતના સુલતાનને કચ્છી સિક્કો મોકલાવીને તેનાં અર્થાત કુંવરીના લગ્ન સુલતાનના પુત્ર યાને રૂપિયા સાથે કરવાના પ્રસંગને માનવામાં આવે છે. આ પ્રસંગ ફક્ત દંતકથા છે. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ પણ કુંવરીનું અપભ્રંશ કોરી થયું હોય તેમ લાગતું નથી.[૨૪] વળી અહીંયા કુંવરીની યુક્તિમાં ભારમલજી સંડોવાયા છે તો અન્ય સાધનોમાં આવોજ પ્રસંગ નવાનગરના જામ સતાજી સાથે સાંકળવામાં આવ્યો છે.[૨૫]

આના કરતાં કોરીનામ કોડી પરથી આવ્યું હોવાનો વધારે સંભવ છે. જો કે શરુઆતમાં કોડી શબ્દ નાણાના હલકામાં હલકા એકમ માટે વપરાતો હતો. તેમ શ્રી. કોડીંગ્ટન માને છે. પણ પાછળથી તે ચાંદીના સિક્કા માટે વપરાવા લાગ્યો. જેમ આજે દક્ષિણ અને અગ્નિ એશિયાના કેટલાક દેશોમાં રૂપિયો ચલણનું એકમ છે. તેમ ભૂતકાળમાં કોડી પણ ચલણનો અગત્યનો ભાગ હતી. ઓરિસ્સા,[૨૬] બંગાળ,[૨૭]

---

૨૪. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યુમ-૧૭ મું, પૃષ્ટ-૫૨ અને ૫૩.

૨૫. ગોંડળનો ઇતિહાસ, પૃષ્ટ-૧૫૬ અને
સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ, પૃષ્ટ- ૧૯૨.

૨૬. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ -૩૪૯.

૨૭. તબકાતે નાસીરી, પૃષ્ટ -૫૫૫.



રાયધણજી બીજાના સિક્કા.

આસામ,[૨૮] માલદિવ,[૨૯] આગ્રાનો પ્રદેશ,[૩૦] સિયામ,[૩૧] ઇજિપ્ત,[૩૨] ચીન,[૩૩] ... વગેરે દેશોમાં વેપાર કોડીઓ મારફત થતો હતો. યુરોપમાં પોર્ટુગલ અને ઇંગ્લેન્ડમાં પણ ૧૬ મી અને ૧૭ મી સદીમાં તેનો પ્રચાર હતો. ડચ લોકો હબસી ગુલામોની ખરીદી કોડીઓમાંજ કરતા.

આટલા મોટા વિસ્તારમાં કોડીનું ચલણ હોય તો તેની અસર તરત નાબૂદ ન થાય. તેથી આજે આપણે, "ફૂટી બદામ" અને "કાંણી કોડી" જેવા રૂઢિપ્રયોગો સાચવી રાખ્યા છે. બાળકો પણ રમતોમાં પોતાના નાણાં તરીકે કોડીઓજ રાખે છે. તેથી કોડી ચલણ તરીકે વપરાતી અને તેની વાસ્તવિક કિંમત ઓછી હોવા છતાં તે નામ કચ્છના ચલણના મુખ્ય સિક્કાને મળી ગયું. જેમ પૈસાની કિંમત ઓછી હોવા છતાં ફિલીપાઇન્સમાં તે નાણાંનું મુખ્ય એકમ બની ગયો છે.

રાયધણજીના સિક્કાઓ :-

રાયધણજીના ઘણા સિક્કાઓ મળે છે. રાયધણજી બીજાના સિક્કાઓની આગળની બાજુએ સ્પષ્ટ રીતે કુરાનની આયાત-કલમો "લા ઇલાહી ઇલ્લ ઇલ્લાહ મોહમ્મદ અલ રસુલીલ્લા" અંકિત થયેલો છે. આ એકજ વાક્ય રાયધણે ઇસ્લામ સ્વીકાર્યો હતો તથા તે ચૂસ્ત મુસલમાન હતો તેનો સ્પષ્ટ પૂરાવો આપે છે. આ સિક્કાની બીજી બાજુએ જલ્લાલુદ્દીન લખ્યું છે. જ્યારે લોઅર માર્જીનમાં "શ્રી રાઅધ" દેવનાગરી લિપીમાં લખ્યું છે.[૩૪] જેમાં સ્પષ્ટ રીતે "ણજી" શબ્દ ખૂટે છે. આ સિક્કાનું વજન.

૨૮. હોબસન જોબસન, પૃષ્ટ-૨૭૦.
૨૯. ઇબ્ન બતુતા, પૃષ્ટ-૨૪૨ થી ૨૪૯.
૩૦. હોબસન જોબસન, પૃષ્ટ-૨૭૦.
૩૧. હોબસન જોબસન, પૃષ્ટ-૨૭૧.
૩૨. હોબસન જોબસન, પૃષ્ટ-૨૭૧.
૩૩. હોબસન જોબસન, પૃષ્ટ-૨૬૯.
૩૪. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યૂમ-૧૭, પૃષ્ટ-૫૧.

૧૫૨ ગ્રેન છે. જલ્લાલુદ્દીન કદાચ રાયધણનું વટલાયા પછીનું મુસ્લિમ નામ પણ હોય.

આ ઉપરાંત રાયધણજી બીજાના દોકડા અને ત્રાંબિયા પણ મળે છે. દોકડાનું વજન અરધા તોલાથી વધારે હોય છે. જ્યારે તેનો વ્યાસ ત્રણ પંચમાંશ ઈંચ જેટલો હોય છે. ત્રાંબિયાનું વજન પાંચ સોળઆંશ તોલા જેટલું અને વ્યાસ અરધા ઈંચ જેટલો છે.[૩૫]

વેપાર :-

કચ્છનો વેપાર અતિ પ્રાચિન છે. બુધ્ધ ધર્મના જાતક ગ્રંથોમાંય કચ્છના વેપારનો ઉલ્લેખ આવે છે.[૩૬] તેની પાસે લાંબો દરિયા કિનારો હોવાથી તેને જમીન માર્ગે અને દરિયાઇ માર્ગે વિશ્વના કેટલાય દેશો સાથે સંપર્ક જાળવવાની વિશેષ અનુકુળતા હતી. માંડવી મુખ્યત્વે બહારના જગતનો સંપર્ક સાધવામાં અગત્યનો ભાગ ભજવતું. સિંધ, મારવાડ અને કાશ્મીર સુધીનો વેપાર કચ્છ વણઝારો મારફત કરતું અને બાકીનો વેપાર દરિયાઇ માર્ગે ચાલતો હતો.[૩૭] કચ્છ વિદેશો સાથે ઘણી વસ્તુઓનો વેપાર કરતું.

ઉનનો વેપાર :-

કચ્છમાં ઘેટાંઓનો ઉછેર સારો થતો તેથી ઉનનો વેપાર વિકસ્યો હતો. માંડવીથી મુંબઇ ચડતું ઉન વાગડ, પંચામ, અબડાશા, મારવાડ અને જેસલમેરથી આવતું. મુખ્ય વેપારી માંડવીમાં રહેતો અને તેના એજન્ટો ગામડામાં ફરીને ઉન ભેગું કરતા. લાંબા તારનું ઉન કસાઇઓ પાસેથી મળતું હતું. કાળું ઉન કચ્છમાં ઓછા પ્રમાણમાં મળતું. ઉનના વેપાર માંથી

---

૩૫. ગુજરાત ઇતિહાસ પરિષદના ભૂજ અધિવેશનમાં શ્રી. ભાસ્કરરાય માંકડે વાંચેલો નિબંધ.
૩૬. કચ્છનું વેપારતંત્ર, પૃષ્ટ-૬.
૩૭. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૨૯૦.

સરકારને ચડગત ઓછી મળતી.[૩૮]

<u>રૂ નો વેપાર :-</u>

કચ્છમાં કપાસને લાયક જમીન વધારે હતી તેથી સારો વરસાદ થતાં રૂ નું ઉત્પાદન વધી જતું. કપાસમાં વાગડિયો કપાસ કચ્છની વિશિષ્ટ જાત હતી. રૂ ની ગાંસડીઓ બાંધવાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.[૩૯] વેપારીઓ ખેડુતોને નાણાં ધિરતા અને રૂ નો પાક બજાર ભાવ કરતાં અમુક ટકો ઓછો આપવાનો કરાર કરાવી લેતા. આ રૂ વિદેશ મોકલવાની જકાત એક મણે પચીસ પૈસા રહેતી. માંડવી, મુન્દ્રા અને તુણા એ ત્રણે બંદરોથી વર્ષે પંદર હજાર ગાંસડી રૂ ચડતું અને દરેક ગાંસડીમાં ૧૦ મણ રૂ ગણીએ તો ચડગત જકાત રૂપિયા ૩૭૫૦ થતી.[૪૦]

રાયધણયુગનો સમકાલીન કર્નલ મેકમુર્ડો નોંધે છે કે, "કચ્છનું રૂ મુંબઇ તથા અરબસ્તાન ખાતે મોકલવામાં આવતું પરંતુ હલકી જાતનું હોવાથી યુરોપની બજારમાં ખપવા લાયક સાફ નહોતું."[૪૧] આમેય વાગડિયા જાત રૂ માં આજે પણ હલકી ગણાય છે અને તે વાગડ તથા ચોરાડ સિવાય બીજે વવાતી નથી.

<u>ગુલામોનો વેપાર :-</u>

રાયધણયુગમાં કચ્છમાં ગુલામોનો વેપાર ચાલુ હતો પરંતુ હવે તેનાં બંધનો ઘણાંજ હળવાં થયાં હતાં. સામે પક્ષે હબસીઓ-સીદીઓએ પોતાનું શ્રમિક તરીકેનું મહત્વ પણ ખોયું હતું.[૪૨] ઇમ્પિરિયલ ગેઝેટિયર-કાર નોંધે છે કે, "કચ્છમાં ગુલામોની આયાત થતી હતી. આજે તેનાં

---

૩૮. સ્વદેશ દીપોત્સવી, વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ-૫૭.
૩૯. ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૪૫૩.
૪૦. સ્વદેશ દીપોત્સવી, વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ-૫૭.
૪૧. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ ૫ મું, પૃષ્ટ-૧૬૦.
૪૨. ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૪૫૦ અને ૪૫૧.

વારસો ભૂજની બજારમાં ફરતા દેખાય છે. આ ગુલામીનો વેપાર પાછળથી ઇ. સ. ૧૮૩૬ માં બંધ કરવામાં આવ્યો હતો."[૪૩] આનો અર્થ એ થાય કે, રાયધણયુગમાં ગુલામોનો વેપાર સારો ચાલતો હશે.

<u>ઘોડાઓનો વેપાર</u> :-

કચ્છની સૂકી આબોહવા ઘોડાઓ માટે ઉત્તમ હતી. કચ્છમાં બન્ની જેવી ઘણી ઘાસિયા જમીન હતી. કચ્છના કેટલાક ભાગોમાં અપૂરતો વરસાદ પડતો હોવાને કારણે જમીન ખેડયા વગરની રહી જતી હતી. જેને પરિણામેં તેમાં પુષ્કળ ઘાસ ઉગી નીકળતું અને તે પર ઘોડાઓનો ઉછેર કરવામાં આવતો.

નાના વેપારીઓ આજુબાજુના પ્રદેશો માંથી મોટી સંખ્યામાં ઘોડાઓ વેપારી કેન્દ્રો પર લાવતા. લગભગ ઘોડાઓનો મુખ્ય વેપાર મદ્રાસ ખાતે ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથે થતો. કારણ કે દક્ષિણ ભારતમાં અંગ્રેજોને કચ્છી ઘોડાઓની ખૂબજ જરૂર પડતી. કચ્છી ઘોડાઓ ઠીંગણાં, ટૂંકી ગરદનવાળા અને સપ્રમાણ અંગોવાળા હતા.[૪૪] આ ઉપરાંત કચ્છીઓ કંદહાર અને ખુરાસાનથી સારા ઘોડાઓ લાવીને બીજા દેશોમાં નિકાશ કરી વચ્ચેનો નફો મેળવી લેતા. આ મધ્ય એશિયાઇ ઘોડાઓને સિંધના પાલિયા, ગઢી તથા હૈદ્રાબાદના માર્ગો પરથી કચ્છના સામા કિનારે લાવવામાં આવતા હતા. ત્યાંથી કોરીનાળ પાર કરવા માટે તેમને નાની નાની હોડીઓમાં બેસાડવામાં આવતા અને સામે કિનારે આવેલ કચ્છના એ વખતના અગત્યનાં લખપત બંદરના કિનારે ઉતારતા, જ્યાંથી તેમને કચ્છી વેપારીઓ વિદેશ કે દક્ષિણ ભારત મોકલાવી દેતા હતા.[૪૫] રાયધણયુગમાં દેવચંદ, આશકરણ, ઝવેરશા,

---

૪૩. ઇમ્પિરિયલ ગેઝેટ, વોલ્યૂમ ૨ જું, પૃષ્ટ-૩૩૩.

૪૪. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યૂમ બારમું, પૃષ્ટ-૫૮૫.

૪૫. ટ્રાન્ઝેકશન ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યૂમ ત્રીજું, પૃષ્ટ-૫૫૭.

હંસરાજશા, શિવરાજશા, ઓધવજી જેવા ઘણા અગત્યના વેપારીઓ હતા. આ ઉપરાંત પાછળથી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જાણીતી થયેલી કચ્છની પેઢીઓનાં બી પણ આ વખતે વવાયાં. આમાં મોરારજીશા, ગુલાબચંદશા, કચરાપ્રધાન, રણછોડ ખેતાણી અને જુઠાશાની પેઢીઓનો સમાવેશ થતો હતો.

નિકાશ :-

રાયધણયુગમાં કચ્છનો નિકાશ વેપાર ઘણો સમૃધ્ધ હતો. કચ્છનાં બંદરોએથી હાથથી કાંતેલ અને વણેલ સુતરાઉ તથા રેશમી કીનખાબ, સાદું તેમજ વિશિષ્ટ ભરત ગુંથણ, છાપેલ રંગેલ બાંધણી બાંધેલ કાપડ, બન્નીને માંડવીનું સંધાડાકામ, ભુજનું ચાંદી પરનું નકશીકામ અર્થાત કચ્છ વર્ક, કમાગરોનું કાગળ કે લાકડા પરનું ચિત્રકામ, ઢાલ, તલવાર, મોટા મછવા, વહાણો, વહાણોનો સામાન, સઢ, ખીલા, લંગર, કાંટા, ત્રાંજવાં, સૂડી, ચપ્પૂ, માટીના વાસણ, મીઠું, ચીરોલી, ગેરુ, પીળી માટી ... વગેરેની નિકાશ થતી હતી. હેમિલ્ટન નોંધે છે કે, "કચ્છનો કપાસ મુંબઇ જાય છે. ઘી અને અનાજની પણ વિદેશોમાં નિકાશ થાય છે."૪૬

કેપ્ટન ડેવીડ સેટન કચ્છના નિકાશ વેપારનો ઇ.સ.૧૮૦૩ માં અહેવાલ આપતાં નોંધે છે કે, "તેઓ પોતાના પ્રદેશમાં બનતી વસ્તુઓની નિકાશ કરે છે. જેમાં ફટકડી, જડીબુટ્ટી, ઉદા રંગના પથરા, ઘી, અનાજ, ઘોડા અને ઉંટ મુખ્ય છે. ઉંટને ગુજરાતના રસ્તા ધ્વારા લગભગ આખા ભારતમાં પહોંચાડવામાં આવે છે. તેના બદલામાં રેશમી અને સૂતરાઉ કાપડ તથા મશરૂ મેળવવામાં આવે છે."૪૭

આયાત :-

હેમિલ્ટન કચ્છની આયાતોમાં ખાંડ, મરી, કાચું રેશમ તથા

---

૪૬. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૮૬.
૪૭. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં.-૧૩૪, પૃષ્ટ-૧૯૫.

કાપડના તાકાઓ ગણાવે છે. શ્રીમતી પોસ્ટન્સ જણાવે છે કે, "નિકાશ કરેલા સુતરાઉ કાપડના બદલામાં પરદેશ માંથી તાડફળ, કોફી, સૂકી દ્રાક્ષ, સુરમો, સેના નામની નેપાળા જેવી જુલાબની દવા અને રંગીન સાદડીઓ મંગાવવામાં આવતી હતી. આ આયાત રાતા સમુદ્ર અને ઝાંઝીબારના બંદરોએથી થતી. આ ઉપરાંત આફ્રિકાના બીજા કિનારાના બંદરો પરથી કચ્છ માટે હાથી દાંત તથા ગેંડાના શીંગડાં આવતાં હતાં."[૪૮]

કેપ્ટન ડેવીડ સેટન ઇ. સ. ૧૮૦૩ માં નોંધે છે કે, "કચ્છીઓ ધણી વસ્તુઓની આયાત કરે છે. તેમાં ચોખા, હાથીદાંત, ખાંડ, લોખંડ અને વહાણો બાંધવાનો સામાન પોતાના ઉપયોગમાં રાખે છે અને બીજી વસ્તુઓની અન્ય દેશોમાં ફરીથી નિકાશ કરી દે છે તથા ઉપરનું કમીશન મેળવે છે."[૪૯] ઇ. સ. ૧૮૦૪-૫ ના વર્ષ દરમ્યાન કરાંચીથી નીચે પ્રમાણે અનાજ આયાત કરવામાં આવ્યું હતું.[૫૦] :-

અનાજનું નામ.		મણ.	શેર.
ચોખા.	...	૧૯૬૮	૨૯
મગ.	...	૩૬૯	૨૦
ધઉં.	...	૮૪૨૬	૧૪
ભારે ચોખા.	...	૨૩૦	૩૦
બાજરી.	...	૧૮	—
ચણા રાશી.	...	૫૯	૧૦
લોંગ.	...	૯	—
જુવાર.	...	૭૧૯	૨૦
મસૂર.	...	૬	૩૩ાાા
કાબૂલી ચણા.	...	૪૦	—

શ્રી. બાંભણાઇના નોંધ્યા મુજબ, "આફ્રિકાથી હાથીદાંત,

---

૪૮. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૨.
૪૯. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૪, પૃષ્ટ-૧૯૫.
૫૦. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નં-૧૭૦, પૃષ્ટ-૪૦૫૩.

ગેંડાનાં શીંગડાં, કચકડા, કાચબાની પીઠ, મીણ, રોગાની કામ માટે ચંદ્રુસ, નાળિયેર, તેની અખંડ કાચલી, લવીંગ, ખજૂરીના પાનની સાદડી, જાંભિ, છાલ તથા કરંડિયા અને છાલના ડબાની આયાત કરવામાં આવતી. ઇરાનના બંદરોએથી ખજૂર, અફીણ; શ્રીલંકા, જાવા અને માલ-દિવથી નાળિયેર, તેજાના તથા મસાલાની વસ્તુઓ ; ચીનથી કાચું રેશમ, રોગાન લગાડેલી છત્રીઓ, ખડી સાકર, ધોમની લાલ પાસાદાર કણા સાકર અને બ્રહ્મદેશથી ઇમારતી લાકડાં આવતાં હતાં."[૫૧]

વિદેશ વેપાર :-

રાયધણયુગની અવ્યવસ્થાભરી પરિસ્થિતિને લીધે ઘણા સાહસિક વેપારીઓ તથા બુધ્ધીજીવીઓ માટે આગળ આવવું મુશ્કેલ બની ગયું હતું તેથી તેમાંના કેટલાય મુંબઇ અને કચ્છની આજુબાજુના પ્રદેશમાં ફેલાઇ ગયા. ત્યાંની રાજકીય સ્થિરતા અને શાંતિએ તેમને સમૃધ્ધિ આપી. આવા વેપારીઓ અને બુધ્ધિજીવીઓમાં અનુક્રમે બ્રહ્મક્ષત્રી તથા ભાટિયાઓનો સમાવેશ થતો.

વર્ષોથી કચ્છનો વેપાર પૂર્વ આફ્રિકાના તથા અરેબિયન દ્વીપ-કલ્પના દેશો સાથે ચાલુ હતો. મોઝાંબિક, સોફાલા, ઝાંઝીબાર, કિલવા, મલિંડા, મોમ્બાસા વગેરે બંદરોમાં કચ્છી વેપારીઓ વસતા હતા. ઇ.સ. ૧૮૦૬ પછી આ સ્થળાંતર અને પરદેશગમનની પ્રવૃત્તિને વેપારના વિકાશ સાથે વેગ મળયો. વેપાર વિકાશની આ પ્રવૃત્તિઓમાં ગુજરાતનું નામ રોશન કરવામાં કચ્છના ભાટિયા, લોહાણા અને ખોજાઓનો ફાળો વિશેષ તથા મહત્વનો હતો.[૫૨]

વિદેશો સાથેના વેપારને કચ્છીઓ, "સફરી" તરીકે ઓળખતા. આ સફરી જગતબેટથી આગળના ભારતનાં તથા વિદેશના તમામ બંદરો માટે ગણાતો. દેશી અથવા આંતરિક વેપારને "બારી" તરીકે ઓળખવામાં

---

૫૧. કચ્છ બૃહદ ભૂગોળ, પૃષ્ટ-૭૩.
૫૨. "પથિક" ફેબ્રુઆરી, ૧૯૭૩, પૃષ્ટ-૨૫.

આવતો.[૫૩]

વિદેશોમાં લેવડ દેવડ :-

રાયધણયુગમાં વિદેશોમાંચલણમાં લેવડ દેવડ ઓછા પ્રમાણમાં કરવામાં આવતી. એનાં કરતાં વધારે પ્રચલિત રીત વિનિમયની હતી. અરેબિયન દ્વીપકલ્પમાં ઇજિપ્ત અને ભારતના બીજા વિસ્તારોનાં જહાજો ભેગાં થતાં અને બંદરોમાં જ માલની અરસપરસ લેવડદેવડ કરીને પોતાના મુલકમાં પાછાં વળતાં. આ લેવડ દેવડમાં માંડવીના વેપારીઓ પોતાની ચતુરાઇ, મૂડી અને લાગવગના ચઢિયાતાપણાથી બીજા વેપારીઓને પાછા પાડી દેતા હતા. તેમ શ્રી. બાર્ટન નોંધે છે.[૫૪]

ઝાંઝીબાર સાથે વેપાર :-

ઇરાનના અખાત ઉપર આવેલા મસ્કત બંદરેથી કચ્છી વેપારીઓ પૂર્વ આફ્રિકા સાથે લગભગ ૩૦૦ વર્ષથી વેપાર કરતા હતા. જંગબાર કે ઝાંઝીબાર અને પૂર્વ આફ્રિકાના અન્ય બંદરો પોર્ટુગીઝોનાં તાબામાં હતાં. પણ રાયધણજીના રાજ્યારોહણ પછીનાં બે વર્ષે એટલે કે ઇ. સ. ૧૭૮૦ માં મસ્કતનાં સુલતાને ઝાંઝીબાર પોર્ટુગીઝો પાસેથી જીતી લીધું અને તેનો શાહજાદો મસ્કતનો પ્રથમ સુલતાન થયો.[૫૫]

ઝાંઝીબારનો વેપાર માંડવી અને મસ્કત સાથે ખીલવવા મસ્કતના સુલતાને કચ્છી વેપારીઓને ઝાંઝીબાર મોકલ્યા. આ વેપારીઓમાં જયરામ શિવજી, શેઠ ઇબજી શિવજી, શાહ સૌભાગ્યચંદ દેવશી, શેઠ ખેંગાર ગોવિંદજી, શેઠ થાર્યા ટોપણ, શેઠ શિવજી હાજી વગેરે અનેક કચ્છી ભાટિયા અને ખોજાઓની પેઢીઓમાં ઝાંઝીબાર ખાતે કેટલાય કચ્છીઓ કામ કરતા હતા. ઇ. સ. ૧૮૦૪ થી ૧૮૫૬ સુધી જયરામ શિવજીની પેઢી

---

૫૩. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૯૯.
૫૪. પેરીપ્લસ, પૃષ્ટ-૩૪.
૫૫. "પથિક" ફેબ્રુઆરી, ૧૯૭૩, પૃષ્ટ-૨૫.

સુલતાન માજીદ, સુલતાન બરગસ અને સુલતાન સૈયદના સમય સુધી ઝાંઝીબારનો કસ્ટમનો ઇજારો ધરાવતી હતી. આ ઇજારો ૩૦,૦૦૦ રીયાલનો હતો.[૫૬]

આ પેઢીના મુનિમ લધા દામજી સુલતાનના કારભારી હતા. તેમણે કસ્ટમ ખાતાનો ભારે વિકાસ કર્યો. સમગ્ર ઝાંઝીબારમાં થાણાં નાખ્યાં જેમાં એક આરબ જમાદાર તથા ૧૦ થી ૧૫ લશ્કરીઓ અને બે ત્રણ મુનિમો રહેતા હતા. નાગરિક, મહેસૂલ અને ન્યાયની સત્તા સૌ ઠેકાણે જેરામ શિવજીની પેઢીના હાથમાં હતી. લશ્કરી સત્તા આરબ જમાદારના હાથમાં રહેતી.

ઇ.સ. ૧૮૧૧ માં મુંબઇ સરકારના ફરમાનથી કેપ્ટન સ્નેલે ઝાંઝીબારની મુલાકાત લીધી ત્યારે સુલતાન સૈયદ સૈયદે હિન્દી વેપારીઓ પર ખૂબ કર નાખ્યા હતા. અને તે પરાણે પૈસા પડાવતો હતો. તેથી બ્રિટિશ પ્રજાના રક્ષણ માટે "સીલ્ફ" નામનું બ્રીગ પ્રકારનું એક યુધ્ધ જહાજ ઝાંઝીબારમાં રખાયું.

ઝાંઝીબારથી કચ્છમાં દર વર્ષે ૨૦૦ ગુલામો, હાથીદાંત, ગેંડાનાં ચામડાં, નાળિયેર, જુવાર, સોહીલી ચોખા, મીણ, તેલ, લીંબુની છાલ, લવિંગ, ચટાઇ અને બળદનાં ચામડાં આવતાં. છએક વહાણો આ વેપાર માટે રોકવામાં આવતા. તેઓ વર્ષની ફક્ત એકજ મુસાફરી કરતાં. પોષ માસમાં રવાના થઇ વેશાખમાં પાછાં આવી જતાં. એ વખતે ઝાંઝીબારમાં રિયાલ સિવાય અન્ય કોઇ જાતનાં સિક્કાનું ચલણ નહોતું. નાની રકમની લેણદેણ વિનિમયમાં જ થતી. માંડવીથી મીઠું, અફીણ, જોડાં અને ચામડાંના પીપો આવતાં.

મોઝાંબિક સાથે વેપાર :-

આફ્રિકાના પૂર્વ કિનારે આવેલી આ પોર્ટુગીઝ વસાહતમાં

---

૫૬. કચ્છનું વેપારતંત્ર, પૃષ્ઠ-૨૨.

પહેલેથીજ હજારો કચ્છીઓ જઇને વસી ગયા હતા. છેક વાસ્કો-ડી-ગામા આ બાજૂ આવ્યો ત્યારે પણ કચ્છી ખલાસીઓ આ પ્રદેશમાં હતા તેમ કહેવાય છે. આમ કચ્છ અને મોઝાંબિકના સંપર્કો ઘણા જૂના હતા. મોઝાંબિક પહોચતા કચ્છી જહાજ પાસેથી પોર્ટુગીઝ અમલદારો શરતોની સનદો અને ખારવાઓનું પત્રક માગતા હતા.[૫૭]

પેમ્બા સાથે વેપાર :-

ઝાંઝીબારની બાજુમાં આ ટાપુ આવેલો છે. તેને લવીંગનો ટાપુ કહેવામાં આવે છે. તેની મુખ્ય નિકાશ લવીંગ હતી. ઝાંઝીબારની માફક આ ટાપુમાં લધા દામજીના ભત્રિજા પુરૂષોત્તમનું વર્ચસ્વ હતું. અને જકાતનો તે ઇજારદાર હતો.[૫૮]

મકરાણ સાથે વેપાર :-

માંડવીના વહાણો મકરાણના સોનમિયાણી, અરબુના, સાતા ડાયસની ગ્વાદર અને ચોબાર બંદરોએ જતાં. લગભગ ૪૦ થી ૫૦ જહાજો વર્ષમાં ચાર પાંચ ખેપ કરતાં. આ જહાજો પોતાની સાથે સાગ, સીસમ અને ફણસનાં લાકડાં, પેટીઓ, ઢાલો, મશરૂ, હળદર, જીરૂ, સૂંઠ, કાળાં મરી, રંગીન કાપડ અને ધાતુઓ લઇ જતાં. મકરાણથી ઘી, સરસ, ઘઉં, મગ વગેરે લાવતાં.

રાતા સમુદ્રનાં દેશો સાથે વેપાર :-

માંડવીનો વેપાર બાબલ માં-ડબની સામુદ્રધુની બહાર બુરબુસના બંદર સુધી હતો. વર્ષે ચાર-પાંચ વહાણો કચ્છથી ત્યાં જતાં અને વળતાં મોખા કે મુંબઇ થઇને આવતાં. બુરબુસથી ગુંદર, બાબુલ, ખેર તથા એરિયો કચ્છમાં આવતાં જ્યારે કાપડ તથા મશરૂ કચ્છથી મોકલવામાં આવતું.

---

૫૭. હિન્દુસ્તાનના રક્ષિત રાજાઓ, પૃષ્ઠ-૨૭૮.
૫૮. "પથિક" ફેબ્રુઆરી, ૧૯૭૩-પૃષ્ઠ-૨૭.

આ ઉપરાંત કોફી અને ઘી પણ કચ્છી જાહજો લાવતાં. મોખા બંદરે કાપડ, સુતર, છીંકણી, નવસાર, ટંકણખાર, લાખ, પબડી, લિખિયા, ગાંજો, તાડી અને તલ ઉતરતાં તથા ત્યાંથી દ્રાક્ષ, અંજીર, ખજૂર, મીઠી આંબલી, બટાટા, મજીઠ અને એળીયો ચઢતો.

એડનમાં હજારો કચ્છી વેપારીઓ વસેલા. ખાસ કરીને મીઠાનો વેપાર તેમના હસ્તક રહેતો. શ્રી. ડુંગરશી ધરમશી સંપટ નોંધે છે કે, એડનમાં શેઠ હાજી લાલજી અને જુમાભાઇ લાલજી મીઠાનાં કારખાના ધરાવતા હતા.[૫૯] અઢારમી સદીમાં મસ્કતમાં કચ્છી ખોજા, ભાટિયા અને ગોસાઇઓએ પેઢીઓ સ્થાપી. જેમાં છેવટે ભિમાણી રતનશી પરસોત્તમની પેઢી નામાંકિત બની ગઇ. મસ્કત માંથી તાડફળ, ચોખા, કોપરેલ, ખારેક, ખજૂર, રેશમ, ગરમ મસાલો વગેરે આયાત થતું.

<u>ભારતના પશ્ચિમ કિનારાનો વેપાર :-</u>

કચ્છનો ખાસ કરીને મલબાર અને મેસૂર તરફના પ્રદેશોમાં વેપાર સારો ચાલતો. મુખ્ય વેપાર લાકડુંમ, સઢનું કાપડ તથા ઉંચી જાતનાં ચોખાનો રહેતો. પ્રસંગોપાત અન્ય વસ્તુઓનો પણ વેપાર થતો. કોચીનથી લાકડું, નાળિયેર, કાથો, સોપારી, ચોખા, કાપડસેલા, પટકા-ચોકડી અને ગુલાલ બનાવવાનું પતુંગનું લાકડું કચ્છમાં આવતું.[૬૦] જ્યારે કાલીકટથી સીસું, લીલા કાચ, તાંબુ, ઇલાયચી, મરી, આદુ, સૂંઠ, વાંસ, સાગ, કુસતુન નામની વનૌષધી, પીળા રંગની માટી, અન્ય રંગો તથા દવાઓ આયાત કરવામાં આવતી.[૬૧] ટીપુ સુલતાન જીવ્યો ત્યાં સુધી મેસૂર સાથે પણ માંડવી અને મુન્દ્રામાંની કોઠીઓથી વેપાર ચાલતો હતો.

---

૫૯. કચ્છનું વેપારતંત્ર, પૃષ્ટ-૩૮.
૬૦. સ્વદેશ દીપોત્સવી, વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ-૫૮.
૬૧. ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૪૪૯.

સિંધ સાથે વેપાર :-

રાયધણયુગમાં કચ્છથી સિંધમાં ઘણા વેપારીઓ ગયા હતા અને સિંધનાં મોટાં મોટાં શહેરોમાં તેમણે પેઢીઓ સ્થાપી હતી. આવી કેટલી પેઢીઓ છેક ઉમરકોટ સુધી હતી. હૈદ્રાબાદમાં બહુમતિ મુસ્લિમો હોવા છતાં કેટલાય કચ્છના ધનવાન હિન્દુઓ રહેતા હતા.[૬૨] કચ્છ સિંધનો પડોશી હોવાને લીધે આ વેપારીઓ કચ્છ સાથે અને કચ્છ મારફત ભારતના બીજા વિસ્તારો સાથે વેપાર ખેડતા હતા.

કચ્છના બંદરો પરથી સિંધ તરફ જતાં વહાણોમાં કેટલાંક જહાજો ત્યાંથી માલ ભરી લાવવા માટે ખાલી જતાં હતાં. જ્યારે કેટલાંક વહાણો સીસમ, દુપલા, પુની અને અડકાટનાં લાકડાં તેમજ મુંબઇ બરની સાકર અને ગોળ લઇ જતાં. કચ્છનો સિંધ સાથેનો વેપાર એક બાજુએ લખપત, જખૌ, માંડવી, મુન્દ્રા અને અંજારના માર્ગે અને સામે બાજુએ મગરાબી, સબુન્દર, ગોરબારી અને કરાંચી તેમજ અગાઉ દારાજીના માર્ગે થઇને ચાલતો. સિંધથી કચ્છમાં સફેદ અને રાતા ચોખા, બાજરી, હળદર, પબડી વગેરે આવતાં. કચ્છથી લખપત માર્ગે લોખંડ, લોઢું, સીસું, પતરૂં, સાકર, જીરાસાર ચોખા, સોપારી, દોરડાં, સિંદૂર, નાળિયેર, કથરોટો, ખજૂર, ખારેક, લાકડું, સઢ, લાંબુ મશરૂ કાપડ, લવિંગ, એલચી, દાળચીની, કબાબચીની, લોબાન, ચંદન, રેશમની દોરી, રૂમાલ, બારી સેલા, પટકા, દુપટ્ટા, મદ્રાસી કાપડ તેમજ મુંબઇનું કાપડ સિંધમાં જતું હતું.

ખેતીવાડી :-

કેપ્ટન બર્ન્સ નોંધે છે કે, "ખેતીવાડી પર ગુજારો કરનારની સ્થિતિ સારી નહોતી. જાડેજા ગરાસદારોની હકૂમત હેઠળનાં ગામોમાં એટલી અંધાધૂંધી રહેતી કે, ખેતીવાડીનો ધંધો કરવા માટે લોકોમાં ઉત્સાહ નહોતો. વાગડમાં ઓછી વસ્તિ હોવાથી ખેતી પણ ઓછી

---

૬૨. ભારતમાં અંગ્રેજી રાજ્ય, પૃષ્ટ-૨૫૩.

ઓછી થતી. વળી પારકર તરફથી આવતા હુમલાઓને કારણે એટલું તો નુકશાન થતું કે જમીન પડતર રાખવા સિવાય બીજો કોઇ ઇલાજ નહોતો. અર્ધોઅર્ધ જમીન પડતર થઇ ગઇ હતી." ૬૩

વાગડના પ્રમાણમાં અબડાસાની સ્થિતિ સારી હતી. ત્યાં કપાસ, એરંડા અને તમાકૂનો પાક સારા પ્રમાણમાં થતો. કચ્છમાં અનાજ કરતાં તેલીબિયાં જેવી રોકડિયા ફસલ પ્રમાણમાં વધારે લેવામાં આવતી. રાયધણ અને ફતેહમહમદનો સમકાલીન કેપ્ટન મેકમુર્ડો નોંધે છે કે, "પર્વતની બે મુખ્ય હારોની વચ્ચે આવેલો ખીણનો પ્રદેશ તથા સમુદ્રા કાંઠાનું મેદાન ખેડવા લાયક હતાં. વાગડમાં તથા ડુંગરની તળેટીઓમાં આવેલી કેટલીક ફળદ્રૂપ જમીન સિવાય આખા દેશમાં ગોરાડુ જમીન ઉપર એકથી છ ઈંચ સુધીનું રેતીનું પડ પથરાયેલું હતું. નવેમ્બરમાં બાજરો, કઠોળ, તથા કપાસ પાકતાં ત્યારે જાન્યુઆરીમાં તેલી પદાર્થના રોપ નિપજતા. ત્યાંના ખેડૂતો ખેતીમાં કુશળ નહોતા. આખા પ્રાંતમાં કણબી લોકોની વસ્તિ નહોતી. ઢોર ચરાવનારા આહિર, રબારી, ચારણ અને મુસ્લિમો ખેતી કરતા હતા. ખળે નાખવા લાયક ધાન્યની ખેતી ઘણી ખરાબ સ્થિતિમાં હતી. સાધારણ રીતે નહેરો ખોદીને કામ ચલાવાતું. પાણીની છત હોય ત્યાં શેરડી, ઘઉં તથા જવ શિયાળામાં પાકતા અને ઉનાળુ બાજરી પણ થતી. કચ્છમાં શાકભાજી પૂષ્કળ થતી તથા કચ્છી તડબૂચ અને દ્રાક્ષ ઘણાં પ્રખ્યાત હતાં." ૬૪

ચોખા અને સેરા પ્રદેશ :-

જ્યાં સુધી કોરી અને સિંધુની બીજી શાખાઓનું પાણી સેરાના પ્રદેશોમાં આવતું ત્યાં સુધી કચ્છનો લખપત વિસ્તાર ચોખાની સાથે ઉત્તમ પ્રકારનું બીજું અનાજ પકવતો હતો. એલેક્ઝાન્ડર બર્ન્સ નોંધે છે કે, "મને મળેલ માહિતી મુજબ સેરાનું અનાજ ઘણું ઉંચા પ્રકારનું હતું અને

---

૬૩. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૨૧.
૬૪. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ ૫-મું, પૃષ્ટ-૧૬૦.

કચ્છના ખેડૂતો વર્ષમાં ત્રણ પાક લેતા હતા."[૬૫] આ સેરાનો પ્રદેશ લખપત અને સિંધની વચ્ચે આવેલો હતો. કચ્છની સરકારને ઇ.સ. ૧૮૦૭ પહેલાં આ પ્રદેશ લગભગ બે લાખ રૂપિયાની આવક કરી આપતો હતો.[૬૬]

કચ્છની અને સેરાની આ ખુશનસિબીમાં ઇ.સ. ૧૮૦૭ પછી ઓટ આવવા માંડી અને ધીમે ધીમે સિંધુનું પાણી કચ્છમાં આવતું બંધ થયું. ઇ.સ. ૧૮૦૭ અને ૧૮૧૯ ની વચ્ચે રાયધણયુગમાં સેરાની મુલાકાત લેનાર કેપ્ટન મેકમુર્ડો નોંધે છે કે, "લખપતનાં ડાંગરના ક્યારાઓ ઉજ્જડ પડયા છે."[૬૭] આનો અર્થ એ થાય કે ક્યારા તો હાજર હતા પણ પાણીનો અભાવ હતો. છતાંય શ્રી. સંપટ નોંધે છે કે, "કચ્છ ઇ.સ. ૧૮૧૮ સુધી સિંધુની દકોરી શાખાને લીધે અનાજની બાબતમાં સ્વાવલંબી હતું અને તેની ઉપજ લગભગ સાત લાખ કોરી રહી."[૬૮]

<u>સિંચાઇ :-</u>

હેમિલ્ટન પબ્લિક જરનલના આધારે નોંધે છે કે, "અંજાર પરગણામાં ખડકો ખોદીને ૨૩ ફૂટ ઉંડેથી પાણી મેળવવામાં આવતું હતું. અહીંયા ગમે ત્યાં ખોદતાં વધુમાં વધુ ૩૬ ફૂટની ઉંડાઇએ પાણી આવી જતું હતું. આ કુવો ખોદવાનો ખર્ચ લગભગ રૂપિયા ૧૧૨ જેટલો થતો.[૬૯] આ પાણીનો ઉપયોગ સિંચાઇમાં થતો તેથી થોટલેસ જ્યારે આ પ્રદેશમાં પસાર થતો હતો ત્યારે તેણે અંજાર પાસે કેટલાંક કપાસ અને જુવારના ખેતરો જોયાં હતાં. વૌંધની પાસે બે નાનકડા પર્વતની વચ્ચે એક ફળદ્રૂપ ખીણ હતી. જેમાં કુમળા ઘઉંના છોડો હતા. આવા છોડો બંધડી અને સીકરા

---

૬૫. ટ્રાન્ઝેક્શન ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યૂમ ત્રીજું, પૃષ્ટ-૫૬૨.
૬૬. એ નેરેટિવ ઓફ એ વિઝિટ ટુ ધી કોર્ટ ઓફ સિંધ, પૃષ્ટ-૨૧.
૬૭. કચ્છ વૃતાંત, પૃષ્ટ-૮૫ અને ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી વોલ્યૂમ પાંચમું, પૃષ્ટ-૧૬૦.
૬૮. કચ્છનું વેપારતંત્ર, પૃષ્ટ-૪.
૬૯. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૯૮.

ના વિસ્તારમાં પણ હોવાથી નોંધ થોટલેસે લીધી છે.[૭૦] મીઠા પાણી સિવાય આ વિસ્તારમાં ખેતી અશક્ય હતી. તેથી આ વિસ્તાર રાયધણ-યુગમાં સિંચાઇના ક્ષેત્રમાં હતો. વળી ફતેહમહમદનો જાગીર પ્રદેશ હતો તેથી તેના તરફ વિશેષ ધ્યાન અપાતું.

લેફટનન્ટ વિલિયમ પોટીન્જર નોંધે છે કે, " લખપતથી પૂર્વ તરફ જતાં એક પણ ઝરણું આવતું નથી. ફક્ત ચોમાસામાં વરસાદ વરસતો હોય ત્યારે આવું ઝરણું ફૂટી નીકળે છે. છેક લખપત પછીના ૮૦ માઇલ સુધીનાં વિસ્તારની આ સ્થિતિ છે. છતાંય અહીંના લોકો તળાવ, ઝરા અને ખાબોચિયાં અથવા વિરડા માંથી પાણી મેળવે છે. આવું પાણી રેતાળા નાળા પાસેથી પણ મળે છે. દરિયા કિનારે સિંચાઇ લાયક પાણી છે."[૭૧] આ વર્ણન ઉપરથી લખપત અને અબડાસા વિસ્તાર ફળદ્રૂપ હતો અને ત્યાં નાના પાયા પર સિંચાઇથી ખેતી થતી હતી તેમ લાગે છે.

આ ઉપરાંત તળાવો થી ઠીક પ્રમાણમાં સિંચાઇ થતી હતી. રાયધણયુગમાં બળદીયાનું કૃષ્ણ તળાવ તથા બંકડસર, ભદ્રેશ્વરની દૂધીયા-વાવ, ભુજનું દેશલસર અને માંડવીનું ટોપણસર આવા પ્રકારનાં મોટાં તળાવો હતાં.

સ્ત્રીઓનો ફાળો :-

ખેતીવાડીમાં સ્ત્રીઓ એક અગત્યનું પરિબળ હતી. અનાજ વાવ્યા પછીની તમામ ક્રિયાઓમાં તેમની મદદની જરૂર રહેતી. શ્રીમતી પોસ્ટ-ન્સે નોંધ્યું છે કે, "અનાજને ઉપણવાના કામમાં સ્ત્રીઓ અગત્યનો ભાગ ભજવતી. તેઓ નાનકડી ટોપલીમાં અનાજ લઇને પવનની દિશા તરફ રાખીને તેને ઝાટકતી હતી. આ વખતે જોરદાર રીતે ફૂંકાતો પવન

---

૭૦. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૪ અને ૩૫૫.
૭૧. ટાન્ઝેક્શન ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યૂમ પહેલું, પૃષ્ટ-૨૪૪.

અનાજ માંથી કચરો દૂર કરતો અને અનાજ એક મોટા ઢગલામાં પડતું હતું. બાજુમાં ગુણાપર કોથળા લાદેલાં ગધેડાંઓ ઉભાં રહેતાં તેની મારફત વેપારીઓ અનાજને વખારમાં લઇ જતા."૭૨

તીડ :-

કચ્છમાં રાયધણયુગ દરમ્યાન ફક્ત એકજ વખત ખેતરોમાં તીડોએ આક્રમણ કરેલું. આ આક્રમણ ઇ.સ.૧૮૧૧ માં થયું હતું.૭૩ તમામ અનાજ આ તીડો ખાઇ ગયાં. વળી તેનાં બીજા ચોમાસે વરસાદ વરસ્યો નહિ. પરિણામે દુષ્કાળ પડયો અને એજ દુષ્કાળમાં પ્લેગ ફાટી નીકળયો. આમ કચ્છ પર કુદરતિ આફતોનાં ઓળા પડવા શરૂ થયા.

કચ્છી વહાણવટું :-

કચ્છી નાવિકો પરંપરાથી બાહોશ અને સાહસિક રહ્યા છે. શ્રીમતી પોસ્ટન્સે માંડવીના માલમોની પ્રસંસા કરતાં લખ્યું છે કે,"તેઓ કોઇ અધ્યતન આગબોટનું સંચાલન કરતા હોય તેવી ઝીણવટથી નોંધ રાખતા હતા તથા અક્ષાંશ રેખાંશની ગણતરી કેવળ ઉટાંગથી કરી લેતા હતા."૭૪ તેઓ આગળ નોંધે છે કે " માલમો ઘણા બુધ્ધિશાળી હતા અને દરિયાના માર્ગની સાચી જાણકારી ધરાવતા. તેઓ હોકાયંત્રનો યોગ્ય રીતે ઉપયોગ કરતા હતા. વળી વહાણ હંકારવા નકશાનો પણ સહકાર લેતા. રાતા સમુદ્રના બધાં બંદરો અને છેક આફ્રિકાના પૂર્વ કિનારે, શ્રીલંકા તથા ચીન સુધી તેઓ જતા આવતા હતા.૭૫

સુંદરજી તથા તેના ભાઇનો એક જહાજોનો કાફલો હતો એવા નિર્દેશો મળે છે. આ જહાજો માટે કેટલીક સામગ્રી મુંબઇની ડંકનની

---

૭૨. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૧.
૭૩. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ ૫ મું, પૃષ્ટ-૧૫૫.
૭૪. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૬.
૭૫. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૭૨.

સરકારે મંજૂર કરેલી તેમ ગવર્નરના તા. ૩-૧૨-૧૮૦૨ ના કેપ્ટન સેટનના પત્રથી લાગે છે.[૭૬] ગેઝેટિયરકાર નોંધે છે તેમ માંડવીમાં બંધાયેલ જહાજ રાયધણયુગમાં છેક ઈંગ્લેન્ડની ખેપ કરી આવતું હતું.[૭૭]

આરબ ખલાસીઓ :-

કચ્છી જહાજોમાં આરબ ખલાસીઓને રાખવામાં આવતા હતા. અત્યારે રાતા સમુદ્રમાં યમનનાં કબજામાં રહેલું અને એડનની સરહદ પર આવેલું મોખા કે મોચ બંદર રાયધણયુગમાં રાતા સમુદ્રનું પ્રવેશદ્વાર ગણાતું. અરેબિયન દ્વીપકલ્પ પર તે એક મહાબંદર હતું. તેના ખલાસીઓ ઘણા કુશળ ગણાતા. તેથી કચ્છી વહાણોમાં તેમને ખાસ પસંદ કરવામાં આવતા. આ ઉપરાંત રાતા સમુદ્રનાં બીજાં બંદરો માંથી આરબ ખલાસીઓ આવીને માંડવીમાં નોકરી મેળવતા.

તેઓ બહાદૂર અને સહાસિક જાતિના હતા. પોષાકમાં પગની પાનીએ પહોંચે તેટલો લાંબો ખૂલતો ડગલો તેઓ પહેરતા. જ્યારે માથા પર સુંદર પાઘડી પહેરતા. એ સમયે આવી પાઘડી એશિયામાં સામાન્ય હતી. તેમનો આવો પોષાક તેમને કચ્છીઓથી સહેજ અલગ તારવતો. તેમનો બીજો પોષાક સામાન્ય રીતે વધારે કાળા રંગનો હતો. જે ઝાંખા ઉદા રંગ જેવો લાગતો. તેમના ચહેરામાં તેમની સતત કાર્યશીલતા અને ઝળહળતી હોંશીયારીનાં દર્શન થતાં. તેમની રીતભાત થોડી ખરાબ હતી. તેમની સાથેનો વ્યવહાર જોખમ ઉભું કરે તેવો રહેતો. એટલે કે તેઓ જલ્દી ક્રોધે ભરાઇ જતા હતા. પરંતુ જો કોઇ તેમને સામેથી પડકારતું તો શાંત થઇ જતા.

સીદી ખલાસી :-

કર્નલ ટોડે સીદી ખલાસીઓ જેવા વધારે આનંદિત અને ચપળ

---

૭૬. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ,ડાયરી-૧૩૩, પૃષ્ઠ-૭૭૨૧.
૭૭. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ઠ-૬૧૧ અને ૬૧૨.

ખલાસીઓ બીજા નહોતા જોયા. તેના નોંધ્યા મુજબ તેમનો સ્વભાવ ઘણોજ મળતાવડો હતો. ગુલામીના વેપારના યુગમાં અર્થાત રાયધણયુગની શરૂઆતમાં આ ખલાસીઓ ૨૦૦ થી ૩૦૦ કોરીમાં વેંચાતા લાવવામાં આવતા હતા.[૭૮]

પાણીની ઉંડાઇનું માપ :-

કચ્છી ખલાસીઓ દરિયાનું પાણી ક્યાં કેટલું ઉંડું છે તેનો ખ્યાલ તરત મેળવી લેતા. તે માપવા તેમની પાસે વિશિષ્ટ પધ્ધતિ હતી. વિ. સં. ૧૮૩૬ માં લખાયેલી વીસરામ હરદાસાણી નામના કચ્છી માલમની ડાયરીમાં આ પધ્ધતિ આલેખી છે તે મુજબ, "બપોરે દરિયાના પાણીમાં સૂરજનો રંગ જોવો. જો તેનો રંગ કાળો દેખાય તો તળીયું નજીક છે તેમ માનવું. જો રંગ પીળો હોય તો દસ જામ ઉંડે છે. સફેદ હોય તો વીસ, લીલો હોય તો ત્રીસ અને લાલ હોય તો ધરતી બહાર જ છે તેમ માનવું તેવી સમજ છે."[૭૯] આમ બહુજ વ્યવહારૂ પધ્ધતિથી કચ્છના ખલાસીઓ પાણીનું ઉંડાઇનું માપ કાઢી લેતા.

વહાણોના પ્રકાર :-

કચ્છી વહાણો બતેલા, નાવડીઓ અને કોટિયા પ્રકારનાં હતાં. આ ઉપરાંત કચ્છનાં બંદરોએ અરબસ્તાનનાં ઢીવ, સિંધના ધંગી, મકરાણના બગલા અને મલબારનાં ફતેમારી નામના જહાજો આવતાં હતાં.[૮૦]

કચ્છી જહાજને વિદેશ વિદાય કરતાં પહેલાં સીદી ખલાસીઓ તેમને સારી રીતે શણગારતાહતા. વિદેશ જતાં જહાજો સામાન્ય રીતે ૧૨૫ ટન હતાં. દરેક વહાણ પર તોપો રહેતી કારણ કે રાયધણયુગમાં દરિયામાં ચાંચિયાઓનો ઉપદ્રવ વધારે રહેતો.[૮૧] કચ્છમાં સામાન્ય

---

૭૮. સ્વદેશ દીપોત્સવી, વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ-૫૭.
૭૯. પેરીપ્લસ, પૃષ્ટ-૩૪.
૮૦. સ્વદેશ દીપોત્સવી, વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ-૫૭.
૮૧. ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૪૫૦.

રીતે આરબ જહાજો ઢંડી અને કોટિયાનો ઉપયોગ થતો હતો.

૧. આરબ જહાજો :- કચ્છમાં વપરાતાં આરબોનાં જહાજો તેમના "જનાનખાના" જેવાં સુંદર હતાં. જહાજમાં કેનવાસ જડવામાં આવતું અને તેમાં પ્રથમ વર્ગના મુસાફરો બેસતા. તેઓ મુખ્યત્વે આફ્રો-એશિયાઇ કાળા રંગનાં હતાં. વહાણના આગળના ભાગમાં સેંકડોની સંખ્યામાં માટીની બરણીઓ લટકતી જે નાવિકો માટે જોખમરૂપ હતી.

૨. ઢંડી :- કચ્છની ઉત્તરે કોરીની ખાડીમાં પાણીની ઉંડાઇ ઓછી હોવાથી ત્યાં સપાટ તળિયાવાળી હોડીઓ ચાલતી હતી. જેને ઢંડી કહેવામાં આવતી. તેની ચારે બાજુ દોરડાં રાખવામાં આવતાં જેથી તેને બહુ છીછરા પાણીમાં ખેંચી શકાતી. આવી હોડીઓ આજે પણ સુરખાબનગર જવા માટે ઉપયોગમાં લેવી પડે છે. તે ૨૦ થી ૩૦ ખાંડી વજન લઇ જઇ શકતી અને પવનની દિશામાં વહેતી. રણમાં તો તેને ઉંટની પાછળ બાંધી દેવાતી. અલ્લાહબંધ અને લખપત વચ્ચે પાણી વધારે ઉંડું હોવાથી તેઓને લાંબી લાકડીઓ અને વાંસથી તળિયાં ધક્કાવીને આગળ હંકારવામાં આવતી. જ્યારે કોરી નદીનો કિનારો નજીક આવતો દેખાય ત્યારે હોડીવાળાઓ દોરડાંથી તેને ખેંચતા. આ કામ કંટાળાજનક અને ખૂબ મહેનત માગી લે તેવું હતું. અલ્લાહબંધ અને લખપત વચ્ચે જો આવી મુસાફરી કરવી હોય તો ૫૪ કલ્લાક લાગતા.[૮૨]

૩. કોટિયા :- કોટિયા નામે ઓળખાતું કચ્છનું જહાજ વિદેશીઓને અણઘડ લાગતું. કારણ કે શ્રીમતી પોસ્ટન્સે જે જહાજમાં મુસાફરી કરી હતી તે આવા પ્રકારનું હતું. વિદેશીઓ માટે આ જહાજ અડધા તૂટકવાળું અને તેમની એકલતા ન સંચવાય તેવું હતું. કારણ કે યુરોપ જેવી તેમાં સ્વચ્છતા નહોતી. વળી શ્રીમતી પોસ્ટન્સની વારંવારની દરિયાઇ મુસાફરી આવાં ગંદાં અને સગવડ વિનાના જહાજોમાં થયેલી.

---

૮૨. ટ્રાન્ઝેક્શન ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન, એન્ડ આયર્લેન્ડ, વોલ્યૂમ ત્રીજું, પૃષ્ટ-૫૬૨ થી ૫૬૪.

કચ્છનાં કોટિયા મુસાફર જહાજો વિશિષ્ટ રીતે બાંધવામાં આવતાં. તેઓ દેખાવમાં વિંટલા જેવાં અને સારી ઉંચાઇ ધરાવતાં હતાં. છતાંય તેમાંબે ખંડ વાળી એકજ કેબીન હતી. જેમાં ઉંદર, મંકોડા, કીડી અને અન્ય નાનાં જંતુઓ સારા પ્રમાણમાં રહેતાં. વળી આ કેબીનને એકજ ખુલ્લું બારણું હોવાથી બહારના ભાગ પર પડેલ ઘી ની મહેક તથા ત્યાં સુકવવામાં આવેલી ડુંગરી અને સૂકી માછલીઓની દુર્ગંધ પણ આવતી.

આ જહાજના ખલાસીઓ હિન્દુ અને મુસ્લિમ બન્ને કોમના રહેતા. તેઓ સંતોષી અને આળસુ હતા. તથા જહાજના પાછળના ડેક તરફનાં ઉંચામાં ઉંચા ભાગ – પૂપ પર પડયા રહેતા. ત્યાં મજા ન આવતી તો આગળના ભાગના મોભ પર પડયા રહેતા તથા બપોરની ભરતી વખતની ગરમીથી રક્ષણ મેળવવા હવા ખાતા. સૂર્યાસ્ત થાય ત્યાં સુધી તેઓ વારાફરતી બીડીઓ અને હુક્કો પીતા પડયા રહેતા. શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે કે મેં કદી ખલાસીઓને સ્નાન કરતા જોયા નહોતા. જહાજ ઉપર પ્રથમ દૃષ્ટિએ મરઘાં, અન્ય પક્ષીઓ, પોપટનાં પાંજરાં નાળિયેર, રસોઇ કરવાનાં વાસણો, કાથીની દોરીઓ, ટોળે વળેલા મુસાફરો, ચારે બાજુથી આવતી દુર્ગંધ, વહાણના તળીએ પડેલું વાસી પાણી અને કચ્છી રસોઇની બનાવટની ફોરમ વરતાઇ આવતી હતી.

શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે તેમ, કચ્છનાં જહાજો ખૂબજ મજબૂત હતાં એટલે બીજો કોઇ વાંધો મુસાફરને આવતો નહિ. તેના ટંડેલો દરિયાઇ માર્ગથી ખૂબ પરિચિત હતા. તેથી કચ્છી જહાજને ભાગ્યે જ અકસ્માત નડતા અને પ્રતિકૂળ હવામાન રસ્તામાં મળતું. છતાંય જો જહાજ એકાએક દરિયાઇ વાવાઝોડાના તોફાનમાં–ગાજુસમાં સપડાઇ જાય તો ખલાસી તરતજ તેને નજીકની સલામત નાળમાં લઇ જઇને લંગર નાખી દેતો. ભયભરી ક્ષણો સામે કચ્છનો ખલાસી કદી સાહસ કરતો નહિ. અને ભયમૂક્ત થવા મહેનત કરતો નહિ. કારણ કે તે ઘણોજ

આસ્તિક અને શ્રધ્ધાળુ હતો. તેથી સામાન્ય રીતે તે ઇશ્વરના નામની માળા ફેરવીને મનુષ્યની કુદરત સામેની લાચારી પ્રદર્શિત કરતો. જ્યારે મુસ્લિમ ખલાસી ખુદાની બંદગી કરતો. તેમનો આ વર્તાવ દેખીતા ભય ને લીધે ઉદભવતો હતો નહિ કે ઇશ્વર તરફ તેમને કોઇ ઉમળકો જાગ્યો હોય. કોઇ દેવી મદદ આવી પહોંચે તેજ તેનો આશય રહેતો.[૮૩]

વહાણનું બાંધકામ :-

માંડવીનો જહાજવાળો દેશી વહાણો બાંધવામાં અને તેની વિદેશોમાં નિકાસ કરવામાં અગ્રેસર હતો. વહાણનું બાંધકામ કચ્છમાં કઇ રીતે થતું તેનો સામાન્ય ખ્યાલ રાયધણજીના રાજ્યારોહણના પ્રથમ વર્ષે લખાયેલી એક કચ્છી માલમની રોજનીશી પરથી આવે છે. આ ડાયરીમાં જણાવ્યા પ્રમાણે પ્રથમ વહાણનું ડાબા ખભાનું ખેવું કાલસરમાં નાખવામાં આવતું પછી જમણા ખભાનું નંખાતું. ત્યારબાદ તેની પાછળનું ડાબા ખભાનું ખેવું તૈયાર કરવામાં આવતું. આ રીતે વહાણ બાંધકામની એક મહત્વની પ્રક્રિયા "તરકેલની અલાત" પૂરી થતી.[૮૪] આરવીઆ કપીઓ બાંધીને મેળવવામાં આવતા. વહાણનું તૂટક ક્યાં બેસાડવું તેની વિગત મૂળ ભાષામાં આ રીતની છે. "પઠાણગજ ૩૦, તેનો ત્રીજો ભાગ તેને મીલકેજો. પઠાણ ગજ ૩૦, તેને ભાગ ૪ કરીને ભાગ ૧ લેજો. તે ગજ ૭।। આવીઆ. તે ઉપર તૂટક બેસાડીએ"[૮૫] ટૂંકમાં બહુજ વ્યવસ્થિત રીતે અને પધ્ધતિસર વહાણો બાંધવામાં આવતાં હતાં.

દરિયાઇ વિમો :-

રાયધણયુગમાં અને એથી પણ પ્રાચિન સમયમાં કચ્છમાં દરિયાઇ વિમાની વ્યવસ્થા હતી. અલબત અત્યારના જેવી ચોકસાઇ રાખવામાં

---

૮૩. કચ્છ ઓર રે-ડમ સ્કેચીસ, પૃ ૭૮-૫ થી ૮.
૮૪. મૂળ ભાષામાં "તરકેલની અલાતની વીગત છે. પરથમ દાબા ખભાનું ખેવું કાલસરમાં નાખીઇ છો. જમણા ખભાનું ખેવું કાલસરમાં નાખી છો. તે કેડે તે પાછલ ડાબા ખભાનું ખેવું કાલસરમાં નાખીએ છ."
૮૫. પેરીપ્લસ, પૃ ૭૮-૬૦.

આવતી નહિ. કચ્છમાં ચાંચિયાઓના ત્રાસ માંથી દરિયાઇ વિમાનો જન્મ થયો હતો.[૮૬] કચ્છનાં બંદરોમાં દરિયાઇ વિમો ઉતારવામાં આવતો હતો. તેવા ઘણા ઉલ્લેખો મળે છે.[૮૭] મસાલાઓ અને હાથીદાંત માટે વિમાનો દર વધારે રહેતો.[૮૮] કારણ કે તે અનુક્રમે ઇન્ડોનેશિયા અને મધ્ય આફ્રિકા જેવા દૂરના દેશો માંથી આયાત થતો.

બંદરની મોસમ :-

દરિયાઇ મોસમ ભાદરવા શુદ ૧૫ થી જેઠ સુદ ૧૫ સુધી રહેતી. સામાન્ય રીતે જેઠ મહિના પછી માંડવીથી વહાણ ચાલતાં નહિ. છતાંય જો ઘી અને રૂ ના ભાવો લલચાવનારા આવે તો મુંબઇ સુધી જઇ આવતાં. શ્રાવણ માસમાં કોઇ વહાણ નીકળે તો તે ગંભિર સાહસ ગણાતું. મોસમ ખૂલતાં વરસાદને લીધે ફસાઇ ગયેલાં વહાણોને ખલાસીઓ પોતપોતાનાં નિયત બંદરો તરફ હંકારી જતા હતા.

ઉદ્યોગો :-

કચ્છમાં કેટલાક ઉદ્યોગો ખીલ્યા હતા. કેટલાકનો કાચો માલ કચ્છમાં મળતો. જ્યારે કેટલોક માલ વિદેશથી મંગાવીને ઉદ્યોગોનો વિકાસ કરાતો. અલબત મોટા ભાગનાં ઉદ્યોગો લઘુઉદ્યોગો કે ગૃહઉદ્યોગ ની કક્ષાનાં હતા. જેમાં મહત્વનાં નીચે પ્રમાણે ગણાવી શકાય :-

૧. મીઠા ઉદ્યોગ :- કચ્છના દરિયા કિનારે ભરતી અનુકુળ રહેતી તેથી મીઠાનો ઉધ્યોગ ખિલ્યો હતો. નદીઓનું ઓછું પ્રમાણ તથા વરસાદની અછતને લીધે અગરોને પૂર ધોઇ નાખે તેવું ભાગ્યેજ બનતું. રાયધણયુગમાં મીઠાનું સારૂં ઉત્પાદન થતું. શ્રી. થોટલેસના જણાવ્યા અનુસાર નાના રણની જમીનનો આખો પટ્ટ સફેદ મીઠાના પડથી ઢંકાઇ

---

૮૬. ગુજરાત સર્વસંગ્રહ, પૃષ્ટ-૨૪૭.
૮૭. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, પૃષ્ટ-૧૦૯૦.
૮૮. સ્વદેશ દીપોત્સવી, વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ-૫૦.

જતો. આ પટ્ટ કેટલીક જગ્યાએ સહેલાઇથી ખોદી શકાય તેટલો જાડો હતો. આ ઉપરાંત અગરો બનાવીને પણ મીઠું પકવતા.

<u>૨. તેલીબિયાં ઉદ્યોગ</u> :– તેલીબિયાં માંથી તેલ કાઢવાનો ઉદ્યોગ કચ્છમાં ગૃહઉદ્યોગ તરીકે વિકસ્યો હતો. ખાસ કરીને તલનું તેલ ધાણીમાં પીલીને કાઢવામાં આવતું અને વિદેશોમાં નિકાસ પણ કરાતું.

<u>૩. ઘડિયાળ ઉદ્યોગ</u> :– રામસિંહ માલમે યુરોપથી કચ્છમાં આવ્યા પછી કેટલાક હુન્નર ઉધ્યોગો કચ્છમાં શરુ કર્યાં હતા. તેમાં ઘડિયાળ બનાવવા અને સમી કરવાનો પણ એક ઉધ્યોગ હતો. જેમ્સ બર્ન્સે જ્યારે સિંધના અમિરની સોનાની બે ઘડિયાળો દુરસ્ત કરવા લીધી ત્યારે તેણે ભૂજમાં આ કામ કરવા માટે ખાસ હિન્દુ કારીગરો હતા તેની નોંધ લીધી છે.[૮૯]

<u>૪. કાપડ ઉદ્યોગ</u> :– શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે કે, "માંડવીનો મુખ્ય ધંધો કાપડ વણવાનો છે. આ સુતરાઉ કાપડની જુદી જુદી રુચિ-કારક જાતો કચ્છના વણકરો તૈયાર કરતા હતા તેઓ વિદેશમાં પ્રસિદ્ધિ પામેલી જુદા જુદા રંગની ડીઝાઇનો પણ તૈયાર કરતા હતા."[૯૦] આ કાપડમાં ટુંકાપના, ગરકુલી અને જાળાવાડ નો સમાવેશ થતો. ગામડાઓમાં લોહાણાઓ હરિજન અને વોરાઓ પાસે સુતર વણાવતા તથા કાપડ બનાવી માંડવી મોકલાવતા. મુંબઇના સુતર માંથી કોળીઓ, વોરાઓ અને ખોજાઓ જુદી જુદી જાતનાં કાપડ તૈયાર કરતા જેને મશરૂ તરીકે ઓળખવામાં આવતું. તેમાં પાંચપટા, આંબાવાડી, લાલાકા, ચીનાઇ કતારિયા, ચાંદ અને બિરબલશાઇ જેવી જાતો બનતી. તેની માંગ ખાસ કરીને મકરાણ, મસ્કત અને મોખા ખાતે રહેતી.[૯૧]

ગેઝેટિયરકાર નોંધે છે કે, "આશમાની અને કાળા રંગનું કાપડ

---

૮૯. એ નેરેટીવ ઓફ એ વીઝીટ ટુ ધી કોર્ટ ઓફ સિંધ, પૃષ્ટ–૭૦અને ૭૧.
૯૦. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ–૧૪.
૯૧. સ્વદેશ દીપોત્સવી, વિ. સં. ૧૯૮૦, પૃષ્ટ–૫૮.

ઓખીવાર નિકાસ કરવા માટે કચ્છમાં તૈયાર કરવામાં આવતું હતું. આમાં રંગની ગાઢકાની દૃષ્ટિએ જોડી, સાડીઆમુ તથા બુંગન નામે ઓળખાતું કાપડ શ્રેષ્ઠ હતું. હિન્દુ અને મુસ્લિમ ખત્રીઓ રંગવા તથા વણવાની કામગીરી બજાવતા. રૂકમાવતી નદીની રેતીમાં ખાડાઓ ખોદીને રેશમી કાપડ પર વિવિધ રંગ કરવામાં આવતો. કારણ કે આ રેતીમાં રંગને ચકચકીત બનાવવાનો કુદરતી ગુણ હતો."[૯૨]

૫. <u>ખનિજ ઉદ્યોગ</u> :- અનામત ખનિજ ભંડારની દૃષ્ટિએ કચ્છ સમૃદ્ધ છે. કચ્છમાં જુરાસિક અને ક્રીટાસિયસના ખનિજોના પ્રતિનિધિ જેવા અસંખ્ય થરો છે.[૯૩] આ ઉપરાંત તેજાબ અથવા અલ્કાબેઝીકના ખડકો પણ મળે છે. આ ખડકો બેસાલ્ટના ખડકોની પાસે પાસે છે.[૯૪] દક્ષિણ દિશાની ટેકરીઓની હારમાળામાં વિશાળ પ્રમાણમાં ચોકના ખડક મળે છે.[૯૫] આ ખનિજો માંથી કેટલાકનો રાયધણયુગનાં ઉપયોગ કરીને નાના પાયા પર કચ્છમાં ખનિજ ઉદ્યોગ શરુ કરાયા હતા.

અ- <u>લોખંડના શસ્ત્રોનો ઉદ્યોગ</u> :- કચ્છમાં છરી ચપ્પુ બનાવવાનો ઉદ્યોગ વર્ષોથી ચાલતો હતો. મેક્સફીલ્ડે ઉલ્લેખેલી કૈયારી નામના ગામમાં આવેલી ધાતુ ગાળવાની ભઠ્ઠીઓ આવા ઉદ્યોગ માટે હશે.[૯૬] આ ઉપરાંત લોખંડ માંથી તલવારો, ભાલા, કમાન, તીર અને બરછી જેવાં આયુધો સ્થાનિક કારીગરો બનાવતા અને તેમની મોટા વેપારીઓ વિદેશમાં નિકાશ કરતા.[૯૭]

બ- <u>ફટકડીનો ઉદ્યોગ</u> :- રાયધણયુગમાં ફટકડીનું ઉત્પાદન

---

૯૨. ગુજરાત સ્ટેટ ગેઝેટીયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૨૨૭.
૯૩. ધી ગેઝેટીયર ઓફ ઇન્ડિયા, પૃષ્ટ-૧૩૭ અને ૧૩૮.
૯૪. ધી ગેઝેટીયર ઓફ ઇન્ડીયા, પૃષ્ટ-૧૪૦.
૯૫. ધી ગેઝેટીયર ઓફ ઇન્ડિયા, પૃષ્ટ-૧૪૨.
૯૬. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૯૭.
૯૭. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ટ-૭૦૬.

વેપારી ધોરણે હાથ ધરાતું હતું. ફટકડી સમગ્ર ગુજરાત વિસ્તારમાં પ્રાચિન મહત્વ ધરાવતી હતી. માતાના મઢની ઉત્તરે અને પૂર્વે ફટકડીની ખાણો આવેલી હતી. આ ખાણોને સિંધના કોઇ મુસલમાને શોધી હતી. પરંતુ પાછળથી સરકારે તેનો કબજો લીધો હતો. આ ખાણો માંથી કાચી ફટકડી ખોદવાનું કામ રાત દિવસ ચાલતું.

તેને બાળવા અને ઉકાળવાની ક્રિયાથી શુધ્ધ કરવામાં આવતી. આ કામ સૂકા હવામાનમાં થઇ શકતું. તેથી પાંચ મોટા અંધારિયા મજબૂત કમાનના છાપરાવાળા ખાડાઓમાં દીવા સળગાવીને કામ શરુ કરાતું. દરેક ખાણ ૩૦ ફૂટ જેટલી ઉંડી હતી અને ૪૦ ફૂટ પહોળી રહેતી. લગભગ ૪૦૦ માણસો તેમાં સતત કામ કરતાં હતાં. એક વર્ષમાં લગભગ ૬૦,૦૦૦ મણ જેટલી ફટકડી ખોદી કાઢવામાં આવતી.

કાચી ફટકડીને બાળીને તુરીના સ્વરૂપમાં ફેરવાતી ત્યારે તેનો રંગ રાખોડી ગંધક જેવો બની જતો. આ તુરીને નદીના પટમાં ધોવાથી તે લીલા રંગની છીદ્રાળુ બની જતી. પછી તેને સુરોખાર સાથે મેળવીને બે કલ્લાક ઉકાળીને તેનો રસ બરણીમાં રેડાતો. તેને ફરીથી ઉકાળી માટીના વાસણમાં રેડીને જમીન માં દાટી દેવાતી. થોડા સમય પછી વાસણ ફોડીને શુધ્ધ ફટકડીનો પાસો અલગ કરાતો. આમ ફટકડી તૈયાર થતી.[૯૮] તેની નિકાશ માંથી કચ્છને એક લાખ રૂપિયાની ચોખ્ખી આવક થતી.[૯૯]

ઘી - માખણ :-

કેપ્ટન બર્ન્સ નોંધે છે કે, "કચ્છની ઉત્તરે આવેલાં ગોચરો તથા રણના બેટડાઓમાંના વિશાળ ગોચર પટમાં ગાયો, ભેંસો, ઉંટો, મેઢાં

---

૯૮. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૨૫૧ અને ૨૫૨.
૯૯. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૫૫, પૃષ્ટ-૮૭૮.

અને બકરાંઓના મોટાં ટોળાંઓ ઉછેરવામાં આવતાં હતાં. ખડતલ અને મજબૂત બાંધાની બન્નીની પ્રજા દૂધ દહી પર ગુજારો કરે છે. આ લોકો પોતાની રોજિંદી જરૂરીયાતો, જેવી કે, કપડાં, તમાકુ, અફીણ વગેરે ચીજો માટે પૂરતા પ્રમાણમાં માખણ અને ઘી ની નિકાશ કરતા હતા." શ્રી. બર્ન્સ જોઇ શક્યા હતા કે માત્ર બન્ની વિસ્તાર માંથી ૧૨૦ થી ૧૬૦ રતલ જેટલું માખણ દરરોજ બહાર મોકલવામાં આવતું અને ખડીરના રણના ગઢડા જેવા ટાપુ માંથી વાર્ષિક ૩૨૦૦૦ રતલ જેટલું માખણ નિકાશ થતું[૧૦૦] કચ્છની ઘી-દૂધની આવી રેલમછેલ પરિસ્થિતિને વર્ણવતાં ગેઝેટિયરકાર નોંધે છે કે, "કચ્છમાં પુષ્કળ પ્રમાણમાં દૂધ અને ઘી ઉત્પન્ન થતું, જે વેંચવામાં આવતું નહિ." એ વખતે એક કહેવત પ્રચલિત હતી કે, "ખીર ને પુતર કેર વિકણે" એટલે કે દૂધ અને પુત્રને કોણ વેચે ? આનો અર્થ એટલો થાય કે લોકો પુષ્કળ પ્રમાણમાં ઘી અને દૂધ મેળવતાં હતાં.[૧૦૧]

પશુ પાલન :-

છેક પ્રાચિન સમયથી કચ્છ ઢોર ઉછેર માટે વિખ્યાત છે. પાણિની કચ્છી ગાયોને "કાચ્છગૌ" જેવા વિશિષ્ટ નામથી ઓળખાવે છે. આજે કચ્છમાં માનવધન કરતાં પશુધનની સંખ્યા દોઢી છે. બન્નીની વિશાળ ઘાસિયા જમીન કચ્છમાં ઢોર ઉછેર માટે યોગ્ય છે. આને લીધે કચ્છનો મુખ્ય વ્યવસાય દરેક યુગમાં ઢોર ઉછેરનો રહ્યો છે. કારણ કે લગભગ સમગ્ર કચ્છમાં વરસાદ ઓછો પડતો હતો. મુન્દ્રા અને માંડવીના વિસ્તાર ને બાદ કરતાં ખેતી લાયક સંતોષકારક વરસાદ ક્યાંય થતો નહિ. તેથી બાકીનાં કચ્છના વિસ્તારમાં ઘાસ આપોઆપ ઉગી નીકળતું હતું અને પશુઓના ચરાણ માટે યોગ્ય તથા પૂરતા પ્રમાણમાં મળી રહેતું. શ્રી. થોટ-લેસે અંજારની આજુબાજુના તમામ વિસ્તારમાં લાંબા અને ફાલેલા ઘાસનો

---

૧૦૦. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૨૧૭.
૧૦૧. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૨૦૨.

ઉલ્લેખ કર્યો છે.[૧૦૨]

રાયધણયુગની પશુપાલનને લગતી પરિસ્થિતિનું વર્ણન કરતાં કેપ્ટન મેકમુર્ડો નોંધે છે કે, "ડુંગરાની બાજુમાં પશુઓ પી શકે તેવું પાણી હતું. ચરાણ જમીન ઝાડવાંથી ઢંકાયેલી પર્વતોની બાજુઓ ઉપર હતી. ત્યાં સંખ્યાબંધ બકરાં તથા ઘેટાં ઉછેરવામાં આવતાં હતાં અને બન્નીની બહોળી જમીનમાં ગાયો તથા ભેંસોને માટે પુષ્કળ ઘાસ થતું હતું.[૧૦૩] શ્રી. એલેકઝાન્ડર બર્ન્સ નોંધે છે કે, "કોરીનાળની નીચેના પ્રદેશમાં લખપતથી તે છેક નારાયણ સરોવર સુધીનો પ્રદેશ હવે ચોખાની ખેતીમાં વપરાતો નહિ. પરંતુ ત્યાં બધેય ઢોરોનો ઉછેર થતો હતો. દરિયાના કિનારાના પ્રદેશોમાં પણ પશુપાલન મુખ્યત્વે થતું. એટલું જ નહિ પણ સેરાના પ્રદેશમાં હવે પશુઓ ફરતાં હતાં. ખેડૂતોએ ઇ. સ. ૧૮૦૭ માં કોરીના પાણીના અભાવે સેરા છોડીને ચંગસરમાં સ્થળાંતર કર્યું હતું. શરુઆતમાં તો ગુલામશાહનો બંધ, અલીબંધ તથા તાલપુરાઓએ બંધાવેલા બંધો માંથી છલકાઇને પાણી આવતું હતું તે ખેતી માટે અપૂરતું હોવાથી તેનો ઉપયોગ પશુપાલનની જરુરીઆતો સંતોષવામાં થતો હતો.[૧૦૪] આમ ઇ. સ. ૧૮૦૭ પછી ચોખાના ઉત્પાદનમાં રોકાયેલો સેરાનો વિસ્તાર પણ પશુપાલન માટે ફાળવાયો હતો તેથી કચ્છના ઉત્તર તથા પશ્ચિમ ભાગમાં ભારતની શ્રેષ્ઠ ઓલાદનું પશુધન તૈયાર થતું હતું.

<u>૧. ઉંટ</u> :- ઢોર ઉછેરના વ્યવસાયમાં કચ્છનું ઉંટ અગ્રેસર રહેતું હતું. મેકમુર્ડો નોંધે છે કે, "કચ્છમાં સંખ્યાબંધ ઉંટ થતાં હતાં. તેઓ ભાર લાદવાના કામમાં આવતાં."[૧૦૫] રાયધણજીના મૃત્યુ પછી કચ્છમાં

---

૧૦૨. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૪.
૧૦૩. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ પાંચમું, પૃષ્ટ-૧૬૦.
૧૦૪. ટ્રાન્ઝેક્શન ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યૂમ ત્રીજું, પૃષ્ટ-૫૬૨.
૧૦૫. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ પાંચમું, પૃષ્ટ-૧૬૦.

તરતજ આવેલા એક અંગ્રેજ સેનાપતિએ પોતાની ડાયરીમાં સૈનિકોમાં પરસ્પર થયેલા સંવાદો મૂક્યા છે જેમાં કચ્છના ઉંટની પ્રસંશા કરવામાં આવી છે.[૧૦૬]

૨. ઘોડા :- કચ્છની સૂકી આબોહવા ઘોડાઓને સારી માફક આવતી હતી. તેમાં રણની આજુબાજુના વિસ્તારની આબોહવા અરબસ્તાન જેવી હતી. તેથી મધ્ય એશિયાના ઘોડાઓ પણ કચ્છમાં ઉછેરવામાં આવતા હતા. રાયધણયુગમાં ગુંદિયાળીના સુંદરજી શિવજી ભારતનાં ઘોડાના સૌથી મોટા વેપારી હતા. તેઓ બુખારા અને ખુરાસાનથી ઉંચી ઓલાદના ઘોડાઓ કચ્છમાં લખપત બંદરે લાવતા અને ત્યાંથી દક્ષિણ ભારતમાં અંગ્રેજોને મોકલતા હતા. મેકમુર્ડો નોંધે છે કે, "જનાવરની બાબતમાં કચ્છ દેશ વધારે સારો હતો અને ત્યાંના ઘોડાઓ ઉત્તમ તથા મુલ્યવાન હતા."[૧૦૭]

૩. ઘૂડખર :- ઘૂડખર ભારત ભરમાં એક માત્ર કચ્છમાં થાય છે તેથી ગેઝેટિયરકાર તેને "વિશ્વની અપ્રાપ્ય અજાયબી" તરીકે ઓળખાવે છે. ઇ.સ. ૧૮૧૪ માં રણમાં જોયેલ ઘૂડખરને વર્ણવતાં શ્રી. થોટલેસ નોંધે છે કે, "ઘૂડખર ઘણું સુંદર, ચંચળ તથા આનંદી પ્રાણી છે. તેનો રંગ કચ્છની ભૂમિ જેવો છે. રૂપમાં તે હરણ જેવું છે અને એકજ ક્ષણમાં નજર બહાર જતું રહે છે."[૧૦૮]

ઇ.સ. ૧૮૦૯ માં સિંધથી પાછા આવતા એક બ્રિટિશ પ્રતિનિધિ મંડળે ૬૦ થી ૭૦ ઘૂડખર રણમાં જોયેલાં. તેમના મતે આ ઘૂડખરોની ઝડપ કલાકના ૬૦ માઇલની હતી. તે સામાન્ય ગધેડા કરતાં મોટું અને રંગે રાતું હતું. તેના પેટ નીચેનો ભાગ અર્ધ સફેદ જેવો ગંદો હતો. તે ભાગ્યેજ દેખાતું અને પકડી શકાતું. તેમનો ઉછેર રણને કિનારે અથવા ખારાપાટ

---

૧૦૬. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૦.
૧૦૭. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ ૫-મું, પૃષ્ટ-૧૬૦.
૧૦૮. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૪૮.

જેવા ટાપુઓમાં થતો. રણના નાનકડા અને ચીમળાઇ ગયેલા ઘાસ પર તે ગુજારો કરતાં અને નવેમ્બર-ડિસેમ્બરમાં નજીકના ખેતરોના ઉભા પાક ચરી જતાં. આ ધુડખરને ખાડામાં છટકાં ગોઠવીને પકડવામાં આવતું પણ તેને જીરાફની માફક પાળી શકાતું નહિ. તેનું માંસ સ્વાદિષ્ટ હોવાથી કચ્છીઓ તે ખાતા હતા.[૧૦૯]

૪. ભેંસ :- કચ્છમાં ભેંસોનો ઉછેર સારી રીતે થતો. સામાન્ય રીતે કાળી ભેંસ કચ્છના નગરોમાં જોવા મળતી. શ્રીમતી પોસ્ટન્સ તેની સરખામણી ઇંગ્લેન્ડમાં ભાગ્યે જ દેખાતા આયરીશ ડુક્કર સાથે કરે છે.[૧૧૦] ભેંસોની સંખ્યા પરથી તેના માલિકની ધનિકતા, વર્ચસ્વ તથા સામાજિક મોભાની ગણતરી થતી. મેકમુર્ડો નોંધે છે કે, "કચ્છમાં ભેંસો ખૂબ થતી. જો કે તે કદમાં નાની તથા બેડોળ હતી. છતાં પણ તેનો ઉછેર મોટી સંખ્યામાં થતો હતો."

૫. બળદ :- કચ્છનો બળદ છેક પ્રાચિન સમયથી વખણાતો. પાણિનીની નોંધ પ્રમાણે કચ્છના બળદને કચ્છનું નામ અર્થાત "કાચ્છક" મળ્યું હતું.[૧૧૧] સોલંકી યુગમાં ગુજરાત ભરમાં કચ્છના બળદો વખણાતા હતા.[૧૧૨] જ્યારે કેપ્ટન મેકમુર્ડોની નોંધ પ્રમાણે કચ્છમાં બળદ ખૂબ થતા જેઓ કદમાં નાના અને બેડોળ હતા છતાંય સંખ્યાબંધ થતા.

૬. ઘેટા :- કચ્છમાં પશુ ઉછેરમાં ઘેટાંઓ પણ અગત્યનાં હતાં. માદા ઘેટાંને "રીઢ" અને નર ઘેટાને "વેટોક" તરીકે ઓળખવામાં આવતું.[૧૧૩] કેપ્ટન મેકમુર્ડો નોંધે છે કે, "કચ્છનાં ઘેટાં બકરાં ઘણાજ હુષ્ટપુષ્ટ હતાં. તેમની સંખ્યા સમગ્ર કચ્છમાં પુષ્કળ હતી. તેમનાં દૂધ

---

૧૦૯. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૯૫.
૧૧૦. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૬૦.
૧૧૧. ઇન્ડિયા એઝ નોન ટુ પાણિની, પૃષ્ટ-૨૨૫ અને ૨૨૬.
૧૧૨. ગુજરાતનો પ્રાચિન ઇતિહાસ,-ડૉ. હ. ગં. શાસ્ત્રી, પૃષ્ટ-૩૦૬.
૧૧૩. કચ્છ બૃહદ ભૂગોળ, પૃષ્ટ-૨૧૭.

તથા માખણ ઉપર તો ઘણા વર્ગના લોકોનો આધાર હતો."

૭. અન્ય પશુ પક્ષી :- ઢોરો ઉપરાંત બીજાં કેટલાંક પશુ પક્ષીઓ કચ્છમાં થતાં. પોટલેસ ભુજનાં તેતરનાં સુંદર પીછાંને વખાણે છે. આ ઉપરાંત કાળી પૂંછડીના શિયાળોનો શિકાર કરવામાં આવતો. વરૂ અને ડુક્કર પણ કચ્છમાં થતાં. વારંવાર કચ્છની મુલાકાત લેતા પક્ષીઓની સૂચિ લાંબી થાય. તેમાં સુરખાબ, બગલાં, પેલિકન, બતક અને ગુલ્લ મુખ્ય હતાં.

ચાંચિયાગીરી :-

કેટલાક કચ્છીઓ પ્રાચિન સમયથી ચાંચિયાગીરી કરતા હતા. રાયધણયુગમાં તો તે સૌથી વધારે નફાકારક વ્યવસાય બની ગયો હતો. તેથી ઓખા મંડળના વાઘેર અને કચ્છના સંઘાર ચાંચિયાઓ અંગ્રેજોની નજરમાં આવી ગયા હતા. આ ચાંચિયાઓની પ્રવૃત્તિને નિયંત્રિત કરવા કે તેનો નાશ કરવાના ઉદ્દેશથી ઇ. સ. ૧૭૯૭ માં બ્રિટિશ સરકારે વજીલંટ નામનું જહાજ લેફટનંન્ટ હેઝ ના નેતૃત્વ તળે કચ્છના દરિયાઇ વિસ્તાર માં મોકલાવ્યું. આ જહાજ કચ્છનો અખાત ઓળંગતું હતું ત્યારે તેના પર ચાર મોટા ચાંચિયા જહાજોએ હલ્લો કર્યો. ત્રણ કલાકની દરિયાઇ ઝપાઝપીને અંતે ચાંચિયાઓએ પીછેહઠ કરી.[૧૧૪]

ત્યારબાદ એડમન્સ ડેયરનાં બે વેપારી જહાજો લુટાયાં. તેથી હંસરાજે એક હોડી કચ્છીગઢ તરફ રવાના કરીને ચાંચિયાઓને પકડવા નો પ્રયત્ન કર્યો. આ બનાવનો અહેવાલ કેપ્ટન સેટને તા. ૨૮-૧૧-૧૮૦૨ ના રોજ મુંબઇ મોકલ્યો હતો.[૧૧૫] સેટનને લાગ્યું કે કચ્છના અખાતની ચાંચિયાગીરી બ્રિટિશ સરકાર સિવાય કોઇ અટકાવી શકે તેમ નથી. હંસરાજ કે રાયધણમાં આવી કોઇ શક્તિ નહોતી. કચ્છીગઢમાં કચ્છના

---

૧૧૪. કેમ્બ્રિજ હિસ્ટ્રી ઓફ ઇન્ડિયા, વોલ્યૂમ ત્રીજું, પૃષ્ટ-૧૪૭.
૧૧૫. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૩, પૃષ્ટ-૭૭૨૪.

લશ્કરની સંખ્યા અપૂરતી હતી. આખું ઓખામંડળ જીતીને સુંદરજીની ઇચ્છા મુજબ જો હંસરાજને સોંપી દેવામાં આવે તો ચાંચિયાગીરી ઓછી થવાને બદલે વધે પરંતુ આ પ્રદેશ શક્તિશાળી હાથમાં સોંપાય તો, ઓખામંડળ કચ્છ અને કાઠિયાવાડનું પ્રવેશદ્વાર હોવાથી, પ્રવેશ પર નિયંત્રણ રહે અને તેની અસર ઉત્તર ગુજરાત પર પણ થાય.[૧૧૬]

થોડીવાર પછી કોટન કમિટીની કપાસ ભરેલી બે હોડીઓ લૂંટવામાં આવી. આથી કેપ્ટન સેટને સંબંધિત સત્તાવાળાઓને માલ વેંચાય કે વગે ન થાય તે માટે લખ્યું અને કડક શબ્દોમાં ચેતવણી પણ આપી. સેટનને એક બીજી પણ માહિતી મળી કે ઓખા મંડળના ચાંચિયાઓ પોતાનાં જહાજો લુંટે નહિ તે માટે કચ્છ તરફથી વાઘેરોને વાર્ષિક દરમાયો આપવામાં આવતો હતો.[૧૧૭] ચાંચિયાઓની પ્રવૃત્તિઓ વિના રોકટોક ચાલતીજ રહી. એ પછી જૂનાગઢના બે ટંડેલોની પાંચ હોડીઓ લૂંટીને ચાંચિયાઓએ છેક સિંધ ભેગી કરી.[૧૧૮] આથી ઇ.સ. ૧૮૦૯ માં અંગ્રેજો એ વાઘેરોને સંધિ કરવાની ફરજ પાડી. છતાંય ચાંચિયાગીરી તો ચાલુજ રહી. તેથી હવે અંગ્રેજોએ વાઘેરો પર અવારનવાર આક્રમણો કરવાની નીતિ અપનાવી.

આ વખતે જોસમીર નામના આરબ ચાંચિયાઓનો ઉપદ્રવ અરબી સમુદ્રમાં શરુ થયો. તેથી ઇ.સ. ૧૮૧૦ માં અંગ્રેજોએ ગાયકવાડનો એક નૌકા કાફલો તેમને જેર કરવા મોકલ્યો. જેણે દમણ પાસેથી એક ચાંચિયાજહાજ કબજે કર્યું. ત્યારબાદ ૧૮૧૧ માં કર્નલ સ્મિથ, લેફટનન્ટ બ્લાસ્ટ, લેફટનન્ટ હાર્ડી અને ગ્રાન્ટના નેતૃત્વ નીચે બીજો કાફલો રવાના કરાયો. જેણે નારાયણ સરોવર પાસે ત્રણ ચાંચિયા વહાણોનો નાશ કર્યો. ૧૮૧૨ માં ગ્રાન્ટે એક મોટું જહાજ કબજે કરીને કચ્છના બે વિખ્યાત પિતા-પુત્ર

---

૧૧૬. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૩, પૃષ્ટ-૭૭૨૮.
૧૧૭. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૩, પૃષ્ટ-૭૭૯૦ અને ૭૭૯૧.
૧૧૮. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૩૪, પૃષ્ટ-૧૨૩ અને ૧૨૪.

ચાંચિયા વેરસી નકવા અને રાજા નકવાને પકડયા. આ સાહસ બદલ ગ્રાન્ટને પ્રિન્સ ઓફ વેલ્સના પ્રથમ લેફટનન્ટનાં પદે બઢતી મળી. આ પછી ઇ. સ. ૧૮૧૩ માં લેફટનન્ટ ગ્રાન્ટે છેક સિંધની ચણપીર નામની નદી માંથી એક બીજા ચાંચિયાના જહાજનો નાશ કરવામાં સફળતા પ્રાપ્ત કરી.[૧૧૯]

ઇ. સ. ૧૮૧૩ માં મેકમુર્ડો અને ફતેહમહમદ વચ્ચે ચાંચિયાગીરી બાબત મતભેદો ઉભી થયા. મેકમુર્ડોએ ફતેહમહમદને લખેલું કે, "આપણે કૂતરા જેવા ચાંચિયાઓને આશ્રય ન આપીએ". ફતેહમહમદ તેની સાથે સહમત થયો. પણ આ વખતે એક ચાંચિયો તેના લશ્કરમાં ભરતી થવા આવ્યો હતો તેવી માહિતિ મેકમુર્ડોને મળી. તેથી તેણે ફતેહમહમદને ચેતવણી આપી. તેના જવાબમાં ફતેહમહમદે લખ્યું કે, "તે લશ્કર પાસે આવ્યો હોય તેવું સંભવિત છે. અમેં તેને હવે સજા કરી અહીંયાં રાખીશું. તેમછતાં જો ચાંચિયાગીરી અને લૂંટફાટ ચાલુ રહેશે તો તેને આકરામાં આકરી સજા ફટકારીશું. આ માટે આપ સંપૂર્ણ નિશ્ચિંત રહેશો."[૧૨૦]

આ વખતે માહિતી મળી કે, શાહદરાબે હૈદ્રાબાદથી ચોરાયેલો પોતાનો એક લાખ રૂપિયાની કિંમતનો માલ કચ્છમાંથી મેળવ્યો છે. તેથી અંગ્રેજોમાં એવી માન્યતા જોર કરવા માંડી કે ફતેહમહમદ ચાંચિયાઓને રક્ષણ આપે છે. આ બાબતનો પોરબંદરથી મુંબઇ અહેવાલ મોકલતાં મેકમુર્ડો નોંધે છે કે, " હવે કચ્છની દેશી સત્તાને આ બાબતમાં ફરિયાદ કરવાનું રહેતું નથી. મેં ચાંચિયાઓ સાથે કોઇ લેવડ દેવડ ન કરવાનું નક્કી કર્યું છે. અને શાહજાદાના નોકરને માંડવીમાં રહેવાનું જણાવ્યું છે. જેથી હું સરકારનો આ બાબતમાં કોઇ હુકમ મેળવી શકું."

રાયધણયુગના અંતમાં એક વિખ્યાત ચાંચિયા નકવા કાશુને

---

૧૧૯. ધી ઇન્ડિયન એન્ટીક્વેરીઝ, વોલ્યૂમ-૫૬, પૃષ્ટ-૨૪૩.
૧૨૦. ફોરેઇન એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૮૪, પૃષ્ટ-૮૯૯.

પકડવામાં આવ્યો.[૧૨૧] આ નકવા કાશુને પકડીને મેકમુર્ડોએ તેની પાસેથી કેટલીક હકીકતો કઢાવી. તેના જણાવ્યા મુજબ તેના પાંચ મુખ્ય સાથીદારો ભુજમાં રહેતા હતા. જેમાં દેસળ નામનો લંધો, પૂંજાજી નામનો રજપૂત, નાથા નામનો થરપારકરનો સિંધી, અલ્લારેહા નામનો બીજો સિંધી અને મામેયા નામના મિયાંણાનો સમાવેશ થતો હતો.[૧૨૨] હુસેનનું પકડાઇ જવું એટલું બધું મહત્વનું હતું કે ગાયકવાડે આ સાહસ કરનાર લેફટનન્ટ ગ્રાન્ટને તલવાર અને પાલખીની ભેટ આપી. ઉપરાંત વડોદરાના લશ્કરમાં કેપ્ટનની પદવી આપી. ઇ.સ. ૧૮૧૫ માં મુંબઇ સરકારે એક આખી સ્ક્વેડ્રોન આપીને સમગ્ર કચ્છનો કિનારો ઘેરી લીધો અને છેવટે ઇ.સ. ૧૮૧૬ માં ઓખા મંડળ જીતીને ગાયકવાડને સૂપ્રત કર્યું પછીજ કચ્છના અખાતની આ ચાંચિયાગીરી બંધ થઇ.[૧૨૩]

<u>લૂંટફાટ :-</u>

કચ્છનો સમગ્ર સમાજ રાયધણયુગમાં લુટારાઓનાં ત્રાસથી ગ્રસ્ત હતો. તેઓના પ્રજાપરના અત્યાચારને વાચા આપતાં શ્રી. પોટલેસ નોંધે છે કે, "લુટારાઓ આવતા કે તરતજ લોકો પોતાની મિલ્કત સંતાડી દેતા હતા. જો આ લુંટારાઓને મિલ્કત ન મળે તો તેમનાં ખેતીના ઓજારોને લૂંટી જતા હતા. હળ અને દંતાળી જેવાં મોટાં લાકડાનાં ઓજારોને તો બાળી નાખતાઅને ઘરનાં છાપરાંને દિવાસળી ચાંપી દેતા."[૧૨૪] એક લુંટારાએ છેક ભુજ લૂંટવાની હિંમત કરેલી પણ તેમાં તે સંપૂર્ણ નિષ્ફળ ગયેલો. છેવટે તેને ભુજિયાની ટોચ પરના કિલ્લામાં ઘેરવામાં આવેલો અને તેમાં તે કપાઇ ગયો ત્યાં સુધી તેણે પ્રતિકાર ચાલુ રાખ્યો હતો.

---

૧૨૧. ફોરેઇન એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૮૪, પૃષ્ટ-૯૦૦ અને ૯૦૧.
૧૨૨. ફોરેઇન એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૨૮૪, પૃષ્ટ-૯૦૨.
૧૨૩. ધી ઇન્ડિયન એન્ટીક્વેરીઝ, વોલ્યૂમ-૫૬, પૃષ્ટ-૨૦૪.
૧૨૪. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૯ થી ૩૬૧.

વાગડ માંથી પણ કેટલીક લુટારા જાતિઓ ઉત્તર સૌરાષ્ટ્ર પર ધાડો પાડતી. તેમને સિંધની લૂંટારૂ ટોળીઓનો સહકાર મળી રહેતો. આ લુટારાઓને શ્રી. વી. વી. હંટર ખૂની આક્રમણખોરો ગણે છે. "સૌરાષ્ટ્ર ના લોકો માટે તેમનાં આક્રમણો સેતાનનાં આગમન જેવાં હતાં. એક બાજુ દુષ્કાળ, બીજી તરફ મરકી, ત્રીજી બાજુ કોલેરા અને ચોથી બાજુ રણ પ્રદેશનાં વિષમ જીવનને કારણે સૌરાષ્ટ્ર-કચ્છમાં ત્રીજા ભાગનું માનવ જીવન રહ્યું હતું."[૧૨૫] આ વાગડી લુટારા રણ સૂકું હોય ત્યારે તેને ઓળંગીને ઉત્તર સૌરાષ્ટ્રમાં આવતા. તેઓ ગામોનાં ગામો બાળી નાખતા અને ઢોરોને ઉપાડી જતા. ઘણી વખત અમાનૂષી હત્યાઓ પણ કરતા. જો પાછા વળતાં ચોમાસું બેસી ગયું હોય અને રણમાં પાણી ભરાઇ ગયું હોય તો તેઓ હોડીઓમાં સામેપાર જતા. આ પછી તરતજ રણની સરહદ પર કે સહેજ દૂર રહેલો તેમનો બીજો જથ્થો હુમલો કરવા આવી પહોંચતો.[૧૨૬]

આ લુંટારાઓ માંથી મોટા ભાગનાં મુસલમાન હતા. તે તેની વિશેષતા છે. કર્નલ વોકરે મુંબઇના ગવર્નર ડંકનને તા. ૭-૧૦-૧૮૦૭ ના રોજ મોકલેલા અહેવાલમાં જણાવ્યું છે કે, "જત લોકોની લુંટફાટ પણ કાઠી લોકો જેવી હોય છે. તેઓ ઘોડાઓ પર ચઢીને ગામો પર ત્રાટકે છે તથા જાતના મુસલમાન છે. વાગડના લોકો કે જેઓ પોતાની લૂંટફાટથી પ્રસિધ્ધ થયા છે તેઓ પણ મુસલમાન છે."[૧૨૭] આ ઉપરાંત મિયાંણા મુસલમાનો પણ લૂંટફાટનો ધંધો કરતા હતા. પોતાના છ પૂત્રોનાં બલિદાન આપીને ખેંગારજી પહેલાને બચાવી લેનાર કક્કલભીયાં મિંયાણો હતો. આના બદલા તરીકે ખેંગારજીએ તેના વારસદારોને લૂંટ કરવાનો અધિકાર આપી દીધો અને એનો ઉપયોગ મિયાંણાઓએ છેક

---

૧૨૫. રૂલર્સ ઓફ ઇન્ડિયા, -લોર્ડ હેસ્ટિંગ્સ, પૃષ્ટ-૧૭૦.
૧૨૬. હિસ્ટ્રી ઓફ બ્રિટિશ ઇન્ડિયા, વોલ્યૂમ ત્રીજું, પૃષ્ટ-૭૨.
૧૨૭. કાઠિયાવાડ અને ગુજરાતનાં કેટલાંક પરગણાં વિશે લેફટેનન્ટ કરનલ આલેકસાંડર વાકર સાહેબે કરેલા રીપોર્ટો, પૃષ્ટ-૫૯.

રાયધણયુગ સુધી કર્યો હતો.[૧૨૮]

આમ કચ્છના પ્રજા જીવન પર આ લુટારાઓની ખરાબ અસર પડતી. આર્થિક ક્ષેત્રને તો તેઓ છિન્નભિન્ન કરી નાખતા. ગામડાના ખેડૂતો સારો વરસાદ થયો ત્યારે પણ અનાજ પકવતા નહિ. કારણ કે બરાબર ફસલ તૈયાર થાય ત્યારે આ લૂટારાઓ બધુંય લૂંટી જતા. ખેતીના સાધનો પણ સલામત નહોતાં. આ ભયંકર લૂટારૂ પ્રવૃત્તિનો અંત સિંધ અંગ્રેજોએ કબજે કર્યા પછીજ આવ્યો. કારણ કેતેમને સિંધના અમિરો આશ્રય આપતા હતા.

દુષ્કાળો :-

ચાંચિયાગીરી અને લૂંટફાટ માનવસર્જિત મુશ્કેલીઓ હતી. કચ્છની પ્રજા માટે એ ઓછી હોય તેમ કુદરત પણ દુઃખ દેવાની ક હરિફાઇ કરતી હોય તેમ સમગ્ર કચ્છમાં અવારનવાર દુષ્કાળો પડયા કરતા હતા. રાયધણયુગમાં ઇ.સ.૧૭૮૨, ૧૭૮૪, ૧૭૯૧ અને ૧૮૧૩ માં ગંભિર દુષ્કાળો પડયા. તેમાં ઇ.સ.૧૮૧૩ નો દુષ્કાળ આ યુગના તમામ દુષ્કાળોમાં સૌથી ખરાબ હતો. ઇમ્પિરિયલ ગેઝેટિયરકારની નોંધ મુજબ "આ દુષ્કાળમાં બાળકોને ખોરાક માટે વેંચી દેવામાં આવતાં હતાં. બિલાડાં અને કુતરાંનું માંસ તો ખાવા માટે સામાન્ય બની ગયું હતું. અરે ! માણસનું માંસ પણ ખવાતું હતું."[૧૨૯] આ દુષ્કાળ માં કચ્છની કેટલીય વસ્તિ ખલાસ થઇ ગઇ અને દુષ્કાળને પગલે પ્લેગનું આગમન થતાં કચ્છની વસ્તિ ત્રીજા ભાગની જ રહી.

આર્થિક સ્થિતિનું મૂલ્યાંકન :-

આમ લૂંટારાઓ તથા ચાંચિયાઓને બાદ કરતાં કચ્છનું આર્થિક ચિત્ર સામાન્ય હતું. વચ્ચે આવતા નાના મોટા દુષ્કાળો આર્થિક

૧૨૮. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૮૯.
૧૨૯. ઇમ્પિરિયલ ગેઝેટિયર, વોલ્યૂમ બીજું, પૃષ્ટ-૩૩૪.

પ્રગતિને થોડો સમય થંભાવી દેતા. પરંતુ તેની આગેકૂચ તો ચાલુજ રહેતી.

સમગ્ર ગુજરાતની માફક કચ્છીઓ પણ વેપારી પ્રજાનાં સંતાનો હતાં. તેથી કચ્છની આર્થિક સ્થિતિને વધુને વધુ મજબૂત બનાવવામાં પોતાનો ફાળો આપતા. કચ્છના સ્થાનિક શાસકો પણ વેપારીઓ તથા ખેડૂત બન્નેને પોતાની શક્તિ પ્રમાણે સૌથી વધારે મહત્વ તથા રક્ષણ આપતા હતા. તેનો ખ્યાલ લીટરરી સોસાયટી ઓફ બોમ્બે સમક્ષ ઇ. સ. ૧૮૨૦ માં કેપ્ટન મેકમુર્ડોએ વાંચેલ એક નિબંધ પરથી આવે છે. તેમાં જણાવ્યું હતું કે, "દરેક ગરાસદારે પોતાના રક્ષણ માટે ગઢ બાંધેલા છે. શ્રમજીવી તેમજ વેપારી વર્ગ તરફ બહુ સારો વર્તાવ કરવામાં આવે છે. તેઓ પોતાની મરજી મુજબ સ્થળાંત્તર કરવાની સ્વતંત્રતા ભોગવે છે. આ વર્ગની આબાદી ઉપર જ જાગીરદારોનો નિભાવ થતો હોવાથી તેઓ જ્યાં વસવા માગે ત્યાં તેમને આવકારવામાં આવે છે. ખેડૂત તથા વેપારીઓ એક ગામથી બીજે ગામ વસવાટ કરવામાં જે સગવડ ભોગવી રહ્યા છે તેથી તેમને એક વિશિષ્ટ પ્રકારની અગત્ય પ્રાપ્ત થાય છે. આ સ્થાન બીજા કોઇપણ દેશી રાજ્યમાં આ વર્ગ ધરાવતો નથી." કચ્છના એ વખતના સામાજિક માળખામાં ખેડૂત તથા વેપારી વર્ગનું જે વિશિષ્ઠ સ્થાન હતું, તેનો યશ મેકમુર્ડોએ પોતાની લાક્ષણિક રીતે ગરાસદારોના તે વર્ગ પ્રત્યેના સદભાવને આપ્યો છે.

આમ કેટલાક અપવાદોને બાદ કરતાં સામાન્ય જન સમાન ઓછી હાડમારીઓ ભોગવતો હતો. ઉચ્ચ વર્ગને ત્યાં નાણાંની રેલમછેલ થતી. વેપારીઓ ઘણા માતબર હતા અને તેમના શાસકો એટલા બધા કંગાળ હતાકે તેમને પૈસા માટે કોઇકવાર તેમના કરોડરજ્જુ જેવા વર્ગને લૂંટવો પડતો હતો. આવો વેપારી વર્ગ અને માંડવી કચ્છની રાયધણયુગીન આર્થિક સધ્ધરતાનાં પ્રતિનિધિ હતાં.

-: પ્રકરણ - ૧૫ મું :-

સામાજિક સ્થિતિ.

પ્રાસ્તાવિક :-

કચ્છની મોટા ભાગની પ્રજા બહારથી આવીને વસી છે. તેથી તેના સમાજમાં બહુ વિવિધતા દેખાય છે. આવો સમાજ સામાન્ય રીતે અન્ય સંસ્કૃતિ માંથી સારાં તત્વો ગ્રહણ કરવાનો પ્રયત્ન કરતો હોય છે. છતાંય જાણે અજાણે નરસાં તત્વો પણ ગ્રહણ કરાઇ જતાં. રાયધણયુગમાં આવું બન્યું હતું. તેથી મેકમુર્ડોને કચ્છના લોકો "સામાન્ય રીતે જોતાં ઘણા કંગાળ અને રોગી" લાગ્યા હતા.[૧] એનો અર્થ એ નથી કે તમામ સમાજ આવો હશે. ગામડાના લોકોમાં નીડરતાનો અંશ વધારે હતો. એક અંગ્રેજ સેનાપતિ નોંધે છે કે, "અમારૂં લશ્કર પસાર થયું ત્યારે ગામડાના લોકો ભાગી ગયા નહિ."[૨] જ્યારે આ અફસરો ગામમાં ગયા ત્યારે સ્ત્રીઓ અને બાળકો બારી તથા બારણા માંથી ડોકું કાઢીને જોતાં હતાં. છેવટે તેઓ બધાં બહાર આવ્યાં અને અફસરોને નમસ્કાર કર્યા.[૩] એ વખતે પણ વિદેશીઓને નમસ્કાર વિધિથી કચ્છનાં ગામડાઓમાં આવકારવામાં આવતા હતા. આવું સ્વાગત અંજારના લોકોએ કર્યું હતું. ત્યાંની સ્ત્રીઓએ પોતાના હાથથી માથાનો સ્પર્શ કરીને "ભલે આયા," "ભલે આયા" કહીને જનરલ થોટલેસનું તથા તેમના સાથીઓનું સ્વાગત કર્યું હતું.[૪] જ્યારે ભુજમાં આજ લશ્કરી અફસરોને ઉલટો અનુભવ થયો. ત્યાં સ્ત્રીઓએ સ્વાગત કર્યું પણ પુરૂષોએ તેમના આગમન પ્રત્યે અણગમો દર્શાવ્યો.[૫]

કેપ્ટન ડેવીડ સેટન કચ્છમાં લાંબો સમય રહેલો. તેને કચ્છના

---

૧. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યુમ ૫ મું, પૃષ્ટ-૧૬૦.
૨. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૧.
૩. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૨.
૪. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૮.
૫. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૬૪.

સમાજને બહુ નજીકથી નિરખવાનો સમય મળયો હતો. તેણે પોતાના લાંબા અવલોકનને અંતે ઇ.સ. ૧૮૦૩ માં નોંધ કરી છે કે, "કચ્છના લોકો વિવેકી, સભ્ય તથા નમ્ર છે. તેઓ ઇશ્વરના કોપના કલ્પિત ભયથી ખૂબ ડરે છે. આથી તેઓ દયાળુ અને કેટલીક વખત ક્રૂર બને છે. વળી પ્રાણીઓને મારવાને બદલે જાહેરમાં કે ખાનગીમાં ગમે તે કિંમતે તેમને ખરીદી લે છે. જો તેમને એમ લાગે કે આ પ્રાણી કતલખાને જાય છે તો તેઓ મો માગ્યા દામ આપી દે છે. કીડી તથા અન્ય જીવડાંઓને તેઓ સાંજે ફૂલ તથા ખાંડ ખવડાવે છે. જ્યારે કેટલાંક જંતુઓને તેઓ સૂર્યના દર્શન કરવા દેતા નથી. તેમને માટે સુવાની પથારીની સગવડ કરે છે. વળી મોટાં જંતુઓ નાનાં જંતુઓને મારી નાખે નહિ તેની સંભાળ લેવાય છે."[૬] સેટનના આ અહેવાલમાં કચ્છી પ્રજાની જીવ દયાની ભાવના દર્શાવવામાં આવી છે. તેમાં કીડિયા નગરાં તથા જીવાતખાનાનો ઉલ્લેખ છે. ઉપરોક્ત બાબતો જૈન કચ્છીઓને વધારે સ્પર્શતી હોય તેમ લાગે છે.

એથી ઉલટું કેટલાક કચ્છીઓ વિચિત્ર અને ઉધ્ધત સ્વભાવના હતા. કેપ્ટન સેટનના હાથ માંથી એક સામાન્ય કાસદે અગત્યના કરારનો કાગળ પડાવી લીધો એટલું જ નહિ તેણે તેનો ઉપયોગ હંસરાજ વિરૂધ્ધ કર્યો. છતાંય આ કાસદે કોઇ ગુન્હો કર્યો હતો તેવું કચ્છમાં માનવામાં આવતું નહિ. સેટન કચ્છી પ્રજાની એક બીજી પણ લાક્ષણિકતા નોંધે છે કે, "કચ્છના લોકો ગરીબ હોય કે ધનિક પણ તેઓ સાચું બોલતા નથી. મેં એક કાગળ સિપાઇની સાથે મોકલાવેલો પરંતુ તેણે પાછળથી તે પોતાને આપ્યાનો ઇનકાર કર્યો. અંતે તેને સોગન લેવડાવ્યા ત્યારેજ તે સાચું બોલ્યો."[૭] અલબત આવા કિસ્સાઓ અપવાદરૂપ હતા. તેના પરથી સમગ્ર કચ્છી સમાજ માટે એક સરખો અભિપ્રાય અપાય નહિ.

---

૬. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નં. -૧૩૪, પૃષ્ટ-૧૯૬.
૭. સિક્રેટ એન્ડ પોલિટીકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર -૧૮૦, પૃષ્ટ-૧૬૮૬.

માંડવીનો સમાજ :-

માંડવી કચ્છનું વિશિષ્ઠ શહેર હતું. ભૂજ પાટનગર હતું છતાં તેની રોનક માંડવી જેવી નહોતી. તેથી બીજાં શહેરો તથા કચ્છના અન્ય વિસ્તારો કરતાં માંડવીનો સામાજિક વિકાસ સહેજ મૌલિક ઢબે થયો હતો. શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે તેમ માંડવીના લોકો કાર્યમગ્ન, આનંદી અને ઉદ્યમશીલ જાતિના હતા. તેમના ખાસ તેજસ્વી અને સતત પરિવર્તન-શીલ રિવાજોએ શહેરને શાંત સ્થળ તરીકે ખપાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. વસ્તિ ખાસ કરીને વાણિયા અને બ્રાહ્મણની હતી. તેઓ મુખ્યત્વે પોતાના વ્યવસાયમાં રત હતા. સામાન્ય રીતે માંડવીનો નાગરિક સુંદર હતો. શ્રીમતી પોસ્ટન્સના મતે આ સુંદરતા કચ્છની આબોહવાને આભારી હતી.[૮]

માંડવીમાં કાળા એબિસિનીયનો, કોકેસસના હિદકીઓ અને મોભાદાર આરબો જેવા વિદેશીઓ વસતા હતા. આ ઉપરાંત માંડવીના સામાજિક અને આર્થિક જીવનમાં ગોસાઇઓ વિશિષ્ઠ સ્થાન ધરાવતા હતા. તેઓ નારંગી રંગનો ઝબ્બો પહેરતા જેથી અડધા સાધુ અને અડધા વેપારી જેવા લાગતા.[૯] જ્યારે માંડવીના રજપૂતો શ્રીમતી પોસ્ટન્સને મતે બડાઇ મારીને દમામથી ચાલતા તથા પોતાની શ્રેષ્ઠતાની તમામ તકોનો ઉપયોગ કરી લેતા હતા. તેમનું નાક ગરુડ જેવું તિવ્ર હતું અને લાંબી તથા ભરાવદાર મૂછો રાખતા હતા. તેમના પોષાક અને વર્તનમાં સ્વતંત્રતા, શેખીખોરપણું અને ગર્વિષ્ઠતાના મિશ્રણની છાપ ઉપસતી હતી.[૧૦] આ રજપૂતો મુખ્યત્વે જાડેજાઓ હતા. શાસક જાતિના અહમ્ માંથી તેમનામાં કેટલીક બદીઓ પ્રવેશી હતી. તેથી કેપ્ટન મેકમુર્ડોએ તેમને અત્યંત આળસુ અને સિથિલ ગણ્યા છે.[૧૧]

---

૮. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૦,૧૧ અને ૧૫.
૯. ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડયા, પૃષ્ટ-૪૪૮ અને ૪૪૯.
૧૦. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૧.
૧૧. ગેઝેટીયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ ૫ મું, પૃષ્ટ-૧૬૦.

સ્ત્રીઓ :-

કેરાની સ્ત્રીઓ કચ્છમાં સૌથી સુંદર હતી એમ કચ્છીઓની માન્યતા હતી. પરંતુ શ્રીમતી પોસ્ટન્સ ને તે સુંદર નહોતી દેખાઇ. કેરાની સ્ત્રીઓ ઘરેણાં તથા આભૂષણો સુંદર રીતે પહેરતી તેથી તે સુંદર લાગતી હશે. બાકી સુંદરતાની વ્યાખ્યા દરેક પ્રજાની અલગ અલગ હોય છે. કચ્છીઓની નજરમાં કેરાની સ્ત્રીઓ તેમના દૃષ્ટિકોણ મુજબ સુંદર હોઇ શકે. અંજારની આજુબાજુના પ્રદેશની સ્ત્રીઓને એક અંગ્રેજ સેનાપતિ સુંદર બતાવે છે. તે એટલે સુધી નોંધે છે કે, સામાન્ય મવાલી માણસની પત્ની પણ રસિક, હુષ્ટપુષ્ટ, ભરાવદાર વદનવાળી, ખીલેલા સાહસિક યૌવનથી ભરેલી, ચકચકિત બદામી ચહેરાવાળી અને બુધ્ધિશાળી વ્યક્તિત્વ ધરાવતા દેહવાળી હતી. એટલું જ નહિ તેમના બાળકો પણ સુંદર હતાં.[૧૨]

રણ કાંઠાના લોકો :-

બન્ને રણના કિનારે આવેલાં ગામોમાં રહેતા લોકો સામાન્ય રીતે દુઃખી હતા. રાયધણયુગમાં આ ગામોમાં ૨૦ થી ૩૦ કુટુંબોની વસ્તિ હતી. જ્યારે તે પહેલાં ત્યાં હજારોની સંખ્યામાં લોકો વસતાં હતાં.

ફરારી પ્રજા :-

કેપ્ટન મેકમુર્ડો નોંધે છે કે, "ઢોર ચરાવનાર ચારણ, રબારી અને સિંધી મુસલમાનો છ અથવા આઠ કુટુંબની ટોળીઓમાં હંમેશાં ફરતા રહેતા. તેઓ ક્યાંયે સ્થિર વસવાટ કરતા નહિ. જ્યાં પડાવ નાખતા ત્યાં કામચલાઉ ઘાસનાં ઝૂંપડાં બાંધી દેતા. તેમનો નિર્વાહ મુખ્યત્વે દૂધ તથા માખણથી ચાલતો."[૧૩] કચ્છનો મુખ્ય વ્યવસાય પશુપાલન

---

૧૨. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૩.
૧૩. ગેઝેટીયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ-૫ મું, પૃષ્ટ-૧૬૦.

હોવાથી ફરારી જાતિઓનું કચ્છમાં પ્રમાણ વધારે હતું. કેટલીકવાર સ્થાયી જાતિને પણ વ્યવસાય માટે ફરારી બનવું પડતું.

અગત્યનાં સામાજિક એકમો :-

કચ્છનાં સમાજમાં કેટલીક જાતિઓ તેમની વિશિષ્ટ ખાસિયતોને કારણે મહત્વની હતી. વેપારી વર્ગમાં લોહાણાઓએ કેપ્ટન મેકમુર્ડો નોંધે છે તેમ પોતાની આગળની સ્થિતિ ખોઇ હતી અને રાયધણયુગમાં તો તેઓ ખેતી તથા મજૂરી કરતા હતા. રાયધણના દેવચંદ તથા તેની જાતિ સામેના સમગ્ર પૂર્વગ્રહને લીધે લોહાણાઓની સ્થિતિ સહેજ બગડી હશે. વેપારીઓમાં બીજો અગત્યનો વર્ગ ભાટિયાઓનો હતો. તેઓ પ્રમાણમાં સુખી હતા.

કચ્છના સમાજમાં લુહારનું સ્થાન વિશિષ્ઠ હતું. કારણ કે તે લશ્કરી ક્ષેત્રમાં નાનાં તીવ્ર શસ્ત્રોનું ઉત્પાદન કરવામાં અગત્યનો ભાગ ભજવતો હતો. ભુજમાં વધારે લુહારો હોવાની નોંધ શ્રીમતી પોસ્ટન્સે કરી છે. આ લુહારો એટલા બધા પાવરધા હતા કે ચકમક જેવા સખત પથ્થરને પણ વાળી નાખતા. એ વખતના બ્રિટિશ બનાવટના "પરક્યુસન લોક" ને પણ તેઓ ક્ષણભરમાં વાળી દેતા. આ તાળું તાંબાની લાંબી પાટ જેવું હતું.[૧૪]

કચ્છના ભાતીગળ સમાજ જીવનમાં પખાલીનું પણ વિશેષ સ્થાન હતું. તેઓ મુખ્યત્વે શહેરમાં રહેતા. બળદ પર ચામડાની પખાલ રાખીને ઉભી વાટ પોતાનો હુક્કો પીતો પીતો પખાલી આગળ વધતો. રસ્તામાં પાણી ભરીને આવતી સ્ત્રીઓ સાથે ગપાટા મારવાનું તેનું આ વખતે મુખ્ય કામ રહેતું. આ સ્ત્રીઓ અને પખાલી એકબીજાના પૂરક જેવાં હતાં.

શારીરિક બાંધો :-

સામાન્ય કચ્છી નાગરિક ઉપર વર્ણવેલા કચ્છીઓ કરતાં દેખાવે

---

૧૪. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૪૮ અને ૪૯.

અને બંધારણમાં જુદો પડતો નહિ. જાડેજા પુરૂષો કુદરતી રીતે સુંદર હતા. પોટલેસે અંજારની સુંદર અને મોહક સ્ત્રીઓની નોંધ લીધી છે. સામાન્ય રીતે તેઓ રાયધણ યુગમાં પણ કદાવર, ઘાટીલી, સ્વરૂપવાન અને સાહસિક હતી. અંજારના પુરૂષો પણ તંદુરસ્ત અને અદભુત ઇચ્છા શક્તિવાળા હતા. જ્યારે ભૂજના લોકો ભરાવદાર બાંધાના, જબરા તથા શક્તિમાં અંગ્રેજો સમોવડિયા હતા.[૧૫] શ્રી કારાણિ નોંધે છે તેમ કદાવર શરીર, તાલીમબાજ બાંધો અને તેજસ્વી મુખમુદ્રાવાળા કચ્છીઓને "પંજહથા" તરીકે ઓળખવામાં આવતા.[૧૬]

પુરુષોનો પોષાક :-

કચ્છ અને સૌરાષ્ટ્રના લોકોનો પોષાક રાયધણયુગમાં લગભગ સરખો હતો. પુરુષોના પોષાકમાં લાંબી પાઘડી, ચોયણો, ઝભ્ભો, ઝભ્ભાપર વિંટાળેલ કેડબંધિયું વગેરેનો સમાવેશ થતો. આ ઉપરાંત સીદીઓ માથા પર મોટીવાળવાળી ટોપી પહેરતા. જ્યારે શેખ લોકોની પાઘડી અને ઝભ્ભો અલગ આકારનો રહેતો. શ્રીમતી પોસ્ટન્સ જણાવે છે તેમ પુરુષો જે પાઘડી પહેરતા એનું વજન પંદર કીલો રહેતું. સામાન્ય હિન્દુઓનાં પોષાક કરતાં કચ્છમાં બીજા કેટલાય મુસલમાનો એવા હતા કે જેમનો પોષાક સામાન્ય પોષાકથી અલગ રહેતો.[૧૭]

દાઢીની માવજત :-

ઘરડા પુરુષો સફેદ દાઢી રાખતા. આ દાઢીને જડબાથી વચમાં હોઠની નીચેથી કાપવામાં આવતી અને તેના પર કાળાં લાંબાં થોભિયા રહેતાં. વૃધ્ધોની દાઢી છેક છાતી સુધી પહોંચે તેટલી લાંબી રહેતી. સફેદ દાઢી મૂછોને રજપૂતો શરમજનક માનતા એટલું જ નહિ તેને બદનામી કે અપકીર્તિના પ્રતિક તરીકે ઓળખતાતેથી દાઢી અને મૂછો ધોળી થાય ત્યારે તેને લેપથી રંગવામાં આવતી.

---

૧૫. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૬૫
૧૬. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૩૪.
૧૭. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૬૪.

ગળી માંથી લેપ બનાવવાની ક્રિયામાં થોડાક દિવસો લાગતા. જાંબુડિયા શણનું ઝાંખું રસાયણ કરીને તે બનાવાતો. જો આવડત હોય તો તેનો રંગ દાઢી રંગાય તેવો સુંદર આવતો નહિતર ધાણ બગડી જતો. આ લેપ તૈયાર કરવામાં વપરાતી આયાની કળીનું ઉત્પાદન કચ્છમાં થતું નહિ. તેથી તે સિંધ માંથી ઘણાજ સસ્તા દરે મેળવવામાં આવતી હતી. દાઢીને રંગ કરવાની રીત ઘણીજ માથાકૂટથી ભરેલી અને થકવી નાખે તેવી હતી. લેપ કરનારને ધીરજથી કલાકોના કલાકો બેસી રહેવું પડતું. લેપ કરતાં લેપ કરનારનું માથું ચઢી ન જાય તે માટે તેના માથાપર કેળનાં લીલાં પાંદડાં બાંધી દેવામાં આવતાં હતાં.[૧૮]

પોષાક – સ્ત્રીઓનો :–

લગભગ તમામ સ્ત્રીઓનો પોષાક રંગીન છીંટનો હતો. વાગડની સ્ત્રીઓ છાતી પર કાપડા જેવું વસ્ત્ર ચુસ્તરીતે બાંધતી. જે સામાન્ય રીતેરેશમી કાપડનું બનેલું રહેતું. તેના પર એક લાંબો સુતરાઉ કાપડનો કૂરતો પહેરવામાં આવતો. આ કૂરતાની વિશેષતા એ હતી કે તેની નીચે પહેરેલું કાપડું દેખાય તે માટે તેનો પેટીકોટનો ભાગ કાઢી નાખવામાં આવતો.[૧૯]

પોષાક – રાણીઓનો :–

રાણીઓનો પોષાક સામાન્ય સ્ત્રીઓ જેવોજ પરંતુ અતિ કિંમતી હતો. શ્રીમતી પોસ્ટન્સે નોંધ્યું છે તેમ તેમનું કાપડું ટાયરના જેવા જાંબુડિયા કાળા રંગના સાટીનનું હતું. તેની કિનારી પર ઉપસેલા બુટ્ટા પાડવામાં આવતા. ઉપરાંત ફૂલોના જથ્થાને વેર્યો હોય તે રીતનું તેના પર ભરત રહેતું. દરેક ફૂલ જુદાં જુદાં રત્નોનું બનેલું હતું. ફૂલનાં

---

૧૮. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ઠ–૧૩૮.
૧૯. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ઠ–૩૬૪, ૩૮૨ અને ૩૮૪.

પાંદડાં તથા ડાંખળિયો સોનું તથા રંગીન રેશમથી ખીચોખીચ ભરવામાં આવતી. કાપડામાં સ્તનનો ભાગ સાચાં મોતીની વર્તુળાકાર હારોથી ભરવામાં આવતો.

તેની સપાટોને પણ સોનાના દોરાથી ભરવામાં આવતી. આ સપાટો એડી પાસેથી ખુલતી અને અંદરના ભાગમાં પગ તરફ વાંકી વળેલી હતી. રાણીના ભવ્ય ચહેરા પર સોનાના દોરાથી વણેલી કિનખાબની ઓઢણી રહેતી. તેના કોમળ ચકચકિત વાળમાં ગ્રીક ઢબે પાંથી પાડવામાં આવતી. અને સોનાની પટ્ટીથી છેડાવાળા વાળને બાંધી દેવામાં આવતા. આ સોનેરી દોરીને સાચાં મોતી બાંધવામાં આવતાં હતાં.

આભૂષણો :-

કચ્છની સ્ત્રીઓ ઘરેણાની શોખીન હતી. તેમની સાડીની કિનાર પર ચાંદીની ટીકીઓ ચોઢતી અને તેમની ચોળિયો પર આભલા ટાંકીને આકર્ષક દેખાવ ઉત્પન્ન કરવામાં આવતો. તુલસીના અને સોનાના પારાના હાર સોનેરી દોરીમાં પરોવીને પહેરવામાં આવતા. સોનાના એરિંગ અને બંગડી પર હાથી, વાઘ, નાગ અને વાંદરાની છાપો ઉપસાવવામાં આવતી હતી. ઘરેણાંમાં નંગ જડવાની કચ્છમાં વિશિષ્ઠ શૈલી હતી. તેઓ પહેલાં રત્ન, વચ્ચે માણેક અને છેલ્લે મોતી મૂકતા. એ રીતની ત્રિપુટી દરેક કિનાર પણ ચાલતી હતી. આમ રાયધણયુગમાં ચૂંક, એરીંગ, અંગૂઠા તથા આંગળીની વિંટીઓ, બાજુ બંધ, કંકણ, પોંચી, સાંકળી, પગનાં સાંકળાં, નેક્લેશ વગેરે મુખ્ય ઘરેણાં હતાં.

ખોરાક :-

રાયધણયુગના કચ્છીઓનો ખોરાક સાદો હતો. તેમનો સામાન્ય ખોરાક ચોખાનો હતો. આ ઉપરાંત તેઓ ભૂંજેલ અનાજ પણ ખાતા. શાકભાજીનો ઉપયોગ ઘી માં વધારીને કરવામાં આવતો હતો. બરછટ ધાન્યોમાં જુવાર, છાછટિયો, બંટી અને બાજરાનો ઉપયોગ થતો. તેમાં બાજરો તેમનો રાષ્ટ્રીય ખોરાક હતો. લાખાફૂલાણી સાથે સંબંધિત

એક દંતકથા બાજરાને બાજરો નામ કચ્છે આપ્યું તેમ જણાવે છે.[૨૦] બાફેલા ખોરાકમાં સામો, કોદરી, તાંદરો અને ચેણાનો ઉપયોગ કરવામાં આવતો. ખોરાકના પેયમાં દૂધ અને છાસનો સમાવેશ થતો. સાદો અને શુધ્ધ ખોરાક લેવાને લીધે સૂકી આબોહવામાં કચ્છીઓ ખડતલ બન્યા હતા. ખોરાકની સાદાઇની અસર છેક મહેલ સુધી પહોંચતી. રાયધણ યુગમાં કચ્છમાં કોઇના પણ- રાજાનાય લગ્ન વખતે મીઠાઇનું ભોજન આપવામાં આવતું નહિ. છેવટે આધુનિક યુગનો પવન ફૂંકાતાં ઇ.સ. ૧૭૯૨ માં યુવરાજ માનસિંગના લગ્ન થતાં મીઠાઇ પીરસીને આ પ્રણાલિકા તોડવામાં આવી.[૨૧]

માંસાહાર :-

સામાન્ય રીતે લડાયક જાતિઓ અને મુસ્લિમો માંસાહાર કરતા હતા. પરંતુ એલેક્ઝાન્ડર બર્ન્સે તો લોહાણા જેવી વેપારી જાતિ પણ માંસાહાર કરતી તેવું નોંધ્યું છે. તેમનો પ્રિય ખોરાક બગલાનું માંસ હતો.[૨૨] જો કે આ લોહાણાઓ સિંધના વતની હશે. કારણ કે કચ્છી, વાગડિયા અને દેશી લોહાણાઓ અત્યારે અને એ વખતે પણ શાકાહારી હતા. છતાંય માંસાહારનું પ્રમાણ કચ્છમાં ઠીક ઠીક પ્રમાણમાં હતું જે હકીકત છે. હેમિલ્ટન પણ નોંધે છે કે "કેટલાક કચ્છીઓ ધૂડખરનું માંસ ખાય છે."[૨૩]

શ્રી. ડબલ્યુ લોવેલના અહેવાલ પરથી એવું લાગે છે કે, એ વખતે

---

૨૦. તેનું મૂળ નામ શીતળો હતું. ઉત્તર પ્રદેશમાં કચ્છી સૈનિકોએ તે ખાધેલો અને તેમને કાંઇ થયું નહિ એટલે કે તે શીતળો "જર્યો" (પચ્યો) ત્યારથી "ભા જર્યો" (ભાઇ પચ્યો કે ?) નામ પડયું. તેમાંથી અપભ્રંશ થઇને બાજરો થયું.

૨૧. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૪૮૧.

૨૨. ટ્રાન્ઝેક્શન ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યૂમ ત્રીજું, પૃષ્ટ-૫૬૪.

૨૩. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૯૫.

કચ્છમાં જે લોકો માંસાહાર કરતા તે જાહેરમાં ખાઇ શકતા નહિ. કારણ કે કચ્છની સરકારે માંસ ભક્ષણનો નિષેધ કરેલો. આને લીધે કચ્છમાં પુષ્કળ માંછલાં તથા મરઘાં થતાં હોવા છતાંય મહા મુશ્કેલીએ માંસ મેળવી શકાતું હતું. શ્રી. લોવેલે આ રીતે માંસ મેળવેલું પરંતુ તે ખાવા માટે તેમને પોતાના જહાજમાં જવું પડયું હતું.[૨૪]

માછલાં :-

માંડવીના દરિયા માંથી પ્રાપ્ત થતી માછલીઓ ફક્ત પૌષ્ટિક હતી એવું નહોતું પણ તેનામાં ઔષધીના ગુણો હતા. આ માછલીઓમાં પામ્ફ્રેલટ, ઓયસ્ટર, ક્રાબ અને પ્રોન મુખ્ય હતી. આ બધી માછલીઓ કચ્છના અખાતમાં મળતી. પરંતુ હિન્દુઓનાં પરંપરાગત હિંસા પ્રત્યેના પૂર્વગ્રહને લીધે મત્સ્ય ઉદ્યોગને વેપાર તરીકે ખીલવવાની તેઓ પરવાનગી આપતા નહિ. શ્રીમતી પોસ્ટન્સે જ્યારે કચ્છની મુલાકાત લીધી ત્યારે માછલીની માંગ કરતાં પુરવઠો ઓછો હતો. બાકી એ વખતે જો મત્સ્ય ઉદ્યોગનો વ્યવસ્થિત વિકાસ કર્યો હોત તો માછલીઓની આવી ઉચ્ચ જાતોની નિકાશની શક્યતા યુરોપિયનોને લીધે ભારતના અન્ય ભાગોમાં હતી. ધોટલેસે પણ રણમાં મોટી સંખ્યામાં મરેલાં સૂકાં અને સખત માછલાં જોયાં હોવાનો ઉલ્લેખ કર્યો છે. શ્રી. વિલિયમ્સ નોંધે છે કે, "મુન્દ્રાના દરિયા કિનારે સારામાં સારી જાતની માછલીઓ મળે છે."[૨૫]

કચ્છમાં એ વખતે મત્સ્ય ઉદ્યોગનો વ્યવસ્થિત વિકાસ નહોતો થયો. છતાંય પાછળથી માંડવીમાંના અંગ્રેજો કચ્છના અખાતમાંથી મુખ્યત્વે પ્રોફટસ, પ્રોન્સ અને બોમ્બે ડક્સ પ્રકારની માછલીઓ પકડતા હતા. આ ઉપરાંત તેઓ બહુજ કિંમતી તેવી પર્લ ઓસ્ટર, વીન્ડો, પેન ઓસ્ટર અને ચંક તથા બીજી છીપ પ્રકારની માછલીઓ મેળવતા.[૨૬]

---

૨૪. ફોરેઇન એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૨૯, પૃષ્ટ- ૬૧૮૬ અને ૬૧૮૭.
૨૫. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૪૭.
૨૬. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૨૦૫ થી ૨૦૭.

આબોહવાની સમાજ પર અસર :-

હવામાન તથા ખોરાક પરિવર્તનની દૃષ્ટિએ માંડવી ઉત્તમ હતું. શ્રીમતી પોસ્ટન્સના મતે માંડવીની આબોહવાએ માંડવીવાસીઓને બીજા કચ્છીઓ કરતાં વધારે સુંદર બનાવ્યા હતા. માંડવીની હવા ઠંડી, કોમળ અને આહલાદક હતી. તેની ઠંડક પણ સહ્ય હતી. માંડવીના દરિયા કિનારે ઘણા નિવાસ માટેનાં મકાનો હતાં. આ આબોહવા અશક્ત તથા માંદા માણસ માટે આરોગ્ય વર્ધક સાબિત થતી હતી. આ બાજુનાં ભારતના વિસ્તારમાં માંડવીનો પ્રદેશ આબોહવાની દૃષ્ટિએ બીજા પ્રદેશો કરતાં શ્રીમતી પોસ્ટન્સને સારો લાગ્યો હતો. [૨૭]

મોજશોખ :- રાચરચીલું.

બહુમતી કચ્છીઓ પ્રમાણમાં ગરીબ હતા. તેથી તેમને માટે મોજ-શોખ આકાશ કુસુમવત હતો. કેટલાક સુખી લોકો મોજશોખભર્યું જીવન જીવતા હતા. તુર્કી શૈલી જેવા ચાંદીના પ્યાલા અને બરણીઓને પોતાના ઘરોમાં શણગારતા. પુષ્પોમાં કચ્છીઓને મોગરો વધારે પસંદ હતો. શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે તેમ ભુજના બગીચાઓમાં મોગરો ઉછેરવામાં આવતો. રાજ્ય કુટુંબના સભ્યો તથા સુખી વર્ગના લોકો મોગરાનો હાર પહેરતા હતા.

લગ્ન જીવન :-

નાના મોટા જાડેજા જાગીરદારો પ્રાચિન સમયથી કુલાભિમાન તીવ્રરીતે જાળવતા હોવાને લીધે તેમની દીકરીઓનાં લગ્નનો પ્રશ્ન રાયધણયુગમાં મુશ્કેલ હતો. તેમને યોગ્ય વર ન મળતાં જાડેજાઓમાં દૂધપીતીનો રિવાજ પ્રચલિત થયેલો. જેનો ચેપ કચ્છની બીજી જાતિઓને પણ લાગ્યો હતો.

છતાંય કર્નલ વોકર જેવાના પ્રયાસોથી સૌરાષ્ટ્ર અને કચ્છના રજપૂતો વચ્ચે લગ્ન સંબંધો બંધાતા હતા. ઇ. સ. ૧૮૦૭ માં સુમરી રોહાના

૨૭. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૭.

ભાયાત વજેરાજજીની દીકરીને ભાવનગરના વજેસિંહ સાથે પરણાવવામાં આવેલી.[૨૮] ઇ. સ. ૧૮૧૨ ના અરસામાં પોરબંદરના યુવરાજ હાલોજીનું એક લગ્ન કચ્છના બામણિયાના જાડેજા ઠાકોર દેશળજીની કુંવરી વાનજી-બા સાથે થયાં હતાં.[૨૯]

હિન્દુ-મુસ્લિમ લગ્ન :-

રાયધણયુગમાં હિન્દુ મુસ્લિમ લગ્નો સામાન્ય હતાં. આવાં લગ્નો શાસકો કે તેમના પ્રધાનો જેવા ઉચ્ચ વર્ગો વચ્ચે જ થતાં એવું નથી. સામાન્ય પ્રજા પણ અંદરોઅંદર આવાં લગ્નોનાં લાભ લેતી. મહમદ સોટાને રજપૂત પરણેતર હતી એજ રીતે ફતેહમહમદની એક પત્ની જમાલ-બાઇ સોઢી રજપૂતાણી હતી. ધીમે ધીમે કચ્છની પડોશમાં પણ આવાં આંતરધર્મિય લગ્નોનો વાવડ ફૂંકાયો. મેરૂ ખવાસ પણ મુસ્લિમ કન્યાને પરણ્યો હતો.[૩૦]

વરઘોડો :-

સામાન્ય રીતે વરઘોડાનો રિવાજ કચ્છના હિન્દુ અને મુસ્લિમ બન્ને સમાજમાં પ્રચલિત હતો. પરંતુ રાયધણયુગમાં આમાં એક અપવાદ હતો. તે વખતે લોટિયા વોરાઓ પરણતી વખતે ઘોડે ચડી શકતા નહિ. ભૂતકાળમાં એવું બનેલું કે, જામનગરમાં એક લગ્ન પ્રસંગે એક વાણિયા યુવાનનો વરઘોડો નીકળેલો. આ વરરાજા માંડવે પહોંચે તે પહેલાં એક બીજો વોરા યુવાન વરરાજા બન્યો અને તેનું મિત્રમંડળ વાજતેગાજતે કન્યાને માંડવે આવી પહોંચ્યા. તેને પોંખી લેવાની તૈયારીઓ થઇ રહી હતી ત્યાં તો સાચા વરરાજાનો વરઘોડો માંડવે આવી પહોંચ્યો.

---

૨૮. કાઠિયાવાડ અને ગુજરાતનાં કેટલાંક પરગણાં વિશે લેફટેનન્ટ કરનલ એલેક્સાંડર વાકર સાહેબે કરેલા રીપોર્ટો, પૃષ્ટ-૧૪૨.
૨૯. હિન્દ રાજસ્થાન, પૃષ્ટ-૧૭૪ અને ૧૭૫.
૩૦. તવારીખે સોરઠ, પૃષ્ટ-૨૧૬ અને સપ્રેશન ઓફ ઇન્ફેન્ટીસાઇડ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૩૨૨ અને ૩૨૭.

તેમાંથી મારામારી થઇ. ત્યારબાદ વાણિયાઓએ જ્યાં જ્યાં એમની નાત હતી ત્યાં ત્યાં કાગળો લખીને જણાવ્યું કે વોરાઓને ઘોડે ચડવા દેવા નહિ. કચ્છમાં પણ આ રિવાજનું પાલન થતું. છેક ઇ.સ.૧૮૭૧ માં આ પ્રથાને તિલાંજલી આપવામાં આવી.[૩૧]

છૂટાછેડા :-

નીચી જાતિઓમાં છૂટાછેડાનો રિવાજ સરળ હોય તેમ લાગે છે. કદાચ મુસ્લિમ સમાજની અસરરૂપે પણ હોય. શ્રી. આર. જી. વાલેસ નોંધે છે કે, "જો કોઇ જત સ્ત્રીને તેના પતિથી છૂટાછેડા લેવા હોય તો, છૂટાછેડા લેવાના સમય અંગાઉ તે પોતાના તમામ ઓળખિતાને ભેગાં કરતી પછી તેના પતિના તમામ રાચરચીલાનો નાશ કરી નાખતી અને જ્યાં સુધી તેનો પતિ છૂટાછેડા આપવા માટે સહમત ન થાય ત્યાં સુધી તેના પર આવો ત્રાસ ગુજારવામાં આવતો."[૩૨]

તહેવારો - ઉત્સવો :-

કચ્છમાં હિન્દુઓના તહેવારોમાં નાગપંચમી અને હોળી મુખ્ય હતાં. જ્યારે મુસ્લિમોનો મુખ્ય તહેવાર મહોરમ રહેતો. આ ઉપરાંત બીજા પણ કેટલાક તહેવારો ઉજવવામાં આવતા હતા.

નાગપંચમી :-

નાગપંચમી કચ્છનો રાષ્ટ્રીય ઉત્સવ હતો. તેમાં મહારાવ જાતે ભાગ લેતા. રાયધણે ઇસ્લામ સ્વીકારેલો હોવાથી તેણે આ ઉત્સવમાં ભાગ લીધો હોય તેવો સંભવ નથી પરંતુ ભાઇજીબાવાએ અને તેના મૃત્યુ પછી તેના કોઇ જાડેજા પ્રતિનિધિએ આ ઉત્સવમાં ભાગ લીધો હશે. કારણ કે આ ઉત્સવનું મહત્વ ઘણું હતું. તે રાજાના સાનિધ્યમાં જ ઉજવવામાં આવતો હતો.

---

૩૧. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૬૦૩ અને ૬૦૪.
૩૨. મેમ્વાર ઓફ ઇન્ડિયા, પૃષ્ટ-૩૪૪.

ઉત્સવની શરૂઆતમાં રાજા સવારી સાથે મહેલની બહાર નીકળતો. આ સવારી આવે ત્યારે એક ગારુડી તેની સામે આવીને મોરલી વગાડતો. રાજાના માથાપર તડકાથી રક્ષવા કિનખાબનું છત્ર ઢોળવામાં આવતું. સવારે છ વાગે આ સવારી નીકળતી. તેમાં ભાગ લેનારાઓ મુખ્યત્વે ઉંટ ઉપર બેસતા હતા. તેઓનો પોષાક ભવ્ય અને ખર્ચાળ હતો. સવારીના શાહી નગારાને ભરત ભરીને શણગારવામાં આવતું.

આ સવારી ધીમી ચાલે સ્થિરતાથી આગળ વધતી. સવારીના હાથીઓનો ચહેરો અને તેના સુપડા જેવા કાન પર રંગબેરંગી આંગી કરવામાં આવતી. મોતી લગાડીને ગોળ વર્તુળો રચવામાં આવતાં. એજ રીતે તેની સૂંઢ પર પણ ડીઝાઇનો દોરવામાં આવતી. તેના પગનાં ઘૂંટણે ચાંદીના ઘંટો બાંધવામાં આવતા હતા. અને તેની પીઠ પર અમૂલ્ય ઘરેણાંઓથી લાદેલો હોદ્દો રહેતો.

છેવટે આ સરઘસ ભૂજિયા ડુંગરની ટોચ પર આવતું જ્યાં નાગ પૂજા થતી. અહીંયા એક વેદી બનાવવામાં આવેલી હતી. બ્રાહ્મણ મંત્રો ઉચ્ચારતો ઉચ્ચારતો હુષ્ટ પુષ્ટ બકરાઓને લઇને વેદી પાસે આવતો. આ બકરાઓને બલિદાન માટે ખાસ શણગારવામાં આવતા હતા. તેઓના ગળામાં ચંપા અને મોગરાની માળા પહેરાવવામાં આવતી. સૌ પ્રથમ થોડા ભૂંજેલા વટાણા અને ફોતરાં આ બકરાંઓને નિરવામાં આવતા. તે પહેલાં તેમાનાં થોડાને વેદીમાં હોમવામાં આવતા. ત્યારબાદ ભાટ-ચારણો કેટલીક ભવિષ્ય વાણીઓ બોલતા અને પૂજારી ચળકતી કટારને હવામાં જોરથી વીંઝીને એકજ ઝાટકે પેલા ગરીબ બિચારા બકરાઓનાં માથાં કાપી નાખતો. તેનું લોહી વહેતું વહેતું વેદી પાસે જતું. તેમાં તુલસીપત્રોને બોળવામાં આવતાં અને વેદીની બાજુમાં ગોઠવી દેતા. મુખ્ય પૂજારી થોડી માટીને ભેજવાળી કરતો પછી તે મહારાવ કે તેના પ્રતિનિધિ સમક્ષ નાચતો અને મહારાવના કપાળમાં પેલા લોહીનો ચાંદલો કરતો. ત્યારબાદ બીજા કેટલાક મંત્રો બોલાતા અને બ્રાહ્મણો જાહેર કરતા કે ભગવાને બલિદાન સ્વીકારી લીધું છે. પછી પેલો પૂજારી

આવેશમાં આવી વેદી પાસે પોતાની છાતી અને વાંસા પર લોઢાની સાંકળના સખ્ત પ્રહારો કરતો. તેના પ્રહારોની પરાકાષ્ટા પછી ઉત્સવ પૂરો થતો.[૩૩]

આ પરથી કચ્છમાં નાગપંચમીનું કેવું મહત્વ હતું તેનો ખ્યાલ આવે છે.

હોળી :-

કચ્છમાં હોળીનો તહેવાર ધામધૂમથી ઉજવાતો હતો તેની નોંધ શ્રીમતી પોસ્ટન્સે લીધી છે. તેમને મળેલી માહિતી મુજબ આ ઉત્સવ દુર્ગા માતાની યાદમાં ઉજવાતો. જો કે આ માહિતી મેળવવા કે સાંભળવામાં સમજફેર થઇ હોય તેમ લાગે છે. કારણ કે હોલિકા અને દુર્ગા માતાને કોઇ સંબંધ નથી.

મહોરમ :-

મુસ્લિમો માટે મહોરમનો તહેવાર ઘણો અગત્યનો હતો. એટલું જ નહિ સમગ્ર કચ્છ માટે તેનું આગવું મહત્વ હતું. પોટલેસે રાયધણયુગમાં લોકોમાં તથા લશ્કરી છાવણીમાં કેવી સુંદર રીતે મહોરમનું પર્વ ઉજવાતું હતું તેનું વર્ણન આપ્યું છે. તેમના જ શબ્દોમાં, "મહોરમનો ઉત્સવ એશિયાઇ તમાસા જેવો હતો. અહીં તહીં મનુષ્યો ચિત્ર વિચિત્ર રંગે પોતાના શરીરને ઢાંકીને ફરતાં દેખાય છે. તેમના ચહેરાઓને જુદી જુદી રીતે બિહામણા અને વિકૃત બનાવવામાં આવ્યા છે. નાટકના વિદૂષક જેમ પોતાને ચિતરીને બધાય માણસો નાચતા, કૂદતા અને તોફાન કરતા દેખાય છે. તેમનું વર્તન વિચિત્ર છે. તેઓ હથિયારોને હોંશિયારીથી ખેલે છે અનેરમાડે છે. તેમની છોકરીઓને ગળામાં રંગીન હાર પહેરાવીને સુંદર વસ્ત્રોથી સજ્જ કરવામાં આવી છે.

"ખાંજળી ખચાક અથવા તાબૂતના વાધે પોતાના આખા શરીરને

---

૩૩. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૦૧ થી ૧૦૩.

હરણના ચામડામાં લપેટી દીધું છે. આ ઉપરાંત કેટલાક ખાંજળી ખચાક ઘેટાં, બકરાં, વાઘ અને ભેંસોના વેશમાં ફરે છે. આ સવારી એક તળાવ પાસે અટકી જાય છે. જ્યાં તાજીઆઓને ડુબાડી દેવાય છે. આ વખતે મુસ્લિમ સૈનિકો એક પ્રકારના વર્તુળાકાર કુચ કરીને હવામાં ગોળીબાર કરે છે અને હુસેન તથા હસનના આ અવશેષો જળ સમાધી લઇ લે છે."[૩૪]

<u>મેળાઓ :-</u>

મેળાઓ ઉત્સવની સાથે મોજશોખના એક ભાગરુપ હોય છે. કચ્છની સંસ્કૃત્તિની વિવિધતાએ કેટલાક સાંપ્રદાયિક અને કેટલાક રાષ્ટ્રીય મેળાઓને જન્મ આપ્યો હતો. છતાંયે તમામ કચ્છીઓ મેળાઓમાં કોઇપણ જાતનાં ભેદભાવ સિવાય ભાગ લેતા તે તેની વિશિષ્ઠતા હતી. આ મેળાઓમાં ભૂજનો શીતળા સાતમ-જન્માષ્ટમીનો, હાજીપીરનો, ધ્રાગનો મેકણદાદાનો, ભુજિયાનો, ચકારનો મામઇ માતાનો, માધાપુરનો નાનાજખનો, કક્કડભીંટનો મોટા જખનો, અમરાપરનો કરોલપીરનો, નખત્રાણાનો રામદેવપીરનો, માતાના મઢનો આશાપુરા માતાનો, નારાયણ સરોવરનો ત્રિવિક્રમજીનો, વિંઝાણનો લાખાજીરાજનો, કુલાયનો લંધાપીરનો, માંડવી, કોઠારા અને તેરાનો શીતળા તેરસનો, પિયોજાનો મહાશિવરાત્રીનો, માંડવીનો રાવાડીનો, તલવાણાનો રૂકનશાપીરનો અને ગઢસીસાનો ભુદ્દીસાપીરના મુખ્ય હતા.

<u>સામાજિક પ્રણાલિકાઓ :-</u>

કેટલીક સામાજિક પ્રણાલિકાઓ કચ્છમાં સ્થપાઇ હતી તેમાંની કેટલીક નોંધપાત્ર હતી. આર. જી. વાલેશ નોંધે છે કે, " જત લોકો સ્ત્રીઓને સન્નમાનથી જોતા. તેઓ કે બીજા લુટારાઓ સ્ત્રીઓને લુટતા નહિ. તેથી મુસાફરી વખતે લોકો સ્ત્રીઓને પોતાનો બચાવ થાય એ માટે સાથે રાખતા. ભયંકરમાં ભયંકર લુટારાઓની ટોળી વચ્ચે સ્ત્રી જેવો

---

૩૪. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃ. ૯૮-૩૪૮.

કોઇ રક્ષણકર્તા તે યુગમાં હતો નહિ."[૩૫] બીજી પ્રણાલિકા એ હતી કે ગમે તેવી મુશ્કેલી હોય તો પણ બ્રાહ્મણો પોતાનું ગામ છોડતા નહિ. કર્નલ ઇસ્ટે કંથકોટ જીત્યું ત્યારે આખું ગામ ખાલી થઇ ગયેલું પણ બ્રાહ્મણો મંદિરની મૂર્તિઓ પાછળ સંતાઇ રહ્યા હતા.[૩૬] એક અન્ય પ્રણાલિકાની નોંધ શ્રી. કારાણિ કરે છે. વાગડમાં ગઢડાના કિલ્લાના એક કુવા વિશે એમ કહેવાતું કે તેના પાણીથી સૂરવીરો પાકે છે તેથી તે કુવાને પૂરી નાખવામાં આવેલો.[૩૭] આમેય વાગડના વીરોએ ભુજની સામે વારંવાર વિદ્રોહ કર્યો હતો. શ્રી. દ્વિવેદી પણ એક પ્રણાલિકા નોંધે છે. તેમના જણાવ્યા મુજબ લૂટારાઓ સાંઢો વારી જતા ત્યારે એક પ્રચલિત માન્યતાને અનુસરતા હતા. લોહીમાં બોળેલું કપડું બતાવીને ઘોડેસવાર જે દિશામાં નાશે તે દિશામાં સાંઢો ભાગશે તેમ માનવામાં આવતું હતું. આમ અ+ કારણ વિના પશુ કે મનુષ્યને મારવું કે ઘાયલ કરવું પડતું હતું.[૩૮]

પાળિયાઓનું સામાજિક મહત્વ :-

ઇતિહાસ લખવા માટેની સાધન સામગ્રી પૂરી પાડવામાં પાળિયાઓ ઘણાજ મૂલ્યવાન છે. તેઓ રાજકીય માહિતીની સાથે સાથે સંબંધિત યુગના સમાજ જીવનપર પણ પ્રકાશ પાડે છે. તેમાં સતિના પાળિયાઓ મહત્વનાં છે. આવા કેટલાક પાળિયાઓનું અવલોકન રસ-પ્રદ રહે છે. કાનમેરમાં જડેશ્વરની જગ્યાના ખૂણે આવેલા પાળિયામાં નીચે પ્રમાણે લખાણ વાંચવા મળે છે:-

> ।। સંવત ૧૮૩૮ ના વરખ ભા
> દરવા વદ ૭ રાઠોડ સામ
> ત રામ સરણ થયા છે.

---

૩૫. મેમ્વાર ઓફ ઇન્ડિયા, પૃષ્ટ-૩૪૪.
૩૬. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૮૧.
૩૭. કચ્છ કલાધર, ભાગ બીજો, પૃષ્ટ-૫૬૨.
૩૮. કચ્છ દેશનો ઇતિહાસ, પૃષ્ટ-૨૦ ની પાદનોંધ.

આ પાળિયામાં વ્યક્તિના સામાન્ય મરણ પ્રસંગનો ઉલ્લેખ છે. આધોઇ ગામથી ઉગમણે મેંધવાડોના સ્મશાન તરીકે ઓળખાતા સ્થળે એક ઓટલો છે તેમાં બે પાળિયા છે. જેમાંનો એક વિ. સં. ૧૮૩૮ નો વાંચી શકાતો નથી. મંજલ ગામના પાદરની છતરડીની એક બાજુએ પાળિયા પર હોય તેવું નીચે પ્રમાણે લખાણ છે :-

શ્રી ગણેશાય નમ ।। સંવત ૧૮
૩૯ ના આસુ વદ ૧૪....
.... બઇ સતી થીઆ છે
.... કેકરીઆંણી દીકરી
ભોજગ ....
સતી થીઓ છે તેની દેરી સ
વત ૧૮૯૪ ના વેસાષ સુદ
.... શરણ વધી છે.

આ લેખનો સંબંધ ડૉ. એન. કે. ભટ્ટી, ભોજક શાખાના એક ચારણની પુત્રી ધનબાઇ સાથે બેસાડે છે. આ ધનબાઇનો પિતા કમાવા ગયો ત્યારે તેની માતાએ તેની સગાઇ કરી નાખી અને તેના પિતાએ તે જ્યાં કમાઇ રળતો હતો ત્યાં સગાઇ કરી. આમ એકજ કન્યાની સગાઇ બે જગ્યાએ થતાં એ યુગના સમાજને મન ફાવે તેમ વાતો કરવાની તક મળી ગઇ. તેથી પોતાના સતીત્વને ખાતર ધનબાઇ સતી થઇ ગઇ.[૩૯]

ડૉ. એન. કે. ભટ્ટી અને પ્રો. કે. કા. શાસ્ત્રીએ પોતાના સંયુક્ત પ્રવાસમાં વાગડના ગેડી ગામના પાદરમાં આઠેક પાળિયાઓ ઉભા છે તેવો ઉલ્લેખ કર્યો છે.[૪૦] તેમાં બે રાયધણયુગના એટલે કે વિ. સં. ૧૮૩૬ અને ૧૮૩૮ ની સાલના છે. ગુજરાત ઇતિહાસ પરિષદના ભુજ અધિવેશન

---

૩૯. "પથિક" ઓક્ટોબર ૧૯૭૨, પૃષ્ટ-૧૨૫.
૪૦. "પથિક" જુલાઇ ૧૯૭૧, પૃષ્ટ-૫૩.

વખતના કચ્છ પ્રવાસમાં અમેં ફરીથી ગેંડીમાં જઇને ઉપરોક્ત પાળિયાઓ ને ફેર તપાસી જોયા હતા. આ બન્ને પાળિયાઓની વિગત બરાબર વાંચી શકાતી નથી. ફક્ત એકજ વિ. સં. ૧૮૪૪ નો પાળિયો વાંચી શકાય છે. જે નીચે પ્રમાણે છે :-

સંવત ૧૮૪૪ વરષ કા તી વ
દ ૪ દુ વાં ક વા ધા સતાના પા
લી ઉભો કીધો છે. વાવમાં ઉ
ભા કોધા છે ગામ ...... બાકીના અક્ષરો પણ

વાંચવા અશક્ય બને છે.[૪૧] બનવા જોગ છે કે તેમાં પાળિયો ઉભો કરવા નું કારણ જણાવાયું હોય.

વિ. સં. ૧૮૪૫ ના આસો વદ અમાસના એક પાળિયામાં આમર સલીઓ લાષાણી અંજારના લશ્કરમાં કામ આવ્યો છે તેવું લખાણ મળે છે. આ આમર હિન્દુ હતો કે મુસલમાન તે નક્કી કરી શકાતું નથી. તેનું મુખ લાષાણીનો ઉચ્ચાર અત્યારે લાખાણી થાય છે. જો તે મુસલમાન હોય તો તેનો પાળિયો ઉભો કરાય તે બાબત કચ્છના ઇતિહાસ માટે નવીન ગણાય. આમર સલીઓ જે યુધ્ધમાં કામ આવ્યો તે યુધ્ધ મેઘજીશેઠે અંજાર કબજે કર્યું તે વખતનું કોઇ યુધ્ધ હશે. જો તેનો સમય વિ. સં. ૧૮૪૫ ના આસો વદ અમાસનો હોય તો કચ્છના ઇતિહાસની એક કડી તરીકે આ પાળિયો ઘણોજ ઉપયોગી ગણી શકાય.

માંડવીમાં મનુભાની દેરી નામે ઓળખાતા સ્થાનના વિ. સં. ૧૮૪૫ ના પોષ વદ બીજના પાળિયાઓમાં ખવાસ કાનિયો, મેઘજી ઠક્કરે ચૂક કીધી એમાં કામ આવ્યો એવું લખાણ છે. એજ પ્રમાણે એની બાજુમાં ઉભેલા પાળિયામાં ખવાસ મેઘજીનું નામ જોવા મળે છે. એ બન્ને પાળિયા ના સાલ સંવત એકજ છે. આમ રાયધણયુગમાં સામાન્ય સૈનિકોના મરણના પણ પાળિયાઓ ઉભા કરવામાં આવતા હતા.

---

૪૧. "પથિક" માર્ચ, ૧૯૭૧, પૃષ્ટ-૫૪.

બારભાયાના સમયમાં મેઘજી શેઠ, ફતેહમહમદ ડોસલવેણ, ઓસમાણ, ભટ્ટીહમીર વગેરેએ ખટપટ વધતાં જુદાં જુદાં સ્થળો પોતાના અધિકારમાં લઇ લીધેલાં. આ વખતે જે લોકો કામ આવ્યા તેમના પાળિયાઓમાં એમનો નામોલ્લેખ મળી આવે છે. ઉદાહરણ તરીકે રાપરમાં એ વખતે ઓસમાણનો અધિકાર હતો તેમ વિ. સં. ૧૮૪૯ ના માગસર શુદ ૧૧ ના એક પાળિયા પરથી વરતાય છે. આ પાળિયામાંના ખવાઇ ગયેલા અક્ષરોને કારણે પ્રસંગનો પૂરો મેળ બેસાડવો મુશ્કેલ છે. પણ "રાપર મધે જમાદાર ઓસમાણજીની વારમા" શબ્દો વિ. સં. ૧૮૪૯ ના માગસર શુદ ૧૧ ના સમયમાં રાપર ઉપર જમાદાર ઓસમાણનું આધિપત્ય હતું તે સ્પષ્ટ કરે છે. કચ્છના ઇતિહાસમાં બારભાયાનો સમય તારીખવાર આપેલ નથી. આવા પાળિયા તેનો સમય નક્કી કરવામાં અને જે તે વિભાગમાં કોનું આધિપત્ય ક્યાં સુધી રહ્યું તે નક્કી કરવામાં ઉપયોગી સાધન થઇ શકે તેમ છે. એનો આના પરથી ખ્યાલ આવે છે. તદુપરાંત આજ પાળિયામાં આવતો "લોઆણા" શબ્દ પણ સામાજિક દૃષ્ટિએ મહત્વનો લાગે છે. અક્ષરો ખવાઇ ગયેલા હોઇ આખા વાક્યનો અર્થ બેસાડવો મુશ્કેલ બને છે. આધોઇની પાસેના કુંદરોડી નામના ગામમાં છતરડીની બહાર પંદરેક પાળિયા છે. તેમાં છતરડીમાંના ઘોડેસવારના પાળિયા પર આ પ્રમાણે લખાણ છે :–

> ।। શ્રી ગણેશાય નમઃ । સંવ
> ત ૧૮૫૬ શાકે ૧૭૨૧
> પ્રવર્તમાને દક્ષિણાયને ગતે
> શ્રી સૂર્યે હેમંત રુતો મહામ
> ગલ્યે શુભ ક્લે માર્ગશી
> ર્ષ માસે શુક્લ પક્ષે ૫ ઔની
> ડેની શ્રી રણમલજી કરવા ભા ..... આથી

આગળના અક્ષરો વાંચી શકાતા નથી. રણમલજી પછીના અક્ષરો પણ બંધ બેસતા નથી તેથી પાળિયો ઉભો કરવાના પ્રસંગનું મહત્વ સ્પષ્ટ

થતું નથી. વરણુમાં વિ. સં. ૧૬૨૬, ૧૬૭૫, ૧૬૭૬, ૧૮૩૫, ૧૮૯૮ અને ૨૦૦૦ ના પાળિયાઓ છે. તેમાં એક રાયધણયુગનો છે જે બરાબર વાંચી શકાતો નથી. એજ રીતે ચિત્રોડના બસ સ્ટેન્ડ પાસે બે ઘોડેસવારવાળો પાળિયો છે જેમાં નીચે પ્રમાણે લખાણ છે :–

સંવત ૧૮૫૭ ન વરષ વઇસ
ષ સદ ૧૪ દન સુતાર જીવા સત સા
મજી શ્રી ત્રિભાતતી શ્રેવહી વ્યા હતા તે
રામસર -- થયા છે તેનો પાલીયો
ચીત્રડ મધ ષોડો છે જાડેજા શ્રી અ
ભિરાજજીના રાજમા ઉભો કરો છે
સુભ ભવતુ કલાણ મસતુ.

આ પાળિયામાં સુથાર જેવી ગામડાની કારીગર કોમનું સામાજિક મહત્વ કેટલું બધું હતું તેનો ખ્યાલ આવે છે. આવોજ રાયધણકાલીન પાળિયો લાકડિયામાં ઉભો છે. તેમાં રથમાં બેસેલ બે વ્યક્તિઓનું શિલ્પ છે. તેમની સાથે બાળક પણ દેખાય છે. લખાણ આ પ્રમાણે છે :–

સંવત ૧૮૬૧ ના વરસે ભાદરવા સુદ ૬
સોમે અજય સુરી રાજ સુત દજાજીને
ધા માહી નગ્રની વોહવારે ચડેઆ તેના
માતા બાઇ દીપાબાઇ સતી થઇ છે.

આ ઉપરાંત લાકડિયાના વેજનાથ મહાદેવના મંદિરમાં સંવત ૧૮૬૬ ના અષાઢ સુદ ૧૧ નો ચંદરમેરાઇના નામનો પાળિયો છે પરંતુ તેનું લખાણ ભગ્ન હોવાથી વાંચવું મુશ્કેલ છે. આજ વર્ષના કેટલાક બીજા પાળિયાઓ ચિત્રોડમાં આવેલા છે. તેમાં અક્ષરો બોડિયા અને ખવાઇ ગયેલા હોઇ વાંચવા મુશ્કેલ છે.

આધોઇની વિ. સં. ૧૮૭૬ ના વર્ષની એક છતરડીના પાળિયામાં

"રાએધણજી" નામ વંચાય છે. આમ તો આ પાળિયો રાયધણયુગ પછીનો છે તેથી આ નામનો અર્થ એ થાય કે કોઇ સ્થાનિક સરદાર એ નામનો હોય અથવા રાયધણનો કોઇ ઉલ્લેખ તેના મરણ પછીના છ વર્ષમાં કરવામાં આવ્યો હોય. જ્યાં સુધી પાછળના અક્ષરો ન વંચાય ત્યાં સુધી આ પાળિયા બાબતમાં કાંઇ કહેવું મુશ્કેલ છે.

થોટલેસે આવા અસંખ્યા પાળિયાઓ જોયાની નોંધ કરી છે. તેમના જણાવ્યા મુજબ, "સીકરા પાસે મોટી સંખ્યામાં પાળિયાઓ ઉભા કરવામાં આવ્યા છે. તેમના પર યોધ્ધાનું અસ્પષ્ટ શિલ્પ કોતરવામાં આવ્યું છે. આ શિલ્પોમાં યોધ્ધાઓને ભાલો ફેંકતા કે તલવાર વીંઝતા બતાવાયા છે. આ બધા યોધ્ધાઓ ઘોડા, ઉંટ કે હાથી ઉપર ચઢેલા દેખાય છે." આ ઉપરાંત કચ્છમાં સતીઓની મોટી સંખ્યામાં પાળિયાઓ મળે છે. થોટલેસ નોંધે છે કે, "તમામ સ્મશાનોમાં સતી થયેલી સ્ત્રીઓના પાળિયાઓ ઉભા કરવામાં આવ્યા છે. આ પાળિયાઓમાં સતી થતી સ્ત્રી તેની ભુજામાં તેના મૃત પતિને લઇને બેઠેલી કે ઉભી બતાવવામાં આવી છે અને કેટલાક પાળિયાઓમાં નાનાં બાળકોને બલિદાન આપવા માટે લઇ જતાં બતાવાયાં છે. એમ કહેવાય છે કે, પહેલાં પતિની સાથે તેની પત્નિઓને બાળવામાં આવતી એવું નહોતું પરંતુ તેના કેટલાંક બાળકો, નોકરો અને રખાતોને પણ ચિતામાં સળગાવી નાખવામાં આવતી હતી"[૪૨] આ નોંધ પરથી એક નવાજ ક્રૂર રિવાજની જાણ થાય છે. વળી એવું લાગે છે કે એ વખતે સતીનો રિવાજ ઘણોજ વ્યાપક હતો અને સામાન્ય લોકોમાં તેનું પ્રચલન થતું હતું.

અફીણ :–

કચ્છીઓમાં જુદાં જુદાં અનેક વ્યસનો હતાં. સમાજના બધાય વર્ગને સ્પર્શતું વ્યસન અફીણ હતું. અફીણનો ઉપયોગ કરતી વખતે તેનું પાણી બનાવીને ઝેરનું પ્રમાણ ઓછું કરી નાખવામાં આવતું હતું. છતાંય તેની

૪૨. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ–૧૫૪ અને ૧૫૫.

ખરાબ અસરનો ભોગ લોકો થતા. અફીણ આમ તો ઉંઘ લાવે તેવું તત્વ છે. છતાંય કચ્છી અફીણ શરીરની શક્તિને વધુ કણતું નહોતું અને માનવામાં આવે છે તેટલા પ્રમાણમાં તે મગજ પર અસર કરતું નહોતું. છેલ્લાં કેટલાંય વર્ષોથી કચ્છના રાજકારણમાં જેમનું નામ વિખ્યાત હતું અને રાયધણયુગમાં જેઓ અગત્યના અને મોભાદાર ભાયાત હતા તે રોહાના વિસરાજીએ પોતાની સમગ્ર જિંદગી દરમ્યાન જેટલું લેવાય તેટલું અફીણ લીધું હતું અને છતાંય તેની અશક્તિ કે નબળાઇ લાવતી અસર તેમના પર ઘણીજ થોડી થઇ હતી. જેમ્સ બર્ન્સે ઇ. સ. ૧૮૨૫ માં તેમની મુલાકાત લીધી. ત્યારે તેઓ ૮૦ વર્ષના હતા. જોકે તેમને થોડાં વર્ષ પહેલાં લકવો પડી ગયેલો પરંતુ તે વખતે તેમનું મગજ પ્રફૂલ્લિત હતું. ત્યારબાદ બીજાં આવા કેટલાંક ઉદાહરણો તપાસીને શ્રી. બર્ન્સ એવા નિર્ણય પર આવ્યા કે, કચ્છમાં અફીણ લેવાથી સામાન્ય રીતે લોકોને બીજા દેશોની સરખામણીમાં ઓછું સહન કરવું પડતું.[૪૩]

સામાન્ય રીતે અફીણને નાના પ્યાલામાં લઇને પાણી સાથે ધોળવામાં આવતું અને તે પાણીમાં એકરસ થઇને તેની કડવાસને વધારી દેતું. પીધા પછી તરતજ તે જ્ઞાનતંતુઓને ઉશ્કેરતું. કચ્છીઓ ઘોડાને પણ અફીણની પ્યાલી આપતા હતા જેથી ઘોડો ૭૦ માઇલ સુધી સહેલાઇથી દોડી શકતો હતો.

તમાકુ :-

બીજું અગત્યનું વ્યસન તમાકુનું હતું. તમાકુને હુક્કામાં ભરીને પીવામાં આવતી. તે પીવાથી પ્રત્યેક વ્યક્તિને દુઃખમાં સહેજ શાન્તવન મળતું. ઘરમાં હોય કે વિદેશમાં પરંતુ પ્રત્યેક કચ્છીનો સાચો સાથી હુક્કો જ રહેતો. ઘોડેસવારો ઘોડા પર હુક્કો રાખીને પીતા તથા પોતાની ખેપ કરતા. હુક્કા માટે મધ્ય એશિયા માંથી આખી નાળિયેરની કાચલી આયાત કરાતી.

---

૪૩. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ટ- ૯ અને ૧૦.

શિકાર :-

વ્યસન તરીકે નહિ પરંતુ મોજશોખ તરીકે શિકારની ટેવનો વિકાસ થયો હતો. સિંધમાં કચ્છને શિકારની ભૂમિ તરીકે ઓળખવામાં આવતું. જેમ્સ બર્ન્સે જ્યારે સિંધની મુલાકાત લીધી ત્યારે બધા અમિરો એ તેમને જણાવેલું કે, કચ્છ વિશ્વની સર્વોત્તમ શિકાર ભૂમિ બની શકે. ઉપરાંત તેમણે જેમ્સ બર્ન્સને વિનંતી કરી કે તેઓ કચ્છમાં ડુક્કરનો શિકાર કઇ રીતે કરે છે અને ડુક્કરની પાછળ કઇ રીતે પડે છે તે જણાવે. તેમને જ્યારે જણાવવામાં આવ્યું કે કચ્છમાં એકજ પ્રદેશમાં એક લશ્કરની નાની ટૂકડીએ ૬૦ ડુક્કરોનો શિકાર કર્યો હતો ત્યારે તેમના આનંદ ની સીમા રહી નહિ.[૪૪] આ પરથી બહારનાઓ માટે કચ્છ કેવી વિશાળ શિકાર ભૂમિ હશે તેનો ખ્યાલ આવે છે. આમેય એ વખતે ઉત્તર કચ્છમાં દીપડાઓની સંખ્યા સારી હતી.

ગાંજો :-

કચ્છમાં ગાંજો પીવાનું વ્યાપક હતું. ગાંજાની ચલમ પીધા પછી તેના પર અડધો કીલો જેટલા પેંડા ખાવામાં આવતા. જેના કારણે નશો વધારે ચઢતો. કચ્છના ગુલમદારો-તોપચીઓ તોપનું નિશાન લેતાં પહેલાં અવશ્ય ગાંજાની ચલમ ચઢાવતા. ફતેહમહમદના એક પધુ નામના તોપચીનો પ્રસંગ કચ્છમાં પ્રચલિત છે. એક વખત તે યુધ્ધમાં વ્યસ્ત હતો ત્યારે દુશ્મનની તોપનો એક ગોળો બરાબર તેના માથા પર આવ્યો અને તેથી પધુ એમ માની બેઠો કે પોતાનું માથું સાફ થઇ ગયું. તે તોપને બાઝીને કહેવા લાગ્યો કે, " સર ગયા તો કુછ ન રહા" પછી જ્યારે તેના સાથીઓએ તેને ગાંજાની ચલમ આપી ત્યારેજ તેને પોતાના અસ્તિત્વનું ભાન થયું. આવો ગાંજાનો પ્રભાવ હતો.

દુર્વ્યસની સમાજ :-

કચ્છનો સમાજ નાનાં મોટાં અસંખ્ય વ્યસનોમાં સપડાયેલો હતો.

---

૪૪. નેરેટીવ ઓફ એ વિઝીટ ટુ ધી કોર્ટ ઓફ સિંધ, પૃષ્ટ-૯૦.

જેમાં દારુની બદી એક હતી. જાડેજાઓ જલદમાં જલદ દારુ પીતા. સામાન્ય લોકો પણ આ લતમાં ફસાયા હતા. દારુના આ દુર્વ્યસનની અસર તેમના ચહેરા પર થતી. અમિતાહારને લીધે તેઓ ફીક્કા દેખાતા. શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે કે, "લોકો દારુ મુક્તપણે પીએ છે. અફીણ પણ એજ રીતે ઘોળાય છે અને મોટા પ્રમાણમાં પીવાય છે. માણસો નાનકડી દાબડીમાં અફીણ રાખતા અને જ્યાં જતા ત્યાં તે લઇ જતા. અંજારમાં તો મેં એક બાળકને તેના પિતા પાસેથી હાથોહાથ અફીણ લેતું જોયું હતું. આ બાળકે અફીણને મીઠાઇની માફક પોતાના મોંમાં મૂકી દીધું હતું"[૪૫]

દરિયાઇ શરતો :-

માંડવીનો વહાણોનો કાફલો ધરાવતા વેપારીઓ એક કોઠાપર ચઢીને ઓક્ટોબર માસમાં રવાના થયેલાં જહાજો માંથી મે માસમાં પહેલું કયું જહાજ પાછું ફરશે તેની મોટી મોટી રકમની હોડો બકતા.[૪૬] તેથી આ કોઠાને આજે પણ હોડીઓ કોઠો કહેવામાં આવે છે.

ત્રાગાં :-

સબળ માનવી પાસે નિર્બળ માનવીનું કાંઇ ન ચાલે અને તેને હળાહળ અન્યાય થાય ત્યારે પેલી સબળ વ્યક્તિ પર દેવી કોપ ઉતરી પડે તે માટે, તેની જ સામે આત્મ બલિદાન આપવાનો રિવાજ કચ્છમાં સાર્વત્રિક રીતે પ્રચલિત હતો. આ રિવાજ કચ્છમાં ભાટ, ચારણ,બારડ અને અનાજના વેપારીઓમાં સૌથી વધારે પ્રચલિત હોય તેમ લાગે છે. સામાન્ય રીતે કચ્છમાં ત્રાગું, ભાલો, તલવાર કે કટારથી કરાતું.આવો ભાલો કે કટાર પોતાને અન્યાય કરનારની સામે ત્રાગું કરનાર પોતાના બન્ને ગાલની આરપાર ખોસી દેતો અને જ્યાં સુધી પોતાનો જીવ ન જાય ત્યાં સુધી આજ સ્થિતિમાં તેની સામે તે નાચતો. આ સ્થિતિમાં

---

૪૫. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૨૬૯ ની પાદનોંધ.
૪૬. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૪૩.

છેક છેલ્લે સુધી વેદનાનો ચિતકાર કે તેનું ચિન્હ પણ ચહેરા પર ફરકવા દેતો નહિ.

કેપ્ટન મેકમુર્ડો પણ નોંધે છે કે, "ત્રાગાની પધ્ધત્તિનું અનુસરણ કચ્છમાં મોટા પાયા પર થોડાં વર્ષ પહેલાં એટલે કે, રાયધણયુગમાં થતું હતું. બ્રાહ્મણ, ભાટ, ચારણ વગેરેના ઢોરોને અને મિલ્કતને જો કોઇ લુટારો કે લૂંટારાઓ લૂંટી જતા તો આખું ગામ જ્યાં લુટારાઓ રહેતા હોય કે તેમણે ઉતારો રાખ્યો હોય ત્યાં જતું અને ત્યાં ગામ આખું આ ત્રણેય કોમની મિલકતની માગણી કરતું અને જો તેમાં તેમને નિષ્ફળતા મળે તો, આખા ગામના વૃધ્ધ સ્ત્રીઓ તથા પુરુષોનાં ગળાં કાપી નાખવામાં આવતાં. આ હત્યાનો શાપ પેલા લુટારાઓ પર ઉતરતો હતો." તેમ માનવામાં આવતું.

આ ઉપરાંત કચ્છમાં ત્રાગું કરવાની બીજી પણ એક રીત પ્રચલિત હતી. કેપ્ટન મેકમુર્ડો નોંધે છે કે, "ત્રાગું કરનાર રજાઇ જેવાં જાડાં કપડાંને તેલમાં પલાળીને પહેરતો અને છેક નીચેથી તેને સળગાવી દેતો. આવી સ્થિતિમાં તે પોતાને અન્યાય કરનારની સામે આવીને ઉભો રહેતો. જોકે ક્ષણમાં જ તે બળીને ખાખ થઇ જતો અને તેની રાખજ ત્યાં પડી રહેતી."

કચ્છના ગામડા પર જો કોઇ દુશ્મન ચઢાઇ કરે અને ગામના મુખી-ઠાકોરને જીતવાની કોઇ આશા ન જણાય તો, તે પોતાની પત્નીનું માથું કાપી નાખતો અને લોહીથી તરબોળ થયેલી તલવાર પર માથું રાખીને આક્રમણ કરનાર દુશ્મનની સામે ફેરવતો. જેથી તેણે હિંમતપૂર્વક કરેલ ત્રાગાના શાપથી આક્રમણ કરનારને દૈવી ભય લાગે.

કેપ્ટન ડેવીડ સેટને ઇ. સ. ૧૮૦૩ માં કરવામાં આવેલા એક ત્રાગાનો ઉલ્લેખ કર્યો છે. એક બ્રાહ્મણ પોતાના કુટુંબ સાથે એક ગામથી બીજે ગામ જતો હતો. એ વખતે રસ્તામાં ફતેહમહમદના સૈનિકોની રંજાડ વધી ગઇ હતી. તેઓ વટેમાર્ગુંઓને હેરાન કરીને લૂંટી લેતા હતા. આ

બ્રાહ્મણને પણ આ સૈનિકો રસ્તામાં ભેટી ગયા તેથી તેઓ પોતાનો સામાન ન લૂંટે તે માટે પેલા બ્રાહ્મણે પોતાની બે નાની દીકરીઓને મારી નાખી અને તે બન્નેનું લોહી ઘોડાપર લાદેલા પોતાના સામાન પણ છાંટી દીધું આ ઉપરાંત સેટને ત્રાગાના આના કરતાં બીજા પણ ભયંકર બનાવોની વાતો સાંભળી હતી. તેના નોંધવા મુજબ ઘણી વખત દુશ્મનનો દૈવી કોપથી નાશ થઇ જાય તે માટે કુટુંબનો વડો પોતાના આખા કુટુંબને મારી નાખીને દુશ્મન પર ફેંકી દેતો હતો. આવા બનાવો કચ્છમાં બીલકુલ સામાન્ય હતા અને ત્રાગાં સમાજના તમામ વર્ગો કરતા હતા. [૪૭]

દૂધપીતી :-

કચ્છમાં લાંબા સમયથી પુત્રી જન્મને આવકારદાયક ગણવામાં આવતો નહિ તેથી તેમને જન્મતાંની સાથે પ્રણાલિકાનું બળ આપીને મારી નાખવામાં આવતી. આ રિવાજને સામાન્ય રીતે દૂધપીતીના રિવાજ તરીકે ઓળખવામાં આવતો. રાયધણયુગમાં પણ તે પ્રચલિત હતો.

દૂધપીતીનાં કારણો :-

શ્રી. રામસિંહજી રાઠોડના મતે જાડેજાઓના મૂળ પુરુષ લાખાની સાત પુત્રીઓને યોગ્ય વર ન મળતાં મહેણાંની મારી તે બળી મરી. ત્યારથી કચ્છમાં આ રિવાજ શરુ થયો. [૪૮] મેજર વોકર પણ આવુંજ કારણ આપે છે. તેના નોંધ્યા મુજબ જાડેજાઓ પોતાના રાજગોરને યોગ્ય વર શોધવા મોકલતા. તેમને લાયક વર ન મળતાં રાજગોરની સલાહ મુજબ તેમને મારી નાખવામાં આવતી. જો આ હત્યા માટે કોઇ બાળ હત્યાના પાપનો વાંધો ઉઠાવે તો રાજગોર તે પાપ પોતાના

---

૪૭. સિક્રેટ એન્ડ ફોરેઇન ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર–૧૩૪, પૃષ્ટ– ૧૯૬ અને ૧૯૭.

૪૮. કચ્છનું સંસ્કૃતિ દર્શન, પૃષ્ટ–૧૮૯.

પર લઇ લેતો.[૪૯]

સિંધમાં ધીમે ધીમે ઇસ્લામની સંપૂર્ણ સત્તા સ્થપાઇ ગઇ તેથી જાડેજાઓ મુસ્લિમ શાસકોને પોતાની પુત્રીઓ આપતાં અચકાવા લાગ્યા અને એ વખતના સંજોગોમાં તેમનીને હત્યા કરવામાંજ આ પ્રશ્નનો ઉકેલ દેખાયો. પાછળથી તેઓ કચ્છ અને સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે અન્ય રજપૂત શાસકોને પુત્રીઓ આપી શકતા હતા પરંતુ લાંબા સમયને કારણે પુત્રી હત્યાને લગતો પેલો યોગ્ય વર ન મળવાનો અપવાદ અપરિવર્તનીય નિયમ બની ગયો અને પુત્રી હત્યા ચાલુજ રહી.

દૂધપીતીનું એક કારણ જાડેજાઓનું કુલાભિમાન હતું. તેમ શ્રીમતી પોસ્ટન્સ જણાવે છે.[૫૦] મુંબઇના ગવર્નર ડંકન પાસે તારીખ ૨૯-૧૨-૧૮૦૬ ના રોજ રાયધણનો એક દૂત જણાવે છે કે, "તેના માલિકના કુટુંબમાં પૂત્રીનું નામ ભૂતકાળમાં કદી સંભળાયું નથી" જ્યારે ડંકને તેનું કારણ પૂછ્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે, "બધા કરતાં તેઓ ઉચ્ચ જાતિના હોય તો તેમનાં લગ્ન કોની સાથે કરે ?"[૫૧] આમ દૂધપીતીનું એક કારણ કુલાભિમાન પણ હતું.

દૂધપીતીની રીત :-

આવી કુમળી બાળાઓને ખતમ કરવા માટે ઓછામાં ઓછો કમકમાટીભર્યો રસ્તો પસંદ કરવામાં આવતો. એક રસ્તો બાળકના જન્મ પછી તેની કાપેલી નાળને બાળકના મોમાં મૂકવાનો હતો જેથી નાળના ઝેરથી બાળક મરી જતું.[૫૨] વોકરના તા. ૧૫-૩-૧૮૦૩ ના

૪૯. હિસ્ટ્રી ઓફ ધી સપ્રેશન ઓફ ઇન્ફેન્ટીસાઇડ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૬૬.
૫૦. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૪૫ ની પાદનોંધ.
૫૧. સિક્રેટ એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ડાયરી નંબર-૧૯૫, પૃષ્ટ-૧૦૪૦૯.
૫૨. મેજર એડોપટેડ ફોર ધી સપ્રેશન ઓફ ફીમેઇલ ઇન્ફેન્ટીસાઇડ ઇન કાઠિયાવાડ, પૃષ્ટ-૩૨૮.

પત્રમાં ગોંડળના વાસણજી બુચનો હવાલો આપીને જણાવાયું છે કે, બાળકી ને તેની માતાના સ્તનની ડીંટડી પર અફીણ ચોપડીને ધવડાવીને મારી નંખાતી.[૫૩] જો કોઇ યુવાન સ્ત્રીને આ પસંદ ન હોય તો બાળકને ગળ-થૂથીમાં અફીણ આપી દેવાતું. કેપ્ટન ડેવીડ સેટન પોતાના તારીખ ૨૩-૩-૧૮૦૪ ના પત્રમાં જણાવે છે કે રાજાના કુટુંબમાં બાળકી જન્મે કે તરતજ એક ખાડો જમીનમાં ખોદીને તેને દુધથી ભરી દેવામાં આવે છે અને પછી પેલી નવજાત બાળકીને તેમાં ડુબાડી દેવાય છે.

સમગ્ર સમાજનું વલણ :-

કચ્છમાં ફક્ત જાડેજાઓમાં જ આ રિવાજ પ્રચલિત હતો તેવું નથી. બર્ન્સ નોંધે છે તેમ હોતી, દેદા, મોકળશી, ફૂલ, દલ્લ, વરમશી, ઝાલા, બુદ્દા, બરાચ, રૈયા, સુમેર, કંદેર, કેર, અમન, વાણાન, બામાણી અને વિરાર જાતિઓમાં આ રિવાજ પ્રચલિત હતો.[૫૪] વળી કેટલાંક કુટુંબો દૂધપીતીનું પાલન નહોતાં કરતાં તેનો ખ્યાલ કર્નલ વોકરે ડંકનને તારીખ ૧૫-૩-૧૮૦૮ ના રોજ લખેલા પત્ર દ્વારા મળે છે. તેમાં જણાવ્યા પ્રમાણે બુલાચ, બોતન, સરકુબુર, કોટી, ઉબળા, જરિયા, ગુકૂન, મુરાચી, મોકળ, કાંચા, રેતરિયા, મોડ, રાવ, જેસા, ડેસા, ડુનળ, ડેતેરા, જોબિયા, આદરીયા, વેરાક, કુનરડ અને વિમ જાતિના લોકો પોતાની દીકરીઓને ઉછેરતા હતા.

અંત્યેષ્ટિ :-

બાળકીની હત્યા કર્યા પછી તેના મૃત શરીરનો વિધિ પૂર્વક નિકાલ કરવામાં આવતો હતો. હત્યા થઇ ગયા પછી શબને એક નાની

---

૫૩. હિસ્ટ્રી ઓફ ધી સપ્રેશન ઓફ ઇન્ફેન્ટીસાઇડ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૬૯.

૫૪. ધી જરનલ ઓફ ધી રોયલ એસિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યુમ પહેલું, પૃષ્ટ-૧૯૪.

ટોપલીમાં મૂકવામાં આવતું. આ બાળ લાશને કોઇપણ પ્રકારના વસ્ત્રો પહેરાવવામાં આવતા નહિ. તેને ઘરની બહાર લઇ જઇને ડાટવામાં આવતું. બાળકની દફનવિધિ કચ્છમાં કુટુંબના રાજગોરને કરવી પડતી. આ કામગીરી બદલ તેને એક ટંકનું ભોજન કે કાચું સીધું આપવામાં આવતું. ઉપરાંત એક કોરી દક્ષિણામાં અપાતી.

દૂધપીતી નાબૂદીના પ્રયાસો :-

જે રિવાજમાં ધાર્મિક, સામાજિક અને ઐહિક તત્વો ભળીને એક-મેક થઇ ગયાં હોય તે રિવાજને નાબૂદ કરવાનું કાર્ય ઘણુંજ મુશ્કેલ હોય છે. છતાંય અંગ્રેજોને જ્યારે આ રિવાજની જાણ થઇ ત્યારે તેને નાબૂદ કરવા માટે તેમણે નક્કી કર્યું. મુંબઇના ગવર્નર ડંકનને ઇ. સ. ૧૮૦૦ માં ગાયકવાડની એક ગજરાબાઇ નામની પુત્રી મળી. તેણે કચ્છમાં કઇ રીતે પુત્રીઓની હત્યા થાય છે તેની માહિતી ડંકનને આપી અને તે રિવાજ નાબૂદ કરવા માટે વિનંતી કરી. ડંકન અને ગજરાબાઇની આ મુલાકાત થી કચ્છમાં અને ગુજરાતના બીજા ભાગો માંથી દૂધપીતી નાબૂદ કરવાના ભગિરથ કાર્યનો પ્રારંભ થયો. અલબત્ત આ કાર્ય તરત શરૂ થયું નહિ. કેપ્ટન સેટનને માંડવી મોકલ્યા પછી તા. ૮-૨-૧૮૦૪ ના રોજ ગજરા-બાઇની અરજી ડંકને સેટન પર મોકલાવી. તેના જવાબમાં તેણે ૨૩ મી માર્ચે જણાવ્યું કે કચ્છમાં કાયદેસરની પુત્રીઓની જ હત્યા થાય છે. છતાંય વઘરાજી અને નાથાજી જેવા ભાયાતોએ પોતાની પુત્રીઓને મોટી કરેલી તેમાં વઘરાજની પુત્રીનાં લગ્ન ભાવનગરનાં રાજાના પુત્ર સાથે કરવામાં આવેલાં.

સુંદરજીનો સહયોગ :-

જેમનં ભારત માંથી સતિ જેવા ક્રૂર રિવાજો નાબૂદ કરવા માટે અંગ્રેજોને સાથી તરીકે રાજા રામ મોહનરાય મળી ગયા તેમ કચ્છ અને સૌરાષ્ટ્ર માંથી દૂધપીતીના રિવાજને નાબૂદ કરવા માટે કચ્છના સુંદરજી શિવજી મળી ગયા. સુંદરજીએ ડંકનને એપ્રિલ-મે ૧૮૦૫ માં કચ્છની

દૂધપીતીના રિવાજની સ્થિતિનો અહેવાલ મોકલ્યો. તેમાં તેમણે જણાવેલું કે કચ્છમાં છ થી આઠજ જાડેજાઓના ઘરમાં પુત્રીઓ ઉછેરવામાં આવે છે. બાકી બધે હત્યા કરાય છે. આ અહેવાલને લીધે ડંકન થોડો ગંભિર બન્યો. સુંદરજીના ડંકન ઉપરના બીજા કેટલાક પત્રોનો અભ્યાસ કરતાં લાગે છે કે તેઓ માનભંગ થવાની કક્ષા સુધી આ રિવાજને નાબૂદ કરવા માગે ગયેલા.[૫૫]

રાયધણજીના સમયમાં દૂધપીતીની સ્થિતિ:-

રાયધણયુગનાં શરુઆતનાં વર્ષોમાં પુત્રીઓને બચાવવાનું અશક્ય હતું. એ વખતે કચ્છ-સૌરાષ્ટ્રમાં એક લાખ પચીસ હજાર જાડેજાઓ રહેતા હતા. સૌરાષ્ટ્રમાં વર્ષે ફક્ત પાંચ હજાર બાળકીઓની હત્યા થતી જ્યારે કચ્છમાં તે આંકડો પાંચ ગણો હતો. આ પચીસ હજાર છોકરીઓની ઉંમર બાર વર્ષની થાય ત્યાં સુધીમાં ખતમ કરી નાખવામાં આવતી. કચ્છના ઉત્તર કાંઠે વર્ષે બે હજાર અને દક્ષિણ કાંઠે એકથી દોઢ હજાર બાળકીઓ આ રિવાજનો ભોગ બનતી. આના પરથી આ રિવાજ કચ્છમાં કેટલા પ્રમાણમાં પ્રચલિત હતો તેનો ખ્યાલ આવે છે.[૫૬]

ઇ.સ. ૧૮૦૮ માં દૂધપીતીના કચ્છના આંકડાઓ હેમિલ્ટને પણ આપ્યા છે. તેના મતે એ વખતે વર્ષે ૮૦૦૦ પુત્રીઓની હત્યા થતી.[૫૭] આનો અર્થ એ થાય કે કચ્છમાં આઠથી પચીસ હજાર વચ્ચે બાળકીઓ મરતી હશે. અલબત્ત દર વર્ષે આ આંકડામાં ફરક પડતો હશે પણ ઉપરોક્ત મર્યાદાની બહાર તે સંખ્યા જતી નહિ. આટલી મોટી સંખ્યામાં જે રિવાજે જડ ઘાલી હોય તે તરત નાબૂદ કરી શકાય નહિ.

---

૫૫. સિલેક્શન ફ્રોમ ધી રેકોર્ડ્ઝ ઓફ ધી બોમ્બે ગવર્નમેન્ટ, નંબર-૩૯, ન્યૂ સીરીઝ, ભાગ બીજો, પૃષ્ટ-૩૬૫.
૫૬. મેઝર એડોપ્ટેડ ફોર ધી સપ્રેશન ઓફ ઇન્ફેન્ટીસાઇડ ઇન કાઠિયાવાડ, પૃષ્ટ-૩૨૮.
૫૭. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૮૮.

ફતેહમહમદ અને દૂધપીતી :-

કર્નલ વોકરને મોરબી પાસેની પોતાની છાવણીમાં દૂધપીતીનો રિવાજ નાબૂદ કરવામાં થોડી સફળતા પ્રાપ્ત થઇ. તેણે સૌરાષ્ટ્ર માંથી શરુઆતના તબક્કામાં બત્રીસ બન્યાઓને બચાવી લીધી. તેથી હવે દૂધ-પીતીના મજબૂત ગઢ કચ્છમાંથી આ પ્રથા નાબૂદ કરવા માટે વોકરે ફતેહમહમદ સાથે પત્ર વ્યવહાર શરૂ કરી દીધો. વોકરના એક પત્રના જવાબમાં ઓક્ટોબર ૧૮૦૭ માં ફતેહમહમદે જણાવેલું કે, "શ્રી કૃષ્ણથી ચાલ્યા આવતા આ રિવાજને અમો નાબૂદ કરવા માગતા નથી અને આ વિષયમાં કોઇપણ જાતનો પત્રવ્યવહાર કરશો નહિ." રાજકીય રીતે વિચારતાં ફતેહમહમદના આ જવાબમાં કશુંય અસ્વાભાવિક નહોતું, કારણ કે તેને પણ સત્તાપર ટકી રહેવા માટે જાડેજા ભાયાતોનો ટેકો અનિવાર્ય હતો તેથી તેમની લાગણી દૂભાય તેવું તે એક પણ પગલું ભરવા માગતો નહોતો. છતાંય વચ્ચે એક પત્ર ડંકનને ફતેહમહમદે લખેલો તેના જવાબમાં જણાવવામાં આવ્યું કે, આ વિષયમાં ઇશ્વર સિવાય બીજો કોઇ ફેરફાર કરી શકે તેમ નથી. પોતાની દલીલોના સમર્થનમાં તેણે કુરાનના બરકત પ્રકરણ તથા અન્ય પ્રકરણોની આયાતો પણ ટાંકી હતી.

ફતેહમહમદના આ બન્ને પત્રો[૫૮] નો અભ્યાસ કરતાં લાગે છે કે, પ્રથમ પત્ર કોઇ નાગર ગૃહસ્થે લખ્યો હતો અને બીજો કોઇ મુસ્લિમ મુત્સદ્દીએ કારણ કે પહેલા પત્રમાં દૂધપીતીના સમર્થનમાં હિન્દુ શાસ્ત્રો નો આધાર લેવાયો છે અને બીજામાં કુરાન. બન્ને પત્રોમાં જગતના ઇતિહાસનાં પણ કેટલાંક ઉદાહરણો ટાંકવામાં આવ્યાં છે. બીજો પત્ર ડંકનને મળયા પછી તે તા. ૨૫-૩-૧૮૧૧ ના રોજ એનો જવાબ આપતાં ફરીવાર ફતેહમહમદને આ પ્રથા નાબૂદ કરવા વિનંતી કરે છે. પણ

---

૫૮. મેમ્વાર ઓફ ઇન્ડિયા, પૃષ્ટ-૩૯૮ થી ૪૦૦ અને ધી હિસ્ટ્રી ઓફ સપ્રેશન ઓફ ધી ઇન્ફેન્ટીસાઇડ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ-૭૬ ની પાદનોંધ અને પૃષ્ટ-૧૩૫ થી ૧૩૭.

ફતેહમહમદે આ રિવાજ નાબૂદ કરવા કશુંય ન કર્યું. તેથી અંગ્રેજોને પણ લાગ્યું કે, જ્યાં સુધી ફતેહમહમદનું મરણ ન થાય અથવા કચ્છ તેમના અધિકારમાં ન આવે ત્યાં સુધી કચ્છમાંથી આ પ્રથાને સંપૂર્ણપણે નાબૂદ કરવાની શક્યતા દેખાતી નહોતી.

<u>પુત્ર હત્યા :-</u>

એક વખત બાળકોને મારવાની પ્રથા શરુ થઇ ગયા પછી તેનો ભયંકર રીતે વિકાસ થયો અને પુત્રી માંથી ક્ષણિક લાભ માટે આવી પ્રથાઓ પુત્ર સુધી પહોંચી ગઇ. બાળહત્યાની પ્રથા કુંવરીઓ પૂરતી મર્યાદિત રહી નહોતી એમ કર્નલ ટોડને પણ જણાયું હતું. તેમના મતને શ્રી. રશબ્રુક વિલિયમ્સ પણ ટેકો આપે છે. તેમના નોંધ્યા પ્રમાણે, "ટોડને સ્પષ્ટ દેખાયું હતું કે, સંખ્યાબંધ વારસદારો વચ્ચે જાડેજાઓની સ્થાવર મિલ્કતના હજુ પણ વધારે ટૂકડા થતા અટકાવવા માટેનો કેટલેક અંશે આ એક મરણિયો પ્રયાસ પણ હતો."[૫૯]

આ વિચારને સર. એ. બર્ન્સ પણ ટેકો આપે છે. તે જણાવે છે કે, "કચ્છમાં રજપૂતોના કુટુંબના વડાને પણ ભાગ્યેજ એક કરતાં વધારે પુત્ર હોય છે. તેઓ કૌટુંમ્બિક લાલચ માટે છોકરાઓને મારે છે તે નિર્વિવાદ છે. સારી રીતે જીવનનિર્વાહ કરી શકાય તે માટે જન્મથીજ છોકરીઓની હત્યા કરવામાં આવે છે. એવોજ ભય પુરુષોની ધણી સંખ્યા હોય તો ઉભો થાય છે. કારણ કે કુટુંબના બધા સભ્યોને મિલ્કત માંથી ભાગ આપવો પડે છે અને તેથી તેમની જમીનના ભાગ પડે છે. તથા સમય જતાં ગુમાવવી પડે છે."[૬૦] આ અહેવાલ પરથી પણ લાગે છે કે, કચ્છમાં પુત્રોની આર્થિક કારણોસર હત્યા થતી હશે.

પુત્રહત્યાની વિગત વધારે પ્રકાશમાં નહિ આવવાનું કારણ આવા

---

૫૯. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૨૦૩.
૬૦. ધી જરનલ ઓફ ધી રોયલ એશિયાટીક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યુમ પહેલું, પૃષ્ટ-૨૯૮.

કિસ્સાઓ પ્રમાણમાં ઓછા બનતા હશે. વળી અંતઃપુરના બનાવોને એ જમાનામાં સમજવા માટે પૂરતાં સાધનો હતાં નહિ. તેથી આ વિષય પર દસ્તાવેજી પૂરાવાનો અભાવ દેખાય અને કોઇકની સાંભળેલી વાતો-દ્વિતિય કક્ષાના પૂરાવા પરજ મુખ્ય આધાર રાખવો પડે છતાંય પૂત્રી હત્યાના થોડા બનાવોની બાબતમાં શંકા અસ્થાનેગણાય.

કન્યા વિક્રય :-

એક બાજુ લગભગ સમગ્ર કચ્છમાં દીકરીઓની હત્યા કરીને "અપુત્રીભૂમિ" કરવાની ઝૂંબેશ ચાલતી હોય તેવું લાગતું હતું ત્યારે કચ્છની એક બીજી સોઢા નામની રજપૂત જાતિમાં વળી "વધુ દીકરીઓ ઉત્પન્ન કરો" ની ઝૂંબેશ ચાલતી હોય તેવો ભાસ થતો હતો. કચ્છના ઉત્તર ભાગમાં રહેતા આ સોઢાઓ કન્યાવિક્રય કરતા હોવાથી તેમને માટે વધારે દીકરીઓ આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવા માટે આશીર્વાદ રુપ હતી.

કચ્છ અને સિંધની સરહદ પર વસતા આ સોઢા રજપૂતોને શ્રીમતી પોસ્ટન્સે "સુંદર દીકરીઓવાળા" તરીકે ઓળખાવ્યા છે. તેઓ કચ્છમાં વાંઢ એટલે કે ઘાસનાં ઝૂંપડાઓમાં રહેતા. મુખ્યત્વે કચ્છ અને થરના રણની ધાર પર તેમનો વસવાટ હતો. તેઓ પશુપાલન કરતા. શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે તેમ તેઓ પોતાની દીકરીઓનાં સૌંદર્ય માંથી પુષ્કળ કમાણી કરતા. ધનિક મુસલમાન એક સોઢી કન્યાના રૂપિયા ૧૦,૦૦૦ આપવા તૈયાર રહેતો. જો આ રકમને અત્યારના સંદર્ભમાં મૂલવવામાં આવે તો રૂપિયા એક લાખ કરતાં વધારે કિંમત સોઢી કન્યાની અંકાય. ગુજરાત તથા સૌરાષ્ટ્રનાં રાજાઓ તથા ઠાકોરો પણ પોતાને માટે આવી કન્યાઓ શોધવા પોતાના દૂતો આ પ્રદેશોમાં મોકલતા. મહમદ સોટા, ફતેહમહમદ તથા મોરબીના ઠાકોર સોઢી કન્યાઓને પરણેલા હતા. આ સોઢી રાણીઓ એટલી બધી મોંઘી પડતી કે, એ વખતે કહેવાતું કે, "સોઢા સસરો પોતાના જમાઇને

સાસરું છોડે તે પહેલાં સંપૂર્ણ રીતે લૂંટી લેતો હતો." આ સોઢી સ્ત્રીઓ સુંદર તો હતી પરંતુ એટલી બધી પ્રભાવશાળી હતી કે પોતાના પતિદેવો પર કાબૂ રાખતી. વેચાઇ હોવા છતાં તેમને સાસરે જરાય દબાવું પડતું નહિ. ઉલ્ટાની તેઓ બધાયને દબાવતી.[૬૧]

અંતિમક્રિયા :-

કચ્છનો રાયધણયુગીન સમાજ અંતિમક્રિયાની બાબતમાં રૂઢિચૂસ્ત હતો. તેથી કોઇ નવી પ્રણાલિકાઓનો જન્મ નહોતો થયો. મતલબ કે કચ્છના હિન્દુઓ અને મુસ્લિમો પોતાની અગ્નિસંસ્કાર તથા દફનાવવાની ક્રિયાઓને વળગી રહ્યા હતા. મુસલમાનો ભુજ શહેરના પ્રખ્યાત ગઢ "આલમપનાહ" ની આસપાસ પોતાના સ્વજનોને દફનાવતા હતા. જ્યારે હિન્દુઓ ઉત્તર તરફ અંતિમ સંસ્કાર કરતા. હિન્દુઓમાં કેટલીક જાતિઓમાં દફન વિધિ પણ થતી. રાજકીય કુટુંબમાં કેટલીક વિશિષ્ઠ પ્રણાલિકાઓ અંતિમક્રિયાના ક્ષેત્રમાં હતી. તેમનું સ્મશાન ઉર્ફે છતરડીઓ ભુજ શહેરની નૈરુત્ય દિશામાં હતી.

રાજાની અંતિમક્રિયા વખતે ગાદીના સાચા વારસદારે સ્મશાને ન જવું તેવો ભુજના શાસકોમાં રિવાજ હતો. કારણ કે રાયધણજી પ્રથમના એક પુત્ર પ્રાગમલજી પોતાના પિતાના મરણ પછી સ્મશાને ગયા નહિ અને યુવરાજ નોંધણજીની ગેરહાજરીમાં બળવો કરીને બિન કાયદે ગાદી પચાવી પાડી. તેથી યુવરાજે પિતાના મૃત્યુ વખતે અંતિમક્રિયા કરવા સ્મશાને જવું નહિ તેવી પ્રણાલિકા પડી. જેને હમણાં જ છેલ્લા મહારાવ મદનસિંહજીએ તજી દીધી.

કચ્છી સમાજ :-

કચ્છમાં વસતા લોકોનો મુખ્ય ભાગ બહારથી આવેલાઓનો દેખાય છે. રાયધણયુગમાં બહુમતી જનતા સમા જાતિના રજપૂતો માંથી

---

૬૧. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૩૫ અને ૧૩૬.

રૂપાંતરિત થયેલા લોકોની હતી. જાડેજાઓનાં વંશજોએ જુદે જુદે વખતે જુદાં જુદાં જાતિગત નામો ધારણ કર્યાં હતાં. કેટલીક જાતિઓ જાડેજા રાજાઓનાં અને તેમના પુત્રો પરથી અલગ નામે ઓળખાતી. છતાંય તેમને વાસ્તવમાં જાડેજા ગણવામાં આવતા. રાયધણયુગમાં જાડેજાઓનો સામાન્ય અર્થ જામ હમીરજીના વંશજો એવો કરવામાં આવતો. હમીરજીના પુત્ર ખેંગારજીના વંશજો મૂળ ગરાસિયા કે ધાંગ તરીકે ઓળખાયા. તેમના બે ભાઇઓ સાહેબ અને રાયબની શાખાઓ પણ અલગ થઇ. સિંધમાંથી આવેલા કેટલાય રજપૂતો મુસલમાન થઇ ગયા છતાંય તેઓ નુખ તો મૂળ રજપૂતનું રાખે છે. સિંધ માંથી હિન્દુઓ પણ બહુ મોટી સંખ્યામાં કચ્છમાં આવ્યા. વેપારી લોકો ગુજરાત અને મારવાડથી આવ્યા. ટૂંકમાં કચ્છના લગભગ તમામ પ્રદેશો વિવિધતામાં એકતાના પ્રતિનિધિ બની ગયા.

<u>બહારથી આવેલા બ્રાહ્મણો :-</u>

રાયધણયુગમાં બ્રાહ્મણોનું રાજકારણમાં મહત્વ ઓછું હતું. તેઓ મુખ્યત્વે બહારથી આવેલા હતા.

<u>૧. ઔદિચ્ય</u> :- ઔદિચ્ય કચ્છમાં મુખ્યત્વે ગોહિલવાડ, હાલાર અને ગુજરાત માંથી આવ્યા. વાગડના ઔદિચ્ય બ્રાહ્મણો ખેતી કરતા એટલું જ નહિ વિધવાઓને લગ્ન કરવાની છૂટ આપતા.[૬૨] તેઓ પૂજારી, કથાકાર, ભિક્ષુક, અને રસોયાની કામગીરી બજાવતા.

<u>૨. મોઢ</u> :- કચ્છમાં તેઓ મચ્છુ કાંઠાથી આવ્યા. તેમની એક શાખા મોઢેરા પાસેના દેલમાલ માંથી આવી. તેઓ મલવિદ્યામાં હોંશિયાર હોવાથી જેઠીમલ્લ કે જેષ્ઠિમલ તરીકે ઓળખાતા. તેઓ યોગ્ય સમયે મહારાવના અંગરક્ષકની જવાબદારી પણ સંભાળતા. ફતેહમહમદ અને રાયધણના સંઘર્ષ વખતે રાયધણ ઘાયલ થયા ત્યારે તેઓ તેમને ઉઠાવી

---

૬૨. ઇન્ડિયન એન્ટિક્વરીઝ, વોલ્યૂમ બીજું, પૃ ૯૮-૧૬૮.

ગયા હતા.

૩. નાગરો :- નાગરો કચ્છમાં અમદાવાદ, પાટણ અને ધોળકાથી આવેલા. રાયધણયુગમાં રાજકારણમાં તેમનું કોઇ મહત્વ નહોતું. એ વખતે તેઓ ધ્રુવ જેવાં પદો ધારણ કરતા અને મુખ્યત્વે ભૂજ થતા લખપતમાં રહેતા હતા. રાયધણયુગની સંધ્યાએ લક્ષ્મીદાસ વૈષ્ણવ નામનો એક નાગર પ્રગતિનાં પગથિયાં ચઢી રહ્યો હતો.

૪. રાજગર :- તેઓ ઔદિચ્ય હતા પરંતુ શાસક પ્રજા જાડેજાઓનાં રાજગોર હોવાને લીધે તેઓને રાજગર નામ મળ્યું હતું. રાયધણના સમકાલીન ઓધવજી અને ફતેહમહમદના મિત્ર હરભાઇ એ વખતના મુખ્ય રાજગર હતા.

૫. સારસ્વત :- તેઓ સિંધ, ગુજરાત અને ઉત્તર ભારતમાંથી આવેલા. કચ્છના ઇતિહાસ ઘડતરમાં તેમણે સારો ભાગ ભજવ્યો છે. ખત્રી અને લોહાણાના ગોર હોવાથી તેમનું વિશેષ મહત્વ હતું. વિદેશ જવામાં તેમને બાધ નડતો નહિ.

૬. અન્ય બ્રાહ્મણો :- આ ઉપરાંત શ્રીમાળી, સાચોરા, પોકરણા, કાયસ્થ અને ગિરનારા અનુક્રમે સૌરાષ્ટ્ર, મારવાડ,ચ સિંધ, રાજસ્થાન અને જૂનાગઢથી આવેલા હતા.

બહારથી આવેલા અન્ય હિન્દુઓ :-

બહારથી આવેલા અન્ય હિન્દુઓમાં આહિરો મુખ્ય હતા. તેમની મછુઆ, પ્રાંથાલિયા, બારીચા, સોરઠિયા, ચોરડા અને હાપા જેવી શાખાઓ હતી. મારવાડથી આવેલા ચારણો મારુવા તરીકે ઓળખાતા. તેઓ જાડેજાઓના કુળ કવીઓ હતા. તેમનામાં કચ્છેલા અને તુંબેલા ચારણો શરાફનો ધંધો કરતા હતા. બહારથી આવેલા હિન્દુ વેપારીઓમાં નંદવાણા, લોહાણા અને વાણિયાઓ મુખ્ય હતા. લોહાણાઓ મૂળ સિંધના જ ગણી શકાય.[૬૩] રાયધણયુગ પહેલાં તેમણે કચ્છના રાજકારણમાં

૬૩. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૫.

અગત્યનો ભાગ ભજવ્યો હતો. રાયધણનો કુશળ દીવાન દેવચંદ આ જાતિનો હતો અને કચ્છનો અમિચંદ પૂંજોશેઠ પણ લોહાણા હતો. તેઓ લશ્કરમાં સેનાપતિ પણ રહેતા અને અનુકુળ આવે તેવા તમામ ધંધાઓ કરતા હતા.

<u>વહારથી આવેલા રજપૂતો :-</u>

કચ્છમાં મોટા ભાગના તમામ રજપૂતો વહારથી આવેલા છે. તેથી મૂળ કચ્છી રજપૂતો નક્કી કરવા મુશ્કેલ બને છે. ચાવડા, ગુર્જર અને ખોડ રજપૂતો ઉત્તર ગુજરાતમાંથી કચ્છમાં આવ્યા હતા. જ્યારે આગરિયાઓ મૂળ આગ્રાના વતની હતા. આ વહારથી આવેલા રજપૂતોમાં ચાવડાઓ પ્રાચિન હતા. વાઘમ ચાવડા નામનો એક ઐતિહાસિક શાસક ગરડા પંથકમાં થઇ ગયો. તેની પાટનગરીના "વાઘમ ચાવડાકા ગઢ" નામે ઓળખાતા અવશેષો માંથી ફતેહમહમદે લખપતનો કિલ્લો વંધાવ્યો હતો.

<u>સિંધ માંથી આવેલા લોકો :-</u>

કચ્છના સમાજ જીવનપર સિંધથી આવેલી જાતિઓએ જેટલી અસર કરી તેટલી અસર બીજી કોઇ જાતિઓએ નથી કરી. સિંધથી આવેલા આવા અન્ય લોકોમાં વલોચ, ભમડા, હાલેપોત્રા, હિંગોરા, જાડેજા, ખત્રી, મેમણ, નારંગપોત્રા, નેર, નોતિયાર, પાએર, રામદેપોત્રા, સમા અને સુમરા મુખ્ય હતા. તેમાં ફતેહમહમદ નોતિયાર જાતિનો તથા સુંદરજી ખત્રી જાતિના હતા.

<u>પશ્ચિમ એશિયા માંથી આવેલા લોકો :-</u>

પશ્ચિમ એશિયાના પ્રદેશોમાં મુખ્યત્વે ઇરાન, અરવસ્તાન અને તુર્કસ્તાનમાંથી કેટલીક જાતિના લોકો આવેલા તેમાંના સંઘાર જેવાએ તો હિન્દુ ધર્મ અપનાવી લીધો છે. આ જાતિના વલોચો, સંઘારો અને જતો અનુક્રમે ઇરાન, અરવસ્તાન અને તુર્કીથી આવેલા છે. જતોની લગભગ તેવીસ શાખાઓ હતી તેમાં કચ્છ જાતિના જતો પણ અગિયાર શાખામાં વહેંચાયેલા હતા. રાયધણયુગના વિખ્યાત ખોસા લૂટારાઓ ખેરસાહી

પેટા શાખાના જત હતા.[૬૪] કેટલાક માથાભારે જતોને વારાહી તથા બજાણાના પ્રદેશમાં ભગાડી મૂકવામાં આવ્યા તેથી તે પ્રદેશને અનુક્રમે જતોડો અને જતવાડ તરીકે ઓળખવામાં આવે છે.

ભૂતપૂર્વ શાસક જાતિઓ :-

કચ્છમાં જાડેજાઓ પહેલાં શાસક તરીકે મુખ્યત્વે ચાવડા, સોલંકી અને વાધેલાઓ હતા. ચાવડાઓનું પ્રભુત્વ સંપૂર્ણ કચ્છપર નહોતું સ્થાપાયું જ્યારે સોલંકીઓ અને વાધેલાઓનો કચ્છે સાર્વભૌમ શાસક તરીકે સ્વીકાર કર્યો હતો. રાયધણયુગમાં શુધ્ધ સોલંકીઓ ભાગ્યેજ દેખાતા. જ્યારે વાધેલાઓ સાથે તો વાગડમાં ફતેહમહમદને પૂષ્કળ યુધ્ધો કરવાં પડેલાં.

જાડેજાઓની પેટા જાતિઓ :-

જાડેજાઓની કેટલીક પેટા જાતિઓએ કેટલાંક ક્ષેત્રોમાં પોતાની આગવી ખાસિયતોનો વિકાસ કરેલો હોવાથી તેઓ રાયધણયુગમાં જાડેજાઓથી ભિન્ન ગણાતી હતી. આ જાતિઓમાં મુખ્યત્વે ભાજદે, છુગેર અને ઉન્સ્તિયાનો સમાવેશ થતો હતો.

શાસકોના નામે ઓળખાતી જાતિઓ :-

કોઇ કુટુંબમાં પ્રભાવશાળી પુરુષ પેદા થઇ જાય તો તેના વારસો એના નામથી ઓળખાતા. જામ લાખાની ચોથી પેઢીએ થએલા જામ અબડા પરથી તેના વંશજો અબડા તરીકે ઓળખાયા. એજ રીતે અજાજીના અજાણી, આમરજીના આમર, બરાચજીના બારાચ, જામદેદાના દેદા, હાલાજીના હાલા, જામ હોથીના હોથી, જામજાડાના જાડા, કાંયાના કાંયા, મોડના મોડ અને જામ ઓઢાના વંશજો ઓઠાર તરીકે ઓળખાયા.

---

૬૪. જરનલ ઓફ ધી એસિયાટિક સોસાયટી ઓફ બેંગાલ, વોલ્યૂમ બારમું, ભાગ પહેલો, ક્રમ-૧૩૨, પૃષ્ટ-૩૬.

મૂળ ગરાસિઆઓ :-

ખેંગારજી પહેલાના પિતા હમીરજીના તમામ વંસજોને મૂળ ગરાસિયા તરીકે ઓળખવામાં આવતા. તેમાંના કેટલાકના નામો, સ્થળ કે પૂર્વજને કારણે બદલાયાં હતાં. છતાંય સંપૂર્ણ રીતે જેમને મૂળ ગરાસિયા કહી શકાય તેવામાં બુટ્ટા, બોહા, ગજણ, જેસર, કનડદે અને પસાઇયાનો સમાવેશ થતો હતો.

અન્ય રજપૂતો :-

કચ્છમાં જાડેજાઓને બાદ કરતાં બીજા રજપૂતો પ્રમાણમાં ઓછા છે છતાંય જાતિગત નામોની ખાલી સૂચિ બનાવીએ તો પણ લાંબી થઇ જાય. કોઇપણ વર્ગીકરણમાં જેમનો સમાવેશ ન થઇ શકે તેવા અન્ય રજપૂતોમાં કાઠી, કાંડાગરા, માયડા, મોકા, પેહા, રેલડિયા, સિંધલ, શીરાય, સોઢા, વરમશી, વેચર અને ઝાલા ગણાવી શકાય.

ખવાસ :-

તેઓ રજપૂતોની એક નિમ્ન કક્ષાની જાતિ હતી. અને મુખત્વે રજપૂતોની અવટંકો ધારણ કરતા હતા. તેમાં ચાવડા, ભટ્ટી અને સોલંકી વધારે હતા. આ સિવાય બારડ, ભલોટ, ભંભિયા, ચુંવાણ, ગોહેલ, ડુંડિયા અને ડાભી ખવાસો પણ કચ્છમાં વસવાટ કરતા હતા. કચ્છના રાજકારણમાં તેમની અસર નહિવત હતી.

મુસલમાનો :-

કચ્છના સમાજ અને રાજકારણ પર મુસલમાનોની અસર વધારે રહી છે. એમાં રાયધણયુગતો મુસલમાનોનો યુગ હોય તેમ લાગતું હતું. આ મુસ્લિમો માંથી મોટા ભાગના સિંધ માંથી આવેલા હતા. તેમાંના કેટ-લાક વટલાયેલા રજપૂતો હતા અને મુખ્યત્વે ન સૂન્ની સંપ્રદાય અનુસરતા. તેમની જાતિવાર સૂચિ લાંબી થાય. કોઇ વર્ગીકરણમાં ન આવતા હોય તેવામાં આગા, ઓઠાર, ભંડારી, ફૂલ, હારાડ, મંગરિયા, પડયાર,

પલ, રાજડ, રાયમા અને સમેજા આવતા હતા.

મિયાણા :-

મિયાણા કચ્છની એક મહત્વની જાતિ છે. કર્નલ વોકરના મત મુજબ મીઆન નામના તેમના કોઇ પૂર્વજ પરથી તેમને આ નામ મળયું.[૬૫] તેમનો મૂળ વ્યવસાય મચ્છીમારીનો હતો.[૬૬] ખેંગારજી પહેલાને તેમના પૂર્વજ કક્કલભિયાંએ બચાવેલ હોઇ તેમને લૂંટ કરવાની છૂટ મળી. તેથી તેમને કચ્છ સરકાર તરફથી સજા થતી નહિ. રાયધણયુગમાં લૂંટની દૃષ્ટિએ તેમને જમીનના રાજા કહેવામાં આવતા. તેમની પેટા જાતિઓનાં સાઇઠ નામો મળયા છે. તે પરથી લાગે છે કે તેઓ મૂળ રજપૂત પણ હોય.

શીઆ મુસલમાનો :-

કચ્છમાં શીઆ શાખાના મુસલમાનોની સંખ્યા ઘણીજ ઓછી હતી. ખાસ કરીને ખોજા અને વહોરા આ ધર્મ પાળતા. ખોજાઓમાં શીઆ સંપ્રદાય કરતાં બીજાં ભિન્ન તત્વો હતાં તેથી તેમને સામાન્ય રીતે ઇસ્માઇલી સંપ્રદાયના ગણવામાં આવતા. કચ્છમાં ભાટિયા અને લોહાણાઓ આ સંપ્રદાયમાં દાખલ થયેલા. તેમણે દશાવતારને અપનાવી લીધેલ છે. કેરામાં એક ખોજા સદગૃહસ્થની કબર પર "શિવનિર્વાણ પામ્યા છે"એવા શબ્દો લખેલા છે. તેઓ છેક ચીન સુધી વેપાર ખેડતા હતા. વહોરાઓ પણ શાંત વેપારીઓ હતા. માંડવીને વોરાઓનું કાશી કહે છે.

હિન્દુ - મુસ્લિમ મિશ્રિત જાતિ :-

કચ્છમાં કેટલીક જાતિઓમાં હિન્દુ અને મુસ્લિમ સંસ્કારોનું મિશ્રણ થઇ ગયું હતું. તેઓમાં કેટલાક સ્પષ્ટ રીતે હિન્દુ ધર્મમાં અને કેટલાક મુસ્લિમ ધર્મમાં એક નામ રાખીને પ્રવેશી ગયા હતા. હિન્દુ-મુસ્લિમ

---

૬૫. કાઠિયાવાડ અને ગુજરાતના કેટલાંક પરગણાં વિશે લેફટનન્ટ કરનલ એલેકસાંડર વાકર સાહેબે કરેલા રીપોર્ટો, પૃષ્ટ-૫૯.
૬૬. ભારત રાજ મંડળ, ભાગ બીજો, પૃષ્ટ-૧૮૭ ની પાદનોંધ.

મિશ્રિત જાતિમાં સ્પષ્ટ રીતે વર્ગીકરણ કરી શકાય તેવા લોકોમાં ભટ્ટી, દલ, મકવાણા, મંધરા અને ન્રાયાનો સમાવેશ થતો હતો.

જૈનો :-

રાયધણયુગમાં વેપારીઓ તરીકે જૈનોનું મહત્વ જળવાઇ રહ્યું હતું. તેઓમાં ઓસવાળ અને શ્રીમાળી જેવા બે પ્રકાર હતા. બન્નેને સંયુક્ત રીતે શ્રાવક નામે ઓળખવામાં આવતા હતા.

ભિક્ષુક - સાધુવર્ગ :-

આ વર્ગના લોકોમાં લગભગ તમામ પ્રકારના બ્રાહ્મણો અને ચારણો નો સમાવેશ કરી શકાય. આ ઉપરાંત સાધુઓ અને ભાટ-બારોટોનો એક વિશિષ્ઠ માગણ વર્ગ કચ્છમાં હતો. સાધુઓમાં અતિત જાતિ મહત્વની હતી. તેમનામાં મઠધારી અને ઘરબારી જેવા પેટા વિભાગ હતા. તેમના પેટા પંથને નામાન્તે મૂકવામાં આવતા. આવા કુલ ૧૦ પંથ હતા. દા.ત. ગીરી, પરવત, સાગર, પુરી, ભારથી, વન, અરન, સરસ્વતી, તીર્થ, આશ્રમ, રાયધણયુગમાં તેઓ સિપાઇ, વેપારી અને સરાફનો ધંધો કરતા. પ્રખ્યાત બાવા રેવાગર કુંવરજીની પેઢી આ વખતે શરુ થઇ હતી. રાયધણ યુગના બીજા મહત્વના શરાફ બાવા સવાઇગરને ભાવનગરના મહારાજા વખતસિંહ પણ માન આપતા હતા.

લૂંટારા જાતિઓ :-

રાયધણ બીજાનો અંધાધૂંધી અને અવ્યવસ્થાભર્યો સમય લુટારાઓ માટે સર્વોત્તમ હતો તેથી આ સમયે મિયાણા, ખોસા અને કોળી જેવી જાતિઓની શક્તિ અને ત્રાસ વધી ગયો. જો કોઇ કોળી જેલમાં ન ગયો હોય તો કલંક સમાન ગણાતું અને જ્યારે તે જેલ માંથી છૂટીને આવતો ત્યારે તેના સંબંધીઓ "ચાંલ્લો" કે "હાથગરણું" કરવા આવતા અને લગ્ન પ્રસંગ જેવો આનંદ આ વખતે માણવામાં આવતો. લૂંટારાઓમાં બીજી મહત્વની જાતિ ખોસાઓની હતી. પહેલાં તેઓ જાગીરદાર હતા

અને સિંધના કલોરા શાસકોને ખંડણી ભરતા હતા.[૬૭] ઇ.સ.૧૭૮૬ માં તાલપુરાઓએ તેમની સિંધ માંથી હકાલપટ્ટી કરી.[૬૮] તેથી તેઓ લૂટારા બની ગયા. સિંધના આંતરવિગ્રહમાં એકપક્ષે તેમની મદદ લીધી તેથી તેથી તેમને સિંધમાં આશ્રય મળવા માંડયો.[૬૯] પરિણામે કચ્છ માટે તેઓ યમદૂત જેવા બની ગયા. આજ કારણે ફતેહમહમદના મૃત્યુ પછી અંગ્રેજોને કચ્છમાં હસ્તક્ષેપ કરવાનું બહાનું મળી ગયું.

પ્રથમ વસેલ જાતિ :-

કચ્છમાં લગભગ તમામ જાણીતી જાતિઓ બહારથી આવેલી દેખાય છે. કચ્છના આદિવાસીઓનો કૂટપ્રશ્ન ઉકેલવો ઘણોજ મુશ્કેલ છે છતાંય કચ્છમાં ઘણા લાંબા સમયથી પ્રથમ આવીને વસી ગયેલી કેટલીક જાતિઓ છે જેમાં મુખ્યત્વે ધંગ, ગાહા અને કાંડાગરાનો સમાવેશ થાય છે. આમાં કાંડાગરા ફક્ત કાંડાગર ગામ પૂરતા જ મર્યાદિત હતા. જ્યારે બીજી જાતિઓ અન્ય ગામોમાં રહેતી હતી. ધંગ એ કોઇ જાતિ વિશેષનું નામ નહોતું પરંતુ દેદાના પિતા જામ રાયધણના વંશજો માટે આ શબ્દ સમૂહવાચક રીતે વપરાતો હતો. આ ધંગ જાતિ સમૂહમાં અબડા, આમર, બારાચ, ભોજદે, બુદ્દા, ગાહા, ગજબ કે ગજાણ, હોથી, જાડા, જેસર, કાનડી, કાંયા, કોરેટ, મોકલસી, પસયા, રેલડિયા અને વરમસીનો સમાવેશ થતો હતો.

અસ્પૃશ્ય વર્ગ :-

અસ્પૃશ્ય વર્ગમાં ખાસ કરીને જેને આપણે આજે "હરિજન" તરીકે ઓળખીએ છીએ તે વર્ગની તમામ કોમોમાં ઢેડ, વણકર, ચમાર અને અન્ય કોમોનો સમાવેશ થતો હતો. તેમની "નખ" કે "શાખ" પરથી તેઓ મૂળ

---

૬૭. જરનલ ઓફ ધી રોયલ એસિયાટિક સોસાયટી ઓફ બેંગાલ, વોલ્યૂમ બારમું, ભાગ પહેલો, ક્રમ-૧૩૨, પૃષ્ઠ-૪૩૩.
૬૮. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ-પ મું, પૃષ્ઠ-૧૬૩.
૬૯. સિવિલ ડીસ્ટરબન્સ ઇન ઇન્ડિયા, પૃષ્ઠ-૧૬૦.

મૂળ રજપૂત હોય તેમ લાગે છે. તેઓ મુખ્યત્વે વણકર, મોચી, કઠિયારા અને ચમારનો વ્યવસાય કરતા. આ ઉપરાંત તેઓ પશુઓનાં આંતરડાં પણ વેંચતા હતા. રાયધણયુગમાં તેમને નીચામાં નીચી કક્ષાની સરકારી નોકરી અપાતી.

આ ઉપરાંત કર્નલ વોકર જણાવે છે તેમ, રાયધણયુગમાં "મહાજન" શબ્દ પણ નિમ્ન કક્ષાનો સૂચક બની ગયો હતો. રાયધણના જનાનખાનામાં મુસ્લિમ ગુલામ કન્યાની પુત્રી કેસરબાઇને બીજી રજપૂતાણીઓ મહાજનના નામે ઓળખતી હતી. આવી વ્યક્તિઓને જનાનખાનામાં લગભગ અસ્પૃશ્ય ગણવામાં આવતી. જ્યારે જનાના બહાર અન્ય હિન્દુ જાતિ સમૂહો માટે આ શબ્દ ઉંચી કક્ષાનો હતો.

વ્યવસાયી જાતિઓ :-

રાયધણયુગમાં એક વ્યવસાય પર અનેક જાતિઓ નિપૂણતા ધરાવતી હતી. ખલાસી તરીકે વાઘેરો અને ખારવા બન્ને હોંશિયાર હતા. સિપાઇ તરીકે વેણ જાતિ ઉપરાંત અતિત જેવા હિન્દુ સાધુઓ રહેતા. ઢોર ઉછેર રબારીની સાથે સમેજા અને થેબા કરતા. વેપારમાં હવે ભણસાલી, ભાટિયા, વોહરા, ખોજા, લોહાણા, મેમણ, નંદવાણા, વાણિયા વગેરે પ્રવેશ્યા હતા. જ્યારે ખેતીમાં કણબી ઉપરાંત આગરિયા, અજાણી, રાજ્ગોર, સોઢા, આહેર, ઔદિચ્ય, સાચોરા, સુમરા, બારાચ, ગુર્જર, કેર, સુન્નીખોજા, મેમણા, ઓસવાળ, શ્રાવક, શ્રીમાળી વગેરે પ્રવેશ્યા હતા.

કચ્છી સમાજનું મૂલ્યાંકન :-

આમ રાયધણયુગનો કચ્છનો સમાજ વિવિધ જાતિઓથી ભરેલો હતો. આ જાતિઓએ ગામો, પ્રદેશો અને સંસ્કૃતિ પર સચોટ અસર કરેલી. મિંયાણાઓ મિંયાણી પ્રદેશને જન્મ-નામ આપતા હતા. તો કેટલાંક ગામો જ જાતિઓને જન્મ-નામ આપી દેતાં. દા.ત. ભલોટી ગામનો રહેવાશી ભલોટ, તેજ રીતે બોહત્તા બોહા, બિટ્ટાના બુટ્ટા,

કાંઠાગરના કાંઠાગરા અને સેરાતના સેડાત, આ સેડાતોએ તો પોતાનું ગામ છોડી દીધેલું અને વર્ષોથી કચ્છને વતન બનાવેલું, છતાંય જૂના ગામના જાતિવાચક નામને છોડયું નહોતું.

કચ્છી સમાજ ઘડતરમાં કેવી ગતિ હતી તેનો દાખલો સોલંકીઓ માંથી જન્મેલા ભણસાલીઓ તથા ભટ્ટી રજપૂતો માંથી જન્મેલા ભટ્ટી મુસ્લિમો છે. રાયધણયુગમાં કુંભાર તરીકે ઓળખાતી જાતિ આધુનિક યુગમાં ગુર્જર ક્ષત્રિય બની ગઇ છે. આવાં અસંખ્ય પરિવર્તનો માંથી રાય-ધણયુગીન કચ્છી સમાજ ઘડાયો હતો. આ સમાજની ત્રીજી વિશેષતા તેના જાતિ સમૂહોને અપાયેલ સાંધીક નામો છે. ધંગ અને મહાજન તેના ઉત્કૃષ્ટ ઉદાહરણો છે.

-: પ્ર ક ર ણ - ૧૬ મું :-

સાંસ્કૃતિક સ્થિતિ.

શિક્ષણ :-

ઇ. સ. ૧૮૫૪ પહેલાં કચ્છમાં શિક્ષણની અત્યારના જેવી વ્યવસ્થિત શરૂઆત થઇ હોય તેમ લાગતું નથી. તે પહેલાં જૂની બ્રાહ્મણ પ્રણાલી અનુસરવામાં આવતી હતી અને પાઠશાળાઓ દ્વારા દેવસ્થાનોમાં શિક્ષણ આપવામાં આવતું હતું. રાયધણયુગમાં શિક્ષણને રાજ્યની સરકાર પર જવાબદારીના કૃત્ય તરીકે સોંપવામાં આવ્યું નહોતું. તેથી પ્રજાની આવશ્યકતા અનુસાર કચ્છના શાસકો આવી શિક્ષણ સંસ્થાઓને મદદ કરતા હતા.

વ્રજભાષાનું શિક્ષણ :-

રાયધણયુગમાં વ્રજભાષાના શિક્ષણનું મહત્વ વિશેષ હતું. મહારાવ લખપતે પોતાના વિદ્યાપ્રેમને લીધે ભૂજમાં એક વ્રજભાષાની પાઠશાળા સ્થાપેલી. આ પાઠશાળા રાયધણયુગમાં પણ ચાલુ હતી. કારણ કે રાયધણજીના સમકાલીન ઉપરોક્ત ભાષાના એક કવી હમીરજી જાડેજાની કૃતિઓ વ્રજભાષામાં લખાયેલી મળે છે.[1] આ ઉપરાંત આજથી સો વર્ષ પહેલાં આ પાઠશાળા ચાલુ હતી તેવી સમકાલીન નોંધ પણ મળે છે.[2]

આ પાઠશાળાના વિદ્યાર્થીઓને કચ્છ રાજ્ય તરફથી જમવાની સગવડ અપાતી હતી. અભ્યાસ પૂરો કરનારને યોગ્ય ઇનામ, પોષાક તેમજ કવી તરીકેની પદવી મળતી હતી. અભ્યાસક્રમમાં અલંકાર, રસ, પિંગળ, પ્રબંધ અને મુક્તકો જેવા વિષયો હતા. પરીક્ષા મૌખિક રીતે લેવાતી. ગ્રંથો કંઠસ્થ કરવા પડતા. ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને છેલ્લે

---

૧. કચ્છના સંતો અને કવિઓ, પૃષ્ઠ-૪૦૩.
૨. કચ્છ દેશનો ઇતિહાસ, પૃષ્ઠ-૫૦.

એક ખંડકાવ્ય લખવું પડતું હતું. જેનો વિષય પાઠશાળાની પરીક્ષા સમિતિ નક્કી કરતી. આ સમિતિમાં પ્રધાનાચાર્ય અને રાજ્યના વરિષ્ઠ અધિકારી રહેતા. વિદ્યાભ્યાસનો સમયગાળો પાંચ વર્ષનો હતો. ઉત્તીર્ણ થનારને યોગ્ય ઇનામ અપાતાં.

આ શાળાના આચાર્યોમાં "નાયક નાયિકા ભેદ" તથા "લખપત વંશ સિંધુ" ના લેખક કુંવર કુશળ અને તેમના પછી વીર કુશળ, રાજકુશળ, જય કુશળ, ધર્મ કુશળ, વલ્લભ કુશળ તથા જીવન કુશળનાં નામો મળે છે. આ સર્વ જેન આચાર્યો હતા. પરંતુ પાછળથી તેઓ ધણા આળસુ બની ગયા તેથી પ્રાગમલજીએ આચાર્ય પદ શ્રી પાટણજીવન ત્રિપાઠી નામના વિદ્વાનને આપ્યું, એમની શિષ્ય પરંપરામાં ગોપાળ જયદેવ, ભેરવદાનજી, ખેતજી, લાલસ, હમીરદશોદી, કેશવ અને હરશ વગેરે થયા.[3]

ગુજરાતી ભાષાના વિખ્યાત કવિ દલપતરામ પણ આ પાઠશાળાનું જ એક મોતી હતું. તેઓ આ શાળાને "કવિઓના કારખાનાનો વિશિષ્ઠ પ્રયોગ" તરીકે ઓળખાવતા હતા.[4]

<u>કવિશ્રી હમીરજી જાડેજા :-</u>

વિંધ્યવાસીની દેવીના મંદિર પાસે આવેલા વિંઝાણ ગામમાં કવિશ્રી હમીરજી જાડેજાનો જન્મ થયો હતો. તેઓ રાયધણજી બીજાના સમકાલીન હતા. અને પોતાના સમયના સમર્થ કવિ હતા. તેમના બીજા સમકાલીન કવિઓમાં આખરના જાડેજા વીસાજી અને ઉનડજી હતા. તેમની કૃતિઓ આ બન્ને કવિઓની હરોળમાં આવી શકે તેવી હતી. તેઓ ભુજથી દૂર રહેતા હોવાથી તથા વ્યવસાય લશ્કરના સરદાર હોવાને કારણે વ્રજભાષાની પાઠશાળાના કવિઓ જેટલું તેમનું નામ પ્રસિદ્ધ નથી થયું. બાકી તેમના સર્જનની કિંમત કોઇપણ રીતે ઓછી આંકી શકાય તેમ નથી.

શ્રી કારાણિ તેમનાં કાવ્યો વિશે જણાવે છે કે, "હમીરજીની

---

૩. બૃહદ ગુજરાતની અસ્મિતા, પૃષ્ટ-૪૬૯.
૪. અન્નવેષણા, પૃષ્ટ-૩૬.

કવિતા રમઝમ કરતી, મસ્ત મદમાતી માતંગની ચાલે ચાલતી, ઝૂલતી ઝૂલતી મોહ પમાડતી જતી હોય એવી લાગે છે. એની ઝડઝમક, પ્રાસ, ભાવાર્થ બધુંજ ઉત્તમ પ્રકારનું જણાય છે."[૫] હમીરજીની કવિતા પરથી જણાય છે કે, એમના ગુરુ મારવાડના લાલસ શાખાના ચારણ માનજી હતા. ગુરુદેવ પ્રત્યેની એમની અપાર ભક્તિ તેમની કવિતામાં સહજ દેખાઇ આવે છે. તેઓ સાહેબાણીના વંશજ હતા અને તેમના પિતાનું નામ રાવ-ભજી હતું. તે પણ એમની કવિતામાં અપાયેલી એમના વંશની સંક્ષિપ્ત વંશાવળી જોતાં જાણી શકાય છે. રાયધણજી, ભારમલજી અને દેશળજી પહેલા એ ત્રણેના યુગના તેઓ સાક્ષી હતા. કવિતામાં તેઓ પોતાને "હોમું" કે "હામા" નામે ઓળખાવતા હતા.

ભિંટારાના રાજગોર કવિ કેશવ, હમીરજીના મિત્ર અને આશ્રિત હતા. કવિ કેશવે વિખ્યાત ગ્રંથ "ફતેહસાગર" લખ્યો હતો. જેમાં મહા-કાવ્યરુપે ફતેહમહમદનું આખું જીવન વ્રજભાષામાં આપવામાં આવ્યું હતું. કમનશીબે આ ગ્રંથની સળંગ હસ્તપ્રત હજુ સુધી પ્રાપ્ત થઇ શકી નથી. તેના છૂટાછવાયા ઉલ્લેખો મળે છે. આ કવિ કેશવે પોતાની કેટલીય કૃતિઓમાં હમીરજીનો ઉલ્લેખ કર્યો છે. એક કૃતિમાં તેઓ જણાવે છે કે,

"કેશવ કંચન તબ ભયા, જબ હામા પારસ હોય" અહીં કેશવ કવી હમીરજીને પારસમણિ કહે છે. અને પોતે એના સ્પર્શથી કંચન બનેલ છે એમ સ્વીકારે છે. આ કથન પરથી હમીરજીની મહત્તાનો ખ્યાલ આવે છે. તેમની કવિતા એ વખતની વ્રજભાષામાં જોવા મળે છે. તેમની કોઇ કચ્છી કવિતા મળી શકતી નથી. એમણે રચેલ "વિજ્યાનીગ્રંથ" માંથી થોડું સાહિત્ય પ્રાપ્ત થાય છે. આના પરથી કાવ્યકલાપર તેમનો કેટલો કાબૂ હતો એ જાણી શકાય છે. એમની કવિતાની જૂના સમયની ભાષા પણ અભ્યાસ કરવા જેવી છે. જેનો થોડો અંશ આ પ્રમાણે છે :-

ગ્રંથની રચના કઇ રીતે થઇ તેનો ઉલ્લેખ આ પ્રમાણે કરાયો છે.

" સંવત અઢારહ પાંસઠા, ભદ્રવ માસ ભનંત;

---

૫. કચ્છના સંતો અને કવિઓ, પૃ૪૮-૪૦૨.

સુદ પખ અષ્ટમ સોમકી, યા દિન બર્નન અંત."

"વિગ્યાની ગ્રંથ" ઉપરાંત હમીરજીએ જાડેજાઓના વંશનો સળંગ ટૂંકાણમાં ઇતિહાસ આપે તેવું એક સુંદર "વંશપ્રભા" નામનું જાડેજા વંશના ઇતિહાસનું એક સુંદર ખંડકાવ્ય રચેલ છે. ઉપરોક્ત કાવ્યમાં રાયધણજી બીજાને સંબંધિત કેટલોક અંશ આ પ્રમાણે છેઃ-

" સુધ સર્વત અઢાર પૈતીસ સાર, શ્રાવન સુગ્યારસ દિવસ ચાર,
રાયધન્ન રાવ બેઠે સુતખ્ત, બનરાજ ચિરંજીઉ બડમ બખ્ત,
પુનિધરા સાહી સિવ સકતપીર, કચ્છધર અસીસ દીઅધર્મધીર"

ઉપરોક્ત ગ્રંથની પૂર્ણાહૂતિ આ રીતે કરવામાં આવી છેઃ-

" સર્વત અઠારહ ચૌસઠી, વંસપ્રભા સુદ્ધ ઉક્ત,
વિદતિથ દસમીવાર બુધ, માસ અસાઢ સંજુક્ત."

જાડેજા હમીરજીની કાવ્યકળા એમની ઉપરોક્ત કૃતિઓથી જાણી શકાય તેમ છે. આ કૃતિઓ ઉપરાંત તેમણે બીજી પણ કેટલીક રચનાઓ કરી હશે પરંતુ કમનશીબે તેમાંની કોઇ કૃતિ હજુ સુધી મળી શકી નથી. હેમિલ્ટન તેમને વિશે નોંધે છે કે, "તેઓ ફક્ત કવિજ નહોતા પણ સારા સેનાપતિ હતા. એમનું લશ્કર ૨૫૦ સૈનિકોનું હતું અને અવાર-નવાર રાયધણજીના દીવાનોની મદદે જતા."[૬]

<u>મહમદ પન્નાહનું ગ્રંથાલય :-</u>

મહમદ પન્નાહ રાયધણજીનો ગુરુ હતો. એટલું જ નહિ તે ઇસ્લામનો સાચો અનુયાયી અને પ્રચારક પણ હતો. એક સાચા સંત અને પ્રચારકમાં જે ગુણ તથા જ્ઞાન હોવાં જોઇએ તે તેનામાં હતા. તેનું મૂળ વતન દિલ્હી હતું.[૭] તેથી ઇસ્લામિ સાહિત્યનો તે પ્રખર અભ્યાસી હતો.

૬. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૮૭.
૭. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૨૬૭ ની પાદનોંધ.

પોતાના વાંચન શોખને પોષવા તેણે ઘણા ટૂંકા ગાળામાં ભુજમાં એક સમૃધ્ધ ગ્રંથાલય ઉભું કર્યું હતું, જેનો વિકાશ કરવામાં પાછળથી કેપ્ટન પોસ્ટન્સે સારો સહકાર આપ્યો હોય તેમ જણાય છે.[૮]

જ્યારે શ્રીમતી પોસ્ટન્સે ભુજની મુલાકાત લીધી ત્યારે આ ગ્રંથાલય એક મસ્જિદમાં હતું અને મહમદ પન્નાહના વારસદારો તેની વ્યક્તિગત માલિકી ધરાવતા હતા. એક સાયઠ ફૂટ ઉંડા ભોંયરામાં ચારે બાજૂથી સંપૂર્ણ બંધ કરીને તેને સાચવી રાખવામાં આવેલું તેમાં એક હજાર જેટલી અરબી અને ફારસી હસ્તપ્રતો હતી.[૯]

અત્યારે ભુજમાં એક એવી માન્યતા છે કે, મહમદ પન્નાહના અયોગ્ય વારસદારોએ આ ગ્રંથાલયના તમામ પુસ્તકોને ભીંતમાં ચણી લીધા છે. ઉપરોક્ત પુસ્તકો અને ગ્રંથાલયની માહિતી મેળવવા મીયાં મહમદ પન્નાહના વારસદારો પાસે જતાં તેઓ બધા નાની ઉંમરના અને વાસ્તવ માં કશુંય ન સમજી શકે તેવા દેખાયા. શ્રીમતી પોસ્ટન્સને પણ આવો જ અનુભવ થયેલો. તેથી રાયધણયુગના ભુજ ખાતેના આ મહાન ગ્રંથાલય વિશે પૂરતી માહિતી મળતી નથી. છતાંય ઇ.સ.૧૮૪૦ માં રોયલ એશિયાટિક સોસાયટીની મુંબઇ શાખાએ ઉપરોક્ત ગ્રંથાલયના કેટલાંક પુસ્તકો વિશે માહિતી મેળવી હતી.[૧૦] તે પરથી લાગે છે કે આ જ્ઞાન ભંડારમાં કેટલીક અગત્યની કૃતિઓ હતી જેમાં કુરાન પરની ટીકાઓ, કુરાન વાંચન વિજ્ઞાન, હદીસ કે પ્રણાલિકા પ્રકાર ગ્રંથો, કાયદા, અધ્યાત્મ શાસ્ત્ર, વક્તૃત્વકળા, વૈદકિય, પ્રાકૃત્તિક વિજ્ઞાન, નીતિ શાસ્ત્ર, સુફીવાદ, વ્યાકરણ, તર્કવિજ્ઞાન, ભાષાશાસ્ત્ર અને ઇતિહાસને લગતા ગ્રંથોનો સમાવેશ

---

૮. ધી જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યૂમ પહેલું, ભાગ બીજો, પૃષ્ટ-૪૪૮.

૯. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૨૬૭ અને તેની પાદનોંધ.

૧૦. ધી જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યૂમ પહેલું, ભાગ બીજો, પૃષ્ટ-૪૪૮.

થતો. ભુજમાં આ ગ્રંથાલય આવેલું હોવા છતાં કચ્છના ઇતિહાસ પર કોઇ પ્રત નહોતી. તે તેની ખામી ગણાય. બાકી ભારતના પશ્ચિમ તરફના ભાગમાં આ એક સુંદર અને મહત્વનું ગ્રંથાલય હતું.

ભાષા :-

રાયધણયુગના લોકો બોલવામાં કચ્છીનો ઉપયોગ કરતા હતા. કચ્છી બોલી દક્ષિણ સિંધના લોકોની ભાષાને લગભગ મળતી હતી. તેથી જ્હોન વિલસન તો તેને સિંધીનું એક સ્વરુપ માનવા પ્રેરાયા છે.[૧૧] કચ્છી બોલીનો ઉપયોગ સાહિત્ય અને વાણિજ્ય વ્યવહારમાં નહિવત થતો હતો. તળકચ્છ ઉપરાંત સૌરાષ્ટ્રની ઉત્તરના કચ્છ તરફનાં ભાગમાં પણ કચ્છી બોલીનો ઉપયોગ થતો હતો.

કચ્છી ઉપરાંત કચ્છમાં ગુજરાતી અને હિન્દી પણ બોલાતી હતી. આ બન્ને ભાષાઓ રાયધણયુગમાં છેક કચ્છની ઉત્તર સરહદે રહેતા લોકો સિવાય સમગ્ર કચ્છના લોકો સમજતા હતા. સમગ્ર કચ્છની વ્યવહારની ભાષા તો ગુજરાતી હતી. વાગડમાં લોકોની માતૃભાષા પણ ગુજરાતી હતી. અલબત્ત લાકડિયાનાં થોડાંક ઘરોનો અપવાદ હતો. બાકી લગભગ સમગ્ર વાગડ પ્રદેશમાં ગુજરાતી બોલાતી હતી.

ભાષા અને ઇતિહાસ :-

કચ્છના લોકો કચ્છી અને ગુજરાતી બન્ને ભાષાની કેટલીક કહેવતોનો ઉપયોગ કરીને પોતાનો ઇતિહાસ જાળવી રાખી શક્યા હતા. કોઇપણ માણસ બીજાની આશા કરે અને તે સફળ ન થાય ત્યારે કચ્છમાં "રત્નાકરને ગમી તે વાઘેલાને વીસવાર" એવી કહેવતનો ઉપયોગ કરાય છે. તેમાં વાગડના ધરણ વાઘેલા–વાસ્તવમાં ચાવડા અને લાખા ફૂલાણીના પિતા ફૂલના ઐતિહાસિક સંઘર્ષની યાદ છે. આવી બીજી કહેવત પણ ધરણ સાથે સંકળાયેલી છે. તેમુખ્યત્વે દુશ્મન સામે ઉશ્કેરવા

---

૧૧. ઇન્ડિયન એન્ટીક્વેરીઝ, વોલ્યૂમ ત્રીજું, પૃષ્ઠ–૨૮૮.

વપરાતી હતી. એના શબ્દો હતા "ઢળ પાસા જેમ ધરણના ઢળયા" આ શબ્દો ફૂલની રાણી પોતાના પિતા ધરણની પ્રસંસા કરતાં ચોપાટ રમતી વખતે બોલી હતી.

એક બીજી પણ મહત્વની અને લાંબી કહેવત વપરાતી. તે આ પ્રમાણે હતીઃ-

" લાખે ખરચી લખ કેરે કોટ અડાયો,
ગઠમે ઉવે ગરથ ત પધર ન અડાયેં પુંઅરા "

જ્યારે કોઇ માણસ પોતે કંઇ કામ કરવા અશક્ત હોય છતાં બીજાના કામની મશકરી કરે ત્યારે આ કહેવત વપરાય છે. તેનો અર્થ એ થાય છે કે, લાખા ફૂલાણીએ લાખો ખર્ચીને કેરાનો કોટ ચણાવ્યો હતો. તેના પછી ગાદીએ આવેલ તેના ભત્રિજા પુંઅરાને ઉદ્દેશીને કહેવાયું છે કે જો તારામાં જોર હોય, પૈસા હોય તો તું પણ પધરગઢ ચણાવ. ત્યારબાદ પુંઅરાએ પધરગઢ ચણાવ્યો હતો.

કોઇ વ્યક્તિ ઘણીજ મહેનત કરીને ધન ભેગું કરે પણ પોતાનાં જીવતાં તેનો ઉપયોગ કરી શકે નહિ અને જીવનભર કંજૂસાઇમાં સબડયા કરે. તેના મૃત્યુ પછી આ ધનનો લાભ બીજાઓ કે તેના વારસો લે ત્યારે આ કહેવત "ખટયો ખેંગારને ભોગવ્યો ભારે" નો ઉપયોગ થાય છે. ભુજની ગાદીના સ્થાપક ખેંગારજી પ્રથમે કરકસર કરીને ભેગું કરેલું ધન અંતે તેમના પુત્ર ભારમલજીએ વાપર્યું હતું.

કચ્છના લોકો "ઝારા માયાંનો કેર" ના અરસપરસ સોગન લે છે. રાયધણજીના પિતા ગોડજીના વખતમાં થયેલ ઝારાના યુધ્ધ જેવું બીજું કોઇ ભયાનક યુધ્ધ આ પહેલાં કચ્છમાં થયું નહોતું. તેમાં ઘણા અને મહત્વનાં કચ્છીઓ ખપી ગયેલા. તેથી સોગંદ માટે આ કહેવતનો ઉપયોગ થતો.

ભાષા વિનોદઃ-

જેમ આજે આપણે સરદારજીને કેન્દ્રમાં રાખીને "જોક્સ" બનાવીએ

છીએ તેમ રાયધણયુગમાં કચ્છમાં સીદીઓને કેન્દ્ર સમક્ષ રાખવામાં આવતા હતા. જો કે સરદારજી ખરેખર "મૂર્ખ" નથી. પરંતુ સીદીઓની વિનોદી વાતો કચ્છમાં હજુ પણ દૃષ્ટાંતરુપ બની ગઇ છે. જેમાંની કેટલીક આ પ્રમાણે છે.

એક સીદી અમલદારે કોઇ એક વ્યક્તિને લાખ કોરી દંડ કર્યો. આથી પેલા માણસે દંડ ઓછો કરવા અરજ કરી. સીદીએ વધારે ગુસ્સે થઇને કહ્યું કે, " ટઉં ચાર વિયું કોડયું ગિન ઢાસી" (એટલે કે હવે તું એંસી કોરીઓ આપી જજે) એક શખ્સે એક સીદી પોલીસ અમલદારને પોતાના ઘરમાં આવેલ ચોરનો પગ દેખાડયો ત્યારે તે બોલી ઉઠયો, " હી ટાં માડુજા પગ એ, ચોડજા ને" (આતો તારો પગ છે ચોરનો નથી) એક સીદી જમાદારને મહારાવે લોકોને સમજાવવા મોકલ્યો અને કહ્યું કે, "લોકો સમજે નહિ તો જરા આંખ દેખાડજો" બન્યું એવું કે લોકો સમજ્યા નહિ એટલે સીદી જમાદારે તેમને પોતાની આંખો બે હાથે ઉઘાડીને દેખાડી. એક સીદી સિપાઇને ઉકરડા પરથી એક આરસી જડી ત્યારે તેણે અરીસામાં પોતાનું કાળું શાહી જેવું મોઢું જોઇને કહ્યું કે, "હેરા અયો, તડેં ઉકરેટે પ્યા અયોના" (અહીંયા આવ્યું એના કરતાં ઉકરડામાં જ પડયું રહેવું હતુંને)

સ્થાપત્ય :-

કચ્છની સ્થાપત્ય કલા પણ વિશિષ્ઠ હતી. આ દિશામાં કેટલીક વિશેષ પ્રગતિ પણ થઇ હતી. કચ્છની સ્થાપત્ય વિદ્યાનો ઇતિહાસ ઘણો પ્રાચિન છે. મણિમેખલા નામની દક્ષિણ ભારતની એક કથામાં એવો ઉલ્લેખ આવે છે કે, કચ્છના સ્થપતિઓએ દક્ષિણના મંદિરો બાંધ્યાં હતાં.[૧૨] શ્રી. દુ. કે. શાસ્ત્રી પણ નોંધે છે કે, "કચ્છ કાઠિયાવાડના દેશી રાજ્યોમાં ગુજરાતના કારીગરોને સારો આશ્રય મળવાથી, અહીં હિન્દુ કળાની પરંપરા જીવતી રહી છે. અને તેમાં પણ કચ્છ દરબારના કડિયાઓ અને સુથારો કારીગરીમાં મંદિરો બાંધવા માટે તથા સુંદર મૂર્તિઓ ઘડવા

૧૨. કચ્છનું સંસ્કૃતિ દર્શન, પૃષ્ટ-૩૧.

માટે હજુ પણ વખણાય છે."[૧૩]

ઈંટો - પથ્થરો :-

લેફટનન્ટ પોસ્ટન્સે મુંબઈ સરકારના ઇજનેર તરીકે માંડવી અને રાયણની મુલાકાત લીધેલી. એ વખતે આજુબાજુના લોકો ઈંટો પાડતા નહિ પણ રાયણના જૂના અવશેષો માંથી ઈંટો કાઢીને પોતાનાં મકાનો ચણતા હતા.[૧૪] આનો અર્થ એ થયો કે રાયધણ યુગમાં મોટા ભાગનાં મકાનો પથ્થરથી ચણવામાં આવતાં હતાં. આજે પણ સમગ્ર કચ્છમાં વાગડ ના થોડા ભાગને બાદ કરતાં પથ્થર મળે છે.

ઘરો :-

થોટલેસ અંજારના ઘરોને સારી બાંધણીવાળા ગણાવે છે. તમામ મકાનો પથ્થરનાં જ બાંધવામાં આવતાં હતાં. માથે નળિયાનું છાપરૂં રહેતું અને તમામ ઘરોને સફેદ રંગવામાં આવતાં હતાં.[૧૫] થોટલેસના મતે કચ્છના ઘરોની બાંધણી મુરીસ પ્રકારની અને કેટલેક સ્થળે એશિયાટિક હતી. હેમિલ્ટનની નોંધ મુજબ ભુજમાં ઘરોનાં બારણાં કદી શેરી તરફ રહેતાં નહિ.[૧૬] ટૂંકમાં કચ્છનાં ઘરો ઘણાં મજબૂત હતાં અને ભુજનાં ઘરો વિશે તો કહેવાતું કે દરેક ઘર કિલ્લાજેવું હતું અને તેનો દરેક રહેવાસી સૈનિક જેવો હતો.

મંદિરો :-

કચ્છનાં મોટાં શહેરોમાં ભવ્ય અને મજબૂત તથા વિશાળ મંદિરો આવેલાં હતાં. ગામડાઓમાં પણ મંદિરોની સંખ્યા પુષ્કળ હતી. થોટલેસ ભુજનાં મંદિરો વિશે જણાવે છે કે, " કેટલાંક મંદિરો નાનાં નાનાં

---

૧૩. ઐતિહાસિક સંશોધન, પૃષ્ટ-૪૭૭.
૧૪. ધી જરનલ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ બેંગાલ, વોલ્યૂમ છઠ્ઠું, ભાગ બીજો, પૃષ્ટ-૬૪૮.
૧૫. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૬૫.
૧૬. હેમિલ્ટન્સ હિન્દુસ્તાન, પૃષ્ટ-૫૯૫.

પથ્થરો કાપીને બનાવાયાં છે. તેમનો આકાર ઘણો મોટો છે. મહા મહેનતે શણગારાયેલ દૃશ્યને તે ખડું કરે છે. અને માનસને આશ્ચર્યોથી ભરી દે છે. વાઘ, સિંહ, હાથી, વાંદરા અને બીજાં કાલ્પનિક પદાર્થોના શિલ્પો આ મંદિરોમાં દેખાય છે. મંદિરની અંદર અને બહાર તેમના દેવોની પ્રતિમાઓ છે. જેને પથ્થર માંથી સર્જેલ બનાવટી કાપડ અને ઘરેણાં અવિસ્મરણીય ઘાટ આપે છે. મંદિરોનાં આ મકાનોમાં મૂરીશ અને એશિયાઇ સ્થાપત્ય કળાનો સંગમ કરાયો છે. અને વિશાળ મંદિરોનાં ઘૂમટો તો ગ્રીક ઘૂમટોની યાદ આપે છે તથા એકંદરે એક સુંદર તેમજ સામાન્ય ચિત્ર આપણા સમક્ષ ખડું કરે છે.[૧૭]

આ ઉપરાંત તેમને અંજારના મંદિરોની દિવાલો અભેદ્ય કિલ્લા જેવી લાગતી હતી અને તોપના ગોળાથી અંજારવાસીઓને રક્ષણ આપતી હતી. જ્યારે તેમણે જોયેલાં કંથકોટના મંદિરો લગભગ જીર્ણ અવસ્થામાં હતાં. રાયધણયુગમાં આ ઉપરાંત નીચે પ્રમાણેનાં કેટલાંક બીજાં મંદિરો હતાં.

<u>૧. હાટકેશ્વરનું મંદિર</u> :- રાયધણયુગમાં ઇ. સ. ૧૮૦૭ માં અર્થાત સંવત ૧૮૬૩ ના કારતક માસમાં ભૂજમાં રહેતા જગજીવન વેણીરામે આ મંદિર બંધાવ્યું હતું.

<u>૨. કંથકોટના મંદિરો</u> :- સૂર્યપૂજક કાઠીઓ કચ્છમાં હતા એની પ્રતીતિ કરાવતું ખંડિત શિખરયુક્ત ૧૫ મા સૈકાનું સાદું છતાં ભવ્ય મંદિર કંથકોટમાં છે. તેમાં સૂર્યની ઉભી પ્રતિમા અને લેખ છે. આજ સ્થળની નજીક અન્ય મંદિરમાં જીર્ણ છતાં શિલ્પયુક્ત બે પ્રાચિન લેખોવાળું જૈન મંદિર છે. આ મંદિરોની મુલાકાત ઇ. સ. ૧૮૧૪ માં થોટલેસે લીધેલી.

<u>૩. નારાયણ સરોવર-કોટેશ્વરનાં મંદિરો</u>:- કચ્છના પશ્ચિમ સાગર તટે આવેલાં હાલનાં મંદિરો અઢારમા સૈકામાં બાંધવામાં આવ્યાં હતાં. મુખ્ય મંદિર ત્રિવિક્રમરાયનું છે અને તેની સામેસાત મંદિરોનો

---

૧૭. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૬૫.

સમૂહ આવેલો છે. જેમાં લક્ષ્મી નારાયણ, આદિનારાયણ, સાક્ષીગોપાલ, દ્વારિકાધીશ, લક્ષ્મીજી, ગોવરધનનાથ તથા કલ્યાણરાયનાં છે.

મુખ્ય મંદિરના વિશાળ સભામંડપમાં સ્તંભો ઉપરનાં શિલ્પોમાં તત્કાલીન પોષાકો રજૂ કરતી પ્રતિમાઓમાં પ્રવેશદ્વારે દરવાન તથા પોષાકયુક્ત શિલ્પોમાં કચ્છી લોકોના ચહેરાઓ જોવા મળે છે. સામે સમૂહમાં એકજ મંડપમાં આવેલાં સાતે મંદિરોમાં લખાણયુક્ત તખ્તીઓ છે તેમાં ગણેશને વંદન, સંવત-તારીખ-વાર, દાતાનું નામ અને ઇષ્ટદેવનું નામ આપેલ છે. ગામ બહાર પૂર્વમાં વૈષ્ણવ સંપ્રદાયના સ્થાપક વલ્લભાચાર્યની ચોર્યાસી બેઠકો પૈકીની એક અહીંયા છે.

કોટેશ્વરમાં સારણેશ્વરનું સુંદર મંદિર છે. વિશાળ મંદિરના પ્રવેશ દ્વારે તેમજ મધ્યના ઘૂમટમાં કચ્છનું શિલ્પ જોવા મળે છે. મૂળ મંદિરના લિંગને અલ્લાઉદ્દીન ખલજીએ તોડવાનો પ્રયત્ન કરેલો તેમ પૂજારી કહે છે. બાજુમાં સમુદ્ર કિનારે નિલકંઠનું શિવ મંદિર છે. માત્ર શિવલિંગ સિવાય આ મંદિરના સ્થાપત્યમાં શિવમંદિરનું એકપણ લક્ષણ જોવા મળતું નથી. સંભવ છે કે જૂના બૌધ્ધ સ્થાપત્યનાં ભંગાર ઉપર આ મંદિરની રચના કરવામાં આવી હોય.

<u>૪. માતાનો મઢ</u> :- આ ગામનું આશાપુરા માતાજીનું મંદિર કાળક્રમે તૂટી જતાં માંડવીના સુવિખ્યાત રાયધણકાલીન સોદાગર સુંદરજી શેઠની પ્રેરણાથી એમના ભાઇ અને મહેતા વલ્લભજીએ હાલનું નવું મંદિર બંધાવ્યું.[૫]

<u>૫. ફૂલેશ્વર</u> :- બગળ નામના ગુંતરીગઢ પાસેના ગામમાં ફૂલેશ્વર મહાદેવનું મંદિર છે. આ મંદિરના પ્રવેશદ્વારના ઉપરના ભાગે એક લેખ છે. તે મુજબ ઉપરોક્ત મંદિરનો રાયધણયુગમાં એટલે કે સંવત ૧૮૫૪ માં જીર્ણોદ્ધાર થયેલો હતો.[૧૮]

---

૧૮. ધી જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યુમ-૧૪ મું, નંબર-૮, પૃષ્ટ-૭૨.

<u>૬. માધવરાયનું મંદિર</u> :- આ વૈષ્ણવ મંદિર અંજારમાં આવેલું છે. તે ૬૭' x ૬૪' નું છે. તેની દિવાલની ઉંચાઇ ૬૨' છે. સમગ્ર દિવાલ સફેદ અને કાળા મારબલથી જડવામાં આવી છે. તેના ચાંદી જડીત બારણાપર વિ. સં. ૧૮૬૯ નો લેખ છે જેમાં મંદિરના જીર્ણોધ્ધારનો ઉલ્લેખ છે.

<u>૭. ભુજનું આશાપુરા માતાનું મંદિર</u> :- આમંદિર ભુજમાં સોની-વાડ પાસે આવેલું છે. તેનું પ્રવેશધ્વાર વિશાળ છે. મંદિરની અંદર આશા-પુરા માતાની એકને બદલે બે મૂર્તિ છે. સામાન્ય રીતે એકજ માતાની એકજ મૂર્તિ દરેક મંદિરમાંહોય છે. આ બે મૂર્તિઓના રહસ્યને રાયધણજીની ધમાંધતા સાથે સંબંધ છે. ભુજના શ્રી. ધારશી શિવજી ઠક્કર નામના ૧૦૩ વર્ષના એક સદગૃહસ્થે આ વિશે એક સ્મૃતિકથા કહેલી. તેમના જણાવ્યા મુજબ એક દિવસ રાયધણજી, મહમદ પન્નાહ અને ફતેહમહમદે ભુજ ની આશાપુરા માતાની મૂર્તિ તોડવાનું નક્કી કર્યું. જ્યારે મહેલમાં આ વાતની ખબર પડી ત્યારે એક માણસને આ દુષ્કૃત્ય થતું અટકાવવા નળિયા ઠાકોરને તેડવા મોકલવામાં આવ્યો. તેઓ મારતે ઘોડે આવ્યા પોતાના આગમનની ખબર ન પડે તે માટે તેમણે રાતવાસો માનકૂવામાં કર્યો અને પછી વ્હેલી સવારે ભુજ આવી પહોંચ્યા.

રાયધણજી જ્યારે બહાર નીકળતા ત્યારે સવારી સાથે વાજતે ગાજતે નીકળતા. તેઓ અને તેમનો રસાલો આશાપુરા માતાની મૂર્તિ તોડવા નીકળ્યો ત્યારે નળિયા ઠાકોર તેમને પંચહટડીમાં ગીતામંદિર આગળ મળ્યા. તે વખતે એકાએક તેમને જોઇને ચમકીને રાયધણે કહ્યું, "કાકા તમેય આવ્યા ?" ઠાકોરે જવાબ આપ્યો, " હા ભાઇ! શું કરૂં ? આજે તમો માતાજીને નૈવેદ્ય ધરાવવાના છો તેથી આવ્યો છું." પછી બધા સાથે સાથે મંદિરમાં આવ્યા.

એ વખતે માતાજીને ભોગ ધરવા માટે વિશિષ્ઠ વિધિ થતી. મંદિર માં ડાકલાં વાગતાં હોય ત્યારે કચ્છના રાજાને ખોળો પહોળો કરીને ઉભા રહેવું પડતું. પછી તેમના ખોળામાં પત્રી પડતી અને તેને પગે લાગી

રાવ પત્રી પાડા પાસે મૂકતા તથા તેની નાનકડી વિધિથી પૂજા કરતા. જે પાડો આ પત્રી સુંધે તેને હલાલ કરવામાં આવતો. ત્યાં આવેલા પાડાઓ માંથી જે પાડાએ પત્રી સુંધી તેને નળિયા ઠાકોરે એ રીતે કાપ્યો કે જોનારાઓ તો અવાક થઇ ગયા. તલવારના એક ઝાટકે તેમણે માથું અને ચાર પગ કાપી નાખ્યા. આ દૃશ્ય જોઇને રાયધણ, ફતેહમહમદ અને મહમદપન્નાહ પરિસ્થિતિ પામી ગયા અને ત્યાંથી ભાગી નીકળ્યા.

આ પહેલાં મંદિરના પૂજારીઓને માહિતી મળેલી કે રાયધણ મૂર્તિનું ખંડન કરવા આવવાના છે તેથી ~~તર્જે~~ તરતજ તેઓએ અસલ મૂર્તિ ખસેડી લીધેલી અને બીજી બનાવટી મૂર્તિ તેની જગ્યાએ રાખી દીધેલી. ત્યારબાદ બન્ને મૂર્તિઓને ત્યાંજ રહેવા દેવામાં આવી. આજે પણ આ મંદિરમાં બન્ને મૂર્તિઓ છે. આ દંતકથામાં ભારોભાર અતિશ્યોક્તિ છે પણ મૂળ હકીકત આ રીતની બની હોય તેવો સંભવ નકારી શકાય નહિ.

આમ સ્થાપત્યના આવા કેટલાય નમૂનાઓ કચ્છના વિશાળ ભૂ-ભાગ પર વેરાયેલા પડ્યા છે. ટૂંકમાં શ્રી. મુકુંદભાઇ રાવલ માને છે તેમ ૧૦૦૦ વર્ષથી આજ સુધી રચાયેલું કચ્છનું સ્થાપત્ય ગુજરાતના અન્ય પ્રદેશનાં સ્થાપત્યોની સરખામણીમાં પાછળ રહે તેમ નથી. અલબત્ત મોઢેરા જેવી વિશાળતા તેમાં નથી પરંતુ પોતાની સ્થિતિ અનુસાર આ દૂરના પ્રદેશમાં જે સ્થાપત્ય સચવાયું છે તે ખરેખર અદ્ભૂત છે. એટલું જ નહિ, પરંતુ કચ્છના મૌલિક વારસાનો વૈભવ બતાવી જાય છે. આમ કચ્છ પોતાના સાચવી રાખેલા આગવા સ્થાપત્ય દ્વારા શિલ્પ-સ્થાપત્યના અભ્યાસીઓનાં માનસપટ ઉપર સુંદર છાપ પાડે છે એ નિ:શંક છે.

<u>મસ્જિદો- દરગાહો</u> :-

આ નમૂનાઓનું નિર્માણ કાંતો રાયધણયુગમાં અથવા તેની આગળ પાછળ થયેલું, મોટા ભાગનો સંબંધ પણ રાયધણયુગની સાથે જ છે.

<u>૧. કંથકોટની દરગાહ</u> :- ઇતિહાસ પ્રસિધ્ધ આ સ્થળમાં રાયધણજીના વખતમાં મૂસા અને હારુનની દરગાહો જોવા લાયક હતી. કર્નલટોડ

નોંધે છે તેમ બર્કહાર્ડ નામના એક વિદેશી પ્રવાસીએ તેની ખૂબ પ્રસંસા કરી છે.[૧૯]

૨. **દાદાજીનો રોજો** :– રાયધણયુગના ત્રણ મુસ્લિમ મહાપુરુષોના ત્રણેય મકબરાઓ[૨૦] મૂરીશ સ્થાપત્ય શૈલીનાં પ્રતિનિધિઓ છે. રાયધણ યુગમાં થઇ ગયેલ એક દાદાજી નામના સંતનો રોજો તો મૂરીશ સ્થાપત્ય કલાના ઉત્કૃષ્ટ નમૂનાની કચ્છને ભેટ છે. આ રોજાની કોતરણી અદભુત છે. તેમાં પ્લાસ્ટર ઓફ પેરીસનો ઉપયોગ થયો છે. અને આરસપહાણને એવી રીતે સાંધવામાં આવ્યો છે કે તેના ખૂણા કે ચીરાડનો કોઇને ખ્યાલ પણ ન આવે. તેના ઘુંમટ પર પણ ડીઝાઇન ખીચોખીચ ભરવામાં આવી છે.

૩. **મહમદ પન્નાહની મસ્જિદ** :– એજ રીતે મહમદ પન્નાહ અને કહેવાતી રાયધણની મસ્જિદ પણ ભુજમાં સ્થાપત્યની દૃષ્ટિએ જોવાલાયક ઇમારતો હતો. થોટલેસને મળેલ માહિતી મુજબ રાયધણને તેની ઇચ્છા મુજબ આ મસ્જિદમાં દફનાવવામાં આવ્યો હતો.[૨૧]

૪. **ફતેહમહમદનો હજીરો** :– ફતેહમહમદના મૃત્યુ પછી થોડા દિવસમાં એને જ્યાં દફનાવવામાં આવ્યો હતો ત્યાં તેના પુત્ર હુસેનમીયાંએ સ્થાપત્ય કલાના ઉચ્ચત્તમ નમૂના જેવો એક રોજો બંધાવેલ છે. પાટવાડી નાકા બહાર ભુજમાં આ રોજો આવેલ છે. એમાં લગાડવામાં આવેલી તખ્તીનું લખાણ એ વખતની હિન્દુ–મુસ્લિમ એકતા પર નવોજ પ્રકાશ પાડી જાય છે. આ લખાણ દેવનાગરી લિપી માં આ પ્રમાણે છે :–

।। શ્રી સરસ્વત્યે નમઃ ।। શાલિવાહન ભૂપાલાદિકૃત શાકે ૧૭૩૫ પ્રવર્તમાન્યે સંવત ૧૮૭૦ ના વર્ષે સરદ રુતૌ આશ્વિન માસે શુક્લપક્ષ એકાદશાયાં તિથૌ ગુરુવાસર રાત્રિ અર્ધ જાતે મહારાજ રાઓશ્રી

---

૧૯. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ–૩૫૮.
૨૦. ફતેહમહમદ, મહમદપન્નાહ અને દાદાજીના.
૨૧. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ–૩૭૯.

રાયધણજીનો વજીર મરદામરદ જમાદાર શ્રી ફતેહમાંમદ નોતીયાર ગુજરચા તેનો રોજો સંવત ૧૮૭૧ ના અસાઢ સુદિ ૨ રવોને દિવસે રોજો જમાદાર શ્રી ફતેહમાંમદનો સુપુત્ર હુસેનમીયાંએ તઇયાર કીધો તે સાહિબની નિગા થતકી રોજો ધરા રહે તિહાં સુધી સાહિબ સિલામત રાખે અને રોજાના કરતલની સાહિબની નિગા થકી વંશવૃદ્ધિ રેજો ।। ગજધર ...

આલેખ રાયધણયુગની સ્થાપત્ય લેખ વિદ્યાનો પણ એક સુંદર નમૂનો છે. આ ઉપરાંત કચ્છમાં અસંખ્ય મુસ્લિમ દરગાહો અને મસ્જિદો આવેલી છે. જેમાંની કેટલીય રાયધણજીના યુગમાં તૈયાર થયેલી. તેઓ સ્થાપત્ય કલાનાં સાદામાં સાદા નમુનાઓનું પ્રતિનિધિત્વ કરે છે.

શિલ્પ :-

સાહિત્યની જેમ શિલ્પ પણ સમાજનું દર્પણ છે. તેમાં તત્કાલીન સમાજનું દર્શન રજૂ થાય છે. કચ્છમાં રાયધણયુગ દરમ્યાન નિર્માણ પામેલ શિલ્પમાં મૂળ વિષય એકજ હોય છે પરંતુ સ્થાનિક પરિસ્થિતિને અનુરુપ તેમાં ફેરફાર થાય અને રજૂઆત થાય. લખપતજીની છતરડીમાં સંપૂર્ણ મૂર્તિ વિધાન દેખાય છે. છતાં કેટલીક મૂર્તિઓ શિકાર કરતા આંગ્લ ઘોડે સવાર અને ખુરશીમાં બેઠેલી આંગ્લ સ્ત્રીઓને પણ રજૂ કરે છે. આવીજ વિવિધતાઓ સ્થાનિક પરિસ્થિતિ અનુસાર વૈષ્ણવ મંદિરોમાં દેખાય છે. ઉપરાંત ખડતલ ચોકીદાર તથા નાગા બાવાનાં શિલ્પો ગામડાઓમાં દેખાય છે.

કચ્છમાં અનેક સ્થળે આકાર પામેલ મુસ્લિમ સ્થાપત્યનાં શિલ્પમાં પણ આપણને તેનું ખાસ આગવાપણું જોવા મળે છે. ઉદાહરણ તરીકે ફતેહ મહમદના ખોરડામાં કાષ્ટશિલ્પમાં દેખાતાં પશુ-પક્ષી તેમજ આગલા ભાગનું પ્રસ્તર શિલ્પ અને તેના હજીરાની જાળીઓના શિલ્પમાં જોવા મળતો મોર એનું ઉદાહરણ છે. રાયધણયુગને સંબંધિત કેટલાંક મહત્વનાં શિલ્પો આ પ્રમાણે હતાં :-

૧. ભુજનાં શિલ્પો:- થોટલેસને ભુજનાં મંદિરોનાં શિલ્પોમાં

ઘોડાઓ, સિંહો, હાથીઓ, વાંદરાઓ અને કાલ્પનિક પદાર્થોની અનંત વિવિધતાના નમૂનાઓનાં દર્શન થાય છે. આ ઉપરાંત તેણે મંદિરની અંદર અને બહાર દેવોની પ્રતિમાઓ પર પથ્થર માંથી સર્જેલ બનાવટી કાપડ અને ઘરેણાં પણ જોયાં હતાં.

૨. અંજારનાં શિલ્પો :- અંજારના અંબાજી મંદિરની અંબાજી માતાની પ્રતિમા જોવા થોટલેસ અને ચાર્લ્સ ગયા હતા. ત્યારે તે પ્રતિમા કિંમતી ઘરેણાં તથા રત્નોથી લદાયેલી હતી. પ્રતિમાને વસ્ત્રો પણ કિંમતી પહેરાવવામાં આવ્યા હતા.

૩. હનુમાન શિલ્પ :- થોટલેસે રાયધણયુગની એક હનુમાનજીની પ્રતિમાનો અહેવાલ આપ્યો છે. તેની નોંધ મુજબ, "તેનું મૂર્તિવિધાન અણઘડ છે. ભારતના લગભગ દરેક ભાગમાં હનુમાનની આવી મૂર્તિઓ પૂજાય છે. ગામડાના દરેક મંદિરમાં તે લગભગ હોય છે." સામાન્ય રીતે હનુમાનનાં હાથમાં ગદા હોય છે. જ્યારે થોટલેસે વર્ણવેલી ઉપરોક્ત મૂર્તિના હાથમાં તલવાર અને નાની ઢાલ હતી. તેની મુદ્રા ટટ્ટાર હતી. તેની પૂંછડી એટલી બધી લાંબી હતી કે, તેનો છેડો છેક માથા પર પહોંચતો હતો. થોટલેસની નજરમાં આ શિલ્પ એક વિકરાળ રાક્ષસી વાંદરાથી કાંઇ વિશેષ નહોતું.

૪. જૈન શિલ્પ :- અંજારમાં જૈનોનાં એક સુંદર મંદિરનો શ્રી. થોટલેસે ઉલ્લેખ કર્યો છે. મંદિરની વચ્ચેના ભાગ -ગર્ભ ગૃહમાં એક વિશાળ પાર્શ્વનાથ સ્વામિની પ્રતિમા હતી. તેને એક ઉંચા આસનપર ગોઠવવામાં આવી હતી. આ પ્રતિમાની આકૃતિ સામાન્ય માનવ કરતાં બમણાં કદની હતી. તેનાં કાનો અદભૂત અને મોટા હતા. તેની મુદ્રા નગ્નસ્વરુપે પલાંઠી વાળીને બેઠેલા પુરુષ જેવી હતી. જ્યાં બન્ને પગો ભેગા થાય છે તેની નીચે લાંછન હતું અને તેની બરાબર ઉપર-પગથી પણ ઉપર, બન્ને હથેળીઓ રહેતી.[૨૨]

---

૨૨. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૮.

આ પ્રતિમા અને તેની બેઠક-વેદીને સફેદ મારબલ માંથી બનાવવા માં આવતી. પ્રતિમાનો ઘાટ, મુખાકૃતિ અને છાતી જોતાં સામાન્ય મનુષ્યને એમ લાગે કે તે કોઇ સ્ત્રી દેવને ઘાટ આપવા બનાવવામાં ન આવી હોય ! આ પ્રતિમાને અંદરના પૂજાગૃહમાં મૂકવામાં આવતી અને બરાબર તેમના માથેના ભાગે મંદિરનો કળશ ધ્વજ રહેતો.

૫. કૃષ્ણ પ્રતિમા :- રાયધણયુગમાં રાજકારણના ક્ષેત્રે પાપા-પગલી માંડતા લક્ષમીદાસ કામદારનું મકાન પણ વિષ્ણુ મંદિર જેવું હતું. આજે તેમના મકાનમાં શ્રી. કૃષ્ણની જે પ્રતિમા દેખાય છે તે કચ્છના આગવા શિલ્પોનું એક સુંદર ઉદાહરણ છે.


૬. વાસપૂજ પ્રતિમા :- આ ઉપરાંત "વાસપૂજ" નામની એક સુપ્રસિધ્ધ દેવ પ્રતિમા આ વખતે કચ્છમાં હતી. આ પ્રતિમાને મિયાણાંઓના ડરથી તેના મૂળ સ્થાન સીકરા ગામ પાસેથી ઇ.સ. ૧૭૮૫ માં આધોઇ ખસેડવામાં આવી હતી.[૨૩]

૭. પાળિયાઓનું શિલ્પ :- કચ્છમાં ઠેર ઠેર જોવા મળતા શિલ્પ યુક્ત પાળિયાઓમાં સ્થાનિક શિલ્પ જ રજૂ થયું છે. જેમાં રથ, વલોણા, ઘોડેસવાર, સ્ત્રી-પુરુષોના ચહેરા, ઉંટ સવાર, વહાણવટી, નાગ સાથે સ્ત્રીઓ તેમજ એકલા સ્ત્રી કે પુરુષના પાળિયાઓ મુખ્ય છે. આવા પાળિયાઓ ઠીક ઠીક પ્રમાણમાં રાયધણ યુગમાં બનાવવામાં આવેલા. માતાના મઢની જાગીરના પ્રવેશદ્વારની ડાબી બાજુ પર આવેલો "ગધેડાગાળ" નો પાળિયો કદાચ જગતભરના પાળિયાઓમાં બેનમૂન છે.

૮. મુસ્લિમ સ્થાપત્યમાં શિલ્પો :- ઇસ્લામમાં મૂર્તિ પૂજાની તથા મૂર્તિ બનાવવાની મનાઇ ફરમાવવામાં આવી છે. છતાંય મોગલયુગ માં પક્ષીઓનાં ચિત્રો, શિલ્પો સર્જવા પૂરતો ભારતનો ઇસ્લામિ સમાજ ઉદાર બન્યો હતો. એટલે કચ્છમાં અનેક સ્થળે આકાર પામેલ મુસ્લિમ

---

૨૩. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૬૨૧.



કેસરબાઇનો મકબરો.

સ્થાપત્યોનાં શિલ્પોમાં પણ તેનું ખાસ આગવાપણું જોવા મળે છે. ઉદાહરણ તરીકે ફતેહમહમદના રહેણાંકના મકાનમાં કાષ્ટ શિલ્પમાં દેખાતાં પશુ-પક્ષી તેમજ આગળના ભાગનું પ્રસ્તર શિલ્પ, તેના હજીરાની જાળીઓના શિલ્પમાં જોવા મળતો મોર એનું ઉદાહરણ છે. આમ બેનમૂન પ્રસ્તરની જાળીઓમાં જોવા મળતા મયૂર તેમજ વાનરોનાં મૂળ શિલ્પ દિલ્હી, અમદાવાદની જાળીઓનાં શિલ્પથી તદ્દન આગવા તરી આવે છે. જૂનાગઢમાં કચ્છી કારીગરો દ્વારા તૈયાર કરેલ કેસરબાઇનો મકબરો પણ આવાં શિલ્પોથી સમૃદ્ધ છે.

ભારતીય શિલ્પ પરંપરાનું અભિન્ન અંગ છતાં કચ્છના શિલ્પમાં ઠેર ઠેર આગવાપણું દેખાય છે. ખાસ કરીને શિલ્પમાં કંડારાયેલ માનવ ચહેરાઓ તેમની વસ્ત્ર પરિધાન શૈલીમાં રાજપૂત પોષાક, મુસ્લિમ સ્ત્રીઓનો હિન્દુ પોષાક, દરવાનોની હિન્દુ તથા આરબ મુદ્રા, દૈનિક જીવનમાં વપરાતાં સાધનો, પશુ-પક્ષી, ઉંટ સવાર, ગ્રામ્ય ઢબે કંડારાયેલ આકૃતિઓ વિગેરે શિલ્પોમાં આગવાપણું જ વ્યક્ત થાય છે. કમનશીબી ત્યાં છે કે આવો વિશિષ્ઠ વારસો કચ્છ પાસે હોવા છતાંય બહારના જગતને તેની ઓછી જાણ છે.

કલા :-

કલાના ક્ષેત્રે કચ્છે ઘણા મૌલિક તત્વો પ્રદાન કર્યાં છે અને કલાના કેટલાંક ક્ષેત્રોને વિકસાવ્યાં પણ છે. જેમાં લીંપણ કલા, બાંધણીકામ, છપાઇકામ, બુટ્ટાકામ, રેશમનું વણાટ કામ, રોગાની કામ, અજરખના કસબ, હાથીદાંતની નકશી અને ચેઇનવર્ક એ કચ્છનાં કલાના ક્ષેત્રે મૌલિક પ્રદાનો છે. તેમનાં ચેઇનવર્ક તો શ્રી. એમ. આર. મજૂમદાર નોંધે છે તેમ ભારતભરમાં શ્રેષ્ઠ હતું.[૨૪]

આ ઉપરાંત યુરોપની કેટલીક કલાઓને કાનો માલમ કચ્છમાં લાવ્યો હતો. આ કલાનો પણ કચ્છમાં પ્રચાર થયો હતો. તેને રાયધણ

૨૪. કલ્ચરલ હિસ્ટ્રી ઓફ ગુજરાત, પૃષ્ઠ-૮૭.

યુગમાં "માલમીવિદ્યા" એવું નામ મળ્યું હતું. ભારત ભરમાં વિખ્યાત થયેલું કચ્છ વર્ક આ કલાનું જ પ્રતિનિધિત્વ કરે છે.[૨૫]

ઔદ્યોગિક કલા :-

ઔદ્યોગિક કલા એ કચ્છની કલાઓનું વિશિષ્ઠ ક્ષેત્ર છે. આ કલાઓમાં નીચેની કલાઓનો સમાવેશ કરી શકાય :-

૧. બાંધણીકામ :- બાંધણી બાંધવાની આ કલા ઘણી પ્રાચિન છે. આજે પણ આ કલા લગભગ ૪૦૦૦ માણસોને રોજી આપે છે. તેનાં કેન્દ્રો ભૂજ, માંડવી, અંજાર, મુન્દ્રા અને નખિયા છે. હિન્દુ અને મુસલમાન બન્ને ધર્મના ખત્રીઓ આ કામમાં રોકાયેલા છે. આ કામ માટેનો કાચો માલ સ્થાનિક બજાર માંથી મળી રહે છે. તેમાં કાપડ, રંગ અને દોરાઓ જોઇએ છે. બાંધણીને બાંધવાનું કામ આમ તો સાદું છે પરંતુ ઘણીજ મહેનત માગી લેનારૂં છે. તેમાં સમયનો ખૂબ ભોગ આપવો પડે છે. રેશમ, જ્યોર્જેટ, વોયલ અને મલમલના કાપડને સર્વ પ્રથમ લાકડાના ટેબલ પર પાથરી દેવામાં આવે છે. તેના પર લાકડાનાં બીબાંની અથવા તો હાથની છાપો-ડીઝાઇનો દોરવામાં આવે છે. પછી તેને દોરાઓ વડે ગુચવણીભરી રીતે બાંધવામાં આવે છે અને તેના પર રંગો ચઢાવાય છે. તેમાં વપરાતા રંગોમાં લાલ, લીલો, કાળો અને આસમાની મુખ્ય છે.

તેના પર પુતળીઓ તથા મોરની ડીઝાઇનો પાડવામાં આવે છે. તેનો ભાવ રૂપિયા ૧૦ થી ૫૦૦ સુધીનો હોય છે. આ ઔદ્યોગિક કલા આજે પાંચથી છ લાખ રૂપિયા કચ્છને કમાવી આપે છે. તે રાયધણયુગમાં પણ ચાલુ હતી. તળ ગુજરાતમાં આજે જે સ્થાન પાટણના પટોળાંનું છે તે સ્થાન કચ્છમાં બાંધણીનું છે. બાંધણીને દોરાઓથી ગંઠાતી નજરે જોઇએ ત્યારે જ તેની સાચી કલાનો ખ્યાલ આવે. આ કામ ધીરજ અને દાદ માગી લે તેવું છે. ડૉ. કૃષ્ણકુમારી વિરજી તો એટલે સુધી વિધાન કરે છે કે મેત્રકકાલ પહેલાં પણ કચ્છ પોતાની બાંધણીઓ માટે વિદેશોમાં

---

૨૫. કચ્છનું વેપાર તંત્ર, પૃષ્ટ-૧૦.

વિખ્યાત હતું.[૨૬]

૨. ભરતકામ :- કચ્છનું ભરતકામ ઘણુંજ સમૃધ્ધ હતું. ભરતકામની જુદી જુદી રીતો અને ટેકનિકો કચ્છમાં છે. આજથી ૨૫૦ વર્ષ પહેલાં કચ્છમાં ભરતકામ સિંધ માંથી કોઇ નગરઠઠ્ઠાનો ફકીર લાવેલો. માંડવી અને ભૂજના મોચીઓનું ભરતકામ રાયધણયુગમાં ખૂબજ વખણાતું હતું. આ ઉપરાંત ખાવડાના લોહાણાઓ, બન્નીના જત તથા મતુવાઓ અને કચ્છ ભરનાં કણબી, આહિર, રબારી અને મહાજનોમાં ભરતકામની કલા અસ્તિત્વમાં હતી.

૩. મોચી ભરત :- મોચીભરતને કચ્છમાં "આરી ભરત" તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે આ ભરત ભરવામાં સોયની જગ્યાએ તીક્ષ્ણ આરનો ઉપયોગ થતો હતો. સુતરાઉ કાપડ, રેશમ, મશરૂ, જાળી અને કેનવાસ પર આ લોકો ભરતકામ કરતા હતા. આભરત ભરતાં પહેલાં કાપડ કે કેનવાસ પર કોઇપણ જાતની બીબાંની છાપ પાડવામાં આવતી નહિ છતાંય મોચીઓ ખૂબજ ઝડપથી તેના પર અક્ષરો, પાંદડાં, ફળો, ફૂલો, પ્રાણીઓ અને માનવ આકૃત્તિઓને ઉપસાવતા હતા. આ ભરતકામની ભારતના અન્ય ભાગો તથા ઝાંઝીબારમાં પુષ્કળ માંગ રહેતી.[૨૭] આરી ભરતનાં વિષયોમાં બુલબુલ યુગલ, કળા કરેલ મોર, પૂતળી, ચોળી, તોરણ, મુગટ, સાડીની કિનાર, શાખો, વૈષ્ણવ હવેલીનાં ચિત્રો વગેરે નો સમાવેશ થતો.

૪. કણબી ભરત :- કચ્છનાં કણબીઓનું ભરતકામ અને સૌરાષ્ટ્ર નાં આભલાં લગભગ સરખાં છે. કણબીઓની આ કલાની વિશેષતા તેમની સાંકળીમાં છે. ટેબલક્લોથ, તોરણ, બ્લાઉઝ અને ચણિયાઓ પર તેઓની સ્ત્રીઓ ભરત ભરતી. કણબીઓનાં જેવુંજ ભરત કોટાયના આહિરો, રતનાલના ચારણો, લોડાઇના રબારીઓ અને વાગડના ભરવાડોમાં પ્રચલિત હતું. આ ભરત કાળા જાડા કાપડ પર ભરવામાં આવતું તેને

---

૨૬. એન્શીયન્ટ હિસ્ટ્રી ઓફ સૌરાષ્ટ્ર, પૃષ્ટ-૧૫૭.
૨૭. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યુમ-૫ મું, પૃષ્ટ-૧૨૬.

વઢિયારમાં "રબારિયું ભરત" કહેતા. તે આજે નવી ફેસન તરીકે થેલીઓ પર દેખાય છે. આ ભરતની બીજી વિશેષતા તેની ખાપો અને ચકદાં હતાં. આ ખાપો અને ચકદાં પાછળ પારો લગાવેલો હતો તેથી તે આયના જેવું બનતું. જ્યારે આવો ભરતવાળો ચણિયો કે સાડી પહેરીને કચ્છની સ્ત્રીઓ ભર બપોરે ખેતરમાં કામ કરતી હોય ત્યારે ખાપો અને ચકદાંના સૂર્ય પ્રતિબિંબો દૂર દૂરના વટેમાર્ગુને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દેતાં. ટોપી તથા પાયજામામાં પણ આવી ખાપો ટાંકવામાં આવતી હતી.

<u>૫. બન્ની ભરત</u> :- આ ભરતને આ નામ જે પ્રદેશના લોકો તે ભરે છે તે બન્ની પ્રદેશના નામ પરથી મળ્યું છે. ખાસ કરીને આ ભરત ખાવડાના લોહાણાઓ તથા બન્નીના ગામડાઓના જતો અને મતુવા લોકોમાં વધારે પ્રચલિત હતું. ખાવડાના ઠક્કરો આ કલાના ઝૂલ, પાલવ, ચણિયો, ટોડલા, ઓશીકા, તથા ગાદલાના કવરના નમૂનાઓ ભરવામાં પાવરધા હતા. જ્યારે જતોનું ભરત સંપૂર્ણ મૌલિક અને વિશિષ્ઠ હતું. તેમના ભરતકામમાં "આબ" અને "કંજરી" મુખ્ય હતાં. આમાં ખાસ કરીને સ્ત્રીઓના કુરતાનો આગળનો ભાગ ખાપોથી ભરવામાં આવતો. બન્નીનું ભરતકામ ઘણું ગાઢું હોય છે તેથી તેને ભરવા પાછળ પુષ્કળ ખર્ચ કરવો પડે છે. આજે તે વિદેશમાં વિખ્યાત થઇ ગયેલું હોવાને લીધે એક ચોરસ ઈંચ ભરતનો ભાવ પાંચ રૂપિયા આસપાસ રહે છે. શ્રી. રામસિંહજી રાઠોડ બન્નિયારોના ભરતકામને પ્રાણવાન ગણે છે.[૨૮]

<u>૬. અન્ય ભરત</u> :- આ ઉપરાંત ભણસાલી, વાગડિયા રજપૂતો, ઓસવાળો વગેરેનું ભરતકામ સહેજ વિશિષ્ઠ છે. તેમાં રંગની વિવિધતા વધારે હોવાથી આજે તો આ બધું ભરતકામ સસ્તા ભાવે ખરીદીને વિદેશોમાં મોકલી દેવામાં આવે છે.

---

૨૮. કચ્છનું સંસ્કૃતિ દર્શન, પૃષ્ટ-૨૨૪.

૭. કચ્છ વર્ક :- આ નામે ઓળખાતા સોના-ચાંદીના કામનો રાયધણયુગમાં ખૂબજ વિકાસ થઇ ગયો હતો. કચ્છની બાંધણીઓ પછી વધુમાં વધુ વિખ્યાત આ કલા છે. આ કલાના નમુનાઓ કપ, ફૂલ, ફૂંજો, ફૂલદાની, તમાકુ ભરવાની ડબી, પાનદાની, ઈંડાદાની, ચા તથા કોફીમાં ઉપયોગમાં આવતાં વાસણો, ગુલાબને પાણી છાંટવાની જાળી, થાળીઓ વગેરેમાં તૈયાર થતા હતા. તેમાં ચાંદી અને સોનાનો ઉપયોગ કરવામાં આવતો હતો. મૂળ આ કલાનો જન્મ ભુજમાં થયો પણ પાછળથી તેનો ફેલાવો માંડવી અને મુન્દ્રામાં પણ થયો. આજે તો કંડલા અને ગાંધીધામમાં પણ આ કાર્ય થાય છે. રાયધણયુગમાં આ કામમાં જરુરી તેવો કાચો માલ - સોનાની પાટો અને ચાંદી વિદેશથી ઓછામાં ઓછી જકાત નાખીને મંગાવી લેવામાં આવતો. તેથી તેનો વિકાસ સારો થયો.

આ કામ કરનાર કારીગરને "સલતો" તરીકે ઓળખવામાં આવતા. આજે પણ ૨૦૦ જેટલા માણસો કચ્છભરમાં આ કામથી રોજી મેળવે છે. હવે મીના કામ પણ તેમાં ભળ્યું છે. તેના રૂપિયા છ થી સાતના એક નંગના ભાવે સ્વિઝરલેન્ડથી પહેલાં મંગાવવામાં આવતા હતા. પણ હવે તો કલકત્તા તથા સુરત તેનાં કેન્દ્રો બની ગયાં છે. કચ્છ વર્કના નમૂનાની કિંમત સામાન્ય રીતે એકથી દસ હજાર રૂપિયાની રહે છે.

આ કાર્ય પ્રણાલિકાગત રીતે કરવામાં આવતું હતું. જે નમૂનો બનાવવાનો હોય તેને પ્રથમ તેના બીબામાં ઢાળી નાખવામાં આવતો હતો. તેના પર કીબ નામની લાખ સાથે ચાંદીની પ્લેટ મૂકી દેવામાં આવતી. પછી આ પાતળી પ્લેટ પર હથોડી મારીને જોઇતી વસ્તુનો આકાર ઉપસાવવામાં આવતો હતો. આ પાતળી પ્લેટને ગરમ કરીને તેમાંથી લાખ કાઢી નાખવામાં આવતી અને નવી લાખ પૂરવામાં આવતી. ઘણી વખત આ ક્રિયા ત્રણ ત્રણ વખત પણ કરવી પડતી. છેવટે જોઇતી ડીઝાઇન બરાબર તૈયાર થઇ ગયા પછી લાખને સંપૂર્ણ રીતે કાઢી નાખ-વામાં આવતી. અંતે તેને ચકચકિત બનાવીને કચ્છવર્કનો નમૂનો વેંચવા

માટે તૈયાર કરાતો.

કેપ્ટન મેકમુર્ડો નોંધે છે કે, "ભૂજ તેના સોના-રૂપાના ઘાટની કામગીરીને માટે પ્રખ્યાત છે. તે યોગ્ય જ છે"[૨૯] જેમ્સ બર્ન્સ કચ્છવર્કને અંજલી આપતાં નોંધે છે કે, "કચ્છનું ચાંદીકામ પ્રદર્શન કરવાના શોખને પોષે તેવું છે. કારણ કે તે તેના કારીગરના હાથની ચોકસાઇ દેખાડે છે. ચીનને બાદ કરતાં એશિયામાં કોઇ દેશનું કામ આવું સુંદર નથી. ભુજનો સુથાર અને સોની એટલો બધી હોંશિયાર છે કે, કોઇપણ યંત્રની બનાવેલ વસ્તુની તે સહેલાઇથી નકલ કરી શકે છે. મેં એક ગનલોક જોયેલું અને તેને ઈંગ્લેન્ડમાં બનેલું જ માની લીધું હતું, પરંતુ વાસ્તવમાં તે કચ્છમાં બન્યું હતું."[૩૦] કચ્છ વર્કને આનાથી વિશેષ સુંદર બીજી કઇ અંજલિ હોઇ શકે !

૮. મીના કામ :- કચ્છમાં મીનાકામ લાવનાર રામસિંગ માલમ હતો. સોના તથા ચાંદીના દાગીનાઓ પર મીનાકામ કરવામાં આવે છે. જુદા જુદા રંગના કાચરસ નામના મીનાઓને લઇને તેમને સલ્ફ્યુરિક એસીડમાં સાફ કરવામાં આવતા પછી મૂસળથી પાણી મેળવીને ખાંડવામાં આવતા. ત્યારબાદ તેમાંથી દૂધ જેવું ઘટ્ટ દ્રાવણ મેળવવામાં આવતું હતું, ફરીથી પાણી મેળવીને તેને લસોટીને ગર્ભ જેવું બનાવાતું, આ ગર્ભને ડીસ્ટીલ વોટર જેવા ચોખ્ખા પાણીથી ધોઇ નાખવામાં આવતો. પછી ત્રીશથી ચાલીસ વખત તેમાં પસંદગીનાં રંગીન ભૂકાઓ ભેળવવામાં આવતા. આ શુધ્ધિકરણની ક્રિયામાં નાઇ-ટ્રીક એસીડ અને હાઇડ્રોક્લોરીક એસીડનો પણ ઉપયોગ કરવામાં આવતો હતો. છેવટે તૈયાર થયેલ દ્રાવણને પીંછી વતી દાગીના પર લગાવવામાં આવતું હતું.

૯. ઢોળકામ :- સોના-ચાંદીનો ઢોળ ચઢાવવાનું કામ કચ્છમાં જૂના સમયથી થતું હતું. ગેઝેટિયરકાર નોંધે છે કે, "એમ કહેવાય છે

૨૯. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ-૫મું, પૃષ્ઠ-૧૬૦.
૩૦. એ સ્કેચ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કચ્છ, પૃષ્ઠ-૮.

કે, આઠ કારીગર કુટુંબો કચ્છમાં ઢોળકામ કરવા માટે દિલ્હીથી આવેલાં. આ આઠમાં સાત કારીગરો તો મુસલમાન હતા. તેઓ પિત્તળ નાં ઘરેણાંને સોના જેવાં બનાવતા હતા. આ ઉપરાંત તાંબુ અને પિત્તળના ઘડાઓને પણ તેઓ સોના કે ચાંદીનો ઢોળ ચઢાવી દેતા હતા. દિલ્હીમાં ઢોળ ચઢાવેલ પુષ્પો તૈયાર થતાં અને કચ્છમાં તેના વાળા બનતા. એ બન્ને ભેગા કરીને ઘણું વધારે દબાણ આપીને સંબંધિત વસ્તુ પર દબાવી દેતા. પછી તિક્ષ્ણ છરીથી કાપીને યોગ્ય આકાર આપી દેવામાં આવતો હતો. છેવટે તેને પૉલીસ કરીને ચકચકિત કરવામાં આવતો."[૩૧] રાયધણયુગ પછી ધીમે ધીમે આ કળા લુપ્ત થઇ ગઇ.

કાપડ છાપવાની કલા :-

કાપડ પર જુદી જુદી ડીઝાઇનો છાપવાની કલા રાયધણયુગમાં ખૂબ પ્રચલિત હતી. આ કામમાં મુન્દ્રા અગ્રેસર હતું. આજે આ કલા ફેશન સ્વરૂપે ફરીથી નવી પેઢીમાં પ્રવેશતી જાય છે, તે ખરેખર આશાસ્પદ ગણાય. રાયધણયુગમાં છીપા ઉર્ફે ભાવસારોની વસ્તિ ભુજ, મંજલ અને નળિયા જેવાં ગામોમાં સારા પ્રમાણમાં હતી. બ્રહ્મક્ષત્રી કોમનો તો આ કામમાં ઇજારો હતો. આ બધાય રંગારા હિન્દુ ધર્મ પાળતા, ફક્ત થોડા ખત્રીઓ મુસલમાન હતા. કાપડ પર છાપવાની આ કલામાં બાટીક કામ, અજરખ, રોગાન, છીપકામ કાતર પરનું ઢાંકણ તથા અન્ય કલાઓનો સમાવેશ થાય છે.

૧. બાટીક કામ :- રાયધણયુગમાં બાટીક છપાઇ અને ભરતકામ ખૂબજ વિખ્યાત હતું. કચ્છમાં તો તે ઘણું વહેલું આવ્યું, અને મુખ્યત્વે દરિયા કિનારાના ગામોમાં પ્રચલિત હતું. રાયધણયુગમાં કચ્છનું બાટીકકામ છેક ઇસ્ટઇન્ડીઝ સુધી નિકાસ થતું હતું.[૩૨]

બાટીક કામ સફેદ પાતળા હલકા, સુતરાઉ કાપડપર થતું હતું.

---

૩૧. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ-૫મું, પૃષ્ટ-૧૨૪.
૩૨. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૨૪૮.

આ ઉપરાંત રેશમ અને લિનનનો પણ આ છપાઇ કામ માટે ઉપયોગ કરવામાં આવતો. કારણ કે શરુઆતમાં લાખના કે મીણના રસને બીબાં થી કાપડ પર રંગની માફક છાપવામાં આવતો હતો. ઘણી વખત કાપડ પર ડીઝાઇન પહેલેથી દોરીને તેના પર પીંછી વડે લાખ કે મીણ લગાવ-વામાં આવતું. આ ક્રિયાને વાગડમાં "ખહરવું" કહેતા. કાપડ ખહર્યાં પછી તેને પાણીમાં લાખની વિરૂધ્ધના ભાગમાં રાખવામાં આવતું હતું. આ માટે જુદા જુદા રંગના પાણીના હોજ તૈયાર રાખવામાં આવતા. એકપછી એક તેના પર અન્ય રંગ ચઢાવવા બીજા હોજોમાં નાખવામાં આવતું. ડીઝાઇન મુજબ લાખને ઉખેડી લેવામાં આવતી અને ખાલી ભાગ માં નવો તથા જૂના ભાગમાં મિશ્ર રંગ કરવામાં આવતો હતો. આ કામમાં લાખ, મીણ અને પાછળથી તેમાં પેરાફીન વેક્ષનો ઉપયોગ થવા માંડયો. અલબત્ત તેમાં લાખની પસંદગી જ અગત્યનો ભાગ ભજવતી. તેમાં વિષય તરીકે હાથી, પૂતળી, મોર, ફૂલ, બુટ્ટા અને ભૌમિત્તિક ડીઝાઇનો પસંદ કરવામાં આવતી હતી.

<u>૨. અજરખ કામ</u> :- કચ્છમાં કાપડ ઉધ્યોગમાં બાંધણી પછી અજરખનો વિખ્યાતીમાં નંબર આવે છે. છેલ્લાં થોડાંક વર્ષોથી તેનો પ્રચાર ખૂબજ વધી ગયેર છે. અજરખ છપાઇ કામ કચ્છમાં સિંધથી આવેલું. જ્યાં હલકું પાણી વિશેષ મળતું હોય ત્યાં આ કામ થાય છે. તેથી કચ્છ, સિંધ અને બાડમેર તથા જયપુરમાં આજે પણ આ કામ થાય છે. આજે તો મુસ્લિમોમાં પણ અજરખની સાડીઓ ખૂબજ પ્રસિધ્ધ થઇ રહી છે.

અજરખ બનાવવાની ક્રિયામાં સૌ પ્રથમ પોતને દિવેલ તથા હળદર લગાવીને પાણીમાં ભીંજવવામાં આવે છે. આ કાપડને સૂકવ્યા પછી તેનો રંગ ફૂડ જેવો થઇ જાય છે. ત્યારબાદ આ પોતને પાટલા પર પાથરીને ફટકડી તથા રંગના દ્રાવણમાં ડીઝાઇનોનાં બીબાંઓ બોળીને તેનાપર યોગ્ય છાપો છાપવામાં આવે છે. પછી પધ્વ નામના પાવડરના દ્રાવણ માં બોળવામાં આવતું જેથી પેલો બીબાં લગાવેલો પોતનો ભાગ લાલ બની જતો અને અંતે કાદવ મિશ્રિત ગળીના દ્રાવણમાં બોળવાથી અજરખ બજારમાં વેંચવા માટે તૈયાર થઇ જતું.

રાયધણયુગમાં અજરખ પર મુસલમાનોને પ્રિય હોય તેવી ડીઝાઇનો છાપવામાં આવતી. જેમાં મુખ્યત્વે કચ્છના કોરી, આધિયો, પાંચિયો અને દોકડા જેવા સિક્કાઓનો સમાવેશ થતો. જ્યારે સાડીની કિનારી પર બુટ્ટા, હંસો, ગુલાબો, તાવીજ અને કોડી કે માદડિયાં છપાતાં. આ ઉપરાંત પોતના છેક વચ્ચેના અંદરના ભાગમાં કક્કલ, રીયાલ, ગીની કોરી, ફૂલ અને મેફૂલીની ડીઝાઇનો છપાતી. જો કે પાછળથી હિન્દુ સ્ત્રીઓએ પણ અજરખને અપનાવ્યું તેથી તેમાં જીવંત આકૃતિઓ જેવી પૂતળીઓ અને રાસનાં દૃશ્યો પણ ઉમેરાયાં. આજે તો તેમાં અસંખ્ય ડીઝાઇનો છપાય છે.

<u>૩. રોગાન કામ</u> :- રોગાન કરેલ કાપડનો મોટે ભાગે બારી-બારણાંના પડદા તથા ટેબલક્લોથમાં ઉપયોગ થાય છે. લગભગ અજરખની માફક જ તેના પર ભાત ઉપસાવવામાં આવતી હતી. ફક્ત તેની ક્રિયા સાદી હતી. ડીઝાઇન પણ મોટે ભાગે ભૌમિતિક જ પસંદ કરવામાં આવતી હતી. આ ઉપરાંત રોગાની કામ ઓઢણી, સાડી, લૂંગી, સાલ અને ઓછાડ પર થતું હતું. તેનો રંગ અજરખ કરતાં ઘાટો રહેતો.

<u>૪. સુડી - ચપ્પુ - કાતરકામ</u> :- આ કામના કારીગરો કચ્છમાં ક્યારે આવ્યા તેનું મૂળ શોધવું મુશ્કેલ છે. પણ કચ્છમાં એમ માનવામાં આવે છે કે, આ કામના લુહારો પહેલાં ખેડૂતો હતા. પરંતુ ખેતી કામમાંથી તેમને વર્ષે સાત મહિના જેટલી નવરાસ મળતી હતી. તેથી તેમના ધર્મગુરુએ તેમને બીજો વ્યવસાય અપનાવવા કહ્યું. પરિણામે તેમણે આ કામ શરુ કર્યું. ગેઝેટિયરકાર એમ પણ સૂચવે છે કે, કચ્છમાં આ ઉદ્યોગ ઇ. સ. ૧૮૬૦ માં શરુ થયો. આ ઉદ્યોગને કારણે ઉપરોક્ત સાધનોનાં મ્યાન પરનું ભરતકામ પણ વિકાસ પામ્યું.

<u>૫. હસ્તકલાઓ</u> :- બીજી કલાઓમાં ઉનની વણાટનો સમાવેશ થતો. ખાસ કરીને કચ્છમાં ઉનનાં ધાબળાઓ વણાતા. આ ઉપરાંત મોજડી, માટીનાં રમકડાં, હાથીદાંતનાં રમકડાં વગેરે પણ બનતાં હતાં. મોજડીઓ હરિજન ચમારો બન્નીમાં બનાવતા હતા. તેનાપર

વનિયાર ભરત પણ કરતા હતા. ઉપરાંત તેના પર ચાંદીના તારોને ભાત પાડીને ચોડવામાં આવતા. વાંઢના લોકો લાકડા પર વારનીસ લગાવીને સુંદર નમૂનાઓ બનાવતા. જેમાં મુખ્યત્વે વેલણ, ચમચો, ઉનને વણવાનું સાધન, વલોણું વગેરે હતાં.

૬. અન્ય ગ્રામીણ કલાઓ :- અન્ય ગ્રામીણ કલાઓમાં કેટલીક આ પ્રમાણે હતી :-

૧. રોગાની કામઃ- બન્નીના ઝૂંપડાવાસીઓ છાણથી લીંપેલ તેમના ઝૂંપડાની દીવાલ પર સુંદર રોગાની કામ કરતા હતા. આજે આ કલાએ પોતાનું સ્વરૂપ જાળવી રાખ્યું છે. અને યુરોપના કેટલાય રસિકો તેનો અભ્યાસ કરવા આવે છે. પશ્ચિમમાં પણ આવું ચિતરામણ થાય છે.

૨. બુટ્ટાકામ :- આ બુટ્ટાકામ સોના માંથી થતું. સોનેરી બુટ્ટાઓને કાપડ પર ઉપસાવવામાં આવતા. આ કામ પણ ખૂબજ ધીરજ અને દાદ માગી લે તેવું હતું.

૩. રેશમ વણાટ :- પાંચ સુ પટ્ટા તથા કાંકણિયા રેશમનું વણાટકામ વર્ષોથી કચ્છમાં થાય છે.

૪. લીંપણ કલાઃ- કચ્છ પશુઓનો પ્રદેશ છે. તેના લોકોનો રાષ્ટ્રીય વ્યવસાય પશુપાલન છે. તેથી ઢોરનું છાણ સહેલાઇથી મળી શકે છે. આ છાણને લોકો જરૂર પૂરતાં અડાયાં છાણ તરીકે ઉપયોગમાં લઇ લે છે જ્યારે બીજા છાણને તેઓ લીંપવામાં વાપરે છે. કચ્છનાં વનિયાર ઝૂંપડાંઓનાં લીંપેલાં આંગણાં જોવાં તે પણ જીવનનો એક લ્હાવો માણવા જેવું છે. કચ્છની સ્ત્રીઓ પોતાની આંગળીઓથી તેના પર સુંદર ખજૂરીની ડીઝાઇનો પાડે છે. તે પાડવાની ઝડપ યંત્ર જેવી છે.

આમ ઔદ્યોગિક અને ઘરગથ્થુ કલાના ક્ષેત્રે કચ્છે વિશિષ્ઠ પ્રગતિ કરી હતી. એટલું જ નહિ પણ કેટલીક બાબતોમાં તો તેનું સ્થાન બિન-હરીફ હતું. આજે આમાંની કેટલીય કલાઓ મૃતપ્રાય થઇ રહી છે.

ચિત્ર કલા :-

ચિત્રકલાના ક્ષેત્રમાં કચ્છને પોતાની આગવી શૈલી હતી. આ શૈલીને કમાંગર તરીકે ઓળખવામાં આવે છે. તેનો વિકાસ લખપતજીના વખતમાં થયો હતો. આ કલાનાં પ્રતિનિધિ તેમજ મૂર કલાના મિશ્રણરુપ ચિત્રો ભુજનાં આયનામહેલમાં દેખાય છે. આ ઉપરાંત અંજારમાં મેકમુર્ડોના બંગલાના ચિત્રો, મોટી રાયણમાં ધોરમનાથના ભંડારાના ચિત્રો, ધ્રાંગ માં જાંધીના અખાડાના ચિત્રો, ભુજ મ્યુઝીયમનાં ચિત્રો અને ભારાપર નાં સુજાબાના ડેલાના ચિત્રોનો પણ આ કલામાં સમાવેશ થાય છે.

કચ્છી કલાનાં ચિત્રોનો વિષય પ્રાણીઓ, પક્ષીઓ, પુષ્પો, લત્તા, રોજિંદા જીવનના પ્રસંગો, રામાયણ મહાભારતનાં દૃષ્યો, હાથી ઓની સાઠમારી અને હરણાંનો શિકાર હતો. ઘોડા, હાથી અને ઉંટ એ શાહી સરઘસનાં ચિત્રોનો વિષય રહેતો. સુજાબાનો ડહેલો તેનું ઉદાહરણ છે. આયના મહેલમાં એક માતા અને બાળકનું ચિત્ર છે. આ ઉપરાંત આ ચિત્રો પર મોગલ અને રજપૂત શૈલીની અસર વરતાય છે. અને ૧૫૦ વર્ષ પહેલાંની મૂર કલાનું સુંદર ઉદાહરણ પૂરૂં પાડે છે. ઉપરોક્ત ચિત્રોમાં રાયધણજી બીજાનું, ભાયજી બાવાના અ દરબારનું તથા ફતેહમહમદ નાં ચિત્રો પણ ઘણાંજ નોંધપાત્ર ગણી શકાય.

ભાત :-

ભાત પાડવાની સામાન્ય ચિત્રકલા રાયધણયુગ પહેલાં ઘણીજ ઓછી હતી અને હોલેન્ડથી રામસીંગ માલમ પાછો ફર્યાં પછીજ તેનો કચ્છમાં પ્રવેશ થયો હતો તેમ શ્રીમતી પોસ્ટન્સ માને છે.

નકશીકલા :-

આયના મહેલનું હાથીદાંતનું દ્વાર નકશીકામની ડીઝાઇનના ઉત્કૃષ્ટ નમૂનારૂપ છે.

લલિત કલાઓ:-

લલિતકલાઓનાં ક્ષેત્રે કચ્છની પ્રગતિ ધીમી હતી. રાયધણ

યુગમાં આ વિષયમાં કોઇ નોંધપાત્ર કામગીરી નથી થઇ. નાટક જેવા વિષયમાં પણ ઇ. સ. ૧૯૩૦ સુધી કચ્છમાં સંપૂર્ણ શૂન્યાવકાશ જ હતો. છતાંય જેને આપણે આધુનિક યુગની ઉપેક્ષિત કલાઓ કહી શકીએ તેવી કેટલીક કલાના ક્ષેત્રે રાયધણ યુગનું પણ થોડુંક પ્રદાન હતું.

ચારણી કલા :-

ચારણી કલા અથવા ભાટ બારોટોની વાર્તાઓ કહેવાની કલા કચ્છમાં પડોશમાં સિંધમાંથી આવી છે. કારણ કે કચ્છના બારોટો પોતાના પૂર્વજો તરીકે કચ્છના સમાઓને ગણે છે. આ સમાઓ સિંધમાંથી કચ્છ આવેલા. એતો જાણીતી વાત છે. ભાટો જાડેજાઓના પૂર્વજોનાં મૂળ સંતાન તરીકે ગૌરવ લે છે. ભૂતકાળમાં આ કલાકારોએ રાજાઓનાં અતિશયોક્તિભર્યાં વખાણો કરીને રાજ્યને ઘણી વખત બિનજરૂરી યુધ્ધોમાં હોમ્યું હતું. યુધ્ધ વખતે આ લોકો પણ મેદાનમાં હાજર રહેતા અને લડવૈયાઓને પૌરુષ ચઢાવતા. કચ્છના એક ચારણે જામનગરના ભર દરબારમાં મેરૂ ખવાસને ત્રણ વખત "ગોલા" કહીને બોલાવેલો તે કચ્છી ચારણીકલાનો ઉત્તમ નમૂનો હતો.

સંગીતકલા :-

કચ્છમાં પ્રાચિન સમયમાં પણ સંગીતકલા વિકસી હશે તેનો ખ્યાલ કોટાયના એક શિલ્પ પરથી આવે છે. સમુદ્રગુપ્તના એક સિક્કામાં કાચબાં જેવા વળાંક વાળી જે વીણા જોવા મળે છે તેવું મત્સ્યાકારનું તંતુવાદ્ય કોટાયના એક શૃંગાર-યુગલમાં પુરૂષ આકૃતિના હાથમાં મૂકેલું છે.

કચ્છના સંગીતને રાયધણયુગમાં શાસ્ત્રીયરુપ અપાયું નહોતું. કચ્છમાં સંગીત વખતે સાજની પણ જરૂર રહેતી નહિ. અને કોઇક વખત ઢોલકી અથવા એક તારા પર સુંદર રાગરાગણીઓ રેલાવી શકાતી. શ્રી. રામસિંહજી રાઠોડ જણાવે છે તેમ કચ્છી રાગણીની હલક માંથી છત્રીસ સૂરો પ્રગટાવાય છે. ફક્ત સ્વરમાપન કરવાનું જ બાકી છે.[૩૩]

૩૩. કચ્છનું સંસ્કૃતિ દર્શન, પૃષ્ટ-૧૯.

કચ્છની સંગીતકલાને લગતી કેટલીક બાબતો વિશે શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે કે, "કચ્છના ભાટ ચારણો વીણાની સાથે સિતાર કે ગીટારનો પણ ઉપયોગ કરતા હતા. આ ઉપરાંત સારંગી, ફીડલ અને મૃદંગનો પણ વપરાશ થતો. આ બધાં વાદ્યોની સાથે ઢોલ અને પડઘમનો જુદા જુદા ટયુનમાં ઉપયોગ કરવામાં આવતો હતો. તેની સાથે ઝાંઝ કે કાંસિયો તાલ આપતાં હતાં. મંદિરમાં તેનો સૌથી વધારે ઉપયોગ થતો. કચ્છમાં કેટલાક ભટકતા સંગીત શાસ્ત્રીઓ અંજાર, માંડવી અને ભુજ જેવાં મોટાં શહેરોમાં ફરતા દેખાતા હતા. અત્યારના વણઝારા જેવી જાતિના તેઓ હતા."[૩૪]

કચ્છમાં સંગીતમાં ખાસ કરીને ધૂન, ભજન અને કાફીઓનો વપરાશ થતો. ગામડાના લોકો દોહરા બોલતા. આ બધાં ખૂબજ અર્થયુક્ત અને વિખ્યાત હતાં. સંગીતનો વિષય તો ઇશ્વર પ્રાર્થના જ રહેતો. કચ્છની મુસ્લિમ લંઘા જાતિ ગાવા બજાવવાનો જૂના વખતથી ધંધો કરે છે. તેમનું સંગીત હમણાં સુધી ખૂબજ વિખ્યાત હતું. તેઓ ધ્રુપદ શૈલીથી ગાય છે. આ ઉપરાંત બીજા પ્રકારોના પણ તેઓ નિષ્ણાત છે. તેઓ જ્યારે નોબત અને શરણાઇપર ગાતા ત્યારે શ્રોતાઓ શાંત થઇ જતા.

મૂલ્યાંકન :-

કચ્છ કલા, સ્થાપત્ય, શિક્ષણ, સાહિત્ય અને શિલ્પના ક્ષેત્રે પોતાના ગજા કરતાં વધુ આપી શક્યું તેમ કહી શકાય. તેના આ થોડાક પ્રદાનમાં મૌલિકતા પણ ક્યાંક ક્યાંક દૃષ્ટિગોચર થાય છે. જ્યારે "તળપદી" સંસ્કૃતિનાં તત્વોને કારણે મિશ્રણનું પ્રમાણ પણ ઓછું નથી.

---

૩૪. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ–૧૮૫ અને ૧૮૬.

-: પ્ર ક ર ણ - ૧૭ મું :-

ધા ર્મિ ક સ્થિ તિ.

પ્રાસ્તાવિક :-

લઘુ ભારત જેવા કચ્છમાં સામાન્ય રીતે ભારતની માફક જ દરેક યુગમાં ધાર્મિક દૃષ્ટિએ વિવિધતા રહેલી છે. લગભગ તમામ ભારતીય અને કેટલાક વિદેશી ધર્મો કચ્છમાં પાળવામાં આવે છે. રાયધણયુગમાં તો ખૂદ રાયધણનો જ ધર્મ ઇસ્લામ હતો તે વિશે કોઇ વિવાદ નથી. ઇ. સ. ૧૮૧૯ સુધી જાડેજાઓ પણ પોતાના ઘરમાં મુસ્લિમ રસોયાઓ રાખતા હતા અને મુસ્લિમ કન્યાઓને પરણતા હતા.[1] મતલબ કે કચ્છીઓના સામાજિક જીવનમાં ધાર્મિક ભેદભાવ નહિવત્ હતા.

હિન્દુ અસરને પરિણામે કચ્છમાં મસ્જિદો કરતાં પીરની દરગાહોની સંખ્યા વધારે હતી. આ ઉપરાંત સૂફીઓની ધાર્મિક જીવન પરની અસર તે, એ યુગનું અગત્યનું ધાર્મિક વહેણ હતું, અને તેને પરિણામે હિન્દુઓ તથા મુસલમાનોના મેળામાં સૌ સાથે મળીને ભેદભાવ વિના ભાગ લેતા. એટલું જ નહિ પણ ગુંતરીની અંદર આવેલ કાસમેશ્વર મહાદેવનું મંદિર દરગાહની સાથેજ બાંધવામાં આવ્યું છે.[2]

ધ્રાંગમાં એકજ જગ્યામાં અને એક દિવાલમાં આવેલ પીર તથા શિવાલય આજે પણ છે. હિન્દુ મુસ્લિમ પ્રજા બન્નેનાં દર્શન કરે છે. આમ ધાર્મિક સહિષ્ણુતા એ કચ્છની પ્રજાની એક ખાસ વિશેષતા રહી હતી. એમાં એકજ મોટો અપવાદ રાયધણયુગનો હતો અને તે રાયધણ પોતેજ. જો કે પોતાના જીવનનાં પાછલાં વર્ષોમાં તેણે પોતાનું ધાર્મિક ઝનૂન છોડી દીધું હતું. તેમાં કચ્છની સ્વાભાવિક ધાર્મિક પરિસ્થિતિએ અગત્યનો

---

૧. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યુમ પાંચમું, પૃષ્ટ-૪૦.
૨. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૧૨૮.

ભાગ ભજવ્યો હતો.

કચ્છના આધુનિક ધાર્મિક સમાજનું ઘડતર કરવામાં હિન્દુ, ઇસ્લામ તથા જૈન ધર્મની શાખા જેવા કેટલા સંપ્રદાયોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. આ સંપ્રદાયો રાયધણયુગમાં પણ પોતાની પ્રવૃત્તિથી સમાજ પર પ્રભાવ પાડતા હતા.

નાથ સંપ્રદાય :-

આદ્ય શંકરાચાર્યે ધર્મના અધઃપતનને ખાળવા જે મહાન પ્રયાસો આરંભ્યા તે તેમના દેહવિલય પછી પણ ચાલુ રહ્યા. સાંપ્રદાયિક પ્રવૃતિને તેમાંથી વેગ મળ્યો અને હઠયોગના મહાન આચાર્ય મત્સ્યેન્દ્રનાથના ગુરુ ગોરખનાથે, પાશુપ્રત સંપ્રદાયના સિધ્ધાંતો ઉપરથી એક નવોજ પંથ શરુ કર્યો. આ સંપ્રદાય "નાથ સંપ્રદાય" તરીકે પ્રચારમાં આવ્યો. ગોરખનાથે આ પંથની સ્થાપના કરી હોવાથી તેને "ગોરખનાથી પંથ" તરીકે પણ ઓળખવો શરુ થયો. આ ઉપરાંત આ પંથનો પાયો યોગાભ્યાસ ઉપર રચાયેલો હોઇ તેને "યોગ માર્ગ" તરીકે પણ ઓળખે છે. તેને સિધ્ધમત કે સિધ્ધમાર્ગ પણ કહેવામાં આવે છે.[3]

કચ્છમાં આ સંપ્રદાયની ધીણોધર મોટી જાગીર લેખાય છે. આ પંથના મહંતને "પીર" કહેવામાં આવે છે. આ જાગીરની ત્રણ શાખાઓ બળદિયા, અરલ અને મથલમાં આવેલી છે. ત્યાંના મુખીઓ "આયેસ" કહેવાય છે.[4] ધીણોધર નખત્રાણા તાલુકાના દેવીસર ગામથી પાંચ માઇલના અંતરે અને નખત્રાણાથી દસ માઇલ દૂર આવેલું છે. પર્વતની તળેટીમાં કિલ્લા જેવી મજબૂત દીવાલમાં આ જાગીર છે. રાયધણજીના સમયમાં તેની આ મજબૂત દીવાલ રણની પેલી બાજુના વિસ્તાર માંથી આવતા લુટારાઓથી જાગીરને રક્ષણ આપતી હતી.

આ જાગીરમાં સદાવ્રત-અન્નક્ષેત્ર ચાલતું હતું અને આજે પણ ચાલેછે.

3. "પથિક" નવેમ્બર ૧૯૬૭, પૃષ્ઠ-૫૧.
૪. કચ્છમાં નાથ સંપ્રદાયનું આધ્યસ્થળ, ધીણોધર, પૃષ્ઠ-૩.

શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે તેમ તેમનો આદર્શ તમામ જાતિના અને સંપ્રદાયના જરૂરિયાતવાળા તથા નિઃસહાય લોકોને રક્ષણ આપવું, આશ્રય આપવો અને તેમને ખવડાવવાનો છે. જે લોકો આ વધી મદદ માટે આવે તેમને કોઇપણ જાતની મર્યાદા વગર તેઓ જેટલો સમય ત્યાં મૂકામ કરે, તેમની ગમેતેટલી સંખ્યા હોય અને તેમની ગમે તેટલા પ્રમાણમાં જરૂરીઆત હોય તો પણ તમામને આ જાગીર આવકારતી હતી.[૫]

સ્વાભાવિક છે કે, આટલા મોટા અમર્યાદિત લોક સમૂદાયને જમાડવાનું ખર્ચ ઘણુંજ આવે તેથી કચ્છ રાજ્ય તરફથી બારગામો તેના નિભાવ માટે આપવામાં આવેલાં.[૬] આ ગામોમાં ધીણોધર, ભીમસર, ઓલટ, અંગિયો મોટો, અંગિયો નાનો, દાઉડો મોટો, દાઉડો નાનો, ભેરૈયા, વિંધોણ, રસલીઆ, સુખસાણ અને મોટી રાણ[૭] નો સમાવેશ થતો. જ્યારે શ્રીમતી પોસ્ટન્સ આ નિભાવ ગામોની સંખ્યા વીસની આપે છે. તેમાંના કેટલાંક ગામો પછીથી ખરીદવામાં આવ્યાં હોય તેમ લાગે છે. શ્રી. ખખ્ખર નોંધે છે કે, ગરીબનાથે ભડલી, થરાદો અને કોટડો ગામ જાગીરના નિભાવ માટે મેળવેલાં, જે તેના પીરો ભોગવતા હતા. જ્યારે ભારમલજી પ્રથમના વખતમાં અર્થાત ઇ. સ. ૧૬૦૯ માં અંગિયો ગામ મળેલું હોય તેમ લાગે છે.[૮] આ પરથી આ જાગીર પાસે કેટલી મિલ્કત હશે તેનો ખ્યાલ આવે છે.

જાગીરનાં કેટલાંક મકાનોમાં ચાર ભારે મોટી તાંબાની દેગો ચુલા સાથે જડેલી અત્યારે દેખાય છે. આ દેગો શ્રી. પોસ્ટન્સે પણ જોઇ હતી. તેમના નોંધ્યા મુજબ આ દેગોમાં ભાત ચઢવા મૂકાતા અને તેની સામેના વિશાળ ખંડમાં ભિક્ષુકોને જમાડવામાં આવતા. ભાતની આ દેગો

---

૫. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૨૧.
૬. ધી જરનલ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન, એન્ડ આયર્લેન્ડ, વોલ્યૂમ પાંચમું, પૃષ્ટ-૨૬૯.
૭. કચ્છ દેશનો ઇતિહાસ, પૃષ્ટ-૨૨ અને ૨૩, પરિશિષ્ઠનાં.
૮. ઇન્ડિયન એન્ટીક્વેરીઝ, વોલ્યૂમ બીજું, ભાગ-૧૦ મો, પૃષ્ટ-૫૦.

બતાવે છે કે રાયધણયુગ અને તે પહેલાના યુગમાં કચ્છમાં ચોખાનો પાક પણ વધારે હશે અને તેનું પ્રચલન સારૂં હશે. આજે એજ દેગો એમની એમ છે અને સાધુ સંતોને બાજરાનો રોટલો તથા દૂધ હરિહર કરવા અપાય છે. ભોજનની સાથે અફીણ પણ અપાતું હતું. જે કાનફટા સાધુને બ્રહ્મચર્ય પાળવાની ફરજ પાડતું હતું. [૯]

શ્રીમતી પોસ્ટન્સે નોંધ્યું છે કે, ઇ. સ. ૧૮૧૨ અને ૧૮૧૩ ના ભયંકર દુષ્કાળ વખતે પણ તેમની ઉદારતા યથોચિત રહી હતી. તેમની આવક એ વખતની ભિક્ષુક સંખ્યાને પહોંચી શકતી હતી. તેઓ બાયબલનો દાખલો આપતાં જણાવે છે કે, "સરેફાથના તેલના પ્યાલા" ની માફક ધીણોધર ના અન્નક્ષેત્રના કોઠારો અખૂટ હતા. [૧૦]

આ જાગીરના વડાને પીર તરીકે ઓળખવામાં આવે છે. રાયધણ યુગમાં વાચાનાથ, સુંદરનાથ અને વડનાથ નામના પીરો થઇ ગયા. તેમાં વડનાથની મુલાકાત શ્રી. પોસ્ટન્સે લીધી હતી. તેઓ નોંધે છે તેમ પીરની ચૂંટણી થતી. જ્યારે ડો. ના. કે. ભટ્ટી નોંધે છે કે, જ્યારે કોઇ પીર સમાધીલે ત્યારે બીજા પીર નિમતી વખતે કચ્છ રાજ્ય તરફથી બધા જોગીઓને એકઠા કરવામાં આવતા અને રૂબરૂ નિરિક્ષણ કરીને યોગ્ય વ્યક્તિની પીર તરીકે નિમણૂંક થતી. [૧૧] વળી એમ કહેવાય છે કે પીરશ્રીના નિધન પછી આ વિસ્તારમાં જે બાળક જન્મ્યું હોય તેને પીર માની લેવામાં આવે છે. જેમને ઉછેરીને પુખ્ત વયનાં થતાં પીરપદે સ્થાપે છે. તિબેટના દલાઇલામા જેવી આ પ્રથા હોય તેમ લાગે છે.

સામાન્ય રીતે પીર અંગરખું, લાલ શાલ, ભગવી પાઘડી અને કિંમતિ ઘરેણાં પહેરતા હતા. તેમના કાંઠા પર સોનાનું વજનદાર કડું રહેતું. તેને કક્કલ કહેવાય છે. કેપ્ટન બર્ન્સની નોંધ મુજબ રાયધણયુગના

---

૯. ધી જરનલ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યૂમ પાંચમું, પૃષ્ટ–૨૬૯ અને ૨૭૦.
૧૦. કચ્છ એોર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ–૧૨૧.
૧૧. કચ્છમાં નાથ સંપ્રદાયનું આધ્યસ્થળ, ધીણોધર, પૃષ્ટ–૧૧.

પીર મોટી ઉંમરને લીધે પોતાના વાળની જ પાઘડી બાંધતા હતા. શ્રી. પોસ્ટન્સ તો ત્યાં સુધી નોંધે છે કે આ પીર કોઇને સલામ પણ ભરતા નથી અને કચ્છનો રાજા જો કોઇ પ્રશ્ન પૂછે તો તેનો જવાબ દેવા બંધાયેલા નથી. પીર ગેંડાના શિંગડાનું એક બ્યુગલ રાખતા હતા. તેઓ કોઇ પ્રત્યુત્તરના બદલામાં તેને વગાડતા. પોતાના ભક્તોને દર્શન આપે ત્યારે પણ તે વગાડતા. આ પીરો પુષ્કળ અફીણ પીતા તેથી અકાળે વૃધત્વ તેમના ચહેરા પર દેખાતું.

જાગીરમાં અન્ય અધિકારીઓ પણ હતા. જેમાં ભંડારી અગત્યના હતા. જો અગિયાના જોગી માંથી પીરના અધ્યક્ષપદે કોઇની નિમણૂંક થાય તો વિથોણના જોગી માંથી કોઇની ભંડારીપદ ઉપર નિમણૂંક થતી. કચ્છ રાજ્ય પીર અને ભંડારીની નિમણૂંક કરે ત્યારે ૧૨૦૦૦ કોરી ધીણોધરની જાગીર માંથી સુધારા તરીકે લેતા. આ જાગીરમાં રાયધણયુગમાં ૫૦ થી ૬૦ જેટલા જોગીઓ રહેતા. પાછળથી એમાં ઘટાડો થતો રહ્યો. આ જોગીઓ માંથી કેટલાક ચારણદારનો હોદ્દો ધરાવતા. આ ઉપરાંત પૂજારી પણ રહેતા. ધીણોધર જાગીરના પ્રારંભથી જાગીરના બંધારણમાં ધાર્મિક ખર્ચમાં મુખ્ય ત્રણ વસ્તુ અખંડ ચાલુ રહેવી જોઇએ તેમ માનવામાં આવતું. આ ત્રણ વસ્તુઓ હતી, એક અખંડ દેગ, બીજી અખંડ જ્યોત અને ત્રીજો અખંડ ધૂણો.

ભોજનમાં રાયધણયુગમાં બાજરાનો રોટલો, બાજરાની ખીચડી અને મઠ મળતા હતા. પીર જાતે ઘી પિરસતા. દિવસમાં બે વખત "પરસાદીનાં હરિહર" કહીને બૂમ પાડવામાં આવતી. શ્રી. વિલિયમ્સ નોંધે છે તેમ ઉચ્ચ વર્ણના અતિથિને સીધું આપીને અલગ રસોઇ કરવાની સગવડ અપાતી હતી.[૧૨] નાથ સંપ્રદાયનું બીજું સ્થાન માનપરામાં છે. તેનો ઇતિહાસ કંથકોટના કંથડનાથ સાથે જોડાયેલ છે.[૧૩] કેટલાક રાયધણકાલીન આધારો પરથી એવું લાગે છે કે, ધીણોધરના જોગીઓ

---

૧૨. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૯૫
૧૩. ઇન્ડિયન એન્ટીક્વેરીઝ, વોલ્યૂમ બીજું, ભાગ-૧૦, પૃષ્ટ-૫૧ થી ૫૩.

બ્રહ્મચર્યનું પાલન કરતા હતા. જ્યારે માનપરામાંના તેમના સહપંથીઓ ગૃહસ્થી હોય તેમ લાગે છે.[૧૪]

શ્રી ખખ્ખર નોંધે છે કે, નાથસંપ્રદાયના આદિગુરુ ગોરખનાથ પરથી જ નેપાળના ગોરખાઓ થયા છે. એજ રીતે ગોરખનાથની કચ્છમાંની સ્મૃતિ જેવો એક ગોરખ કૂવો ધમડકા નામના ગામ પાસે છે.[૧૫] પહેલાં આ સંપ્રદાયમાં હરિજનોને પણ પ્રવેશ મળતો હતો. એક પીર મેઘનાથ હરિજન હતા. પીરો મોટેભાગે અશિક્ષિત હોવાથી ચીલાચાલુ મંત્રો બોલે છે અને તે પણ દર બે મહિને. પહેલાં સ્ત્રીઓને જાગીરમાં દાખલ કરવામાં આવતી નહિ. જોકે આજે તેવો વાંધો લેવાતો નથી. લોકો પીરને પોતાના પુત્રો સેવા માટે આપતા જે ઓધડ તરીકે ઓળખાતા.

માતૃકા સંપ્રદાય :–

કચ્છમાં માતૃકા સંપ્રદાય પ્રાચિન સમયથી પ્રસર્યો હતો અને ઠેર ઠેર શક્તિપૂજા થતી હતી. અંજારમાં અંબાજી, મઢમાં આશાપુરા, રવમાં રવેચી, રૂદ્રાણીમાં રૂદ્રમાતા તથા હબાય, ભદ્રેશ્વર અને મામાય મોરામાં પણ શક્તિપૂજાઓ થતી.[૧૬] કંથકોટના સૂર્યમંદિરના ગર્ભદ્વારની ઉપલી છજે સપ્તમાતૃકાઓની મૂર્તિઓ આજે પણ દેખાય છે. વળી આશાપુરા માતાનું વર્ણન સ્કંદપૂરાણમાં આવે છે.

ભુજની વાયવ્ય દિશામાં છેક ઉત્તરમાં માતાનો મઢ નામના ગામમાં આશાપુરા માતાનું સ્થાનક છે. આશાપુરા કચ્છનાં કૂળદેવી ગણાય છે. કારણ કે કચ્છના મહારાવનાં એ ઇષ્ટદેવી કે કૂળદેવી છે. આ સંપ્રદાયના લોકોને કાપડી તરીકે ઓળખવામાં આવે છે. એટલે કેટલીક જગ્યાએ આ પંથને કાપડી સંપ્રદાય તરીકે ઓળખવામાં આવે છે.

---

૧૪. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યુમ–૧૨, પૃષ્ટ–૫૮૭.
૧૫. ધી ઇન્ડિયન એન્ટીક્વેરીઝ, વોલ્યુમ બીજું, ભાગ–૧૦, પૃષ્ટ–૪૭ અને પૃષ્ટ–૪૮.
૧૬. કચ્છનું સંસ્કૃતિ દર્શન, પૃષ્ટ–૩૦.

આ સંપ્રદાય લગભગ ૧૮૦૦ વર્ષ જુનો માનવામાં આવેછે. શ્રીમતી પોસ્ટન્સ પણ તેને ટેકો આપે છે.[૧૭] આમ તો આ સંપ્રદાયના ઉદભવનું મૂળ શોધવું મુશ્કેલ છે. જેમ હિન્દુ ધર્મના ઘણા સંપ્રદાયોમાં બન્યું છે તેમ કાપડી પંથના ઉદભવને પણ આદિ દેવો સાથે સાંકળવામાં આવે છે. કારણ કે આશાપુરા દેવીની પૂજાનું મૂળ પાર્વતી પૂજામાં છે. એટલે આ સંપ્રદાયને ઘણો જૂનો ગણવામાં આવે છે.

રોબર્ટ કોટનમાન જણાવે છે કે, રામને લંકા અભિયાનમાં મદદ કરનાર કોઇ લાલા જશરાજ નામના રાજા હતા. લંકાનો વિજય કરીને રામ પાછા આવતા હતા ત્યારે તેમણે લાલા જશરાજને માતાના મઢમાં આ પંથની સ્થાપના કરવા માટે છોડી દીધા. ઉપરાંત એમ પણ કહેવાય છે કે, આ સંપ્રદાયની સ્થાપના માટે પાર્વતીજીની ખાસ આજ્ઞા થયેલી.[૧૮] શ્રી. કોટનમાને નોંધેલી આ દંતકથા કોટેશ્વરના રાવણ જેવી છે. રામના પંચવટીથી લંકા અભિયાનના માર્ગમાં કચ્છ આવતું નહોતું એ જાણીતી હકિકત છે.

આ સંપ્રદાયના સાધુઓની સંખ્યા રાયધણયુગમાં ૧૨૦ ની આસપાસ હોવાનો સંભવ છે.[૧૯] આ સાધુઓને જીવનભર બ્રહ્મચારી રહેવાની પ્રતિજ્ઞા લેવી પડે છે. આ તમામ સાધુઓનો વડો "રાજા" ના નામથી ઓળખાય છે. આ રાજાને ઘણા વિશેષાધિકારો અને છૂટ મળે છે. જો કચ્છનો રાજા તેની મુલાકાત લે તો તેને પોતાના સિંહાસન પરથી ઉભા થવાનું નથી હોતું. રાજા વર્ષે એક વખત આ કાપડી રાજાની મુલાકાત લેતા હતા. આ ઉપરાંત દર વર્ષે આસો માસની મહા નવરાત્રીના દિવસે કચ્છના મહારાવ અથવા તેમના પ્રતિનિધિ આવતા અને માતાજીને યોગ્ય ભોગ

---

૧૭. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૨૭.

૧૮. જરનલ ઓફ ધી રોયલ એસિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યૂમ-૧, પૃષ્ટ-૩૬૬.

૧૯. જરનલ ઓફ ધી રોયલ એસિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડ, વોલ્યૂમ પહેલું, પૃષ્ટ-૩૬૬ અને કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૨૭.

ધરાવતા. આ વખતે અહીંયા મોટો મેળો ભરાતો હતો. જ્યારે કાપડી રાજા ભૂજ દરબારની મુલાકાત લેતો ત્યારે પોતાનું સિંહાસન સાથે લઇ જતો હતો અને રાજાના સિંહાસન જેટલી ઉંચાઇએ તેને ગોઠવતો હતો. રાયધણયુગમાં આવી મુલાકાતો થઇ હોય એવું લાગતું નથી. ઉલ્ટાનું રાયધણે તો ભૂજની આશાપુરા માતાની મૂર્તિને ખંડિત કરવાનો કાર્યક્રમ રાખ્યો હતો અને નળિયાના એક રાયધણના કાકાએ કડક સામનો કરી ને તે અપકૃત્ય થતું રોકી દીધું હતું.

આ સંપ્રદાયમાં શિષ્ય કે સાધુ થવાની વિધિ ઘણીજ સાદી હતી. નાથ સંપ્રદાયની માફક અસલ વિધિ નહોતી. કોઇપણ હિન્દુ આ સંપ્રદાય માં પ્રવેશી શકતો હતો. તે જ્યારે સંપ્રદાયમાં પ્રવેશવાનો હોય ત્યારે એક ભવ્ય ભોજન સમારંભ યોજવામાં આવતો હતો. તેમાં આ નવા આગંતુકને ભોજન કરવું પડતું હતું, તથા અફીણ કસુંબો પીવાની પ્રતિજ્ઞા લેવી પડતી. આ નવા શિષ્યના વાળ ઉપરની બાજૂથી કાપી નાખવામાં આવતા. અને તેને એક વિશિષ્ઠ પ્રકારની ટોપી માથાપર પહેરવા અપાતી

કચ્છનો રાજા ગાદીએ બેસે તે પહેલાં આશાપૂરાની પૂજા અર્થે આવતો. પ્રછીજ તેનો રાજા તરીકેનો હક્ક માન્ય કરવામાં આવતો. સંપ્રદાયના વડા "રાજા" નું જો નિધન થાય તો તેના વારસની વ્યવસ્થા યોગ્ય રીતે ગોઠવવામાં આવી હતી. "રાજા" પોતે જીવતાં જ ગમે તે હિન્દુને પુત્ર તરીકે દત્તક લેતો હતો અને આ દત્તક પુત્ર પછી વારસ થતો. આ વારસ માટે ઉંમરનો કોઇ બાધ હતો નહિ. રોબર્ટ કોટનમાને આઠ અથવા નવ વર્ષની ઉંમરનો સ્વીકાર્ય ઉંમર તરીકે ઉલ્લેખ કર્યો છે.

આ મંદિરનાનિભાવ માટે પાંચ ગામ આપવામાં આવ્યાં હતાં. તેવી નોંધ શ્રીમતી પોસ્ટન્સે કરી છે. જ્યારે રોબર્ટ કોટનમાન એકજ ગામ જણાવે છે. આ ગામ આ વિસ્તારનું જમીનની દૃષ્ટિએ વધુને વધુ ઉત્પાદન કરનારૂં ફળદ્રુપ ગામ હતું. સો વર્ષ પહેલાં આ સંપ્રદાયની જાગીરના નિભાવ માટે, માતાનો મઠ, કોટડો, ગાંગરાઇ, મુરચબાણ,

કાલા નાગીઆ, વાધાપધર, નેત્રા વગેરે સાત ગામો હતાં અને ડેઠ-રાણીનો બે પંચમાંશ ભાગ તથા પાનેલીનો ચોથો ભાગ પણ મળતો હતો.[20]

આ આવકનો ઉપયોગ માતાના મઠની જાગીરમાં અન્નક્ષેત્ર ચલાવવા માટે થતો હતો. ત્યાં અવારનવાર દરેક ભાવુકને અફીણ આપવામાં આવતું હતું અને અણઘડ પશુથી માંડીને મનુષ્ય સુધીનાને તેની ખાણાપીણાંની જરૂરીયાતો પૂરી પાડવામાં આવતી. આજે ત્યાં જમણમાં આશાપુરા માતાજીની પ્રસાદીરુપે શીરો આપવામાં આવે છે.

આ કાપડી સંપ્રદાયના સાધુઓને મૃત્યુ પછી દાટવામાં આવે છે. પણ તેમના અધ્યક્ષ "રાજા" ને તો બાળવામાં આવે છે. "રાજા" ના મરણ પછી બાર દિવસ શોક મનાવવામાં આવે છે. આ દિવસો દરમ્યાન વારસ નક્કી કરાય છે. શ્રીમતી પોસ્ટન્સે કાપડીઓને જાડા, હસતા, સારા સ્વભાવના, લોકોમાં ભળી શકે તેવા, આળસુ અને આનંદી ગણાવ્યા છે. તેમનો ખોરાક પણ ઘણો સાદો હતો.

સ્વામીનારાયણ પંથ :-

રાયધણના સમયની અરાજકતાની અવ્યવસ્થા માંથી પસાર થઇને ભુજનો જનસમાજ અસ્તવ્યસ્ત હાલતમાં ગબડી પડેલો અને નીચલા થરના લોકો ધર્મ તથા સંસ્કારથી વિમૂખ થઇ ગયા હતા. આવે સમયે સ્વામી સહજાનંદે ભુજ આવીને કચ્છી જનતાને પ્રેરણા આપી પોતાના સંપ્રદાયમાં ભેળવી દીધી. દિવસો પછી આ મત રૂઢિબધ્ધ થતાં તેમાં કેટલીક વિકૃતિઓ આવી પણ તે પહેલાં ભુજ અને તેના ચોતરફના વિસ્તારમાં ખેડૂત, મજૂર અને કારીગરોને આસંપ્રદાયના પ્રસારથી ઉધ્યોગ પરાયણ ધર્મ અને સંસ્કારની સમયોચિત દિક્ષા મળી.[21]

સહજાનંદ સ્વામી કચ્છમાં રાયધણયુગના પાછલાં વર્ષોમાં અર્થાત

---

૨૦. કચ્છ દેશનો ઇતિહાસ, પૃષ્ટ-૨૩, પરિશિષ્ઠનું.
૨૧. પૌરાણિક કથાકોશ, પૃષ્ટ-૨૦૭.

ઇ. સ. ૧૮૦૫ થી ૧૮૧૨ માં રહ્યા હતા. આ આઠ વર્ષ દરમ્યાન તેઓશ્રી એ કચ્છમાં મુખ્યત્વે ભુજ, માંડવી, અંજાર, કાળા તળાવ, તેરા, સુખપર, દહીંસરા, બળદિયા, માનકુવા, રામપર, કુંભારિયા, ધમડકા, સિનોગરા, રાપર, ભચાઉ, કંથકોટ અને આધોઇ ગામોની મુલાકાત લીધી હતી.

ફતેહમહમદનો સાથી જગજીવન મહેતા શાક્તપંથી હતો. અને તે હિંસામય યજ્ઞમાં માનતો હતો. એટલું જ નહિ પણ સહજાનંદ સ્વામીને ધિક્કારતો હતો. ભુજમાં એક વખત સુંદરજી અને હિરજી નામના સુથારો ને ત્યાં સહજાનંદ સ્વામી પધાર્યાં હતા ત્યારે તેઓશ્રીએ જગજીવન મહેતા રૂબરૂ પોતે "રાધાના પતિ સચ્ચિદાનંદ પૂર્ણાનંદ" હોવાનો દાવો કર્યો. તેથી તેમને ભુજ બહાર કાઢી મૂકવા માટે જગજીવને આરબ ટુકડીઓ મોકલી. જો કે આ વખતે હેલમાલના જેઠી ગંગારામ મલ્લ તથા અદાભાઇ નામના રજપૂતે તેમનું રક્ષણ કર્યું. આ જગજીવન મહેતાએ સહજાનંદ સ્વામી પ્રત્યેના દ્વેષને લીધે પોતાની પત્નીનું નામ "સહજાનંદ" પાડેલું. તે જમવાના સમયે "સહજાનંદ રોટલા થયા છે ? " એમ પૂછતો. સ્વામી નારાયણ સંપ્રદાયના સાધુઓ પાસે તે પથરાઓ પણ ઉપડાવતો. ખુદ ફતેહમહમદે આવો દ્વેષ ન રાખવા માટે જગજીવનને સમજાવેલો પણ તેને સહજાનંદ સ્વામીમાં જરાય શ્રદ્ધા બેસી નહિ.

એક વખત સહજાનંદ સ્વામી સફેદ વસ્ત્રો ધારણ કરીને પાટવાડી નાકેથી હમીરસરમાં સ્નાન કરવા જતા હતા ત્યારે પોતાના રસાલા સાથે તેમને ફતેહમહમદનો ભેટો થઇ ગયો. અને થોડો સમય તેમણે ફતેહ મહમદ સાથે સતસંગ પણ કરેલો.[૨૨]

સહજાનંદ સ્વામીએ ગુજરાતભરમાં અસંખ્ય ચમત્કારો કરેલા એમ કહેવાય છે. તેમાં કેટલાક કચ્છ સાથે સબંધિત હતા.[૨૩] સ્વામીનારાયણ સંપ્રદાયનો કચ્છનાં ગામડાંઓમાં પણ સારો પ્રભાવ પડયો હતો. ગામડાના

---

૨૨. કચ્છમિત્ર દીપોત્સવી, વિ. સં. ૨૦૨૭, પૃષ્ટ-૨૯.
૨૩. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૬૧૩.

અસંખ્ય કણબીઓ આ સંપ્રદાયના અનુયાયીઓ બન્યા હતા. માંડવી તાલુકાના રામપુર વેકરા નામના ગામમાં સહજાનંદ સ્વામિની પાદુકા પર મંદિર બાંધવામાં આવ્યું. જેને લીધે આ ગામડું આ પંથનું યાત્રાધામ બની ગયું.[૨૪]

ગેઝેટિયરકાર નોંધે છે તેમ સ્વામીનારાયણ સંપ્રદાયમાં કચ્છમાં બધીજ જાતિના લોકો ભળયા હતા. જ્યારે સ્વામી સહજાનંદ કચ્છમાં આવ્યા ત્યારે કચ્છમાં સંપૂર્ણ રાજકીય અરાજકતા હતી. સામાજિક અવ્યવસ્થા પણ વધી ગઇ હતી. રાયધણ અને તેના વજીરોના રાજ્ય અમલને લીધે લોકો ધાર્મિક રીતે ઉદાસિન બની ગયા હતા. પોતાના ઉપદેશથી સ્વામીજીએ લોકોને ધર્મમાં ફરી વિશ્વાસ દૃઢ કરાવ્યો. અને તેમનો ધાર્મિક ઉત્સાહ વધારી દીધો. તેમના ઉપદેશથી આકર્ષાઇને, કેટલાક ખેડૂતો, મજૂરો અને કારીગરો આ પંથમાં દાખલ થયા. ગુજરાત રાજ્યનાં સ્વામીનારાયણ સંપ્રદાયનાં વિખ્યાત મંદિરોમાં ભુજનું સ્વામી નારાયણનું મંદિર પણ એક છે.[૨૫]

વૈષ્ણવ સંપ્રદાય :-

વૈષ્ણવોની ૮૪ બેઠકોમાં ૬૩ મું સ્થાન ધરાવતી બેઠક નારાયણ સરોવરમાં આવેલી છે. ઇ. સ. ૧૫૦૮-૯ માં શ્રી. વલ્લભાચાર્યજીએ જાતે આવીને આ બેઠકની સ્થાપના કરેલી. આ સ્થાનનું મહત્વ સ્નાનનું હતું. તેથી લોકો સ્નાન કે શ્રાધ્ધ કરીને ચાલ્યા જતા. પાછળથી ત્યાં મંદિરો અને ધર્મશાળાઓ ઉભી કરવામાં આવી. આ સ્થળને મહારાવ દેશળજીના કુંવર લખપતજીના નામ ઉપરથી નામ આપવામાં આવ્યું. લખપતજી ને બાલ્યાવસ્થામાં બાવાજીના નામે ઓળખવામાં આવતા. આથી ગામનું નામ "બાવાજીનું ગામ" પડેલું. પાછળથી ધુનાઇ ગામે રહેતા કોટેશ્વરના પીરો બાવાજીના ગામની બાજુમાં રહેવા આવ્યા અને પોતાના આદિ-પીર નારાયણગીરી પરથી "નારાયણ સરોવર" નામથી ઓળખતા.

૨૪. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીકટ, પૃષ્ટ-૬૧૮.
૨૫. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીકટ, પૃષ્ટ-૧૩૦.

રાયધણયુગમાં નારાયણસર કોટેશ્વર મંદિર સંપૂટમાં વિજય હનુમાન, લક્ષ્મી નારાયણ, દ્વારકાધિશ, આદિનારાયણ, ગોવરધનનાથ, લક્ષ્મીજી, કુંવર કલ્યાણરાય, ભવેશ્વર મહાદેવ, આદિનારાયણ, પાળેશ્વર, વિઠલેશ્વર, રૂગનાથજી, રામમંદિર, સોમેશ્વર, ખાખચોક, સનકાદિ, હનુમાન દેરી, શીતલાદેવી, કોટેશ્વર, કલ્યાણેશ્વર, શરણેશ્વર, રામેશ્વર, અટલેશ્વર, કમલાપાદ અને નારદલોટિકા જેવાં દેવાલયો હતાં. આ ઉપરાંત અન્ય સ્થળોમાં સીતાવાવ, સપ્તષિના કંડગ, સૂર્યકુંડ, રામકુંડ, રામગુફા, લક્ષ્મણગુફા, શેષગુફા, શંકરગુફા, દરિયા સ્થાન, ગયાકુંડ, જગદાદા અને કમલાદેવી જેવાં ધાર્મિક સ્થાનોનો સમાવેશ થતો હતો.

આ સ્થળે અનેક ઉત્સવો ઉજવાતાં. એ વખતે અહીંયા મેળાઓ પણ ભરાતા. રાયધણજીના સમય પહેલાં આ જગ્યા પાસે દેવપુર, વાલકા અને ટોડિયા ગામો હતાં. આ ઉપરાંત કેયારી ગામ રાયધણજીના વખતમાં કચ્છ દરબાર તરફથી વિ. સં. ૧૮૩૯ ના ફાગણ સુદ ૧૨ ના રોજ ત્રિવિક્રમરાયજીનાં ભંડારામાં નેકભોગ ચલાવવા કૃષ્ણાર્પણ કરવામાં આવેલું એજ રીતે રાયધણજીના જીવનના અંતિમ વર્ષમાં એટલે કે વિ. સં. ૧૮૬૯ ના અષાડ વદ ૯ ના રોજ સેહગામ આ જાગીરને આપવામાં આવેલ.[૨૬]

કચ્છના મહારાણીએ વિ. સં. ૧૮૦૧ માં વસંત પંચમીના દિવસે બ્રહ્મચારીશ્રી શ્યામદાસજીને તમામ મંદિરો છડી, ચામર, છત્ર, મશાલ, ચપરાશી વગેરે સહિત અર્પણ કર્યાં. ત્યારથી આ ગાદી બ્રહ્મચારીઓને મળતી આવી છે. તેઓ જાગીરના અધ્યક્ષ ગણાય છે. અત્યાર સુધી કુલ અગીયાર અધ્યક્ષો થઇ ગયા છે. રાયધણજીના સમયમાં ઇશ્વરદાસજી, કૃપારામજી અને દેવદાસજી નામના ત્રણ અધ્યક્ષો થયા હતા.

બ્રહ્મચારી ઇશ્વરદાસજી વિ. સં. ૧૮૨૮ ના પોષ શુદ ૧૨ ના રોજ ગાદીસ્થ થયા. તેમણે અઢાર વર્ષ સુધી ગાદી ભોગવી. એમના સંબંધી વિશેષ હકિકતો પ્રાપ્ત થતી નથી. તેઓ વિ. સં. ૧૮૪૬ માં વૈકુંઠવાસી થયા. એમના પછી બ્રહ્મચારી કૃપારામજીએ જાગીરના અક્ષધ્યક્ષ તરીકેનો

---

૨૬. નારાયણ સરોવર, પૃષ્ટ- ૩૯ અને ૪૦.

વહીવટ સંભાળયો. તેઓ વિ. સં. ૧૮૪૬ ના ચૈત્ર સુદ ૯ ના રોજ ગાદીસ્થ થયા. માત્ર પાંચ વર્ષ ગાદી ભોગવી વિ. સં. ૧૮૫૧ માં વૈકુંઠવાસી થયા ત્યારબાદ વિ. સં. ૧૮૫૧ ના માગસર વદ ૫ ના રોજ બ્રહ્મચારી દેવદાસજી એ અધ્યક્ષપદ સંભાળયું. એમના શિષ્ય જાદવદાસે ઉધ્ધતાઇ કરી બ્રહ્મચારી ને ગાદીએથી ઉઠાડી મૂકી વિ. સં. ૧૮૫૩ ના કાર્તિક સુદ ૫ ના રોજ પોતે ગાદીસ્થ થયા. સામાન્યતઃ ગાદીસ્થોને કચ્છ રાજ્યની પરવાનગી લેવી પડતી, પરંતુ જાદવદાસે પોતાની ઇચ્છાથી આ પ્રમાણે કરેલું હોઇ રાજ્ય તરફથી એમને પરવાનગી મળી નહિ. કચ્છ દરબારમાં આ ઉધ્ધ-તાઇના ખબર મળતાં અઢી મહિના પછી એમને ગાદી પરથી દૂર કરી બ્રહ્મચારીશ્રી દેવદાસજીને પુનઃ ગાદી સોંપી. દેવદાસજીએ ૩૬ વર્ષ જેટલા લાંબા સમય સુધી અધ્યક્ષપદ ભોગવ્યું અને વિ. સં. ૧૮૮૯ માં દેવલોક પામ્યા.

આ તિર્થ માથે કેટલીક કહેવતો પડી છે. દા. ત. –

" કોડે નકો બોડે, હિકડો ઝલે ને બ્યો ચોડે" પહેલાં અહીંની યાત્રા કર્યાના પ્રમાણ તરીકે બાવડા ઉપર છાપ પાડવામાં આવતી તેને અનુલક્ષીને આ કહેવત પ્રચારમાં આવેલી. યાત્રાળુને એક જણો પકડીને બેસાડી દેતો અને બીજો એના બાવળા પર ધગધગતા લોખંડથી છાપ મારતો એનું કડવું સ્મરણ એમાં ઉપસી આવે છે. તીર્થગોરો એ વખતે યાત્રાળુઓને લૂંટવામાં બાકી રાખતા નહિ એમ લાગે છે. એનું એક રમૂજી દૃષ્ટાંત સાંભળવા મળયું કે, કોઇ સિંધીને એના પિતાનું શ્રાધ્ધ સરાવવા નું ગોરે કહ્યું. સિંધીએ કહ્યું કે મારા પિતા તો જીવતા છે તેનું શ્રાધ્ધ કેમ થાય ? ત્યારે ગોરે કહ્યુંકે, "કાં પે વતાય, કાં સરાય" અર્થાત કાં તો તારા બાપને વતાવ નહિંતર શ્રાધ્ધ કરાવ.

ઇસ્લામ :–

કચ્છ ઉપર ઇસ્લામની અસર વિશેષ હતી. ખુદ કચ્છનો શાસક રાયધણ જ ઇસ્લામની અસર નીચે આવીને મુસલમાન થઇ ગયો હતો.

કદાચ ભૂજના ગાદીપતિઓમાં આવા પ્રકારનો આ પહેલો પ્રસંગ હતો. કચ્છમાં મુસલમાનોના શિયા અને સુન્ની બન્ને પ્રકારના લોકો રહેતા હતા. રાયધણયુગમાં હંસરાજને બાદ કરતાં મોટા ભાગના વજીરો, પ્રધાનો અને સૂબાઓ મુસલમાનો જ હતા. કોઇ કોઇ વખત મેઘજી શેઠ જેવા ઇસ્લામનું રાજકીય વર્ચસ્વ તોડવા પ્રયત્ન કરતા.

પીરાણાપંથ :-

પીરાણાં સંપ્રદાય કચ્છમાં ખૂબજ પ્રચલિત હતો. આ સંપ્રદાય ઇસ્લામના ઇમામશાહના સંપ્રદાયની ગુજરાતમાંની એક શાખા જેવો હતો. છતાંય તેણે સ્થાનિક અસરને લીધે કેટલીક બાબતોમાં મૌલિક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ પંથના અનુયાયીઓને ઇમામશાહીઓ અથવા સતપંથીઓ તરીકે ઓળખવામાં આવતા હતા. ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, વરાડ અને ખાનદેશમાં આ પંથનો સારો પ્રચાર હતો.

આ પંથના ધર્મ પુસ્તકોના કેટલાક લેખકો થયા છે જેમને પીર તરીકે ઓળખવામાં આવતા હતા. આ પીરોમાં પાંચ અનુક્રમે પીર-સમસુદ્દીન, પીરસદ્રુદીન, પીરહસનકબીરૂદ્દીન, પીર ઇમામશાહ અને પીર નારમુહમદશાહ હતા.[૨૭] છઠ્ઠા પીર ગુલામઅલીશાહ હતા. તેઓ રાયધણ યુગમાં ઇ. સ. ૧૭૯૨ માં કડીથી કચ્છ આવેલા અને તેમણે કેરામાં વસવાટ કરીને લોકોના ખોટા વહેમો, ભૂત, પિશાચ વગેરે દૂર કર્યા હતા. ઇ. સ. ૧૮૦૭ માં તેમનો પુત્ર ગુજરી ગયો હતો અને તેમની માતા અજાનબીબી પણ આ ફાની દુનિયાને ત્યાગી ગયાં હતાં.[૨૮] તેમની કબર આજે પણ કેરામાં પૂજાય છે. આ પીર ગુલામઅલીશાહના વ્યક્તિત્વને ડબલ્યુ ઇવાનોવ પારદર્શક ગણાવે છે. તેમનું મરણ ઇ. સ. ૧૭૯૬ માં કરાંચી ખાતે થયેલું પરંતુ તેમના શબને કેરા લાવીને દફનાવવામાં આવ્યું હતું. આ પછી કેરા કચ્છના પીરાણા સંપ્રદાયના લોકોનું યાત્રાધામ બની ગયું.[૨૯]

---

૨૭. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યૂમ-૧૨ મું, પૃષ્ટ-૨૩.
૨૮. કચ્છનું સંસ્કૃતિદર્શન, પૃષ્ટ-૧૪૯.
૨૯. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ-૧૩૦.

કચ્છમાં સૌરાષ્ટ્રની માફક આ સંપ્રદાયમાં લોહાણાઓ ભળ્યા નહિ પરંતુ કણબીઓને તેમાં ભેળવવામાં આવ્યા.[૩૦] આજે નખત્રાણા તાલુકામાં કેટલાક કણબીઓ આ સંપ્રદાયને અનુસરે છે છતાં પોતાને હિન્દુ પાટીદાર તરીકે ઓળખાવે છે.

પીરભેણ પંથ :-

રાયધણજીના યુગમાં મુસલમાનોનો આ સ્થાનિક પંથ ચાલતો હતો. સિંધની સરહદપર મુધરભેણ નામનું એક ગામ હતું. જેની સ્થાપના લગભગ ઈ. સ. ૧૩૧૧ માં થઇ હોય તેમ મેજર રેવર્ટી નોંધે છે. આ ગામના સ્થાનિક ઇતિહાસ મુજબ લખપતથી આવેલ પિતા-પુત્ર ભેણ અને મુધર શહિદ થયેલા અને તેઓ પીર તરીકે પૂજાતા. સિંધના જતી પ્રદેશમાં બન્ને પિતા પુત્રની અલગ અલગ દરગાહો બાંધવામાં આવી હતી. ત્યાંનો મુઝાવર પોતાને પીરભેણનો વારસ અને તેની જાતનો ગણાવતો. આ પ્રદેશમાં આ સંપ્રદાયના અનુયાયીઓ ઘણા હતા અને લખપતમાં આ પંથ પ્રણાલિકાગત રીતે અનુસરાતો હતો.[૩૧]

કારમાથીઅન પંથ :-

કચ્છમાં લાખા લાખિયાર સાથે આવેલ રજપૂતો પૈકી કેટલાક તો ઇસ્લામના અનુયાયીઓ હતા. તેઓ કારમાથીયન નામની એક ઇસ્લામની નાસ્તિક શાખાના વંશજો હતા. અને પાછળથી તેમણે કચ્છમાં કેટલીક મુશ્કેલીઓ પણ ઉભી કરી હતી.[૩૨] કેટલાક મુસ્લિમો રાયધણયુગમાં આ પંથને અનુસરતા હતા.

અલિયા પીરના અનુયાયીઓ :-

કોરા પરગણામાં અલિયાજી નામના એક જાડેજા ટીલાટ પીર

---

૩૦. દીવાન બહાદૂર કૃષ્ણલાલ મો. ઝવેરી, લેખસંગ્રહ, પૃષ્ટ-૧૨૮.
૩૧. સીંડ-એ-રી-ઇન્ટરપ્રીટેશન ઓફ ધી અનહેપી વેલ્લી, પૃષ્ટ-૧૦૬.
૩૨. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૯૧.

તરીકે પૂજાતા હતા. તેમના વિશે એવી કથા છે કે, એક વખત અલિયોજી એ સિંધના પીર ખુરાનશાહની ભેંસો વાળી, તે પાછી આપવા પીરે માંગણી કીધી પણ અલિયાજીએ તે પાછી ન આપી. તેથી પીરે તેમને નિર્વંશ જવા શાપ આપ્યો. બદલામાં અલિયાજીએ પીરને શાપ આપ્યો કે, "તું સિંધના કિનારા ઉપર મરીશ" અને પીર તરતજ મરી ગયા. આથી અલિયોજી પીર બની ગયા અને તે પ્રતાપી કહેવાયા. રાયધણયુગમાં પણ તેઓ પીર તરીકે પૂજાતા હતા અને લોકો તેમના ઉપદેશને અનુસરતા.[33]

જખ-યક્ષ પૂજા :-

"જખો કે યક્ષો" કચ્છના ઇતિહાસની એક ગહન પણ રસદાયક સમસ્યા છે. એ કોણ હતા ? ક્યાંથી આવ્યા ? વગેરે બાબતોની કોઇ આધારભૂત માહિતી નથી મળતી. પુઅ'રાના મૃત્યુ સાથે તેમનું નામ જોડવામાં આવે છે. તેમના મિશનરી સ્વભાવને આજેય યાદ કરાય છે. ટૂંકમાં રાયધણયુગમાં તેઓ દેવ તરીકેજ પૂજાતા હતા અને આજે પણ એજ સ્થિતિ છે. દેશળજી પહેલાએ તેમના દેવત્વ બાબત શંકા ઉઠાવેલી પરંતુ પાછળથી તેમને તેમનામાં આસ્થા બંધાતાં યક્ષોની સ્મૃતિમાં "જખજાર" નામનું મંદિર બંધાવ્યું. આ મંદિરની પૂજા કરવા તેમના વંશજો છેક સુધી આવતા હતા.[34]

ગોત્રજ પૂજા :-

લગભગ કચ્છની તમામ હિન્દુ કોમો પોતાના ગોત્રજની પૂજા કરતી હતી. રાયધણયુગમાં ઇ. સ. ૧૮૦૭ માં વણાંગભાઇ મહેતા નામની એક વ્યક્તિએ માંડવીમાં માંડલિયા મોઢ લોકોના ગોત્રજની સ્થાપના કરી હતી.[35] આ ગોત્રજ સ્થાપનારની પેઢીના નામો વેલબાઇની દેરી માં દક્ષિણ દિશામાં ભૂજમાં આવેલા શિલાલેખોમાં આજે પણ જોઇ શકાય

---

૩૩. કચ્છ દેશનો ઇતિહાસ, પૃષ્ટ-૪૨.
૩૪. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ટ-૮૪.
૩૫. શ્રી શંભુપ્રસાદ દેશાઇ પાસેનો એક અપ્રકટ પત્ર.

છે.[૩૬] રાયધણયુગમાં મોઢ લોકો આ ગોત્રજ પૂજા કરતા અને આજે પણ તે ચાલુ છે.

હાજીપીર :-

હાજીપીરને કચ્છની એકતાના પ્રતિક તરીકે ઓળખવામાં આવે છે. દર વર્ષમાં ચૈત્ર માસના પ્રથમ સોમવારે ભરાતા તેમના ઉર્સમાં હિન્દુ અને મુસલમાનો કોઇપણ જાતના ભેદભાવ સિવાય ભાગ લે છે.

હાજીપીરનું મૂળ નામ તો અલી અકબર હતું. તેઓ શાહબુદ્દીન ઘોરીના લશ્કરમાં ૧૨ મી સદીમાં એક સૈનિક તરીકે ભારતમાં આવેલા. સૈનિક હોવા છતાં તેમનો સ્વભાવ સંત જેવો હોવાને લીધે તેમણે ફકીરી ધારણ કરી હતી. પંજાબ અને સિંધ વટીને તેઓ કચ્છમાં નળા આવ્યા. તેમણે આ પ્રદેશ લોકોની સેવા કરવા માટે પસંદ કર્યો. તેઓ માંદા, રસ્તો ભૂલેલા, ભૂખ્યા તથા મુશ્કેલીમાં મૂકાયેલાઓની મદદ કરતા હતા. તેમના આવા નિર્મળ ચારિત્ર્યથી આકર્ષાઇને કેટલાક સોલંકી રજપૂતોએ ઇસ્લામ સ્વીકારી લીધો. મક્કા હજ કરી આવ્યા પછી તેઓ હાજીપીર તરીકે ઓળખાવા લાગ્યા.

આ પછી તેઓ નળાથી આઠ કિલોમીટર દૂર સોઢાણા નામના તળાવ પાસે આવ્યા અને ત્યાં પંદર ગાયો તથા કેટલીક ભેંસો રાખીને રહેવા લાગ્યા. એ વખતે કેટલાક તોફાની કેર રજપૂતો તેમની ગાયો અને ભેંસો નળા ગામમાં વાળી ગયા. હાજીપીરે તેમના સોલંકી અનુયાયીઓને તે પાછી વાળી લાવવા કહ્યું. પરંતુ તેમની સંખ્યા ઓછી હોવાથી તેઓ ધિંગાણામાં કામ આવી ગયા. પછી હાજીપીર જેઓ ઝીંદાપીર તરીકે પણ ઓળખાતા, તેઓ ગયા અને શહીદ થઇ ગયા. તળાવ પાસે તેમના શબને દફનાવવામાં આવ્યું.[૩૭] અને તેમની દરગાહ પાસે લોકો શ્રદ્ધાથી આજે પણ નમે છે. રાયધણયુગમાં પણ તેઓ આજે પૂજાય છે તેવી

---

૩૬. "કચ્છ મિત્ર" તા. ૨૬-૧-૧૯૭૩, પૃ૯-૨.
૩૭. કચ્છ ઓર રે-ડમ સ્કેચીસ, પૃ૯-૭૮ અને ૭૯.

શ્રધ્ધાથી પૂજાતા અને તેમની બાધાઓ લોકો રાખતા.

૬૨ પછમાઇ પીર :-

પશ્ચિમ પ્રદેશ પરથી આ પીર ઓળખાય છે. તેમનો સંબંધ કચ્છના પ્રાચિન શાસકો સાથે જોડવામાં આવે છે. તેઓ સિંધમાંથી આવીને કાળા ડુંગર પર સ્થિર થઇને રહ્યા હતા. તેમને ગુરુદત્તાત્રયના જેવા જ ગણવામાં આવે છે. કારણ કે તેમની સાથે પણ શિયાળ રહેતું. પછમાઇ-પીર લોકોની સેવા આ શિયાળની સાથે રહીને કરતા હતા. કાળા ડુંગર પર તેમનાં પગલાં પૂજાય છે. આ હિન્દુ પીરને મુસલમાનો પણ પૂજે છે.

આ પીર બાબત એક વિચિત્ર રિવાજ પાળવામાં આવે છે. અમુક ચોક્કસ દિવસે મંદિરનો પૂજારી શિયાળોને મીઠાઇ ખાવા માટે આહ-વાન આપે છે. જો તે વખતે શિયાળ મીઠાઇ ખાવા ન આવે તો ભવિષ્યમાં કાંઇક ખરાબ બનશે તેમ ધારી લેવામાં આવે છે. આ પરવત અને પીરના પગલાં પાસે જવા માટે કોઇ સારો રસ્તો કે વાહન ન હોવાથી ત્યાં જવા ઉંટનો ઉપયોગ કરવો પડે છે. મંદિરનો દીવો ખાવડાથી ચોખ્ખો દેખાય છે. ભારતના ભાગલા પહેલાં સિંધથી પણ લોકો પછમાઇ પીરને પૂજવા આવતા હતા.

જેસલ પીર :-

જાડેજા લૂંટારો જેસલ અને કાઠી રજપૂતાણી તોરલની આજુબાજુ આજે ગુજરાત અને કચ્છમાં કેટલીય કથાઓ વણાયેલી પડી છે. તોરલે એક વખતના ખૂની ડાકુને સુધારીને પીર કરી નાખ્યો. બન્નેના ઉપદેશની અસર કચ્છની પ્રજા પર વિશેષ પડી છે. જેસલને શ્રીમતી પોસ્ટન્સે તેની કબર પરથી મુસલમાન ધારી લીધો છે. સામાન્ય રીતે હિન્દુ પીરની સમાધી હોય છે. જ્યારે જેસલની કબર છે તેથી આ દોષ થયેલ છે. બન્નેએ પોતાનું જીવન અંજારમાં પસાર કરેલું. લોકો પર જેસલ તોરલની વાણીએ ગજબનું પ્રભુત્વ જમાવ્યું છે. રાયધણયુગમાં જેસલ તોરલની

સમાધીનું વિશેષ મહત્વ હતું. તેમના ભજનોની ભાષા પણ રાયધણકાલીન લાગે છે.

રામા પીર :-

હબાય ડુંગર પર રામદેવપીરે તપ કર્યું હતું તેમ માનવામાં આવે છે. તેથી કચ્છમાં પણ કેટલાક રામાપીરના અનુયાયીઓ હતા અને વાગડમાં તેઓની વિશેષ સંખ્યા હતી. ત્યાં રામાપીરના નેજાઓ ચઢતા.[૩૮] આ સંપ્રદાયમાં મુખ્યત્વે અછૂતો અને અન્ય નીચી કક્ષાના હિન્દુઓ વધારે હતા.

પૂર્ત ધર્મ :-

કચ્છના શાસકોનો આ એક મહત્વનો માનવધર્મ હતો. તેનું પાલન કોઇપણ જાતના ભેદભાવ સિવાય કરવામાં આવતું હતું. રાયધણજીએ પણ દાન ધર્મની પ્રણાલિકા ચાલુ જ રાખી હતી. તેમના સમયમાં મહમદ પન્નાહની મસ્જિદના નિભાવ માટે અંજાર ચોવીસીનું વીરીગામ ધર્માદા ખાતે આપવામાં આવેલું. એજ રીતે કાંઠી પરગણાનું ગામ ચુલડી પણ આ જગ્યા હસ્તક હતું.

ફતેહમહમદના મરણ પછી તેના હજીરાના નિભાવ માટે વાગડના કુબરાઉ ગામની ચોથા ભાગની આવક આપવામાં આવી હતી. જ્યારે એજ ગામની ચોથા ભાગની આવક ઉદાસીન બાવાઓને મળતી હતી.

આ ઉપરાંત ડો. ના. કે. ભટ્ટી નોંધે છે તેમ કેયારી ગામ રાયધણજીએ સંવત ૧૮૩૯ ના ફાગણ સુદ ૧૨ ના રોજ ત્રિવિક્રમરાયજીના ભંડારમાં નૈકભોગ ચલાવવા માટે કૃષ્ણાર્પણ કરેલ અને સેહગામ પણ સંવત ૧૮૬૯ ના અષાઢ વદ ૯ ના રોજ રાયધણજીએ કૃષ્ણાર્પણ કરીને તુલસીપત્રે આપેલ.[૩૯]

આજ રીતે બીજા સંપ્રદાયોને પણ આવાંજ ખૂદાનો કરવામાં

---

૩૮. આપણું કચ્છ, પૃષ્ટ-૩૫.
૩૯. નારાયણ સરોવર, પૃષ્ટ- ૩૯ અને ૪૦.

આવ્યાં હતાં. તેનો ખ્યાલ ખેંગારજી ત્રીજાના વખતમાં ધર્માદા ખાતે જે લગભગ સો જેટલાં ગામો હતાં તેના પરથી આવે છે. કારણ કે આમાંના કેટલાંક જૂના જમાનાથી ધર્માદા જગ્યાઓના હસ્તક ચાલતાં આવતાં હતાં. આવાં ગામોમાં નારાયણ સરોવર જાગીરના ત્રાઇઆ, ગુઅરસમા, વાલકા, ટોડિયો, પીરનિર્મળગિરજીનાં કોટેશ્વર, ધુનાએ, ગોધાતડ, મુંધવાએ, પીર કંથડનાથના મનફરો, મોડવદર, બે પંચમાંશ ભાગનો વૈધડો, આદેશ ફૂલનાથનાં બળદિયા, જંધાય, ચારણ દેવીદાનનાં ભારાપર, ગડોપુઠો, ઉદાસી બ્રહ્મચેતનનું કુરીઆણું, ફતેપર, જુણસ ફકીરનું કંડેરાઇ, વરનોળો, મિયાં મહમદઅલીનું ઘેલડા, જદૂરા વાસ–બીજો, ડોસાજોશીનું સીઓત, રૂપગર ગુસાંઇના ભારાપર, માલારા, કૃષ્ણદાસ અધિકારીનાં સાડાઇ, થરાઉડો,... વગેરેનો સમાવેશ થતો. કુલ ૧૭૭ વ્યક્તિઓને ગામડાઓનાં આખાં કે ભાગરૂપે દાન કરાયાં હતાં.[૪૦]

દેવસ્થાનો :-

કચ્છના લગભગ બધા ડુંગરો ઉપર મંદિરો, દરગાહો, કિલ્લાઓ અને સ્થાનકો જેવી ઇમારતો આવેલી છે. ઘણા જૂના વખતથી કચ્છીઓ સ્થાપત્ય કલામાં કુશળ હતા. જેમ પહોંચવામાં વધારે મુશ્કેલ તેમ સ્થળનો મહિમા વધારે. એ નિયમ અનુસાર સાધારણ રીતે ભાવિક લોકો આવાં સ્થળો બાંધવા માટે ડુંગરોની ટોચો પસંદ કરતા. વળી સ્થાનિક સંતો અને મહાત્માઓ, જેઓ આ ભૂમિમાં વારંવાર ઝળક્યા છે, તેઓ આ ડુંગરોનાં શિખરોજ પસંદ કરતા. કારણ કે અહીંજ તેમની કાર્યસિદ્ધિ માટે અનિવાર્ય એવું એકાંત, ધ્યાનમગ્ન થવા માટેની એકાગ્રતા અને આકરાં તપ કરવાની અનુકુળતા મળતાં હતાં. ઉગ્ર તપશ્ચર્યાંના પરિણામે દેવો તેમને વશ થતા અને પ્રકૃતિ ઉપર પણ તેઓ કાબૂ મેળવી શકતા. આવા મહાત્માઓએ કરેલ ઘોર તપના સ્મરણ–ચિન્હ તરીકે તેતે સ્થળો ઉપર દેવાલયો બાંધવામાં આવ્યાં છે. સુરલભિટ, નાનાજખ, પછમાઇપીર, ધોરમનાથ, ભુજંગ વગેરે આનાં ઉદાહરણો છે. કચ્છની નાની ટેકરીઓની

---

૪૦. કચ્છ દેશનો ઇતિહાસ, પૃષ્ટ–૨૨, ૨૩, ૨૮ અને ૩૧, પરિશિષ્ટનાં

હારમાળા પાસેથી પસાર થતો કોઇપણ મુસાફર શિખરસ્થ મંદિરોનાં દર્શન કરે છે. કચ્છનાં રાયધણયુગીન આવાં દેવસ્થાનો માંથી કેટલાંક આ પ્રમાણે છે.

ઉંદર સેવા મંદિર :-

સામાન્ય રીતે આજે લગભગ દરેક હિન્દુને મન ઉંદર પવિત્ર નથી રહ્યો. અને ઘણા લોકો તેને મારવા સામે વાંધો લેતા નથી. ગણપતિનું વાહન હોવાને લીધે ઉંદરનું મહત્વ રાયધણયુગમાં વધારે હોય તેમ લાગે છે. શ્રીમતી પોસ્ટન્સે દેશળજીના સમયમાં લીધેલી મુલાકાત પરથી તેમણે લખેલ વૃતાંતમાં એક ઉંદર દયાની સંસ્થાની હકિકત નોંધી છે.

ભુજમાં અંગ્રેજોની રેસિડેન્સીના દરવાજાની નજીક એક હિન્દુ મંદિર હતું. આ મંદિરમાં રાયધણજીના વખતમાં લગભગ પાંચ હજાર ઉંદરોને આશ્રય આપવામાં આવતો હતો. આ ઉંદરો ઘણાજ પ્રમાણિક હતા. મંદિરના અનાજનો જેમ અત્યારના ઉંદરો બગાડ કરે છે તેમ આ ઉંદરો બગાડ કરતા નહિ. મંદિરના એક વૃધ્ધ ગોસ્વામીની ગુફામાં તેઓ બધાય રહેતા હતા. એક નાનકડો ઘંટ વગાડીને દિવસમાં ત્રણ વખત તેમને ભોજન માટે બોલાવવામાં આવતા. મંદિરના ભોંયતળિયા પર તેમનો ખોરાક પીરસવામાં-વેરવામાં આવતો. અને એ રીતે તેઓ બધા ભોજન આરોગતા. તેમને ભોજન પૂરું પાડનાર ગરીબ વૃધ્ધ સેવક, શ્રીમતી પોસ્ટન્સે જ્યારે આ જગ્યાની મુલાકાત લીધી તે પહેલાં મૃત્યુ પામ્યો હતો. અને કોણ જાણે બધાય ઉંદરો આ વૃધ્ધને અનુસરતા હતા. અર્થાત એક પછી એક મરણ પામતા હતા. એક વખત જે મંદિરમાં પાંચ હજાર ઉંદરોને ભોજન મળતું ત્યાં શ્રીમતી પોસ્ટન્સે લીધેલી મુલાકાતના સમયે ફક્ત પચાસ જ ઉંદરો મંદિરના આશ્રયે જીવતા હતા.

મત્સ્ય સેવા મંદિર :-

ઉંદરની માફક કચ્છમાં માછલીઓ જેવાં જળચરોને પણ આ રીતે ખવડાવવામાં આવતાં હતાં. શ્રીમતી પોસ્ટન્સે એક મંદિર પાસેનાં એક

ખેતર જેવડા મોટા તળાવના માછલાંની સેવા લોકો તરફથી કેવી રીતે કરવામાં આવતી હતી તેની નોંધ લીધી છે. આ પ્રથા રાયધણયુગ કરતાં જૂની હતી. કારણ કે વિષ્ણુનો પહેલો અવતાર મત્સ્યાવતાર હોવાથી માછલીઓ પવિત્ર હતી. આ તળાવના માછલાંને બ્રાહ્મણો દરરોજ નિયમિત રીતે રોટલી ખવડાવતા હતા. જ્યારે રોટલાના ટૂકડાઓ તળાવમાં નંખાતા ત્યારે તળાવના પાણી પર વમળોનું એક સુંદર દૃષ્ય ઉભું થતું હતું.[૪૧]

પાર્શ્વનાથ મંદિર :-

થોટલેસે એક પાર્શ્વનાથના જૈન મંદિરનો અંજારમાં ઉલ્લેખ કર્યો છે. આ મંદિર વિશાળ ગર્ભગૃહ અને શિલ્પસમૃધ્ધ પ્રતિમાઓ ધરાવતું હતું. આ મંદિરમાં પિત્તળની દીવીમાં ભરાવેલો અખંડ દીવો બળતો હતો. મંદિરમાં કેટલાંક સોનાનાં કિંમતી ઘરેણાં પણ હતાં.[૪૨]

અંબાજી મંદિર :-

થોટલેસ અને ચાર્લ્સ નામના બે અંગ્રેજ સેનાપતિઓએ અંજારના વિખ્યાત અંબાજી મંદિરની મુલાકાત લીધેલી. તેઓ આ મંદિર બ્રાહ્મણના અનુયાયીઓનું માનતા હતા. અને તે માતૃદેવીને અર્પણ કરવામાં આવ્યું છે તેમ નોંધે છે. મતલબ કે તે બ્રાહ્મધર્મના અનુયાયીઓનું – અંબાજી માતાનું મંદિર હતું.

માંડવીનાં મંદિરો :-

ખેંગારજી પહેલાએ ઇ. સ. ૧૭૫૪ માં માંડવીમાં બંધાવેલ સુંદરવરના વિષ્ણુ મંદિરને બહુજ કાળજીપૂર્વક, સારી હાલતમાં રાખવામાં આવતું. તદુપરાંત ત્યાં ઇ. સ. ૧૬૦૬ માં લક્ષ્મીનારાયણનું મંદિર અને ૧૬૨૭ માં રાણેશ્વરનું મંદિર બાંધવામાં આવેલું. આ ત્રણે મંદિરોને રાયધણયુગમાં પણ

---

૪૧. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ–૭૮ અને ૭૯.
૪૨. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ–૩૫૮.

માંડવીવાસીઓએ જાળવેલાં. રાયધણે ધાર્મિક ઘેલછામાં રાણેશ્વર અને સુંદરવરનાં મંદિરને તોડવાનો પ્રયત્ન કર્યો ત્યારે માંડવીની પ્રજા તરફથી તેનો સખ્ત પ્રતિકાર કરવામાં આવ્યો હતો. આ બ્રણે મંદિરો ઇ. સ. ૧૮૧૯ ના ધરતીકંપમાં પડી ગયાં હતાં અને લોકોએજ તેનો જિર્ણોધ્ધાર કરાવેલો.[૪૩]

સૂર્ય મંદિર :-

થોર્ટલેસે કંથકોટના સૂર્ય મંદિરની નોંધ કરી છે તે મુજબ, "સૂર્ય-મૂર્તિ પર સૂર્યના કિરણો પડે છે. મૂર્તિના એક હાથમાં સૂર્ય અને બીજા હાથમાં ચંન્દ્ર છે. તેની પાછળ બીજી પણ ચાર નાની આકૃત્તિઓ છે. ચાર હાથવાળા વાઘના માથાવાળા કોઇ સેતાનની પણ એક આકૃત્તિ છે. આ સેતાનને ધ્વારપાળનું કામ સોંપવામાં આવ્યું છે. આ ઉપરાંત હનુમાન અને ગણપતિની પણ પ્રતિમાઓ છે. તેને અણધડ રીતે પથ્થર માંથી ઘડવામાં આવેલ છે."[૪૪]

રાવ કાનોજીકા ડેરા :-

કચ્છની અત્યારના પાકિસ્તાન તરફની સરહદ પરના એક મંદિરનો એલેક્ઝાંડર બર્ન્સ ઉલ્લેખ કરે છે. તેમના જણાવ્યા પ્રમાણે, કોટેશ્વરની વાયવ્યમાં સહેજ નીચે પશ્ચિમ તરફ એક મંદિર છે જેને "રાવ કાનોજીકા ડેરા" તરીકે ઓળખવામાં આવે છે. કોટેશ્વરથી આ મંદિરનું અંતર પંદર માઇલ હતું. ત્યાં પણ લોકો માનતા તથા બાધા માટે જતા.[૪૫]

ટપકેશ્વરી :-

જ્યાં પર્વત ટપકતો હોય-ભૂગર્ભ ઝરણાનું પાણી બહાર નીકળતું હોય

---

૪૩. કારા ડુંગર કચ્છજા, પૃષ્ટ-૪૪.
૪૪. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૮૧.
૪૫. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યૂમ-૧૨ મું, પૃષ્ટ-૫૮૫.

તેને ભાવિક લોકો ચમત્કાર સમજીને પૂજતા તથા ત્યાં દેવીનાં મંદિરો બાંધવામાં આવતાં. તેવા સ્થાનકને ટપકેશ્વરી માતાના મંદિર તરીકે ઓળખવામાં આવતું હતું. ભુજથી દક્ષિણે જદૂરા નામના ગામની પાસે એક નાનકડા ડુંગરની તળેટીમાં આવો પર્વત ટપકે છે. ત્યાં મૂર્તિ વિધાન કરી ને મંદિર બાંધવામાં આવ્યું છે. તેની પૂજાએ વર્ષોથી લોકો જતા. એટલું જ નહિ ત્યાં મેળો પણ ભરાય છે. આવું જ સ્થળ બરડામાં છે. આ સ્થાનક ધીંગેશ્વરથી ચારેક માઇલ પહાડની અંદર છે. જ્યાં કુદરતિ બખોલ છે અને ઉપરથી શિવલિંગ પર પાણી ટપકે છે. જ્યારે ગિરનારનું સાતપુડા તથા દાતારનું ચશ્મ પણ આ પ્રકારનાં દેવસ્થાનો છે.[૪૬]

રાયવિહાર :-

ભુજમાં એક રાયવિહારનો પણ ઉલ્લેખ મળે છે.[૪૭] આ વિહારને લગતી બીજી અન્ય માહિતી મળતી નથી. રાયધણજીના યુગમાં આવો વિહાર અસ્તિત્વમાં હોય તેમ લાગે છે.

કોટેશ્વરનાં મંદિરો :-

રાયધણયુગમાં કોટેશ્વરનું વિશેષ મહત્વ હતું. કોટેશ્વરનું મંદિર દરિયાના પાણી પાસે હતું - આજે પણ છે. કોટેશ્વરની યાત્રાએ જે લોકો આવતા હતા તેમને છાપ મારવામાં આવતી. આ છાપની એક જોડી રોયલ એસિયાટિક સોસાયટીના મ્યુઝિયમમાં છે. જેને જેમ્સ ટોડે ભેટ આપી હતી. આ છાપને ગરમ કરીને હાથ પર લગાવાતી. પશુને ડામ કે દાગ દેવામાં આવે છે એ રીતની આ પધ્ધતિ હતી. જો કે આ છાપ દરેક યાત્રાળુને મારવામાં નહોતી આવતી પરંતુ જે યાત્રાળુએ મકરાણના કિનારે બલુચિસ્તાનમાં આવેલ હિંગળાજ માતાની યાત્રા કરી હોય તેનેજ આ બહુમાન મળતું હતું. હિંગળાજ કોટેશ્વરથી ૨૫૦ કોસ દૂર

૪૬. "પુરાતન" પુરાતત્વ સંશોધન મંડળ-પોરબંદરનું હસ્તલિખિત છમાસિક પત્ર, ઇ. સ. ૧૯૭૦, પૃષ્ઠ-૧૦૨.

૪૭. ઐતિહાસિક લેખ સંગ્રહ, પૃષ્ઠ-૫૦૩.

આવેલું હતું. હિંગળાજની આ યાત્રા તો ગોસાઇઓનો સંઘજ કરી શકતો. કોટેશ્વરનું મહત્વ કચ્છીઓ માટે દ્વારકા જેવુંજ હતું. જે હિન્દુ પશ્ચિમ ભારતની યાત્રાએ નીકળતો તેને જો પોતાની યાત્રા પૂરી થયેલી ગણવી હોય તો દ્વારકા અને કોટેશ્વર બન્નેના દર્શન ફરજીઆત કરવાં પડતાં હતાં.[૪૮]

જેસલ-તોરલની સમાધિ :-

સમગ્ર કચ્છમાં એ યુગમાં જેસલ અને તોરલ વિશે પૂજ્યભાવ બતાવવામાં આવતો હતો. તેમના જીવન પ્રસંગોએ આખ્યાનનું સ્વરૂપ ધારણ કર્યું હતું. જો કે અત્યારે મળતી જેસલ તોરલની જીવનકથા અને રાયધણયુગમાં તેની જે જીવનકથા પ્રચલિત હતી તે બન્નેમાં ઘણો તફાવત હતો. કારણ કે શ્રીમતી પોસ્ટન્સે આ સમાધિનાં દર્શન કર્યાં પછી જેસલ અને તોરલ વિશે જે વિધાનો કર્યાં છે તે બધાં સાંભળેલાં જ વિધાનો હશે અને તેથી શ્રીમતી પોસ્ટન્સનું વૃતાંત એ વખતની લોકોની જેસલ વિશે કેવી માન્યતા હતી- કેવો સ્મૃતિગત ઇતિહાસ હતો તેનો ખ્યાલ આપે છે.

અત્યારે આપણે જેસલને જાડેજા વંશનો અને શુધ્ધ હિન્દુ માનીએ છીએ પરંતુ શ્રીમતી પોસ્ટન્સે અંજારનાં લોકોમાં જે વાતો સાંભળી તે મુજબ જેસલ પીર મુસલમાન બહારવટિયો અને લૂટારો હતો. રાજસ્થાનના લોકો રામદેવડા-રણુંજા ના મધ્યકાલીન સ્થાનિક શાસક રામાપીરને પ્રથમ હિન્દુપીર તરીકે માને છે. સામાન્ય રીતે જેસલના સમયને રામાપીરથી ઘણોજ વહેલો મૂકવામાં આવે છે. તેથી જો "જેસલપીર" તરીકે ઓળખાતા હોય તો સ્વાભાવિક રીતે મુસલમાન ઠરે. પરંતુ શ્રીમતી પોસ્ટન્સને મળેલ માહિતી જો કોઇ મુસ્લિમ પાસેથી મળી હોય તો આ વિધાન ફેરવિચારણા માગી લે છે.

અત્યારે કચ્છના લોકહૃદયમાં તોરલ "તોળીરાણી" તરીકે અંકિત

---

૪૮. જરનલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, વોલ્યૂમ બારમું, પૃષ્ટ- ૫૮૪ અને ૫૮૫.

થયેલી છે. પણ રાયધણકાળમાં "તોરી ખત્રીયાણી" તરીકે ઓળખાતી. ટૂંકમાં તોરલ ક્ષત્રિય-રાજપૂત કન્યા હતી. અને એ સમયમાં મુસલમાન તથા રજપૂત કન્યાના લગ્નો ઘણાંજ સ્વાભાવિક હતાં. તેથી આ બન્નેનાં લગ્ન થયાં હોય તેને નકારી ન શકાય.

જેસલ અને તોરલ વિશેની બાકીના ખ્યાલો અત્યારે છે તેવાજ હતા. તેમનાં મૃત્યુ પછી બન્નેને અલગ અલગ પણ નજીક દફનાવવામાં આવ્યાં. બન્ને કબરો પર સુંદર મકાનો બનાવાયાં. અત્યારે એવી એક આંધળી માન્યતા છે કે આ કબરો ખસે છે. જેસલ જવના કદ જેટલું અંતર અને તોરલ તલના કદ જેટલું અંતર દર વર્ષે ખસીને નજીક આવે છે. એ બન્ને કબરો જ્યારે ભેગી થશે ત્યારે પ્રલય આવશે. રાયધણયુગમાં પણ આ માન્યતા પ્રચલિત હતી.[૪૯]

મસ્જિદો :-

કચ્છમાં આજે પણ ૧૮ ટકા મુસલમાનો વસે છે. એ પરથી રાયધણ યુગમાં તેમની વસ્તિ પ્રમાણમાં સારી હશે તેમ માની શકાય. આટલી વિશાળ વસ્તિ અને તેમાંના કેટલાકની ખાસ સમૃદ્ધિને લીધે મસ્જિદો તથા દરગાહોને પુષ્કળ દાન મળતું. પરિણામે અસંખ્ય મુસ્લિમ દેવસ્થાનો કચ્છમાં ઉભાં થયાં છે. આ મસ્જિદો ઘણીજ સુંદર હતી. થોટલેસ તથા ચાર્લ્સ નામના બે અંગ્રેજ ફોજી અફસરોએ અંજારની મુલાકાત લીધેલી ત્યારે તેમને અંજારની મસ્જિદો ઘણીજ સ્વચ્છ દેખાઇ હતી.[૫૦]

માંડવીની જૂની કાજીવાળી અને જુમ્મા મસ્જિદને રાયધણયુગમાં જતન કરીને જાળવી રાખવામાં આવી હતી. આ બન્ને મસ્જિદો સાદી અને આડંબર રહિત હતી. રાયધણયુગના માંડવીના મુસ્લિમોનો મોટો ભાગ મચ્છીમારોનો હતો. તેમની પાસે નાણાંની વિપુલતા નહોતી. તેથી માંડવીની મસ્જિદો સાદી હોય તે સ્વાભાવિક છે. બીજી પણ

---

૪૯. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૭૯.
૫૦. ફીફટીન ઇયર્સ ઇન ઇન્ડિયા, પૃષ્ટ-૩૫૯.

કેટલીક દરગાહોને આજ દિન સુધી સારી હાલતમાં જાળવી રાખવામાં આવી છે. આ દરગાહોમાં માંડવીથી ત્રણ માઇલ ઉપર રેતીના ઢૂવા ઉપર આવેલ તમાચી પીરની દરગાહ ખાસ નોંધપાત્ર હતી. કારણ કે દરિયા માંથી ખલાસીઓ માટે આ દરગાહ એક અગત્યની માર્ગદર્શક ચિન્હ બની રહેતી.[૫૧]

આમ કચ્છમાં હિન્દુ કે મુસ્લિમ કોઇપણ દેવસ્થાન ઘણુંજ મહત્વ ધરાવતું હતું. અંજારના કિલ્લા બહારના મંદિરો પથ્થરનાં અને મજબૂત હતાં. તેમની મજબૂતાઇ વિશે થોટલેસ નોંધે છે કે, તેઓ અંગ્રેજ સૈનિકોને કચ્છીઓનાં બંદૂકના ગોળા અને તોપના ગોળાઓના પ્રહારથી રક્ષણ આપતાં હતાં. આ બધાંય દેવસ્થાનોમાં પ્રવેશતાં પહેલાં અંગ્રેજોને પોતાનાં જોડાં બહાર ઉતારવાં પડતાં હતાં.

હાજીઓ :-

કચ્છને ગુજરાતના સુલતાનો કે મોગલ સમ્રાટોને ખંડણી ભરવી પડતી નહિ. કારણ કે તેઓ તેનો બદલો જુદી રીતે આપી દેતા હતા. ગુજરાતના સુલતાનોનાં લશ્કરમાં કચ્છના યુવરાજની એક લશ્કરી ટૂકડી તેમને મદદ કરવા માટે રહેતી હતી. જ્યારે બીજી બદલો વાળવાની એ રીત હતી કે કચ્છના કોઇપણ બંદરેથી કોઇ મુસલમાન હજ કરવા જાય તો તેને મફત જરૂરી સગવડ કરી આપવામાં આવતી હતી.

સામાન્ય રીતે કચ્છમાં માંડવી મોટામાં મોટું બંદર હતું તેથી આ બંદરેથી મોટા ભાગના હાજીઓ હજ કરવા જતા. આ ઉપરાંત મહારાવની ઉદાર ધાર્મિક નીતિને લીધે કેટલાય ભટકતા યાત્રિકો પણ કચ્છમાં આવતા હતા. એમાં રાયધણજીનો યુગ તો મુસલમાનો પ્રત્યેની સંપૂર્ણ સહાનૂભૂતિનો યુગ હતો. તેથી સ્વાભાવિક છે કે આ વખતે આવા યાત્રિકોની સંખ્યામાં વધારો થાય. શ્રીમતી પોસ્ટન્સ નોંધે છે તેમ આવા યાત્રિકો ઘણાજ સામાન્ય હોય છે અને જો તેઓ ધનિક હોય તો

---

૫૧. કારા ડુંગર કચ્છ જા, પૃષ્ઠ-૪૪.

પણ બધું ધન પોતાના વતનમાં રાખીને આવતા હતા. તેઓનો પોષાક એક સરખો હતો. મુસાફરીની તેમની બીજી અગત્યની વસ્તુઓમાં હોકો, દંડા અને હોકાયંત્ર હતું. હોકાયંત્ર પગપાળા મુસાફરી કરતાં વાદળવાળી રાત્રીએ દિશાસૂચન મળે તે માટે હશે. આવા ભટકતા યાત્રિકોમાં કેટલાક યુઝબેક, તાર્તાર અને યારકંદના પણ હતા.[૫૨]

માંડવીથી મક્કા જવા માટે આ ઉપરાંત અન્ય સ્થળો જેવાંકે, દિલ્હી, પેશાવર, મુલતાન અને સિંધના જુદા જુદા ભાગો માંથી મુસલમાનો આવતા હતા. તેઓ બધા માંડવીમાં દરિયા કિનારે ટોળાબંધ એકઠા થતા. ત્યાં એક કતારમાં ઉભા રહીને નમાઝ પઢી લેતા. તેમની પત્નીઓ તેમના માટે રસોઇ બનાવતી. આ સ્ત્રીઓમાં મોટા ભાગની બાળકોવાળી હતી. દરેક યાત્રિકો ઉદા રંગનાં વસ્ત્રોમાં હજ કરવા જવા સજ્જ હતા. હાજીઓને આ ખાસ પોષાક કચ્છ રાજ્ય તરફથી આપવામાં આવતો હતો. તેઓ પોતાનો ખોરાક ભિક્ષા માગીને મેળવી લેતા. પોતાના વતન માંથી નીકળે અને માંડવી પહોંચે ત્યાં સુધી વચ્ચે જ્યાં જ્યાં રોકાય ત્યાં તેમને મફત ભોજન મળી રહે તેવી વ્યવસ્થા કચ્છ રાજ્ય તરફથી કરવામાં આવી હતી.

આને લીધેજ કચ્છ ઉપર કોઇ મુસ્લિમ સત્તાએ ગંભિર આક્રમણ કર્યું નહોતું કે કચ્છને ખંડણી ભરવાની ફરજ પાડી નહોતી. આ સિદ્ધિઓને કચ્છીઓ ગૌરવપૂર્વક વર્ણવતા હતા. આમ હાજીઓને મફત સગવડ પૂરી પાડવાનું આ કાર્ય દાન ધર્મની વૃત્તિ સાથે રાજકારણીય પણ હતું. માંડવીના દરિયા કિનારે જુદા જુદા પંથ, પ્રદેશ અને વર્ગના લોકોમાં કોઇ છૂપી એકતાની ભાવના કામ કરી રહી હતી કે જેને લીધે તેઓ બધા વિદેશી દરિયા કિનારે એક બીજા પ્રત્યે સહાનૂભૂતિ પૂર્વક વર્તતા હતા. પેશાવરના લોકો હિન્દુઓની માફક "સંઘ" માં આવતા. જેને "લુગ" તરીકે ઓળખવામાં આવતો.[૫૩]

---

૫૨. કચ્છ ઓર રેન્ડમ સ્કેચીસ, પૃષ્ટ-૧૬૦ અને ૧૬૧.
૫૩. ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોલ્યૂમ-૫ મું, પૃષ્ટ-૫૮.

ધાર્મિક વહેમો - પ્રણાલિકાઓ :-

રાયધણકાલીન કચ્છ વહેમોથી ભરપૂર હતું. દુષ્કાળ, પ્લેગ અને ધરતીકંપ જેવી કુદરતિ આપત્તિના કારણોનું ધાર્મિક વિશ્લેષણ તેઓ ચમત્કારભર્યું કરતા હતા. આવી આપત્તિઓ વખતે હિન્દુઓ પોતાની જાતને શુધ્ધ કરીને ભયાનક શિવના પ્રકોપને શાંત કરવા બલિદાન કે ભેટ ધરતા. જ્યારે મુસલમાનો માનતા હતા કે દૂલદૂલ ઘોડો પોતાનો ખોરાક ખોતરવા પગનું હલનચલન કરે છે તેથી ધરતીકંપ થાય છે. ગભરાટ અને ભયના આવા વાતાવરણ વચ્ચે માનવ સહજ સ્વાર્થભાવે સાંત્વન મેળવવા લોકો બ્રાહ્મણોનો આશ્રય લેતા હતા. બ્રાહ્મણો તેમને ઉપદેશ આપીને ઠસાવી દેતા કે તેઓ તેમનાં મંદિરોને ઉદારતા પૂર્વક દાન નથી આપતા તેથી આવી આપત્તિઓ આવે છે. તેથી સ્વર્ગસ્થના આત્માના શ્રેયાર્થે તેઓ દાનની માગણી કરતા હતા. લોકોની અંધશ્રધ્ધાનો આવો જ લાભ મુસલમાન મુલ્લાઓ પણ લેતા હતા. તેઓ તેમના અનુયાયીઓને આવી કુદરતિ આપત્તિઓથી બચવા દૂલદૂલ ઘોડા માટે અનાજ આપવાનું કહેતા. આ અનાજનો ઉપયોગ પયગંબરના ધાર્મિક મુલ્લા-મોલવી-ઉલેમાઓ પોતાના ખાનગી સ્વાર્થમાં કરતા હતા.

પીરાનપીર નામે ઓળખાતા બગદાદના સંતનો રોજો ભુજમાં લખપતજીએ બંધાવેલો. આવોજ બીજો રોજો કેરામાં છે. આ રોજા પાસે એક ઝાડ હતું અને તેની ડાળો પર વાળનાં ઝૂમખાં લટકતાં હતાં. આ વાળનાં ઝૂમખાં રંગબેરંગી કાપડમાં બાંધ્યાં હતાં. મુસ્લિમ સ્ત્રીઓ માનતી હતી કે આ રીતે પીરને ભેટ ધરવામાં આવે તો પીર પોતાના બાળકોનું રક્ષણ સેતાનની આંખોથી કરશે. એટલું જ નહિ પણ બાળકનાં રોગો પણ મટાડશે અને તેને મૃત્યુના મુખમાં જવા દેશે નહિ.

વ્યતિપાત :-

રાયધણજીના યુગમાં વ્યતિપાતનું મહત્વ ખુબ હતું. મહિનામાં યોગના આ સત્તરમાં દિવસને વ્યતિપાત તરીકે ઓળખવામાં આવતો હતો.

આ દિવસને અપશુકનિયાળ કે કમનશીબ ગણવામાં આવતો તેથી એ વખતે કોઇ સારૂં કામ થઇ શકતું નહિ. એલેકઝાન્ડર વોકરે "દૂધ પીતી" જેવા માનવતાવાદી પ્રશ્ન પર સુંદરજી શિવજીને પત્ર લખેલો અને તેનો જવાબ જલદી તથા યોગ્ય રીતે મળે તેવી આશા તેણે સેવેલી પણ વોકરને તેથી વિપરિત જવાબ સુંદરજી તરફથી મળયો. તેમણે લખ્યું, "મને આપનો પત્ર મળયો છે. તેની તમામ વિગતો મારી સમજમાં આવી ગઇ છે. આજે વ્યતિપાત જેવો અપશુકનીયાળ દિવસ હોવાથી આવતીકાલ સવાર સુધી હું યોગ્ય પ્રત્યુત્તર આપને લખવાને અશક્તિમાન છું. તેથી આપને થોડી રાહ જોવા વિનંતી કરૂં છું."[૫૪] આમ સુંદરજી જેવા પણ રાયધણયુગમાં વ્યતિપાત જેવા ખગોળ શાસ્ત્રીય વહેમમાં માનતા હતા.

ભવિષ્ય – જ્યોતિષ વિજ્ઞાન :–

કચ્છમાં જ્યોતિષ વિજ્ઞાન તેની આગવી રીતે આગળ વધી રહ્યું હતું. કચ્છીઓને જ્યોતિષમાં વિશ્વાસ હતો. છેક બૃહત સંહિતાના સમય થી કચ્છ અને જ્યોતિષ વિજ્ઞાનનો સંબંધ રહેલો છે. બૃહત સંહિતામાં કચ્છને માટે કેટલીક શાશ્વત આગાહીઓ આપી છે. તેમાં જણાવ્યા મુજબ, "જ્યારે શુક્રના સ્પર્શથી ચંન્દ્રનું વલય મધ્યભાગે બે વિભાગમાં વહેંચાય ત્યારે કચ્છના લોકોને સાત માસ લગી સર્વ પ્રકારની ઉપાધિઓથી ઉપદ્રવ રહ્યા કરશે. વળી જ્યારે તુલા રાશિમાં ગ્રહણ થાય ત્યારે પણ કચ્છના લોકોને સહન કરવાનું રહેશે." તેથી સ્વાભાવિક છે કે, જ્યોતિષ શાસ્ત્રમાં કચ્છીઓને આસ્થા હોયજ.

કચ્છનો સામાન્ય ખલાસી પણ કેવું જ્યોતિષ વિશે જ્ઞાન ધરાવતો હતો તેનો ખ્યાલ રાયધણજીના કાળમાં થઇ ગયેલ એક ખલાસીની ડાયરી પરથી આવે છે. આ ડાયરીમાં નોંધ્યું છે કે, "મારફત સેસ નાગની છે. પરછી લેજો. સેસનાગ માસ ૩ એક ૧ ખુણમા રેહે છે. સેસનાગ ઉથમો ફરે છે. પરછી લેજો. અહી સાચો આપણેં ધણી છે. માસ વેસાખ ૧ માસ,

---

૫૪. હિસ્ટ્રી ઓફ સપ્રેશન ઓફ ધી ઇન્ફેન્ટીસાઇડ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃષ્ટ–૮૨.

જેઠ ૨ માસ, અસાઢ ૩ રાસ વરખ ૧, રાસ મથન ૨, રાસ કરક મકરાત, રાસ ૩, સકરાત મરકત ઇસાન ખુણે, પેટવાળ ખુણે, પુછ નરત ખુણે. અગન ખુણે ખીલી ઠોકીએ. ચોરી તથા માડવાની તથા થામ રોપીએ, તથા સઢ તથા બે જે કાર જબુરીને ઉપાડીએ તે સુનમા ઠોકીએ. એ માસ ૧ સરાવણ, માસ ૨ ભાદરવો, માસ આસુ ૩ ખીલી ઇસાન ખુણ ઠોકીએ. માસ ૧ કરતીક માસ મઘસર ૨ માસ પોસ ૩, સંકરાત વર ચક ૧, ધનર, મકર ૩ ખીલી વાવ ખુણે ઠોકીએ. માસ ૧, માહા ૧, ફાગણ ૨, માસ ચૈત્ર ૩, માસ સંકરાત કુંભ ૧, મીન ૨, મેખ ૩, ખીલી નરત ખુણે ઠોકીએ તથા ઘરની ખીલી પુછડે ઠોકીએ. વાવની ખીલી પેટ ઠોકીએ. દેરાસર તથા ગઢની મસ તકે ઠોકીએ. સઢની તથા માડવાની તથા દાનપુન તુલા જાની ખીલી સુનમાં ઠોકીએ અહીં સાચો આપણો ધણી તો સરવ જાણે".[૫૫]

ઉપરોક્ત નોંધ પરથી રાયધણયુગમાં બારે રાસીઓનાં ઉચ્ચાર આ પ્રમાણે થતા હતા. મેખ, વ્રોરખ, મથન, કરક, સી, કીના, તુલ, વ્રોસ્ચક, ધન, મકર, કુંભ, મીન .... એવો ખ્યાલ આવે છે.

મામે – ભવિષ્યવેત્તા :–

જેમ અત્યારે આપણા ગામડાઓમાં ભડલી વાક્યો દ્વારા ભવિષ્ય ભાખવામાં આવે છે તેમ એ વખતે મામે નામના એક ભવિષ્યવેત્તાના માથાએ ચૌદમી સદીમાં દોહરાઓરૂપે ભાખેલું ભવિષ્ય જૂના માણસો યાદ કરતા હતા. તેનો રાયધણકાળને સબંધિત અંશ આ પ્રમાણે હતો:–

કાંયો કુડધર ને મુખો રાધ થીં દોરા,
ખાંખડ થીંદો કચ્છડો, જાડેજે મુલા.

અર્થાત કાંયોજી (કોઠારાનો), કુડધરજી (સીંધાણ), મૂળવોજી (આડીસર) અને રાયધણજી નામે રાજા થશે ત્યારે જાડેજાઓને હાથે

---

૫૫. પેરીપ્લસ, પૃષ્ટ–૫૮ અને ૫૯.

કચ્છ ડામાડોળ થશે.

આ દોહરામાં બહુજ ટૂંકાણમાં ભવિષ્યરૂપે રાયધણકાલીન કચ્છનો ચિતાર આપી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત ઇ. સ. ૧૮૧૩ પછીનું ભવિષ્ય ભાખતાં કેટલાક બીજા પણ દોહરાઓ છે જેઓ હજુ પણ કચ્છમાં પ્રસંગોપાત બોલાય છે અને તેમાંથી એક પ્રકારનો આનંદ કચ્છીઓ પ્રાપ્ત કરે છે.

સંવત :-

કચ્છમાંથી પ્રાપ્ત થતા લેખો જોતાં લાગે છે કે, કચ્છમાં રાયધણયુગમાં વિ. સં. નો બહોળો પ્રચાર હતો. બહારના રાજકીય પત્ર વ્યવહારોમાં અને ફારસી લેખોમાં હિજરી સંવતનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યારે અંગ્રેજોએ તેમના પત્રવ્યવહારોમાં ઇસ્વીસનનો ઉપયોગ કર્યો છે. આ ઉપરાંત જૈન સંવતનો પણ કેઠલીકવાર ઉપયોગ થતો.

આ બધાય સંવતો ઉપરાંત કચ્છમાં તેનો પોતાનો એક હાલારી સંવત પણ પ્રચલિત હતો. આજે પણ કચ્છના કેટલાક ભાગોમાં તે પ્રચલિત છે. આમ તો આ સંવત વિક્રમ સંવત જેવોજ છે. ફરક ફક્ત એટલો છે કે તેનું નવું વર્ષ અસાઢ સુદ પડવોથી શરુ થાય છે. ચોમાસાના પ્રથમ માસના પ્રથમ દિવસના મહત્વને આ સંવતમાં આવરી લેવાયેલ છે.[૫૬]

ધાર્મિક દૃષ્ટિએ પાળિયા :-

ધાર્મિક વિશ્વાસ કે માન્યતાઓની દૃષ્ટિએ પાળિયાઓ સંકળાયેલા હતા. પૂર્વજો દ્વારા અનિષ્ટની માન્યતા પણ એના મૂળમાં પડેલી છે. એવી માન્યતાને કારણે ધામિક વિધિ વિધાન અનુસાર પાળિયાઓની પ્રતિષ્ઠા કરવામાં આવતી એમ કહી શકાય. પાળિયાની એક વાચનાના ઉદાહરણ ઉપરથી આ વાત વધુ સ્પષ્ટતાથી સમજી શકાશે.

માંડવીમાં મનુભાની દેરીના નામે ઓળખાતા સ્થળનો એક

૫૬. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ, કચ્છ ડીસ્ટ્રીક્ટ, પૃષ્ટ–૧૬૪.

પાળિયો આ પ્રમાણે છે. દેવનાગરી લિપીમાં તેમાં લખ્યું છે કે,

। શ્રી ।

।। શ્રી રણછોડજી સત્ય છે ।। સંવત ૧૮૪૫ ના વરષે શાલિવાહન કૃત શાકે ૧૭૯૦ પ્રવરતમાને ગતે શ્રી સૂર્યે શિશિર રુતૌ પોષ વિદ ૨ મૌમેનો દિન પોર ચડતે શ્રી માંડવી મધ્યે ઠકર મેઘજીએ યુક કીધો તેમાં ષવાસ કાનીયો કામ આવ્યો તેની છતરડી રાઉશ્રી રાયધણજીની વાર માં કીધી તેનો વાસ્તુ સં. ૧૮૪૬ ના ફાગણ શુદ ૩ નો...

આ પાળિયામાં સૌથી ઉપર લખાયેલ "શ્રી" આપણું ધાર્મિક પ્રતિક છે. એની સાથે સાથે છેલ્લી પંક્તિમાં જણાવ્યા પ્રમાણે મૃતકના સમૃત્યુ પછી એનો પાળિયો ખોડી તેની ઉપર છતરડી બનાવી મકાનની જેમ એની વાસ્તુવિધિ કરવામાં આવી એ ઉલ્લેખ નોંધપાત્ર છે.

ધાર્મિક દૃષ્ટિએ બીજો અગત્યનો ઉલ્લેખ પ્રથમ પંક્તિમાના "શ્રી રણછોડજી સત્ય છે" શબ્દો ગણાવી શકાય. માંડવીમાં તેમજ ખવાસ જ્ઞાતિમાં આ પાળિયો ઉભો કર્યો એ વખતે રણછોડજી તરફનો ભક્તિભાવ પ્રવર્તમાન હશે તેમ આ પાળિયા ઉપરથી કહી શકાય. "શ્રી ગણેશાય નમઃ" જેવા અત્યંત લાંબા સમયથી પ્રચલિત અને પ્રારંભમાં ગણપતિ પૂજનનો નિર્દેશ કરતાં વાક્યો લગભગ ઘણાખરા પાળિયાઓમાં જોવા મળે છે. પરંતુ એની સાથોસાથ અન્ય દેવી દેવતાઓની ભક્તિ પણ એમાં જોવા મળે છે.

-: પ રિ શિ ષ્ટ :-

-: પરિશિષ્ટ - ૨ :-

જાડેજા રાજ્યોની સૂચિ

ક્રમ.	રાજ્યનું નામ.	ક્ષેત્રફળ.	વસ્તી.*	ગામોની સંખ્યા.
૧.	નવાનગર.	૩૭૯૧ ચો. મા.	૩૬૦૦૦૦	૬૩૩
૨.	ગોંડળ.	૧૦૨૪ ચો. મા.	૧૬૫૦૦૦	૧૭૯
૩.	મોરબી.	૮૨૧ ચો. મા.	૧૧૦૦૦૦	૧૨૫
૪.	ધ્રોળ.	૨૫૨ ચો. મા.	૨૫૦૦૦	૬૧
૫.	રાજકોટ.	૨૮૩ ચો. મા.	૫૫૦૦૦	૬૦
૬.	વિરપુર.	૬૬ ચો. મા.	૬૦૦૦	૧૨
૭.	કોટડાસાંગાણી.	૭૪ ચો. મા.	૯૦૦૦	૧૮
૮.	માળિયા.	૧૦૨ ચો. મા.	૧૨૦૦૦	૧૨
૯.	મેંગણી.	૨૨ ચો. મા.	૩૫૦૦	૮
૧૦.	ગવરીદડ.	૯ ચો. મા.	૨૪૦૦	૭
૧૧.	પાળ.	૬ ચો. મા.	૧૨૦૦	૫
૧૨.	ગઢકા.	૧૦ ચો. મા.	૨૩૦૦	૬
૧૩.	જાળિયાદેવાણી.	૧૫ ચો. મા.	૨૪૦૦	૧૦
૧૪.	ભાડવા.	૭ ચો. મા.	૧૨૦૦	૪
૧૫.	રાજપર.	૧૧ ચો. મા.	૨૦૦૦	૮
૧૬.	કોઠારિયા.	૬ ચો. મા.	૨૪૦૦	૬
૧૭.	શાપર.	૧૦ ચો. મા.	૧૨૦૦	૪
૧૮.	લોધીકા.	૧૫ ચો. મા.	૪૭૦૦	૧૨
૧૯.	વડાળી.	૨ ચો. મા.	૬૦૦	૧
૨૦.	ખીરસરા.	૧૩ ચો. મા.	૪૪૦૦	૧૩
૨૧.	સીસાંગ ચાંડલી.	૧૦ ચો. મા.	૧૭૦૦	૨
૨૨.	વીરપાડવ.	૭૬ ચો. મા.	૨૦૦	૧

૨૩.	કાંકસિયાળી.	૭૬ ચો. મા.	૨૫૦	૧
૨૪.	મોવા.	૭૬ ચો. મા.	૨૫૦	૧
૨૫.	કોટડા-નાયણી.	૩ ચો. મા.	૧૩૦૦	૧
૨૬.	ધ્રાફા.	૪૪ ચો. મા.	૭૬૦૦	૨૩
૨૭.	સાતોદડવાવડી.	૧૩ ચો. મા.	૨૫૦૦	૪
૨૮.	સોનેથ.	૮ ચો. મા.	૪૦૦	૧
૨૯.	મુળીલાડોરી.	૧૫ ચો. મા.	૨૫૦૦	૭
૩૦.	સાંતલપુર.	૪૪૦ ચો. મા.	૧૮૦૦૦	૩૩

---

* રાયધણજીના કાળમાના ઉપરોક્ત જાડેજા રાજ્યોની વસ્તીના આંકડાઓ અંદાજી છે. અત્યારની માફક એ યુગમાં વસ્તી ગણતરી થતી નહિ.

-: પ રિ શિ ષ્ટ - ૩ :-

રાયધણજી બીજા સુધીની વંશાવળી.

ભુજના જાડેજા શાસકોની વંશાવળી પુરાણો અને ભાટ ચારણો ના ચોપડાઓને આધારે લગભગ સંપૂર્ણ કહી શકાય તેવા સ્વરુપમાં પ્રાપ્ત થઇ છે. પણ તેની સત્યતા વિશે લગભગ નિશ્ચિત પ્રકારની શંકા છે. આ વંશાવળીને આધારભૂતતાની દૃષ્ટિએ ત્રણ વિશાળ ભાગમાં વહેંચી શકાય.

પ્રથમ ભાગમાં શ્રી. આદિનારાયણથી જામ સામપત સુધીનો લગભગ ૧૩૭ જેટલા પૈતૃકોનો ક્રમ આવે છે. તેમાં આદિનારાયણથી શ્રી. કૃષ્ણ સુધીના યુગનું સમયમાપન લેવાનું બાકી છે. એના વિશે કોઇ અટકળ પણ કામ આવી શકે તેમ નથી. ૫૪ મા ક્રમમાં આવતા શ્રી કૃષ્ણ બાબતમાં હવે ઇતિહાસ વૈજ્ઞાનિક બનવાનો પ્રયત્ન કરે છે. જેમાં તેને અંશતઃ સફળતા પણ મળી છે. ઇ.સ. પૂર્વે ૧૫૦૦ આસપાસ શ્રી કૃષ્ણનો સમય મૂકવામાં આવે છે. શ્રી. કૃષ્ણથી ૧૩૭ માં જામ સામપત વિશે ફક્ત અનુશ્રુતિઓ અને કેટલાકની બાબતમાં ફક્ત નામો જળવાઇ રહ્યાં છે. તેમને ભાટચારણોએ ફક્ત ક્રમ આપવાની વ્યવસ્થા જાળવી છે. આ સિવાય આ પ્રથમ ભાગની વંશાવળીનું કશુંય મહત્વ નથી. તેથી એકજ કુટુંબ કે વંશનો દાવો કરવામાં આવ્યો હોવા છતાં આધારભૂતતાની દૃષ્ટિએ તેને "પૌરાણિક યદુવંશ" નામ આપી શકાય.

આ વંશાવળીના બીજા ભાગમાં પૈતૃક સાતત્ય જેમનું તેમ જાળવી રાખવામાં આવ્યું છે અને તેમાં નિર્દેશિત વ્યક્તિઓ દંતકથા તથા ઇતિહાસની સમાંતર ચાલવાનો પ્રયત્ન કરતી દેખાય છે. આ વંશાવળીને સગવડતા ખાતર સમાઓ અને જાડેજાઓના બે વર્ગમાં વર્ગીભૂત કરી શકીએ. પૈતૃક સાતત્ય જળવાયેલું હોવા છતાંય આ વંશાવળીની

વ્યક્તિઓ પૌરાણિક યદુવંશ કરતાં કેટલાક ઐતિહાસિક પ્રસંગોમાં દેખાવાને કારણે તેમને અલગ અને આધુનિક ઇતિહાસને વધારે પરિચિત એવું સમાવંશ નામ યોગ્ય ગણાય.

સમાઓ ક્રમ ૧૩૭ મા જામ સામપત પરથી ઉતરી આવ્યા લાગે છે. સાથે સાથે તેમનો જામ નામનો ખિતાબ તેમના સિંધ પહેલાં ના રહેઠાણ તરીકે ભારતની બહારના સ્થળનો પણ ખ્યાલ આપે છે. આ સ્થળ મધ્ય એશિયા કે ઇરાનની આસપાસનો પ્રદેશ હોવાનું અનુમાન સત્યથી નજીક દેખાય છે. એટલે સમાવંશને જામ વંશ પણ કહી શકાય.

સમાવંશનો સંબંધ સિંધ સાથે છે પરંતુ તેના પાછળના મોડ મનાઇ પછીના શાસકો કચ્છ સાથે સંબંધિત છે. આ સંબંધ જામ પુઅંરા સુધી સચવાઇ રહ્યો છે. એ પછી વિખ્યાત જાડેજા વંશ સિંધમાં સમાઓ ના વંશ સાથે પૈતૃક સાતત્ય જાળવતો લાખા લાખિયારથી જામ હમીરજી સુધી કચ્છ સાથે સંબંધ ધરાવે છે. તેમાં જામ હમીરજી તો કચ્છના ઐતિહાસિક કાળના સ્તંભ બની ગયા છે. જ્યારે તેમના પુત્રનો વંશ ઐતિહાસિક રીતે – અતૂટ આજે પણ હેયાત છે. સમા વંશમાં લાખા ફૂલાણીની ઐતિહાસિકતા વિશે કોઇ શંકા નથી અને તેને મૂળરાજનો સમકાલીન ગણવામાં હવે વાંધો નથી. તેથી ૧૦ મી સદીનો તેનો સમય નિર્વિવાદ છે. એજ રીતે જાડેજા વંશના છેલ્લા જામ હમીરજીને પણ ઇ. સ. ૧૪૭૨ આસપાસ મૂકીને કચ્છના શાસકોની કાળગણના વ્યવસ્થિત કરી શકાય છે.

વંશાવળીના ત્રીજા ભાગના ખેંગારજી પ્રથમથી રાયધણજી બીજા સુધીના શાસકોની ઐતિહાસિકતા વિશે કોઇ વિવાદ નથી. તેમનો સમયગાળો પણ સ્પષ્ટ છે. કદાચ ભારતમાં એકજ કુટુંબે આટલાં વર્ષો સુધી એકજ તખ્ત પર અતૂટ રીતે શાસન કર્યું હોય તેવું તો કચ્છના શાસકો વિશેજ કહી શકાય.

આ ઐતિહાસિક કાળને પણ સગવડતા ખાતર રાવવંશ,

મહારાવવંશ અને મીરજા મહારાવ વંશ જેવા વિભાગોમાં વહેંચી શકાય. આ વિભાગિકરણ નવા ખિતાબો અને તેની સાથે વણાયેલ ઐતિહાસિક પ્રસંગોની મહત્તાને કારણે યોગ્ય છે. સાથે સાથે અભ્યાસની અનુકૂળતા પણ તેમાં આવી જાય છે.

મહમદ બેગડો અને ખેંગારજી પ્રથમના સંબંધ માંથી રાવ, પ્રાગમલ્લજી ની ઉત્તર સૌરાષ્ટ્રના રાજકારણમાંની સફળ દરમ્યાનગીરીથી મહારાવ અને દિલ્હીની મોગલ સત્તા પાસેથી મેળવેલ મીરજા ઇલકાબ કચ્છના સ્થાનિક ઇતિહાસના સીમાસ્તંભો છે. તેથી વંશના નામાભિધાનમાં તે પ્રસંગોની લક્ષ્મણરેખા યોગ્ય ગણાય.

-: પ રિ શિ ષ્ટ -૪ :-

મહાનિબંધમાં ઉપયોગમાં લેવાયેલા અપ્રગટ પત્રો – અહેવાલો
ની સૂચિ.

૧. રાષ્ટ્રીય આભિલેખાગાર – નવી દિલ્હીના પત્રો :-

ક્રમ.	તારીખ	પ્રતિ.	પ્રેષક.
૧.	૨૫-૯-૧૮૦૧	મુંબઇ સરકાર.	રાયધણજી બીજા.
૨.	૨૪-૨-૧૮૦૨	રાયધણજી બીજા.	મુંબઇ સરકાર.
૩.	૨૯-૫-૧૮૦૨	મુંબઇ સરકારના મુખ્ય સચિવ.	ભારત સરકારના મુખ્ય સચિવ.
૪.	૧૪-૭-૧૮૦૨	જોહન લુમ્સડેન. મુખ્ય સચિવ બ્રિટિશ ભારતની કેન્દ્ર સરકાર.	મુંબઇ પ્રેસીડેન્સીની કાઉન્સીલના બે કાઉન્સીલરો.
૫.	૮-૮-૧૮૦૮	લોર્ડમીન્ટો ગવર્નર જનરલ બ્રિટિશ ભારત.	મુંબઇ સરકાર.
૬.	૮-૮-૧૮૦૮	લોર્ડમીન્ટો.	મુંબઇના ગવર્નર અને બે કાઉન્સીલરો.
૭.	૧૪-૮-૧૮૦૮	લોર્ડમીન્ટો.	મુંબઇના ગવર્નર શ્રી. જોનાથન ડંકન.
૮.	૧૪-૮-૧૮૦૮	લોર્ડમીન્ટો.	મુંબઇ પ્રેસિડેન્સીની ગવર્નર ઇન કાઉન્સીલ.
૯.	૩૧-૭-૧૮૦૯	લોર્ડમીન્ટો.	જોનાથન ડંકન, ગવર્નર મુંબઇ પ્રેસિડેન્સી.
૧૦.	૪-૮-૧૮૦૯	બ્રિટિશ હિન્દની કેન્દ્ર સરકાર.	મુંબઇ પ્રેસિડેન્સીના મુખ્ય સચિવ.

૧૧.	૨-૧૦-૧૮૦૯	કેન્દ્રમાંની બ્રિટિશ સરકારના સચિવશ્રી	મુંબઇ પ્રેસિડેન્સીના મુખ્ય સચિવ.
૧૨.	૯-૧૦-૧૮૦૯	બ્રિટિશ ભારતની કેન્દ્ર સરકાર.	મુંબઇ સરકાર.
૧૩.	૩-૧૧-૧૮૦૯	શ્રી. એડમન્સ્ટન, બ્રિટિશ સરકારના મુખ્ય સચિવ.	મુંબઇ પ્રેસિડેન્સીના મુખ્ય સચિવ.
૧૪.	૨૨-૧૧-૧૮૦૯	શ્રી. વોરડન, મુંબઇ સરકારના મુખ્ય સચિવ.	શ્રી. એડમન્સ્ટન મુખ્ય સચિવ; કેન્દ્ર સરકાર.
૧૫.	૨૨-૧૧-૧૮૦૯	શ્રી. વોરડન.	શ્રી. એડમન્સ્ટન.
૧૬.	૭-૧૨-૧૮૦૯	શ્રી. જોનાથન ડંકન	શ્રી. લોર્ડમીન્ટો.
૧૭.	૨૦-૧૨-૧૮૦૯	ગવર્નર જનરલ.	મુંબઇ સરકારના મુખ્ય સચિવ.
૧૮.	૮-૨-૧૮૧૦	જ્યોર્જ ડાઉડસવેલ કાર્યકારી મુખ્ય સચિવ, ભારતસરકાર.	મુખ્ય સચિવ, મુંબઇ સરકાર.
૧૯.	૧૯-૬-૧૮૧૦.	શ્રી. એન. વી. એડમન્સ્ટન.	મુખ્ય સચિવ, મુંબઇ સરકાર.
૨૦.	૨૧-૬-૧૮૧૦.	મુખ્ય સચિવ, કેન્દ્ર સરકાર.	મુંબઇ પ્રેસિડેન્સી.
૨૧.	૩૦-૬-૧૮૧૦.	મુખ્ય સચિવ, કેન્દ્ર સરકાર.	મુખ્ય સચિવ, મુંબઇ સરકાર.
૨૨.	૫-૭-૧૮૧૦.	મુખ્ય સચિવ, ભારત સરકાર.	મુખ્ય સચિવ, મુંબઇ સરકાર.
૨૩.	૧૦-૭-૧૮૧૦.	લોર્ડ મીન્ટો.	મુંબઇ સરકાર.
૨૪.	૧૦-૭-૧૮૧૦	લોર્ડ મીન્ટો.	ગવર્નર ઇન કાઉન્સીલ
૨૫.	૨૫-૮-૧૮૧૦	કેન્દ્ર સરકાર.	મુંબઇ સરકાર.

૨૬.	૩૦-૧૦-૧૮૧૦	કેન્દ્ર સરકાર.	મુંબઇ સરકાર.
૨૭.	૧૫-૧-૧૮૧૨	લોર્ડ મીન્ટો.	ગવર્નર, મુંબઇ સરકાર.
૨૮.	૧૫-૭-૧૮૧૩	કેન્દ્ર સરકાર.	મુંબઇ સરકાર.
૨૯.	૧૫-૧૨-૧૮૧૩	કેન્દ્ર સરકાર.	મુંબઇ સરકાર.

૨. મુંબઇ અભિલેખાગાર - મહારાષ્ટ્ર રાજ્ય, મુંબઇ ના પત્રો :-

ક્રમ.	તારીખ.	પ્રતિ.	પ્રેષક.
૧.	૯-૮-૧૮૦૧	ગવર્નર ડંકન.	સુંદરજી શિવજી.
૨.	૧-૬-૧૮૦૨	ગવર્નર-ઇન-કાઉન્સીલ મુંબઇ.	કચ્છના મહારાવ રાયધણજી બીજા વતી સુંદરજી શિવજી.
૩.	૧૪-૯-૧૮૦૨	---- સુંદરજીનો કચ્છ પરનો અહેવાલ ----	
૪.	૯-૯-૧૮૦૨.	ગવર્નર જનરલ.	કેપ્ટન સેટનનો અહેવાલ.
૫.	૨૯-૯-૧૮૦૨	મેજર સેમ્યુઅલ વિલસન.	કચ્છના દીવાન હંસરાજ શામદાસ.
૬.	૨૯-૯-૧૮૦૨	મેજર સેમ્યુઅલ.	સુંદરજી શિવજી.
૭.	૧-૧૦-૧૮૦૨.	જોનાથન ડંકન.	સુંદરજી શિવજી.
૮.	૨૨-૧૦-૧૮૦૨	માર્કવીસ વેલેસ્લી ગવર્નર જનરલ.	જોનાથન ડંકન, ગવર્નર મુંબઇ પ્રેસિડેન્સી.
૯.	૨૫-૧૦-૧૮૦૨	કેપ્ટન ડેવીડ સેટન.	જોનાથન ડંકન, આઇ. એચ. ચેરી અને હોમ્સ લેકમેરે.
૧૦.	૨૫-૧૦-૧૮૦૨	સુંદરજી શિવજી.	જોનાથન ડંકન.
૧૧.	૨૫-૧૦-૧૮૦૨	સુંદરજી શિવજી.	મેજર વિલસન.

૧૨.	૨૫-૧૦-૧૮૦૨	---- કંપનીના લશ્કરી ખર્ચનો અંદાજ ----	
૧૩.	૧૮-૧૧-૧૮૦૨	ગવર્નર ડંકન.	કેપ્ટન ડેવીડ સેટન.
૧૪.	૨૮-૧૧-૧૮૦૨	ગવર્નર ડંકન.	કેપ્ટન ડેવીડ સેટન.
૧૫.	૨૮-૧૧-૧૮૦૨	ડંકન અને હંસરાજનો કરાર.	કેપ્ટન ડેવીડ સેટન.
૧૬.	૩-૧૨-૧૮૦૨.	કેપ્ટન ડેવીડ સેટન.	ગવર્નર ડંકન.
૧૭.	૩-૧૨-૧૮૦૨	ગવર્નર ડંકન.	કેપ્ટન ડેવીડ સેટન.
૧૮.	૧૧-૧૨-૧૮૦૨.	ગવર્નર ડંકન.	કેપ્ટન ડેવીડ સેટન.
૧૯.	૧૮-૧૨-૧૮૦૨.	હંસરાજ શામદાસ.	ગવર્નર ડંકન.
૨૦.	૧૮-૧૨-૧૮૦૨	સુંદરજી શિવજી.	ગવર્નર ડંકન.
૨૧.	૨૦-૧૨-૧૮૦૨.	ગવર્નર ડંકન.	સુંદરજી શિવજી.
૨૨.	૨૦-૧૨-૧૮૦૨.	ગવર્નર ડંકન.	હંસરાજ.
૨૩.	૨૮-૧૨-૧૮૦૨.	---- ગવર્નર-ઇન-કાઉન્સીલનો ઠરાવ ----	
૨૪.	૪-૧-૧૮૦૩.	ગવર્નર ડંકન.	કેપ્ટન ડેવીડ સેટન.
૨૫.	૪-૧-૧૮૦૩.	ગવર્નર ડંકન.	કેપ્ટન ડેવીડ સેટન.
૨૬.	૨૮-૧૨-૧૮૦૨.	ગવર્નર-ઇન-કાઉન્સીલ, મુંબઇ.	કેપ્ટન ડેવીડ સેટન.
૨૭.	૮-૧-૧૮૦૩.	ગવર્નર ડંકન.	રાયધણજી બીજા.
૨૮.	૧૫-૧-૧૮૦૩.	ગવર્નર ડંકન.	કેપ્ટન ડેવીડ સેટન.
૨૯.	૧૬-૧-૧૮૦૩.	ગવર્નર ડંકન.	કેપ્ટન ડેવીડ સેટન.
૩૦.	ફેબ્રુઆરી-૧૮૦૩.	---- કચ્છના પ્રતિનિધિ મંડળનો હિસાબ--	
૩૧.	૮-૪-૧૮૦૩	ગવર્નર ડંકન.	સુંદરજી શિવજી.
૩૨.	એપ્રિલ-૧૮૦૩.	---- મહેબુબ મુનશીનો અહેવાલ ----	

૩૩.	૧-૫-૧૮૦૩	ગવર્નર ડંકન.	કેપ્ટન ડેવીડ સેટન.
૩૪.	૨-૧૨-૧૮૦૩.	---- મહેબૂબરાયનો અહેવાલ ----	
૩૫.	૨૮-૧૨-૧૮૦૩	ગવર્નર, મુંબઇ સરકાર.	કેપ્ટન ડેવીડ સેટન.
૩૬.	૨૬-૧-૧૮૦૪.	ગવર્નર, મુંબઇ પ્રેસિડેન્સી.	કેપ્ટન ડેવીડ સેટન.
૩૭.	૨૮-૧-૧૮૦૪.	ગવર્નર, મુંબઇ સરકાર.	કેપ્ટન ડેવીડ સેટન.
૩૮.	૩-૨-૧૮૦૪.	મુંબઇ સરકાર.	કેપ્ટન ડેવીડ સેટન.
૩૯.	૧-૩-૧૮૦૪.	મુંબઇ સરકાર.	કેપ્ટન ડેવીડ સેટન.
૪૦.	૧૩-૪-૧૮૦૪.	---- કેપ્ટન સેટનનો કચ્છની આવકનો અહેવાલ ---	
૪૧.	૨૩-૪-૧૮૦૪.	મુંબઇ સરકાર.	કેપ્ટન ડેવીડ સેટન.
૪૨.	૨૫-૪-૧૮૦૪.	મુંબઇ સરકાર.	કેપ્ટન ડેવીડ સેટન.
૪૩.	૨૫-૪-૧૮૦૪.	મુંબઇ સરકાર.	કેપ્ટન ડેવીડ સેટન.
૪૪.	૨૫-૪-૧૮૦૪.	----કેપ્ટન ડેવીડ સેટનનો સામાન્ય અહેવાલ ----	
૪૫.	૨૦-૧૦-૧૮૦૪.	મુંબઇ સરકાર.	કેપ્ટન ડેવીડ સેટન.
૪૬.	૧૨-૧૧-૧૮૦૪.	મુંબઇ સરકાર.	મૌલવી મહમદઅલી.
૪૭.	ડીસેમ્બર-૧૮૦૪	મુંબઇ સરકાર.	મૌલવી મહમદઅલી.
૪૮.	ઇ. સ. ૧૮૦૪-૫ નો કચ્છની આયાત-નિકાશને લગતો કેપ્ટન ડેવીડ સેટનનો અહેવાલ. ----		
૪૯.	૨૬-૪-૧૮૦૬.	મુંબઇ સરકાર.	મૌલવી મહમદઅલી.
૫૦.	૮-૯-૧૮૦૬.	મેજર વોકર.	મૌલવી મહમદઅલી.

૫૧.	૩૦-૧૨-૧૮૦૬	---- જોનાથન ડંકને ગવર્નર-ઇન-કાઉન્સીલ સમક્ષ પેશ કરેલો અહેવાલ ----	
૫૨.	૩૦-૧૨-૧૮૦૬	---- ગવર્નર-ઇન-કાઉન્સીલનો ઠરાવ ----	
૫૩.	૧૮૦૬-૭	---- સુંદરજી સાથેના પત્રવ્યવહાર પરથી મેજર વોકરે તૈયાર કરેલો અહેવાલ. ----	
૫૪.	૨૩-૪-૧૮૦૭.	ડબલ્યુ. પી. મોની.	ડબલ્યુ. મેક્ષફીલ્ડ.
૫૫.	૩૧-૭-૧૮૦૮	મુંબઇ સરકાર.	કર્નલ વોકર.
૫૬.	૮-૮-૧૮૦૮.	મુંબઇ સરકાર.	કર્નલ વોકર.
૫૭.	૨૮-૩-૧૮૧૨.	---- ગવર્નર આર. એલ. ગુડવીલની મિનિટ----	
૫૮.	૨૬-૧-૧૮૧૩	મુંબઇના ગવર્નર.	રાયધણજી બીજાનો ગુપ્ત એજન્ટ મુહમદઅલી.
૫૯.	૧૫-૨-૧૮૧૩.	---- ગવર્નર ઇન કાઉન્સીલનો ઠરાવ ----	
૬૦.	૧૫-૫-૧૮૧૩.	ફતેહમહમદ.	કેપ્ટન મેક મુર્ડો.
૬૧.	૧૮-૫-૧૮૧૩.	કેપ્ટન મેકમુર્ડો.	ફતેહમહમદ.
૬૨.	૨૮-૫-૧૮૧૩.	મુંબઇ સરકાર.	કેપ્ટન મેકમુર્ડો.
૬૩.	૩૦-૫-૧૮૧૩.	---- ચાંચિયા નકવાકાસુનું એકરારનામું----	
૬૪.	૧૫-૬-૧૮૧૩.	શ્રી. કર્નાક, રેસી-ડેન્ટ -વડોદરા.	ફતેહમહમદ.
૬૫.	-- ? --	કેપ્ટન મેકમુર્ડો.	સુંદરજી શિવજી.
૬૬.	૨૧-૬-૧૮૧૩.	કેપ્ટન મેકમુર્ડો.	મહેબુબ્રામ.
૬૭.	૭-૭-૧૮૧૩.	---- તા. ૩-૭-૧૮૧૦ ના રોજ કચ્છ તથા ફતેહમહમદની લશ્કરી સ્થિતિનો અહેવાલ----	
૬૮.	૧૦-૧૦-૧૮૧૩.	મોરબીના ઠાકોર દેવાજી.	મોરબીના ઠાકોરના ભાઇ જેહાજી.

૬૯.	૧૩-૧૦-૧૮૧૩.	કેપ્ટન મેકમુર્ડો.	સુંદરજી શિવજી.
૭૦.	૧૬-૧૦-૧૮૧૩.	મુંબઇ રાજ્યનાં સચિવ શ્રી. ફ્રાન્સીસ.	આઇ. આર. કર્નાક રેસિડેન્ટ-વડોદરા.
૭૧.	૧૭-૧૦-૧૮૧૩.	કેપ્ટન જેમ્સ રીવેલકર્નાક, વડોદરાના રેસીડેન્ટ.	કેપ્ટન મેકમુર્ડો.

-: પ રિ શિ ષ્ટ -૫ :-

સં દ ર્ભ ગ્રં થ સૂ ચિ.

૧. ઇતિહાસ વિષયક ગ્રંથો - ગુજરાતી -

	લેખક.	ગ્રંથનું નામ.	સ્થળ - વર્ષ.
૧.	અલ્લા મહમુદીયુદીન અલીખાન.	તારીખે-ઇસ્લામ.	ભાવનગર - સને ૧૯૬૭
૨.	ચોક્સી નાજુકલાલ નંદલાલ.	હિન્દી તવારીખ	અમદાવાદ-સને ૧૯૨૩
૩.	છત્રપતિ ભગવાનલાલ સંપતરામ.	સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ.	મુંબઇ -સને ૧૯૨૪
૪.	છત્રપતિ ભગવાનલાલ સંપતરામ.	સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ-જૂનાગઢના ઇતિહાસ સહિત.	અમદાવાદ-સને ???
૫.	જોશી રસિકલાલ.	કચ્છની પ્રજા જાગૃતિના ઇતિહાસના પાના	મુંબઇ -સને ૧૯૬૬
૬.	જોશી કલ્યાણરાય. નથુભાઇ.	ઓખા મંડળના વાઘેરો.	વડોદરા -સને ૧૯૬૯
૭.	ઝવેરી કૃષ્ણલાલ મોહનલાલ.	મીરાતે અહમદી વોલ્યૂમ બીજું, ખંડ ૪ થો.	મુંબઇ -સને ૧૯૩૬
૮.	ઝવેરી કૃષ્ણલાલ મોહનલાલ.	મીરાતે અહમદી વોલ્યૂમ બીજું, ખંડ ૩ જો.	મુંબઇ -સને ૧૯૩૬
૯.	ઝોટે રત્નમણીરાવ. ભિમરાવ.	ખંભાતનો ઇતિહાસ.	અમદાવાદ-સને ૧૯૩૫

૧૦.	દેશાઇ ગોવિંદભાઇ હાથીભાઇ.	ગુજરાતનો પ્રાચિન ઇતિહાસ.	અમદાવાદ સને ૧૯૨૧.
૧૧.	દેશાઇ ગોવિંદભાઇ હાથીભાઇ.	ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ.	અમદાવાદ સને ૧૮૯૮.
૧૨.	દેશાઇ શંભુપ્રસાદ હરપ્રસાદ.	સૌરાષ્ટ્રનો ઇતિહાસ.	જૂનાગઢ સને ૧૯૬૮.
૧૩.	દ્વિવેદી આત્મારામ કેશવજી.	કચ્છ દેશનો ઇતિહાસ.	ભૂજ સને ૧૮૭૬
૧૪.	ધારૈયા રમણભાઇ કકલભાઇ.	અર્વાચીન ભારતનો ઇતિહાસ.	અમદાવાદ સને ૧૯૭૦.
૧૫	ધારૈયા રમણભાઇ કકલભાઇ.	ગુજરાતનો ઇતિહાસ.	અમદાવાદ સને ૧૯૬૫
૧૬.	નદવી અબુઝફર મૌલાના.	તવારીખે ગુજરાત.	અમદાવાદ સને ૧૯૪૯.
૧૭.	નચગાંધી જયરામદાસ જેઠાભાઇ.	કચ્છનો બૃહદ ઇતિહાસ.	ભૂજ સને ૧૯૨૬.
૧૮.	નવાબઝાદા તાલેમહમદખાન.	પાલનપુર રાજ્યનો ઇતિહાસ. ભાગ પહેલો.	વડોદરા સને ૧૯૧૬.
૧૯.	પરીખ રસિકલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ. ગં.	ઇતિહાસની પૂર્વ ભૂમિકા.	અમદાવાદ સને ૧૯૭૨.
૨૦.	પારેખ હિરાલાલ ત્રિભોવનદાસ.	અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન.	અમદાવાદ સને ૧૯૩૫
૨૧.	પંડિત સુંદરલાલજી.	ભારતમાં અંગ્રેજી રાજ્ય.	મુંબઇ સને ૧૯૪૬.
૨૨.	ફાર્બસ. જેમ્સ.	રાસમાળા ભાગ પહેલો અને બીજો.	મુંબઇ સને ૧૯૨૨.

૩૫.	શેઠ એ. જી.	કચ્છ વૃતાંત અથવા કચ્છ રાજ્યનો ઇતિહાસ.	અમદાવાદ સને ૧૮૯૧.
૩૬.	સાંડેસરા ભોગીલાલ. જ.	ઇતિહાસની કેડી.	વડોદરા સને ૧૯૪૫.
૩૭.	સ્મીથ વિ. એ.	હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ. અનુવાદ.	અમદાવાદ-મુંબઇ સને ૧૯૩૨.

હિન્દી :-

૧.	કલ્હણ.	રાજતરંગીની.	વારાણસી સને ૧૯૬૦.
૨.	અબ્દુરરહેમાન. ઇબ્નેખલદુન.	ઇબ્નેખલદુનકા. મુકેદમા.	લખનૌ સને ૧૯૬૯.
૩.	ભંડારી સુખ-સંપત્તિરામ.	ભારતકે દેશી રાજ્ય.	ઇન્દોર સને ૧૯૨૭.
૪.	શ્રી. વાસ્તવ આશીર્વાદીલાલ.	દિલ્હી સલ્તનત.	આગ્રા સને ૧૯૬૫.

ENGLISH :-

1.	Abul Fazal	Ain- I- Akbari	London A.D.1878
2.	Allami Abul Fazal.	The Ain-I-Akbari Vol. II	Calcutta A.D. 1891.
3.	Baines J.A.	History of Gujarat Maratha Period.	Bombay A.D.1879.
4.	Bell. H. Wilber-force.	The History of Kathiyawad.	London A.D.1916.

5.	Burns James.	Narrative of a visit to the Court of Sind.	London A.D.1836.
6.	Burns James.	A Sketch of the History of Kutch.	London A.D.1836.
7.	✗ Chattopadhyay Sudhakar.	Early History of North India.	Calcutta A.D.1868.
8.	Chaudhari Shashibhushan.	Civil disturbances during the British Rule in India.	Calcutta A.D.1955.
9.	Chaudhri Shashibhushan	Civil Rebellion in the Indian Mutinies.	Calcutta A.D.1957.
10.	Dave Harikrishna Lalshanker.	A short History of Gondal.	Bombay A.D. 1889.
11.	Edalji. Dosabhai.	History of Gujarat.	Ahmedabad A.D.1894.
12.	Elliot H.M.and Dowson John.	The History of India as told by its own Historians.	Calcutta A.D.1960.
13.	Franklin. W.	The History of the Reign of Shah Alum.	Allahabad A.D. 1915.
14.	Government of India.	Pakistan's Aggre-ssion in Kutch.	Delhi A.D.1965.
15.	Government of Sorath.	The Babi Rulers of Sorath.	Junagadh, A.D.1903.
16.	Gulam Mohmod Prince.	The History of Haidershah Alias Haider Alikhan Baha-dur and of his son Tipu Sultan.	London A.D.1855.

17.	James Mill.	The History of British India.	London A.D.1820.
18.	John Malcolm.	History of Persia.	London A.D.1820.
19.	Khan Mohibbul Hasan.	History of Tipoo Sulttan.	Dacca A.D.1951.
20.	Kirmani, Mirhusen Alikhan.	History of Tipoo Sulttan.	Calcutta A.D.1958.
21.	Lal Kishori Sharam.	Twilight of the Sultnate.	Bombay A.D.1963.
22.	Lyall Alfred.	British Dominion in India.	London A.D.1898.
23.	Majumadar Ashokkumar.	Chalukya of Gujarat.	Bombay A.D.1956.
24.	Malleson. G.B.	An Historical Sketch of the Native States of India.	London A.D.1875.
25.	Mill and Wilson.	The History of British India. Vo. VIII	London A.D.1830.
26.	Mishra Satish. C.	The Rise of Muslim Power in Gujarat.	Bombay A.D.1962
27.	Mookerji Radhakumud.	The Gupta Empire.	Bombay A.D.1947.
28.	Mukhopadhyay Sailendranath Sen.	Anglo-Maratha Relation.	Calcutta A.D.1961.
29.	Munshi Kanaiyalal Maneklal.	Glory that was Gurjar Desh.	Bombay A.D.1954.
30.	Munshi Kanaiyalal Maneklal.	The Early Aryans In Gujarat.	Bombay A.D.1941.

31 to 39	Rapson F. J.	The Cambridge History of India. Vol.I to VII, IX and X.	Delhi A.D.1955.
40.	Raverty H.G.	Tabkate Nasiri.	Calcutta A.D.1881
41.	Saletore.B.A.	Main currents in the Ancient History of Gujarat.	Baroda A.D.1960.
42.	Virji Krishna-kumari J.	Ancient History of Saurashtra.	Bombay A.D.1952.
43.	Walter Hamil-ton.	Geographical statis-tical and Historical description of Hindus-tan and the Adjacent countries. Vol. I.	London A.D.1820.

૨. પ્રવાસ ગ્રંથો :- ગુજરાતી.

૧.	પંડયા દુષ્યંત.	પેરીપ્લસ. અનુવાદ.	અલીયાબાડા સને ૧૯૬૦.

હિન્દી:-

૧.	ટોડ જેમ્સ.	પશ્ચિમ ભારતકી યાત્રા.	અલ્લાહાબાદ સને ૧૯૬૯.
1.	Captain Grindlay.	Scenery, customes & architecture, Chiefly on the western side of India.	London A.D.1827.
2.	Gibb H.A.R.	Ibn- Battuta- Travels in Asia and Africa.	London A.D.1929.
3.	Thomas Watters.	On Yuan Chwangs. Travels in India.	Delhi A.D.1961.
4.	Thoughtless.	Fifteen years in India.	London A.D.1822.

5.	Tod James.	Travels in Western India.	London A.D. 1839.
6.	Wallace R.G.	Memoirs of India..	London A.D. 1824.

3. રાજનીતિ શાસ્ત્ર વિષયક ગ્રંથો :- ગુજરાતી

૧.	ગાંધી મોહનલાલ કરમચંદ.	દેશી રાજ્યોનો પ્રશ્ન.	અમદાવાદ સને ૧૯૪૧.

E N G L I S H :-

1.	Choudhery P.S.	Rajasthan Betwween the two world wars.	Bombay A.D.1950.
2.	Government of India.	Memoranda on the Indian States.	Delhi A.D.1932.
3.	Government of India.	Memoranda on the Indian States.	New Delhi A.D.1940.
4.	Kaith Arthur. Berriedab.	Constitutional History of India.	London A.D.1936.
5.	Kher P.N.	British Policy towards Sindh.	Delhi A.D.1843.
6.	Memon V.P.	The story of the integration of the Indian States.	Bombay A.D.1961..
7.	Panikkar K.M.	Indian States and the Government of India.	London A.D.1932.
8.	Saletor B.A.	Ancient Indian Political thought & Institution.	Bombay A.D.1963.

3.	Ross Denison.	Epigraphia Indo Moslemica.	Delhi A.D.1907-12.
4.	Sankalia Hasmukh.	The Archaeology of Gujarat.	Bombay A.D.1941.

૫. ગેઝેટિયરો:- Gazetteers.

ENGLISH :-

1.	Campbell James Acnabb.	Gazetteer of the Bombay Presidency Vol. I, Part-I.	Bombay A.D.1896.
2.	Government of Bombay.	Gazetteer of the Bombay Presidency Vol. V.	Bombay A.D.1880.
3.	Government of Gujarat.	Gujarat State Gazetteers, Jamnagar District.	Ahmedabad A.D.1970.
4.	Government of Gujarat.	Gujarat State Gazetteers, Rajkot District.	Ahmedabad A.D.1965.
5.	Government of India.	Imperial Gazetteer of India, Provincial Series, Bombay Presidency, Vol. II.	Calcutta A.D.1909.
6.	Government of India.	The Gazetteer of India, Vol. I.	New-Delhi A.D.1950.

7.	Government of Gujarat.	Gujarat State Gazetteer, Kutch District.	Ahmedabad A.D.1971.

૬. ચરિત્ર ગ્રંથો :- ગુજરાતી.

૧.	કારાણી દુલેરાય એલ.	કચ્છના સંતો અને કવિઓ.	સોનગઢ વિ. સં. ૨૦૨૦.
૨.	દેશાઇ ઇચ્છારામ સુર્યરામ.	ભરતખંડના રાજ્ય-કર્તા.	મુંબઇ સને ૧૮૯૯.
૩.	મહેતા કૌશિકરામ વિધ્નહરરાય.	શ્રીમાન ગૌરિશંકર ઉદયશંકર ઓઝા.	મુંબઇ સને ૧૯૦૩.
૪.	રામકૃષ્ણ આશ્રમ.	સ્વામી વિવેકાનંદ ભાગ ૨ જો.	રાજકોટ સને ૧૯૬૮.

ENGLISH :-

1.	Barton Williams.	The Princes of India.	London A.D. 1934.
2.	Cotton J.S.	Rulers of India. mount Stuart Elphistone.	Oxford A.D. 1896.
3.	Hunter William Wilson.	Rulers of India, Lord Hastings.	Oxford A.D.1900.
4.	Jaurami R.C.	Firoz Tughlug.	Agra A.D. 1968.
5.	Manager of Publication.	The Ruling Princes.	Delhi A.D.1935.
6.	Mrs. Postans.	Cutch or Random Sketches.	London A.D.1839.

7.	Shelat J. M.	Akbar.	Bombay A.D.1964.
8.	Shrivastav A.L.	Akbar the Graate Vol. I.	Jaipur A.D.1962.

7. Records :- English.

1.	Dauglas James.	Bombay and Western India Series of Stray papers.	London A.D. 1893.
2.	Gense J.H. and Banerji D.R.	The Gaikwads of Baroda, English Documents.Vol.III.	Bombay A.D.1938.
3.	Government of Bombay.	Selection No. 39 Part- I.	Bombay A.D.1870.
4.	Government of Bombay.	The trial and deposition of Malhar Rao Gaek-war of Baroda.	Bombay A.D. 1875.
5.	Gupte. B.A.	Selection from the Historical Records of the Hereditary Minis-ter of Baroda.	Calcutta A.D.1922.
6.	Jacob G. Logrand Captain.	Selection from the Records of the Bombay Govt., No.37, New Series.	Bombay A.D.1856.
7.	Government of Bombay.	Bombay Govt.Sele-ction No.15, New Series.	Bombay A.D.1856.

8.	Government of Bombay.	71 letters from the Bombay Archvies.	from A.D.1778 to A.D. 1813.
9.	Government of India.	29 letters from the National Archvies New Delhi.	from A.D. 1778 to A.D.1813.

૮. વિજ્ઞાન ગ્રંથો :- ગુજરાતી.

૧.	ઠાકર જયકૃષ્ણ ઇન્દ્રજી.	કચ્છ સ્વસ્થાનની વનસ્પતિઓ અને તેની ઉપયોગીતા.	ભૂજ સને ૧૯૨૬.
૨.	શાસ્ત્રી ગિરજાશંકર મયાશંકર.	ચરક સંહિતા. ભાગ પહેલો.	અમદાવાદ વિ. સં. ૨૦૧૫.

હિન્દી :-

૧.	શુશીલ સિંહરામ.	વનૌષધિ નિર્દેશિકા.	લખનૌ સને ૧૯૬૯.

૯. વર્તમાન પત્રો :- ગુજરાતી.

૧.	કચ્છ ટાઇમ્સ.	મુંબઇ.	દૈનિક.	ઇ. સ. ૧૯૪૮ ની ફાઇલ.
૨.	કચ્છ મિત્ર.	ભૂજ.	દૈનિક.	ઉલ્લેખિત અંકો.
૩.	ગુજરાત સમાચાર.	અમદાવાદ	દૈનિક.	ઉલ્લેખિત અંકો.
૪.	જયહિન્દ.	રાજકોટ.	દૈનિક.	ઉલ્લેખિત અંકો.
૫.	ફૂલછાબ.	રાજકોટ.	દૈનિક.	ઉલ્લેખિત અંકો.
૬.	જનસત્તા.	રાજકોટ.	દૈનિક.	ઉલ્લેખિત અંકો.

ENGLISH :-

1. The Times of India Ahmedabad daily, Dt/-10-3-'73.

૧૦. ધર્મવિષયક ગ્રંથો :- ગુજરાતી.

૧.	દવે કનૈયાલાલ બી.	સરસ્વતી પુરાણ	મુંબઇ સને ૧૯૪૦.

૨.	દેરાસરી ડાહ્યાલાલ પી.	પૌરાણિક કથાકોષ.	અમદાવાદ સને ૧૯૩૨.
૩.	પટેલ ગોપાળદાસ.	શ્રી. મહાવીર કથા.	અમદાવાદ સને ૧૯૫૦.
૪.	અનુવાદ.	વરાહપુરાણ.	અમદાવાદ સને ૧૯૬૮
૫.	અનુવાદ.	વામનપુરાણ.	અમદાવાદ સને ૧૯૬૮
૬.	અનુવાદ.	વાયુપુરાણ.	અમદાવાદ સને ૧૯૬૯
૭.	અનુવાદ.	વિષ્ણુપુરાણ.	અમદાવાદ સને ૧૯૭૦
૮.	અનુવાદ.	શ્રીમદ ભાગવત.	અમદાવાદ સને ૧૯૭૦

૧૧. કોશપ્રકાર ગ્રંથો :- ગુજરાતી.

૧.	શેઠ રતનજી. ફરામજી.	જ્ઞાનચક્ર યાને ગુજરાતી સાયક્લોપીડીયા ગ્રંથ ત્રીજો.	મુંબઇ સને ૧૯૦૨.
૨.	----	કાઠિયાવાડ સર્વસંગ્રહ	મુંબઇ સને ૧૮૮૬.

હિન્દી :-

૧.	મેનન. પદ્મિની	પુરાણસંદર્ભ કોશ.	કાનપુર સને ૧૯૬૭.
૨.	રાવ રામકુમાર	રાજતરંગીણીકોશ.	વારાણસી સને ૧૯૬૭.

સંસ્કૃત :-

૧.	શાસ્ત્રી હરગોવિંદ પંડિત.	અમરકોશ. રામાશ્રમી વ્યાખ્યોપેત.	વારાણસી સને ૧૯૭૦.

ENGLISH :-

1.	Yule Herry & Burnnell A.C.	Hobson Jobson.	London A.D. 1903.

૧૨. હસ્તપ્રતો :- ગુજરાતી.

૧.	નંદદાસ.	શ્રીમાન મંજરી.	ભૂજ વિ. સં. ૧૯૦૪.
૨.	-----	પુરાતન.	પોરબંદર વિ. સં. ૨૦૨૬.
૩.	મહેતા લક્ષ્મી-કાન્ત.	શ્રી શંભુપ્રસાદ દેશાઇ પરનોપત્ર.	કલકત્તા સને ૧૯૭૩.

ENGLISH :-

1.	Thakker Dalpatram P.	Archaeologycal Survey of Kutch.	Bhuj A.D. 1877.
2.	-----	Booklet on Kutch. Typed file in the District Library.	Bhuj A.D.1960.

૧૩. સાહિત્ય. ગુજરાતી.

૧.	શ્રી દલપતરામ ડાહ્યાલાલ.	ગુજરાતના કેટલાક ઐતિહાસિક પ્રસંગો, અને વાર્તાઓ.	મુંબઇ સને ૧૯૪૦.
૨.	કારાણી દુલેરાય.	કચ્છ કલાધર ભાગ- ૧ અને ૨.	સોનગઢ સને ૧૯૬૦.
૩.	નર્મદાશંકર	જૂનું નર્મ ગદ્ય.	મુંબઇ સને ૧૯૧૨.
૪.	નાયક છોટુભાઇ રણછોડજી.	ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યનું ખેડાણ.	અમદાવાદ સને ૧૯૫૦.

૧૪. સામયિકો :- ગુજરાતી.

૧. "કુમાર," સપ્ટેમ્બર, અમદાવાદ સને ૧૯૭૧.

૨. "ગુજરાત" દીપોત્સવી વિ. સં. ૨૦૧૭, ૨૦૨૧, ૨૦૨૬ અમદાવાદ.

૩. "પથિક" ઇ. સ. ૧૯૬૯ થી ૧૯૭૪ સુધીના ઉલ્લેખિત અંકો. અમદાવાદ.

૪. "પુરાતત્વ" પુસ્તક બીજું, અમદાવાદ ૧૯૨૩.

૫. "સ્વદેશ" દીપોત્સવી વિ. સં. ૧૯૮૦ – મુંબઇ.

૬. "સમર્પણ" સપ્ટેમ્બર–ઓક્ટોબર, ૧૯૭૨ મુંબઇ.

૭. "નવનીત" મે ૧૯૭૨. મુંબઇ.

૮. "ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક" ઓક્ટોબર, ૭૨ – મુંબઇ.

ENGLISH :-

1. Journal of Indian History, Vol. 40, Part II, Vol. 41, Part I. — Trivendram 1970.

2. Journal of the Bombay Branch of the Royal Asiatic Society, April 1843, January 1850, Vol. 4 No. 20, Part II, Vol. 1 No.13 Part II, Vol. 14, No.8, 36, 37, Vol. 15, No.11, Vol.18, No.48, Vol. 18, Part II, No.46, Vol. 25, No.71, Vol. III, No. 1,2,3 Vol. 12, Vol. 2, No.1. — Bombay from A.D.1843 to A.D. 1902.

3. Link. Date/- 18-4-65 — Delhi A.D.1965.

4. Numismatic Supplement. — A.D.1923.

5. Sandeman Hugh David. Selection from Calcutta Gazettes Vol. II & IV. — Calcutta A.D.1865 & 1868.

6. The Indian Antiquary Vol. III, 1874, Vol. V 1876, Vol. III Part 90, Vol.VII, Vol. 14, Vol. 40, No.8, Vol.41, Vol.2 Part 10, Vol, 46. — Bombay A.D.1860 to A.D.1920.

7.	The Indian Historical quartorly. Vol.16, No. 4, Vol. 17, No.1.	Bombay A.D. 1830
8.	The Journal of the Asiatic Society, of Bengal Vol. 6, Part-II, Vol. 12, Part I, No. 132.	Calcutta A.D.1837.
9.	The States.	New Delhi A.D.1973.
10.	Transactions of the literary Society of Bombay, Vol. 3.	London A.D. 1823.
11.	Transactions of the Royal Asiatic Society of Great Britain and Ireland, London, Vol. 3, 1835, Vol.1, 1834, Vol.5, 1839, 48, 96, Vol.1,1856, 1904, 1858, 1911.	London A.D.1835 to A.D.1911.

૧૫. ભૂગોળ વિષયક ગ્રંથો :- ગુજરાતી.

૧.	જોશી ઉમાશંકર જે.	પુરાણોમાં ગુજરાત.	અમદાવાદ સને ૧૯૪૬.
૨.	વાંભડાઇ. ગોકુલદાસ ખીમજી.	કચ્છ વૃહદ ભૂગોળ.	માંડવી સને ૧૯૫૯.

ENGLISH :-

1.	Abbott J.	Sinde - A Re-Interpretation of the unhappy valley.	London A.D.1924.
2.	Rennell James.	Memoir of a Map of Hindustan or the Moghul Empire.	London A.D.1793.

૧૬. વ્યાકરણ વિષયક ગ્રંથો :- ગુજરાતી.

૧.	સાંડેસરા ભોગીલાલ જે.	શબ્દ અને અર્થ.	મુંબઇ સને ૧૯૫૪.

ENGLISH :-

1.	Agrawala V.S.	India as known to Panini.	Lucknow A.D.1953.

૧૭. કાવ્યગ્રંથો :- ગુજરાતી.

૧.	ભટ્ટ મણીલાલ. છબારામ.	પૃથ્વીરાજ ચૌહાણ અને ચંદ બદરાચીર.	મુંબઇ સને ૧૯૨૯.
૨.	વ્યાસ દ્વૈપાયન અનુવાદ.	મહાભારત સભાપર્વ અને ભીષ્મપર્વ.	અમદાવાદ સને ૧૯૫૫.
૩.	શાસ્ત્રી દુર્ગાશંકર કેવળરામ.	પ્રબંધ ચિંતામણી.	મુંબઇ સને ૧૯૩૪.
૪.	સમય લાવણ્ય.	વિમલ પ્રબંધ	અમદાવાદ સને ૧૯૬૫

૧૮. અહેવાલો :- ગુજરાતી.

૧.	કર્નલ એલેક્ઝાન્ડર વોકર.	કાઠિયાવાડ અને ગુજરાતનાં કેટલાંક પરગણાં વિશે લેફટનંટ કરનલ એલેક્સાંડર વાકર સાહેબે કરેલા રિપોર્ટ.	મુંબઇ સને ૧૮૭૦.
૨.	શાહ નવિન પરિખ ધિરુ.	આપણું કચ્છ. -વિકાસનાં તેર વર્ષ	ભૂજ, સને ૧૯૬૨.

૩.	ગુજરાતી સાહિત્ય પરિષદ શ્રી. હેમસારસ્વત. સત્ર ખાસ સંમેલન અહેવાલ.	પાટણ સને ૧૯૪૧.
૪.	ગુજરાત સાહિત્ય પરિષદ ૧૨ મું અધિવેશનનો અહેવાલ.	અમદાવાદ સને ૧૯૩૭.
૫.	ગુજરાતી સાહિત્ય પરિષદ ૧૩ મું અધિવેશનનો અહેવાલ.	કરાંચી સને ૧૯૪૧.
૬.	ગુજરાત સાહિત્ય પરિષદ ૧૪ મું અધિવેશનનો અહેવાલ.	અંધેરી ???
૭.	ગુજરાતી સાહિત્ય પરિષદ ૧૯ મું અધિવેશનનો નો અહેવાલ.	નડિયાદ સને ૧૯૫૫.
૮.	ગુજરાત સાહિત્ય પરિષદ ૨૦ મું અધિવેશનનો અહેવાલ.	અમદાવાદ સને ૧૯૫૯.
૯.	ગુજરાત સાહિત્ય પરિષદ ૨૧ મું અધિવેશનનો અહેવાલ.	કલકત્તા સને ૧૯૬૧-૬૨.

૧૯. સાંસ્કૃતિક ગ્રંથો :- ગુજરાતી.

૧.	ઝોટે રત્નમણીરાવ ભીમરાવ.	ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ.	અમદાવાદ સને ૧૯૫૯.
૨.	ઝોટે રત્નમણીરાવ ભીમરાવ.	ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, ખંડ પહેલો, ભાગ ૧ અને ૨ તથા ખંડ ૪ થો.	અમદાવાદ સને ૧૯૪૫.
૩.	દેવલુક નંદલાલ બી.	બૃહદ ગુજરાતની અસ્મિતા.	ભાવનગર સને ૧૯૭૦.
૪.	રાઠોડ રામસિંહજી.	કચ્છનું સંસ્કૃતિ દર્શન.	અમદાવાદ સને ૧૯૫૫.

૫.	શાસ્ત્રી દુર્ગાશંકર કેવળરામ.	આપણી સંસ્કૃતિનાં કેટલાંક વહેણો.	મુંબઇ સને ૧૯૫૩.

E N G L I S H :-

1.	Majumdar M.R.	Cultural History of Gujarat.	Surat A.D. 1956.

૨૦. નિબંધો :- ગુજરાતી.

૧.	પરિખ રસિકલાલ છો.	ગુજરાતની રાજ-ધાનીઓ.	અમદાવાદ સને ૧૯૫૮.
૨.	મજમુદાર મંજુલાલ રણછોડલાલ.	દીવાન બહાદૂર કૃ. મો. ઝવેરી. લેખ-સંગ્રહ.	મુંબઇ સને ૧૯૫૧.
૩.	----	ગુજરાત સાહિત્ય સભા, ઇતિહાસ સંમેલન, નિબંધ સંગ્રહ.	અમદાવાદ સને ૧૯૪૩.
૪.	——	શ્રી. બુધ્ધિવર્ધક વ્યાખ્યાન માળા. પુસ્તક ૧ લું, અને ૨ જું	અમદાવાદ સને ૧૯૩૪.

હિન્દી :-

૧.	ઓઝા ગૌરિશંકર હિરાચંદ.	ઓઝા નિબંધ સંગ્રહ ભાગ ૧ ઔર ૨.	ઉદયપુર સને ૧૯૫૪.

૨૧. અર્થશાસ્ત્ર વિષયક ગ્રંથો :- ગુજરાતી.

૧.	નયગાંધી જયરામ-દાસ જેઠાભાઇ.	કચ્છનું અર્થશાસ્ત્ર.	ભુજ સને ૧૯૨૪.
૨.	સંપટ ડુંગરશી ડી.	કચ્છનું વેપારતંત્ર.	ભુજ સને ૧૯૩૪.

૨૨. વિવેચન ગ્રંથો :- ગુજરાતી.

૧.	મોદી મધુસુદન.	હેમસમીક્ષા.	મુંબઇ સને ૧૯૪૨.

૨૩. આંકડાકીય માહિતી :- ગુજરાતી.

૧.	ભટ્ટ ત્રિભુવન પુરૂષોત્તમ.	સંસ્થાન રાજકોટ ની ડીરેક્ટરી.	રાજકોટ સને ૧૯૨૯.

ENGLISH :-

1.	Government of Sorath.	Statistical Account of Junagadh.	Junagadh A.D.1884.
2.	------	The India and Pakistan year Book and who's who.	Bombay A.D.1949.
3.	Watson J.W. Colonel.	Statistical Account of Junagadh being the Junagadh Contribution to the Kathiawar portion of the Bombay Gazzetteer.	Bombay A.D. 1884.

૨૪. કાનૂન ગ્રંથો :- ગુજરાતી.

૧.	મેક ફરસન.	પશ્ચિમ હિન્દ રાજસ્થાનોમાં ચાલતા બ્રિટિશ કાયદાઓ અનુવાદ.	રાજકોટ સને ૧૯૩૨.